ઐં નમઃ

મલધારી શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

# ભવભાવના પ્રકરણ

(ગુજરાતી અનુવાદ)

## ભાગ-૨

: ભાવાનુવાદકાર :

પૂજ્ય મુનિરાજ શ્રી સુમતિશેખર વિજયજી

શ્રી ધરણેન્દ્ર - પદ્માવતી સંપૂજિતાય ॐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ:
ॐ ह्रीँ ऐँ श्रीँ सरस्वत्यै नमः
શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર - હીરસૂરિગુરુભ્યો નમ:
મલધારી શ્રી આ.ભ.શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# ભવ ભાવના પ્રકરણ ભાગ-૨

## ગુજરાતી ભાવાનુવાદ

: ભાવાનુવાદકાર :


વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ.ના વિનેય વિદ્વદ્‌વર્ય પં.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રાજશેખરસૂરીશ્વરજી મ.ના વિનેય કર્મ સાહિત્ય સર્જક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય વીરશેખરસૂરીશ્વરજી મ.ના. શિષ્ય

મુનિશ્રી સુમતિશેખર વિજયજી.

: સંશોધક :

પૂ. મુનિરાજ ધર્મશેખર વિજયજી.



: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

અરિહંત આરાધક ટ્રસ્ટ

હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,

આગ્રા રોડ, ભીવંડી ૪૨૧૩૦૫

સંપૂર્ણ પ્રકાશનનો આર્થિક લાભ લેનાર

**શ્રી જિનાજ્ઞા આરાધક શ્વે. મૂર્તિ. તપાગચ્છ જૈનસંઘ**

રામનગર, સેવારામ લાલવાણી રોડ,

એસ.એમ.પી.આર. સ્કુલની બાજુમાં

મુલુન્ડ (વેસ્ટ) ૪૦૦૦૮૦ Tel : 590 40 82


**નોંધ :** આ પુસ્તક જ્ઞાનખાતાના દ્રવ્યથી છપાયેલ છે તેથી તેની કિંમત ચૂકવી માલિકી કરવી તેમજ ઉપયોગ કરવો હોય ત્યારે યથા યોગ્ય કિંમત જ્ઞાનદ્રવ્યમાં ભરી ઉપયોગ કરવો.

## અનુક્રમણિકા

અનુ. વિષય પૃષ્ઠ


| અનુ. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અશરણ ભાવના વર્ણન | ૧ |
| ૨. | એકત્વ ભાવના વર્ણન | ૨૭ |
| ૩. | અન્યત્વ ભાવના વર્ણન | ૩૨ |
| ૪. | ભવભાવના વર્ણન | ૩૯ |
| ૫. | નરકગતિ વર્ણન | ૩૯ |
| ૬. | નારકોનું શરીર, દુઃખો અને વિવિધ વેદનાઓ | ૪૪ |
| ૭. | તિર્યંચ ગતિનું વર્ણન | ૮૩ |
| ૮. | અને તેમાં નિગોદથી માંડીને એકેન્દ્રિય સુધીના જીવોનું વર્ણન | ૮૪ |
| ૯. | વિકલેન્દ્રિય ગતિ વર્ણન | ૮૫ |
| ૧૦. | પંચેન્દ્રિય તિર્યંચોની વેદના | ૮૫ |
| ૧૧. | સ્થળચર દુઃખોની વેદના | ૧૦૫ |
| ૧૨. | ખેચર દુઃખોની વેદના | ૧૩૮ |
| ૧૩. | મનુષ્યગતિનું વર્ણન | ૧૪૫ |
| ૧૪. | મનુષ્યોના બીજા દુઃખો | ૧૭૫ |
| ૧૫. | દેવગતિનું વર્ણન | ૧૮૯ |
| ૧૬. | અને તેમાં દેવોના સંતાપો, દુઃખો અને વેદનાઓ | ૨૧૮ |
| ૧૭. | અશુચિભાવના વર્ણન | ૨૨૯ |
| ૧૮. | લોકસ્વભાવ ભાવના વર્ણન | ૨૩૯ |
| ૧૯. | આશ્રવ ભાવના વર્ણન | ૨૪૩ |
| ૨૦. | અને તેમાં કષાય વશ અને ઇન્દ્રિયવશ જીવોના દુઃખનું વર્ણન | ૨૪૪ |
| ૨૧. | સંવર ભાવનાનું વર્ણન | ૨૬૮ |
| ૨૨. | નિર્જરા ભાવનાનું વર્ણન | ૨૭૪ |
| ૨૩. | અને તેમાં વિવિધ તપોનું વર્ણન | ૨૮૫ |
| ૨૪. | ઉત્તમ ગુણ ભાવના વર્ણન | ૨૯૬ |
| ૨૫. | જિનશાસન બોધિ ભાવના વર્ણન | ૩૦૩ |
| ૨૬. | આ ભાવનાઓ ભાવવાથી શું ફળ મળે ? | ૩૧૬ |
| ૨૭. | કઈ રીતથી અને કર્મક્ષય | ૩૧૭ |
| ૨૮. | આ વિષયોનું વિશદ વર્ણન | ૩૧૮ |
| ૨૯. | આ ગ્રન્થનું ફળ અને ઉપસંહાર | ૩૨૦ |
| ૩૦. | પ્રશસ્તિ | ૩૩૫ |

## ભવભાવના ગ્રન્થમાં નિર્દિષ્ટ કથાઓનો ક્રમ


| કથાના નામ | પૃષ્ઠ |
|---|---|
| કૌશાંબીપુરી રાજાનું કથાનક | ૪ |
| સોમચંદ્ર કથા | ૧૨ |
| નંદનૃપતિ કથા | ૧૮ |
| કુચિકર્ણ કથા | ૨૦ |
| તિલક શ્રેષ્ઠી કથા | ૨૧ |
| સગર ચક્રી કથા | ૨૧ |
| ગજપુર રાજપુત્ર કથા | ૨૬ |
| મધુનૃપતિ કથા | ૩૧ |
| ધનશ્રેષ્ઠી કથા | ૩૭ |
| ભીમનૃપ કથા | ૭૬ |
| કુંજર રાજાની કથા | ૮૦ |
| અધલની કથા | ૮૨ |
| ધનપ્રિય વણિક કથા | ૮૮ |
| પ્રિયંગુવણિક કથા | ૯૧ |
| ધનદેવ શ્રેષ્ઠી વૃષભ કથા | ૯૫ |
| કંબલ શંબલ વૃષભકથા | ૯૭ |
| ક્ષુલ્લક કથા | ૯૯ |
| સમુદ્ર વણિક કથા | ૧૦૧ |
| અંગારમર્દક (અભવ્ય) કથા | ૧૦૪ |
| મધુવિપ્ર કથા | ૧૦૮ |
| પુષ્પચૂલ કુમાર કથા | ૧૧૪ |
| શૂરરાજપુત્ર કથા | ૧૨૮ |
| મેઘકુમાર કથા | ૧૩૨ |
| સુમિત્ર ગૃહપતિ કથા | ૧૩૭ |
| વસુદત્ત સાર્થવાહ કથા (શ્રાવસ્તી વણિક કથા) | ૧૪૩ |
| શ્રી તિલકપુત્ર પદ્મકુમાર કથા | ૧૫૨ |
| બલસાર રાજાની કથા | ૧૫૭ |
| મમ્મણ વણિકની કથા | ૧૫૯ |
| નૃપવિક્રમ રાજપુત્ર કથા | ૧૬૫ |
| કૌશાંબીવિપ્રની કથા | ૧૭૭ |

જિનદત્ત શ્રાવકની કથા ---------- ૧૮૦
ધરણીધર અને સુનંદની કથા ---------- ૧૮૬
શ્વેતાંબિકા રાજાની કથા ---------- ૧૯૬
ધનંજય શ્રેષ્ઠીની કથા ---------- ૨૦૦
જંબૂક કથા ---------- ૨૦૨
તામલિ તાપસની કથા ---------- ૨૦૪
ભુવન શ્રેષ્ઠી પુત્રની કથા ---------- ૨૦૬
ગોશાળાની કથા ---------- ૨૨૨
કદંબવિપ્રની કથા ---------- ૨૩૮
સુકોશલ મુનિની કથા ---------- ૨૪૧
સૂરવિપ્રનું ઉદાહરણ ---------- ૨૪૬
ઉજ્ઝિતકુમારનું દૃષ્ટાંત ---------- ૨૪૭
વણિકપુત્રનું કથાનક ---------- ૨૪૯
લોભનંદની કથા ---------- ૨૫૧
રામરાજપુત્રની કથા ---------- ૨૫૩
શ્રેષ્ઠીપુત્રની કથા ---------- ૨૫૫
ગંધપ્રિય કુમારની કથા ---------- ૨૫૬
મધુપ્રિયની કથા ---------- ૨૫૭
મહેન્દ્રકુમારની કથા ---------- ૨૫૮
લલિતાંગની કથા ---------- ૨૬૦
ધનાકરવણિકની કથા ---------- ૨૬૧
વજ્રસારની કથા ---------- ૨૬૩
શિવનામના વણિકપુત્રની કથા ---------- ૨૬૫
સુંદરની કથા ---------- ૨૬૬
વિજય રાજાની કથા ---------- ૨૭૨
ચિલાતી પુત્રની કથા ---------- ૨૭૩
અતિમુક્તક કથાનક ---------- ૨૯૪
કુરુદત્ત મહર્ષિની કથા ---------- ૨૯૬
ધનુમુનિની કથા ---------- ૨૯૮
સ્કન્દમુનિની કથા ---------- ૨૯૯
સુંદર શ્રેષ્ઠીના પુત્રની કથા ---------- ૩૧૦
અમરકેતુ પુત્રી કથા ---------- ૩૧૪
સનતકુમાર ચક્રવર્તીની કથા ---------- ૩૨૨

# ।। भवभावनाप्रकरणे द्वितीयो विभागः ।।

## [तत्र च द्वितीय अशरणभावना]

**પ્રશ્ન :** શરીરાદિ સર્વપણ વસ્તુની અનિત્યતા ભલે હો, તો પણ દેહાદિ વસ્તુઓને પામેલા જીવોને જિનધર્મ સિવાય અન્ય કોઈપણ કુટુંબ સ્વજન વગેરે શરણ થશે તેથી જિનધર્મની આરાધનાથી શું ? એ પ્રમાણે શંકા કરીને બીજી અશરણ ભાવનાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**रोयजरामच्चुमुहागयाण बलचक्किकेसवाणं पि ।**
**भुवणेऽवि नत्थि सरणं एक्कं जिणसासणं मोत्तुं ।।२६।।**

**रोगजरामृत्युमुखागतानां बलिचक्रिकेशवानामपि ।**
**भुवनेऽपि नास्ति शरणं एकं जिनशासनं मुक्त्वा ।।२६।।**

**ગાથાર્થ :** રોગ-જરા અને મૃત્યુના મુખમાં ગયેલા બળદેવ, ચક્રી અને વાસુદેવોને પણ ભુવનમાં એક જિનશાસનને છોડીને બીજું કોઈ શરણ નથી. (૨૬)

**रोगाश्च जरा च मृत्युश्च तन्मुखागतानां-तदाऽऽलिङ्गितानां बलदेवकेशवचक्रिणामपि जिनशासनादन्यो भुवनेऽपि न शरणम्, अतस्तदेव शरणतयाऽऽश्रयणीयं, तस्कररिपुजलज्वलनाद्यारब्धानां भवेदपि कोऽपि कस्यापि शरणम् इति विशेषतो रोगजरामृत्युग्रहणमिति भावः ।। तत्र च ज्वरश्वासादिरोगग्रस्तानां कुटुम्बं शरणं न भवति, नापि तद्दुःखं विभज्य गृह्णाति इति दर्शयति-**

**ટીકાર્થ :** આથી જ જિનધર્મ જ શરણ રૂપે સ્વીકારવો જોઈએ. ચોર, શત્રુ, પાણી અને અગ્નિ આદિના આરંભમાં પડેલા જીવોમાં કોઈક જીવને કોઈક શરણ થાય. રોગ-જરા-મૃત્યુથી ગ્રસ્ત થયેલ જીવને કોઈપણ શરણ થતું નથી તેથી અહીં રોગ-જરા-મુત્યુથી ગ્રસિતનું વિશેષથી ઉપાદાન કર્યું છે એમ કહેવાનો આશય છે અને તેમાં પણ તાવ શ્વાસાદિ રોગોથી ગ્રસ્ત થયેલાઓને કુટુંબ પણ શરણ બનતું નથી અને દુ:ખનો ભાગ પડાવીને તેના દુ:ખને પણ ગ્રહણ કરતું નથી એ પ્રમાણે બતાવે છે-

**जरसासकाससोसाइपरिगयं पेच्छिऊण घरसामिं ।**
**जायाजणणिप्पमुहं पासगयं झूरई कुडुम्बं ।।२७।।**
**न विरिंचइ पुण दुक्खं सरणं ताणं च न हवइ खणं पि ।**
**वियाणाओ तस्स देहे नवरं वड्ढंति अहियाओ ।।२८।।**

**ज्वरकाशश्वासशोषादिपरिणतं प्रेक्ष्य गृहस्वामिनं ।**
**जायाजननीप्रमुखं पार्श्वगतं खिद्यते कुटुम्बम् ।।२७।।**
**न विभज्यादत्ते पुनर्दुःखं शरणं न भवति क्षणमपि ।**
**वेदनाः तस्य देहे नवरं वर्द्धन्ते अधिकाः ।।२८।।**

**ગાથાર્થ :** તાવ, ખાંસી, શ્વાસ, શોષ આદિને પામેલા ઘરના સ્વામીને જોઈને પત્ની માતા વગેરે પાસે રહેલું કુટુંબ ઝૂરે છે. (૨૭)

પણ તેઓ દુઃખનું વિભાજન કરીને ભાગ પડાવતા નથી તેઓ વડે એક ક્ષણ પણ શરણ કે રક્ષણ થતું નથી. કુટુંબને રડતા વગેરે જોઈને ઉત્પન્ન થયેલ આર્ત્તધ્યાનથી તેના શરીરમાં વેદના અધિક વધે છે. (૨૮)

**जाया-भार्या । उपघातनिषेधमात्रक्षमं शरणं । उपघातहेतुविनाशादिकरं तु त्राणं । कुटुम्बरोदनादिदर्शनप्रभवाऽऽर्त्तभावेन तस्य देहे वेदना अधिकमेव वर्द्धन्ते । शेषं सुगमम् ।। बहवः स्वजनास्तर्हिरोग-ग्रस्तस्य शरणं भविष्यन्ति इत्याह-**

**ટીકાર્થ : जाया** એટલે સ્ત્રી, શરણ એટલે સંપૂર્ણ નાશને અટકાવવામાં સમર્થ અને ત્રાણ એટલે ઉપઘાતના કારણોને નાશ કરનાર. કુટુંબ વગેરેને રડતા જોઈને ઉત્પન્ન થયેલ આર્ત્તધ્યાનથી તેના શરીરમાં વેદના અધિક જ વધે છે તો પછી જેના ઘણાં સ્વજનો હોય તેવા રોગીને સ્વજનો શરણ થશે. તે વિશે કહે છે-

**बहुसयणाण अणाहाण वाऽवि निरुवायवाहिविहुराणं ।**
**दुण्हं पि निव्विसेसा असरणया विलवमाणाणं ।। २९ ।।**

**बहुस्वजनानामनाथानां वाऽपि निरुपायव्याधिविधुराणां ।**
**द्वयानामपि निर्विशेषा अशरणता विलपतां ।। २९ ।।**

**ગાથાર્થ :** જેનો ઉપાય ન થઈ શકે તેવા વ્યાધિથી વિહ્વલ થયેલા એવા જીવો ઘણાં સ્વજનવાળા હોય કે દેવકુળમાં આવીને રહેલા અનાથ કાર્પટિકો હોય તો પણ વિલાપ કરતા એવા તે બંનેની પણ અશરણતા સામાન્ય (સમાન) છે. ૨૯

**बहुस्वजनानामनाथानां वा-देवकुलादिपतितकार्पटिकादीनां निर्गतो निरुपक्रमतया स्फेटने उपायो येषां ते निरुपाया व्याधयस्तैर्विधुराणां-अतिपीडया विह्वलीकृतानामुभयेषामपि विलपतामशरणता निर्विशेषैव । ननु बुहुषु स्वजनेषु कोऽपि वैद्यमानयति, कोऽप्यौषधं प्रयच्छति, कश्चिन्निवातगृहादिकमर्पयतीत्येव व्याध्यपगमोऽपि दृश्यते, अतः प्रत्यक्षविरुद्धमिदं-'दुण्हंपि निव्विसेसा' इत्यादीति चेत् सत्यं, भवत्येवं सोपक्रमव्याधीनां, निरुपक्रमरोगाणां तु कदर्थनैवातिरिच्यते, नान्यत् फलं, अत एवेह व्याधीनां निरुपायता विशेषणं कृतं, तस्मान्नेह स्वजना अपि शरणमिति । विभवस्तर्हि शरणं भविष्यतीत्याह-**

**ટીકાર્થ :** જેઓને ઘણાં સ્વજનો હોય અથવા દેવકુલાદિમાં આવેલા કાર્પટિકો હોય પણ નિરુપક્રમ વ્યાધિની અતિપીડાથી વિહ્વળ થઈ વિલાપ કરતા બંનેની અશરણતા સમાન છે.

**પ્રશ્ન :** જેના ઘણાં સ્વજનો હોય તેમાંથી કોઈક વૈદ્યને તેડી લાવે, કોઈક ઔષધને આપે, કોઈક પવન વિનાના ઘરાદિને આપે, તેથી વ્યાધિનો અપગમ થતો જોવામાં આવે છે તેથી 'બંનેને આ સમાન છે' એમ જે કહ્યું તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે.

**ઉત્તર :** તમારી વાત સાચી છે, સોપક્રમ વ્યાધિવાળાઓને રોગનો અપક્રમ થાય છે. નિરુપક્રમ વ્યાધિવાળાઓને તો કદર્થના વધે છે અને બીજું કોઈ ફળ પ્રાપ્ત થતું નથી આથી જ વ્યાધિ શબ્દની આગળ અમે **'निरुपायता'**

એ વિશેષણ મૂકેલું છે. તેથી અહીં સ્વજનો પણ શરણ થતા નથી એમ કહેવામાં કોઈ વિરોધ નથી. તો પછી વિભવ શરણ થશે તેને જણાવતા કહે છે-

**विहवीण दरिद्दाण य सकम्मसंजणियरोयतवियाणं ।**
**कंदंताण सदुक्खं को णु विसेसो असरणत्ते ? । ।।३०।।**

**सविभवानां दरिद्राणाञ्च स्वकर्मसंजनितरोगतप्तानां ।**
**क्रन्दयतां स्वदुःखं को विशेषोऽशरणत्वे ? ।। ३०।।**

**ગાથાર્થ :** વૈભવવાળા હોય કે ગરીબ હોય પણ જે સ્વકર્મના ઉદયથી આવેલા રોગોથી પીડાતા હોય અને પોતાના દુઃખને રોતા હોય એવા તે બંનેની અશરણતામાં શું ભેદ છે ? અર્થાત્ બંને સમાન અશરણ છે. (૩૦)

અહીં ઉપસર્ગ (કુદરતી આફત જેવી કે દુષ્કાળ અતિવૃષ્ટિ)થી આવેલ રોગમાં વિભવ ઉપકાર કરનારો બને તેથી અમે સ્વકર્મ *સંજનિત્વ એ વિશેષણ મૂકેલું છે.

**गतार्थेव, नवरमत्राप्यौपसर्गिक रोगे विभवात् स्यादप्युपकार इति स्वकर्मसंजनित्वविशेषणमिति ।। अथोदाहरणद्वारेण रोगाशरणत्वं दर्शयति -**

**ટીકાર્થ :** અહીં ગાથાર્થ સરળ છે પરંતુ ઉપસર્ગથી આવતા રોગોમાં વિભવ શરણ થાય છે એટલે સ્વકર્મસંજનિત્વ વિશેષણ મુકેલું છે. હવે ઉદાહરણ આપીને રોગનું અશરણત્વ બતાવે છે-

**तह रज्जं तह विहवो तह चउरंगं बलं तहा सयणा ।**
**कोसंबिपुरीराया न रक्खिओ तह वि रोगाण ।।३१।।**

**तथा राज्यं तथा विभवः तथा चतुरंगं बलं तथा स्वजनाः ।**
**कौशाम्बीपुरीराजा न रक्षितः तथापि रोगेभ्यः ।।३१।।**

---

*વિશેષણ બે પ્રકારના છે (૧) વસ્તુ વિશેષણ અને (૨) ક્રિયા વિશેષણ. વસ્તુવિશેષણના પણ બે ભેદ છે

(i) વ્યાવર્તક વસ્તુ વિશેષણ અને (ii) સ્વરૂપદર્શક વસ્તુ વિશેષણ.

વિશેષણ એટલે બીજાઓથી ભિન્ન કરનાર ધર્મ.

વ્યાવર્તક વિશેષણ: આ વિશેષણ લક્ષ્યને અલક્ષ્યથી જુદો પાડે છે જેથી અતિવ્યાપ્તિ દોષ આવતો નથી. અર્થાત્ લક્ષણ અલક્ષ્યમાં જતું અટકે છે. જેમકે લાલ ઘોડો. અહીં ઘોડો વિશેષ્ય છે અને લાલ તેનું વિશેષણ છે. લાલ વિશેષણ લાલ ઘોડાને બીજા સામાન્ય ઘોડાઓથી જુદો પાડે છે.

તેમ પ્રસ્તુતમાં બધા રોગો અશરણ નથી. ઉપસર્ગથી આવતા રોગોમાં વિભવ પણ શરણ બની શકે માટે તેમાં અતિવ્યાપ્તિ ન આવે તેથી સ્વકર્મસંજનિત એવું વિશેષણ વિશેષ્ય એવા રોગ શબ્દને આપેલું છે. કહેવાનો ભાવ એટલો જ છે કે સ્વકર્મથી ઉત્પન્ન થયેલા રોગો અશરણ છે. એ સિવાયના અન્ય રોગોમાં વિભવાદિ પણ શરણ બની શકે.

(ii) સ્વરૂપ દર્શક વિશેષણ: આ વિશેષણ તો માત્ર લક્ષ્ય વસ્તુનું સ્વરૂપ જ જણાવે છે માટે અતિવ્યાપ્ત દોષના વારક બનતા નથી છતાં પણ સાર્થક છે કેમકે કેટલાક લોકો વિવક્ષિત વસ્તુના અયથાર્થ સ્વરૂપને માની બેઠા હોય, તો તે વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવવા દ્વારા કેટલાકના સંશય, વિપર્યયાદિ દોષોને દૂર કરી શકે છે. તેથી સ્વરૂપ દર્શક વિશેષણો પણ મિથ્યા સ્વરૂપનું વ્યાવર્તન કરતા હોવાથી કંઈક અંશે વ્યાવર્તક બને છે. જેમકે **दुःखमयः संसारः** સંસાર દુઃખવાળો છે છતાં મિથ્યા-દૃષ્ટિઓ સંસારને સુખમય ન માની બેસે તે હેતુથી આ વિશેષણ આપવામાં આવે છે.

(૨) ક્રિયા વિશેષણ : જે ધર્મ ક્રિયાને અન્ય ક્રિયાથી જુદી કરે તે ક્રિયાવિશેષણ જેમ કે **देवदत्तः सूक्ष्मं पश्यति** । અહીં સૂક્ષ્મ ક્રિયાવિશેષણ સૂક્ષ્મતાથી જોવાની ક્રિયાને સ્થૂળપણે જોવાની ક્રિયાથી જુદી કરે છે.

**ગાથાર્થ :** તેવું રાજ્ય, તેવો વિભવ, તેવું ચતુરંગ સૈન્ય, તેવા સ્વજનો હોવા છતાં પણ કૌશાંબી નગરીનો રાજા રોગોથી રક્ષણ ન કરાયો. (૩૧)

**'तथा' शब्दः सर्वत्रातिशयख्यापनपरो द्रष्टव्यः, शेषस्त्वक्षरार्थः सुगमो, भावार्थस्तु कथानकादुच्यते, तच्चेदम्-**

**ટીકાર્થ : તથા** શબ્દ દરેક જગ્યાએ અતિશયતાનો સૂચક છે એમ જાણવું. અર્થાત્ તેવું રાજ્ય એટલે ઉત્કૃષ્ટ રાજ્ય, ઉત્કૃષ્ટ વિભવ, ઉત્કૃષ્ટ ચતુરંગ સૈન્ય વગેરે. ગાથાનો ભાવાર્થ કથાનકથી કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે -

## કૌશાંબીપુરી રાજાનું કથાનક

અને આજ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં મધ્યખંડમાં પૂર્વદિશામાં યમુના નદીના સંગથી શોભતી કૌશાંબી નામની નગરી છે. જેમાં રાજાના ઘરો પણ અમૃતના લીંપણથી લીંપાયેલ છે અથવા તે નગરીમાં કોઈના પણ ઘરે લક્ષ્મીની કેટલી સંખ્યા છે તે જણાતી નથી. અર્થાત્ તે નગરીના લોકો પાસે અગણિત ધન છે અને તે નગરીમાં ઇન્દ્રની જેમ પ્રસિદ્ધ, કરાયેલ દાનના પ્રવાહથી હર્ષિત થયેલ, પંડિતજનને પ્રિય, કરાઈ છે ગુરુની સેવા જેના વડે એવો ચંદ્રસેન નામનો રાજા હતો. તેના વિશાળ કુળમાં ત્યાગી, શૂરવીર, દક્ષ, કળાપ્રિય અને વિનય સંપન્ન સુલોચન નામે પુત્ર હતો. હવે કોઈક વખત ભરવસંત સમય પ્રવૃત્ત થયે છતે બહાર ગમન નિમિત્તે રાજા લોકવડે વિનંતિ કરાયો. અન્ય કાર્યોમાં વ્યગ્ર એવાં રાજાએ સુલોચનને ત્યાં મોકલ્યો અને ભંડારીઓને શિખામણ આપી કે આ જે પ્રમાણે કહે તે પ્રમાણે તમારે ધનનો વ્યય કરવો. પછી તે સુલોચન બહાર ગયો અને દાન આપીને ભોજન કરીને, લાંબો સમય ક્રીડા કરીને પછી અધિકારીઓની સાથે પાછો ફરીને પોતાના સ્થાને આવ્યો. માર્ગમાં જતા એક યાચકને જ એક લાખ દીનાર દાન અપાયું તેમ રાજાને કહ્યું. (૮) પછી ગુસ્સે થયેલ રાજાએ કુમારને કહ્યું કે, આ દાનના કાર્યમાં તેં વિરુદ્ધ કર્યું છે. તારા આવા પ્રકારના અસદ્વ્યયને કોણ પૂરશે ? પછી અપમાનિત થયેલ સુલોચન રાત્રીના પ્રથમ પહોરમાં શય્યામાં રહેલો વિચારે છે કે મારા પર પિતા ગુસ્સે થયા છે. પોતાના પરાક્રમથી ઉપાર્જન કરેલા ધન વડે ધનીનો ઉદાર થવાનો આ ગુણ યથાર્થ છે. પરંતુ પરદ્રવ્યનો ભોગવટો કરનારને ઉદાર થવાનો તે જ ગુણ મહાદોષ રૂપ છે. જેઓએ બાળપણ વિતાવ્યું છે તેવાઓને માતાના સ્તનપાનની જેમ પિતાની લક્ષ્મીનો પરિભોગ પણ ઉચિત નથી કેમકે સામાન્યજનને પણ હસવા યોગ્ય થાય છે. તેથી આજથી માંડીને પોતાની ભુજાથી ઉપાર્જન કરેલ સુવર્ણાદિનો ભોગ કરવો એ પ્રમાણે વિચારીને અર્ધરાત્રીએ છૂપી રીતે જ કુમાર તલવાર લઈને નીકળ્યો અને થોડા દિવસો પછી બીજા રાજ્યમાં પહોંચ્યો અને તે રાજ્યના કોઈ એક નગરની બહાર વનનિકુંજમાં ધાતુને ધમતા એક ધાતુવાદીઓના વૃંદને જોયું.

પછી 'અહીં વસુધારા પડો' એમ કહીને તેઓ વડે કરાયેલ છે સન્માન જેનો એવો તે કુમાર એક દેશમાં (સ્થાનમાં) બેઠો. નિપુણ સુલોચને ધાતુવાદીઓની ભાષામાં તેઓની પાસે રહેલી ઔષધીઓની સર્વપણ સામગ્રી પૂછી અને પવનને ધમતા તમારે કેટલો વખત થયો ? અને કોઈપણ સિદ્ધિ થઈ છે ? એ પ્રમાણે બીજી પણ હકીકત પૂછે છતે આ કાર્યમાં આ કોઈ સાભિપ્રાય* મહાનુભાવ છે એમ જાણીને ધાતુવાદીઓએ ઔષધીઓની યથાસ્થિતિ જણાવી. ધમણને ફુંકતા ફુંકતા કોઈક બાળપણમાંથી યુવાન થયો અને કોઈક યુવાનમાંથી વૃદ્ધ થયો અને પિતાના ધનનો ક્ષય અને ક્લેશ થયો અને પર્વત જેવડો આ ભસ્મનો ઢગલો થયો

* સાભિપ્રાય = આપણને જેમ સુવર્ણ સિદ્ધિ કરવાનો અભિલાષ છે તેમ આને પણ સુવર્ણ સિદ્ધિનો અભિલાષ હોય એવો આ મહાનુભાવ છે.

તો પણ હે મહાયશ ! આ સિદ્ધિ આ અરણ્યની જેમ શૂન્ય થઈ. આ પ્રમાણે તેઓએ કહ્યું એટલે કુમાર કંઈક હસીને કહે છે કે ઔષધીઓની સાથે નાગ (વૃક્ષવિશેષ), વંગ (વનસ્પતિ વિશેષ) અને સુંબ (ઘાસ વિશેષ)ને નાખીને મુસમાં ચઢાવો અને અહીં મારા દેખતાં જ ધમો પછી તેઓએ તે પ્રમાણે કર્યું અને કુમારના પુણ્યોદયથી સર્વ નિર્મળ સુવર્ણ થયું. પછી હર્ષિત થઈ તેઓએ કહ્યું કે હે મહાયશ ! આ ઔષધીઓની સાથે જ હંમેશા ધમતા અમારે આટલો કાળ ગયો પરંતુ હમણાં તમારા પ્રભાવથી જેટલામાં કહ્યું તેટલામાં સુવર્ણની સિદ્ધિ થઈ. અમારા મનોરથો પૂર્ણ થયા અને પછી કુમારવડે પણ આ ક્રિયા ફરીથી કરાઈ અને ઘણું સુવર્ણ સિદ્ધ થયું પછી ત્યાં જ મોટો સત્કાર કરીને અતિ આગ્રહથી તેઓએ કુમારને રોકી રાખ્યો. પછી ઘણા સુવર્ણની સિદ્ધિ કરીને તે જ નગરમાં વિલાસ કરે છે અને ધાતુવાદીઓ પણ તે રાજપુત્રને દેવતાની જેમ આરાધે છે. (૨૦)

પછી કોઈક વખત લુચ્ચો જેમ દુર્વચનોથી સજ્જનને પીડે તેમ હિમવર્ષાથી ભુવનતળ પર વૃક્ષના સમૂહને બાળતી હેમંતઋતુ શરૂ થઈ અને જ્યાં દુષ્ટ સ્વરૂપવાળા લોદ્ર (વૃક્ષવિશેષ), કુંદ, પ્રિયંગુકુસુમ (વૃક્ષ વિશેષ) વિશેષ શોભાને ધારણ કરીને હિમથી બળેલા વન પર જાણે હસે છે. રાત્રી પુરી થાય છે ત્યારે ઠંડીથી પીડાયેલ લોક વડે કરપલ્લવો વડે ઘસીને જ્વાળાથી ભરચક અગ્નિના મંડપો કરાય છે, પુષ્ટ, ગાઢ અને ઉન્નત છે સ્તનમંડળ જેઓને એવી પોતાની સ્ત્રીઓને યાદ કરીને દૂર ગયેલા મુસાફરો જ્યાં શીઘ્ર પાછા ફરે છે. દરિદ્રના છોકરાઓ જીર્ણ ઘરોના લાકડાઓથી અગ્નિને સળગાવીને ધક્કા મુક્કી કરીને સ્થાનને માટે ઝઘડે છે. જ્યાં દરિદ્રના ઘરમાં ઉત્પન્ન થયેલ આક્રંદન, કલહ અને દાંતોથી વાગતી વીણાઓથી ઠંડી વિના પણ ધનવાનોને પણ હંમેશા જાગરણ થાય છે અને જ્યાં જાણે ઠંડીથી ભય પામેલો સૂર્ય પણ હંમેશા દિવસોને ટૂંકો કરતો હિમગિરિથી દૂરના આકાશ માર્ગથી જલદીથી જાય છે. (૩૫) હિમપર્વતને અનુસરતો ચંદ્ર પણ રાત્રીમાં વક્રમાર્ગથી ધીમે ધીમે ઠંડીમાં વધારો કરીને જાય છે. દરિદ્રજનને દુઃખદાયક એવો સંતાપ હંમેશા પણ દીર્ઘ કરાય છે અથવા ઠંડીમાં રહેલા જીવો વિપરીત થાય છે. જ્યાં લોકને કેસર અને તેલના લેપનો ઘણો સંયોગ છે જેઓને એવી પ્રિય તરુણકામિનીઓ, કાળા-વસ્ત્ર અને અગ્નિ વલ્લભ છે. (૩૮) ઘણું કરીને બધાએ પ્રાસાદતળ (અગાશી) ચંદ્ર, હાર, પાણી અને સુક્ષ્મ વસ્ત્ર, સ્નાન અને ચંદનનો ત્યાગ કર્યો છે અને ત્યાં ઘણા મૂલ્યવાળા સુગંધી ગંધકાષાયી પ્રમુખ વસ્ત્રોથી કરાયેલી, ઠંડીની રક્ષા કરનારી, રૂથી ભરેલી ડગલીઓ લઈને તે કુમાર તેઓને કંઈપણ કારણ બતાવીને, નીકળીને, ક્રમે કરીને કુરુદેશમાં આવ્યો અને ત્યાં કોઈક અરણ્યમાં નીચે ઊભેલા, હિમથી કાષ્ટની જેમ નિશ્ચેષ્ટ થયેલા ઉત્તમ ઘોડાને જુએ છે. પછી વિસ્મિત હૃદયવાળો જેટલામાં ત્યાં જાય છે તેટલામાં સુંદર વસ્ત્રવાળા, નવા દેવની જેમ આભરણથી ભૂષિત, વૃક્ષના થડમાં ટેકો લઈને સૂતેલ હિમથી નિશ્ચેષ્ટ થયેલ, હાથમાં ગ્રહણ કરેલ છે અશ્વનું ચોકડું જેણે એવા એક સમાન વયના પુરુષને જુએ છે. (૪૪) પછી સંભ્રમથી કુમાર સુલોચને તેના ઉપર રૂની ભરેલી ગોદડી નાખીને અને બાણથી અરણીના કાષ્ઠને ઘસીને અગ્નિને સળગાવ્યો. પછી ક્ષણથી તે ઘોડા સહિત સચેતન થયો અને બેઠો થયેલો એવો તે આજુબાજુ જુએ છે. પછી સુલોચનને જોઈને ઊભો થઈ હર્ષથી આલિંગન કરે છે અને સંભ્રમથી તેને લઈને પોતાની પાસે બેસાડે છે અને કહે છે કે હે અકારણ બાંધવ ! મને જીવિત આપનાર તું અહીં ક્યાંથી ? આ કયો દેશ છે ? અથવા તારા વડે કયું કુળ પવિત્ર કરાયું છે તે કહે. પછી સુલોચન પણ કહે છે કે કૌશાંબીપુરના સ્વામીશ્રી ચંદ્રસેન રાજાનો હું સુલોચન નામે પુત્ર છું. દેશોના દર્શનને માટે ભમતો હું અહીં આવ્યો છું અને શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન તારી સાથે મારું દર્શન થયું છે. તારે પણ આ અનુચિત સ્થાનમાં આવવું

કેવી રીતે થયું ? જો તારે આ ખાનગી ન હોય તો કહે. પછી આ પણ તેને કહે છે કે તારાથી છુપાવાય તેવું કશું નથી. જગતમાં પ્રસિદ્ધ ગજપુરના સ્વામી શ્રી પુરુષદત્ત રાજાનો હું શૂર નામે પુત્ર છું. (૫૨) કાશી દેશમાં મારા પિતાના સૈન્યની સાથે હું ગયો હતો. તેમના સમૂહમાં ચાલતા સૈન્યમાં પાછો ફરતો હું વિવિધ વૃક્ષોથી ગહન અને રાત્રીમાં અંધકારના સમૂહથી કયાંય પણ માર્ગમાં ભૂલો પડ્યો અને લાંબો સમય ભમીને હું થાક્યો અને ઠંડીથી પરાભવ થયો અને અહીં બેઠેલો હું શિલાની જેમ અચેતન થયો અને નિષ્કારણ બંધુ એવા તારાવડે હું જીવિત માત્ર અપાયો છું; તેથી મારી આ અવસ્થા પણ ખરેખર પુણ્યથી થઈ. કેમકે ગુણના ભંડાર એવા તારું અહીં દર્શન થયું. પરસ્પર સંકથાઓથી રહેતા તેઓનો ઘણો સમય પસાર થયા પછી શૂરની તપાસમાં પાછળ આવતું સૈન્ય આવી પહોંચ્યું.

પછી સમાન સદ્ભાવવાળા, પરસ્પર સ્નેહથી બંધાયેલા તે બંને કુમારો તે સૈન્યની સાથે ગજપુર નગરમાં ગયા. પછી શૂરે સુલોચનનો સર્વ ઉપકાર પિતાને જણાવ્યો. સ્નેહાળ રાજાએ તેને પુત્રપણાથી સ્વીકાર્યો. શૂરકુમારના આવાસની બાજુમાં રાજાવડે અપાયેલ રમ્ય મોટા મહેલમાં સુલોચન કુમાર વસે છે. સુલોચન વિના શૂર પણ રહેતો નથી. તેને લઈ જઈને ભોજનાદિમાં આદર કરે છે તેથી કોઈક રીતે તે બેને પણ પરસ્પર અનુરાગ થયો. સાથે ક્રીડા કરે છે, સાથે ભમે છે, સાથે સૂવે છે અને રાજાની સાથે જાય છે. તંબોલ-આહાર-વિલેપનાદિ બધું સાથે કરે છે. જિનવચનમાં ભાવિત મતિવાળો અને જિનશાસનમાં કુશલ એવો શૂર સુલોચનને પણ હંમેશા ગુરુપાસે લઈ જાય છે. તેથી સુલોચનને પણ જિનધર્મ તેવી રીતે પરિણત થયો જેથી દેવો પણ તેને ક્ષોભ કરવા સમર્થ થતા નથી. પછી બંને સમાન શીલ (સદાચાર)વાળા થાય છે. પહેલાં પણ તેઓની પ્રીતિ હતી પરંતુ ધર્મના દાનથી તુષ્ટ થયેલા તેઓની પ્રીતિ એવી વધી કે જેથી દેવો પણ વિસ્મિત થયા. પછી સુલોચનકુમારે પણ વિનયાદિ ગુણોથી રાજાને ખુશ કર્યા ત્યારે અતિ મોટા આગ્રહથી માતાપિતાની રજા મેળવીને પોતાના સ્થાને સુલોચનકુમારને રાજાને અર્પણ કરીને શૂરે સુગુરુની પાસે દીક્ષાને સ્વીકારી. (૬૭) "ઘરમાંથી ભાગીને કાયર ભૂખથી પરાભૂત સુલોચને વ્રત ગ્રહણ કર્યું." એવા અપજશના ભયથી સુલોચને વ્રત ગ્રહણ ન કર્યું. પછી સમયાંતરે મારે અવશ્ય વ્રત ગ્રહણ કરવું એ પ્રમાણે તે વખતે સુલોચને મનમાં નિશ્ચય કર્યો. પછી વિનયાદિ ગુણોથી રાજા પુરુષદત્ત સર્વ પણ સામંત તથા મંત્રીવર્ગ સુલોચનને વિશે રાગી થયો.

હવે ક્યારેક પરલોક જતા પુરુષદત્તરાજાએ અતિ મોટા હર્ષથી સુલોચનને રાજ્ય સોપ્યું. પછી અણુરક્ત મંત્રી મંડલવાળો, મોટા પરાક્રમવાળો, પ્રસર્યો છે યશોનો સમૂહ જેનો, વિસ્તૃત થયો છે પ્રતાપ જેનો એવો સુલોચન ત્યાં રાજા થયો. શૂર પણ ગીતાર્થ થયો અને વિહાર કરતો ત્યાં આવ્યો. સુલોચન રાજા પણ તેને ભક્તિથી વંદન કરે છે અને હંમેશા તેની દેશના સાંભળે છે. તેનાવડે ઉપદેશ કરાયેલ ધર્મને કરે છે અને નીતિથી રાજ્યને પાળે છે, અન્ય દિવસે કૌશાંબી નગરીથી પિતાનો પ્રધાન મંત્રી ત્યાં આવ્યો. પછી અતિ સંભ્રમથી કરાયો છે મોટો સન્માન જેનો એવો તે મંત્રી શ્યામ મુખવાળો રાજાની પાસે સંભ્રમથી બેઠો.

પછી રાજાએ મંત્રીને પુછ્યું કે હે સચિવ ! તું ખેદવાળો દેખાય છે તેનું શું કારણ છે ? તેણે કહ્યું કે હું જે કહું છું તેને દેવ સાવધાન થઈને સાંભળે. શ્રી ચંદ્રસેન રાજાએ મને આ પ્રમાણે આદેશ કર્યો છે કે જગતમાં સુપુરુષો જેમ વિભવને ઉપાર્જન કરે છે અને તેઓ તે ઘણાં વિભવથી જગતમાં કંઈક મેળવે છે. પરંતુ સામાન્ય કૃપણ જનની સમાન થઈને અસાર ધનનું પ્રયોજન છે જેને એવા મારા વડે ભુવનમાં સારભૂત એવો તું (સુલોચન) મેળવાયો નથી. હે ગુણનિધાન ! નિર્ગુણ ધનના પ્રયોજનથી અને સુલભ ધનને માટે અતિદુર્લભ એવો તું જે અપમાનિત કરાયો છે તે માનસિક દુઃખ મને અતિમહાન થયું છે (૭૯) જો કે પૂર્વે મનનું દુઃખ

હતું પરંતુ હમણાં શારીરિક દુઃખ એવું ઉપસ્થિત થયું છે કે કોઈપણ રીતે કહી કે સહી શકાતું નથી. કારણ કે ખાંસી, શ્વાસ, મહાજ્વર અને દાહ શરીરને બાધા કરે છે અને પેટ.દૃષ્ટિ અને મુખશૂળની પીડા પ્રબળ જ છે. કોઢ, અર્શ (મસા) તથા ભગંદર, અરુચિ, ખણજ, પેટ તથા કાન-આંખની વેદના આ મહારોગો સમકાળે થયા છે. તેથી હે વત્સ ! મેં તારી સાથે ક્ષુદ્ર-જન-ઉચિત સર્વ આચર્યું. પણ તું સજ્જન થઈને હમણાં જીવતા એવા મને એકવાર દર્શન આપ. પછી મરતા એવા મને પશ્ચાત્તાપ ન થાય એ પ્રમાણે સાંભળીને આંસુથી ભરાયેલી છે આંખો જેની એવો સુલોચન રાજા કહે છે કે સુપુત્રોથી માતાપિતા સુખી થાય છે એ પ્રમાણેની આ લોકસ્થિતિ છે. તેથી બાળપણથી માતાપિતાનું અનિચ્છિત કરી દુઃખ આપીને તેઓનું મારાવડે વિપરીત જ કરાયું છે. આ પ્રમાણે કહીને પોતાને સ્વસ્થ કરીને સર્વ કુરુદેશમાંથી વૈદ્યો, જ્યોતિષીઓ અને મંત્રવાદીઓને લઈને તથા માર્ગમાં પ્રાપ્ત થયેલા વૈદ્યો, જ્યોતિષીઓ અને મંત્રવાદીઓને લઈને પિતા પાસે ગયો. સુલોચન પિતાના પગમાં પડે છે રાજા પણ તેના વિનયથી ખુશ થયો. (૮૮) શ્રી ચંદ્રસેન રાજા પરમાનંદ સુખને પામતો પોતાના પુત્રને ભેટે છે અને પોતાના રાજ્ય પર તેને સ્થાપન કરે છે. તેણે પણ વૈદ્યોવડે રોગોની ચિકિત્સા શરૂ કરાવી. વૈદ્યો એક પણ રોગને મટાવવા સમર્થ ન થયા. આ લૌકિક ઉપચારોથી રોગો અસાધ્ય છે એમ જાણીને સુલોચને પિતાને જૈનધર્મમાં પ્રેરણા કરી. પણ રાજા જિનધર્મથી ભાવિત થતો નથી અને મોટી વેદનાના સમુદ્ઘાતમાં પડ્યો તો પણ ભદ્રિક ભાવમાં સ્થાપન કરાયો અને તેના હાથે દાન અપાવાયું. (૯૨) જિન ચૈત્યોમાં પૂજા કરાવાઈ, પછી સમગ્ર સ્વજનો ચારે બાજુ બેઠે છતે, બંને રાજ્યનું ચતુરંગ સૈન્ય જોયે છતે, વિભવ અને વૈદ્યો વગેરે હોતે છતે, શરણથી રહિત આક્રંદ અને વિલાપ કરતો, રોગોથી હુમલો કરાયેલો રાજા મરણ પામ્યો. પછી લોકોમાં આક્રંદ ઊછળ્યો અને શરીરનો અગ્નિ સંસ્કાર કરાયો. પછી સુલોચન રાજાએ અશરણપણું જોઈને તે રાજ્ય પર પોતાના પુંડરીક નામના પુત્રને સ્થાપ્યો. રાજ્યનું સ્થાપન કરીને પછી કુરુદેશમાં ગજપુર નગરમાં જાય છે ત્યાં પણ કમલાક્ષ નામના પુત્રને રાજ્યપર સ્થાપે છે અને સ્વયં સંવિગ્ન થયેલો શૂરમુનિવરની પાસે દીક્ષાને ગ્રહણ કરે છે, બંને પણ દીક્ષિત થયેલા કર્મ ખપાવી મોક્ષમાં ગયા. (૯૮)

**अथ 'यथोद्देशं निर्देश' इति जरा विषयमशरणत्वं विभणिषुराह-**

'જે ક્રમથી વિષયનો ઉદ્દેશ કર્યો હોય તે ક્રમથી વિષયનો નિર્દેશ કરવો જોઈએ' એવો ન્યાય છે એટલે મૂળ શ્લોક ૨૬મા માં પ્રથમ રોગનો ઉદ્દેશ કર્યો છે પછી જરાનો ઉદ્દેશ કર્યો છે તેથી રોગની અશરણતાના નિર્દેશ પછી જરાની અશરણતાનો નિર્દેશ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે કે-

**सविलासजोव्वणभरे वट्टंतो मुणइ तणसमं भुवणं ।**
**पेच्छइ न उच्छरंतं जराबलं जोव्वणदुमग्गिं ।।३२।।**

**सविलासयौवनभरे वर्तमानो जानाति तृणसमं भुवनं ।**
**पश्यति न उत्सर्पन्तं जराबलं यौवनद्रुमाग्निम् ।।३२।।**

**ગાથાર્થ :** વિલાસ સહિત ભરયૌવનમાં વર્ત્તતો જીવ ભુવનને તૃણ સમાન ગણે છે અને યૌવન રૂપીવૃક્ષને માટે અગ્નિ સમાન, નજીક આવતા એવા જરાના સૈન્યને જોતા નથી. (૩૨)

**जराया बलं-परिकरभूतं वायुश्लेष्मेन्द्रियवैकल्यादिकं, इदं च यौवनद्रुमस्याग्निरिव, यथा ह्यग्निर्दग्ध्वा भस्मावशेषं द्रुमं करोति, एवं जराबलमपि पलितावशेषं यौवनं विदधातीति भावः ।। किमित्यसौ तत्र पश्यतीत्याह -**

**ટીકાર્થ :** વાયુ, શ્લેષમ અને ઇન્દ્રિયાદિનું વૈકલ્ય એ જરાનું સૈન્ય છે આ જ સૈન્ય યૌવન રૂપી વૃક્ષને માટે

અગ્નિ સમાન છે. જેવી રીતે અગ્નિ વૃક્ષને બાળીને ભસ્મસાત્ કરે છે તેવી રીતે જરાનું સૈન્ય પણ યૌવનને સફેદવાળના અવશેષવાળું કરે છે એ કહેવાનો ભાવ છે.

એવું શું છે જેથી જીવ તેને જોતો નથી. તેને જણાવતા કહે છે.

**नवनवविलाससंपत्तिसुत्थियं जोव्वणं वहंतस्स ।**
**चित्तेऽवि न वसइ इमं थेवंतरमेव जरसेन्नं ।।३३।।**

**नवनवविलाससंपत्तिसुस्थितं यौवनं वहतः ।**
**चित्तेऽपि न वसति इदं स्तोकान्तरमेव जरासैन्यम् ।।३३।।**

**ગાથાર્થ :** નવાનવા ભોગોની સંપત્તિથી સારી રીતે ગોઠવાયેલ યૌવનને અનુભવતા જીવના ચિત્તમાં પણ આ જરાનું સૈન્ય થોડા અંતરે રહેલું છે એમ ભાન થતું નથી. (૩૩)

**स्तोकमन्तरं पतने यस्य तत्तथा, कतिपयदिनपर्यन्तपातुकमित्यर्थः, उपलक्षणं चैदत् यतोऽज्ञानादिभ्योऽपि केषांचिदेतच्चित्ते न वसति । ततः किमित्याह -**

**ટીકાર્થ :** એટલે જેને પ્રાપ્ત થવામાં થોડી વાર છે તે અર્થાત્ કેટલાક દિવસો પછી આવી પડવાનું છે એ પ્રમાણે અર્થ છે. આ ઉપલક્ષણ છે કારણ કે અજ્ઞાનાદિના કારણે પણ કેટલાકોનાં ચિત્તમાં આ વાત સમજાતી નથી.

જરા નજીકમાં આવતી છે એ વાત જેઓને સમજાતી નથી તેઓને શું ફળ થાય છે તેને કહે છે.

**अह अन्नदिणे पलियच्छलेण होऊण कण्णमूलम्मि ।**
**'धम्मं कुणसु' त्ति कहंति हव्व निवडइ जरघाटी ।।३४।।**

**अथ अन्यदिने पलितच्छलेन भूत्वा कर्णमूले ।**
**धर्म कुरुतेति कथयन्ती शीघ्रं निपतति जरघाटी ।।३४।।**

**ગાથાર્થ :** પછી કોઈક દિવસે સફેદ વાળના બાનાથી કાન પાસે આવીને "ધર્મ કરો" એમ કહેતી જરાની ધાડ જલદીથી પડે છે. (૩૪)

**प्रकटार्था ।। निपतन्त्यास्तर्हि तस्या रक्षकः कोऽपि भविष्यतीत्याह -**

**ટીકાર્થ :** તો પછી આવી પડતી જરાની ધાડથી રક્ષણ કરનારો કોઈપણ થશે તેને જણાવવા કહે છે કે-

**निवडंती य न एसा रक्खिजइ चक्किणोऽवि सेन्नेण ।**
**जं पुण न हुंति सरणं धणधन्नाईणि किं चोज्जं ? ।।३५।।**

**निपतंती च न एषा रक्ष्यते चक्रिणोऽपि सैन्येन ।**
**यत् पुनर्न भवति शरणं धनधान्यादीनि तत्र किमाश्चर्यम् ? ।।३५।।**

**ગાથાર્થ :** આવી પડતી જરાને રોકવા ચક્રવર્તીનું સૈન્ય સમર્થ થતું નથી તો પછી ધનધાન્યાદિ જરાથી રક્ષણ કરવા સમર્થ ન બને તેમાં શું આશ્ચર્ય છે ? (૩૫)

सुगमा ।। ततः किमित्याह -

**ટીકાર્થ** : ધન ધાન્યાદિ જરાથી રક્ષણ કરી શકે તેમ નથી તેથી શું થાય તેને જણાવતા કહે છે-

**वलिपलियदुरवलोयं गलंतनयणं घुलंतमुहलालं ।**
**रमणीयणहसणिज्जं एई असरणस्स वुड्डत्तं ।।३६।।**

**वलिपलितदुरवलोकं गलन्नयनं क्षरन्मुखलालं ।**
**रमणीजनहसनीयं एति अशरणस्य वृद्धत्वम् ।।३६।।**

**ગાથાર્થ** : કરચલી અને સફેદવાળવાળું, ગળતી આંખોવાળું, લાળપડતી મુખવાળું અને સ્ત્રીવર્ગને હસવા યોગ્ય એવું વૃદ્ધપણું અશરણ જીવની પાસે જલદીથી દોડી આવે છે. (૩૬)

सुबोधा ।। अन्यथा स्थितस्य वस्तुनोऽन्यथा करणे इन्द्रजालिनीव समर्था जरेति दर्शयति -

**અવતરણીકા** : અન્ય સ્વરૂપમાં રહેલી વસ્તુને અન્ય સ્વરૂપમાં પલાટવવા જરા ઇન્દ્રજાળની જેમ સમર્થ છે તેને દર્શાવતા કહે છે કે-

**जरइंदयालिणीए का वि हयासाए असरिसा सत्ती ।**
**कसिणा वि कुणइ केसा मालइकुसुमेहिं अविसेसा ।।३७।।**

**जरेन्द्रजालिन्याः काऽपि हताशायाः असदृशा शक्तिः ।**
**कृष्णानपि करोति केशान् मालतीकुसुमैरविशेषान् ।।३७।।**

**ગાથાર્થ** : આશાઓને ચૂરનારી જરારૂપી ઇન્દ્રજાલિનીની કોઈપણ અચિંત્ય શક્તિ છે કે કાળા પણ કેશોને માલતીના ફુલોની સમાન સફેદ કરે છે. (૩૭)

**भ्रमरकुलाञ्जनपुञ्जकृष्णानपि केशाँस्तथा कथमपि जरेन्द्रजालिनी शुक्लान् करोति यथा ते मालतीकुसुमैर्निर्विशेषा भवन्ति, मस्तकनिबद्धमालतीकुसुमानां तेषां च शुक्लत्वेन विशेषो नावगम्यत इत्यर्थः ।। राक्षसीव जरा अन्यामपि यां विडम्बनां करोति तां दर्शयति -**

**ટીકાર્થ** : ભ્રમરના સમૂહ તથા કાજળના પુંજ જેવા કાળા પણ કેશોને જરા રૂપી ઇન્દ્રજાલિની કોઈપણ રીતે એવા સફેદ બનાવી દે છે જેથી માલતીના ફુલો સમાન સફેદ થાય છે. મસ્તકમાં બંધાયેલા માલતીના ફુલોની અને કેશોની સફેદાઈમાં કોઈ ભેદ જણાતો નથી એ પ્રમાણે ભાવાર્થ છે.

રાક્ષસીની જેમ જરા બીજી પણ જે વિડંબના કરે છે તેને જણાવે છે-

**दलइ बलं गलइ सुइं पाडइ दसणे निरुंभए दिट्ठिं ।**
**जररक्खसी बलीण वि भंजइ पिट्ठिं पि सुसिलिट्ठं ।।३८।।**

**दलयति बलं गलयति श्रुतिं पातयति दशनान् निरुणद्धि दृष्टिम् ।**
**जराराक्षसी बलिनामपि भनक्ति पृष्टिमपि सुश्लिष्ठाम् ।।३८।।**

**ગાથાર્થ :** જરા રૂપી રાક્ષસી બળને ચૂરે છે, શ્રોત્રેન્દ્રિયને ગળે છે. દાંતોને પાડે છે. દૃષ્ટિને રૂંધે છે બળવાનોની પણ મજબૂત પીઠને પણ ભાંગે છે. (૩૮)

**गतार्था ।। तथा -**

**ટીકાર્થ :** ગાથાર્થ સરળ છે. તથા-

**सयणपराभवसुन्नत्तवाउसिंभाइयं जरासेन्नं ।**
**गुरुयाणं पि हु बलमाणखंडणं कुणइ वुड्डत्ते ।।३९।।**

**स्वजनपराभवशून्यत्ववायुश्लेष्मादिकं जरासैन्यम् ।**
**गुरूणामपि खलु बलमानखंडनं करोति वृद्धत्वं ।।३९।।**

**ગાથાર્થ :** સ્વજનોથી પરાભવ, જડતા, વાયુ, શ્લેષ્માદિ રૂપ જરાનું સૈન્ય ઘડપણમાં મોટાઓંના પણ બળ અને માનનું ખંડન કરે છે. (૩૯)

**जरागृहीतस्य अवश्यमेव प्रायः पुत्रकलत्रादिस्वजनपरिभवः शून्यत्वं वायुः श्लेष्मादयश्च भवन्तीति विवक्षया एते जरासैन्यत्वेनोक्ताः, ते च महात्मनामपि बलमभिमानं च खण्डयन्ति, सर्वकार्याक्षमाननादेयांश्च कुर्वन्तीत्यर्थः ।। जराभीताश्चाविवेकिनस्तन्निवारणेऽनुपायान् कुर्वन्तीति दर्शयति -**

**ટીકાર્થ :** જરાથી પકડાયેલને અવશ્ય જ ઘણું કરીને પુત્ર, સ્ત્રી આદિ સ્વજનથી પરાભવ પ્રાપ્ત થાય છે. જડપણું, વાયુનો વિકાર અને કફ વગેરેનો ઉપદ્રવ થાય છે. એ અપેક્ષાએ આ બધાને જરાના સૈન્ય તરીકે કહેલા છે અને તેઓ પરાક્રમીઓના બળ અને અભિમાનનું ખંડન કરે છે તથા સર્વ કાર્યમાં અસમર્થ અને અનાદેય કરે છે એ પ્રમાણે કહેવાનો ભાવાર્થ છે.

જરાથી ભયભીત થયેલા અવિવેકીઓ જરાને નિવારવામાં જે જે કુ-ઉપાયોને આચરે છે તેને બતાવતા કહે છે કે-

**जरभीया य वराया सेवंति रसायणाइकिरियाओ ।**
**गोवंति पलियवलिगंडकूवनियजम्ममाईणि ।।४०।।**

**जराभीताश्च वराकाः सेवन्ते रसायनादिक्रियाः ।**
**गोपायन्ति पलितवलिगण्डकूपौ निजजन्मादीनि ।।४०।।**

**ગાથાર્થ :** જરાથી ભયપામેલા વરાકડા રસાયણાદિ ક્રિયાઓનું સેવન કરે છે અને સફેદકેશ, કરચલીઓ, ગાલમાં પડેલા ખાડા અને પોતાના આયુષ્યને છૂપાવે છે. (૪૦)

**जराभीताश्चाविवेकिनो वराका गन्धकादिरसायनानि सेवन्ते, तैश्च सेवितैरपि जरा नापगच्छति, अपगमे वा समयान्तरे पुनरपि भवतीत्ययमनुपायो, ऽनैकान्तिकत्वादनात्यन्तिकत्वाच्च । तपःसंयमादिविधानं तु तदपगमे सम्यगुपायो, मोक्षावाप्तौ अवश्यमेव जरोच्छेदहेतुत्वेनैकान्तिकत्वान्मोक्षप्रतिपाताभावेन पुनर्जरायाः सम्भवाभावाच्चात्यन्तिकत्वाद्,**

**अन्ये तु महामूढा लोहकीटादिखरंटनेन पलितानि [1]गोपायन्ति, वलीश्च वस्त्रादिना [2]गोपायन्ति, गण्डौ-कपोलौ तयोर्वृद्धत्वेन पतितौ कूपौ मौलिवस्त्रादिना वेष्टयन्ति, निजजन्म चिरकालीनमप्यासन्नकालं कथयित्वा गोपायन्ति, आदिशब्दादन्या अप्येवंप्रकारा मोहचेष्टा द्रष्टव्याः ।। किं पुनस्ते एवं कुर्वन्ति ? न पुनः सम्यगुपाये लगन्तीत्याह -**

**ટીકાર્થ :** જરાથી ભય પામેલા વરાકડા અવિવેકીઓ ગંધકાદિ રસાયણોનું સેવન કરે છે અને તે રસાયણોના સેવનથી પણ જરા નાશ થતી નથી અથવા ચાલી જાય તો પણ થોડા કાળ પછી ફરી પ્રગટ થાય છે માટે જરાને દૂર કરવાનો આ પરમાર્થથી ઉપાય નથી કેમકે તે ઉપાય અનૈકાંતિક* અને અનાત્યન્તિક છે. પણ તપ-સંયમાદિનું આરાધન જરાના નાશનો સમ્યગ્ ઉપાય છે કારણ કે તપ સંયમની આરાધના જરાના કારણભૂત કર્મોનો નાશ કરીને મોક્ષની પ્રાપ્તિ કરાવતી હોવાથી એકાંતિક કારણ છે. વળી એક વખત મોક્ષમાં ગયા પછી ફરી ત્યાંથી ક્યારેય પતન ન થતું હોવાથી હવે ક્યારેય પણ જરાનો સંભવ નથી તેથી તપ-સંયમાદિનું આરાધન જરાના નાશનું આત્યંતિક કારણ છે. પણ બીજા મહામૂઢો લોખંડના કાટ આદિના ચોપડવાથી સફેદ કેશોને છૂપાવે છે અને કરચલીઓ વસ્ત્રોથી છૂપાવે છે. વૃદ્ધાવસ્થાના કારણે ગાલપર પડેલા ખાડાઓને મસ્તક પરના વસ્ત્રાદિથી ઢાંકે છે. ઘણાં વરસોથી પણ થયેલા પોતાના જન્મને ઓછા ઓછા વર્ષોનો કહીને ઉંમરને છૂપાવે છે. આદિ શબ્દથી આવા પ્રકારની બીજી પણ મોહની ચેષ્ટાઓ જાણવી. તેઓ આવું શા માટે કરે છે ? અને સમ્યગ્ ઉપાયમાં કેમ પ્રવૃત્ત થતા નથી તેને કહે છે-

**न मुणंति मूढहियया जिणवयणरसायणं च मोत्तूणं ।**
**सेसोवाएहिं निवारिया वि ढुक्कइ पुणोऽवि जरा ।।४१।।**

**न जानन्ति मूढहृदया जिनवचनरसायनं विमुच्य ।**
**शेषोपायैः निवारित अपि ढौकते पुनरपि जरा ।।४१।।**

**ગાથાર્થ :** જિનવચન રૂપી રસાયણને છોડીને બીજા ઉપાયોથી નિવારણ કરાયેલી જરા ફરી પણ પ્રકટ થાય છે એમ મૂઢ હૃદયવાળા જીવો જાણતા નથી - (૪૧)

**गतार्था ।। तर्हि जराभीतानां यत् सम्यक् कृत्यं तद्भवन्तोऽप्युपदिशंत्वित्याशङ्क्य सदृष्टान्तं तदुपदिशन्नाह –**

તો પછી જરાથી ભયભીત થયેલાઓનું જે સમ્યક્ કર્તવ્ય છે તેનો તમે ઉપદેશ કરો એ પ્રમાણે શંકા કરીને દૃષ્ટાંત સહિત તેને ઉપદેશ કરતા કહે છે કે-

**तो जइ अत्थि भयं ते इमाइ घोराइ जरपिसाईए ।**
**जियसत्तु व्व पवज्जसु सरणं जिणवीरपयकमलं ।।४२।।**

---

१-२. गोपं. - वा ।।

* જે ઉપાયથી જરાનું કારણ એવું કર્મ અવશ્ય નાશ પામે તે ઉપાય એકાંતિક કહેવાય છે. જે પુણ્ય કર્મના ઉદયથી જરા આવતી અટકે તો પુણ્યકર્મનો ઉદય અનૈકાંતિક ઉપાય છે.

· જે ઉપાયથી જરા પોતાના કારણભૂત કર્મો સહિત નાશ પામે તે ઉપાય આત્યંતિક (છેલ્લો)છે. જે પુણ્યકર્મના ઉદયથી તે ભવમાં આવતી જરા અટકે તે ઉપાય અનાત્યંતિક છે.

**तस्मात् यदि अस्ति भयं ते अस्या घोराया जरापिशाच्याः ।**
**जितशत्रुरिव प्रपद्यस्व शरणं जिनवीरपदकमलं ।।४२।।**

**ગાથાર્થ :** તેથી જો આ ઘોર જરારૂપી પિશાચીથી ભય ઉત્પન્ન થયો હોય તો જિતશત્રુરાજાની જેમ શ્રીવીર જિનેશ્વરના ચરણ રૂપી કમળનું શરણ સ્વીકારો. (૪૨)

**प्रकटार्था । नवरं जितशत्रुरित्ययं गुणत एव द्रष्टव्यो, बहूनां शत्रूणामनेन जितत्वात्, नामतस्तु सोमचन्द्राभिधानोऽसौ मन्तव्यः, शास्त्रान्तरे च क्वचिद् गुणमाश्रित्य जितशत्रुतयाऽसौ लिखितो दृष्ट इतीहापि तथैवोक्तः, आवश्यकादिषु तु सोमचन्द्रनामतयैव प्रसिद्धः, अनेन च जराभीतेन प्रथममज्ञानात्तापसी दीक्षा प्रतिपन्ना, पश्चात्तु श्रीमन्महावीर-चरणयुगलमनुसृतं, तदैव च सम्यगुपायता द्रष्टव्या इति संक्षेपार्थः ।। विस्तरार्थस्तु कथानकेनोच्यते, तच्चेदम् –**

**ટીકાર્થ :** અહીં જિતશત્રુ નામ જે કહેવાયું છે તે ગુણથી જ જાણવું કેમકે આના વડે ઘણાં શત્રુઓ જીતાયા છે પણ નામથી તો આ રાજા સોમચંદ્ર છે એમ જાણવું. બીજા શાસ્ત્રોમાં ક્યાંક ગુણને આશ્રયીને આ જિતશત્રુપણાથી લખાયેલો જોવાયો છે તેથી અહીં પણ તે પ્રમાણે જ લખ્યું છે પણ આવશ્યકાદિ ગ્રંથોમાં સોમચંદ્રના નામથી પ્રસિદ્ધ છે. જરાથી ભયભીત થયેલા આણે પ્રથમ અજ્ઞાનથી તાપસ દીક્ષાને ગ્રહણ કરી પણ પાછળથી શ્રીમદ્ મહાવીર જિનેશ્વરના ચરણ યુગલને અનુસર્યા અને તે જ સમ્યગ્ ઉપાય જાણવો. આ પ્રમાણે સંક્ષેપ અર્થ છે પણ વિસ્તારાર્થ કથાનકથી કહેવાય છે અને તે આ પ્રમાણે છે-

## સોમચંદ્ર રાજાનું કથાનક

પોતનપુર નામનું નગર હતું, જેમાં પુત્રી લક્ષ્મીને રહેતી જાણીને જાણે સમુદ્રવડે મોકલાયેલા રત્નસમૂહો દેખાય છે અને તે નગરમાં કુમુદનો ભાઈ એવા ચંદ્રની જેમ સોમચંદ્ર રાજા હતો અને સકલગુણોથી યુક્ત ધારિણી નામે તેની પ્રિય રાણી હતી અને કોઈક વખત ગવાક્ષમાં બેઠેલા રાજાના કેશને ઓળતી રાણી સફેદ વાળને જોઈને હે દેવ ! દૂત આવ્યો છે એમ બોલે છે. (૩) તેથી સંભ્રાન્ત થયેલો રાજા ચારે તરફ જુએ છે અને વિચારે છે કે હું અંતઃપુરમાં રહેલ હોવા છતાં સંભાળ્યા વિના દૂત કેવી રીતે આવ્યો ? મારા દ્વારપાળો શું દરવાજા પર નથી ? આ પ્રમાણે સંભ્રાન્ત થયેલ રાજાને જોઈને હસીને દેવી કહે છે. "તું ધર્મ કર," એમ કહ્યા વિના આ હું જરા આવી ગઈ છું એમ તું કહેશે તેથી તને જાણ કરવાને માટે જાણે દૂત હોય તેમ જરાએ પલિત (સફેદવાળ) મોકલ્યો છે. તે પલિતને જોઈને રાજા વિચારે છે કે નક્કી આ જરારાક્ષસીનો દૂત છે અને તે જરા પણ મરણ ધાટીની નાયિકા જ છે. જરાથી ગ્રસિત થયેલા જીવો એવો કોઈ પરાભવ નથી કે જેને ન પામતા હોય ! ધર્મ-અર્થ-કામોથી રહિત જીવો જીવતા પણ મરેલા જ છે. આથી જ અમારા પૂર્વપુરુષો એ પલિતને જોયા પૂર્વે જ વ્રતગ્રહણ કર્યું છે પરંતુ હીનસત્ત્વવાળા મારો આટલો કાળ ફોગટ જ ગયો અને મારો પલિત જોવાયો. હમણાં પણ મારો પુત્ર પ્રસન્નચંદ્ર હજુ બાળક છે તેથી હું શું કરું ? (૧૦) એ પ્રમાણે વિચારતા અતિ ઘણાં વિષાદથી દુઃખી થયેલું છે મન જેનું એવા રાજાના આંખમાંથી આંસુ પડ્યા. પછી ઉત્તરીયવસ્ત્રના છેડાથી રાજાના આંસુને લૂછીને દેવી કહે છે કે હે દેવ ! જો વૃદ્ધપણાથી તમને લજ્જા થતી હોય તો આ રહસ્ય હું કોઈને પણ જણાવીશ નહીં. પછી રાજા કહે છે કે હે દેવી ! અહીં અવસ્થિત ભાવમાં મનુષ્યોને લજ્જા કેવી ? પણ પુણ્યહીન- એવા મારે આ લજ્જાનું કારણ મોટું એ માટે છે કે પૂર્વ પુરુષો વડે આચરિત નિર્મળ માર્ગને ન પામ્યો અર્થાત્ મેં સંયમનો

સ્વીકાર ન કર્યો. તેથી પ્રસન્નચંદ્ર જ્યાં સુધી પ્રજાનું પાલન કરવા સમર્થ ન થાય ત્યાં સુધી તું પ્રજાનું પાલન કર હું તો દીક્ષાને ગ્રહણ કરું છું (૧૫) હવે દેવી રાજાને કહે છે કે શું ચંદ્ર વિના પણ જ્યોત્સ્ના હોય છે ? અથવા કોઈવડે ક્યાંય પણ સૂર્યથી ભિન્ન સૂર્યની પ્રભા જોવાઈ છે ? તેથી મારે પુત્રથી કોઈ કાર્ય (પ્રયોજન) નથી તમને જે અનુમત છે તે મારે પણ કરવું જોઈએ. આ પ્રમાણે તેના આગ્રહને જાણીને રાજ્યપર પુત્રને મૂકીને ધારિણીની સહિત રાજાએ તાપસ દીક્ષાને સ્વીકારી. રાણી ગર્ભવતી હોવાને કારણે યોગ્ય સમયે પુત્રનો જન્મ થયો. પછી રાણી મરીને જ્યોતિષમાં દેવીપણે ઉત્પન્ન થઈ અને જંગલી ભેંસનું રૂપ લઈને સ્નેહથી પુત્રના મુખમાં દૂધ રેડે છે. પછી પુત્ર મોટો થયો. વલ્કલોથી (વૃક્ષની છાલના વસ્ત્રોથી) વીંટળાયેલો હોવાથી વલ્કલચીરી એ પ્રમાણે તેનું નામ સ્થાપન કરાયું. (૨૦)

હવે કેટલાક વર્ષો પછી પ્રસન્નચંદ્ર રાજા તેના અનુત્તર રૂપ લાલિત્યને સાંભળીને ગુપ્ત રીતે નવા ઉત્પન્ન થયેલા યૌવનના સમૂહવાળી અતિશય રૂપવાળી વેશ્યાઓની પુત્રીઓને, તાપસીઓનો વેશ પહેરાવીને શ્રેષ્ઠ દ્રવ્યોથી ખાંડના લાડુ બનાવી તેઓના હાથમાં આપીને ઘણાં સૈનિકોથી યુક્ત ત્યાં મોકલાવી. પછી કુલપતિ લાકડા લેવા જાય છે ત્યારે ફલને અનુકરણ કરનારા અર્થાત્ ફળ જેવા લાડુઓ વલ્કલચીરીને આપે છે. તે લાડુ ખાઈને કયા આશ્રમમાં આવા મધુર ફળો થાય છે એમ વલ્કલચીરી પૂછે છે. તેથી વેશ્યાપુત્રીઓ કહે છે કે પોતનપુર નામના આશ્રમમાં આવા ફળો હંમેશા થાય છે. અમે પણ તાપસો ત્યાં વસીએ છીએ તેથી તું પણ ત્યાં આવ જેથી હંમેશા પણ આવા ફળો ખાવા મળશે અને તેઓ એકાંતમાં સુકુમાલ ઉન્નત સ્તનને સ્પર્શ કરાવીને લોભાવે છે. (૨૭) પછી તાપસની સામગ્રી લઈને તે તેઓની સાથે ચાલ્યો. આ બાજુ વૃક્ષ ઉપર ચઢેલા ચરપુરુષો (ગુપ્તચરો) એ કહ્યું કે તે તાપસઋષિ આવે છે તેથી ભય પામેલી વેશ્યાપુત્રીઓ પરિજનની સાથે ભાગી ગઈ. વલ્કલચીરી પગમાર્ગને અનુસરતો જાય છે પણ તાપસીઓને કે પિતાને ક્યાંય મળ્યો નહીં. માર્ગમાં ભમતા વલ્કલચીરીને એક રથિકે જોયો. કરુણાથી રથિકે તેને રથ ઉપર બેસાડ્યો અને પુછ્યું કે તું ક્યાં જાય છે ? તેણે કહ્યું કે પોતનપુરના આશ્રમમાં જઈને મધુરફળોને હું ખાઈશ એમ સત્ય હકીકત જણાવી તે રથિકની સ્ત્રીની સામું જોઈને આ સરળ સ્વભાવી વલ્કલચીરી કહે છે કે (૩૨) હે તાત ! હું તમને અભિવાદન કરું છું. ત્યારે આ શું બોલે છે ? એમ રથિકની સ્ત્રી પ્રિયતમને પૂછે છે. રથિક કહે છે કે આ હંમેશા સ્ત્રી વિનાના આશ્રમમાં વસેલો છે તેથી તે સર્વને પિતા જ માને છે તેથી તારે આના પર ગુસ્સે ન થવું રથિકની પાસેં પણ ઉત્તમ લાડુઓ હતા (૩૪) તેણે પણ તેને લાડુ આપ્યા અને વલ્કલચીરીને લઈ જઈને પોતનપુરના નજીકના પ્રદેશમાં મુક્યો અને તે કોઈક રીતે નગરની મધ્યમાં રિદ્ધિ-સમૃદ્ધિથી યુક્ત લોકપ્રસિદ્ધ એવી એક વેશ્યાના ઘરે પહોંચ્યો. તેના ઘરમાં પુરુષના વેશવાળી (દ્વેષવાળી) એક પુત્રી છે. પૂર્વે નૈમિત્તિકવડે કહેવાયેલો તે વલ્કલચીરી તેઓ વડે જોવાયો અને વસ્ત્ર તથા આભૂષણોથી તેને ભૂષિત કર્યો અને સ્નાન તથા વિલેપન કરાવ્યું. ઉત્પન્ન થયેલા અનુરાગવાળી પુત્રીની સાથે રાત્રીમાં પાણિગ્રહણ કરાવ્યું. પછી મંગળ ગીતો ગવાય છે અને વાજિંત્રો વગાડાવાય છે. (૩૮)

આ બાજુ વેશ્યાઓએ રાજાને પણ જણાવ્યું કે અમારાથી અને પિતાથી છૂટો પડેલો વલ્કલચીરી અરણ્યમાં ભમે છે. આ સાંભળી રાજાને અતિદુઃખ થયું અને પ્રભાત સમયે ગુસ્સે થયેલા રાજાએ વેશ્યાને બોલાવીને કહ્યું કે મારા આવા દુઃખમાં તારા મનોરથ પૂર્ણ થયા છે જેથી આ પ્રમાણે તું ઘણા ખુશી થયેલ લોકો વડે ગીતો ગવડાવે છે અને વાજિંત્રો વગડાવે છે તેથી ભયપામેલી વેશ્યાએ નિમિત્તિયાનું વચન રાજાને કહ્યું અને તાપસકુમારનું આગમનાદિ બધું જણાવ્યું. (૪૨) આપને કુમારના વિયોગથી થયેલ દુઃખને અમે ન જાણ્યું તેથી ક્ષમા કરો. પૂર્વે જે પુરુષો વડે તે જોવાયો હતો તે પુરુષોને રાજાએ વેશ્યાના ઘરે મોકલ્યા. તેઓ પણ તેને

ઓળખીને પત્નીઓ સહિત લઈ આવ્યા. રાજા વડે આલિંગન કરાયો અને અર્ધાસન ઉપર બેસાડ્યો અને બીજી પણ રાજપુત્રીઓની સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું અને યુવરાજપદે સ્થાપન કર્યો. વલ્કલચીરી પણ વિપુલ ભોગોને ભોગવે છે. (૪૫)

અને આ બાજુ તેના વિયોગથી રડતા પિતાની આંખો પડળથી એવી ઢંકાઈ કે જેથી તે કંઈ પણ જોઈ શકતા નથી. પછી બાર વરસ પસાર થયા પછી રાત્રીના અંતમાં વલ્કલચીરી કોઈક રીતે પિતાને યાદ કરીને ઝૂરે છે. તે રાજા પાસે રજા માંગે છે. રાજા કહે છે કે આપણે બંને સાથે જઈએ. પછી મોટી સામગ્રીથી તે બંને પિતા પાસે ગયા. પ્રણામ કરી જેટલામાં પગમાં પડ્યા તેટલામાં પુત્રોને સ્પર્શ કરતા મોટા હર્ષના આંસુથી કુલપતિ (પિતા)ના આંખના પડળો નષ્ટ થયા. પછી કુલપતિ સર્વને જુએ છે અને પ્રસન્નચંદ્રને સર્વની કુશળવાર્તા પૂછે છે. (૫૦) વલ્કલચીરી પણ ઝૂંપડીની અંદર ગયો. પોતે બાંધીને રાખેલી વલ્કલોને છોડીને રજને ઝાટકે છે અને ઝાટકતા વિચારે છે કે આવા પ્રકારની ક્રિયા મેં પૂર્વે કરેલી છે. પછી જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વે આચરેલા વ્રતને સંભારે છે અને તે ભવમાં પડિલેહણ કરેલા વસ્ત્રોને સંભારે છે અને દેવલોકમાં ભોગવેલા વિપુલ ભોગોને યાદ કરીને પછી જલદી મોટા સંવેગને પામ્યો. વિષયમાં મૂઢ પોતાની નિંદા કરે છે અને ભાવથી ચારિત્રને અને ક્ષપક શ્રેણીને સ્વીકારે છે. પછી ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનથી બધું જાણે છે. દેવતાઓએ લિંગ આપ્યું અને પ્રત્યેક બુદ્ધ થયા. પિતા તથા પ્રસન્નચંદ્રને પ્રતિબોધ કરીને શ્રાવક કરે છે. પછી પિતાને લઈને શ્રી વીર જિનેશ્વરની પાસે ગયા અને વીરજિનેશ્વરે સોમચંદ્રને દીક્ષા અને શિક્ષા આપી. વલ્કલચીરી સિદ્ધ થયા. પિતા પણ દેવલોકમાં જઈ સુદેવ - સુમનુષ્યના સુખો ભોગવીને કર્મરહિત બની મોક્ષે જશે.

આમ જરાના દુઃખને નિવારનારા શ્રી વીર જિનેશ્વરદેવના ચરણરૂપી કમળમાં પ્રસન્નચંદ્રનું દીક્ષાગ્રહણ, મનમાં યુદ્ધ, યુદ્ધમાંથી નિવૃત્ત થયેલ પ્રસન્નચંદ્રને કેવળજ્ઞાનની પ્રાપ્તિ આ બધું પ્રસિદ્ધ હોવાથી તેમજ અહીં વિષય ન હોવાથી અહીં જણાવ્યું નથી.

આ પ્રમાણે જિતશત્રુ રાજર્ષિનું કથાનક સમાપ્ત થયું. એ પ્રમાણે રોગ અને જરાના વિષય સંબંધી અશરણપણાને કહ્યું. હવે મૃત્યુ સંબંધી અશરણપણાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે કે-

**समुवट्ठियम्मि मरणे ससंभमे परियणम्मि धावंते ।**
**को सरणं परिचिंतसु एक्कं मोत्तूण जिणधम्मं ? ।।४३।।**

**समुपस्थिते मरणे ससंभ्रमे परिणते च धावति ।**
**कः शरणं ? परिचिंतय एकं मुक्त्वा जिनधर्म्मम् ।।४३।।**

**ગાથાર્થ :** મરણ ઉપસ્થિત થાય ત્યારે પરિજન સંભ્રમથી દોડે છતે એક જિનધર્મને છોડી કોણ શરણ થાય એમ તું વિચાર. (૪૩)

**समुपस्थिते मरणे, निरुपक्रमे इति शेषः, सोपक्रमे तु तस्मिन् भवन्ति विभवस्वजनादयोऽपि शरणं ।। जिनधर्मोऽप्यनन्तरभावेन परम्परया वा मृत्युवर्जिते स्थाने नयतीत्येतावता शरणमुच्यते, तद्भव एव सद्यः सोऽपि तं निवारयितुं न शक्नोति, अत एवाह –**

**ટીકાર્થ :** અહીં **निरुपक्रम*** શબ્દ મૂળ શ્લોકમાં જણાવેલ નથી તે અહીં અધ્યાહારથી ગ્રહણ કરવો એટલે કે નિરુપમક્રમ મરણ ઉપસ્થિત થયે છતે જિનધર્મને છોડીને કોઈ શરણ થતું નથી. પણ સોપક્રમ મરણ આવે ત્યારે વિભવ સ્વજન વગેરે પણ શરણ થાય છે. જિનધર્મ પણ અનંતર ભાવથી** કે પરંપરાથી મૃત્યુથી રહિત (મોક્ષ) સ્થાનમાં આત્માને લઈ જાય છે એટલા માત્રથી શરણ કહેવાય છે.

તે જ ભવમાં તરત જિનધર્મ પણ મૃત્યુને નિવારણ કરવા શક્તિમાન થતું નથી. આથી જ તેને કહે છે કે-

**सयलतियलोयपहुणो उवायविहिजाणगा अणंतबला ।**
**तित्थयरा वि हु कीरंति कित्तिसेसा कयंतेण ।।४४।।**

**सकलत्रिलोकप्रभव उपायविधिज्ञायका अनन्तबला: ।**
**तीर्थकरा अपि खलु क्रियन्ते कीर्तिशेषाः कृतान्तेन ।।४४।।**

**ગાથાર્થ :** સકળ ત્રણ લોકના સ્વામી ઉપાય અને વિધિને જાણનારા અનંત બળવાળા તીર્થંકરો પણ યમરાજવડે કીર્તિશેષ કરાય છે. (૪૪)

**उत्कृष्टो हि धर्मस्तीर्थकराणां, परं सोऽपि तद्भव एव न मृत्युं निवारयितुमलं, उपायांश्च संभविनः सर्वानपि केवली जानाति, प्ररं समुत्पन्नकेवलैस्तीर्थकरैरपि स कोऽप्युपायो न दृष्टो येन मृत्युः सद्य एव निवार्यते, एवमनन्तबलादिविशेषणानामपि सफलताऽभ्यूह्या ।। अथ शान्तास्तीर्थकरा इति प्रभवत्येषां मृत्युः, ये तु शक्रचक्रवर्तिवासुदेवा रौद्रास्तेषामसौ न प्रभविष्यतीत्याशङ्क्याऽऽह –**

**ટીકાર્થ :** તીર્થંકરોને ધર્મ ઉત્કૃષ્ટ હોય છે. પરંતુ તે પણ તે જ ભવમાં મૃત્યુને નિવારવા સમર્થ થતા નથી અને કેવળી ભગવંતો સંભવિત સર્વ ઉપાયોને પણ જાણે છે. છતાં ઉત્પન્ન થયું છે કેવળજ્ઞાન જેને એવા તીર્થંકરોવડે પણ એવો કોઈ ઉપાય જોવાયો નથી કે જેનાથી મૃત્યુ તુરત જ નિવારી શકાય. અનંતબળાદિ વિશેષણ જેને અપાયું છે એવા તીર્થંકરોની પણ સફળતા આ પ્રમાણે સમજવી. અર્થાત્ તેઓ પણ એ ભવમાં મૃત્યુને વારી શકતા નથી.

હવે તીર્થંકરો ઉપશાંત થયેલા છે તેથી તેઓ પર આ મૃત્યુ અસરકારક થાય તે બરાબર છે પણ જે ઇન્દ્ર, ચક્રવર્તી-વાસુદેવ રૌદ્ર છે તેઓને વિશે આ મૃત્યુ કેવી રીતે અસરકારક થાય એવી શંકા કરીને કહે છે કે-

**बहुसत्तिजुओ सुरकोडिपरिवुडो पविपयंडभुयदंडो ।**
**हरिणो व्व हीरइ हरी कयंतहरिणाऽहरियसत्तो ।।४५।।**

**बहुशक्तियुक्तः सुरकोटिपरिवृतः पविप्रचण्डभुजदण्डः ।।**
**हरिण इव ह्रियते हरिः कृतान्तहरिणाऽधरितसत्त्वः ।।४५।।**

---

* **निरुपक्रममरण** ગમે તેટલા ઉપચારો કરવામાં આવે છતાં મરણની ઘટતી સ્થિતિના વેગને અટકાવી શકાય નહીં તેવું મરણ નિરુપક્રમ છે જ્યારે સોપક્રમ મરણમાં ઉપચારોથી ઝડપથી ભોગવાતા આયુષ્યના દળીયાઓ ક્રમથી ભોગવાતી સ્થિતિવાળા કરીને પૂર્ણ આયુષ્યની સ્થિતિ જાળવી શકાય છે બંને પ્રકારના મરણોમાં આયુષ્ય કર્મના દળીયાની મૂળ સ્થિતિમાં કશો ફેરફાર કરી શકાતો નથી. અર્થાત્ કર્મના દળીયા એટલા જ ભોગવાય છે.

** અનંતરભાવ એટલે તે ભવ પૂરો થયા પછી તરત (લગોલગ)

**ગાથાર્થ :** હરણીયાઓ જેમ સિંહવડે નાશ કરાય છે તેમ ઘણી શક્તિથી યુક્ત, ક્રોડો દેવોથી પરિવરેલો, વજ્ર અને પ્રચંડ ભુજાના દંડવાળો, પરાભવ કરાયા છે બીજા જીવો જેના વડે એવો સત્ત્વશાળી ઇન્દ્ર યમરાજ રૂપી સિંહથી કોળીયો કરાય છે. (૪૫)

**हरिः - इन्द्रोऽप्यधरितसत्त्वः कृतान्तकेशरिणा हरिण इव ह्रियते ।।**

**ટીકાર્થ :** સિંહ જેમ હરણનો પરાભવ કરીને ઉપાડી જાય છે તેમ યમરાજ ઇન્દ્રનો પરાભવ કરીને ઉપાડી જાય છે.

**छक्खंडसुहसामी नीसेसनरिंदपणयपयकमलो ।**
**चक्कहरोऽवि गसिज्जइ ससि व्व जमराहुणा विवसो ।।४६।।**
**जे कोडिसिलं वामेक्ककरयलेणुक्खिवंति तूलं व ।**
**विज्झवइ जमसमीरो तेऽवि पईव व्वऽसुररिउणो ।।४७।।**

**षट्खण्डवसुधास्वामी निःशेषनरेन्द्रप्रणतपदकमलः ।**
**चक्रधरोऽपि ग्रस्यते शशीव यमराहुणा विवशः ।।४६।।**
**ये कोटिशिलां वामैककरतलेनोत्क्षिपन्ति तूलमिव ।**
**विध्यापयति यमसमीरः तानपि प्रदीपानिवासुररिपून् ।।४७।।**

**ગાથાર્થ :** હરણીયાઓ જેમ સિંહ વડે નાશ કરાય છે તેમ ઘણી શક્તિથી યુક્ત, ક્રોડો દેવોથી પરિવરેલો, વજ્ર અને પ્રચંડ ભુજાના દંડવાળો, પરાભવ કરાયા છે બીજા જીવો જેના વડે એવો સત્ત્વશાળી ઇન્દ્ર યમરાજ રૂપી સિંહથી કોળીયો કરાય છે. (૪૬)

અશ્વગ્રીવ વગેરે અસુરો (પ્રતિવાસુદેવો)ના દુશ્મનો એવા ત્રિપૃષ્ઠ વગેરે વાસુદેવો જેઓ એક ડાબા હાથની હથેળીથી કોટિ શિલાને રૂની ગોદડીની જેમ ઊંચકે છે તેઓને યમરાજ રૂપી પવન દીપકની જેમ બુઝાવે છે. (૪૭)

**ये त्रिपृष्ठादिवासुदेवाः कोटिशिलां वामैककरतलेन तूलमिवोत्क्षिपन्ति, तानप्यसुराणाम्-अश्वग्रीवादीनां रिपून् वासुदेवान् प्रदीपानिव विध्यापयति यमसमीरः ।। ततः किमित्याह –**

જે ત્રિપૃષ્ઠાદિ વાસુદેવો કોટિશિલાને ડાબા હાથની હથેળીમાં રૂની જેમ ઊંચકે છે તે અશ્વગ્રીવ વગેરે પ્રતિવાસુદેવોના દુશ્મન એવા વાસુદેવોને યમરાજ રૂપી પવન દીપકની જેમ બુઝાવે છે. તેથી શું ? એને જણાવતા કહે-

યમરાજ રૂપી પવન વાસુદેવ રૂપી દીપકને બુઝાવે છે તેથી શું ? એને જણાવતા કહે છે -

**जइ मच्चुमुहगयाणं एयाण वि होइ किं पि न हु सरणं ।**
**ता कीडयमेत्तेसुं का गणणा इयरलोएसु ? ।।४८।।**

**यदि मृत्युमुखगतानां एतेषामपि भवति किमपि न खलु शरणं ।**
**तर्हि कीटकमात्रेषु का गणना इतरलोकेषु ? ।।४८।।**

**ગાથાર્થ** : જો મૃત્યુના મુખમાં ગયેલા આ શલાકાપુરુષોને પણ કંઈ પણ શરણ થતું નથી તો પછી કીટકમાત્ર સામાન્ય પુરુષોને વિશે શું ગણના કરવી ? (૪૮)

**सुगमा ।। अपरं च निरुपक्रमे मृत्यौ समुपस्थिते सर्वमिदमनर्थकमिति दर्शयति –**

અવતરણીકા : અને બીજું નિરુપક્રમ મૃત્યુ સમુપસ્થિત થયે છતે આ સર્વ ઉપાયો અર્થહીન છે એ પ્રમાણે બતાવતા કહે છે કે-

**जइ पियसि ओसहाइं बंधसि बाहासु पत्थरसयाइं ।**
**कारेसि अग्गिहोमं विज्जं मंतं च संतिं च ।।४९।।**
**अन्नाइं वि कुंटलविंटलाइं भूओवघायजणगाइं ।**
**कुणसि असरणो तह वि हु डंकिज्जसि जमभुयंगेण ।।५०।।**

**यदि पिबसि औषधानि बध्नासि बाह्वोः प्रस्तरशतानि ।**
**कारयसि अग्निहोमं विद्यां मंत्रञ्च शांतिञ्च ।।४९।।**
**अन्यान्यपि कोंटलविंटलानि भूतोपघातजनकानि ।**
**करोषि अशरणः तथाऽपि निश्चयेन दश्यसे यमभुजंगेन ।।५०।।**

**ગાથાર્થ** : જો તું ઔષધોને પીએ છે, બાહુમાં સેંકડો માદળીયાને બાંધે છે, અગ્નિહોમ, વિદ્યા, મંત્ર અને શાંતિકર્મને કરાવે છે અને જીવોના ઘાતને કરનારા બીજા પણ કામણ ટૂમણો કરે છે તો પણ અશરણ એવો તું યમરાજરૂપી સર્પથી ડંસાય છે. (૪૯-૫૦)

**सुगमे ।। येऽपि कुटुम्बधनधान्यादयस्तेऽपि निश्चितं मुमूर्षोर्न कस्यचिच्छरणमिति दर्शयति –**

અવતરણીકા : કુટુંબ ધન-ધાન્યાદિ જે પણ છે તે પણ નિશ્ચિતથી મરવાની ઇચ્છાવાળાને કંઈપણ શરણ થતું નથી તેને બતાવતા કહે છે કે-

**सिंचइ उरत्थलं तुह अंसुपवाहेण किं पि रुयमाणं ।**
**उवरिट्ठियं कुडुम्बं तं पि सकज्जेक्कतल्लिच्छं ।।५१।।**
**धणधन्नरयणसयणाइया य सरणं न मरणयालम्मि ।**
**जायंति जए कस्स वि अन्नत्थ वि जेणिमं भणियं ।।५२।।**

**सिञ्चति उरःस्थलं तव अश्रुप्रवाहेण किमपि रुदत् ।**
**उपरिस्थितं कुटुम्बं तदपि स्वकार्यैकतत्परम् ।।५१।।**
**धनधान्यरत्नस्वजनादिकाश्च शरणं न मरणकाले,**
**जायन्ते जगति कस्यापि अन्यत्रापि येनेदं भणितम् ।।५२।।**

**ગાથાર્થ** : સ્વકાર્યમાં એક તત્પર, ઉપર ખડેપગે ઊભું રહેતું, રડતું પણ કુટુંબ અશ્રુપ્રવાહથી તારા

વક્ષસ્થળને સીંચે છે અને ધન-ધાન્ય-રત્નો સ્વજનાદિ મરણ કાળે જગતમાં કોઈને પણ શરણ થતા નથી જેથી બીજી જગ્યાએ પણ આ પ્રમાણે કહ્યું છે. (૫૧-૫૨)

**किमन्यत्र भणितमित्याह –**

બીજા ગ્રંથમાં શું કહ્યું છે તેને કહે છે-

**अत्थेण नंदराया न रक्खिओ गोहणेण कुइअन्नो ।**
**धन्नेण तिलयसेट्ठी पुत्तेहिं न ताइओ सगरो ।।५३।।**

**अर्थेन नन्दराजा न रक्षितो गोधनेन कुचिकर्णः ।**
**धान्येन तिलकश्रेष्ठी पुत्रैर्न त्रातः सगरः ।।५३।।**

**ગાથાર્થ :** ધનથી નંદરાજા, ગોધનથી કુચિકર્ણ, ધાન્યથી તિલક શ્રેષ્ઠી અને પુત્રોથી સગર ચક્રવર્તી રક્ષણ ન કરાયો - (૫૩)

**सुगमा ।। कथानकानि तूच्यन्ते ।**

કથાનકો હવે કહેવાય છે.

## નંદરાજાનું દૃષ્ટાંત

પાટલીપુત્ર નગરમાં નંદનામે રાજા હતો. કોઈક કારણથી તેને નીતિ વિરુદ્ધ અતિશય લોભ વિસ્તાર પામ્યો અને તેણે દ્રવ્યની આવકના નહીં ભોગવાયેલ અર્થાત્ નવા સ્થાનોને ઊભા કર્યા અને અતિલુબ્ધ એવા તેણે પૂર્વની આવકના જે સ્થાનો હતા તેને વધાર્યા. (અર્થાત્ કર મેળવવાના નવા નવા ઉપાયો કર્યા અને જુના જે ઉપાયો હતા તેમાં કરની મર્યાદા વધારી) તથા વ્યયના જે સ્થાનો હતા તેને ઘટાડ્યા (અર્થાત્ લોકોની સુખાકારીમાં જે ધનનો વ્યય થતો હતો તેનું પ્રમાણ ઓછું કર્યું) અને લોકને દંડે છે. ખોટા અપરાધને ઉત્પન્ન કરી દંડે છે. (૩) અર્થ-ઉપાર્જનના નિમિત્તે જુદા જુદા ઉપાયોને વિચારતો સૂવે છે, જાગે છે અને તેઓ પાસેથી સર્વ ધનને ગ્રહણ કરે છે. આ પ્રમાણે અન્યાયને પામેલો રાજા સર્વ જનસમૂહને પીડીને અપયશના સમૂહથી સકલ પણ પૃથ્વીવલયને ભર્યું. સર્વસ્વ લુંટાયું છે જેનું એવો સર્વ પણ લોક હાહાકાર કરતો થયો. વધારે શું ? પોતાના દેશમાં નાણાના ચલણને પણ કાઢી નાખ્યું. પછી તેનાવડે ચર્મમય નાણાનો વ્યવહાર પ્રવર્ત્તાવાયો. લુબ્ધ એવા તે કુરાજાના મરણને જ વિચારતો તથા ગુપ્ત કે પ્રગટ આક્રોશને પણ કરતો, બાળ-વૃદ્ધ-સહિત નિ:સંક એવો લોક તે નગરમાં સૂવે છે, જાગે છે અને ભમે છે. આ રાજા દુષ્ટ, દુરાચારી, નિંદનીય છે એમ જાણીને મંત્રીઓ વડે ઉપેક્ષા કરાયેલો કુબુદ્ધિ એવો રાજા ચાંડાલની જેમ ચેષ્ટા કરે છે. (૯)

આ આરસામાં અવધ્યાપુરીના મહારાજ વડે ઘણાં રાજાઓની પાસે અને નંદરાજાની પાસે કોઈપણ તુચ્છ પ્રયોજનથી સાત ગુણોથી યુક્ત એવો દૂત મોકલાવાયો.

કુલીન, શીલસંપન્ન, વાચાળ, દક્ષ, પ્રિયબોલનાર, યથોક્તવાદી, સ્મૃતિમાન આ સાતગુણોથી યુક્ત દૂત હોય છે. (૧)

આવા દૂતના સાત ગુણોથી યુક્ત, ઘણી પર્ષદાથી યુક્ત, ભદ્ર આકૃતિવાળો એવો પાટલીપુત્ર નગરના દેશમાં આવ્યો અને ત્યાં દરેક ગામમાં, દરેક નગરમાં, દરેક મનુષ્યની પાસેથી રાજા વિશે ન કહી શકાય તેવા દુર્ભાગી પ્રજાના દુષ્ભાષિતોને સાંભળે છે. રાજાવડે કરાયેલી દેશની અવસ્થાનું નિરીક્ષણ કરે છે અને

ઘણું કરીને સર્વ સ્થાનોને શૂન્ય જૂએ છે. પછી પરિવ્રાજકાદિના મઠોને પણ ખાલી જોઈને આ દૂત વિચારે છે કે ખરેખર ! આ પરિવ્રાજકોએ પણ પોતાના સ્થાનોને કેમ છોડ્યા ? દુષ્ટપણ રાજા ક્ષતિના અભાવમાં (ગુના વિના) નિરપરાધી મુનિઓને શું કરવા ઇચ્છે છે ? અથવા મારાવડે આ નીતિ વિરુદ્ધ જ વિચારાયું કારણ કે નીતિ આ પ્રમાણે છે-

'મારો અપરાધ નથી (તેથી આ મને નહીં પીડે એમ માનવું) આ વિશ્વાસનું કારણ બનતું નથી કારણ કે ક્રૂર મનુષ્યોથી ગુણવાનોને પણ ભય હોય છે. (૧)

હું નિરપરાધી મુનિ છું, મારે ભય કયાંથી હોય ? એવા પ્રકારનું અભિમાન ધારણ કરવું તે સમૃદ્ધિને માટે થતું નથી કેમકે પરની સમૃદ્ધિને વિશે મત્સરવાળા દુરાત્માઓને શું કંઈ અલંઘ્ય હોય છે ? (૨) એ પ્રમાણે વિચારતો દૂત રાજાની પાસે ગયો. સર્વદ્રવ્ય મળેલું હોવા છતાં પણ પ્રજાથી તિરસ્કાર કરાયેલો રાજા કાંતિહીન જોવાયો. યથોચિત પ્રતિપત્તિ (સત્કાર) કરાયેલો દૂત તેની આગળ બેઠો. લાંબા સમય સુધી મૌન રહેલો દૂત જેટલામાં કંઈ બોલતો નથી તેટલામાં ભ્રૂકુટિને-ચઢાવીને રાજાએ કહ્યું કે રાજદ્વારપાળ (દૂત) કેમ કંઈ બોલતો નથી ? દૂતે કહ્યું કે અકાળે વચનને બોલતો બ્રહ્મા પણ લોક પાસેથી અવજ્ઞા અને શાશ્વત (નક્કીથી) અપમાનને મેળવે છે.

દેવની રજાથી હમણાં કંઈક જણાવાય છે પરંતુ દેવે અપ્રસાદ ન કરવો કારણ કે હે રાજન્ ! અપથ્ય અને પ્રિય બોલનારા પુરુષો સુલભ હોય છે પણ અપ્રિય એવા પથ્યને બોલનાર અને સાંભળનાર દુર્લભ હોય છે. ૧

જે રાજાના વૈદ્યો-જ્યોતિષીઓ અને અમાત્યો મીઠું બોલનારા હોય છે તે રાજા શરીર-ધર્મ અને ભંડારથી જલદીથી ક્ષય પામે છે. ૨

અનધિકારીએ વ્યવહારમાં કંઈપણ ન બોલવું જોઈએ પણ અધિકારીએ તો અપક્ષપાતી વચન બોલવું જોઈએ. ૩

સભામાં ન જવું જોઈએ અને અનુચિત ન બોલવું જોઈએ. નહીં બોલતો અથવા વિરુદ્ધ બોલતો પણ મનુષ્ય અપરાધી (ગુનેગાર) થાય છે. ૪

અને તેમાં પણ હે દેવ ! તમારા દેશમાં પ્રવેશ કરતા મેં જે પ્રજાનો વિરાગ સાંભળ્યો અને જે હરણ કરાયેલ ધનવાળા લોકનું દૌસ્થ્ય જોયું તે દેવને પણ સર્વ જાણમાં છે એ પ્રમાણે સંભાવના કરાય છે. તેમાં આ નીતિ પણ સુપરિચિત જ છે. જેમકે-

કામ, ક્રોધ તથા લોભ, માન, હર્ષ તથા મદ આ છનો ત્યાગ કરવો જોઈએ. આ છ જે દેશમાં ત્યજાયા છે તે દેશનો રાજા સુખી થાય છે. ૧.

રાજા ધનથી પરિક્ષીણ થયો હોય તો પણ અનાદેય (અન્યાયથી ધનને) ગ્રહણ ન કરવું જોઈએ અને રાજા સમૃદ્ધ હોય તોપણ સૂક્ષ્મ (અલ્પ) આદેય પદાર્થને જતો ન કરવો જોઈએ. ૨.

ઉભય લોક (આલોક અને પરલોક) વિરુદ્ધ અન્યાયથી મેળવેલ ધનથી જેઓ રાજાને લોભાવે છે તે વૈરીઓ છે, મંત્રીઓ નથી. ૩

મંત્રીઓ પરમાર્થથી રાજાઓના યશ રૂપી શરીરને ઇચ્છે છે. યશ રૂપી શરીર નષ્ટ થયે છતે ધનથી શું ? અથવા રાજ્યવિભૂતિઓથી શું ? ૪.

જો દંભથી ધર્મ કરેલો હોય, અન્યાયથી ધન મેળવ્યું હોય તો પછી ક્લેશ અને અપકીર્તિને છોડીને બીજું શું કંઈ સિદ્ધ થાય છે ? ૫.

બે વસ્ત્રો, સુંદર સ્ત્રી, કોમળશય્યા, આસન, શ્રેષ્ઠ હાથી, ઘોડો અથવા રથ, કાળે ઔષધ તથા નિયમિત ભોજનપાનની પ્રવૃત્તિ આ સિવાયનું રાજાને સર્વ પણ પારકું છે એમ તું જાણ. ૬.

અનંતા રાજાઓએ કાળથી પૃથ્વી ભોગવી છે અને મળેલા ધનને છોડીને પોતાના કરેલા કૃત્યોને લઈ ગયા છે. ૭

તેથી તું ધર્મને કર જે હવે પછી તને અન્ય જન્મમાં સહાય થાય, આ સંપત્તિઓ મરેલાની પાછળ જતી નથી. ૮

આ પ્રમાણેના દૂતના વચનો સાંભળીને કોપના આવેશથી દાંતવડે ગ્રહણ કરાયો છે જીભનો અગ્રભાગ જેનાવડે એવો રાજા "આ રાજા મહારાજાનો દૂત છે" તેથી તેનો પ્રતિકાર (તિરસ્કાર) નહીં કરતો ઓરડાની મધ્યમાં પ્રવેશ્યો. દીર્ઘ નિશ્વાસ નાખીને ખાટલામાં પડ્યો. "આ અપાત્ર છે તેથી સદુપદેશને અયોગ્ય છે" એ પ્રમાણે વિચારીને દૂત પણ પોતાના રાજાની પાસે ગયો.

અને આ બાજુ નંદરાજા આ લોકમાં જ પાપના ઉદયથી તીવ્રવેદનાવાળા ઘણાં રોગની પીડાઓથી ઘેરાયો, તેથી વિલાપ કરે છે, આક્રંદ કરે છે, પોકારો કરે છે, ચિકિત્સાઓ કરાવે છે છતાં અધિક વેદનાઓથી પકડાય છે. લોક પણ માનતાઓને કરે છે કે દેવતાના તેજથી અને મહાસતીઓના શીલથી આ એક રાજા આ જીવલોકમાં ન જીવે (ન બચે) એ પ્રમાણે લોકો બોલે છતે તે રાજાએ રાજ્યધુરામાં સમર્થ ઘણા બુદ્ધિવાળા વિનીત એવા જયાનંદ નામના પોતાના પુત્રને રાજ્ય સોંપીને તેને બાહુથી પકડીને શપથપૂર્વક કહ્યું કે હે પુત્ર તારે તેવું કાર્ય કરવું જેથી લોકવડે હું પ્રશંસનીય બનું. આ પ્રમાણે કહીને તે ઘોર વેદ્ના સમુદ્ઘાતમાં પડ્યો. સર્વપણ તે દ્રવ્યને છોડીને નંદરાજા મરણ પામ્યો. પિતાના વચન રૂપી સંકટમાં પડેલા પુત્રે વિચાર્યું કે શું ખરેખર પિતાવડે એવું કોઈ શુભકાર્ય કરાયું છે જેથી લોક તેની પ્રશંસા કરે. (૭) એ પ્રમાણે વિચારતો અદુષ્ટ ભાવવાળો જયાનંદ પણ પોતાની બુદ્ધિથી સમગ્ર જળાશયો પર ચોકી પેરો મૂકે છે તેથી લોક કહે છે કે આ શું ? આથી રક્ષક પુરુષો કહે છે કે હમણાં પાણીનો પણ કર આપો તો તમને પાણી પીવા અને ઘરે લઈ જવા મળશે. તેથી લોકો કહે છે કે આનાથી તો નંદ જ સારો હતો તેણે ધન લેવા છતાં પણ પાણી પર પ્રતિબંધ કર્યો ન હતો. આ પ્રમાણે જયાનંદ લોકમાં સર્વત્ર પિતાની પ્રશંસા કરાવીને પિતાના વચનના ઋણથી મુક્ત થાય છે. અને પછી સર્વ નવા કર સ્થાનોને દૂર કરે છે અને ઉદાર ચિત્તથી સર્વત્ર ધનનો વ્યય કરે છે. નીતિથી પ્રજાનું પાલન કરે છે સર્વપણ લોક ધનધાન્યથી સમૃદ્ધ થયો. તે નીતિ તત્પર રાજા થયો ત્યારે સર્વત્ર લોક આનંદ પામે છે. આમ ધનથી નંદરાજાનું રક્ષણ (કલ્યાણ) ન થયું અને અહીં પણ ધન છોડીને ગયો અને ધનના કારણે થયેલા પાપોથી સંસારના અનંત દુઃખોને અનુભવશે. ૧૪

(આ પ્રમાણે નંદનું કથાનક સમાપ્ત થયું.)

## કુચિકર્ણની કથા

મગધ દેશમાં સુઘોષ નામનું પ્રખ્યાત ગામ હતું જેમાં ઘણાં ધનવાળો તથા નિર્ધન પણ લોકો વસે છે. તે ગામમાં અતિસમૃદ્ધ કુચિકર્ણ નામનો ગાથાપતિ વસે છે. અર્જુન જેમ કૃષ્ણને વિશે હંમેશા રાગવાળો હોય છે તેમ કુચિકર્ણ પણ હંમેશા ગાયોના વૃંદવિશે રાગવાળો રહે છે અને તેણે ક્રમથી લાખો ગાયોને મેળવી અને

હજારો ગોવાળોને રોકીને તે ગાયોના ભાગ પાડીને હજારો ગોવાળોને રક્ષણ માટે સોંપે છે તો પણ તેઓ કોઈ કાર્ય પ્રસંગે બહાર ભેગા થાય ત્યારે ઝગડે છે. હવે આ કુચિકર્ણ વિભાગ કરીને કાળી ગાયોને એક ગોકુળમાં મૂકે છે, બધી ધોળી, બધી લાલ, બધી પીળી, બધી વરણાગી, ઘઉંવર્ણી તથા નવ પ્રસૂતા તથા ગર્ભવતીઓ તથા નવપ્રસૂતા અને ગર્ભવતી સિવાયની એવી બીજી ગાયોના અલગ અલગ ગોકુળ સ્થાપે છે. (૬) સર્વ પણ અરણ્યો પોતાની ગાયો માટે રોકી લીધા. (અર્થાત્ ઇજારામાં* રાખ્યા) અને કુચિકર્ણ મૂર્ચ્છાથી તે સર્વ ગોકુળોમાં ક્રમથી ભમે છે. નાના વાછરડાઓને સાચવે છે. મત્તબળદના વૃંદોને લડાવે છે. અને ગૃદ્ધાત્મા સ્વયં જ ઘી-દૂધ અને દહીં ઉપર જીવે છે. જેમ ઉકાળેલું પાણી નીચેથી ઉપર ઉછળે તેમ કોઈક વખત કુચકર્ણ શેઠ તેવા અજીર્ણથી ભરાયો કે જેથી તેને મોટો દાહ ઉત્પન્ન થયો. મૂર્ચ્છાથી પરાભવ પામેલો પોતાના હાથોથી સ્પર્શના કરતો ગાયના વાછરડાઓની સાથે ભમે છે. હા ગોકુળ ! હા કાંતિવાળા બળદો ! હા સુંદર વાછરડાઓના સમૂહો ! અને હા ઘી-દૂધ- ગોરસ ! ફરી પણ શું ક્યાંય મળશે ? આ પ્રમાણે પ્રલાપ કરતો કુચિકર્ણ ગાયો રૂપી ધનથી રક્ષણ ન કરાયો. મરીને તિર્યંચ ગતિમાં ગયો અને અનંત સંસારમાં ભમશે.

**(આ પ્રમાણે કુચિકર્ણનું કથાનક સમાપ્ત)**

## તિલક શ્રેષ્ઠીનું કથાનક

અચલપુર નામનું નગર છે જ્યાં હંમેશા ધાન્ય સંગ્રહ કરવાની સુરુચિવાળા શ્રેષ્ઠિઓની અનાજની ભાવકથા ક્યારેય પણ વિરામ પામતી નથી અને તે નગરમાં મહારંભી તિલક નામનો શ્રેષ્ઠી વસે છે અને તે તલ-મગ-અડદ-વાલ-ચોખા અને ઘઉં-ચણા-તુવર-મઠ-ચોળા-મસૂર-જૂની લતા તથા કોદ્રવ-કળથી-કાંગ-યવ-શણ (ધાન્ય વિશેષ) ગુવાર વગેરેનો સંગ્રહ કરે છે. (૩) પછી જ્યારે દુકાળ પડે છે ત્યારે સર્વ ધાન્યને વેંચે છે અને આ અન્ન સંબંધી હજારો ગાડાઓને જોડે છે. સમુદ્રમાં વહાણથી બીજા દ્વીપમાં ધાન્યને મોકલે છે તેના આરંભમાં પંચેન્દ્રિય જીવોનો પણ વધ થાય છે. અને તેનું ઘર અંદર અને બહાર અસંખ્યક્રોડ ભણભણ થતા કીડાઓ સહિત ધાન્યથી ભરાએ છતે તથા જે પરિજન છે તે પોતાની સાથે વીંટળાઈને ભમે છે ત્યારે જ તિલક શ્રેષ્ઠીના મનમાં સંતોષ થાય છે (૭) આ પ્રમાણે ધાન્યોની લેવેચ કરતા તેનો ઘણો કાળ પસાર થયો. હવે કોઈ વખત નિમિત્તિઓ આને કહે છે કે હમણાં ખરેખર નિમિત્ત શકુનોથી નિશ્ચયથી દુર્ભિક્ષ પડશે તેથી તે લોભીએ ઘર સંબંધી સર્વ દ્રવ્યને ધાન્યના સંગ્રહમાં રોક્યું અને બીજા વ્યાજથી અનેક ગણા પૈસા ઊપાડીને ધાન્યના સંગ્રહમાં જ રોકયા અને પછી દુષ્ટ ભાવવાળો જેટલામાં આશાથી નચાવાયેલો તે રહે છે અર્થાત્ દુકાળ પડશે અને હું ઘણું ધન મેળવીશ એવી આશામાં રહે છે તેટલામાં વર્ષાકાળમાં વરસાદ તેવો વરસવા લાગ્યો જેથી 'તડ' એ પ્રમાણે હૈયું ફૂટીને મિથ્યાત્વારંભાદિના કારણે મરીને નરકે ગયો. ધાન્યથી રક્ષણ નહીં કરાયેલ તિલક શ્રેષ્ઠી અનંત સંસારને ભમશે.

(એ પ્રમાણે તિલક શ્રેષ્ઠીનું કથાનક સમાપ્ત થયું.)

તથા કહેવાય છે કે સગર ચક્રવર્તીને પુત્રો પણ શરણ ન થયા.

## સગરપુત્રોનું કથાનક

બાર યોજન લાંબી અને નવ યોજન વિસ્તારવાળી અયોધ્યા નામની નગરી આ ભરતક્ષેત્રમાં ઇન્દ્રવડે વસાવાઈ હતી. **मग्गणया** બાણો ધનુર્ધારીના કરતલમાં જ હતા પણ નગરીમાં બીજે ક્યાંય **मग्गणया** =

---

* ઇજારો એટલે ઠરાવેલી શરત પ્રમાણે કોઈ હક્કનો એક હથ્થુ ભોગવટો (ઠેકો)

યાચકતા ન હતી. તે નગરીમાં શ્રી જિનેશ્વર દેવના મંદિરો અને શ્રાવક જનને છોડીને બીજું કંઈપણ દેખાતું નથી. તે નગરીનો જિતશત્રુ નામનો રાજા છે અને સુમિત્ર નામે યુવરાજ છે. બળદેવ-વાસુદેવની જેમ પરસ્પર પ્રીતિવાળા બંને પણ સમગ્ર પૃથ્વી વલયને પાળે છે. પછી જિતશત્રુને શ્રેષ્ઠ ચૌદ સ્વપ્નોથી સૂચિત શ્રી અજીત જિનેશ્વર પુત્ર થાય છે. તે જ રીતે સુમિત્રને શ્રેષ્ઠ સ્વપ્નોથી સૂચિત સગરચક્રી પુત્ર થાય છે: પછી સુમિત્ર સહિત જિતશત્રુ રાજા દીક્ષાને ગ્રહણ કરે છે. શ્રી અજીત જિનેશ્વર રાજા અને સગર યુવરાજ બને છે અને પછી કુમારપણામાં અઢાર લાખ પૂર્વ વર્ષ અને રાજ્યપર એક પૂર્વાંગ* અધિક ત્રેપન લાખ પૂર્વ વર્ષ રહીને અજીતનાથ જિનેશ્વર તીર્થને પ્રવર્ત્તાવે છે. દીક્ષા પછી બારમું વર્ષ પૂર્ણ થયું ત્યારે શ્રી અજીતનાથ જિનેશ્વરને સકલ ત્રૈલોકયને ઉદ્યોત કરનારું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

અને રાજ્યને કરતાં સગરને ચૌદ રત્નોની સિદ્ધિ થઈ અને સર્વ ભરત ક્ષેત્રને સાધ્યું અને પછી ભરત ક્ષેત્રમાં વિખ્યાત ચક્રવર્તી થયો. અને ઉત્તમભોગોને ભોગવતા તેને શ્રેષ્ઠ સાઇઠ હજાર પુત્રો થયા. (૧૦) તેઓમાં ઉત્તમગુણોથી યુક્ત જહ્નુકુમાર મોટો પુત્ર હતો અને તેણે દ્યૂતવિષયમાં કોઈક પ્રકારે સગર રાજાને ખુશ કર્યો. પછી સગર કહે છે કે હે પુત્ર ! કોઈપણ મનવંછિત વરદાનને માગ. જહ્નુપણ કહે છે કે હે તાત ! તમારી અનુજ્ઞાથી દંડાદિરત્નોથી સહિત સર્વભાઈઓની સાથે સકલ પૃથ્વીને જોતો આ ભરતક્ષેત્રમાં વિહરવાને ઇચ્છું છું. અને પછી ચક્રવર્તી સામંત-મંત્રીઓથી યુક્ત બીજી ઘણી સામગ્રી આપીને સેંકડો મંગળોથી વિદાય આપે છે. (૧૪) પછી સાઈઠ હજાર ભાઈઓની સાથે સ્થાને સ્થાને અરિહંત ચૈત્યોની શ્રેષ્ઠ પૂજાઓ કરાવતો તથા મોટી ભક્તિથી વંદન કરતો, દાનાદિનું વિતરણ કરતો, પ્રજાને સન્માનતો, ક્રમથી પણ રમણીય જુદા જુદા વૃક્ષના વનથી મંડિત, શ્રેષ્ઠ ક્યાંક પણ સુવર્ણમય, સ્ફટિકમય અને રત્નમય ચાર યોજન વિસ્તારવાળું, ઊંચાઈમાં આઠ યોજન પ્રમાણવાળું, સુર-વિદ્યાધરોથી આકીર્ણ એવા અષ્ટાપદ પર્વત પાસે પહોંચ્યો અને અષ્ટાપદની તળેટીમાં સર્વ પણ છાવણીને છોડીને, કેટલાક પરિવારથી યુક્ત. સાઈઠ હજાર પણ ભાઈઓ ઉપર ગયા. એક યોજન લાંબા, અર્ધા યોજન વિસ્તારવાળા અને ત્રણ ગાઉ ઊંચા એવા રત્નમય તથા પોતપોતાની કાયા પ્રમાણ ઋષભાદિ જિનપ્રતિમાઓથી અને સો ભાઈઓના સ્તૂપોથી યુક્ત ચાર દરવાજાવાળા પરમ રમણીય શ્રી ભરતમહારાજાએ કરાવેલા ચૈત્યઘરને વાંદે છે. (૨૧) આ ભરતક્ષેત્રમાં અષ્ટાપદ પર્વત સમાન અન્ય બીજું કોઈ રમ્ય સ્થાન નથી જ્યાં અમે પણ આવું રમ્ય જિનમંદિર બંધાવીએ. તેથી અમે અમારા પૂર્વ પુરુષોવડે જે આ તીર્થ નિર્માણ કરાયું છે તેનું ભાવિ પુરુષો લોપ ન કરે તે હેતુથી રક્ષણનો ઉપાય વિચારીએ. આ પ્રમાણે કહીને જહ્નુકુમાર હજાર દેવોથી અધિષ્ઠિત સુદૃઢ, દંડરત્નને હાથથી ગ્રહણ કરે છે. પછી તે સર્વ ભાઈઓની સહિત અષ્ટાપદની ચારે બાજુ તે દંડરત્નને ફેરવે છે અને તે દંડરત્નથી એક હજાર યોજન ઊંડાઈ સુધી ભૂમિ ખોદાઈ. તેથી નાગકુમાર દેવોના ભવનોને ઉપદ્રવો થયા. ભય પામેલા નાગકુમારોએ જ્વલનપ્રભનો આશ્રય કર્યો. જ્વલનપ્રભે પણ અવધિજ્ઞાનથી સગર પુત્રોને જાણ્યા પછી ગુસ્સાથી આવીને કહ્યું કે રે ! રે ! તમે આ શું આરંભ્યું છે ? શું તમોએ મર્યાદાનો લોપ કરીને આ વ્યવસાય આરંભ્યો છે ? અથવા શું કાળા નાગના મસ્તકથી પોતાને ખંજવાળો છો ? ગર્વિષ્ઠોનું બળ લોકમાં પોતાના વધને માટે થાય છે. પોતાના પાંખના બળથી જ પતંગીયું દીપકમાં પડે છે. (૨૯) મહાપુરુષો યુગને અંતે પણ માર્ગની મર્યાદાનો લોપ કરતા નથી. શું કોઈપણ વડે સૂર્યનો રથ માર્ગપરથી ઊતરેલો જોવાયો છે ? જેમ અસાર પાંખવાળા પણ પતંગીયા પગને સારી રીતે જમીન પર મૂકતા નથી તેમ

* ૮૪ લાખ વર્ષ = એક પૂર્વાંગવર્ષ, ૮૪લાખ પૂર્વાંગ = એક પૂર્વ વર્ષ. એવા ૫૩ લાખ પૂર્વવર્ષ + એક પૂર્વાંગ વર્ષ (૫૩ લાખ પૂર્વ વર્ષ તથા ૧ પૂર્વાંગ વર્ષ).

તુચ્છાત્માઓ કંઈક બળ મેળવીને ઊછળે છે. પિતા પણ જલ્દીથી દુ:શીલપુત્રોથી નિંદનીયતાને પામે છે. સૂર્યના કિરણો લોકને તપાવે છે ત્યારે સૂર્ય અદૃષ્ટવ્યતાને પામે છે. અર્થાત્ સૂર્ય સામે કોઈ જોતું નથી. મહાપુરુષો ભ્રમરની જેમ બીજાના ઉપરોધ વિના કાર્ય કરે છે, જ્યારે અધમો કાર્યના અભાવમાં પણ ઊંદરની જેમ પરપીડાને કરે છે. (૩૩) પણ તમે ભુવનમાં વિખ્યાત ગુણવાળા સગરના પુત્રો છો તેથી તમારા એક ગુનાને માફ કર્યો છે પણ બીજી વખતે હું માફ નહીં કરું. તેથી જહ્નુએ પણ કહ્યું કે હે નાગાધિપ ! અમારો આ આરંભ તમારા ભવનોને ભાંગવાનો નથી. પણ અષ્ટાપદના જિનભવનની રક્ષા માટે આ ખાઈ કરી છે તેમાં અજ્ઞાનદોષથી તમારો જે અપરાધ થયો છે તે અહીં ખમવા (ક્ષમવા) યોગ્ય છે. પછી શાંત થઈને જ્વલનપ્રભ ગયા પછી ત્યાં તેઓએ વિચાર્યું કે જળરહિત આ ખાઈ કાળથી ફરી પણ પુરાઈ જશે. આ પ્રમાણે વિચારીને જહ્નુકુમારે દંડથી પૃથ્વીતટને ચીરીને (ફાડીને) ગંગાનું પાણી લાવે છે અને ખાઈમાં વાળે છે. પછી જળના પૂરથી નાગકુમારોના તે ભવનો ફરીથી ઉપદ્રવિત થયા તેથી ગુસ્સે થયેલો જ્વલનપ્રભ નાગકુમારોની સાથે જ્યાં સગરપુત્રો હતા ત્યાં આવ્યો પછી ગુસ્સાથી તેણે બધા ઉપર એ રીતે દૃષ્ટિ નાખી જેથી તે બધા પણ જીવિતથી મુકાઈને રાખનો ઢગલો થયા. અર્થાત્ જ્વલનપ્રભની દૃષ્ટિની અગ્નિજ્વાળાઓથી બધા બળીને ભસ્મીભૂત થયા. તેથી સકળ સૈન્યમાં કરુણ હાહારવ ઉછળે છે. (૪૧)

પછી ત્યાં કુમારોની સર્વ અંતેઉરીઓ એવો પોકાર કરે છે કે જેથી પશુઓના સમૂહની સાથે સામંત અને મંત્રીલોક રડે છે. પછી ઘણાં શોકથી યુક્ત સૈન્ય કોઈપણ રીતે સ્વસ્થ થઈને નિરાનંદ સર્વ પણ લોક અયોધ્યાની પાસે પહોંચે છે. ભયભીત થયેલા સર્વે પણ મંત્રી સામંતો આવાસ કરીને રહ્યા. પછી ત્યાં મંત્રણા કરે છે કે અરે ! રાજાને આ ખબર કેવી રીતે આપવી ? કારણ કે પોતાનો સ્વામી તો બાજુ પર રહો પણ બીજો અહીં જે કોઈ હોય તે પણ આવા સમાચારથી મરણ પમાડાય છે. પણ આવું જોનારા ધીર પુરુષો આવા સમાચાર કહેવાને શક્તિમાન થતા નથી. તેથી નિર્ભાગ્ય એવા અમે ચક્રીને કેવી રીતે કહેશું ? અમે અક્ષત દેહવાળા છીએ પણ કુમારો સર્વે પણ મરણ પામ્યા છે. (૪૬) પૂર્વે ઉપાર્જન કરેલ અને બળેલા ભાગ્યયોગથી એવું કંઈપણ બને છે જ્યાં મરણ પણ સારું છે. પણ જીવવું અસુંદર છે. તેથી અમારે પણ સ્વયં જ વિશાળ જ્વાળાથી ભયંકર અગ્નિમાં પતંગલીલા કરવી ઉચિત છે અર્થાત્ પતંગીયાની જેમ અગ્નિ જ્વાળામાં પડી મરવું ઉચિત છે. પણ પુત્રોના મરણના સમાચાર કહેવા ઉચિત નથી. અથવા અવસર ચૂકેલા એવા અમારે બાળ આચરણથી શું ? તેઓનો નાશ અને અમારી નિંદા થવાની હશે. (૪૯)

આ પ્રમાણે વિચાર કરતા તેઓની પાસે ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. બ્રાહ્મણે તેઓને કહ્યું કે અહો ! તમે આમ વ્યાકુળ કેમ થયા છો ? તમે ધીરજ ધરો, હું જ ચક્રવર્તીને આ ખબર કહીશ એમ કહીને આ બ્રાહ્મણ અનાથ મૃતકને લઈને રાજદ્વારે ગયો. મોટા અવાજથી પ્રલાપ કરતો, રાજાવડે પૂછાયેલો આ બ્રાહ્મણ કહે છે કે મારે એક પુત્ર છે તે પણ સાપ વડે ડંસાયેલો છે અને તેથી નિશ્ચેતન થયો છે તેથી એને જીવાડો પછી રાજા ત્યાં ગારુડીને મોકલાવે છે. (૫૩) મંત્રોપચાર કરીને ગારુડીઓએ પણ જાણ્યું કે આ મરી ગયો છે. પરંતુ બ્રાહ્મણ પુત્રનો અતિ અભિલાષુ હોવાથી બ્રાહ્મણને બોધ કરવાને માટે ગારુડીઓએ તેને કહ્યું કે જે ઘરમાં પૂર્વે કોઈ ન મર્યો હોય તે ઘરની રાખ લઈને આવ તો અમે આ ડંસાયેલા પુત્રને જીવાડીએ. રાજાએ સમગ્ર નગરી તથા ગામોમાં તપાસ કરાવી તો મરેલાની સંખ્યા ન હોય તેવું કોઈ ઘર ન મળ્યું. પછી રાજાએ કહ્યું કે મારા પણ વંશમાં સાત કુલકરો થયા. પછી ઋષભ જિનેશ્વર, ભરત, બાહુબલિ આદિ રાજાઓ આદિત્યયશ, સોમયશ યાવત્ અસંખ્ય ક્રોડ રાજાઓનું મરણ થયું. તેમાંના કેટલાક મોક્ષમાં ગયા અને બીજા દેવલોકમાં

ગયા. પિતાના મોટાભાઈ જિતશત્રુ સિદ્ધ થયા. મારા પિતા સુમિત્ર પણ દેવલોકમાં ગયા (૫૯) તેથી હે બ્રાહ્મણ ! અનંત જનને સાધારણ એવું મરણ અહીં તારા પુત્રને પ્રાપ્ત થયું છે તેથી તારે આ શોકથી સર્યું.

પછી બ્રાહ્મણે કહ્યું કે હે નરવર ! તો પણ મારો એક જ પુત્ર છે તેથી આનું મરણ અતિ દુ:સહ છે જેથી તું રક્ષણ કર. દીનોનું સમુદ્ધરણ, ભયમાં રક્ષા અને વડીલોનો વિનય, પ્રચંડ અભિમાનીઓનું શામન, દારિદ્રયથી પીડાયેલાઓને દાન, સર્વની સાથે પ્રિય-આલાપ, ભાતૃસ્નેહ, કૃતજ્ઞતા, સત્ય લોકમાં સજ્જનોને આટલું સ્વભાવ સિદ્ધ હોય છે. પછી રાજાએ કહ્યું કે હે બ્રાહ્મણ ! મૃત્યુ રક્ષણનો વિષય નથી. જે અસાધ્ય કાર્યો છે તે મહાપુરુષોને પણ સિદ્ધ થતા નથી. (૬૪) ભુવનમાં એવો કોઈ જ નથી કે જે મૃત્યુના માહત્મ્યની સ્ખલના કરે. સ્વચ્છંદાચારી, ભુવનના વૈરી એવા યમરાજના સર્વ શસ્ત્રો સફળ થાય છે ત્યાં મંત્રો તંત્રો અસરકારક થતા નથી. જ્યારે મરણ ભાગ્યને હણે છે ત્યારે પુરુષાર્થ શું કરે ? અને વળી-

જો યમરાજથી સંસારી એવા એક તારા જ પુત્રનું મરણ હોત અને બીજા જીવનું મરણ ન હોત તો તારું રડવું, પીટવું વગેરે ઉચિત છે પણ ભુવનમાં આ લોકને મરણ સામાન્ય જ છે તો પછી શોકથી શું ? પછી બ્રાહ્મણે કહ્યું કે હે નરવરિંદ ! જો આ પ્રમાણે છે તો તારે પણ સાઈઠ હજાર પુત્રના મરણનો શોક ન કરવો જોઈએ. પછી જેટલામાં ભાંગેલા હૈયાવાળો ચક્રી તેને વિચારે છે હા ! આ શું ? તેટલામાં કરાયેલા સંકેતવાળા મંત્રી સામંતો ત્યાં આવ્યા. (૭૦) તેઓએ સર્વ પણ યથાર્થ હકીકત ચક્રવર્તીને જણાવી. તેને સાંભળીને મૂર્ચ્છાથી વિહ્વળ અંગવાળો રાજા પડ્યો પછી ચેતનાને મેળવીને ભુલાયો છે સર્વ પૂર્વ વૃત્તાંત જેના વડે એવો રાજા અંત: પુરની સહિત સામાન્ય પુરુષની જેમ કરુણ રડે છે. (વિલાપ કરે છે.) બ્રાહ્મણ કહે છે કે હે સુપુરુષ ! પોતાના બોલેલા વચનોને યાદ કર. ધીરપણાને ધારણ કર, આ બાલ ચેષ્ટાથી શું ? (૭૩) લોક પારકાના દુ:ખમાં સંસારનું અનિત્યપણું સુખપૂર્વક કહે છે (સમજાવે છે) પણ પોતાના બંધુજનના વિનાશમાં સર્વની મતિ ચલાયમાન થાય છે. હે સુપુરુષ ! તમારા જેવા પણ શોક રૂપી પિશાચથી જો કોળીયો કરાય છે તો હે ધીર ! તમે જ કહો કે ધૃતિમાન કોનો આશ્રય કરે ? (૭૫) સત્પુરુષો જ મોટા કષ્ટને સહન કરે છે ધીર મહિમાવાળી પૃથ્વી જ જગતમાં વજ્રનિપાતને સહન કરે છે પણ તાંતણા સહન કરતા નથી. લોકમાં મોટાઓને મોટું કષ્ટ હોય છે પણ સામાન્ય પુરુષોને નહીં જેમ ચંદ્ર અને સૂર્ય રાહુ વડે ગ્રસાય છે પણ તારાઓ નહીં. કાળપણ સ્ફૂરિત તેજવાળા જ્ઞાનીપુરુષોને વિકાર કરે છે. શિયાળામાં પણ અગ્નિ પોતાના ઉષ્ણ સ્વભાવને છોડતો નથી. હે સુપુરુષ ! પોતાના વિવેકને છોડીને બીજો કોણ સ્વયં પણ જાણેલા છે સર્વ ભાવો એવા તમારા જેવા પુરુષોને ઉપદેશ આપે ? પોતાના પ્રાણોથી જેઓ વડે જિનભવનની રક્ષા કરીને લોકમાં શાશ્વતી કીર્તિ પ્રાપ્ત કરાઈ છે તે તારા પુત્રો તને શોક કરવા યોગ્ય કેમ હોય ? (૮૦) એ પ્રમાણે બ્રાહ્મણના વચન સાંભળીને સગર ચક્રીએ કહ્યું કે આ સત્ય છે, અવિતથ છે, બાકીનું સર્વ મૂઢોની ચેષ્ટા છે.

આટલામાં ખાઈને પૂરીને બહાર ફેલાયેલા ગંગાના પાણીથી ત્રાસેલા અષ્ટાપદની નજીક રહેનારા લોકો સગરની આગળ પોકાર કરે છે. સગરે જહ્નુના પુત્ર ભગીરથને સમજાવીને ત્યાં મોકલ્યો. સામંત મંત્રીઓની સાથે ભગીરથ ત્યાં જઈ ત્રણ ઉપવાસ (અટ્ઠમ) કરીને જ્વલનપ્રભાદિ નાગકુમાર દેવોની આરાધના કરી. પછી તેઓની અનુજ્ઞાથી પર્વતને તોડતા અને ભૂમિને ફાડતા દંડરત્નવડે અષ્ટાપદથી લઈ જવાયેલી શ્વેતકૂટ પર્વતને ભેદતી, કૈલાસ ગંધમાદન - હ્રીમંત પર્વતોને વિશે ક્રમથી વહેતી, પછી કુરુદેશના મધ્યથી વહેતી, દક્ષિણથી સાકેતપુરને, પશ્ચિમથી કોશલને, ઉત્તરથી પ્રયાગને, દક્ષિણથી કાશીને, મધ્યભાગથી વિંધ્યને સ્પર્શતી,

ક્યાંક ઉત્તરથી મગધને અને દક્ષિણથી અંગદેશને સ્પર્શતી તથા ઘણાં-દેશ-ગ્રામ-નગરને સ્પર્શતી દક્ષિણથી વહીને પૂર્વાભિમુખ વળેલી હજારો નદીઓની સાથે વહેતી ગંગાનદી પૂર્વ સમુદ્રમાં લઈ જવાઈ. ફરી પણ નાગકુમારની પૂજા કરી. સમુદ્રમાં જ્યાં મળી તેથી તે ભાગને ગંગા સાગર એવું નામ આપ્યું. જહ્નુકુમારે ગંગાને ઉતારી તેથી જાહ્નવી કહેવાઈ અને ભગીરથ વડે લઈ જવાઈ તેથી ભાગીરથી કહેવાઈ. ભેગા થઈને સ્વજનો વડે પૂજાયેલો ભગીરથ સ્વગૃહે ગયો. તેને રાજ્યપર સ્થાપીને સગરચક્રી દીક્ષા ગ્રહણ કરે છે. (૯૨) શ્રી અજિતજિનની પાસે દીક્ષાને પાળીને સગર સિદ્ધિગતિમાં ગયો. ભાગીરથ પણ રાજ્યને પાળે છે. હવે કોઈક વખત કોઈક અતિશયજ્ઞાનીને પૂછે છે કે હે નાથ ! હું એકલો અહીં કેમ બચ્યો ? અથવા સાઈઠ હજાર કુમારો એક કાળે કેમ મર્યા ? તેણે કહ્યું કે હે નરાધિપ ! પૂર્વે એક મોટો સંઘ અષ્ટાપદ પર્વત પર દેવોને વાંદવા માટે ચાલ્યો અને તે સંઘ એક ગામની બહાર પડાવમાં રહે છે અને તે ગામમાં સંઘનો પ્રત્યનીક એવો સર્વ પણ લોક લાકડી અને ઢેફાઓથી સંઘને હણે છે, અસભ્ય વચન બોલે છે, નિંદા કરે છે, ઘૃણા કરે છે પણ તે ગામમાં એક કુંભાર તે સર્વ લોકને પોતાની શક્તિથી વારે છે અને ભદ્રકભાવવાળો આ કુંભાર વસ્ત્રપાત્ર-ઘાસચારો-લાકડાં તથા ખાદ્યસામગ્રી વગેરે સર્વ પણ લાવીને ત્યાં સંઘને આપે છે. (૯૮) પછી તે સંઘ ત્યાંથી ગયા પછી તે ભવમાં તે ગામના લોકને સંઘની આશાતનાનું કંઈપણ એવું પાપ આ પ્રમાણે ઉદયમાં આવ્યું. તે ગામનો એક પુરુષ ચોરી કરીને ચોરીના માલ સહિત પણ ભાગીને તે ગામમાં પ્રવેશ્યો પણ રાજપુરુષોને માલ ન આપ્યો. પછી ગુસ્સે થયેલા રાજાએ આ ગામને સળગાવી દીધું અને સાઈઠ હજાર લોકો બળીમર્યા અને તે વખતે પેલો કુંભાર કુટુંબ સહિત બીજેગામ ગયો હોવાથી બચી ગયો. સમગ્ર ગામ લોક બળી મરીને એક ભેંસના ગમાણમાં છાણમાં કોઈક રીતે સાઈઠ હજાર કીડાઓ રૂપે ઉત્પન્ન થયા. હાથીના પગોથી ચંપાયેલા ત્યાં પણ એકી સાથે મર્યા. (૧૦૩) આ પ્રમાણે સામુદાયિક કર્મના પાપો સાથે જ ઉત્પન્ન થાય છે. સંસારમાં ભમતા તેઓ પ્રાયઃ સાથે મરે છે. ક્યાંક શસ્ત્રથી હણાયેલા આમ તેઓ ઘોર સંસારમાં ભમીને કોઈક કર્મના વશથી નારક-તિર્યંચ-મનુષ્ય-દેવોના ભવોમાંથી આવીને અહીં સગરના પુત્રો ઉત્પન્ન થયા. (૧૦૬) કુંભાર પણ મરીને બીજા ભવમાં મહર્દ્ધિક વણિક થયો અને ત્રીજા ભવમાં રાજા થયો. આ પ્રમાણે ક્રમથી આ કુંભાર આનાથી તરતના આગલા ભવમાં વૈમાનિક દેવપણાને પામીને તું પણ અહીં સગરનો પૌત્ર ભગીરથ થયો. સંઘની આશાતનાના કર્મનું જે શેષ હતું તે અહીં ઉદયમાં આવ્યું તેથી સર્વ પણ તે કુમારો મર્યા અને તું સંઘની ભક્તિના ફળથી બચી રાજા થયો. આ પ્રમાણે ભગીરથ પોતાના ચરિત્રને સાંભળીને સંવિગ્ન થયેલો દીક્ષા લઈને મોક્ષમાં ગયો. -

આ પ્રમાણે સગર પુત્રોનું કથાનક સમાપ્ત થયું.

હવે દૃષ્ટાંતપૂર્વક અશરણ ભાવનાનો ઉપસંહાર કરતા કહે છે કે-

**इय नाऊण असरणं अप्पाणं गयउराहिवसुओ व्व ।**
**जरमरणवेल्लिविच्छित्तिकारए जयसु जिणधम्मे ।।५४।।**

**इति ज्ञात्वाऽशरणमात्मानं राजपुराधिपसुत इव ।**
**जरामरणवल्लीविच्छित्तिकारके यतस्व जिनधर्मे ।।५४।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે ગજપુર-રાજપુત્રની જેમ પોતાને અશરણ જાણીને જરા મરણ રૂપી વેલડીને નાશ કરનાર એવા જિનધર્મમાં તું પ્રયત્ન કર.

**इति-पूर्वोक्तेन प्रकारेण रोगजरामृत्युविषयेऽशरणमात्मानं ज्ञात्वा रोगजरामरणवल्लीविच्छेदकारके यतस्व त्वं जिनधर्मे, क इव ?, गजपुरराजसूनुरिव ।। कः पुनरसौ ? इति, उच्यते –**

**ટીકાર્થ :** પૂર્વે કહેવાયેલા પ્રકારથી રોગ-જરા-મૃત્યુના વિષયમાં પોતાનું અશરણપણું જાણીને ગજપુર-રાજપુત્રની જેમ રોગ-જરા મરણરૂપી વેલડીને નાશ કરનારા એવા જિનધર્મમાં તું પ્રયત્ન કર. પણ આ ગજપુર રાજાનો પુત્ર કોણ છે ? તેથી કહેવાય છે -

## ગજપુર રાજપુત્રનું કથાનક

કુરુદેશમાં ગજપુર નામે પ્રસિદ્ધ નગર હતું જ્યાં ઉપવન - કમળ સરોવરોમાં જ પક્ષીઓનો સંપાત (આગમન) હતો. ચંદ્ર જેમ કુમુદને આનંદ આપે તેમ તે નગરમાં પૃથ્વીને આનંદ આપનાર ભીમરથ નામનો રાજા હતો. તેને સુમંગલા નામે રાણી હતી તેઓને ગુણથી યુક્ત વસુદત્ત નામે પુત્ર હતો. તેણે થોડાં દિવસોમાં સર્વ પણ કળાઓને ગ્રહણ કરી. પોતાના ભાઈ મિત્રોથી યુક્ત કળાઓને વિશે સૂક્ષ્મ વિચારણા કરે છે. શુદ્ધ સિદ્ધાંતને સાંભળે છે. મુનિચરણોનું સેવન કરે છે અને જિનચૈત્યોને વાંદે છે. (૪) આમ શરીર અને બુદ્ધિના પ્રકર્ષથી વધતો, બુધજનને પ્રશંસનીય આ સુંદર યૌવનને પ્રાપ્ત થયો. રાજાએ તેને શ્રેષ્ઠ રૂપવાળી રાજપુત્રીઓ સાથે પરણાવ્યો અને રાજાએ તે સર્વને મહેલો બનાવી આપ્યા. પછી તે સર્વ રાજપુત્રીઓની સાથે વસુદત્ત અતિમોટા મહેલોમાં દેવલોકમાં અભિનવ દેવની જેમ વિપુલ ભોગોને ભોગવે છે. (૭)

આ પ્રમાણે કાળ પસાર થાય છે ત્યારે કોઈક વખત કુમાર નગરના માર્ગને જોતો ગવાક્ષમાં બેસે છે. પછી તે સર્વાંગે કુષ્ટ વ્યાધિથી પરિગ્રસ્ત થયેલા, માખીઓથી બણબણતા, ક્ષીણ સ્વરવાળા અને દીનભાવવાળા એક મનુષ્યને જુએ છે. તે મનુષ્યની પાછળ જતો ભંગાયો છે શરીરનો મધ્યભાગ જેનો, લાકડીના ટેકાવાળા, મોઢામાંથી લાળ ગળતા, ઝૂલતી શરીરની ચામડીથી વીંટાયો છે હાડપિંજરનો અવશેષ જેનો, કાન-આંખથી દુર્બળ, આડા અવળા પગ મૂકવાથી સ્ખલના પામતા એવા એક વૃદ્ધ પુરુષને જુવે છે અને તેની પણ પાછળ ચાર પુરુષોથી ખાંધ પર ઊંચકાતાં, વગાડાતો છે વિરસ અવાજ જેની આગળ એવા કોઈપણ પુરુષને જુવે છે. પછી કુમાર વિચારે છે કે અહો ! લોકમાં અશરણતા કેવી છે ! ચોરાદિથી વિલુપ્ત લોક અમારા શરણને કહે છે અર્થાત્ અમારી પાસે રક્ષણની યાચના કરે છે પરંતુ આ રોગ-જરા-મૃત્યુથી વિલુપ્ત થતા શરીરવાળા એવા અમારે પણ કોઈ શરણ નથી તો પછી લોકોના શરણની શું વાત કરવી ? (૧૪) તેથી જો અંતરમાં આવો બળવાન શત્રુપક્ષ વિલાસ કરે છે ત્યારે વિષયોની મૂર્ચ્છાથી સંસારમાં પડ્યા રહેવું તે મૂઢપણું છે. એ પ્રમાણે વિચારીને કુમાર માતા-પિતાની પાસે ગયો. પછી અંજલિ જોડીને તેઓને કહે છે કે હે અંબા ! હું અશરણ છું. તેમ હે તાત ! ભય પામેલા મને તેવો કરો જેથી હું સનાથ થાઉં. પછી રાજાએ કહ્યું કે હે વત્સ ! તું આવું કેમ બોલે છે ? આ શત્રુ સૈન્યને મથન કરનારા હાથીઓના સમૂહો તને સ્વાધીન છે. આ સમુદ્રના મોજાઓ જેવા ભયંકર ઉપકરણો (શસ્ત્રો) તને સ્વાધીન છે તથા શ્રેષ્ઠી, ક્રોડો અભિમાની સુભટો અને રથિકથી* સનાથ આ રથો યુદ્ધમાં દુર્જેય છે. (૧૯) અને ઘરે નાશ ન પામે તેવી વિપુલ લક્ષ્મી તારા જ હાથમાં છે તેથી હે વત્સ ! તું અનાથ કેવી રીતે ? અથવા આ રાજ્ય હોતે છતે તું અશરણ કેવી રીતે ? બધું સ્વાધીન હોતે છતે તું જ નાથ છે અને જગતને તું જ શરણ છે, સ્ત્રીઓની સાથે નિશ્ચિંત વિપુલ ભોગોને ભોગવ. પછી કુમારે કહ્યું કે હે તાત ! આ હાથીઓના સમૂહાદિ છે પરંતુ શરીરમાં ઉઠેલ શત્રુઓના રક્ષણમાં સર્વ અસાર છે. (૨૨) રોગ-

* રથિક = રથમાં બેસી લડાઈ કરનાર યોદ્ધો.

જરા અને મૃત્યુથી પરાભૂત થયેલ ત્રણ પુરુષોને મેં આજે સ્વયં જ રાજમાર્ગ પર જોયા અને કરુણાથી તેઓની આ હાથીના સમૂહાદિથી રક્ષણ કરવાની ચિંતા થઈ પરંતુ તે ત્રણ જણા તો દૂર રહો જેટલા અતિનિપુણતાથી હું વિચારું છું કે પોતાને પણ તેનાથી કોઈપણ રીતે રક્ષણ કરવાને શક્તિમાન નથી. તેથી હે તાત ! આવા પ્રકારનું શત્રુબળ ત્રાટકે છતે નીતિકુશલ, બુદ્ધિવાન પુરુષાર્થથી યુક્ત હોવા છતાં જો ઉપાય વિનાનો હોય તો શોભતો નથી. (૨૫) તેથી હું ઉપાયને (દીક્ષાને) વિચારું છું તેથી કૃપા કરીને મને દીક્ષાની અનુજ્ઞા આપો.

હવે શોકથી ગદ્‌ગદ્‌વાણીવાળા, અશ્રુ ઝરતી નયનવાળા માતા અને પિતા કહે છે કે વત્સ ! અહીં જિનદીક્ષા વિના બીજો ઉપાય નથી અને તે દીક્ષા ભોગથી લાલિત સુકુમાલ શરીરવાળા એવા તને પાળવી દુષ્કર જ છે કારણ કે માલતીનું ફુલ વજ્ર જેવા કઠણ હાથના મર્દનને સહન કરતું નથી. પછી વસુદત્ત કહે છે કે તમે જેમ કહો છો તે તે પ્રમાણે જ છે. પરંતુ જેઓને વીર્યનો ઉલ્લાસ થયો છે તેવા ધીરોને જગતમાં દુષ્કર નથી. (૨૯) અને પરવશથી નરકમાં અનંત વેદનાઓ સહન કરી આલોકમાં પણ અહીં પ્રાપ્ત થયેલા દુ:ખને જીવ શું સહન કરતો નથી ? ઇત્યાદિ નિપુણ યુક્તિઓથી માતાપિતાને તેવી રીતે પ્રતિબોધ કર્યા જેથી માતાપિતા વડે અનુજ્ઞા અપાયેલા વસુદત્તે દીક્ષા ગ્રહણ કરી. ઉગ્ર તપ કરીને, રોગ-જરા-મરણ રૂપી વેલડીઓનો વિચ્છેદ કરીને, કર્મરજને નાશ કરીને વસુદત્ત સિદ્ધિસ્થાનમાં ગયો. (૩૨)

એ પ્રમાણે ગજપુર રાજપુત્ર વસુદત્તનું કથાનક સમાપ્ત થયું અને તેની સમાપ્તિમાં બીજી અશરણ ભાવના સમાપ્ત થઈ.

**यदि नाम स्वकृतकर्म्मफलविपाकमनुभवतां शरणं न कोऽपि सम्पद्यते, तथाऽपि तद्वेदने द्वीतीयः सहायमात्रं कश्चिद् भविष्यति, एतदपि' नास्तीति दर्शयितुमशरणत्वभावनाऽनन्तरमेकत्व भावना माह-**

અવતરણિકા : જો સ્વકૃત કર્મફળના વિપાકને અનુભવનારને કોઈપણ શરણ ન થાય તો પણ કર્મના વિપાકને વેદવામાં બીજો કોઈક સહાયમાત્ર થશે એવી શંકા રહેતી હોય તો તેને દૂર કરવા અશરણ ભાવના પછી તરત જ એકત્વ ભાવનાને કહે છે.

## [હવે એકત્વ ભાવના]

**एक्को कम्माइं समज्जिणेइ भुंजइ फलं पि तस्सेक्को ।**
**एक्कस्स जम्ममरणे परभवगमणं च एक्कस्स ।।५५।।**
**सयणाणं मज्झगओ रोगाभिहओ किलिस्सइ इहेगो ।**
**सयणोऽवि य से रोगं न विरिंचइ नेय अवणेइ ।।५६।।**

**एकः कर्माणि समर्जयति भुंक्ते फलमपि तस्यैकः ।**
**एकस्य जन्ममरणे परभवगमनं चैकस्य ।।५५।।**
**स्वजनानां मध्यगतो रोगाभिहतः क्लिश्यतेऽथैकः ।**
**स्वजनोऽपि च तस्य रोगं न विभजति न चापनयति ।।५६।।**

**ગાથાર્થ :** જીવ એકલો જ કર્મોને બાંધે છે તેના ફળને એકલો જ ભોગવે છે. એકલાને જ જન્મ મરણ થાય છે અને એકલો જ પરભવમાં જાય છે. (૫૫)

સ્વજનોની વચ્ચે રહેલો, રોગથી પરાભવ પામેલો અહીં એકલો જ કિલામણા પામે છે, સ્વજનો પણ તેના રોગનો ભાગ કરીને લેતા નથી તેમજ દૂર પણ કરતા નથી - ૫૬

**सुगमे । नवरं 'न विरिंचइ' त्ति न विभज्य गृह्णाति, नाप्यपनयति । तथा –**

ગાથાર્થ સરળ છે પણ न विरिंचइ નો અર્થ એ છે કે વિભાગ કરીને લઈ શકાતા નથી અને દૂર કરતા નથી.

**मज्झम्मि बंधवाणं सकरुणसद्देण पलवमाणाणं ।**
**मोत्तुं विहवं सयणं च मच्चुणा हीरए एक्को ।।५७।।**
**पत्तेयं पत्तेयं कम्मफलं निययमणुहवंताणं ।**
**को कस्स जए सयणो ? को कस्स व परजणो एत्थ ? ।।५८।।**

**मध्ये बांधवानां सकरुणशब्देन प्रलपतां ।**
**मुक्त्वा विभवं स्वजनञ्च मृत्युना ह्रियते एकः ।।५७।।**
**प्रत्येकं प्रत्येकं कर्मफलं निजकमनुभवतां ।**
**कः कस्य जगति स्वजनः ? कः कस्य परजनोऽत्र ? ।।५८।।**

**ગાથાર્થ :** કરુણ શબ્દથી પ્રલાપ કરતા ભાઈઓની મધ્યમાંથી વિભવ અને સ્વજનને છોડીને એકલો જ મૃત્યુવડે હરણ કરાય છે. (૫૭)

પોતાના કરેલા દરેકે દરેક કર્મફળને અનુભવતા જીવોને કોણ કોનો સ્વજન છે ? અથવા અહીં કોણ કોનો પરજન છે ? (૫૮)

**स्वकृतकर्म्मफलं ह्यनुभवतां प्राणिनां यदा कोऽपि विभागं न गृह्णाति नापि तद्वेदनं निवारयितुं शक्नोति तदा कः कस्य स्वजनः परजनो वा, ? न कश्चित्, मोहविलसितमात्रमेवेदमिति भावः ।। अथ सहानुयायी कोऽपि स्यात्, तदपि नेत्याह –**

**ટીકાર્થ :** સ્વકૃત કર્મના ફળને અનુભવતા જીવોની વેદના જ્યારે કોઈપણ વિભાગ કરીને લેતા નથી અને નિવારવા માટે પણ સમર્થ નથી ત્યારે કોણ કોનો સ્વજન કે પરજન છે ? અર્થાત્ કોઈપણ નથી. આ મોહનો વિલાસ માત્ર છે એ પ્રમાણેનો ભાવ છે.

**પ્રશ્ન :** સ્વકૃતકર્મને અનુભવનારને કોઈપણ સહાનુયાયી થશે ?

**ઉત્તર :** ના, સ્વકૃત કર્મફળ અનુભવનારને કોઈપણ સહાનુયાયી થતો નથી. તેને બતાવતા કહે છે-

**को केण समं जायइ ? को केण समं परं भवं वयइ ? ।**
**को कस्स दुहं गिण्हइ ? मयं च को कं नियत्तेइ ? ।।५९।।**

**कः केन समं जायते ? । कः केन समं परं भवं व्रजति ?**
**कः कस्य दुःखं गृह्णाति ! मृतञ्च कः कं निवर्त्तयते ? ।।५९।।**

**ગાથાર્થ :** કોણ કોની સાથે જન્મે છે ? કોણ કોની સાથે પરભવમાં જાય છે ? કોણ કોના દુઃખને ગ્રહણ કરે છે ? અને કોણ કયા મરેલાને પાછો લાવે છે ? (અટકાવે છે ?)

गतार्था ।। एवं च सति केयमन्यजनशोचनेत्याह –

કોઈ કોઈના દુઃખને ગ્રહણ કરતો નથી તો પછી આ લોક અન્યજનનો શોક શા માટે કરે છે ? તેને કહે છે.

**अणुसोयइ अन्नजणं अन्नभवंतरगयं च बालजणो ।**
**न य सोयइ अप्पाणं किलिस्समाणं भवे एक्कं ।।६०।।**

**अनुशोचत्यन्यजनमन्यभवांतरगतञ्च बालजनः,**
**न च शोचति आत्मानं क्लिश्यमानं भवे एकम् ।।६०।।**

**ગાથાર્થ :** બાળલોક અન્યભવમાં ગયેલ અન્યજનનો શોક કરે છે પણ સંસારમાં ક્લેશ પામતો પોતે પોતાનો શોક કરતો નથી (૬૦)

सुगमा । [1]एवमेकत्वेऽपि देहिनां मूढतामुपदर्शयति –

આ પ્રમાણે એકત્વમાં પણ જીવોની મૂઢતાને બતાવતા કહે છે-

**पावाइं बहुविहाइं करेइ सुयसयणपरियणणिमित्तं ।**
**निरयम्मि दारुणाओ एक्को च्चिय सहइ वियणाओ ।।६१।।**

**कूडक्कयपरवंचणवीससियवहाइ जाण कज्जम्मि ।**
**पावं कयमिण्हिं ते ण्हाया धोया तडम्मि ठिया ।।६२।।**

**पापानि बहुविधानि करोति सुतस्वजनपरिजननिमित्तं,**
**निरये दारुणा एकश्चैव सहति वेदनाः ।।६१।।**

**कूटक्रयपरवंचनविश्वस्तवधाश्च येषां कार्ये,**
**पापं कृतमिदानीं ते स्नाता धौतास्तटे स्थिताः ।।६२।।**

**ગાથાર્થ :** જીવ એકલો જ પુત્ર-સ્વજન-પરિજન નિમિત્તે ઘણાં પ્રકારના પાપોને કરે છે અને એકલો જ નરકમાં દારુણ વેદનાને સહન કરે છે. (૬૧)

જેમના માટે કૂટ-ખરીદ-વેચાણ-પરવંચના-વિશ્વાસઘાતનું પાપ કર્યું તેઓ હમણાં નાઈધોઈને નદીના કાંઠા પર બેઠા. (૬૨)

इदानीमिति पापविपाकवेदनाकाले ।।

હમણાં એટલે પાપના વિપાકના વેદના સમયે

**एक्को च्चिय पुण भारं वहेइ ताडिज्जए कसाईहिं ।**
**उप्पण्णो तिरिएसुं महिसतुरंगाइजाईसुं ।।६३।।**

---

१. पृथगेकत्वे - सर्वत्र ।।

**[1]इट्ठकुडुंबस्स कए करेइ नाणाविहाइं पावाइं ।**
**भवचक्कम्मि भमंतो एक्को च्चिय सहइ दुक्खाइं ।।६४।।**

**एकश्चैव पुनर्भारं वहति ताड्यते कषादिभिः,**
**उत्पन्नः तिर्यक्षु महिषतुरगादिजातिषु ।।६३।।**

**इष्टकुटुम्बस्य कृते करोति नानाविधानि पापानि,**
**भवचक्रे भ्राम्यन्नेकश्चैव सहति दुःखानि ।।६४।।**

**ગાથાર્થ :** ભેંસ-ઘોડાદિ તિર્યંચ જાતિઓમાં ઉત્પન્ન થયેલો જીવ એકલો જ ભારને વહન કરે છે અને ચાબુકોથી ફટકારાય છે. (૬૩)

**ગાથાર્થ :** ઇષ્ટ કુટુંબને માટે એકલો જ વિવિધ પ્રકારના પાપોને આચરે છે, સંસાર ચક્રમાં ભમતો એકલો જ દુ:ખોને સહન કરે છે. (૬૪)

**सुगमे ।। योऽपि मम स्वजनविस्तारो महानिति गर्वितमनास्तन्निमित्तं पापानि करोति तस्याप्यधिकतरकर्म्मबन्धं मुक्त्वा नान्यत् फलमीक्ष्यते, दुःखांशग्राहकस्य द्वितीयस्यानुपलम्भादिति दर्शयति –**

"મારો સ્વજન વિસ્તાર મોટો છે" એમ જે કોઈ મનમાં ગર્વને વહન કરે છે અને તે સ્વજન નિમિત્તે પાપોને આચરે છે તેને પણ અધિકતર કર્મબંધ સિવાય બીજું કંઈપણ ફળ પ્રાપ્ત થતું નથી કારણ કે દુ:ખાંશને ગ્રહણ કરનાર બીજાનું અસ્તિત્વ નથી. તેને બતાવતા કહે છે.

**सयणाइवित्थरो मह एत्तियमेत्तो त्ति हरिसियमणेण ।**
**ताण निमित्तं पावाइं जेण विहियाइं विविहाइं ।।६५।।**

**नरयतिरियाइएसुं तस्स वि दुक्खाइं अणुहवंतस्स ।**
**दीसइ न कोऽवि बीओ जो अंसं गिण्हइ दुहस्स ।।६६।।**

**स्वजनादिविस्तारो ममेयन्मात्र इति हर्षितो मनसा,**
**तेषां निमित्तं पापानि येन विहितानि विविधानि ।।६५।।**

**नरकतिर्यगादिषु तस्यापि दुःखानि अनुभवतः,**
**दृश्यते न कोऽपि द्वितीयो योऽंशं गृह्णाति दुःखस्य ।।६६।।**

**ગાથાર્થ :** મારા સ્વજનાદિનો વિસ્તાર આટલા પ્રમાણવાળો છે એમ મનમાં જે હર્ષને ધારણ કરે છે તે સ્વજનોના નિમિત્તે વિવિધ પાપોને આચરે છે. નરક-તિર્યંચાદિ ગતિઓમાં સ્વયં દુ:ખોને અનુભવતો પોતાના દુ:ખના અંશને ગ્રહણ કરે તેવા બીજા કોઈને જોતો નથી. (૬૫-૬૬)

**गतार्थे ।। आस्तां शेषः, चक्रिणोऽपि न कश्चिद् द्वितीय इति दर्शयति –**

અવતરણિકા : સામાન્યજન તો દૂર રહો પણ ચક્રવર્તીને પણ બીજો કોઈ નથી તેને બતાવતા કહે છે-

१. दइकुं - । दइकुं - मु. ।।

**भोत्तूण चक्किरिद्धिं वसिउं छक्खंडवसुहमज्झम्मि ।**
**एक्को वच्चइ जीवो मोत्तुं विहवं च देहं च ।।६७।।**
**एक्को पावइ जम्मं वाहिं वुड्डत्तणं च मरणं च ।**
**एक्को भवंतरेसुं वच्चइ को कस्स किर बीओ ? ।।६८।।**

**भुक्त्वा चक्रयृद्धिं उषित्वा षट्खंडसुधामध्ये,**
**एको व्रजति जीवः मुकत्वा विभवं च देहं च ।।६७।।**
**एकः प्राप्नोति जन्म व्याधिं वृद्धत्वं च मरणं च,**
**एको भवांतरेषु व्रजति कः कस्य किल द्वितीयः ? ।।६८।।**

**ગાથાર્થ :** ચક્રવર્તીની ઋદ્ધિને ભોગવીને, છ ખંડ પૃથ્વીમાં વસીને, વિભવ અને શરીરને મૂકીને જીવ એકલો જ પરલોકમાં જાય છે અને એકલો જ જન્મ, વ્યાધિ, વૃદ્ધત્વ તથા મરણને પ્રાપ્ત કરે છે. એકલો જ ભવાંતરોમાં જાય છે કોણ કોને બીજો સહાયક હોય ? (૬૭-૬૮)

**उत्तानार्थे ।। अथ दृष्टान्तोपदर्शनगर्भामेकत्वभावनामुपसंहरन्नाह –**

અવતરણિકા : દૃષ્ટાંત બતાવવાપૂર્વક એકત્વ ભાવનાના ઉપસંહારને કરતા કહે છે.

**इय एक्को चिय अप्पा जाणिज्जसु सासओ तिहुयणेऽवि ।**
**थक्कंति महुनिवस्स व जणकोडीओ विसेसाओ ।।६९।।**

**एकश्चैवमात्मा जानीहि शाश्वतः त्रिभुवनेऽपि,**
**तिष्ठन्ति मधुनृपस्येव जनकोट्यो विशेषतः ।।६९।।**

**ગાથાર્થ :** જેમ મધુરાજાના ક્રોડો સૈનિકો મરતી વખતે મધુ રાજાથી ભિન્ન રહ્યા પણ સાથે ન ગયા તેમ ત્રણ ભુવનમાં પણ એક જ આત્મા શાશ્વત (એકલો રહેનારો છે) તેમ તું જાણ. (૬૯)

**सुबोधा । [१]कथानकं तूच्यन्ते (ते) –**

હવે કથાનક કહેવાય છે.

## મધુરાજાનું કથાનક

કાશીદેશના મધ્ય ભાગમાં વાણારસી નામની પ્રસિદ્ધ નગરી છે જ્યાં ચંદ્ર જ દોષોની ખાણ હતો પણ લોકો દોષની ખાણ ન હતા. પાણીનો સંગ્રહ સરોવરમાં હતો પણ મૂર્ખાઓનો સંગ્રહ નગરીમાં ન હતો. શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મથી પવિત્ર થયેલ આ નગરીનો સત્યભામાના પતિ વિષ્ણુ (કૃષ્ણ)ની જેમ મધુ નામનો રાજા છે. ભુજા છે બીજી જેને એવો પરબલવીર નામનો તેને એક પદાતિ (સૈનિક) છે જે એક લાખ પગારને મેળવે છે. (૩)

હવે મધુરાજાને કુરુદેશના રાજાની સાથે મહાવિગ્રહ થયો. ક્યારેક પણ તેઓ પોતપોતાના દેશના સીમાડે

१. आख्यानकं – वा. ।।

જાય છે. કવચ પહેરીને બંને આવ્યા પરંતુ મધુરાજા અલ્પ સૈન્યવાળો છે. દુશ્મન રાજા ઘણાં સૈન્યવાળો છે અથવા સમુદ્રના પાણીની તોલે દુશ્મન સૈન્ય સાતમુઠ્ઠી પ્રમાણ છે તો પણ ક્ષત્રિય ધર્મને અનુસરનારો મધુરાજા પીછેહઠ કરતો નથી. પછી ક્ષોભ પામેલો બીજે દિવસે પરબલવીરની સાથે મંત્રણા કરે છે. પરબલવીર કહે છે કે હે દેવ ! તમે ધીર થાઓ. આજે રાત્રીમાં સર્વ વ્યવસ્થિત કરી તમને સમર્પણ કરું છું. (૭) પછી તેણે રાત્રીના સમયે થોડા થોડા સૈન્યને બધા ઊંટો પર બેસાડીને મોટેથી વાગતા ઢક્કા આદિ વાજિંત્રોથી સહિત સૈન્યને મોકલીને ગજપુરને ચારે તરફથી ઘેરી લીધું. પછી ગજપુરસ્વામી જ્યાં હતા ત્યાં સમ્યક્ જાણીને સ્વયં ત્યાં ગયો. પછી તેણે તે રાજાના પ્રાણગ્રહણ કરીને તેનો નિગ્રહ કર્યો. પછી તેણે નાયકથી રહિત થયેલ સર્વ સૈન્યને લુંટ્યું અને મધુરાજાએ હાથી-ઘોડા-રથો તથા કોશ સર્વને ગ્રહણ કર્યું. રાજા પરબલવીર પર ખુશ થયો અને મંડલાદિક ઘણું દ્રવ્ય આપ્યું જેને મધુરાજા પાછું ગ્રહણ કરતો નથી.

પછી મધુરાજાના ચિત્તમાં આ માન્યતા દૃઢ થઈ કે ચતુરંગ સૈન્યમાં પદાતિઓ જ મુખ્ય અંગ છે. આવાઓથી જ લડાઈ જિતાય છે, આવાઓની બુદ્ધિથી જ બાકીના ઘોડાદિનું સંચાલન થાય છે તેથી આઓ જ રાજાઓના હિતકારી છે આ માન્યતાના વશથી પદાતિઓનો સંગ્રહ કરે છે, મધુરાજાએ ક્રોડની સંખ્યા થાય ત્યાં સુધી સૈનિકોની ભરતી કરી. (૧૫) પછી સૈન્યોના સમૂહને જોઈને રાજા હંમેશા ખુશ થાય છે અને અભિલાષી થઈ સૈનિકોના સૈન્યનું સતત દર્શન કરે છે. વધારે શું ? તેઓની કથા, દર્શન અને ચેષ્ટાથી ખુશ થાય છે અને સૈનિકોથી વીંટળાયેલો જ ભમે છે.

પછી કોઈક વખત તે રાજાને ગાઢ વિસૂચિકા ઉત્પન્ન થઈ. પછી વિસૂચિકાથી આક્રાંત થયેલ રાજા મારું સૈન્ય, મારા શ્રેષ્ઠ સુભટો, મારું રાજ્ય, મારો વિભવ, મારા પરિવારમાં આટલો લોક એમ પ્રલાપ કરતો તથા શ્રેષ્ઠબાણ - સબલ (શસ્ત્ર વિશેષ), બરછી, ભયંકર તલવાર અને ભાલાઓ છે હાથમાં જેઓના એવા સર્વ મળેલા તે સૈનિકોની ચારે બાજુ જોતો મધુરાજા જીવિતથી મુકાયો. પછી તે મધુરાજા એકલો જ નરકમાં લાખો તીવ્ર દુઃખોને સહન કરે છે અને તેના ક્રોડો સુભટો અહીં જ રહ્યા.

(તથા આ કથાનકની સમાપ્તિમાં ત્રીજી એકત્વ ભાવના સમાપ્ત થઈ)

## અન્યત્વ ભાવના

**भवत्वेकाकी जीवः, परं य एते शरीरविभादयः पदार्थाः ते जीवेन सहातिसन्निकृष्टत्वादति वल्लभत्वाच्चाभिन्ना भविष्यन्ति, अतस्तदर्थे पापान्यपि करोत्वयं, नैतदेवमित्युपदेष्टुमेकत्वभावनाऽनन्तरमन्यत्व भावनामाह-**

**પ્રશ્ન :** જીવ એકલો ભલે રહે પણ જે આ શરીર-વિભવ વગેરે પદાર્થો જીવની સાથે અતિ નજીક હોવાથી અને અતિ વલ્લભ હોવાથી અભિન્ન જ હોય છે આથી આ પદાર્થોને માટે આ જીવ ભલેને પાપોને કરે.

**ઉત્તર :** ના, આ એમ નથી. અર્થાત્ શરીર-વિભવ વગેરે જીવથી અભિન્ન નથી. તેને બતાવવાને માટે એકત્વ ભાવના પછી તરત જ અન્યત્વ ભાવનાને કહે છે.

**अन्नं इमं कुडुम्बं अन्ना लच्छी सरीरमवि अन्नं ।**
**मोत्तुं जिणिंदधम्मं न भवंतरगामिओ अन्नो ।।७०।।**

**अन्यदिदं कुटुम्बं अन्या लक्ष्मीः शरीरमप्यन्यद् ।**
**मुक्त्वा जिनेन्द्रधर्मं न भवान्तरगामिकः अन्यः ।।७०।।**

**ગાથાર્થ :** આ કુટુંબ જીવથી અન્ય છે, લક્ષ્મી અન્ય છે, શરીર પણ અન્ય છે, જિનધર્મને છોડીને ભવાંતરમાં જીવની સાથે જનાર બીજું કોઈ નથી. (૭૦)

**प्रकटार्था ।। किमिति देहादयो जीवादन्ये न तु जीवस्य आत्मभूताः ? इत्याह –**

**પ્રશ્ન :** શરીર વગેરે જીવથી અન્ય કેમ છે ? જીવ સ્વરૂપ કેમ નથી ?

**ઉત્તર :** નીચેની ગાથામાં આનો ઉત્તર કહે છે.

**विन्नाया भावाणं जीवो देहाइयं जडं वत्थु ।**
**जीवो भवंतरगई थक्कंति इहेव सेसाइं ।।७१।।**

**विज्ञाता भावानां जीवो देहादिकं जडं वस्तु,**
**जीवो भवान्तरगतिः तिष्ठन्ति इहैव शेषाणि ।।७१।।**

**ગાથાર્થ :** જીવ જીવાદિ તત્ત્વોના ભાવોનો વિજ્ઞાતા છે જ્યારે દેહાદિ જડ વસ્તુઓ છે. જીવ ભવાંતરમાં જાય છે, શેષ સર્વ વસ્તુઓ અહીં જ પડી રહે છે. (૭૧)

**भावानां – जीवाजीवपुण्यपापादिपदार्थानां विज्ञाता-बोधस्वरूपो जीवः, यत्तु देहधनधान्यादिकं वस्तु तज्जडम्-अचेतनस्वरूपं, चेतनाचेतनयोश्च कथमेकत्वं स्यादिति भावः । जीवश्च भवान्तरं गच्छति, शेषाणि तु शरीरादीन्यत्रैव तिष्ठन्तीत्यतोऽपि जीवाच्छरीरादयो भिन्नाः, भेदे ह्येकस्य गमनमपरेषां चावस्थितिरिति युज्यते, नान्यथेति भावः ।। अपरमप्यन्यत्वकारणमाह –**

**ટીકાર્થ :** ભાવાનાં એટલે જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ સ્વરૂપ નવ તત્ત્વો विज्ञाता = ચેતન સ્વરૂપ જીવ. જે શરીર-ધન-ધાન્યાદિક વસ્તુઓ છે તે જડ છે અર્થાત્ અચેતન સ્વરૂપ છે તેથી જીવ અને અજીવનું એકપણું કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય એમ કહેવાનો ભાવ છે કેમકે જીવ બીજા ભવમાં જાય છે शेषाणि = શરીર વગેરે બીજું બધું અહીં જ પડ્યું રહે છે આથી પણ શરીર વગેરે જીવથી ભિન્ન છે. જો ભેદ હોય તો જ એકનું (જીવનું) ગમન અને બીજાની (અજીવની) સ્થિરતા ઘટી શકે. અન્યથા નહીં એમ કહેવાનો ભાવ છે.

અવતરણિકા : અન્યત્વના બીજા કારણને પણ જણાવે છે.

**जीवो निच्चसहावो सेसाणि उ भंगुराणि वत्थूणि ।**
**विहवाइ बज्झहेउब्भवं च निरहेउओ जीवो ।।७२।।**

**जीवो नित्यस्वभावः शेषाणि तु भंगुराणि वस्तूनि,**
**विभवादिबाह्यहेतूद्भवं च निर्हेतुको जीवः ।।७२।।**

**ગાથાર્થ :** જીવ નિત્ય સ્વભાવવાળો છે પણ શેષ પદાર્થો ક્ષણભંગુર છે. વિભવાદિ શેષ પદાર્થો બાહ્ય હેતુઓથી ઉત્પન્ન થાય છે અને જીવ નિર્હેતુક છે અર્થાત્ જીવને ઉત્પન્ન થવાનું કોઈ કારણ નથી.

**नित्यस्वभावो जीवः, कदाचिदप्यविनाशात्, शेषाणि तु शरीरादिवस्तूनि भङ्गुराणि-विनश्वराणि, अग्निसंस्कारादिनाऽत्रैव विनाशाद्, विभवादिकं च वस्तु बाह्यदृष्टहेतुसमुद्भवं, जीवस्त्वनादिसिद्धो निर्हेतुकः, नित्यानित्ययोः सहेतुकनिर्हेतुकयोश्च भेदः सुप्रतीत एवेति ।। भेदे हेत्वन्तरमप्याह –**

**ટીકાર્થ :** ક્યારેય પણ વિનાશ નહીં પામતો હોવાથી જીવ નિત્ય સ્વભાવવાળો છે. પણ બાકીની શરીરાદિ વસ્તુઓ ભંગુર છે કારણ કે અગ્નિઆદિના સંસ્કારથી અહીં જ વિનાશ પામે છે અને વિભવાદિક વસ્તુ બાહ્ય પ્રગટ કારણોથી ઉત્પન્ન થનાર છે જ્યારે જીવ અનાદિ સિદ્ધ છે કારણ કે તેની ઉત્પત્તિનું કોઈ કારણ નથી. નિત્ય-અનિત્યનો તથા સહેતુક - નિર્હેતુકનો ભેદ પ્રસિદ્ધ છે.

ભેદમાં બીજા હેતુને કહે છે.

**बंधइ कम्मं जीवो भुंजेइ फलं तु सेसयं तु पुणो ।**
**धणसयणपरियणाइं कम्मस्स फलं च हेउं च ।।७३।।**

**बध्नाति कर्म जीवः भुङ्क्ते फलं तु शेषस्तु पुनः,**
**धनस्वजनपरिजनादिः कर्मणः फलं च हेतुश्च ।।७३।।**

**ગાથાર્થ :** જીવ કર્મોને બાંધે છે અને તેના ફળને ભોગવે છે પણ શેષ ધન-સ્વજન-પરિજનાદિ કર્મનું ફળ અને હેતુ છે. (૭૩)

**जीवो मिथ्यात्वादिहेतुभिर्ज्ञानावरणादिकं कर्म्म बध्नाति, तत्फलं च समयान्तरे भुङ्क्ते, शेषं तु धनस्वजनपरिजन शरीरादि कर्म्मणः फलं-कार्यं, शुभाशुभकर्मोदय वशेनैव तस्य जायमानत्वात्, तथा हेतुः कारणभूतं च कर्म्मणः, तन्ममत्वादिना तत्प्रत्ययककर्म्मबन्धस्य जीवे समुत्पद्यमानत्वाद्, अतो भिन्नस्वभावत्वाज्जीवधनादीनां भेदः ।। यदि नामैवं भेदस्ततः किमित्याह-**

**ટીકાર્થ :** જીવ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગો એ પાંચ કારણોથી જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધે છે અને સમયાંતરે (અબાધાકાળ પછી) બાંધેલા કર્મના ઉદય વખતે ફળને ભોગવે છે. ધન-સ્વજન-પરિજન-શરીરાદિ પુણ્ય કર્મ આદિના ઉદયથી પ્રાપ્ત થતા હોવાથી કર્મનું ફળ છે અર્થાત્ કાર્ય છે. અને ધન-સ્વજન-શરીરાદિની પ્રાપ્તિ પછી તેમાં મમત્વાદિ ઉત્પન્ન થવાથી ફરીથી જીવ કર્મો બાંધે છે તેથી તે કર્મબંધનું કારણ બને છે. આમ જીવ અને ધનાદિના સ્વભાવમાં ભિન્નતા હોવાથી બંને ભિન્ન છે.

જો જીવ અને અજીવનો ભેદ છે તો તેથી શું ? એને જણાવતા કહે છે-

**इय भिन्नसहावत्ते का मुच्छा तुज्झ विहवसयणेसु ? ।**
**किं वावि होज्जिमेहिं भवंतरे तुह परित्ताणं ? ।।७४।।**

**इति भिन्नस्वभावत्वे का मूर्च्छा तव विभवस्वजनेषु, ?**
**किं वाऽपि भविष्यति एभिर्भवान्तरे तव परित्राणं ।।७४।।**

**भिन्नत्ते भावाणं उवयारऽवयारभावसंदेहे ।**
**किं सयणेसु ममत्तं ? को य पओसो परजणम्मि ? ।।७५।।**

**भिन्नत्वे भावानां उपकारापकारभावसंदेहे,**
**किं स्वजनेषु ममत्वं ? कश्च प्रद्वेषः परजने ? ।।७५।।**

सुबोधा ।। किंच –

**ગાથાર્થ :** આ પ્રમાણે જીવ અને પદાર્થો ભિન્ન સ્વભાવવાળા હોય ત્યારે તને વિભવ અને સ્વજનોમાં શી મૂર્ચ્છા ? અથવા શું આ સ્વજનાદિથી ભવાંતરમાં તારું રક્ષણ થશે અને વળી- (૭૪)

શરીર-સ્વજન અને વિભવાદિથી જીવ ભિન્ન છે તેથી ઉપકાર અને અપકારનો નિશ્ચય નહીં થતો હોવાથી સ્વજનો વિશે મમત્વ શું કરવું ? અને પરજન પર પ્રદ્વેષ કેવો ?

**एवमुक्तयुक्तिभ्योऽयःशलाकाकल्पे अन्यत्वे व्यवस्थिते भावानां-जीवशरीरस्वजनविभवादीनां किं तव भोः ! स्वजनेषु-पुत्रादिषु ममत्वं ?, कश्च प्रद्वेषः परिजने, नन्वेवं सति सर्वत्रौदासीन्यमेव युक्तं अथैवं ब्रूयात्-पुत्रादयः प्रौढीभूताः पुरस्तादुपकारिणो भविष्यन्तीति तेषु ममत्वं, परे तु नैवमिति तेषु प्रद्वेषं इत्याशङ्क्याह-'उवयारे' त्यादि, उपकारश्चापकारश्चोपकारापकारौ तद्भावस्य सन्देहस्तत्र सति इदमुक्तं भवति-पुत्रोऽपि बृहत्तरीभूतः पितरं घातादिना अपकरोति, पराऽपे हि प्रातिवेशिकादिर्बृहदुन्नतौ सत्यामुपकरोति, तत् कोऽत्र कस्मादुपकारापकारनिश्चय ? इत्यतो न युक्तौ स्वपरभावेन रागद्वेषाविति ।। इतोऽपि न युक्तं विभवस्वजनादिषु ममत्वं कुतः, ? इत्याह –**

**ટીકાર્થ :** આ પ્રમાણે કહેલી યુક્તિઓથી લોખંડની સળી સમાન નક્કરતાથી (અર્થાત્ અત્યંત નિશ્ચયથી) અન્યત્વ સિદ્ધ થયે છતે **भावानां** જીવ-શરીર-સ્વજન-વિભવાદિનો ઉપકાર અને અપકારનો ભાવ નિશ્ચય ન થતો હોય ત્યારે રે ! રે ! પુત્રાદિ સ્વજનો વિશે તારે શું મમત્વ કરવું ? અને પરિજન પર દ્વેષ શું કરવો ? આ પ્રમાણે પરિસ્થિતિ હોય ત્યારે ઔદાસીન્ય ભાવ ધારણ કરવો યોગ્ય છે. હવે જો તમે કહો કે પુત્રાદિ મોટા થશે ત્યારે ઉપકારી થશે તેથી તેઓ વિશે અમને મમત્વ છે અને બીજાઓ મોટા થશે ત્યારે ઉપકાર નહીં કરે તેથી તેઓ પર દ્વેષ થાય. આવી શંકાના ઉત્તરમાં કહે છે उवयारे - त्यादि ઉપકાર અને અપકાર એ બેના ભાવનો અહીંયા સંદેહ (શંકા) છે આ સંદેહ હોય ત્યારે ક્યારેક મોટો થયેલ પુત્ર પણ ઘાતાદિથી માતા-પિતાનો અપકાર કરે છે અને મોટો પુણ્યોદય હોય ત્યારે બીજા પાડોશી વગેરે પણ ઉપકાર કરે છે તેથી કોનાથી ઉપકાર થશે કે કોનાથી અપકાર થશે એનો શું નિશ્ચય છે ? આથી જ સ્વજન પર રાગ અને પરજન પર દ્વેષ કરવો ઉચિત નથી એમ કહેવાનો ભાવ છે.

આથી પણ વિભવ સ્વજનાદિ વિશે મમત્વ કરવું યુક્ત નથી. શાથી યુક્ત નથી તેને બતાવતા કહે છે-

**पवणो व्व गयणमग्गे अलक्खिओ भमइ भववणे जीवो ।**

**ठाणे ठाणम्मि समुज्झिऊण धणसयणसंघाए ।।७६।।**

**पवन इव गगनमार्गे अलक्षितो भ्रमति भववने जीवः,**

**स्थाने स्थाने समुपार्ज्य धनस्वजनसंघातान् ।।७६।।**

**ગાથાર્થ :** જેમ આંખથી નહીં દેખાતો પવન આકાશમાં ભમે છે તેમ જીવ ધન-સ્વજનના સમૂહને સ્થાને સ્થાને છોડીને ભવરૂપી વનમાં ભમે છે. (૭૬)

**यथा पवनो-वायुर्गगने चक्षुषा अलक्षितो भ्रमति तथा जीवोऽप्यमूर्त्तत्वात् सर्वेन्द्रियैरनुपलक्षितो भववने परिभ्रमति, किं कृत्वा ? इत्याह – 'ठाणे' इत्यादि, अतः कियत्सु स्थानेषु मूर्च्छा कर्त्तव्येति भावः ।। तथा –**

**પ્રશ્ન** : શું કરીને જીવ ભમે છે ?

**ઉત્તર** : સ્થાને સ્થાને ધન-સ્વજનના સમૂહને છોડીને જીવ ભમે છે તેથી જીવે ક્યાં અને કેટલાં સ્થાનો પર મૂર્ચ્છા કરવી ? અર્થાત્ કોઈપણ સ્થાનપર મૂર્ચ્છા ન કરવી એમ કહેવાનો ભાવ છે. તથા-

**जह वसिऊणं देसियकुडीइ एक्काइ विविहपंथियणो ।**
**वच्चइ पभायसमए अन्नन्नदिसासु सव्वोऽवि ।।७७।।**

**यथोषित्वा देशिककुट्यां एकस्यां विविधपथिकजनः,**
**व्रजति प्रभातसमये अन्याऽन्यदिक्षु सर्वोऽपि ।।७७।।**

**जह वा महल्लरुक्खे पओससमए विहंगमकुलाइं ।**
**वसिऊण जंति सूरोदयम्मि ससमीहियदिसासु ।।७८।।**

**यथा वा महावृक्षे प्रदोषसमये विहगकुलानि,**
**उषित्वा यान्ति सूर्योदये स्वसमीहितदिक्षु ।।७८।।**

**ગાથાર્થ** : જેમ જુદા જુદા મુસાફરો રાત્રીએ ધર્મશાળામાં રહીને પ્રભાત સમયે સર્વેપણ અન્ય-અન્ય દિશાઓમાં ચાલ્યા જાય છે.- (૭૭)

અથવા જેમ પક્ષીઓનો સમૂહ મોટા વૃક્ષ પર રાતવાસો કરીને પ્રભાત સમયે પોતપોતાની ઇચ્છિત દિશાઓમાં જાય છે. (૭૮)

**अहवा गावीओ वणम्मि एगओ गोवसन्निहाणम्मि ।**
**चरिउं जह संझाए अन्नन्नघरेसु वच्चंति ।।७९।।**

**इय कम्मपासबद्धा विविहट्ठाणेहिं आगया जीवा ।**
**वसिउं एगकुडुम्बे अन्नन्नगईसु वच्चंति ।।८०।।**

**अथवा गावो वने एकतो गोपसंनिधाने,**
**चरित्वा यथा संध्यायां अन्यान्यगृहेषु व्रजन्ति ।।७९।।**
**इति कर्मपाशबद्धा विविधस्थानैरागता जीवाः,**
**उषित्वैककुटुम्बे अन्यान्यगतिषु व्रजन्ति ।।८०।।**

**ગાથાર્થ** : અથવા જેમ ગાયો ગોવાળનું સાનિધ્ય છે જેમાં એવા વનમાં એકત્ર ચારો ચરીને સંધ્યા સમયે જુદા જુદા ઘરોમાં જાય છે. (૭૯)

તેમ કર્મપાશથી બંધાયેલા વિવિધ સ્થાનોમાંથી આવેલા જીવો એક કુટુંબમાં વસીને અન્ય-અન્ય ગતિઓમાં ચાલ્યા જાય છે. (૮૦)

**अतः स्वजनादिषु कः प्रतिबन्धो विधीयतामिति भावः, शेषं सुगमं । नवरं विविधस्थानेभ्य इति पंचमी ।।**
**अथोपसंहारपूर्वकमुपदेशमाह –**

આથી સ્વજનાદિ વિશે કયો રાગ કરાય ? એમ કહેવાનો ભાવાર્થ છે અહીં विविहद्वाणेहिं માં પંચમીના અર્થમાં તૃતીયા વિભક્તિ લાગેલ છે.

હવે ઉપસંહાર પૂર્વક ઉપદેશ આપતા જણાવે છે -

**इय अन्नत्तं परिचिंतिऊण घरघरणिसयणपडिबंधं ।**

**मोत्तूण नियसहाए धणो व्व धम्मम्मि उज्जमसु ।।८१।।**

**इत्यन्यत्वं परिचिन्त्य गृहगृहिणीस्वजनप्रतिबंधं,**

**मुक्त्वा निजस्वभावे धन इव धर्मे उद्यच्छेः ।।८१।।**

**ગાથાર્થ :** આ પ્રમાણે અન્યત્વ ભાવનાનું પરિચિંતન કરીને, ઘર-સ્ત્રી-સ્વજનના રાગને છોડીને, ધનની જેમ પોતાના સ્વભાવને સાધી આપનાર ધર્મમાં ઉદ્યમ કરો. (૮૧)

**सुगमा । कथानकं तूच्यन्ते (ते) –**

ગાથાર્થ સુગમ છે, હવે કથાનક કહેવાય છે.

## ધનનું કથાનક

આ જ ભરતક્ષેત્રમાં શ્રેષ્ઠ રત્નમય, દીર્ઘ આંખવાળું પૃથ્વી રૂપી સ્ત્રીનું જાણે મુખ ન હોય તેવું દશપુર નામનું નગર છે. તેમાં નામથી અને ગુણથી પણ શ્રેષ્ઠ એવો ધનસાર શ્રેષ્ઠી વસે છે તેને સ્વભાવથી સ્થિર સત્ત્વવાળો ધન નામે પુત્ર છે. યૌવનને પામેલો તે તેજ નગરમાં વસતા વિજયશ્રેષ્ઠીની યશોમતી નામની પુત્રીને પરણે છે અને તે હંમેશા ધનની ભક્તા છે. પછી કાળ ગયે છતે ધનસારનું મૃત્યું થયું. યશોમતી સહિત ધન સમગ્ર ઘરનો સ્વામી થયો. (૪) પછી તે યશોમતી ધનનો તેવો વિનય કરે છે કે જેથી લોક આશ્ચર્ય પામે છે કે અહો ! ધનના પુણ્યની અહીં શું વાત કરાય ? અને પછી ધન વિચારે છે કે આ મારા ઘરને ધન્ય છે જે ઘરની આવા પ્રકારની સ્વામિની છે. હૃદયમાં ઓતપ્રોત થઈને વિનયમાં તત્પર અને શીયળથી યુક્ત સર્વે સ્વજનોને યથોચિત ધન સંબંધી વસ્ત્રાદિનું વિતરણ કરે છે પછી આ સ્વજનો વડે પણ યશોમતી પ્રશંસા કરાય છે. (૭) પછી પત્નીના ગુણોથી રંજિત થયું છે હૃદય જેનું એવો ધન ફુલાતો પરિભ્રમણ કરે છે. હંમેશા પણ ઘર-પત્ની-સ્વજનને વિશે ચિત્તમાં રાગ ધરીને રહે છે, અને તેને ઘણી બુદ્ધિથી યુક્ત, શ્રાવક ધર્મમાં દૃઢ એવો વિમલ નામનો મિત્ર છે. વિમલના સંસર્ગથી ધન પણ ભદ્રક ભાવવાળો થયો. કોઈક વખત વિમલ મિત્ર ધનને કહે છે કે હે ભદ્ર ! તારી આ સ્ત્રી સારી નથી તેથી પ્રયત્નથી પોતાનું રક્ષણ કરવું. પછી તું એમ ન બોલીશ કે મને કોઈએ આ ન કહ્યું જેથી કહેવાયું છે કે રાગી થયેલી મહિલા શેરડીના સાંઠાની જેમ મીઠી હોય છે. વિરક્ત (અપ્રીતિવાળી) થયેલી સ્ત્રી કાળા નાગના વિષની જેમ પ્રાણને હરે છે. બુદ્ધિમાનો ગંગાની રેતીને, સમુદ્રમાં પાણીને અને હિમાલયના માનને (પ્રમાણને) જાણે છે પણ સ્ત્રીઓના હૃદયને જાણતા નથી. આ પ્રમાણે સાંભળીને વિસ્મિત થયેલો ધન પણ વિચારે છે હા ! આ શું ? મારો મિત્ર યુગના અંતે પણ અસંબંધ વાક્ય બોલતો નથી. (૧૪) અને આ જેવી દેખાય છે તેવી પણ સ્ત્રીઓ જો વ્યભિચારી થતી હોય તો ક્યાં વિશ્વાસ કરાય ? એ પ્રમાણે શલ્યથી પીડિત થયેલો ધન જેટલામાં રહે છે તેટલામાં અન્ય દિવસે અવસરે નગરમાં ભમતા ધને પત્નીના ઉત્તરીય

વસ્ત્રને જારની પાસે રહેલું જુએ છે. ધન જલદી ઘરે જઈ પત્નીને કહે છે કે તારું જે અમુક ઉત્તરીય વસ્ત્ર છે તેનું મારે હમણાં કંઈક કામ છે તો તું તેને જલદી લઈ આવ. આ સાંભળી ધનની પત્ની ક્ષોભ પામી અને શંકિત થયેલી ધનને કહે છે કે હમણાં તે વસ્ત્ર બહેનપણી માગીને લઈ ગઈ છે. તે વસ્ત્રનું તમારે શું કામ છે ? મારી પાસે તમારી કૃપાથી બીજા ઘણાં વસ્ત્રો છે તે વસ્ત્રોથી આપનું કાર્ય પાર પાડો. (નીપટાવો.) ધન કહે છે કે મારે બીજા કોઈ વસ્ત્રનું પ્રયોજન નથી તેથી તું તારી સખીને બતાવ જેથી હું તેને ઘરે જઈ સ્વયં લઈ આવું. પછી જેટલામાં ભય પામી ભૂમિપર આળોટેલી બીજા જૂઠા ઉત્તરો આપે છે તેટલામાં મિત્રે કહેલી વાતની ધનને ખાત્રી થઈ અને મનમાં વિચાર્યું કે અન્યમાં આસક્ત થયેલી એવી આના વડે આટલા દિવસોમાં હું મરાયો નથી તે મને મોટો લાભ છે. (૨૨) જો મરાયો હોત તો ધર્મનો ભાઈ વિમલ મળ્યે છતે ધર્મ કર્યા વિના હું પશુની જેમ મરીને દુર્ગતિમાર્ગમાં ગયો હોત. ઘર-પત્ની-સ્વજનમાં આસક્ત થયેલા મનવાળો હું મૂઢ રહ્યો અને અજ્ઞાનથી આંધળા બનેલા એવા મેં પિશાચોની વંશ પરંપરા ચલાવી. જેમ ધતૂરો પીધેલાઓને માટીના ઢેફામાં પણ સુવર્ણની ભ્રાંતિ થાય છે તેમ મારાથી ઓતપ્રોત થયેલી (અવ્યતિરિક્ત) આવા પ્રકારની વ્યભિચારીને મેં સુવર્ણ જેવી શીલવતી માની. તેથી જેટલામાં આ મારી સ્ત્રી લજ્જા છોડીને મારી પાસેથી ભાગી ન જાય તેટલામાં હું મારું પોતાનું કાર્ય આદરું (૨૬) એ પ્રમાણે વિચારીને વિમલને લઈને સાધુ પાસે જઈને, સંવિગ્ન પરિણામવાળો ધન દીક્ષાને ગ્રહણ કરે છે. જલદીથી સૂત્ર અને અર્થને ભણીને ગીતાર્થ થયો. દેવોને પણ અક્ષોભ્ય એવો દૃઢધર્મી થયો. પછી એકલ વિહારી પ્રતિમાને સ્વીકારીને સંસાર રૂપી કારાગૃહથી ઉદ્વિગ્ન ગુરુની અનુજ્ઞાથી એકલો વિચરે છે.

હવે કોઈક વખત બરફના કણોથી મિશ્રિત પવનથી પ્રાણીઓના સમૂહને કંપાવતો, કમળવનને નાશ કરતો એવો શિયાળો સર્વત્ર શરૂ થયો (૩૦) જે શિયાળો દુષ્ટ રાજાની જેમ દુ:સહ થયો. સર્વ પક્ષીઓના સમૂહને નાશ કર્યા. ઝાડપરના પત્રોનું સર્વત્ર વસ્ત્ર નિર્માણ કરાયું અને લોકોના ગળામાં બાજુબંધ કરાયો. સફેદ ફુલોના બાનાથી પાટલપુષ્પો વૃક્ષસમૂહપર હસે છે. પાંદડા અને ફુલોનો સમૂહ મરી ગયો. અને મુસાફરોનો સમૂહ કંપ્યો. જ્યાં નિપુણમતિઓ પણ નદી અને સરોવરના બરફભૂત થયેલ પાણીઓનું વહેવાપણું કે સ્થિરપણું ન જાણી શક્યા. (૩૩) જ્યાં પુરુષો ચંદનના લેપથી વિલેપન કરાયેલી, પુષ્ટ ઉન્નત અને ગાઢ બે સ્તનવાળી એવી પ્રિયકામિનીઓના સંગને પ્રભાતસમય સુધી પણ છોડતા નથી.

આ પ્રમાણે શિશિર સમય પ્રવૃત્ત થયો ત્યારે ક્યાંયથી પણ વિહાર કરતા ધન સાધુ અટવીમાં આવ્યા. સૂર્યાસ્ત સમયે કાઉસ્સગ્ગમાં રહ્યા. રાત્રીમાં નિરાવરણ ધન સાધુ ઠંડીથી શિલાની જેમ નિશ્ચેષ્ટ થયા. મચ્છરોએ તેના સર્વાંગને ભક્ષણ કરવા શરૂઆત કરી. પછી તે ધન સાધુ મનમાં ભાવના કરે છે કે હે જીવ ! આ શરીર તારાથી અન્ય છે. આ શરીર ડાંસ અને મચ્છરોનું ભક્ષ્ય (ભોજન) છે. તેથી જો આ ડાંસ-મચ્છરો સ્વયં જ ભક્ષણ કરે છે તો તારે આઓ ઉપર દ્વેષ કરવો ઉચિત નથી. (૩૮) જેમ અન્યત્વભાવના ભાવવાથી સ્ત્રી સ્વજન આદિ વિશે અનુગ્રહ અને વિઘાતથી તને સુખ દુ:ખ થતા નથી તેમ અન્યત્વભાવનાથી શરીર વિશે પણ જાણ. અને અહીં ઉપસર્ગમાં તને જે પીડા થાય છે તે પણ કર્મ જનિત છે અને આગળ ઉપર કર્મ ભોગવવાના છે તો પછી અહીં સારું છે કે જિનધર્મની સહાયથી મનમાં વિવેકભાવ ઉત્પન્ન થયો છે ત્યારે અનંતા પલ્યોપમ અને સાગરોપમના દુ:ખો નરકમાં સહન કરાયા છે તેની અપેક્ષાએ આ દુ:ખ કેટલામાત્ર છે ? તેથી સ્થિર થઈ સત્ત્વને અવલંબીને (ધરીને) હે જીવ ! તું એક ક્ષણ ઉપસર્ગને સમભાવે સહન કર. જેથી થોડાકથી પણ તું ઇચ્છિત કાર્યને સાધી શકીશ. આ પ્રમાણે ભાવના કરતો ધનસાધુ

આખી રાત્રી પણ ડાંસ અને મચ્છરોથી ચુસાઈને લોહી વિનાનો કરાયો તથા બહારથી ઠંડીથી ભેદાયેલો અને અંદરથી સમગ્ર કર્મોથી અને પ્રાણોથી મુકાયેલો તે અંતઃકૃત્ કેવલી થઈને મોક્ષમાં ગયો.

**(ધન કથાનક સમાપ્ત થયું.)**

तदेवमनित्यत्वादिकाः प्रोक्ताश्चतस्रो भावनाः, तासु च भावितासु भवस्वरूपं भावनीयं, तद्भावने विरागोत्पत्तेस्तद्धेतुविपक्षासेवनेन मोक्षावाप्तेरित्यनेन सम्बन्धेन इदानीं भवभावनोच्यते, इयमेव चेह सविस्तरा, अत एतदभिधानेनैव ग्रन्थोऽयं प्रसिद्धः, भवश्च नारकतिर्यङ्नरामरगतिभेदाच्चतुर्विध इत्यतो नारकगतिस्वरूपं प्रथमं परिभावनीयमिति दर्शयति-

અવતરણિકા : આ પ્રમાણે અનિત્યાદિ ચાર ભાવનાઓનું વર્ણન કરાયું. એ ચાર ભાવનાઓને ભાવ્યા પછી સંસારના સ્વરૂપની વિચારણા કરવી જોઈએ કારણ કે સંસારના સ્વરૂપની વિચારણા કરવાથી વૈરાગ્યની ઉત્પત્તિ થાય છે પછી સંસારના પ્રતિપક્ષ કારણોનું સેવન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે આ સંબંધથી હમણાં ભવ ભાવના કહેવાય છે અને આ સંસાર ભાવના જ આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક કહેવાયેલી છે તેથી 'ભવ ભાવના' નામથી આ ગ્રંથ પ્રસિદ્ધ છે અને આ સંસાર નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિના ભેદથી ચાર પ્રકારનો છે. આથી નરકગતિના સ્વરૂપની પ્રથમ પરિભાવના કરવી જોઈએ એટલે તેને જણાવતા કહે છે-

**(अथभवभावना)**

**नारयतिरियनरामरगईहिं चउहा भवो विणिद्दिट्ठो ।**
**तत्थ य निरयगईए सरूवमेवं विभावेज्जा ।।८२।।**

**नारकतिर्यग्नरामरगतिभिश्चतुर्धा भवो विनिर्दिष्टः,**
**तत्र च निरयगतेः स्वरूपमेवं विभावयेत् ।।८२।।**

**ગાથાર્થ :** નરકગતિ - તિર્યંચગતિ-મનુષ્યગતિ અને દેવગતિના ભેદથી સંસાર ચાર પ્રકારનો કહેવાયો છે અને તેમાં પ્રથમ નરકગતિના સ્વરૂપની વિભાવના આ પ્રમાણે કરવી. (૮૨)

**गतार्था ।। कथं परिभावयेद् ? इत्याह –**

અવતરણિકા : સંસાર ભાવના કેવી રીતે પરિભાવના કરવી ? તેના ઉત્તરમાં કહે છે-

**रयणप्पभाइयाओ एया तीइ सत्त पुढवीओ ।**
**सव्वाओ समंतेणं अहो अहो वित्थरंतीओ ।।८३।।**

**रत्नप्रभादिका एतास्तत्र सप्तपृथिव्यः,**
**सर्वाः समंतात् अधोऽधो विस्तारवत्यः ।।८३।।**

**ગાથાર્થ :** નરકગતિમાં રત્નપ્રભા વગેરે સાત નરક પૃથ્વીઓ છે અને તે બધી ચારે બાજુથી નીચે નીચે વિસ્તારવાળી છે. (૮૩)

**तस्यां-नरकगतौ एता रत्नप्रभादिकाः सप्त पृथिव्यो भवन्ति, तद्यथा-रत्नप्रभा शर्कराप्रभा वालुकाप्रभा पङ्कप्रभा धूमप्रभा तमःप्रभा तमस्तमःप्रभा । एतासु च मध्ये रत्नप्रभा प्रत्यक्षत एव दृश्यते, अतस्तत्प्रत्यक्षतया प्रत्यक्षपरामर्शिना एतच्छब्देन**

सर्वा अपि निर्दिष्टाः । एताश्च सर्वा अपि समन्तात् सर्वासु दिक्ष्वायामविष्कम्भाभ्यामधोऽधो विस्तारवत्यो द्रष्टव्याः । तद्यथा-रत्नप्रभा उपरितन समवर्त्तिन्याकाशप्रदेशप्रतरद्वये आयामविष्कम्भाभ्यां सर्वत्रैकरज्जुः, ततश्चाधोऽध एषा विस्तारवती तावद् यावच्छर्कराप्रभा आयामविष्कम्भाभ्यां सर्वत्र रज्जुद्वयं, एवं वालुकाप्रभा तिस्रो रज्जवः, पङ्कप्रभा चतस्रः, धूमप्रभा पञ्च षष्ठी षड्, सप्तमपृथ्वी सप्त रज्जवः आयामविष्कम्भाभ्यामिति स्थूलमानं, सूक्ष्मं तु तत् शास्त्रान्तरेभ्योऽवसेयमिति । एतासु च सप्तपृथिवीषु नगरकल्पा अधरोत्तरगत्या व्यवस्थिताः प्रस्तटा भवन्ति । तद्यथा-रत्नप्रभायां त्रयोदश, शर्कराप्रभायामेकादश, वालुकाप्रभायां नव, चतुर्थ्यां सप्त, पञ्चम्यां पञ्च, षष्ठ्यां त्रयः, सप्तम्यां त्वेकप्रस्तटः उक्तं च – 'तेरेक्कारस नव सत्त पंच तिन्नि य तहेव एक्को य । पत्थडसंखा एसा सत्तसु वि कमेण पुढवीसु ।।१।।', एतेषु च नगरकल्पेषु प्रस्तटेषु तदन्तर्गताः पाटककल्पा नरकावासा भवन्ति, तत्सङ्ख्यां सप्तस्वपि पृथिवीषु क्रमेणाऽऽह –

**ટીકાર્થ :** તે નરકગતિમાં આ રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ છે. તે આ પ્રમાણે -

(૧) રત્ન પ્રભા (૨) શર્કરા પ્રભા (૩) વાલુકા પ્રભા (૪) પંક પ્રભા (૫) ધૂમ પ્રભા (૬) તમઃ પ્રભા અને (૭) તમસ્તમઃ પ્રભા આ સાતમાંથી એક રત્નપ્રભા પૃથ્વી જ પ્રત્યક્ષથી દેખાય છે. આથી જ રત્નપ્રભાની પ્રત્યક્ષતાથી અને પ્રત્યક્ષના આધારવાળી યુક્તિથી સર્વ પણ પૃથ્વીઓ સૂચિત કરાયેલી છે. અને આ સર્વ પૃથ્વીઓ ચારે બાજુથી અર્થાત્ સર્વ દિશામાં લંબાઈ અને પહોળાઈથી નીચે નીચે વિસ્તારવાળી જાણવી. તે આ પ્રમાણે - રત્નપ્રભા પૃથ્વી તેની ઉપર રહેલા આકાશ પ્રદેશના બે પ્રતરમાં લંબાઈ અને પહોળાઈથી સર્વત્ર એક રજ્જુ પ્રમાણ છે પછી નીચે નીચે વિસ્તારમાં તે રીતે વધતી જાય છે યાવત્ બીજી શર્કરાપ્રભા લંબાઈ અને પહોળાઈથી સર્વત્ર બે રજ્જુ પ્રમાણ થાય છે એ પ્રમાણે વાલુકા પ્રભા ત્રણ રજ્જુ પ્રમાણ, પંકપ્રભા ચાર રજ્જુપ્રમાણ, ધૂમપ્રભા પાંચ રજ્જુ પ્રમાણ, તમઃપ્રભા છ રજ્જુ પ્રમાણ અને સાતમી તમસ્તમઃ પ્રભા સાત રજ્જુ પ્રમાણ વિસ્તાર અને પહોળાઈવાળી થાય છે. આ માપ સ્થૂળ છે પણ સૂક્ષ્મ માપ બીજા શાસ્ત્રોમાંથી જાણવું અને આ સાતેય પૃથ્વીઓમાં નગર સમાન પ્રતરો નીચેથી ઉપર ઉપર ગોઠવાયેલા છે. તે પ્રમાણે - રત્નપ્રભામાં તેર, શર્કરાપ્રભામાં અગીયાર, વાલુકાપ્રભામાં નવ, પંકપ્રભામાં સાત, ધૂમપ્રભામાં પાંચ, તમઃ પ્રભામાં ત્રણ અને તમસ્તમઃ પ્રભામાં એક પ્રસ્તર છે. બીજા ગ્રંથોમાં કહ્યું છે કે-

તેર, અગીયાર, નવ, સાત, પાંચ, ત્રણ અને એક એમ ક્રમસર સાતેય પૃથ્વીમાં પાથડાઓની સંખ્યા જાણવી.

આ નગર સમાન પ્રસ્તરોની અંતર્ગત પાટક સમાન (પાડા સમાન) નરકાવાસો છે. સાતેય પણ પૃથ્વીમાં તેની સંખ્યાને ક્રમથી જણાવે છે.

**तीस पणवीस पनरस दसलक्खा तिन्नि एगं पंचूणं ।**
**पंच य नरगावासा चुलसीलक्खाइं सव्वासु ।।८४।।**

**त्रिंशत्पंचविंशतिपंचदशदशलक्षाः त्रयः एकं पंचोनं,**
**पंच च नरकावासाः चतुरशीतिर्लक्षाणि सर्वासु।।८४।।**

**ગાથાર્થ :** ત્રીસ લાખ, પચ્ચીશ લાખ, પંદર લાખ, દસ લાખ, ત્રણ લાખ, નવાણું હજાર નવસો પંચાણું અને પાંચ એમ બધા મળીને કુલ ચોરાશી લાખ નરકાવાસો જાણવા. (૮૪)

रत्नप्रभायां त्रयोदशस्वपि प्रस्तटेषु त्रिंशल्लक्षाणि नरकावासानां भवन्ति, एवं यावत् षष्टपृथिव्यां त्रिष्वपि प्रस्तटेषु पञ्चभिर्नरकावासैर्न्यूनमेकं लक्षं नरकावासानां भवति, सप्तम्यां त्वेकस्मिन् प्रस्तटे पञ्चैव नरकावासाः । मीलितास्तु सर्वेऽपि चतुरशीतिलक्षाणि भवन्ति ।। अथैषां नरकावासानां संस्थानादिस्वरूपमाह –

**ટીકાર્થ :** ત્રીસ લાખ, પચ્ચીશ લાખ, પંદર લાખ, દસ લાખ, ત્રણ લાખ, નવાણું હજાર નવસો પંચાણું અને પાંચ એમ બધા મળીને કુલ ચોરાશી લાખ નરકા વાસો જાણવા. (૮૪)

| | |
|---|---|
| પહેલી રત્નપ્રભાના તેર પ્રતરમાં બધા મળીને ત્રીસ લાખ નરકાવાસો છે. | ૩૦,૦૦૦૦૦ |
| બીજી શર્કરાપ્રભાના અગીયાર પ્રતરમાં બધા મળીને પચીસ લાખ નરકાવાસો છે. | ૨૫,૦૦૦૦૦ |
| ત્રીજી વાલુકાપ્રભાના નવ પ્રતરમાં બધા મળીને પંદર લાખ નરકાવાસો છે. | ૧૫,૦૦૦૦૦ |
| ચોથી પંક પ્રભાના સાત પ્રતરમાં બધા મળીને દશ લાખ નરકાવાસો છે. | ૧૦,૦૦૦૦૦ |
| પાંચમી ધૂમ પ્રભાના પાંચ પ્રતરમાં બધા મળીને ત્રણ લાખ નરકાવાસો છે. | ૦૩,૦૦૦૦૦ |
| છઠ્ઠી તમ: પ્રભાના ત્રણ પ્રતરમાં બંધા મળીને નવાણું હજાર નવસો પંચાણું નરકાવાસો છે. | ૯૯૯૯૫ |
| સાતમી તમસ્તમ: પ્રભાના એક પ્રતરમાં બધા મળીને પાંચ નરકાવાસો છે. | -૦૫ |
| સર્વ મળીને ચોરાશી લાખ નરકાવાસો થાય છે. | ૮૪,૦૦૦૦૦ |

હવે આ નરકાવાસોના સંસ્થાનાદિ સ્વરૂપને કહે છે.

**ते णं नरयावासा अंतो वट्टा बहिं तु चउरंसा ।**
**हेट्ठा खुरुप्पसंठाणसंठिया परमदुग्गंधा ।।८५।।**
**असुई निच्चपइट्ठियपूयवसा मंसरुहिरचिक्खिल्ला ।**
**धूमप्पभाइ किंचि वि जाव निसग्गेण अइउसिणा ।।८६।।**

**ते नरकावासा अंतर्वृत्ता बहिश्चतुरस्राः, अधःक्षुरप्रसंस्थानसंस्थिताः परमदुर्गन्धाः ।।८५।।**
**अशुचिनित्यप्रतिष्ठितपूतवसामांसरुधिरकर्दमाः,**
**धूमप्रभायां कियन्तोऽपि यावन्निसर्गेणात्युष्णाः ।।८६।।**

**ગાથાર્થ :** તે નરકાવાસો અંદરથી ગોળ અને બહારથી ચોરસ છે, તળીયામાં ક્ષુરપ્ર (અસ્ત્રા) સંસ્થાનવાળા છે અને અત્યંત દુર્ગંધવાળા છે. (૮૫)

તે નરકાવાસો હંમેશા અશુચિથી ભરેલા, ગંધાતી ચરબી-માંસ-લોહી રૂપી કાદવવાળા, ધૂમપ્રભા સુધીની સર્વ પૃથ્વીઓના નરકાવાસો તેમ જ ધૂમ પ્રભાના કેટલાક નરકાવાસો સ્વભાવથી અતિ-ઉષ્ણ છે. (૮૬)

**पाठसिद्धे, नवरं मांसवसादिवस्तूनि तत्र परमाधार्मिकप्रवर्त्तितानि द्रष्टव्यानि, स्वरूपेण तेषां तत्राभावात् । चतुर्थीपञ्चम्यादिषु तु परमाधार्मिकरहितासु मांसादिविकुर्वणाभावेऽपि स्वरूपेणैव ते अनन्तगुणदुर्गन्धा भवति । अपरं चाद्यासु तिसृषु पृथ्वीषु चतुर्थ्यां च बहवो नरकावासा धूमप्रभायामपि कियन्तोऽपि नरकावासाः, ते स्वभावेनैवोष्णा भवन्ति, तच्चौष्ण्यं कियति माने इति वक्ष्यति ।। परतः का वार्ता इत्याह –**

**ટીકાર્થ :** નરકમાં માંસાદિ વસ્તુઓ જે છે તે પરમાધામીઓ વડે વિકુર્વેલી જાણવી પણ સ્વરૂપથી નરકમાં

માંસાદિનો અભાવ છે. ચોથી-પાંચમી આદિ નરકોમાં પરમાધામીઓ નહીં હોવાથી માંસાદિ વિકુર્વણાનો અભાવ હોવા છતાં પણ સ્વરૂપથી જ નારકીના શરીરો અનંતગુણ દુર્ગંધવાળા હોય છે અને બીજું એ કે પ્રથમની ત્રણ નરકોમાં તથા ચોથીમાં ઘણાં નરકાવાસો અને પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં પણ કેટલાક નરકાવાસો સ્વભાવથી જ ઉષ્ણ હોય છે અને તે ઉષ્ણતાનું પ્રમાણ કેટલું છે ? તેને કહે છે અને બાકીની નરક પૃથ્વીઓની શું હકીકત છે તેને કહે છે-

**परओ निसग्गओ च्चिय दुस्सहमहासीयवेयणाकलिया ।**
**निच्चंधयारतमसा नीसेसदुहायरा सव्वे ।।८७।।**

**परतो निसर्गतश्चैव दुःसहमहाशीतवेदनाकलिताः,**
**नित्यांधकारतमसः निःशेषदुःखाकराः सर्वे ।।८७।।**

**ગાથાર્થ** : પછીની નરકપૃથ્વીઓ સ્વભાવથી જ દુઃસહ-મહાશીત વેદનાવાળી છે અને બધી પૃથ્વીઓ હંમેશા ગાઢ અંધકારવાળી અને સંપૂર્ણ દુઃખોની ખાણ છે. (૮૭)

**धूमप्रभायाः कियद्भयोऽपि नरकावासेभ्यः परतो ये तस्यामपि पृथिव्यां नरकावासा ये च षष्ठीसप्तम्योः येऽपि चतुर्थ्यां कियन्तोऽपि नरकावासास्ते स्वभावेनैव दुस्सहमहाशीतवेदनाकलिताः । शैत्यमानमपि वक्ष्यति । इदं तु सर्वेषां साधारणं स्वरूपं, किमित्याह – 'निच्चंधयारे' त्यादि, केवलमन्धकारदुःखयोरधोऽधोऽनन्तगुणत्वं द्रष्टव्यम् ।। औष्ण्यशैत्यमानमाह –**

**ટીકાર્થ :** ધૂમ પ્રભાના કેટલાક નરકવાસો પછીના બીજા નરકાવાસો છે તે અને છઠ્ઠી તથા સાતમી નરક પૃથ્વીઓમાં તથા ચોથીમાં પણ કેટલાક નરકાવાસો સ્વભાવથી જ દુઃસહ મહાશીતવેદનાવાળા છે. શીતતાનું પ્રમાણ પણ આગળ બતાવશે. પણ આ સર્વે નરક પૃથ્વીઓનું સાધારણ સ્વરૂપ શું છે તેને કહે છે- **निच्चंधयारे - त्यादि** ફક્ત અંધકાર અને દુઃખ એ બેનું પછી પછી નરક પૃથ્વીમાં અનંત ગણું વધારે જાણવું.

અવતરણિકા : નરક પૃથ્વીમાં ઉષ્ણતા અને શીતતાનું માપ જણાવતા કહે છે.

**जइ अमरगिरिसमाणं हिमपिंडं कोऽवि उसिणनरएसु ।**
**खिवइ सुरो तो खिप्पं वच्चइ विलयं अपत्तोऽवि ।।८८।।**

**धमियकयअग्गिवन्नो मेरुसमो जइ पडेज्ज अयगोलो ।**
**परिणामिज्जइ सीएसु सोऽवि हिमपिंडरूवेण ।।८९।।**

**यदि अमरगिरिसमानं हिमपिंडं कोऽपि उष्णनरकेषु,**
**क्षिपति सुरस्तर्हि क्षिप्रं स व्रजति विलयमप्राप्तोऽपि ।।८८।।**

**ध्मात्वा कृताग्निवर्णो मेरुसमो यदि पतेत् अयोगोलः**
**परिणम्यते शीतेषु सोऽपि हिमपिंडरूपेण ।।८९।।**

**ગાથાર્થ :** જો કોઈ દેવ મેરુપર્વત જેટલા મોટા હિમખંડને ઉષ્ણ નરક પૃથ્વીમાં ફેંકે તો તે ખંડ નરક પૃથ્વીમાં પહોંચ્યા પહેલા જ પીગળી જાય છે. (૮૮)

જો મેરુપર્વત જેટલો મોટો લોખંડનો ગોળો તપાવીને લાલચોળ કરેલો શીત નરક પૃથ્વીઓમાં ફેંકવામાં આવે તો તે પણ પહોંચ્યા પહેલાં હિમના પિંડ જેવો ઠંડો થઈ જાય છે.(૮૯)

**असत्कल्पनेयम्, अकृतपूर्वत्वादित्थं, प्रायः प्रयोजनाभावाद् । अयं चेह परमार्थः-खादिरांगाररूपस्य वह्नेरिह यदौष्ण्यं ततोऽनन्तगुणं तदौष्ण्यं नरकेषु । यच्चेह मन्दमन्दपवनान्वितायां पौषमाघवृष्टौ उत्कृष्टं शीतं ततोऽनन्तगुणं तच्छीतं नरकेषु । एते च द्वे अप्यौष्ण्यशैत्ये स्वस्थाने अवस्थिते कदाचिदपि नापगच्छतः, अधोऽधोऽनन्तगुणे च द्रष्टव्ये ।। आद्यासु चतसृषु नरकपृथ्वीषु अतिकठिनवज्रकुड्यानि सर्वत्र भवन्ति, तेषु च आलककल्पान्यतीव संकटमुखानि घटिकालयानि भवन्तीति दर्शयति –**

**ટીકાર્થ :** આ એક અસત્ કલ્પના છે કેમકે પ્રાય: પ્રયોજનનો અભાવ હોવાથી આવી ઘટનાઓ પૂર્વે ક્યારેય બની હોતી નથી અને ભવિષ્યમાં બનવાની નથી. અહીં કહેવાનો આશય એ છે કે આ લોકમાં ખાદિરના અંગાર સમાન લાલ અગ્નિની જે ઉષ્ણતા હોય છે તેના કરતાં અનંતગણી ઉષ્ણતા નરકોમાં હોય છે અને અહીં મંદ મંદ પવનથી યુક્ત એવા પોષ અને મહામાસની વરસાદની વૃષ્ટિ વખતે જે ઉત્કૃષ્ટ ઠંડી છે તેના કરતાં અનંત ગણી ઠંડી નારક પૃથ્વીઓમાં છે અને આ બે શીતળતા અને ઉષ્ણતા પોતપોતાના સ્થાનમાં રહેલી છે ક્યારેય પણ દૂર થતી નથી અને નીચે નીચે અનંત ગુણ વધારે જાણવી. પ્રથમની ચાર નરક પૃથ્વીઓમાં સર્વત્ર અતિ કઠીન વજની ભીંતો હોય છે અને દિવાલની અંદર તુંબડી સમાન અતિ સાંકડા મુખવાળી ઘટીઓ હોય છે. તેને બતાવતા કહે છે કે-

**अइकढिणवज्जकुड्डा होंति समंतेण तेसु नरएसु ।**
**संकडमुहाइं घडियालयाइं किर तेसु भणियाइं ।।९०।।**

**अतिकठिनवज्रकुड्यां भवन्ति समन्तात् तेषु**
**नरकेषु संकटमुखा घटिकालया किल तेषु भणिताः ।।९०।।**

**ગાથાર્થ :** તે નરકાવાસોમાં ચારે તરફ અતિ કઠીન વજની ભીંતો હોય છે અને તેમાં અતિ સાંકડામુખવાળા ૯ ઘટિકાલયો હોય છે.

**गतार्था ।। तेषु नारका यद्विधायोत्पद्यन्ते तदाह –**

અવતરણિકા : પૂર્વે જે પાપો કરીને નારકો ઘટિકાલયોમાં ઉત્પન્ન થાય છે તેને કહે છે-

**मूढा य महारंभं अइघोरपरिग्गहं पणिंदवहं ।**
**काऊण इहऽन्नाणि वि कुणिमाहाराइं पावाइं ।।९१।।**
**पावभरेणक्कंता नीरे अयगोलउ व्व गयसरणा ।**
**वच्चंति अहो जीवा निरए घडियालयाणंतो ।।९२।।**

**मूढाश्च महारंभमतिघोरपरिग्रहं पंचेन्द्रियवधं,**
**कृत्वा इहाज्ञानिनोऽपि मांसाहारादिपापानि ।।९१।।**

**पापभरेणाक्रान्ता नीरे अयोगोलका इव गतशरणाः,**

**व्रजन्ति अधो जीवाः निरये घटिकालयानामन्तः ।।९२।। (युग्मम्)**

**ગાથાર્થ :** મહારંભ, અતિઘોર પરિગ્રહ, પંચેન્દ્રિય વધ, અને બીજા પણ માંસાહારાદિ પાપો કરીને પાપના સમૂહોથી ભારે થયેલા શરણ વિનાના એવા જીવો લોખંડના ગોળાની જેમ નારક પૃથ્વીના ઘટિકાલયમાં જાય છે. (૯૧-૯૨)

**सुबोधे ।। कियन्मानं पुनस्तेषां तत्र शरीरं भवतीत्याह –**

અવતરણિકા : નરકપૃથ્વીઓમાં નારકોનું શરીર કેટલા પ્રમાણવાળું હોય છે તેને કહે છે.

**अंगुलअसंखभागो तेसि शरीरं तहिं हवइ पढमं ।**

**अंतोमुहुत्तमेत्तेण जायए तं पि हु महल्लं ।।९३।।**

**अंगुलासंख्यभागस्तेषां शरीरं तत्र भवति प्रथमं,**

**अंतर्मुहूर्त्तमात्रेण जायते तदपि खलु महत् ।।९३।।**

**ગાથાર્થ :** નારકના જીવો ઘટિકાલયમાં જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે શરૂઆતમાં તેમનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે પછી અંતર્મુહૂર્તથી મોટું થાય છે. (૯૩)

**इदमुक्तं भवति-सर्वास्वपि नरकपृथ्वीषु नारकाणां भवधारणीयं शरीरं जघन्यतोऽङ्गुलासङ्ख्येयभागः उत्कृष्टं तु प्रथमपृथिव्यां सप्त धनूंषि हस्तत्रयमङ्गुलषट्कं च, द्वितीयायां तु ततो द्विगुणं, तद्यथापञ्चदश धनूंषि सार्द्धहस्तद्वयं च, तृतीयायां तु ततो द्विगुणं, तद्यथा-एकत्रिंशद्धनूंष्येको हस्तः, एवं पूर्वस्या उत्तरस्यां द्विगुणता द्रष्टव्या यावत् सप्तमपृथिव्यां पञ्च धनुःशतान्युत्कृष्टं भवधारणीयशरीरं, इदं चोत्कृष्टमानमन्तर्मुहूर्त्तात् सर्वत्र भवति । उत्तरवैक्रियं तु सर्वास्वपि जघन्यतोऽङ्गुलसङ्ख्येयभागः, उत्कृष्टं तु तद्भवधारणीयोत्कृष्टात् सर्वत्र द्विगुणं यावत् सप्तमपृथिव्यां धनुःसहस्त्रमुत्कृष्टमुत्तरवैक्रियमिति ।। ननु अन्तमुहूर्त्ताद्यदि तदीदृशंबृहद् भवधारणीयं शरीरं भवति तर्हि घटिकालयेषु ते निराबाधं कथं मान्तीत्यत्राह –**

**ટીકાર્થ :** અહીં કહેવાનો ભાવ એ છે કે સર્વ પણ નરકપૃથ્વીઓમાં ભવધારણીય શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ હોય છે. અને ઉત્કૃષ્ટથી પ્રથમ નરકમાં સાત ધનુષ્ય ત્રણ હાથ અને છ આંગળ ઊંચુ હોય છે, બીજી નરક પૃથ્વીમાં તેનાથી બમણું એટલે કે પંદર ધનુષ્ય અને અઢી હાથ, ત્રીજીમાં બીજી કરતા બમણું એટલે કે એકત્રીશ ધનુષ્ય અને એક હાથ, એમ કરતાં પૂર્વ પૂર્વની નરક પૃથ્વી કરતા પછી પછીની નરક પૃથ્વીમાં બમણું બમણું જાણવું. એમ સાતમી નરક પૃથ્વીમાં પાંચશો ધનુષ્ય ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીર જાણવું અને આ ઉત્કૃષ્ટમાન સર્વ નરક પૃથ્વીમાં અંતર્મુહૂર્ત્ત કાળમાં પૂર્ણ થાય છે. ઉત્તર વૈક્રિય શરીર સર્વ પણ નરક પૃથ્વીઓમાં યાવત્ સાતમી નરક પૃથ્વીમાં ઉત્તર વૈક્રિય શરીર એક હજાર ધનુષ્ય છે.

**પ્રશ્ન :** અંતર્મુહૂર્ત્તકાળથી જો આટલું મોટું ભવધારણીય શરીર થાય છે તો ઘટિકાલયમાં પીડા રહિત તે શરીર કેવી રીતે સમાય શકે ?

**ઉત્તર :** આનો ઉત્તર નીચેની ગાથાથી જણાવે છે.

**पीडिज्जइ सो तत्तो घडियालयसंकडे अमायंतो ।**

**पीलिज्जंतो हत्थि व्व घाणए विरसमारसइ ।।९४।।**

**पीड्यते स ततो घटिकालये संकटे अमान्,**

**पीड्यमानो हस्तीव (यन्त्रे) घानके विरसमारसति ।।९४।।**

**ગાથાર્થ :** તે નારકનો જીવ સાંકડા ઘટિકાલયમાં નહીં સમાતો પીડાય છે અને ઘાણીમાં પીલાતા હાથીની જેમ કરુણ રડે છે. (૯૪)

**घटिकालयसङ्कटे पीड्यते-बाध्यतेऽसौ, घटिकालयस्यातिसंकटत्वात् तस्य चातिमहत्त्वादिति, हस्तिनं च घाणके प्रायो न कश्चित् प्रक्षिपति, केवलमभूतोपमेयं, यद्येवं कश्चित् कुर्यादिति ।। तं च तथोत्पन्नं दृष्ट्वा परमाधार्मिकसुरा यत् कुर्वन्ति तद्दर्शयति –**

**ટીકાર્થ :** ઘટિકાલયનું પ્રમાણ ઘણું સાંકડુ હોવાથી અને જીવનું શરીર ઘણું મોટું હોવાથી સાંકડા ઘટિકાલયમાં જીવ પીડાય છે. ઘણું કરીને કોઈપણ હાથીને ઘાણીમાં નાખતું નથી. આ ફક્ત અભૂતોપમા (કલ્પિત ઉપમા = જે વસ્તુ નથી તેની આપવામાં આવેલી ઉપમા) છે. જો કોઈક આ પ્રમાણે કરે તો હાથી કરુણ સ્વરે રડે એ ઉપમા ઘટી શકે.

અને તેવી રીતે ઉત્પન્ન થયેલા નારકના જીવને જોઈને પરમાધામી દેવો જે પ્રવૃત્તિ કરે છે તેને જણાવે છે.

**तं तह उप्पण्णं पासिऊण धावंति हट्ठतुट्ठमणा ।**

**रे रे गिण्हह गिण्हह एयं दुट्ठं ति जंपंता ।।९५।।**

**छोल्लिज्जंतं तह संकडाउ जंताओ वंससलियं व ।**

**धरिऊण खरे कड्ढंति पलवमाणं इमे देवा ।।९६।।**

**तं तथोत्पन्नं दृष्ट्वा धावंति हृष्टतुष्टमनसः,**

**रे रे गृह्णत गृह्णत एनं दुष्टमिति जल्पन्तः ।।९५।।**

**तक्ष्यमाणं तथा संकटात् यंत्रात् वंशशलाकामिव,**

**धृत्वा क्षुरप्रे कर्षयन्ति प्रलपन्तं इमे देवाः ।।९६।।**

**ગાથાર્થ :** તથા ઉત્પન્ન થતા તે નારકને જોઈને અરે ! અરે ! આ દુષ્ટને પકડો પકડો એ પ્રમાણે બોલતા હૃષ્ટ-તુષ્ટ મનવાળા આ પરમાધામી દેવો દોડે છે તથા સાંકડા યંત્રમાંથી છોલાતી વાંસની સળીની જેમ છોલાતા તથા પ્રલાપ કરતા નારકના જીવને સાણસાથી પકડીને ખેંચે છે અર્થાત્ ખેંચનાર કારીગર અસમાન જાડાઈવાળી વાંસની સળીને યંત્રના કાણામાંથી ખેંચીને છોલીને સરખી જાડાઈ વાળી કરે છે તેમ પરમાધામીઓ નારકના જીવને પીડે છે. (૯૫-૯૬)

**यथा मोचिकः फरकनिमित्तं यन्त्राद्वंशशलिकामाकर्षति, शेषं सुगमं ।। के पुनस्ते परमाधार्मिका देवाः ? इत्याह -**

જેવી રીતે કારીગર વાંસને યંત્રમાં નાખીને તેમાંથી વાંસની પાતળી સળીઓ ખેંચે છે તેવી રીતે પરમાધામીઓ કુંભીમાંથી નારકોને ખેંચીને કાઢે છે.

અવતરણિકા : પણ તે પરમાધામી દેવો કોણ છે ? તેના ઉત્તરમાં કહે છે-

**अंबे अंबरिसी चेव, सामे य सबले त्ति य ।**
**रुद्दो[1] वरुद्द काले य, महाकाले त्ति आवरे ।।९७।।**
**असि पत्तेधणू कुंभे, वालू वेयरणि त्ति य ।**
**खरस्सरे महाघोसे, पनरस परमाहम्मिया ।।९८।।**

**अम्बा अम्बर्षयश्चैव श्यामाः शबला इति च,**
**रुद्रोपरुद्राः कालाश्च महाकाला इति चापरे ।।९७।।**
**असयः पत्रधनुषः कुम्भाः वालुका वैतरणय इति च,**
**खरस्वरा महाघोषाः पंचदश परमाधार्मिकाः ।।९८।।**

**ગાથાર્થ :** અંબ, અંબરિસ, શ્યામ, શબલ તથા રુદ્ર, ઉપરુદ્ર તથા કાળ અને મહાકાળ તથા અસિ, પત્રધેનુ, કુંભ, વાલુક તથા વૈતરણી તથા ખરસ્વર અને મહાઘોષ એમ પંદર પરમાધામીઓ છે. (૯૭-૯૮)

**अम्बाः - अम्बजातीयदेवाः अम्बर्षयः - अम्बर्षिजातीयाः एवं श्यामाः शबलाः रुद्राः [2]उपरुद्राः कालाः महाकालाः असिनामानः पत्रधनुर्नामानः [3]कुम्भजातीयाः वालुकाभिधानाः वैतरणीनामानः खरस्वरा महाघोषाः, एते पञ्चदश परमाधार्मिका देवाः अत्राखेटिका इव क्रीडया नारकाणां वेदनोत्पादका इति ।। एते च नरकपाला देवास्तेषामभिमुखं किं जल्पन्तो धावन्ति ?, किं चाग्रतः कुर्वन्तीत्याह –**

**ટીકાર્થ :** અંબ જાતિના દેવો અંબ કહેવાય છે, અંબર્ષ જાતિના દેવો અંબર્ષ કહેવાય છે. એ પ્રમાણે શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ અસિ. પત્રધનુ, કુંભ, વાલુક, ખરસ્વર અને મહાઘોષ વિશે પણ તેમજ જાણવું અર્થાત્ તે તે જાતિના દેવો તે તે નામથી ઓળખાય છે. આ પંદર પરમાધામી દેવો નરકમાં શિકારી કૂતરાની જેમ ક્રીડાથી નારકોને વેદના ઉત્પન્ન કરનારા છે.

**અવતરણિકા :** અને એ નરકપાલ દેવો શું બોલતા તેઓની તરફ દોડે છે ? અને પછી શું કરે છે ? તેને જણાવવા કહે છે-

**एए य निरयपाला धावंति समंतओ कलयलंता ।**
**रे रे तुरियं मारह छिंदह भिंदह इमं पावं ।।९९।।**
**इयं जंपंता वावल्लभल्लिसेल्लेहिं खग्गकुंतेहिं ।**
**नीहरमाणं विंधंति तह य छिंदंति निक्करुणा ।।१००।।**

**एते च निरयपालाः धावन्ति समंततश्च कलकलयन्तः,**
**रे रे त्वरितं मारयत छिन्न भिन्न इमं पापम् ।।९९।।**

१-२. विरु – वा. ।। ३. कुम्भि – वा. ।।

· इति जल्पन्तः वावल्लभल्लिशैलैः खड्गकुन्तैः निःसरन्तं
तं विध्यन्ति तथा च छिंदन्ति निष्करुणाः ।।१००।।

**ગાથાર્થ :** અને આ નરકપાલો કલકલ કરતા ચારે તરફ દોડે છે. અરે ! અરે ! આ પાપીને જલદીથી મારો, 'છેદો ભેદો' એમ બોલતા વાવલ્લ (એક જાતનું શસ્ત્ર) ભાલા અને બાણ તથા ખડ્ગ અને ભાલાઓથી નીકળતા નારકને વીંધે છે અને નિષ્કરુણ પરમાધામીઓ છેદે છે. (૧૦૦)

**सुगमे । नवरं पापं-पापिष्ठं "अन्नेऽवि निरयपाला" इति पाठोऽयुक्त एव लक्ष्यते, अनागमिकत्वाद्, अम्बादिपञ्चदशदेवजातिभ्योऽन्यस्य नरकपालस्यागमे क्वचिदप्यश्रवणाद्, अतः शोधनीयोऽसौ पाठ इति ।। घटिकालयान्निपतन्नारकस्तैः पापक्रीडारतैः देवैः क्व क्षिप्यत इत्याह –**

**ટીકાર્થ :** પરંતુ पावं એટલે પાપિષ્ઠ 'अन्ने वि निरयपालां એ પ્રમાણે જે પાઠ દેખાય છે તે યોગ્ય નથી એમ ટીકાકાર જણાવે છે કારણ કે તે પાઠ આગમિક નથી. અંબાદિ પંદર પરમાધામી દેવો સિવાય બીજા નરકપાલો આગમમાં ક્યાંય પણ સંભળાતા નથી તેથી પાઠ શુદ્ધ કરવો.

અવતરણિકા : પાપ ક્રીડાઓમાં રત તે દેવોવડે ખેંચાઈને ઘટિકાલયમાંથી નીકળતો નારક પછી કયાં ફેંકાય છે તેને જણાવતા કહે છે.

**निवडंतोऽवि हु कोइ वि पढमं खिप्पइ महंतसूलाए ।**
**अप्फालिज्जइ अन्नो वज्जसिलाकंटयसमूहे ।।१०१।।**
**अन्नो वज्जग्गिचियासु खिप्पए विरसमारसंतोऽवि ।**
**अंबाईणऽसुराणं एत्तो साहेमि वावारं ।।१०२।।**

**निपतन्नपि कोऽपि प्रथमं क्षिप्यते महत्यां शूलायां,**
**आस्फाल्यतेऽन्यो वज्रशिलाकंटकसमूहे ।।१०१।।**
**अन्यो वज्राग्निचितासु क्षिप्यते विरसमारसन्नपि,**
**अंबादीनामसुराणां इतः कथयामि व्यापारान् ।।१०२।।**

**ગાથાર્થ :** નીકળતો એવો પણ કોઈક નારક પ્રથમ પરમાધામી વડે મોટા શૂળ ઉપર પરોવાય છે. બીજો નારક વજ્રશિલા કંટકસમૂહમાં અફળાવાય છે અને બીજો વિરસને રડતો વજ્રાગ્નિની ચિતામાં ફેંકાય છે, આથી અંબાદિ પરમાધામીઓના પ્રત્યેકના વ્યાપારને કહું છું. (૧૦૧-૧૦૨)

**स्पष्टे । नवरमेते अम्बादिजातीया देवाः प्रायो भिन्नव्यापारेण नारकान् कदर्थयन्ति, यतस्तेषां पृथग्व्यापारं द्वितीयसूत्रकृदङ्गादिषु तीर्थकरगणधरैः प्रतिपादितं कथयामि ।।**

**तत्राम्बजातीयानामयं व्यापारस्तद्यथा –**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ છે પરંતુ આ અંબાદિ જાતિના દેવો ઘણું કરીને જુદા જુદા વ્યાપારથી નારકોને કદર્થના કરે છે કારણ કે તેઓનો પૃથક્ વ્યાપાર બીજા **સૂત્રકૃતાંગાદિમાં** તીર્થંકરો અને ગણધરો વડે કહેવાય છે તેને હું કહું છું.

અવતરણિકા : તેઓમાં પ્રથમ અંબજાતિનો જે વ્યાપાર છે તેને જણાવે છે.

**आराइएहिं विंधंति मोग्गराईहिं तह निसुंभंति ।**
**धाडंति अंबरयले मुंचंति य नारए अंबा ।।१०३।।**

**आरादिभिर्विध्यन्ति तथा मुद्गरादिभिर्निघ्नन्ति,**
**घाटयन्ति अंबरतलान्मुञ्चन्ति च नारकानम्बाः ।।१०३।।**

**ગાથાર્થ :** અંબ પરમાધામીઓ નારકોને આરોથી વીંધે છે તથા મુદ્ગરાદિથી મારે છે, ત્રાસ પ્રમાડે છે અને આકાશતળમાં મૂકે છે. (૧૦૩)

**अम्बजातीया देवा नारकमम्बरतले दूरं नीत्वा ततश्चाधोमुखं मुञ्चन्ति, पतन्तं च वज्रमयारादिभिर्विध्यन्ति, मुद्गरादिभिस्ताडयन्ति, तथा 'धाडंति' त्ति क्रीडया नानाभयानि सन्दर्शयन्तः सारमेयानिव तानुत्त्रासयन्ति, दूरं यावत् पृष्ठतो धावन्तः पलायनं कारयन्तीत्यर्थः ।।**

**ટીકાર્થ :** અંબ જાતિના દેવો નારકને આકાશમાં દૂર ઊંચે લઈ જઈ પછી ઊલટું મુખ કરીને છોડે છે અને પડતા એવા તેને વજ્રમય આરાદિથી વીંધે છે તથા મુદ્ગરાદિથી મારે છે. અને ધાડંતિ એટલે ક્રીડાથી જુદા જુદા ભયોને બતાવતા કૂતરાઓની જેમ તેઓને ત્રાસ આપે છે. દૂર સુધી પાછળ દોડતા પરમાધામીઓ તેઓને ભગાડે છે એમ કહેવાનો ભાવ છે.

**अथाम्बर्षिव्यापारः –**

હવે અંબર્ષિના વ્યાપારને જણાવે છે.

**निहए य तह निसन्ने ओहयचित्ते विचित्तखंडेहिं ।**
**कप्पणीहिं अंबरिसी तत्थ नेरतिए ।।१०४।।**

**निहतांश्च तथा निषण्णान् उपहतचित्तान् विचित्रखण्डैः**
**कल्पयन्ति कल्पनीभिः अम्बर्षयस्तत्र नैरयिकान् ।।१०४।।**

**ગાથાર્થ :** અંબર્ષિ જાતિના દેવો નારકોને એવી રીતે હણે છે જેથી તેઓ બેભાન થઈ પડે છે. પછી તીક્ષ્ણ કાતરોથી તેઓના ભિન્ન ભિન્ન ટૂકડાઓ કરે છે. (૧૦૪)

**खड्गमुद्गरादिना निहतांस्तथा निषण्णांस्तद्घातमूर्च्छया पतितानुपहतमनःसंकल्पान्निश्चेतनीभूतान् सूचिकोपकरण-विशेषसदृशीभिः कल्पनीभिः विचित्रैः स्थूलमध्यमसूक्ष्मखण्डैस्तत्राम्बर्षयो नारकान् कल्पयन्ति ।।**

**ટીકાર્થ :** ખડ્ગ - મુદ્ગરાદિથી હણાયેલા તથા બેઠેલા અને ખડ્ગ-મુદ્ગરાદિના ઘાતની મૂર્ચ્છાથી પડેલા, હણાયેલા મનના સંકલ્પોથી નિશ્ચેતન થયેલ નારકોને સોય જેવા તીક્ષ્ણ ઉપકરણોની સમાન કાતરોથી અંબર્ષિ પરમાધામીઓ મોટા મધ્યમ અને સૂક્ષ્મ ટૂકડાઓમાં નારકોને કાપે છે.

**अथ श्यामानां व्यापृतिमाह -**

હવે શ્યામાના વ્યાપારને કહે છે-

**साडणपाडणतोत्तयविंधण तह रज्जुतलपहारेहिं ।**

**सामा नेरइयाणं कुणंति तिव्वाओ वियणाओ ।।१०५।।**

**शातनपातनत्रोटनवेधनैस्तथा रज्जुतलप्रहारैः ।**

**श्यामा नैरयिकाणां कुर्वन्ति तीव्रा वेदनाः ।।१०५।।**

**ગાથાર્થ :** શ્યામા પરમાધામીઓ છેદવા-પાડવા-તોડવા અને વીંધવાની ક્રિયાઓથી તથા દોરડા અને લાતોથી નારકીઓને તીવ્ર વેદનાઓ કરે છે. (૧૦૫)

**सातनम् – अङ्गोपाङ्गानां छेदनं पातनं-घटिकालयादधो वज्रभूमौ प्रक्षेपणं तथा तोत्रकेण-वज्रमयप्राजनदण्डेन वेधनम्-आराभिरुत्पाटनं एतैः सातनादिभिस्तथा रज्जुपादतलप्रहारैश्च श्यामा नारकाणां तीव्रवेदनां कुर्वन्ति ।।**

**ટીકાર્થ :** सातनम् એટલે અંગોપાંગનું છેદવું पातनं એટલે ઘટિકાલયમાંથી નીચે વજ્રભૂમિ પર પાડવું તથા तोत्रकेण એટલે વજ્રમય પરોણાથી મારવું, वेधनम् એટલે તીક્ષ્ણ આરોથી ઉતરડવું અને દોરડા તથા લાતોથી શ્યામા પરમાધામીઓ નારકોને તીવ્રવેદના કરે છે.

**अथ शबलानां कृत्यमाह –**

હવે શબલ પરમાધામીઓના કૃત્યને કહે છે-

**सबला नेरइयाणं उयराओ तह य हिययमज्झाओ ।**

**कड्ढंति अंतवसमंसफिप्फिसे छेदिउं बहुसो ।।१०६।।**

**शबला नैरयिकाणां उदरात्तथा च हृदयमध्यात् ।**

**कर्षन्ति अंत्रवसामांसफिप्फिसानि छित्त्वा बहुशः ।।१०६।।**

**ગાથાર્થ :** શબલ પરમાધામીઓ નારકોના પેટ તથા હૃદયમાંથી આંતરડા, ચરબી, માંસ અને ફેફસાઓને ઘણીવાર છેદીને બહાર કાઢે છે. (૧૦૬)

**शबला नारकाणां विरसमारसतां हृष्टा उदरं पाटयित्वा हृदयं च छित्वाऽसत्यपि तच्छरीरेषु तद्भयोत्पादनार्थं वैक्रियाणि कृत्वा समाकृष्याऽन्त्रवसामांसानि तथा अन्त्रान्तर्वर्तीनि मांसविशेषरूपाणि फिप्फिसानि दर्शयन्ति ।।**

**ટીકાર્થ :** પુષ્ટ થયેલા શબલો વિરસ રડતા નારકોના પેટને ફાડીને અને હૃદયને છેદીને, આંતરડા - ચરબી - માંસ તથા આંતરડામાં રહેલ ફેફસા (માંસ વિશેષને) ખેંચીને બતાવે છે. જોકે નારકોને વૈક્રિય શરીર હોવાથી ઔદારિક શરીર યોગ્ય માંસ, ચરબી, લોહી, આંતરડા વગેરે હોતું નથી તો પણ પરમાધામીઓ તેઓને ભય ઉત્પન્ન કરવા વિકુર્વીને ખેંચી બહાર કાઢી બતાવે છે.

**रुद्राः किं कुर्वन्तीत्याह –**

રુદ્ર પરમાધામીઓ શું કરે છે તેને કહે છે.

**छिंदंति असीहिं तिसूलसूलसुइसत्तिकुंततुमरेसु ।**

**पोयंति चियासु दहंति निद्दयं नारए रुद्दा ।।१०७।।**

**छिंदन्ति असिभिः त्रिशूलशूलसूचिशक्तिकुन्ततोमरेषु**
**प्रोतयन्ति चितासु दहन्ति निर्दयं नारकान् रुद्राः ।।१०७।।**

**ગાથાર્થ :** રુદ્ર પરમાધામીઓ નારકોને તલવારોથી છેદે છે. ત્રિશૂળ-શૂળ સૂઈ-શક્તિ-ભાલા અને તોમરોમાં પરોવે છે અને ચિતામાં નિર્દયતાથી બાળે છે. (૧૦૭)

**सुगमा । नवरं सूचिः वज्रमयी सूलिकाविशेषरूपा द्रष्टव्या ।।**

ગાથાર્થ સુગમ છે પણ **સૂચિ** એટલે વજ્રમયી સોય વિશેષ જણાવી.

**उपरुद्राः किं व्यवस्यन्तीत्याह –**

ઉપરુદ્રો કેવા પ્રકારનો વ્યાપાર કરે છે તેને કહે છે-

**भंजंति अंगुवंगाणि ऊरू बाहू सिराणि करचरणे ।**
**कप्पंति खंडखंडं उवरुद्दा निरयवासीणं ।।१०८।।**

**भञ्जन्ति अंगोपांगानि ऊरू बाहू शिरांसि करचरणान्**
**कल्पयन्ति खण्डं खण्डं उपरुद्राः निरयवासिनाम् ।।१०८।।**

**ગાથાર્થ :** ઉપરુદ્ર પરમાધામીઓ નરકવાસીઓના અંગોપાંગો, સાથળ, બાહુ, માથુ, હાથ અને પગોને ભાંગે છે અને ટૂકડે ટૂકડા કાપે છે. (૧૦૮)

**प्रकटार्था ।। कालाः किमाचरन्तीत्याह –**

કાલ પરમાધામીઓ શું કરે છે તેને કહે છે-

**मीरासु सुंठिएसुं कंडूसु य पयणगेसु कुम्भीसु ।**
**लोहीसु य पलवंते पयंति काला उ नेरइए ।।१०९।।**

**मीरासु सुण्ठिकेषु कन्दूषु च पचनकेषु कुम्भीषु**
**लोहीषु प्रलपतः पचन्ति कालास्तु नैरयिकान् ।।१०९।।**

**ગાથાર્થ :** કાલ પરમાધામીઓ પ્રલાપ કરતા નારકોને ભઠ્ઠામાં, શુંઠકમાં, કંદુમાં પકાવવાની કુંભીમાં અને લોઢીમાં પકાવે છે. (૧૦૯)

**मीरासु - वज्राग्निभृद्दीर्घचुल्लीषु संुठकेषु-वज्रमयतीक्ष्णकीलकेषु मांसमिव तन्मुखे प्रक्षिप्य कन्दुषु-तीव्रतापेषु कुल्लूरिकोपकरणविशेषेषु-मण्डकादिपाकहेतुषु कुम्भीषु उष्ट्रिकाकृतिषु-लोहीषु-अतिप्रतप्तप्रायसकवल्लिषु प्रलापान् कुर्वतो नारकान् जीवन्मत्स्यानिव कालाः पचन्ति ।।**

**ટીકાર્થ :** मीरासु એટલે વજ્રાગ્નિથી ભરેલો મોટો ચુલ્લો (ભઠ્ઠો), એટલે વજ્રમય તીક્ષ્ણ ખીલામાં માંસને પરોવીને જેમ શેકવામાં આવે છે તેમ શુંઠકમાં નારકના મુખને પરોવીને શેકવામાં આવે છે. कन्दुषु એટલે તીવ્રતાપવાળા ઉલ્લૂરિક ઉપકરણ વિશેષમાં = ખાખરાદિ શેકવાના સાધનમાં નારકોને શેકે છે. कुम्भीषु =

અતિ તપતી લોખંડની લોઢીઓમાં પ્રલાપોને કરતા નારકોને જીવતા માછલાની જેમ કાલ પરમાધામીઓ પકાવે છે.

**महाकालानां व्यवसायमाह –**

મહાકાલના વ્યવસાયને કહે છે-

**छेत्तूण सीहपुच्छगिईणि तह कागणिप्पमाणाणि ।**
**खावंति मंसखंडाणि नारए तत्थ महाकाला ।।११०।।**

**छित्त्वा सिंहपुच्छाकृतीन् तथा काकणीप्रमाणान्**
**खादयन्ति मांसखण्डान् नारकांस्तत्र महाकालाः ।।११०।।**

**ગાથાર્થ :** મહાકાલ પરમાધામીઓ સિંહના પૂંછડાની આકૃતિવાળા તથા કાકણી (કોડી) પ્રમાણ માંસના ટૂકડાઓને છેદીને નારકોને ખવડાવે છે. (૧૧૦)

**महाकालास्तत्र नारके नारकान् मांसखण्डानि खादयन्ति, छित्वा पृष्ठ्यादिप्रदेशान्, कंथभूतानित्याह-पुच्छाकृतीनि, तथा काकणी-कर्पर्दिका तत्प्रमाणानि ।।**

**ટીકાર્થ :** તે નરકમાં મહાકાલ પરમાધામીઓ પીઠાદિ પ્રદેશોને છેદીને માંસના ટૂકડાઓને નારકોને ખવડાવે છે.

**પ્રશ્ન :** તે માંસના ટૂકડાઓ કેવા આકારવાળા છે તથા કયા પ્રમાણવાળા છે ?

**ઉત્તર :** તે માંસના ટૂકડાઓ સિંહના પૂંછડાના આકારવાળા છે તથા કોડી પ્રમાણવાળા છે.

**असिनरकपालानां चेष्टितमाह –**

હવે અસિ પરમાધામીઓની ચેષ્ટાને કહે છે.

**हत्थे पाए ऊरू बाहु सिरा तह य अंगुवंगाणि ।**
**छिंदंति असी असिमाईएहिं निच्चं पि निरयाणं ।।१११।।**

**हस्तौ पादौ उरू बाहू शिरस्तथा चाङ्गोपाङ्गानि**
**छिंदन्ति असयः अस्यादिकैर्नित्यमपि निरयाणां ।।१११।।**

**ગાથાર્થ :** અસિ પરમાધામીઓ નારકોના બે હાથ, બે પગ, બે સાથળ, બે બાહુ, મસ્તક તથા અંગોપાંગને તલવારાદિથી હંમેશા પણ છેદે છે. (૧૧૧)

**सुबोधा । पत्रधनुर्देवानां क्रीडितमाह –**

પત્રધનુ દેવોની ક્રીડાને કહે છે-

**पत्तधणुनिरयपाला असिपत्तवणं विउव्वियं काउं ।**
**दंसंति तत्थ छायाहिलासिणो जंति नेरतिया ।।११२।।**
**तो पवणचलिततरुनिवडिएहिं असिमाइएहिं किर तेसिं ।**
**करणोट्ठनासकरचरणउरूमाईणि छिंदंति ।।११३।।**

**पत्रधनुषो निरयपालाः असिपत्रवनं विकुर्वितं कृत्वा**

**दर्शयन्ति तत्र छायाभिलाषिणो यान्ति नैरयिकाः ।।११२।।**

**ततः पवनचलिततरुनिपतितैः अस्यादिकैः किल तेषां**

**कर्णोष्ठनासाकरचरणोर्वादीनि छेदयन्ति ।।११३।।**

**ગાથાર્થ :** પત્રધનું પરમાધામીઓ અસિપત્રના વનને વિકુર્વીને બતાવે છે અને ત્યાં છાયાના અભિલાષી નારકો જાય છે. (૧૧૨)

પછી પવનથી ચાલેલા વૃક્ષમાંથી પડેલા અસિપત્રોથી તે નારકોને કાન ઓઠ-નાક-હાથ-પગ-સાથળ વગેરેને છેદે છે. ૧૧૩

**अस्याद्याकारपत्रप्रधानं वनं वृक्षसमूहरूपमसिपत्रवनं, शेषं प्रकटार्थं ।।**

ગાથાર્થ સરળ છે અસિ-આદિ આકારવાળા પાંદડા મુખ્ય છે જેમાં એવા વૃક્ષવાળું વન તે અસિપત્રવન.જ્યાં વૃક્ષોનો સમૂહ હોય તે વન કહેવાય છે.

**कुम्भिनाम्नामसुराणां विजृम्भितमाह –**

હવે કુંભી નામના પરમધામીઓના વિલાસને કહે છે.

**कुंभीसु पयणगेसु य सुंठेसु य कंदुलोहिकुम्भीसु ।**

**कुम्भीओ नारए उक्कलंततेल्लाइसु तलंति ।।११४।।**

**कुंभेषु पचनकेषु च सुंठेषु च कंदूलोहिकुम्भीषु**

**कुम्भीका नारकान् उत्कलत्तैलादिषु तलन्ति ।।११४।।**

**ગાથાર્થ :** કુંભી નામના પરમાધામીઓ નારકોને કુંભમાં, પચનકમાં, શુંઠમાં કંદુ-લોઢી-કુંભીમાં ઉકળતા તેલાદિમાં તળે છે. (૧૧૪)

**इयं व्याख्यातार्थेव । नवरं शुण्ठके कृत्वाऽपिक्वथत्तैलादिषु तलन्ति इति दृश्यं । 'कंदुलोहिकुम्भीसु' त्ति लोहस्येयं लौही सा चासौ कुम्भी च कोष्टिकाकृतिरिति, कन्दुकानामिवायोमयीषु कोष्ठिकास्वित्यर्थः ।।**

**वालुकाख्या यद्विदधति तदाह –**

**ટીકાર્થ :** આનું વ્યાખ્યાન આગળ ગાથા ૧૦૯ની ટીકામાં આવી ગયું છે. પરંતુ શુંઠકમાં નારકને પરોવીને પણ ઉકાળેલા તેલાદિમાં તળે છે એમ જાણવું. 'कंदु लोहि कुम्भीसु', લોખંડની બનેલી લોઢી એ જ કુંભી અને તે કોઠીના આકારવાળી હોય છે. કંદુક પણ લોખંડની કોઠી જ છે.

વાલુક નામના પરમાધામીઓ જે વ્યવસાય કરે છે તેને કહે છે-

**तडयडरवफुट्टंते चणय व्व कयंबवालुयानियरे ।**

**भुजंति नारए तह वालुयनामा निरयपाला ।।११५।।**

**तडतडरवस्फुटतो भृज्यमानान् चणकानिव कदम्बवालुकानिकरे**
**भुञ्जन्ति नारकान् तथा वालुकानामानो निरयपालाः ।।११५।।**

**ગાથાર્થ :** વાલુકા નામના નરકપાલો તડતડ અવાજથી ફુટતા ચણાની જેમ કદંબનામની વાલુકાના સમૂહમાં નારકોને શેકે છે. (૧૧૫)

**कदम्बवृक्षपुष्पाकृतिर्वालुका कदम्बवालुका तन्निकरे भ्राष्ट्रवालुकातोऽनन्तगुणतप्ते, शेषं स्पष्टं ।।**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પણ વાલુકા કદંબવૃક્ષના પુષ્પની આકૃતિવાળી હોવાથી તે કદંબવાલુકા કહેવાય છે અને તે ભટ્ઠીની વાલુકા (રેતી)થી અનંત ગણી તપેલી હોય છે અને તેના સમૂહમાં (ઢગલામાં) નારકોને શેકે છે.

**वैतरणीनरकपालक्रियामाह –**

વૈતરણી પરમાધામીઓના કાર્યને કહે છે-

**वसपूयरुहिरकेसट्ठिवाहिणिं कलयलंतजउसोत्तं ।**
**वेयरणिं नाम नइं अइखारुसिणं विउव्वेउं ।।११६।।**

**वेयरणिनरयपाला तत्थ पवाहंति नारए दुहिए ।**
**आरोवंति तहिं पि हु तत्ताए लोहनावाए ।।११७।।**

**वसुपूयरुधिरकेशास्थिवाहिनीं कलकलजतुश्रोतसं**
**वैतरणीं नाम नदीं अतिक्षारोष्णां विकृत्य ।।११६।।**

**वैतरणीनरकपालास्तत्र प्रवाहयन्ति नारकान् दुःखितान्**
**आरोपयन्ति तस्यामपि खलु तप्तायां लोहनावि ।।११७।।**

**ગાથાર્થ :** ચરબી-પરુ-લોહી-કેશ-અસ્થિને વહન કરનારી, કલકલ કરતા લાખના રસના પ્રવાહવાળી અતિક્ષાર અને ઉષ્ણ વૈતરણી નામની નદીને વિકુર્વીને (૧૧૬)

ત્યાં વૈતરણી નરકપાલો અતિદુઃખિત નારકોને વહાવે છે અને તેમાં પણ અતિ તપેલી લોખંડની નૌકામાં આરોપણ કરે છે. (૧૧૭)

**कलकलायमानं उत्कलितं जत्विव-लाक्षेव श्रोतः-प्रवाहो यस्याः सा कलकलायमानजतुश्रोतास्तां तथाभूतां, शेषं सुखावसेयं ।।**

**ટીકાર્થ :** ગાથાર્થ સરળ છે. કલકલાયમાન અવાજથી ઉકળતો લાખના રસનો પ્રવાહ છે જેમાં એવી તે વૈતરણી નદી છે અને તેમાં વહાવે છે.

**खरस्वरविनियोगं दर्शयति –**

હવે ખરસ્વર નામના નરકપાલના વિનિયોગને (કાર્યને) બતાવે છે.

**नेरइए चेव परोप्परं पि परसूहिं तच्छयंति दढं ।**
**करवत्तेहि य फाडंति निद्दयं मज्झमज्झेण ।।११८।।**
**वियरालवज्जकंटयभीममहासिंबलीसु य खिवंति ।**
**पलवंते खरसद्दं खरस्सरा निरयपाल त्ति ।।११९।।**

**नैरयिकाश्चैव परस्परमपि परशुभिः तक्षयन्ति दृढं**
**करपत्रैश्च पाटयन्ति निर्दयं मध्यंमध्येन ।।११८।।**
**विकरालवज्रकंटकभीममहाशाल्मलीषु च क्षिपन्ति**
**प्रलपतः खरशब्दं खरस्वरा निरयपाला इति ।।११९।।**

**ગાથાર્થ :** ખરસ્વર નરકપાલો નારકોને જ પરસ્પર પણ પરશુઓથી (કુહાડીઓથી) ગાઢ છોલાવે છે અને વચ્ચે વચ્ચે કરવતોથી નિર્દય ફળાવે છે અને વિકરાળ વજ્રના કંટકથી ભયંકર મહા શાલ્મલિ વૃક્ષો ઉપર કઠોર શબ્દોને બોલતા નારકોને ફેંકે છે. (૧૧૮-૧૧૯)

**परस्परमिति अन्यमन्यस्य पार्श्वात् तमपीतरस्य समीपादित्येवं परस्परस्यापि नारकान् परशुभिः तक्षयन्ति, सर्वत्वगाद्यपहरणेन तत्तनूकारयन्तीत्यर्थः, शेषमुत्तानार्थं ।।**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. परस्परमिति એટલે પહેલાને બીજાની પાસે છોલાવવું બીજાને ત્રીજાની પાસેથી છોલાવવું આ પ્રમાણે પરસ્પર પણ નારકોને પરશુઓથી છોલાવે છે. સર્વ ચામડી આદિને દૂર કરવાથી પાતળા કરાવે છે એમ કહેવાનો ભાવ છે.

**महाघोषविलसितमाह –**

મહાઘોષના વિલાસને કહે છે.

**पसुणो व्व नारए वहभएण भीए पलायमाणे य ।**
**महाघोसं कुणमाणा रुंभंति तहिं महाघोसा ।।१२०।।**

**पशूनिव नारकान् वधभयेन भीतान् पलायमानाँश्च**
**महद्घोषं कुर्वंतो रुंधन्ति तत्र महाघोषाः ।।१२०।।**

**ગાથાર્થ :** પશુઓની જેમ વધના ભયથી ભય પામેલા અને પલાયમાન થતા નારકોને મોટા અવાજને કરતા મહાઘોષ પરમાધામીઓ રુંધે છે. (૧૨૦)

**स्वयमेव नानाविधतीव्रकदर्थनादिभिर्नारकान् कदर्थयित्वा ततस्तत्कदर्थनाभयेन पलायमानान् महाघोषास्तत्रैव वधस्थाने पशूनिव संपिण्ड्य निरुन्धन्ति-नान्यत्र गन्तुं ददति । तदेवमेतेषामम्बादीनां भवनपतिदेवाधमानां दिङ्मात्रोपदर्शनार्थं संक्षेपतो दर्शितः कदर्थनाव्यापारो, विस्तरतः सर्वस्य सर्वायुषाऽपि कथयितुमशक्यत्वाद्, एते च तत्पापपरिणतिप्रेरिता एव नारकान् व्याधा इव कदर्थयन्ति, ततश्च तेऽपि तत्प्रत्ययं कर्म्म बद्ध्वाऽत्र मत्स्यादितिर्यक्षूत्पद्य नरकेषु पतन्ति, अन्यैश्च तेऽपि कदर्थ्यन्त इति ।। आह-नन्वेवमेते नारकाः करपत्रादिपाटनतिलशश्छेदनादिभिः कथं न म्रियन्त इत्याह ।।**

**ટીકાર્થ :** મહાઘોષ પરમાધામીઓ સ્વયં જ નારકોને વિવિધ પ્રકારની તીવ્ર કદર્થનાઓ કરે છે, પછી કદર્થનાના ભયથી પલાયમાન થતા નારકોને ત્યાં જ મહાઘોષ પરમાધામીઓ વધસ્થાને પશુઓની જેમ ભેગા કરીને પકડી રાખે છે. બીજે જવા દેતા નથી.

તેથી એ પ્રમાણે તે અધમ અંબાદિ ભવનપતિ દેવોનો કદર્થનાનો વ્યાપાર માત્ર દિશા સૂચન રૂપે સંક્ષેપથી જણાવ્યો. વિસ્તારથી તો સર્વ પણ પોતાનું આયુષ્ય પૂર્ણ થઈ જાય તો પણ કહી શકે નહીં અને આ પરમાધામીઓ નારકોની પાપની પરિણતિથી પ્રેરાયેલા જ નારકોને વાઘની જેમ કદર્થના કરે છે. અને તેથી તે પરમાધામીઓ પણ કદર્થના નિમિત્તે પાપો બાંધીને અહીં (તિર્છા લોકમાં) માછલાદિ તિર્યંચોમાં ઉત્પન્ન થઈને નરકોમાં જાય છે અને બીજા પરમાધામીઓ વડે તેઓ પણ કદર્થના પમાડાય છે.

**પ્રશ્ન :** એ પ્રમાણે આ નારકો કરપાત્રાદિથી ચીરાયેલા અને છેદનાદિથી તલ તલ જેવડા ટૂકડા કરાયેલા કેમ મરતા નથી ?

**ઉત્તર :** નીચેની ગાથામાં આનો ઉત્તર આપવામાં આવે છે.

**तह फालिया वि उक्कत्तिया वि तलिया वि छिन्नभिन्ना वि ।**
**दड्ढा भुग्गा मुडिया य तोडिया तह विलीणा य ।।१२१।।**
**पावोदएण पुणरवि मिलंति तह चेव पारयरसो व्व ।**
**इच्छंता वि हु न मरंति कह वि हु ते नारयवराया ।।१२२।।**

**तथा पाटिता अपि उत्कर्त्तिता अपि तलिता अपि छिन्नभिन्ना अपि**
**दग्धाः भुग्ना मोटिताश्च त्रोटिताः तथा विलीनाश्च ।।१२१।।**
**पापोदयेन पुनरपि मिलन्ति तथा चैव पारदरस इव**
**इच्छन्तोऽपि न म्रियन्ते कथमपि खलु ते नारका वराकाः ।।१२२।।**

**ગાથાર્થ :** તે પ્રમાણે ચીરાયેલા પણ, કપાયેલા પણ, તળાયેલા પણ, છિન્ન ભિન્ન થયેલા પણ, બળાયેલા, કોળીયો કરાયેલા, મરડાયેલા, અને તોડેલા તથા પીગળી ગયેલા નારકો પાપોના ઉદયથી ફરી પણ પારાના રસની જેમ તે પ્રમાણે શરીર રૂપે મળે છે. મરવા ઇચ્છતા હોવા છતાં પણ તે વરાકડા નારકો કોઈપણ રીતે મરતાં નથી. (૧૨૧-૧૨૨)

**यद्यपि प्राणान्तकारिण्यस्ता वेदनास्तत्करास्फालिताश्च ते मर्तुं वाञ्छन्ति तथापि न म्रियन्ते वराकाः दीर्घायुःस्थितेर्वेद्यासातकर्म्मणश्च सद्भावात्, शेषं सुगमं । तर्हि ते तथा कदर्थ्यमानाः किं चेष्टन्त इत्याह –**

**ટીકાર્થ :** બંને ગાથાનો અર્થ સુગમ છે. જો કે તે વેદનાઓ મરણાંત છે અને તે નારકો મરવાને ઇચ્છે છે તો પણ તેઓ વરાકડા મરતા નથી કારણ કે આયુષ્યની સ્થિતિ ઘણી દીર્ઘ હોય છે અને અસાતાવેદનીય કર્મ ભોગવવાનું બાકી હોય છે.

તો પછી તેઓ તેવી રીતે કદર્થના કરતા કેવી ચેષ્ટા કરે છે તેને જણાવતા કહે છે.

**पभणंति तओ दीणा मा मा मारेह सामि ! पहु ! नाह ! ।**
**अइदुसहं दुक्खमिणं पसियह मा कुणह एताहे ।।१२३।।**

**एवं परमाहम्मियपाएसु पुणो पुणोऽवि लग्गंति ।**
**दंतेहि अंगुलीओ गिण्हंति भणंति दीणाइं ।।१२४।।**

**प्रभणन्ति ततो दीना मा मा मारयत स्वामिन् ! प्रभो ! नाथ !**
**अतिदुस्सहं दुःखमिदं प्रसीदत मा कुरुत इदानीम् ।।१२३।।**

**एवं परमाधार्मिकपादेषु पुनः पुनरपि लगन्ति**
**दंतैरंगुलीः गृह्णन्ति दीनानि भणन्ति ।।१२४।।**

**ગાથાર્થ :** પછી ગરીબડા થયેલા તેઓ કહે છે કે હે સ્વામિન્ ! હે પ્રભો ! હે નાથ ! તમે મારો નહીં, આ દુઃખ અતિ દુઃસહ છે, પ્રસન્ન થાઓ, હમણાં દુઃખને ન આપો આ પ્રમાણે પરમાધામીઓના પગોમાં ફરી ફરી પણ પડે છે. દાંતોથી આંગડીઓને પકડે છે અને દીન વચનોને બોલે છે. (૧૨૩-૧૨૪)

**'एताहे' त्ति इत ऊर्ध्वं, शेषं स्पष्टं । अथ निस्त्रिंशनरकपालानां निर्वचनमाह –**

હવે પછી નિર્દયી દેવો શું જવાબ આપે છે તેને કહે છે.

**तत्तो य निरयपाला भणंति रे अज्ज दूसहं दुक्खं ।**
**जइया पुण पावाइं करेसि तुट्ठो तया भणसि ।।१२५।।**

**ततश्च निरयपाला भणंति रे ! अद्य दुःसहं दुःखं ?**
**यदा पुनः पापानि करोषि तुष्टस्तदा भणसि ।।१२५।।**

**ગાથાર્થ :** અને પછી પરમાધામીઓ જણાવે છે કે અરે ! શું આજે દુઃસહ દુઃખ છે ? અને જ્યારે પાપો કરે છે ત્યારે ખુશ થયેલો બોલે છે. (૧૨૫)

**सुबोधा । तद्भणितमेवाह –**

નારકો વડે પૂર્વભવમાં જે કહેવાયું હતું તેને કહે છે.

**णत्थि जए सव्वन्नू अहवा अहमेव एत्थ सव्वविऊ ।**
**अहवा वि खाह पियह य दिट्ठो सो केण परलोओ ? ।।१२६।।**

**नत्थि व पुण्णं पावं भूयऽब्भहिओ य दीसइ न जीवो ।**
**इच्चाइ भणसि तइया वायालत्तेण परितुट्ठो ।।१२७।।**

**नास्ति जगति सर्वज्ञोऽथवाऽहमेवात्र सर्ववित्,**
**अथवाऽपि खादत पिबत च दृष्टः सः केन परलोकः ।।१२६।।**

**नास्ति वा पुण्यं पापं भूताऽभ्यधिकश्च दृश्यते न जीवः**
**इत्यादि भणसि तदा वाचालत्वेन परितुष्टः ।।१२७।।**

**ગાથાર્થ :** જગતમાં કોઈ સર્વજ્ઞ નથી અથવા હું જ અહીં સર્વજ્ઞ છું અથવા ખાઓ, પીઓ તે પરલોક

કોના વડે જોવાય છે. (૧૨૬) અથવા પુણ્યપાપ નથી, પંચમહાભૂત સિવાય બીજો કોઈ જીવ દેખાતો નથી. ઇત્યાદિ ત્યારે વાચાળતાથી ખુશ થયેલો કહે છે. (૧૨૭)

**नास्ति जगति सर्वज्ञ इत्यादि भट्टाभिप्रायेणोक्तं, 'अहवा वि' इत्यादि तु नास्तिकमतेनाभिहितं । आह-ननु ते परमाधार्मिकाः किं स्वयं सम्यग्दृष्टयो येनेदृशानि वचनानि वक्ष्यमाणानि च मांसभक्षणजीवघातादिपापानि नारकाणां नरकदुःखहेतुत्वेन कथयन्ति ?, नैतदेवं, किन्तु तेषामयं कल्पो यदीदृशं सर्वं तैस्तेषां कथनीयं, न च स्वयं मिथ्यादृष्टिरीदृशं न प्ररूपयति, अभव्यांगारकमर्दकाचार्यादिषु तथा श्रवणादिति ।**

**ટીકાર્થ :** જગતમાં સર્વજ્ઞ નથી ઇત્યાદિ ભટ્ટ (મીમાંસક)ના અભિપ્રાયથી કહ્યું છે. ખાઓ, પીઓ ઇત્યાદિ નાસ્તિકવાદીના અભિપ્રાયથી કહ્યું છે.

**પ્રશ્ન :** શું તે પરમાધામીઓ સ્વયં સમ્યગ્દૃષ્ટિઓ છે જેથી આવા પ્રકારના વચનો અને હવે કહેવાશે તે માંસ ભક્ષણ જીવઘાતાદિ પાપો નારકોને નરકના દુઃખના કારણપણાથી કહે છે ?

**ઉત્તર :** ના, પરંમાધામીઓ સમ્યગ્દૃષ્ટિ જ હોય તેવો નિયમ નથી. પરંતુ નારકોને આવું યાદ કરાવવું એવો તેઓનો આચાર છે. સ્વયં મિથ્યાદૃષ્ટિ આવી પ્રરૂપણા ન કરે તેવું નથી કારણ કે અભવ્ય એવા અંગારમર્દક આચાર્યાદિએ આવી પ્રરુપણા કરી છે એમ શાસ્ત્રોમાં સંભળાય છે.

**अन्यदपि पूर्वचेष्टितं यत्तेषां ते स्मारयन्ति तदाह –**

અને આ સિવાય બીજું જે તેઓએ આચર્યું હોય તેને યાદ અપાવે છે. તે નીચેની ગાથાથી જણાવે છે.

**मंसरसम्मि य गिद्धो जइया मारेसि निग्घिणो जीवे ।**
**भणसि तया अम्हाणं भक्खमियं निम्मियं विहिणा ।।१२८।।**

**वेयविहिया न दोसं जणेइ हिंस त्ति अहव जंपेसि ।**
**चरचरचरस्स तो फालिऊण खाएसि परमंसं ।।१२९।।**

**लावयतित्तिरअंडयरसवसमाईणि पियसि अइगिद्धो ।**
**इण्हिं पुण पोक्कारसि अइदुसहं दुक्खमेयं ति ।।१३०।।**

**मांसरसे च गृद्धः यदा मारयसि निर्घृणः जीवान्**
**भणसि तदाऽस्माकं भक्ष्यमिदं निर्मितं विधिना ।।१२८।।**

**वेदविहिता न दोषं जनयति हिंसेति अथवा जल्पसि**
**कंपमानानां ततः पाटयित्वा खादसि परेषां मांसम् ।।१२९।।**

**लावकतित्तिराण्डक रसवसादीनि पिबसि अतिगृद्धः**
**अत्र पुनः पूत्कारयसि अतिदुःसहं दुःखमिदमिति ।।१३०।।**

**ગાથાર્થ :** અને માંસરસમાં આસક્ત થયેલો, દયાહીન એવો તું જ્યારે જીવોને મારે છે ત્યારે તું અમને કહે છે કે વિધિએ અમારા માટે આ ભક્ષ્ય બનાવેલું છે. (૧૨૮)

અથવા તું કહે છે કે વેદમાં કહેલી હિંસા પાપ ઉત્પન્ન કરતી નથી. હાલતા ચાલતા બીજા પ્રાણીને ચીરાવીને તેનું માંસ ખાય છે. (૧૨૯)

લાવક અને તેત્તર પક્ષીઓના ઇંડાના રસને અને ચરબી આદિને અતિગૃદ્ધ થયેલો તું પીએ છે પણ અહીં અતિ દુ:સહ દુ:ખ છે એમ પોકાર કરે છે. (૧૩૦)

**'अम्हाणं भक्खमिणं' इत्यादि सामान्यजनपदोक्तिः, 'वेयविहिया' इत्यादि तु यज्ञेषु पशुघातविधायिनां जल्पितं, अक्षरार्थस्तु प्रकट एव ।। स्मारितो लेशतः प्राणातिपातः, अथ मृषावादमाह –**

**टीकार्थ :** ગાથાર્થ સુગમ છે. 'આ અમારું ભક્ષણ છે' ઇત્યાદિ સામાન્ય લોકોનું વચન છે. 'વેદ વિહિત' ઇત્યાદિ તો યજ્ઞોમાં પશુઘાત કરનારાઓનું વચન છે.

પરમાધામીઓ વડે કંઈક પ્રાણાતિપાત યાદ કરાવાયું. હવે મૃષાવાદને યાદ કરાવવા નીચેની ગાથાથી કહે છે.

**अलिएहिं वंचसि तया कूडक्कयमाइएहिं मुद्धजणं ।**
**पेसुन्नाईणि करेसि हरिसिओ पलवसि इयाणिं ।।१३१।।**

**अलिकैर्वंचयसि तदा कूटक्रयादिकैर्मुग्धजने**
**पैशुन्यादीनि करोषि हर्षितः प्रलपसि इदानीं ।।१३१।।**

**ગાથાર્થ :** તે ભવમાં તેં કૂટ લે-વેચ આદિ જુઠાણાઓથી મુગ્ધ જનને ઠગ્યા છે અને હર્ષ પામેલો પૈશૂન્યાદિને કર્યું છે અને હમણાં આવું બોલે છે. (૧૩૧)

**अलीकैर्वंचयसि तदा-पूर्वभवे मुग्धजनं, कथंभूतैः ? इत्याह-कूटक्रयादिभिः, आदिशब्दात् कूटसाक्ष्यदिपरिग्रहः शेषं सुगमं ।**

**टीकार्थ :** ગાથાર્થ સરળ છે પણ પૂર્વભવમાં તેં કૂટ-ક્રિયાદિમાં જૂઠાં વચનો બોલીને મુગ્ધ જનને ફસાવ્યા છે. આદિ શબ્દથી કૂટ સાક્ષી આદિનું ગ્રહણ કરવું.

**अदत्तादानमाह –**

અદત્તાદાનના પાપને યાદ અપાવે છે.

**तइया खणेसि खत्तं घायसि वीसंभियं मुससि लोयं ।**
**परधणलुद्धो बहुदेसगामनगराइं भंजेसि ।।१३२।।**
**तेण वि य पुरिसयारेण विणडिओ मुणसि तणसमं भुवणं ।**
**परदव्वाण विणासे य कुणसि पोक्करसि पुण इण्हिं ।।१३३।।**
**मा हरसु परधणाइं ति चोइओ भणसि धिट्ठयाए य ।**
**सव्वस्स वि परकीयं सहोयरं कस्सइ न दव्वं ।।१३४।।**

तदा खनयसि क्षत्रं घातयसि विश्रब्धं मुष्णासि लोकं
परधनलुब्धो बहुदेश ग्रामनगराणि भनक्षि ।।१३२।।
तेनापि पुरुषकारेण विनटितः जानीषे तृणसमं भुवनं
परद्रव्याणां विनाशञ्च करोषि पूत्कारयसि पुनरिदानीं ।।१३३।।
मा हर परधनानीति चोदितो भणसि धृष्टतया च
सर्वस्याऽपि परकीयं सहोदरं कस्यचित् न द्रव्यं ।।१३४।।

**ગાથાર્થ :** તે વખતે તેં ખાતર પાડ્યું છે, વિશ્વાસઘાત કર્યો છે, લોકને લુંટ્યું છે. પરધનમાં લુબ્ધ થયેલો, ઘણાં દેશ ગામ-નગરોને ભાંગ્યા છે. (૧૩૨)

ચોરી વગેરે ખોટા પુરુષાર્થથી ઉન્મત્ત બનેલો તું જગતને તૃણ સમાન ગણતો હતો, પરના ધનથી વિલાસ માણતો હતો પણ હમણાં તું પોકાર કરે છે. (૧૩૩)

'પરધનનું હરણ ન કર' એમ પ્રેરણા કરાયેલા તેં ધૃષ્ટતાથી કહ્યું કે 'દ્રવ્ય સર્વને પારકું જ હોય છે કોઈપણને દ્રવ્ય જન્મતા સાથે હોતું નથી. (૧૩૪)

**मा गृहाण परधनानीति गुर्वादिना प्रेरितो धृष्टतया वष्टोत्तरं करोषि । कथंभूतमित्याह-सर्वस्यापि द्रव्यं परकीयमेव भवति, न तु जायमानेन सह द्रव्यं केनापि जायते येन तत्तस्यात्मीयं भण्यते, अन्यस्य तु परकीयं, शेषं सुबोधं ।।**

ટીકાર્થ : ગાથાનો અર્થ સુગમ છે ! 'તું પરધનને હર નહીં' એમ ગુરુવડે વારંવાર પ્રેરણા કરાયેલા તેં ધીટ્ટાઈથી જુઠા ઉત્તરો આપ્યા છે. તે જુઠા વચનો કેવા પ્રકારના છે તેને કહે છે જેમ કે-

'સર્વને પણ દ્રવ્ય પારકું જ હોય છે પણ જન્મતાંની સાથે દ્રવ્ય કોઈને પણ ઉત્પન્ન થતું નથી જેથી તે દ્રવ્ય તેનું પોતાનું અને બીજાનું પારકું કહેવાય.

**मैथुनमाह –**

હવે મૈથુનને કહે છે-

तइया परजुवईणं चोरियरमियाइं मुणसि सुहियाइं ।
अइरत्तोऽवि य तासिं मारसि भत्तारपमुहे य ।।१३५।।
सोहग्गेण य नडियो कूडविलासे य कुणसि ताहिं समं ।
इण्हिं तु तत्ततंबयधिउल्लियाणं पलाएसि ।।१३६।।
परकीय स्त्रिय भज्जा जुज्जइ नियया माइभगिणीओ ।
एवं च दुव्वियड्ढत्तगव्विओ वयसि सिक्खविओ ।।१३७।।

तदा परयुवतीनां चौर्यरतानि जानासि सुखितानि
अतिरक्तोऽपि च तेषां मारयसि भर्तृप्रमुखांश्च ।।१३५।।

**सौभाग्येन च नटितः कूटविलासांश्च करोषि ताभिः समं**

**अत्र तु तप्तत्रपुपुत्तलिकाभ्यः पलायसे ।।१३६।।**

**परकीया चैव भार्या युज्यते निजका मातृभगिन्यः**

**एवं दुर्विदग्धत्वगर्वितो वदसि शिक्षितः ।।१३७।।**

**ગાથાર્થ :** પૂર્વભવમાં પરસ્ત્રીમાં આસક્ત થયેલો પરયુવતિઓનું અપહરણ કરીને તેમની સાથે કરેલી ક્રીડાઓને તું સુખદાયી માનતો હતો અને ક્રીડામાં અતિ રક્ત થયેલો તું તેઓના પતિવગેરેને મારતો હતો. (૧૩૫)

સૌભાગ્યથી ઉન્મત્ત થયેલાં એવા તેં યુવતિઓની સાથે કૂટ વિલાસો કર્યા છે અને હમણાં તું અહીં તપેલા તાંબાની પુતળીઓથી દૂર કેમ ભાગે છે ? (૧૩૬)

મા બહેન પોતાની કહેવાય છે. પારકી બધી જ પત્ની કહેવાય છે એવા વચનોથી ભરમાવાયેલો અને ધિટ્ટાઈથી ગર્વિત થયેલો તું એમ બોલતો હતો. (૧૩૭)

**'घिउल्लियाणं' त्ति पुत्तलिकानां, दुःशीलस्त्रीणां तु नरकगतानां तेऽपि पुत्तलका द्रष्टव्याः, शेषं स्पष्टं । अत्रापि वष्टोत्तरं 'परे' त्यादि स्पष्टा ।**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. 'घिउल्लियाणं' એટલે પુત્તળીઓ. પુરુષ પરસ્ત્રીનું સેવન કરીને નરકમાં ગયો હોય તો તેની અપેક્ષાએ પુત્તળીઓ કહેવાય છે અને દુષ્ટ શીલવાળી સ્ત્રી પર પુરુષનું સેવન કરીને નરકમાં ગઈ હોય તો તેની અપેક્ષાએ પુત્તળો એમ કહેવાય છે. અહીં પણ તેં ગુરુને જુઠા ઉત્તરો આપેલા છે.

**परिग्रहमाह –**

હવે પરિગ્રહ સંબંધી પાપને યાદ દેવડાવે છે.

**पिंडेसि असंतुट्ठो बहुपावपरिग्गहं तया मूढो ।**

**आरंभेहि य तूससि रूससि किं एत्थ दुक्खेहिं ? ।।१३८।।**

**आरंभपरिग्गहवज्जियाण निव्वहइ अम्ह न कुडुम्बं ।**

**इय भणियं जस्स कए आणसु तं दुहविभागत्थं ।।१३९।।**

**पिंडयसि असंतुष्टः बहुपापपरिग्रहं तदा मूढः**

**आरम्भैश्च तुष्यसि रुष्यसि किमत्र दुःखैः ? ।।१३८।।**

**आरम्भपरिग्रहवर्जितानां निर्वहति अस्माकं न कुटुम्बं**

**इति भणितं यस्य कृते आनय तत् दुःखविभागार्थम् ।।१३९।।**

**ગાથાર્થ :** પૂર્વભવમાં ઘણો અસંતોષી બની ઘણાં પાપવાળા પરિગ્રહને ભેગો કરતો હતો અને મોહથી મૂઢ એવો તું મહાઆરંભોથી ખુશ થતો હતો તો હમણાં તું દુઃખોથી કેમ રોષ પામે છે ? (૧૩૮)

આરંભ પરિગ્રહ વિના અમારું કુટુંબ નભતું નથી એમ જેના માટે તેં કહેલું તેને તું અહીં દુઃખમાં ભાગ લેવા માટે બોલાવી લાવ. (૧૩૯)

**बहुपापबन्धहेतुभूतपरिग्रहो बहुपापपरिग्रहस्तं, शेषं सुगमं ।। अत्रापि गुर्वादिशिक्षितेन यद्दृष्टोत्तरं भणितं तदाह – 'आर' मित्यादि गतार्था ।**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પરિગ્રહ એ ઘણાં પાપબંધનું કારણ છે. અહીં પણ ગુરુએ 'પરિગ્રહ પાપ છે' એમ ઉપદેશ આપ્યો હતો ત્યારે આરંભ પરિગ્રહ વિના અમારું કુટુંબ નભતું નથી ઇત્યાદિ તેં ગુરુને જુઠા ઉત્તરો આપ્યા હતા.

**रात्रिभोजनमाह –**

હવે રાત્રી ભોજનના પાપને યાદ દેવડાવે છે.

**भरिउं पिपीलियाईण सीवियं जइ मुहं तुहऽम्हेहिं ।**
**तो होसि पराहुत्तो भुंजसि रयणीई पुणमिट्ठं ।।१४०।।**

**भृत्वा पिपीलिकानां सीवितं यदि मुखं तवास्माभिः**
**तस्मात् भवसि पराङ्मुखः भुङ्क्षे रजन्यां पुनः मिष्ठम् ।।१४०।।**

**ગાથાર્થ :** તે ભવમાં તું રાત્રીમાં મિષ્ટાનનું ભોજન કરતો હતો હવે તારા મુખમાં કીડીઓ ભરીને અમારાવડે સીવાય છે ત્યારે તું પરાંગમુખ કેમ થાય છે ? (૧૪૦)

**'पराहुत्तो' त्ति पराङ्मुखः रजन्यां-निशीथे मण्डकेड्डरिकादिकं आमृष्टमिदं, वञ्चिता ये निशि न भुञ्जते, न बुद्धो हि तैस्तदाऽऽस्वाद इत्येवं प्रशस्य प्रशस्य भुङ्क्ते, शेषं सुगमं ।।**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. 'पराहुत्तो' એટલે પરાંગમુખ, રાત્રીમાં ખાખરા, ઇડ્ડરિકા (એક જાતની વાનગી)થી માંડીને મિષ્ટાન સુધીનું ભોજન જેઓએ કર્યું નથી તેઓ ઠગાયા છે. ગુરુઓએ ઉપદેશ આપવા છતાં બોધ નહીં પામેલો તે ભવમાં આ સ્વાદિષ્ટ છે એમ પ્રશંસા કરી કરીને ભોજન કરે છે.

**पूर्वभवसुरापायिणोऽधिकृत्याह –**

પૂર્વભવમાં સુરા પીનારાઓને આશ્રયીને કહે છે

**पियसि सुरं गायंतो वक्खाणंतो भुयाहिं नच्चंतो ।**
**इह तत्ततेलतंबयतऊणि किं पियसि न ? हयास ! ।।१४१।।**

**पिबसि सुरां गायन् प्रशंसयन् भुजैर्नृत्यन् इह ।**
**तप्ततैलताम्रत्रपूणि किं पिबसि न हताश ? ।।१४१।।**

**ગાથાર્થ :** સુરા પીને ગાતો હતો, પ્રશંસા કરતો હતો, ભુજાઓ ઊંચી કરી નાચતો હતો, હે હતાશ ! અહીં તું તપેલા તેલ-તાંબા-સીસાને કેમ નથી પીતો ? (૧૪૧)

**सुबोधा ।** ગાથાર્થ સરળ છે.

**अमात्यादिराजनियोगे तलारादिकर्म्मणि च कृतपापस्मरणार्थमाह –**

અવતરણિકા : અમાત્યાદિ તથા રાજાના અધિકારી આદિના ભવમાં તથા કોટવાલાદિ કાર્યમાં કરાયેલા પાપકર્મોને પરમાધામીઓ યાદ દેવરાવે છે તેને કહે છે.

**सूलारोवणनेत्तावहारकरचरणछेयमाईणि ।**
**रायनिओए कुंढत्तणेण लंचाइगहणाइं ।।१४२।।**
**नयरारक्खियभावे य बंधवहहणणजायणाईहिं ।**
**नाणाविहपावाइं काउं किं कंदसि इयाणिं ? ।।१४३।।**

**शूलारोपणनेत्रापहारकरचरणच्छेदनादीनि**
**राज्यनियोगे कुण्ठत्वेन लञ्चादिग्रहणानि ।।१४२।।**
**नगरारक्षकभावे च बंधवधघातयातनादिभिः**
**नानाविधपापानि कृत्वा किं क्रन्दसि इदानीम् ? ।।१४३।।**

**ગાથાર્થ :** રાજ્યની સત્તા જ્યારે તારા હાથમાં હતી ત્યારે શૂળ આરોપણ, આંખ ખેંચવી, હાથપગોનો છેદ, ધિટ્ટાઈથી લાંચ વગેરેનું ગ્રહણ અને નગરના આરક્ષક (કોટવાલ) પદ વખતે બંધ-વધ-હનન-કદર્થનાઓથી વિવિધ પ્રકારના પાપો કરીને હમણાં તું કેમ આક્રંદ કરે છે ? (૧૪૨-૧૪૩)

**राज्यनियोगे-अमात्यपदादिके स्थितः शूलारोपणनेत्रोद्धारादीनि नानाविधपापानि कृत्वा कुण्ठत्वेन तत्रैव लञ्चादिग्रहणानि च कृत्वेति सम्बन्धः ।। नगरारक्षिकभावे च बन्धवधादिनानाविधपापानि कृत्वा क्रन्दसीदानीं, ननु सहस्व निभृतो भूत्वा स्वकृतकर्म्मफलभूतानि दुःखानीति भावः ।। सामान्यजनं ग्रामकूटादिजनं च नरकगतमधिकृत्याह -**

ટીકાર્થ : રાજ્યના અમાત્યાદિ પદ પર હતો ત્યારે લોકોને શૂળીપર ચઢાવવું, આંખને ખેંચવી વગેરે વિવિધ પાપો કરીને તથા ધિટ્ટાઈથી લાંચ વગેરે લઈને તથા નગરના આરક્ષક પદ પર હતો ત્યારે બંધ-વધ-વગેરે વિવિધ પ્રકારના પાપો કરીને હમણાં કેમ આક્રંદ કરે છે ? તેથી ધીર થઈને પોતાએ કરેલા કર્મોના ફળ સ્વરૂપ દુઃખોને સહન કર એમ કહેવાનો ભાવ છે.

સામાન્ય જન તથા ગામના મુખી આદિ થઈને જે નરકમાં ગયા છે તેને પરમાધામીઓ જે યાદ દેવરાવે છે તેને નીચેની ગાથાથી કહે છે.

**गुरुदेवाणुवहासो विहिया आसायणा वयं भग्गं ।**
**लोओ य गामकूडत्तणाइभावेसु संतविओ ।।१४४।।**

**गुरुदेवानामुपहासो विहिताऽऽशातना व्रतं भग्नं**
**लोकश्च ग्रामकूटत्वादिभावेषु संतापितः ।।१४४।।**

**ગાથાર્થ :** તે ભવમાં ગુરુ અને દેવનો ઉપહાસ કર્યો, આશાતના કરી, વ્રત ભાંગ્યું અને ગામના મુખી આદિ સત્તા સ્થાન વખતે લોકને સંતાપ આપ્યો ત્યારે હમણાં કેમ આક્રંદ કરે છે ?

હવે ઉપસંહાર કરવાપૂર્વક પરમાધામી દેવો પોતાની નિર્દોષતાને બતાવતા કહે છે.

**इय जइ नियहत्थारोवियस्स तस्सेव पावविडविस्स ।**
**भुंजसि फलाइं रे दुट्ठ ! अम्ह ता एत्थ को दोसो ? ।।१४५।।**
**इच्चाइ पुव्वभवदुक्कयाइं सुमराविउं निरयपाला ।**
**पुणरवि वियणाउ उईरयंति विविहप्पयारेहिं ।।१४६।।**

**इति यदि निजहस्तारोपितस्य तस्यैव पापविटपिनः**
**भुङ्क्षे फलानि रे दुष्ट ! अस्माकं तदाऽत्र को दोषः ? ।।१४५।।**
**इत्यादिपूर्वभवदुष्कृतानि स्मरयित्वा निरयपालाः**
**पुनरपि वेदना उदीरयन्ति विविधप्रकारैः ।।१४६।।**

**ગાથાર્થ :** આ પ્રમાણે પોતાના હાથે વાવેલા તે જ પાપરૂપી વૃક્ષના ફળોને ભોગવ હે દુષ્ટ ! અહીં અમારો શું વાંક છે ? એ પ્રમાણે પૂર્વભવમાં કરેલા દુષ્કૃતોને યાદ કરાવીને પરમાધામીઓ ફરી પણ વિવિધ પ્રકારે નારકોને વેદનાઓની ઉદીરણા કરે છે. (૧૪૫-૧૪૬)

**इति रे दुष्ट ! यदि त्वं फलानि भुङ्क्षे तदाऽस्माकं कोऽत्र दोषः ?, कस्य फलानीत्याह-पापान्येव विटपी-वृक्षः पापविटपी तस्य पापविटपिनः । कथंभूतस्येत्याह-'तस्यैव' 'नत्थि जए सव्वण्णू' इत्यादिपूर्वोक्तप्रकारप्रसिद्धस्यैव, पुनः कथंभूतस्येत्याह-निजहस्तारोपितस्य, स्वयंकृतस्येति भावः । एतानि च तैः स्मरितपूर्वभवदुष्कृतानि भवप्रत्ययजातिस्मरणेन नारकाः स्वयमपि जानन्ति, अवधिना तु न किंचिदवगच्छन्ति, तस्योत्कृष्टतोऽपि तेषां योजनमात्रत्वादिति, इत्याद्युक्तप्रकारेण पूर्वभवदुष्कृतानि स्मारयित्वा नरकपालाः पुनरपि नारकाणां यत् कुर्वन्ति तदाह –**

**ટીકાર્થ :** અરે ! દુષ્ટ ! તું આગળ બતાવેલા ફળોને ભોગવે છે તો અહીં અમારો શું દોષ છે ? અર્થાત્ અમારો કોઈ દોષ નથી. તે ફળો કોના છે ? તે પાપરૂપી વૃક્ષના પાપફળો જ છે. વળી नत्थि जए सव्वण्णू ઇત્યાદિ વચનો ગાથા ૧૨૬માં કહેવાયેલ છે તે પાપવૃક્ષ સ્વરૂપ છે. ફરીને પાપવૃક્ષ કેવા છે ? પોતાના હાથે જ વવાયેલા છે અર્થાત્ તેં સ્વયં આવા પાપો કરેલા છે તેનું આ ફળ છે એમ કહેવાનો ભાવ છે. અને પરમાધામીઓએ બતાવેલા આ પૂર્વભવના દુષ્કૃત્યોને ભવપ્રત્યય (ભવ સંબંધી) જાતિસ્મરણ જ્ઞાનથી નારકો સ્વયં પણ જાણે છે પરંતુ અવધિજ્ઞાનથી પૂર્વના દુષ્કૃતોને જાણતા નથી કેમકે તેઓના અવધિજ્ઞાનની મર્યાદા ઉત્કૃષ્ટથી એક યોજન પ્રમાણ ક્ષેત્રની છે.

આ પ્રમાણે આગળ કહેવાયેલાં પ્રકારોથી પૂર્વભવના દુષ્કૃત્યોને યાદ કરાવીને પણ ફરી નારકોને જે કરે છે તેને કહે છે-

गतार्था । ता एव वेदनाः प्रदर्शयति –

ગાથાર્થ સરળ છે. તે વેદનાઓને બતાવે છે.

**उक्कत्तिऊण देहाउ ताण मंसाइं चडफडंताणं ।**
**ताणं चिय वयणे पक्खिवंति जलणम्मि भुंजेउं ।।१४७।।**
**रे रे तुह पुव्वभवे संतुट्ठी आसि मंसरसएहिं ।**
**इय भणिउं तस्सेव य मंसरसं गिण्हिउं देंति ।।१४८।।**

**उत्कर्त्य देहात् तेषां मांसानि स्पन्दतां**
**तेषां चैव वदने प्रक्षिपन्ति ज्वलने भृष्ट्वा ।।१४७।।**
**रे रे तव पूर्वभवे संतुष्टिः आसीत् मांसरसकैः**
**इति भणित्वा तस्यैव च मांसरसं गृहीत्वा ददति ।।१४८।।**

**ગાથાર્થ :** તરફડિયા મારતા નારકોના શરીરમાંથી માંસને ઉતરડીને, અગ્નિમાં શેકીને તેઓના જ મુખમાં નાખે છે. (૧૪૭)

અરે ! અરે ! પૂર્વભવમાં માંસ રસોથી તારી તૃપ્તિ થઈ હતી એમ કહીને તેના જ માંસ રસને કાઢીને આપે છે. (૧૪૮)

स्पष्टार्थे । प्रकारान्तरेण वेदनोदीरणमाह –

હવે બીજા પ્રકારથી વેદનાની ઉદીરણાને કહે છે-

**चउपासमिलिअवणदवमहंतजालावलीहिं डज्झंता ।**
**सुमराविज्जंति सुरेहिं नारया पुव्वदवदाणं ।।१४९।।**

**चतुष्पार्श्वमुक्तवनदवमहाज्वालावलिभिः दह्यमानाः**
**स्मार्यन्तेऽसुरैः नारकाः पूर्वदवदानम् ।।१४९।।**

**ગાથાર્થ :** ચારે બાજુથી ઘેરી વળેલી વનદવની મોટા જ્વાલાઓના સમૂહોથી બાળતા નારકોને પરમાધામીઓ પૂર્વે કરેલા દવદાન કર્મને યાદ કરાવે છે. (૧૪૯)

**वैक्रिय वनदवं स्वयमेव कृत्वा तत्र दह्यमानाः नारकाः क्रन्दन्तः परमाधार्मिकसुरैः पापर्द्ध्यादिकालप्रवर्तितं पूर्वभवदवदानं स्मार्यन्ते ।। तथा –**

**ટીકાર્થ :** પરમાધામીઓ સ્વયં જ વનદવ વિકુર્વીને તેમાં બળતા અને આક્રંદ કરતા નારકોને શિકારાદિ કાળ વખતે કરેલું પૂર્વભવનું દવદાન કાર્ય યાદ કરાવે છે. શિકારીઓ જંગલમાં શિકાર કરવા જાય છે ત્યારે જંગલની ગીચ ઝાડી આદિમાં પશુઓ છૂપાઈને રહેલા હોય છે તે બહાર નીકળે તે માટે ચારે બાજુથી અગ્નિ સળગાવે છે. અગ્નિના ભયથી અંદર ભરાયેલા પશુઓ બહાર નીકળે છે ત્યારે તેનો શિકાર કરે છે. આદિ શબ્દથી શિકાર સિવાયના બીજા પ્રયોજનો પણ જાણવા. તથા –

आहेडयचेट्ठाओ संभारेउं बहुप्पयाराओ ।
बंधंति पासएहिं खिवंति तह वज्जकूडेसु ।।१५०।।
पाडंति वज्जमयवागुरासु पिट्टंति लोहलउडेहिं ।
सूलग्गे दाऊणं भुंजंति जलंतजलणम्मि ।।१५१।।
उल्लंबिऊण उप्पिं अहोमुहे हेट्ठजलियजलणम्मि ।
काऊण भडित्तं खंडसोऽवि कत्तंति सत्थेहिं ।।१५२।।
पहरंति चवेडाहिं चित्तयवयवग्घसीहरूवेहिं ।
कुट्टंति कुहाडेहिं ताण तणुं खयरकट्ठं व ।।१५३।।
कयवज्जतुंडबहुविहविहंगरूवेहिं तिक्खचंचूहिं ।
अच्छी खुट्टंति सिरं हणंति चुंटंति मंसाइं ।।१५४।।

आखेटकचेष्टाः स्मरयित्वा बहुप्रकाराः
बध्नन्ति पाशकैः क्षिपन्ति तथा वज्रकूटेषु ।।१५०।।
पातयन्ति वज्रमयवागुरासु पिट्टयन्ति लोहलकुटैः,
शूलाग्रे दत्त्वा भृञ्जन्ति ज्वलज्ज्वलने ।।१५१।।
उल्लंब्य उपरि अधोमुखान् अधोज्वलितज्वलने
कृत्वा भटित्रखंडं सोऽपि विकृत्यते शस्त्रैः ।।१५२।।
प्रहरन्ति चपेटाभिः चित्रकवृकव्याघ्रसिंहरूपैः
कुट्टयन्ति कुठारैः तेषां तनुं खदिरकाष्ठमिव ।।१५३।।
कृतवज्रतुण्डबहुविधविहंगरूपैः तीक्ष्णचञ्चूभिः
अक्षीणि निष्काशयन्ति शिरो घ्नन्ति चुण्टयन्ति मांसादि ।।१५४।।

**ગાથાર્થ :** ઘણાં પ્રકારની શિકારની ચેષ્ટાઓને યાદ કરાવીને પાશોથી બાંધે છે અને વજ્રના પાશમાં નાખે છે. (૧૫૦)

વજ્રમય જાળમાં પાડે છે, લોખંડના સળીયાઓથી પીટે છે, શૂળના અગ્રભાગમાં પરોવીને જ્વાળામાં શેકે છે. (૧૫૧)

નીચા મુખે ઉપર લટકાવીને, નીચે સળગતા અગ્નિમાં ભડથું કરીને, શસ્ત્રોથી તેને કાપીને ટૂકડા કરે છે. (૧૫૨)

ચિત્તા-વરુ-વાઘ-સિંહના રૂપ કરીને ચપેટાઓથી પ્રહાર કરે છે અને કુહાડાઓથી તેઓના શરીરને ખદીરના લાકડાની જેમ ફાડે છે. (૧૫૩)

ઘણા પ્રકારના વજ્રના મુખવાળા પંખીઓ વિકુર્વીને તીક્ષ્ણ ચાંચોથી આંખોને ફોલે છે, માથાને ફોડે છે અને માંસને ઉખેડે છે. (૧૫૪)

**सुगमाः । नवरं चित्रकवृकवज्रतुण्डपक्ष्यादिरूपाणि परमाधार्मिकविक्रियाकृतानि द्रष्टव्यानि ।। प्रकारान्तरेण वेदनामाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. ચિત્તા-વરુ-વજ્રમુખવાળા પક્ષીઓ વગેરે પરમાધામીઓએ વિકુર્વેલા જાણવા. હવે અન્ય પ્રકારની વેદનાને કહે છે-

**अगणिवरिसं कुणंते मेहे वेउव्वियम्मि नेरइया ।**
**सुरकयपव्वयगुहमणुसरंति निज्जलियसव्वंगा ।।१५५।।**
**तत्थ वि पडंति पव्वयसिलासमूहेण दलियसव्वंगा ।**
**अइकरुणं कंदंता पप्पडपिट्ठं व कीरंति ।।१५६।।**

**अग्निवृष्टिं कुर्वति मेघे विकुर्विते नैरयिकाः**
**सुरकृतपर्वतगुहामनुसरन्ति निर्ज्वलितसर्वांगाः ।।१५५।।**
**तत्रापि पतत्पर्वतशिलासमूहेन दलितसर्वांगाः**
**अतिकरुणं क्रन्दन्तः पर्पटपिष्टमिव क्रियन्ते ।।१५६।।**

**ગાથાર્થ :** જ્યારે પરમાધામીઓ અગ્નિમેઘ વિકુર્વીને અગ્નિની વૃષ્ટિ કરે છે ત્યારે અગ્નિથી સર્વાંગ બળેલા નારકો પરમાધામીઓએ વિકુર્વેલી પર્વતની ગુફામાં જાય છે. (૧૫૫) અને ત્યાં (પર્વતની ગુફામાં) પણ પડતા પર્વતની શિલાના સમૂહથી ચુરાયેલ છે સર્વ અંગો જેના એવા નારકો અતિકરુણથી રડતા પાપડના ચૂરા જેવા કરાય છે. (૧૫૬)

**इदमुक्तं भवति परमाधार्मिका नारकाणामुपरि निरन्तरं वज्राग्निकणवृष्टिं कुर्वन्तमग्निमेघं वैक्रियं कुर्वन्ति, तत्र च कृते तद्दाहनिर्ज्वलितसर्वाङ्गानां तेषां वैक्रियं पर्वतं कृत्वा दर्शयन्ति, ततो नारका अग्निवृष्टिप्रतीकारार्थं तद्गुहामनुसरन्ति, तत्रापीत्यादि सुगमं ।। यैश्च पूर्वभवे करभसैरिभवृषभरासभतुरङ्गादितिरश्चामतिभारः क्षिप्तः तेषां यत् कुर्वन्ति तदाह –**

**ટીકાર્થ :** કહેવાનો ભાવ એ છે કે પરમાધામીઓ અગ્નિમેઘ વિકુર્વીને નિરંતર નારકો પર વજ્રાગ્નિના કણીયાની વૃષ્ટિ કરે છે અને દાહ કર્યા પછી તે દાહથી બળેલા છે સર્વ અંગો જેના એવા નારકોને વૈક્રિય પર્વત કરીને બતાવે છે. પછી નારકો અગ્નિની વૃષ્ટિથી બચવા માટે પર્વતની ગુફાનો આશરો લે છે. ત્યાં પણ પર્વતની શિલાના સમૂહથી નારકોને ચુરી નાખે છે.

અને જેઓ વડે પૂર્વભવમાં ઊંટ-પાડા-બળદ-ગધેડા-ઘોડા આદિ તિર્યંચો ઉપર અતિ ભાર ભરાવેલ તેઓની જે દશા કરે છે તેને જણાવે છે.

**तिरियाणऽइभारारोवणाइं सुमराविऊण खंधेसुं ।**
**चडिऊण सुरा तेसिं भरेण भंजंति अंगाइं ।।१५७।।**

तिरश्चामतिभारारोपणादि स्मरयित्वा स्कंधेषु
आरुह्य असुरास्तेषां भारेण भंजयन्ति अंगानि ।।१५७।।

**ગાથાર્થ :** તિર્યંચો ઉપર અતિભાર-આરોપણને યાદ કરાવીને પરમાધામીઓ નારકોની કાંધ પર ચડીને ભાર આપીને તેઓના અંગોને ભાંગે છે. (૧૫૭)

गतार्था । नवरं पर्वतादिसमभारमात्मानं कृत्वा तत्स्कन्धेष्वारोहन्ति, वज्रमयाराभिर्गृह्णन्ति कशादिभिश्च ताडयन्तीति दृश्यं । प्रकारान्तरवेदनानां सूत्रत एव पातनामाह –

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે પણ પર્વતાદિ સમાન ભાર (વજન) વાળા પોતાના શરીરને વિકુર્વીને નારકોની કાંધ પર ચડે છે. વજ્રમય આરાઓથી પકડે છે અને ચાબુકોથી ફટકારે છે એમ જાણવું.

जेसिं च अइसएणं गिद्धी सद्दाइएसु विसएसु ।
आसि इहं ताणं पि हु विवागमेयं पयासंति ।।१५८।।

येषां च अतिशयेन गृद्धिः शब्दादिषु विषयेषु
आसीदिह तेषामपि खलु विपाकमेव प्रकाशयन्ति ।।१५८।।

**ગાથાર્થ :** જેઓને શબ્દાદિ વિષયોમાં અતિશય આસક્તિ હતી તેઓનો પણ અહીં કર્મનો જે વિપાક થાય છે તેને બતાવે છે. (૧૫૮)

गतार्था : तत्र शब्दरुप विषय गृद्धि-विपाकमेक गाथया प्राह –

તેમાં શબ્દ અને રૂપના વિષયની આસક્તિના વિપાકને એક ગાથાથી જણાવે છે.

तत्ततउमाइयाइं खिवंति सवणेसु तह य दिट्ठीए ।
संतावुव्वेयविधायहेऊरूवाणि दंसंति ।।१५९।।

तप्तत्रप्वादिकान् क्षिपन्ति श्रवणयोः तथा च दृष्ट्यां
संतापोद्वेगविधायकहेतुरूपाणि दर्शयन्ति ।।१५९।।

**ગાથાર્થ :** પરમાધામીઓ નારકોના કાનમાં તપેલા સીસાદિના રસને રેડે છે તથા આંખોને સંતાપ, ઉદ્વેગ અને વિઘાત કરે તેવા રૂપો વિકુર્વીને બતાવે છે. (૧૫૯)

येषां मधुरगीतपरयुवत्याद्यनुकूलमन्मनभाषितादिशब्देषु पूर्वं गृद्धिरिहाऽऽसीत् तेषां श्रवणेषु तां स्मारयित्वा उत्कलिततप्ततैलादीनि क्षिपन्ति, येषां तु परयुवत्यादिरूपविषये वदननयनाधरपल्लवकटाक्षक्षेपप्रेक्षितकक्षावक्षोजना-भिमण्डलत्रिवलीतरंगितोदरकाञ्चीपदोरुस्तम्भाद्यवलोकने गृद्धिरतिशयेन आसीत् तेषां दृष्टेर्महासन्तापकारीणि परमोद्वेगजनकानि सर्वथा स्फोटनस्वरूपविघातहेतुभूतानि रूपाणि विस्फुर्जत्स्फुलिङ्गमालाज्वालाकरालानि तप्तताम्रमयपुत्तलिकादीनि दर्शयन्ति ।

**ટીકાર્થ :** જેઓને પૂર્વે મધુર ગીતોમાં તથા પરસ્ત્રીને અનુકૂળ કાનાફૂસીને કરનારા વચનાદિ શબ્દો ઉપર આસક્તિ હતી તેઓના કાનમાં તે વાતોને યાદ કરાવીને ઉકાળેલા-તપાવેલા તેલ વગેરે નાખે છે.

જેઓને પરસ્ત્રી આદિના રૂપના વિષયમાં મુખ-આંખ, હોઠના પલ્લવ, આંખના કટાક્ષ ક્ષેપ, નિરીક્ષણ, બગલ, સ્તન, નાભિમંડલ, ત્રણ રેખાઓથી અંકિત પેટ, નિતંબ, સાથળ વગેરે અવયવો જોવામાં અતિશય આસક્તિ હતી તેઓની આંખને મહા સંતાપ કરનાર, પરમ ઉદ્વેગ કરનાર, સર્વથા ફોડનારા તથા વિઘાતના કારણભૂત ખરતાં તણખાની માળાની જ્વાળાથી ભયંકર તપેલા તાંબાની પૂતળીઓ આદિ રૂપો વિકુર્વીને બતાવે છે.

**अथ गन्धरसगृद्धिविपाकमाह –**

હવે ગંધ રસની આસક્તિના વિપાકને બતાવે છે.

**वसमंसजलणमुम्मुरपमुहाणि विलेवणाणि उवणेंति ।**
**उप्पाडिऊण संदंसएण दसणे य जीहं च ।।१६०।।**

**वसामांसज्वलनमुर्मुरप्रमुखाणि विलेपनानि**
**उपनयन्ति उत्पाट्य संदंशकेन दशनान् जिह्वां च ।।१६०।।**

**तत्तो भीमभुयंगमपिवीलियाईणि तह य दव्वाणि ।**
**असुईउ अणंतगुणे असुहाइं खिवंति वयणम्मि ।।१६१।।**

**ततो भीमभुजंगमपिपीलिकादीनि तथा च द्रव्याणि**
**अशुचीनि अनन्तगुणानि इतः अशुभानि क्षिपन्ति वदने ।।१६१।।**

**ગાથાર્થ :** ચરબી-માંસ-બળેલા કોલસા વગેરે પદાર્થોથી બનેલા વિલેપનોને વિકુર્વીને લાવે છે અને સાણસાથી દાંત તથા જીભને ખેંચીને પછી ભયંકર સાપ કીડીઓ વગેરે તથા અનંતગુણ અશુચિ તથા અશુભ દ્રવ્યોને વિકુર્વીને મોઢામાં નાખે છે. (૧૬૦-૧૬૧)

**येषां तु सुरभिगन्धातिशयगृद्धानां कर्प्पूरकस्तूरिकोन्मिश्रकृष्णागरुश्रीखण्डविलेपनादिष्वासक्तिरासीत्तेषां वपुषि वसामांसज्वलनमूर्मुरपूयादिविलेपनान्युपनयन्ति-कुर्वन्ति, येषां तु मद्यमांसरजनीभोजनादिरसगृद्धिरासीत् तेषां संदंशकेन दशनान् जिह्वां चोत्पाट्य ततो भीमभुजङ्गमपिपीलिकादीनि वदने क्षिपन्ति, तथा द्रव्याणि वैक्रियाणि कृत्वा वदने क्षिपन्ति, कथंभूतानि ?- अशुचीनि-जुगुप्सनीयानि महादुर्गन्धानि, किमुक्तं भवति ? - अशुचेर्विष्ठायाः अनन्तगुणेनाशुभानि ।।**

**ટીકાર્થ :** પૂર્વભવમાં જે પુરુષો કર્પૂર-કસ્તુરી મિશ્ર કૃષ્ણાગરુ તથા ચંદનના વિલેપન આદિ સુગંધી દ્રવ્યોમાં અતિશય આસક્તિવાળા હતા તેઓના શરીરપર પરમાધામીઓ ચરબી-માંસ-સળગેલા અંગારા-પરુ આદિ પદાર્થોને વિકુર્વીને વિલેપન કરે છે તથા જેઓને મદ્ય, માંસ, રાત્રીભોજન આદિ રસોમાં આસક્તિ હતી તેઓના દાંત તથા જીભને સાણસાથી ખેંચીને પછી તેઓના મુખમાં ભયંકર સાપ, કીડીઓ વગેરે વિકુર્વીને નાખે છે તથા વૈક્રિય દ્રવ્યો વિકુર્વીને મોઢામાં ભરે છે. તે વૈક્રિય દ્રવ્યો કેવા છે ? તે વૈક્રિય દ્રવ્યો અપવિત્ર જુગુપ્સનીય અને મહાદુર્ગંધવાળા છે. એનાથી શું કહેવાનું થાય છે ? તે પદાર્થો વિષ્ટાની અશુચિથી અનંતગણા અશુભ હોય છે એમ કહેવાનું છે.

अथ स्पर्शगृद्धिविपाकमाह –

હવે સ્પર્શની આસક્તિના વિપાકને કહે છે-

**सोवंति वज्जकंटयसेज्जाए अगणिपुत्तियाहिं समं ।**
**परमाहम्मियजणियाउ एवमाईउ वियणाओ ।।१६२।।**

**स्थापयन्ति वज्रकंटकशय्यायां अग्निपुत्रिकाभिः समं**
**परमाधार्मिकजनिता एवमाद्याश्च वेदनाः ।।१६२।।**

**ગાથાર્થ :** પરમાધામીઓ અગ્નિની પૂતળીઓની સાથે વજની કંટક શૈય્યામાં સુવડાવે છે. પરમાધામીઓ નારકોને આવા પ્રકારની વેદનાઓ કરે છે. (૧૬૨)

परकलत्रतन्वादिकोमलस्पर्शगृद्धान् स्वापयन्ति, क्वेत्याह-वज्रकण्टकशय्यायां, कथमित्याह-अग्निप्रतप्तास्ताम्रमयाः पुत्रिकाः-पुत्तलिकाः अग्निपुत्रिकाः ताभिः सह । तदेवं परमाधार्मिकजनितवेदनानां दिङ्मात्रम् उपसंहरन्नाह-परमाधार्मिकजनिता एवमादिका वेदना अन्या अपि श्रुतसागरादवसेया इति शेषः, इह सर्वासामपि तासां प्रतिपादयितुमशक्यत्वात् ग्रन्थविस्तरप्रसङ्गाच्चेति ।।

**ટીકાર્થ :** પરસ્ત્રીના શરીરાદિ કોમલ સ્પર્શમાં આસક્ત થયેલાઓને સુવડાવે છે. કયાં સુવડાવે છે ? વજ્રકંટકની શૈય્યામાં સુવડાવે છે. કેવી રીતે સુવડાવે છે ? અગ્નિથી અત્યંત તપેલ તાંબાની પૂતળીઓની સાથે વજ્રકંટકની શૈય્યા પર સુવડાવે છે. આ પ્રમાણે પરમાધામીઓએ કરેલી વેદનાનું આ દિઙ્માત્ર છે. આ પ્રમાણે પરમાધામીઓ વડે કરાયેલી આવા પ્રકારની બીજી પણ વેદનાઓ શ્રુતરૂપી સાગરમાંથી જાણી લેવી. ગ્રંથનો વિસ્તાર વધતો હોવાથી અને સર્વ વેદનાઓનું પ્રતિપાદન કરવું શક્ય ન હોવાથી અહીં કહેવાતી નથી.

अथ परस्परोदीरितवेदनामाह –

હવે નારકોવડે પરસ્પર ઉદીરિત કરાયેલી વેદનાને કહે છે-

**एस मह पुव्ववेरि त्ति नियमणे अलियमवि विगप्पेउं ।**
**अवरोप्परं पि घायंति नारया पहरणाईहिं ।।१६३।।**

**एष मम पूर्ववैरीति निजमनसि अलिकमपि विकल्प्य**
**परस्परमपि घ्नन्ति नारकाः प्रहरणादिभिः ।।१६३।।**

**ગાથાર્થ :** આ મારો પૂર્વભવનો વેરી છે એમ પોતાના મનમાં જુઠાણાને પણ કલ્પીને નારકો શસ્ત્રાદિથી પરસ્પરનો પણ ઘાત કરે છે. (૧૬૩)

इदमिह तात्पर्य-यः पूर्ववैरिको नाभवत् तमप्यधिकृत्यापरनारकोऽयं मम पूर्ववैरिक इति कर्म्मवशादलीकमपि विकल्प्य, अपि शब्दात् पूर्ववैरिकेऽपि कथमप्येकस्थानोत्पन्ने सत्यपि, ततः परस्परमपि, घ्नन्ति नारकाः वैक्रियप्रहरणमुष्टिपार्ष्ण्यादिभिः ।।

**ટીકાર્થ :** અહીં કહેવાનો ભાવ એ છે કે જે પૂર્વભવનો વૈરી ન હતો તેને પણ બીજા નારકો આ મારો વૈરી હતો એમ કર્મવશાત્ જુઠાણાને પણ કલ્પીને પછી શસ્ત્રો વિકુર્વીને તથા મૂઠી, પેની આદિથી પરસ્પરને મારે

છે. અહીં अलीक શબ્દ પછી अपि શબ્દનો અર્થ એ છે કે સાચો વૈરી કોઈપણ રીતે તે સ્થાનમાં ઉત્પન્ન થયો હોય તો તેની સાથે અવશ્ય લડે છે.

**अथ क्षेत्रानुभावजनितवेदनामाह –**

હવે ક્ષેત્રના પ્રભાવથી ઉત્પન્ન થયેલી વેદનાને કહે છે-

**सीउसिणाई वियणा भणिया अन्ना वि दसविहा समए ।**
**खेत्ताणुभावजणिया इय तिविहा वेयणा नरए ।।१६४।।**

**शीतोष्णादिकवेदना भणित्ता अन्या अपि दशविधाः समये**
**क्षेत्रानुभावजनिता इति त्रिविधा वेदना नरके ।।१६४।।**

ગા**થાર્થ :** ક્ષેત્રના પ્રભાવથી ઉત્પન્ન થયેલી શીત-ઉષ્ણ વગેરે બીજી પણ દશ પ્રકારની વેદના શાસ્ત્રમાં કહેવાયેલી છે. આમ નરકમાં ત્રણ પ્રકારની વેદના હોય છે. (૧૬૪)

**अन्याऽपि क्षेत्रानुभावजनिता शीतोष्णादिका वेदना दशविधा भणिता समये-आगमे व्याख्याप्रज्ञप्त्यादिलक्षणे, तथा च तत्सूत्रम् (ग्रन्थाग्रं-८०००) "नेरइया णं भंते ! कतिविहं वेयणं पच्चणुभवमाणा विहरंति ?, गोयमा ! दसविहं, तं. सीयं उसिणं खुहं पिवासं कंडुं परज्झं जरं दाहं भयं सोगं" तत्र शीतमौष्ण्यं च प्रागेव व्याख्यातं । क्षुत्पुनस्तेषां सदाऽवस्थिता सा भवति या समग्रजगद्धान्यभोजनेऽपि न निवर्त्तते, न च तेषां कावलिक आहारो भवति, केवलं ते तथाबुभुक्षिता आकाशात् आहारद्रव्याणि गृह्णन्ति, तानि च पापोदयेनाशुचेरनन्तगुणाशुभानि महाविशूचिकाजनकानि च ग्रहणमागच्छन्ति, ततस्तैरत्रत्यमूढविशूचिकातोऽनन्तगुणदुःखा विसूचिका भवति, ततस्तद्दुःखमन्तर्मुहूर्त्तमनुभूय तदन्ते पुनस्तादृशाहारद्रव्यग्रहणं, पुनस्तथाविधमेव दुःखं, पुनरन्तमुहूर्त्तात् तद्ग्रहणमित्येवमाहारोऽपि वराकाणां संततमनन्तदुःखहेतुः । पिपासा तु सा काचिद् भवति याऽसत्कल्पनया निःशेषजलधिजलपानेऽपि न व्यावर्त्तते । कण्डूस्तु वपुषि तेषां सा निरन्तरमुपजायते या तीक्ष्णक्षुरिकोत्कर्त्तितानामपि न विश्राम्यति 'परज्झं' ति पारवश्यं । ज्वरस्त्वत्रत्यमाहेन्द्रज्वरादनन्तगुणस्तत्रामरणान्तं कदाऽपि न विरमति । दाहोऽप्यनन्तगुण एवमेव । भयशोकौ तु सदाऽपि यथोक्तवेदनाकदर्थ्यमानानां किं कथ्येते ? । तदेवं त्रिविधामपि वेदनां प्रतिपाद्योपसंहरति - 'इय तिविहे'त्यादि, इति-पूर्वोक्तप्रकारेण परमाधार्मिकजनिता परस्परोदीरिता क्षेत्रानुभावजनिता चेति त्रिविधा वेदना नरके आद्यपृथ्वीत्रयलक्षणे, परतस्तु परमाधार्म्मिकाणामभावात् तज्जनितां मुक्त्वा शेषा द्विविधैव भवति, परं सा द्विधाऽपि स्वभावेनैवार्वाग्वर्तिन्या अनन्तगुणेति ।। एताभिश्च वेदनाभिः कदर्थितास्ते नारकाः कथंभूतास्तत्र निवसन्तीत्याह –**

**ટીકાર્થ :** ક્ષેત્રના અનુભાવથી ઉત્પન્ન થયેલી બીજી પણ શીત, ઉષ્ણ વગેરે વેદના વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોમાં દશ પ્રકારની કહેવાઈ છે. તે સૂત્ર આ પ્રમાણે છે.

**ગૌતમ સ્વામી :** હે ભગવન્ ! પ્રતિ સમયે નારકો કેટલી વેદના અનુભવે છે ? હે ગૌતમ ! નારકો પ્રતિ સમયે દશ પ્રકારની વેદના અનુભવે છે તે આ પ્રમાણે (૧) શીત (૨) ઉષ્ણ (૪) ક્ષુધા (૪) પિપાસા (૫) ખણજ (૬) પરાધીનતા (૭) જ્વર (૮) દાહ (૯) ભય (૧૦) શોક. તેમાં શીત અને ઉષ્ણ બેનું વ્યાખ્યાન પૂર્વે થઈ ગયું છે. [જુઓ પાનું ૪૨]

**ક્ષુધા :** તેઓને ક્ષુધા હંમેશા હોય છે અને તે એવી તીવ્ર હોય છે કે સમસ્ત જગતના ધાન્યનું ભોજન કરવામાં આવે તો પણ ભુખ શાંત થતી નથી. તેઓને કવલાહાર હોતો નથી. ફક્ત તેવા ભુખ્યા થયેલા

આકાશમાંથી આહાર દ્રવ્યોને ગ્રહણ કરે છે અને તે આહાર પુદ્ગલો પાપના ઉદયથી વિષ્ઠા કરતાં અનંતગણા અશુભ અને મહાવિસૂચિકા (જેમાં ઝાડા થાય તેવા રોગ વિશેષ)ને ઉત્પન્ન કરે તેવા ગ્રહણ થાય છે. પછી તેવા પ્રકારના આહારથી ફરી થતી ભારે વિસૂચિકાથી અનંતગણી વેદનાવાળી વિસૂચિકા થાય છે. પછી તેવા પ્રકારના દુઃખને અંતર્મુહૂર્ત્ત ભોગવીને પછી ફરી તેવા પ્રકારના આહારને ગ્રહણ કરે છે. ફરી તેવા દુઃખને પ્રાપ્ત કરે છે. ફરી અંતર્મુહૂર્ત્ત પછી તેવા પ્રકારના આહારનું ગ્રહણ આમ તે વરાકડાઓનો આહાર પણ સતત અનંત દુઃખનું કારણ છે.

**પિપાસા :** તેઓને પણ એવી કોઈ તૃષા ઉત્પન્ન થાય છે કે જે અસત્ કલ્પનાથી સર્વ સમુદ્રોનું પાન કરી જાય તો પણ તૃષા શાંત થતી નથી.

**ખણજ :** તેઓના શરીરમાં એવી સતત ખણજ ઉત્પન્ન થાય છે કે તીક્ષ્ણ છૂરીથી ખણવામાં આવે તો પણ શાંત થતી નથી.

**પરાધીનતા :** તેઓને આખા ભવ સુધી પરાધીનતા હોય છે.

**જ્વર :** અહીંના માહેન્દ્ર (એક જાતના તાવનો પ્રકાર) તાવ કરતાં અનંતગુણો હોય છે અને મરણ સુધી તે તાવ ઉતરતો નથી.

**દાહ :** દાહપણ અહીંના દાહ કરતાં અનંતગુણો હોય છે.

**ભય અને શોક :** હંમેશા પણ ઉપર કહેવાયેલી વેદનાથી કદર્થના કરાતા નારકોના ભય અને શોકની શું વાત કરવી ?

આમ ત્રણ પ્રકારની પણ વેદનાનું પ્રતિપાદન કરીને હવે ઉપસંહાર કરતા કહે છે इय तिविहे त्यादि પૂર્વોક્ત કહેલા પ્રકારથી પરમાધામી વડે કરાયેલી, પરસ્પરોદીરિત અને ક્ષેત્રના પ્રભાવથી થયેલી એમ ત્રણ પ્રકારની વેદના પ્રથમની ત્રણ નરક પૃથ્વીમાં છે. બાકીની નરક પૃથ્વીઓમાં પરમાધામીઓનો અભાવ હોવાથી પરમાધામીકૃત વેદનાને છોડીને બાકીની બે વેદનાઓ હોય છે. પરંતુ તે બે પ્રકારની વેદનાઓ પણ સ્વભાવથી જ પ્રથમની પૃથ્વીઓ કરતાં અનંત ગુણી હોય છે.

આવા પ્રકારની વેદનાથી પીડાયેલા નારકો ત્યાં કેવી રીતે રહી શકે છે તેને કહે છે.

**तत्तो कसिणसरीरा बीभच्छा असुइणो सडियदेहा ।**
**नीहरियअन्तमाला भिन्नकवाला लुयंगा य ।।१६५।।**
**दीणा सव्वनिहीणा नपुंसगा सरणवज्जिया खीणा ।**
**चिट्ठंति निरयवासे नेरइया अहव किं बहुणा ? ।।१६६।।**

**ततः कृष्णशरीराः बीभत्साः अशुचयः शटितदेहाः**
**निःसारितान्त्रमालाः भिन्नकपालाः लुलिताङ्गाश्च ।।१६५।।**
**दीनाः सर्वनिहीना नपुंसकाः शरणवर्जिताः क्षीणाः**
**तिष्ठन्ति निरयवासे नैरयिका अथवा किं बहुना ? ।।१६६।।**

**ગાથાર્થ :** પછી કૃષ્ણ શરીરી, બીભત્સ, અશુચિવાળા, સડી ગયેલ શરીરવાળા, નીકળેલી છે આંતરડાની

માળા જેઓની, ભંગાયેલી ખોપરીવાળા, એક કપાયેલ અંગવાળા, દીન, સર્વથી અધિક હીન, નપુંસક, શરણ રહિત, ક્ષીણ, નારકો નરકાવાસમાં રહે છે અથવા વધારે શું કહેવું ? ૧૬૫ (૧૬૬)

**सुगमे ।। पूर्वकोट्यायुः सहस्रवदनोऽपि च नरकवेदनाः सामस्त्येन वक्तुं न शक्नोत्यतः संक्षेपमाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પૂર્વક્રોડના આયુષ્યવાળો એવો હ' રમુખવાળો હોય તો પણ સંપૂર્ણ નરકની વેદનાને કહી શકતો નથી. આથી સંક્ષેપથી કહે છે.

**अच्छिनिमीलणमेत्तं नत्थि सुहं दुक्खमेव अणुबद्धं ।**
**नरए नेरइयाणं अहोनिसिं पच्चमाणाणं ।।१६७।।**

**अक्षिनिमीलनमात्रं नास्ति सुखं दुःखमेवानुबद्धं**
**नरके नैरयिकाणामहर्निशं पच्यमानानाम् ।।१६७।।**

**ગાથાર્થ :** નરકમાં હંમેશા પકાવાતા નારકોને આંખના પલકારા માત્ર જેટલા કાળનું સુખ નથી જ્યારે દુઃખ સતત લાગેલું છે.

**प्रतीतार्था । एवं च नरकवेदनाऽभिभूताः सम्यग्दृष्टयो नारका यच्चिन्तयन्ति तदाह –**

અને એ પ્રમાણે નરકની વેદનાથી પીડા પામેલા સમ્યગ્દષ્ટિ નારકો જે ચિંતવે છે તેને કહે છે-

**तत्थ य सम्मद्दिट्ठी पायं चिंतंति वेयणाऽभिहया ।**
**मोत्तुं कम्माइं तुमं रूससु जीव ! जं भणियं ।।१६८।।**

**तत्र च सम्यग्दृष्टयः प्रायः चिंतयन्ति वेदनाऽभिहताः**
**मुक्त्वा कर्माणि त्वं मा रुष जीव ! यद् भणितं ।।१६८।।**

**ગાથાર્થ :** વેદનાથી અકળાયેલા તે નારકોમાંથી જે સમ્યગ્દષ્ટિ છે તે પ્રાયઃ એમ વિચારે છે કે હે જીવ ! તારા પોતાના કર્મોને છોડીને બીજા કોઈપર રોષ ન કર. કેમકે તીર્થંકરો વડે આમ કહેવાયેલું છે કે - (૧૬૮)

**स्वयमेवोपात्ताशुभकर्म्मणामेव सर्वमप्येतत् फलं, अतस्तानि मुक्त्वाऽन्यस्य कस्यापि मा रुषस्त्वं, यद्-यस्मात् परममुनिभिर्भणितं, शेषं सुगमं ।। किं मुनिभिर्भणितम् ? इत्याह –**

સ્વયં જ ઉપાર્જન કરેલા અશુભકર્મોનું જ આ સર્વ ફળ છે. આથી તે કર્મોને છોડીને કોઈ બીજાપર ગુસ્સે ન થા. જેથી પરમમુનિ (તીર્થંકરો) વડે કહેવાયું છે. બાકીનું સુગમ છે.

તીર્થંકરો વડે શું કહેવાયેલું છે ? તેને કહે છે.

**सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।**
**अवराहेसु गुणेसु य निमित्तमेत्तं परो होइ ।।१६९।।**
**धारिज्जइ एंतो जलनिही वि कल्लोलभिन्नकुलसेलो ।**
**न हु अन्नजम्मनिम्मियसुहासुहो देव्वपरिणामो ।।१७०।।**

**अकयं को परिभुंजइ ? सकयं नासेज्ज कस्स किर कम्मं ? ।**
**सकयमणुभुंजमाणे कीस जणो दुम्मणो होइ ? ।।१७१।।**

**सर्वः पूर्वकृतानां कर्मणां प्राप्नोति फलविपाकं**
**अपराधेषु च गुणेषु च निमित्तमात्रं परो भवति ।।१६९।।**

**धार्यते आयान् जलनिधिरपि कल्लोलभिन्नकुलशैलः**
**न खलु अन्यजन्मनिर्मितः शुभाशुभो दिव्यपरिणामः ।।१७०।।**

**अकृतं कः परिभुङ्क्ते ? स्वकृतं च नश्येत् कस्य किल कर्म ?**
**स्वकृतमनुभुंजानः कस्माज्जनो दुर्मना भवति ? ।।१७१।।**

**ગાથાર્થ** : સર્વ જીવો પોતે કરેલ પાપના ફળના વિપાકને મેળવે છે અને અપકાર કે ઉપકારમાં બીજા નિમિત્ત માત્ર હોય છે. (૧૬૯)

મોજાઓથી કુલશૈલ પર્વતને ભેદનારો સમુદ્ર પણ આવતો અટકાવી શકાય છે પણ પૂર્વ જન્મમાં કરેલ શુભ કે અશુભ કર્મનો પરિણામ રોકી શકાતો નથી (નિષ્ફળ કરી શકાતો નથી.) ૧૭૦ તથા નહીં કરેલ કર્મને કોણ ભોગવે છે ? સ્વકૃત કર્મો કોના નાશ પામે છે ? સ્વકૃત કરેલા કર્મને ભોગવતો લોક શા માટે દુઃખી થાય છે ? (૧૭૧)

**स्वयमकृतं शुभाशुभं कर्म्म क इह जगति परिभुङ्क्ते ?, न कश्चिदित्यर्थः । यच्च स्वयमेव कृतं कर्म्म तद् एवमेवावेदितं कस्य किल नश्यति-अपगच्छति ?, न कस्यचिदित्यर्थः । एवं च स्वकृतमेव कर्म्मानुभुञ्जानो लोकः किमिति दुर्मना भवति ?, किं सम्यग् न सहत इत्यर्थः ।। तथा –**

**टीकार्थ** : સ્વયં ન કરેલ શુભાશુભ કર્મને આ જગતમાં કોણ ભોગવે છે ? અર્થાત્ કોઈ ભોગવતું નથી અને સ્વયં જ જે કર્મ ઉપાર્જન કરેલ છે તે ભોગવાયા વિના કોનું નાશ થાય છે ? અર્થાત્ કોઈનું પણ સ્વયં કરેલું કર્મ પોતે ભોગવ્યા વિના નાશ પામતું નથી. અને આ પ્રમાણે પોતે જ કરેલા કર્મને ભોગવતો લોક દુઃખી કેમ થાય છે ? અથવા શા માટે સમભાવપૂર્વક સહન કરતો નથી ? એમ કહેવાનો ભાવ છે. તથા-

**दुप्पत्थिओ अमित्तं अप्पा सुप्पत्थिओ हवइ मित्तं ।**
**सुहदुक्खकारणाओ अप्पा मित्तं अमित्तं वा ।।१७२।।**

**दुष्प्रस्थितोऽमित्र आत्मा सुप्रस्थितो भवति मित्रं**
**सुखदुःखकारणात् आत्मा मित्रममित्रो वा ।।१७२।।**

ગાથાર્થ : ઉન્માર્ગે ગયેલ આત્મા પોતાનો શત્રુ છે, સન્માર્ગમાં ગયેલ આત્મા પોતાના મિત્ર છે, સુખ કે દુઃખના કારણથી જ આત્મા પોતાનો મિત્ર કે શત્રુ છે (૧૭૨)

**लोके तावदिदं प्रतीतमेव यः सुखकारणं तत् मित्रं, यस्तु दुःखकारणं सोऽमित्रः, एवं च सति आत्मैवात्मनो मित्रममित्रं च सुखदुःखयोरंतरङ्गकारणत्वात् । कदा पुनरयमात्मा आत्मनो दुःखकारणं सन्नमित्रो भवति, कदा वा**

**मित्रमित्याह-दुष्प्रस्थितः कुमार्गप्रवृत्त आत्मा दुःखकारणत्वादात्मनोऽमित्रः, सुमार्गानुगश्च मित्रं सुखकारणत्वादिति । अपरामपि सम्यग्दृष्टिचिन्तामाह –**

**ટીકાર્થ :** આ તો લોકમાં પ્રસિદ્ધ છે કે જે સુખનું કારણ છે તે મિત્ર છે અને જે દુઃખનું કારણ છે તે શત્રુ છે આમ હોતે છતે આત્મા જ સુખદુઃખનું અંતરંગ કારણ હોવાથી આત્મા જ પોતાનો શત્રુ કે મિત્ર છે. તો પછી ક્યારે આ આત્મા પોતાના દુઃખનું કારણ થયે છતે શત્રુ બને છે અથવા ક્યારે પોતાના સુખનું કારણ બને છતે મિત્ર બને છે ? આનો ઉત્તર એ છે કે કુમાર્ગમાં પ્રવૃત્ત થયેલ આત્મા દુઃખનું કારણ બનતો હોવાથી પોતાનો શત્રુ થાય છે અને સુમાર્ગને અનુસરનારો આત્મા સુખનું કારણ બનતો હોવાથી પોતાનો મિત્ર બને છે.

બીજી પણ સમ્યગ્દૃષ્ટિ આત્માની વિચારણાને કહે છે-

**वारिज्जंतो वि हु गुरुयणेण तइया करेसि पावाइं ।**
**सयमेय किणियदुक्खो रूससि हे जीव ! कस्सिण्हिं ? ।।१७३।।**
**सत्तमियाओ अन्ना अट्ठमिया नत्थि निरयपुढवि त्ति ।**
**एमाइ कुणसि कूडुत्तराइं इण्हिं किमुव्वियसि ? ।।१७४।।**

**वार्यमाणोऽपि खलु गुरुजनेन तदा करोषि पापानि**
**स्वयमेव क्रीतदुःखः रुष्यसि कस्मै इदानीम् ? ।।१७३।।**
**सप्तमीतस्त्वन्या अष्टमिका नास्ति निरयपृथ्वीति**
**एवमादीनि करोसि कूटोत्तराणि अत्र किमुद्विजसि ? ।।१७४।।**

**ગાથાર્થ :** ત્યારે ગુરુજનવડે વરાતો હોવા છતાં પાપોથી વિરામ પામ્યો નહીં, સ્વયં જ ઉપાર્જન કરેલ દુઃખવાળા હે જીવ ! હમણાં તું કોના ઉપર ગુસ્સે થાય છે ? (૧૭૩)

સાતમી નરક પૃથ્વી પછી આઠમી નરક પૃથ્વી નથી એમ વંઠ ઉત્તરો કર્યા છે તો હમણાં ઉદ્વેગને કેમ પામે છે ? (૧૭૪)

**सुबोधे ।। एवंविधया शुभचिन्तया वेदनादिभिश्च ताभिर्निर्जीर्णकर्म्मणां सम्यग्दृष्टिनारकाणां पुरतो यद्भवति तदाह –**

**ટીકાર્થ :** સુગમ છે. આવા પ્રકારની શુભ વિચારણાથી અને તેવા પ્રકારની વેદનાઓને સમભાવે સહન કરવાથી જીર્ણ થયેલ કર્મવાળા સમ્યગ્દૃષ્ટિ નારકોનું પછી શું થાય છે તેને કહે છે.

**इय चिंताए बहुवेयाणाहिं खविऊण असुहकम्माइं ।**
**जायंति रायभवणाइएसु कमसो य सिज्झंति ।।१७५।।**

**इति चिंतया बहुवेदनाभिः क्षपयित्वाऽशुभकर्माणि**
**जायन्ते राजभुवनादिकेषु क्रमशश्च सिद्ध्यन्ति ।।१७५।।**

**ગાથાર્થ**: આ પ્રમાણે શુભચિંતન તથા ઘણી વેદનાઓ સમભાવે ભોગવવાથી અશુભકર્મો ખપાવીને રાજભવનાદિમાં જન્મે છે અને ક્રમે કરી સિદ્ધ થાય છે. (૧૭૫)

**सुगमा ।। मिथ्यादृष्टीनां तर्हि का वार्त्ता ? इत्याह –**

તો પછી મિથ્યા દૃષ્ટિઓ નરકમાં કેવા ભાવથી દુઃખો સહન કરે છે અને ત્યાંથી ઉદ્‌વર્તન પામ્યા પછી શું સ્થિતિ થાય છે તેને કહે છે.

**अन्ने अवरोप्परकलहभावओ तह य कोवकरणेणं ।**
**पावंति तिरियभावं भमंति तत्तो भवमणंतं ।।१७६।।**

**अन्ये परस्परकलहभावतः तथा च कोपकरणेन**
**प्राप्नुवन्ति तिर्यग्भावं भ्रमन्ति ततो भवमनंतम् ।।१७६।।**

**ગાથાર્થ :** બીજા એટલે કે મિથ્યાદૃષ્ટિ નારકો પરસ્પરના કલહભાવથી તથા ક્રોધ કરવાથી તિર્યંચ ભાવને પામે છે અને ત્યાર પછી અનંતભવમાં ભમે છે. (૧૭૬)

**अन्ये तु मिथ्यादृष्टिनारकाः परस्परकलहभावतः परस्परवेदनोदीरणेन तथा परमाधार्मिकादीनामुपरि गाढकोपकरणेनाशुभं कर्म्म बद्ध्वा मत्स्यादितिर्यक्षूत्पद्यन्ते, ततश्च पौनः पुन्येन तेष्वेव नरकादिषूत्पद्यमाना अनन्तभवं भ्रमन्ति केचिद्दूरभव्याः, आसन्नभव्यास्तु केऽपि कियन्तमपि कालं ततः सिद्ध्यन्ति, अभव्यास्तु भवमेव केवलं भ्रमन्तस्तिष्ठन्ति, न तु कदाचित् सिध्यन्ति । अत्राह विनेयो ननु प्राणिघातमांसभक्षणमहारम्भादिकैः प्रागुक्तहेतुभिः कियन्तो जीवास्तेषु नरकेषूत्पन्नपूर्वाः ?, उच्यते, सर्वेपि जीवाः प्रत्येकमनन्तशः, परं दिङ्मात्रोपदर्शनार्थमुदाहरणत्रयमुच्यते, तद्यथा –**

**ટીકાર્થ :** અને બીજા મિથ્યાદૃષ્ટિ નારકો પરસ્પરના કલહ ભાવથી પરસ્પરની વેદનાની ઉદીરણા કરીને તથા પરમાધામીઓ પર ગાઢ કોપ કરીને અશુભકર્મોને બાંધીને માછલા આદિ તિર્યંચમાં ઉત્પન્ન થાય છે અને પછી ફરી ફરી તે જ નરકોમાં ઉત્પન્ન થતા તેમાંના કેટલાક દૂરભવ્યો અનંતભવ ભમે છે પણ કેટલાક આસન ભવ્યો કેટલાક કાળ પછી સિદ્ધ થાય છે અને અભવ્યો તો સંસારમાં ભમતા જ રહે છે પણ ક્યારેય સિદ્ધ થતા નથી. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે - પ્રાણિઘાત - માંસભક્ષણ મહારંભાદિ પૂર્વ કહેલ કારણોથી કેટલા જીવો કેટલીવાર નારકોમાં પૂર્વ ઉત્પન્ન થયેલ હોય છે ?

**ઉત્તર :** સર્વે પણ જીવો દરેક નરકમાં અનંત-અનંતવાર ઉત્પન્ન થયા છે. પરંતુ માત્ર દિશા સૂચન કરવા ત્રણ ઉદાહરણો કહેવામાં આવે છે તે આ પ્રમાણે-

**पाणिवहेणं भीमो कुणिमाहारेण कुंजरनरिंदो ।**
**आरंभेहि य अयलो नरयगईए उदाहरणा ।।१७७।।**

**प्राणिवधेन भीमः कुणिमाहारेण कुंजरनरेन्द्रः**
**आरंभैश्च अत्थलो नरकगतावुदाहरणानि ।।१७७।।**

**ગાથાર્થ :** પ્રાણી વધથી ભીમ, માંસાહારથી કુંજર રાજા અને મહારંભથી અચલ નરકગતિને પામ્યા છે તેના ઉદાહરણો છે. ૧૭૭.

**तत्र कोऽयं भीम इति ?, उच्यते,**

તેમાં આ ભીમ કોણ છે ? તે કહેવાય છે.

## ભીમનું કથાનક

પાંચાલ દેશમાં કાંપીલ્યપુર નામનું સુપ્રસિદ્ધ નગર છે. જ્યાં* તરુણીઓના સ્તનપ્રદેશથી ઉતારાયેલો હાર દુસ્થિત (નિર્માલ્ય) થાય છે. ત્યાં શ્રીદામ નામનો રાજા વિશાળ ભંડાર અને ઘણાં દેશોથી સમૃદ્ધ છે. જેની નિર્મળતા અને સરળતા મોતીના હારની જેમ શોભે છે. તેને શ્રેષ્ઠ રૂપવાળી પદ્માવતી વગેરે દેવીઓ છે. પદ્માવતીનો ભીમ નામનો મોટો પુત્ર છે. તે સ્વભાવથી ક્રૂર, અહંકારી, માયાવી તથા મહાલોભી, નિર્દય, નિર્લજ્જ, નિર્દાક્ષિણ્ય, ભયથી વિમુક્ત છે. (૪) શ્રીદામ રાજાને કમલિની નામની બીજી દેવી છે. ભાનુ, રામ, પદ્મ અને કીર્તિધન એમ અનુક્રમે તેના ચારપુત્રો છે. ચાર પુરુષાર્થની જેમ તે ચારેય લોકને અતિ ઇષ્ટ છે, તેઓ સાગરની જેમ ઘણા ગુણરૂપી રત્નોને ધારણ કરનારા છે તથા સાગરની જેમ ગંભીર છે. શ્રેષ્ઠ રૂપ અને લક્ષણને ધરનારા છે તથા સત્ત્વરૂપી ધનને ધારણ કરનારા છે. અહીં વધારે શું કહેવું ? સર્વ લોકને માટે ભીમ વિષ સમાન છે જ્યારે આ ચારેય અમૃત સમાન છે. તે રાજાને મતિસાગર નામનો શ્રેષ્ઠ મંત્રી છે અને તે ઔપપાતિકાદિ** ચાર બુદ્ધિથી યુક્ત એવો નિપુણ શ્રાવક છે. મતિસાગરને સુમતિ, વિમલ, બૃહસ્પતિ તથા મતિધન નામના ચાર પુત્રો ઘણી બુદ્ધિથી યુક્ત છે તથા ગુણથી સમૃદ્ધ છે. (૯)

પછી મોટો થતો ભીમ સાવકા ભાઈઓને પીટે છે અને સામંત મંડલાધિપના પુત્રોને પણ ક્યાંય પણ છોડતો નથી. (અર્થાત્ તેઓને પણ મારે છે.) તથા મતિસાગરના સુમતિપુત્રને છોડીને બાકીના ત્રણને પણ તે એવો પીડે છે જેથી તેઓ સહન કરી શકતા નથી. હવે પ્રધાને ભીમની સર્વ દુશ્ચેષ્ટાને જાણી અને તેમાં શરીરના લક્ષણોને નિપુણ દૃષ્ટિથી જુએ છે. (૧૨) પછી અમાત્ય વિચારે છે કે અહો ! કેવું સંકટ આવી પડ્યું છે ? જે આ પુત્ર ખરેખર રાજાનો નાશ કરનારો થશે. જો હું વાત રાજાને ન જણાવું તો સ્વામી ઉપેક્ષા કરાયેલ થશે અથવા જો હું તેને વાત કરું તો નક્કી ભીમની માતાથી મારું મરણ થાય એવી શંકા કરું છું. તેથી અહીં મારે શું કરવું ઉચિત છે ? અથવા આ વિચારથી શું ? તો પણ સ્વામીની ઉપેક્ષા કરવી યોગ્ય નથી એ પ્રમાણે વિચારીને અમાત્ય રાજાને એકાંતમાં રાખીને કહે છે કે હે દેવ ! લોકમાં આવી નીતિ સંભળાય છે કે માણસે આપત્તિઓનો વિચાર પ્રથમથી જ કરવો જોઈએ કારણ કે ઘર બળે છતે કોઈ કૂવો ખોદવા સમર્થ થતો નથી અને ભીમ તમારી અને મારી મોટી આપત્તિનું નિમિત્ત બને એવી સંભાવના છે. તેથી જો હમણાં પણ આ દેશનિકાલ ન કરાય તો પછી અસાધ્ય થશે. સડતો કે ખવાયેલો શરીરનો અવયવ પણ કાપવામાં આવે છે તો આ પુત્રાદિ વિશે શું ? (૧૯) પોતાના શરીરમાં ઉઠેલો પણ વ્યાધિ શીઘ્ર દૂર કરાય છે. લોકમાં માટીથી અથવા પાઠાંતરથી જંગલી વનસ્પતિઓથી બનેલું પરમ ઔષધ શરીરમાં લેવાય છે. જે નિષ્કરુણ શંકા રહિત કૃત્ય કે અકૃત્ય કરે છે તે દુષ્ટોનો રાજાઓ વિશેષથી વિશ્વાસ કરતા નથી. રાજાઓ સુસંસ્કારિત, અવિકારી, અચેતન (પ્રાસુક) પણ ભોજન પાનને ગ્રહણ કરે છે પણ સુવિકારી સચેતન પુત્રાદિને શું ગ્રહણ કરે છે ? (૨૨) દોષ રહિત અને ધર્મ સહિત એવા દુશ્મનો સાથે પણ વસે પણ દોષવાળા સ્વજનનો પણ શંકા રહિત ત્યાગ કરે

* તે નગરના લોકો એટલા ધનવાન છે કે તેઓની સ્ત્રીઓના ઉતારાયેલા હારો નિર્માલ્યને પામે છે અર્થાત્ સ્ત્રીઓ વડે સોનાદિના હારો ઉતારાય છે ત્યારે નિર્માલ્યની જેમ ત્યજાય છે.

** ઔપપાતિકી વૈનેયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ બુદ્ધિના ચાર પ્રકાર છે.

એવો રાજધર્મ છે. હિતૈષી એવા સચિવે એ પ્રમાણે નીતિમાર્ગનો ઉપદેશ કર્યા પછી રાજા કહે છે કે મારો પુત્ર આજે બાળ તથા ભોળો છે. હે સચિવ ! વિકારને (દોષને) જાણતો નથી. પછી સચિવ ભીમની દોષ પ્રચુરતાને લાખો યુક્તિઓથી જણાવીને સિદ્ધ કરે છે. પછી રાજા જેટલામાં કોઈપણ રીતે બોધ પામતો નથી તેટલામાં મંત્રી વિચારે છે કે એ પ્રમાણે જ નક્કી કંઈપણ બનવાનું હશે. સ્નેહથી વિમોહિત થયેલો આ રાજા ભીમની માતાથી ગભરાય છે અને તેને કંઈપણ કહેવા સમર્થ થતો નથી. પછી મંત્રી પણ વાતને ટાળીને રાજાને નમીને ગયો. (૨૭)

પછી ભીમ પણ કલાગ્રહણ કરતી વખતે સમગ્રપણ સહાધ્યાયીઓને તથા અધ્યાપકને નિશંક જ પીટે છે. રાજાના ભયથી કોઈપણ કંઈપણ ફરીયાદ કરતા નથી. પછી કંઈક કંઈપણ કુશિક્ષિત કલાને ભણેલો ભીમ અનુક્રમે યૌવનને પ્રાપ્ત થયો. અમાત્યપુત્રોની સહિત કમલિનીના પુત્રો પણ સર્વ કળાઓ યોગ્ય રીતે ભણીને ક્રમથી યૌવનને પામ્યા. પછી ભીમે સમગ્ર નગરને ઘણાં પ્રકારે ઉપદ્રવ કર્યો. નગરના લોકોએ પણ ભીમના રાવોની (ગેરવર્ત્તણુકની) રાજાને ફરીયાદ કરી. રાજા કુમારભુક્તિમાં (ભાગમાં) એક દેશ આપે છે અને ત્યાં ભીમને મોકલે છે. અને ત્યાં જતો ભીમ સચિવના મોટા પુત્રને બોલાવે છે અને આ બાજુ અમાત્ય પણ રાજાને તેવા પ્રકારનો વિમૂઢ જાણીને હંમેશા બીજા ઉપાયને વિચારતો જેટલામાં રહે છે તેટલામાં સુમતિ નામના પ્રધાનના મોટાપુત્રે આવીને પ્રધાનને કહ્યું કે મને ભીમ સાથે લઈ જવા બોલાવે છે તો તે વિશે મારા માટે આપનો શો આદેશ છે ? (૩૪) પછી પ્રધાને કહ્યું કે હે વત્સ ! તું ત્યાં જા અને ગુપ્ત રીતે જ તેની સર્વ હીલચાલ (ખબર)ને જણાવજે તથા આ ભીમ ખરેખર રાજ્યને ગ્રહણ કરશે તેથી હે વત્સ ! તું શક્તિમાન થાય તો રાજાનું તથા મારું રક્ષણ કરજે. એ પ્રમાણે શિખામણ આપીને સુમતિ વિસર્જન કરાયો. પછી ભીમની સાથે સુમતિ પણ તે દેશમાં જાય છે અને ક્રમે ત્યાં પહોંચ્યો. પછી અમાત્યે પણ કમલિની દેવીના મોટાપુત્ર ભાનુને પોતાના પુત્ર વિમલની સાથે સમગ્રદેશોને જોવાને બહાને રાજાપાસેથી રજા અપાવી. પછી વિમલને ઘણાં મૂલ્યવાળા ઉત્તમરત્નો અને ભાથું આપીને કહ્યું કે જ્યારે તમે એમ સાંભળો કે ભીમકુમાર વડે અમે (હું તથા રાજા) પકડાયા છીએ ત્યારે જો શક્ય હોય તો અમને છોડાવજો. એ પ્રમાણે તે બંને પણ વિસર્જન કરાયા અને બીજા પણ કમલિનીના પુત્રો અને પોતાના પુત્રો એ રીતે બીજે ક્યાંય પણ વિસર્જન કરાયા. (૪૦)

ભીમ પણ રાજ્યોને જીતવાની ઇચ્છાથી ચઢાઈ કરે છે અને પોતાને સ્વાધીન કરે છે. લોક પણ રાજાને ફરિયાદ કરે છે તો પણ રાજા ઉપેક્ષા કરે છે સુમતિ પણ તેનું (ભીમનું) સર્વ સ્વરૂપ પિતાને ગુપ્તરીતે જણાવે છે તો પણ અમાત્ય મૂઢ રાજાની સાથે શું કરી શકે ? (અર્થાત્ રાજા મૂઢ હોવાથી કોઈપણ ઉપાયો કરી શકતો નથી) પ્રાયઃ સર્વદેશોને પોતાને વશ કર્યા પછી ભીમ વિશાળ સૈન્યથી યુક્ત પિતાની પાસે આવે છે. અતિમૂઢ રાજા પણ તેવા પ્રકારના વિસ્તાર (સમૃદ્ધિ)થી યુક્ત પુત્રને આવતો સાંભળીને પ્રધાનના વારવા છતાં પણ પુત્રની સન્મુખ નીકળ્યો. (૪૪) પછી ભીમે અમાત્ય સહિત રાજાને હાથકડી પહેરાવી અને બંનેને પણ લાકડાના પાંજરામાં પૂર્યા. સ્વયં રાજ્ય પર બેઠો. સુમતિ પણ અમાત્ય પદને સ્વીકારે છે. પછી ભીમ સકલ દેશમાં વિલસે છે. હવે કોઈક દિવસે ક્રૂર ભીમ કહે છે કે કાષ્ઠના પિંજરા સહિત આ બંનેને અગ્નિથી બાળો. હવે સુમતિ તેને કહે છે કે હે દેવ ! આ પ્રમાણે તો તમારી અપ્રસિદ્ધિ (અપજશ) થશે. એ પ્રમાણે પાંજરામાં પુરાયેલા રહેતા એવા તેઓના પ્રાણ શું ટકશે ? છતાં તું તેઓને મારવા માગે છે તો ભૂમિની અંદર (ભોંયરામાં) આ કાષ્ઠ પાંજરાને ગુપ્ત રીતે અમુક સ્થાનમાં મુકાવ જેથી ભોજન-પાન અને પવનથી રહિત તેઓ સ્વયં મરે. આ સાંભળીને ભીમે તેમજ કર્યું. સુમતિએ પણ સુરંગ બનાવરાવીને

બંનેને પણ પોતાના ઘરે મોકલી દીધા. પછી તે ભીમરાજા સ્વયં મહાપ્રમાદી થયો. શિકારમાં રત તે લાખો જીવોનો ઘાત કરતો અટવીમાં જ વસે છે અને પ્રાય: ત્યાં જ ખાય પીએ છે અને સૂવે છે અને સિંચાણા-કૂતરા-ચિત્તા-વગેરેથી શિકારને કરે છે. (૫૨) હૃદયથી નિર્દય, આસક્ત એવો તે કેટલાક પશુઓના કલેજાને ગ્રહણ કરે છે. કેટલાકના હાડકાંને ખાય છે કેટલાકના ઘણાં માંસને ખાય છે. લાવક. તેતંર આદિ પક્ષીઓના ઘણાં પ્રકારના રસોને તથા ચરબીને પીએ છે અને તેનાથી લાખ ગણા સ્વયં તૈયાર કરેલ ચરબી, રસ માંસ લોકને આપે છે. (૫૪)

અને આ બાજુ ભાનુ અને વિમલ ભમતા એક મહા-અટવીમાં આવ્યા અને ત્યાં તેઓએ બિલ્વવૃક્ષથી સળગતા અગ્નિમાં વિદ્યાનો જાપ કરતા એક યોગી પુરુષને જોયો. પછી કુમારે પુછ્યું કે હે ભદ્ર ! તું આ શું કરે છે ? તેણે કહ્યું કે હે મહાયશ ! સુગુરુના ઉપદેશથી ઉપલબ્ધ આ વિદ્યાનો જાપ કરતા મારે અહીં ઘણો કાળ ગયો છે. પછી ભાનુકુમાર તેને કહે છે કે હે ભદ્ર ! મારામાં યોગ્યતા હોય તો તું તે વિદ્યા આપ જેથી હું તેને સાધું અથવા જીવિતનો પણ ત્યાગ કરું. (૫૮) પછી આ પુરુષ સ્વભાવથી સજ્જન છે એમ જાણીને યોગીએ તેને વિદ્યા આપી. પછી તેણે પણ ત્રણ બિલ્વ હાથમાં લીધા. વિદ્યાનો પાઠ કરીને એક બિલ્વને હોમમાં નાખ્યું. પછી બીજાને, ફરી ત્રીજાને અને ચોથી વખત સ્વયં જ તેણે હોમમાં ઝંપલાવ્યું. પાછળથી વિમલે ઝંપલાવ્યું. જેટલામાં બંને પણ પડેલા રહે છે તેટલામાં ડાબા હાથમાં રહેલી છે તલવાર જેને એવો ભાનુ કેવળ શ્રેષ્ઠ રત્નમય, સ્ફુરાયમાન થતા કિરણોના સમૂહવાળા એવા મહાવિમાનને જુએ છે અને નજીકમાં રત્નથી ઉજ્જ્વળ કુંડલથી શોભિત કરાયું છે ગાલ જેનું, હારથી શોભાવાયું છે વક્ષ સ્થળ જેનું, સુપ્રસન્ન મુખવાળી, કાર્યમાં સિદ્ધિનું ઉદ્યાપન હોય તેવી એક દેવીને જુએ છે. (૬૩) પછી દેવીએ કહ્યું કે હે વત્સ ! હું તને સિદ્ધ થઈ છું તું જે માગીશ તે હું આપીશ. પછી કુમારે કહ્યું કે હે દેવી ! આ સાધક યોગીને કૃતાર્થ કર. દેવી કહે છે કે હે વત્સ ! એક કોડીની કિંમતને અયોગ્ય એવા આ અપુણ્ય (પાપી)નું નામ પણ લઈશ નહીં. પછી ભાનું દેવીને કહે છે કે હે દેવી ! જો આમ છે તો મારી સાથે આને શ્રેષ્ઠ વિમાનમાં બેસાડ જેથી વિમાનમાં આરૂઢ થયેલો હું વિમલની સાથે દેશો જોઉં. આ દેવી કહે છે હે વત્સ ! તને આ સિદ્ધ છે અને બીજું કંઈપણ માગ. પછી કુમારે દેવીને કહ્યું કે મને પિતાની ખબર કહે. દેવીએ પણ કાષ્ઠના પાંજરામાં નાખવા આદિ સર્વ વૃત્તાંત કહ્યો. પછી કુમારે કર રૂપી કમળને જોડીને પ્રણામપૂર્વક કહ્યું કે જો તું આ વચન (વરદાન) આપે છે તો મારા પિતાને રાજ્ય પર સ્થાપન કર. (૬૯) ભીમનો પણ જે ઉચિત ઉપચાર હોય તે સ્વયં પણ કરવો તે પિતૃઘાતકનું હું મુખપણ નહીં જોઉં આજે પણ મારે ઘણાં દેશો જોવાનું કુતૂહલ છે. દેવીએ તેનું વચન સ્વીકાર્યું અને કુમારને આ કહ્યું કે હું પન્નત્તિ મહાવિદ્યા છું તારા વચનને સાધીને અર્થાત્ તારા વચન પ્રમાણે કરીને પાછી ફરેલી હું બીજું પણ સર્વ ઉચિત કરીશ. (૭૨) આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઈ. પછી વિમલની સાથે રત્નમય વિમાનમાં આરૂઢ થયેલો કુમાર વિમાનને રત્નથી ભરેલો જુએ છે. પછી દેવીએ જે કહ્યું હતું તે સર્વ વૃત્તાંત યોગીને કહે છે છતાં પણ કરુણાથી યોગીને રજા આપી અને કહ્યું કે પોતાની ઇચ્છા મુજબ આ રત્નોને ગ્રહણ કર. તેથી ખુશ થયેલ યોગીએ એક મોટી રત્નોની લટને (ગુચ્છાને) ગ્રહણ કરી. (૭૫)

હવે વિમલથી યુક્ત કુમાર આકાશમાં ઊડ્યો અને ઇચ્છિત દેશોમાં ભમે છે. યોગી પણ થોડોક ચાલ્યો તેટલામાં પોતાની લટ ખાલી જુવે છે અને પોતાને નિંદે છે. ભાનુ પણ પોતાના વિમાનમાં તે જ રત્નો જોઈને ફરી ફરી પણ યોગીનો શોક કરે છે (અર્થાત્ ભાનુએ યોગીને આપેલ રત્નો ફરી પોતાના વિમાનમાં આવી ગયેલા જોયા તેથી યોગીની પુણ્યહીનતાનો શોક કરે છે.) (૭૭)

અને આ બાજુ દેવીએ કાંપીલ્યપુર જઈને ભીમને બે બાહુથી ઊંચકીને વૃક્ષની ડાળીમાં ઊંધો લટકાવ્યો અને હંમેશા નીચે બળતા અગ્નિના ધૂમાડાનું પાન કરતો રહે છે. અને તે રાજ્ય પર ફરી પ્રધાન સહિત શ્રીદામ રાજાને સ્થાપન કર્યો અને તેઓને બંને પણ પુત્રોની (ભાનુ અને વિમલની) ખબર આપીને દેવી ગઈ. પછી રાજા કરુણાથી વૃક્ષની શાખાપરથી ભીમને ઉતરાવે છે અને ભોજનને અપાવે છે ફરી પણ રાજા ભીમને તે વૃક્ષમાં લટકેલો જુવે છે. ફરી પણ ઉતરાવે છે, ફરી પણ ભીમને લટકેલો જુવે છે. પછી વારંવાર ભીમને બંધનમાંથી છોડાવવાની પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલ રાજા હંમેશા ભોજન માત્રને જ અપાવે છે. હવે મતિસાગરમંત્રી અને તેના પુત્રો વડે જીવવધક ભીમ ધિક્કારાય છે અને અહીં તે પણ તીવ્ર દુઃખોનો અનુભવ કરે છે. (૮૩)

અને આ બાજુ દેવીએ ભાનુને તે સર્વ વૃત્તાંત કહ્યો. તે વખતે વૈતાઢ્યની ઉત્તરશ્રેણીના રાજાઓની કન્યાઓ હતી તેથી પન્નત્તિ દેવી તેને ત્યાં લઈ ગઈ અને બધી દેવીઓ ભેગી થઈને ગગનવલ્લભપુર નગરમાં વિદ્યાધર ચક્રવર્તી પદે સ્થાપન કરી અભિષેક કર્યો અને ભણવા માત્રથી જ સર્વ વિદ્યાઓ પણ સિદ્ધ થઈ. વિમલને પણ કેટલીક વિદ્યાઓ સિદ્ધ થઈ અને સચિવપદે સ્થાપન કર્યો. પુણ્યથી, ન્યાયથી, પરાક્રમથી થોડા જ દિવસોથી સર્વે પણ વિદ્યાધરો તેના વડે આજ્ઞાકારી કરાયા અને તેઓની પુત્રીઓને પરણ્યો. શ્રેષ્ઠ-હાથી-ઘોડા-રત્ન-શ્રેષ્ઠવસ્ત્રો વગેરે વિવિધ ભેટોનો સ્વીકાર કર્યો. વધારે શું કહેવું ? સર્વ પણ રાજ્ય જાણે પિતાનું હોય એમ તેને પરિણત થયું જેથી વિદ્યાઓ પણ સંતોષ પામી. (૯૭)

વિમલની સાથે ભાનુ ચારણ મુનિઓની પાસે જિનધર્મને સાંભળે છે. પુણ્યથી તે જિનધર્મ બંનેને પણ સાંગોપાંગ (રોમેરોમમાં) પરિણત થયો પછી તેઓ નંદીશ્વર વગેરેમાં તથા મહાવિદેહાદિ ક્ષેત્રમાં જિનેશ્વરના સમોવસરણમાં પૂજાઓ કરે છે, જિનોની સ્તવના કરે છે અને ધર્મને સાંભળે છે. (૯૮)

હવે કોઈ વખત સંસારથી વિરક્ત થયેલ બંને પણ સમસ્તપુત્રોને પોતાના પદો (રાજ્યાદિ) ભળાવીને દીક્ષા ગ્રહણ કરે છે. પછી ભાનુમુનિ થોડા દિવસોમાં ગીતાર્થ થયા. ગાઢ તપને કરતા શરીર ઉપર પણ નિરપેક્ષ એવા તેને અવધિ અને મનઃ પર્યાયજ્ઞાન ઉત્પન્ન થયા. તેથી ભાનુમુનિ ચાર જ્ઞાનવાળા થયા. પછી ભાનુમુનિ ગુરુવડે પોતાના પદ પર સ્થાપન કરાયા. પછી ગચ્છની સાથે વિચરતા ભાનુમુનિ કાંપીલ્યપુર પધાર્યા. ક્યારેક ઉદ્યાનમાં દેવવડે કરાયેલ સુવર્ણ કમળમાં બેઠેલા ભાનુમુનિ લોકને નિર્મળ ધર્મનો ઉપદેશ આપે છે. તુષ્ટ થયેલ શ્રીદામ રાજા મતિસાગર મંત્રીની સાથે સર્વ રિદ્ધિથી તેમના વંદન નિમિત્તે આવે છે. વિમલાદિ સુસાધુઓથી યુક્ત ભાનુમુનિને ભક્તિથી નમીને મતિસાગરથી સહિત રાજા ઉચિત દેશમાં બેસે છે અને મુનિના દર્શનમાં જાણે તે ફક્ત હર્ષમય થયો. (૯૯)

રામ,પદ્મ તથા કમલિની અને મતિસાગરના પુત્રો સુમતિ વગેરે ભક્તિથી પ્રણામ કરીને હર્ષથી પુલકિત અંગવાળા ત્યાં બેઠા. પછી મુનિએ કહ્યું કે હે નરનાથ ! સ્નેહની બેડીઓથી નિબિડ બંધાયેલા, અજ્ઞાનથી આંધળા થયેલા, વિમૂઢ જીવો કાર્યાકાર્યને જાણતા નથી અને પોતાના હિત કે અહિતને પણ જાણતા નથી તેથી કોશેટાના કીડાની જેમ કર્મરૂપી કોશથી પોતાને ગાઢ વીંટીને રાંકડાઓ અહીં જ નિધન (મરણ) પામે છે અને ભવસાગરમાં ભમતા ભયંકર દુઃખોને સહન કરે છે. સામર્થ્ય હોતે છતે સદ્ધર્મ અને સુગુરુની સામગ્રી મેળવીને સ્વર્ગ-અપવર્ગ (મોક્ષ)ના સુખનું કારણ એવા ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ. (૧૦૪)

પછી રાજાએ પુછયું કે હે મુનિન્દ્ર ! આપે જે કહ્યું તે સર્વ તેમજ છે પરંતુ પ્રસાદ કરીને કહો કે મારાપર તથા મતિસાગર પર ભીમને પ્રદ્વેષ થવો, રિદ્ધિ અને પ્રાણોથી ભીમનું ભ્રષ્ટ થવું તથા સુમતિની સાથે ભીમની

પ્રીતિ થવી એમાં શું કારણ છે ? પછી મુનિપતિએ કહ્યું કે મગધ દેશમાં ધનાલય નામનું ગામ છે ત્યાં સિંહ નામનો ગામનો મુખી છે અને તે સર્વ પણ રાજાઓને માનનીય છે. (૧૦૮) દત્તનામનો તેનો સ્વચ્છંદાચારી સેવક હતો અને તે ગામમાં નંદ નામે કૌટુંબીક છે જે ઘરમાં રિદ્ધિથી સમૃદ્ધ છે પણ બહારથી બીજાઓ વડે તેવો રિદ્ધિમાન જણાતો નથી અને નંદની નજીક અને ગામની મધ્યમાં વિખ્યાત, દક્ષ તથા સુસભ્ય એવો વત્સ નામનો કુટુંબી વસે છે. કોઈક દિવસે નંદને અતિલક્ષ્મીવાળો જાણીને સિંહ વડે સર્વથા કંઈક કૂટ સંબંધને ઊભો કરીને તેની સમગ્ર સમૃદ્ધિ છીનવીને ગ્રહણ કરાઈ અને દત્ત કહે છે કે પાપમાંથી ઉત્પન્ન થયો છે લાભ જેઓને એવા આ પુરુષોની રિદ્ધિનું સ્થાન તમારા જેવા ઉદાર (ઉત્તમ) પુરુષોને છોડીને બીજો કોણ થાય ? (૧૧૩) માટે બધુ ગ્રહણ કરો કંઈપણ બાકી રહેવા દેશો નહીં. પછી સિંહે ધન કબ્જે કર્યું ત્યારે નંદને ચિત્તભ્રમ થયો. પછી વત્સે ત્યાં આવી કરુણાથી કોઈપણ રીતે સ્વસ્થ કર્યો અને સિંહને સમજાવીને કાળે કરી સર્વ સિદ્ધિને પાછી મેળવી આપી. દત્તવડે અનુમોદન કરાયેલો સિંહ બીજા પાપો કરીને દત્તની સાથે જ ઘોર દુઃખવાળા નરકમાં ગયો. પછી સિંહનો જીવ સંસાર ભમીને હે નરેન્દ્ર ! તું શ્રીદામ થયો. કોઈપણ કર્મના વશથી દત્ત મતિસાગર મંત્રી થયો. નંદ સંસારમાં ભમીને સ્વકર્મને વશ થયેલો ભીમ થયો. વત્સ મતિસાગરનો સુમતિ નામે પુત્ર થયો. ચિરભવ સંચિત કર્મનો જે શેષ હતો તે અહીં ઉદયમાં આવ્યો તેથી ભીમે રાજ્યને ગ્રહણ કરીને તમને બેને પણ પકડ્યા. વત્સનો જીવ સુમતિ પૂર્વભવમાં ઉપકારી હતો તેથી તેની સાથે પ્રીતિ થઈ. એ પ્રમાણે હે રાજન્ ! જીવો પોતાના કર્મના ફળને જ ભોગવે છે. (૧૨૦)

હે ભગવન્ ! ભીમ મરીને ક્યાં જશે ? એ પ્રમાણે રાજાએ પુછ્યું ત્યારે સૂરિએ કહ્યું કે હે નરવર ! આજથી ત્રીજા દિવસે મરીને સાતમી નરકપૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકાવાસમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો નારક થશે. (૧૨૨) આ હકીકત સાંભળીને સંવિગ્ન થયેલો શ્રી દામ રાજા રામને રાજ્ય પર અને પદ્મને યુવરાજ પદ પર તથા સુમતિને સચિવપદે સ્થાપન કરે છે પછી પરમ સંવેગી શ્રીદામ રાજા મતિસાગર તથા કમલિની પ્રમુખ સ્ત્રીઓની સાથે દીક્ષા ગ્રહણ કરે છે પછી ઉગ્ર તપ કરીને થોડા જ દિવસોમાં ગુરુઓ તથા શિષ્યો સર્વેપણ કર્મ ખપાવીને મોક્ષમાં ગયા. ભીમ પણ મરીને સાતમી નરક પૃથ્વીમાં ગયો અને ત્યાંથી ઉદ્વર્તન પામી સંસારમાં ભમીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

## કુંજર નૃપ કથાનક

ઘણી રિદ્ધિ અને નીતિથી યુક્ત સિંહપુર નામનું નગર છે જેમાં ધાર્મિક જનો જ પરલોકની ચિંતા કરે છે. ત્યાં વિખ્યાત, ગુણસમૃદ્ધ સિંહગિરિ નામનો રાજા છે જે પરમ શ્રાવક પણ છે. હંમેશા સર્વ અવ્રતથી રહિત છે (અર્થાત્ બાર વ્રતધારી શ્રાવક છે.) હવે રાજ્યનું પાલન કરતા તેને કોઈ વખત ચિંતા ઉત્પન્ન થઈ. જેમકે મારા દિવસો નિરર્થક જાય છે. (૩) જો મારે કોઈ એક પણ પુત્ર હોત તો હું તેને રાજ્ય ભળાવીને સ્વયં દીક્ષા ગ્રહણ કરું અને આ પાપોને છોડું. રાજા પોતાની આ ચિંતા શ્રાવકધર્મમાં સમુદ્યત એવા ચિત્રમતિ નામના મંત્રીની આગળ વ્યક્ત કરે છે. હવે રાજાને અતિવલ્લભ અને સુરુપવતી વિજયા નામની મુખ્ય પટ્ટરાણી છે. કોઈક વખત રાત્રી પૂર્ણ થવાના સમયે તે પોતાના ઉદરમાં પ્રવેશતા અને નીકળીને રાજાને ડંસતા ભયંકર સાપને જુએ છે. પછી ગભરાયેલી અને જાગેલી રાણી તે સ્વપ્ન રાજાને કહે છે. (૭) રાજા પણ મંત્રીને કહે છે. મંત્રી પણ રાજાને કહે છે કે હે દેવ ! આ સ્વપ્ન પ્રશસ્ત નથી કેમકે અહીં જે પુત્ર થશે તે જનમવા માત્રથી પણ તમને ડંસે છે. તેથી તમારા માટે સારો નહીં બને. અને

ધર્મમાં વિઘ્ન કરશે તેથી પોતાના સુંદર નામના ભાણેજને આ રાજ્ય સોંપીને દીક્ષા ગ્રહણ કરો અને આ પુત્રના જન્મ પછી સુંદર પણ દીક્ષા ગ્રહણ કરે. (૧૦)

પછી સુંદરને રાજ્યપર સ્થાપીને ચિત્રમતિથી સહિત રાજા દીક્ષા સ્વીકારે છે. ક્રમથી ગર્ભ પણ વધે છે. કોઈક દિવસે વિજયા દેવી શ્રેષ્ઠ પુત્રને જન્મ આપે છે. પછી સુંદર સકળ નગરમાં વર્ધાપન કરાવે છે. હવે સુંદર વિચારે છે કે આ પુત્રવડે રાજા ડંસાયો છે એમ માતાવડે સ્વપ્નમાં જોવાયું છે તેથી આનું પણ નામ કુંજર રખાય કારણ કે જે પોતાને ડંસે છે તે બીજાને ડંસવા સમર્થ થતો નથી એમ વિચારીને બારમા દિવસે આનું નામ કુંજર રાખવામાં આવ્યું (૧૪) પછી કુંજર પ્રતિદિન મોટો થાય છે. સુંદર રાજા પણ તે રાજ્યનું પાલન કરે છે જેટલામાં છ માસ પૂરા થયા તેટલામાં સામંત-મંત્રી-નગરજનોને ભેગાં કરીને તેનો રાજ્યપર અભિષેક કરે છે અને આ સુંદર કુંજરકુમારને આદરથી સામંતાદિને અર્પણ કરે છે અને તેના મોસાળ વર્ગને કહે છે કે આ તમારા ભાણેજાની સાથે આ રાજ્ય તમને ભળાવું છું અને હું દીક્ષાને લઈશ. એ પ્રમાણે કુંજરને રાજ્યપર સ્થાપીને જે દેશમાં સિંહગિરિ રાજર્ષિ વિચરે છે તે દેશમાં ગયો અને સુંદર પણ સિંહગિરિના ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરે છે. (૧૮)

હવે તે કુંજર રાજા ક્રમથી મોટો થાય છે અને યૌવનને પામ્યો. આભિયોગિક કર્મ જેણે બાંધ્યું છે એવો શ્રીક નામનો તેનો રસોયો છે. તે બહાર ઘણાં પાપી પુરુષોને મોકલાવીને હરણ, સૂકર, સસલા, સબર, રોઝ, લાવક, તેતર વગેરે જીવોને મરાવીને દરરોજ જ મંગાવે છે. પછી પરમ યત્નથી તેઓના માંસને ઉખેડીને સિંધવ, સૂંઠ-પિપર-મરી આદિથી સંસ્કાર કરીને રાજાને આપે છે તથા આદુના રસથી સંસ્કારિત કરી કાંજીને પણ આપે છે. માંસમાં આસકત્ત થયેલ રાજા પ્રશંસા કરતો ભોજન કરે છે. જેમ જેમ રાજા પ્રશંસા કરે છે તેમ તેમ રસોઈઓ પણ લાવક તેતરના રસો અને ઘણાં પ્રકારના માંસોને કાળજીપૂર્વક ઉખેડીને કટુ તિક્તાદિથી સંસ્કાર કરીને હંમેશા આપે છે. (૨૪)

હવે કોઈ વખત કોઈએ તરતના મરેલા બાળકના મૃતકને મેળવ્યું અને લાવીને શ્રીકને સોંપ્યું. રસોઈઆએ હર્ષિતમનથી પ્રયત્નથી તે બાળકના માંસને ઉખેડીને સંસ્કાર કરી રાજાને આપ્યું. અતિરસની આસક્તિમાં આરૂઢ થયેલા રાજાએ ભોજન કરીને રસોઈયાને પુછ્યું. શ્રીકે પણ તેના કાનમાં કહ્યું કે 'બાળકનું માંસ છે'. પછી રાજાએ પણ કહ્યું કે હંમેશા તું આવું માંસ રાંધ. પછી રસોઈઓ પણ પૂર્વે મરેલા અથવા ક્યારેક ગુપ્ત રીતે મરાવીને સંસ્કાર કરી રાજાની ઇચ્છાથી હંમેશા આપે છે તથા બીજા લોકો તથા પોતે પણ ઇચ્છા મુજબ ભોજન કરે છે. (૨૯)

હવે કોઈક વખતે સિંહપુરમાં તે નંદન ઉદ્યાનમાં મુનિઓના સમૂહથી યુક્ત કેવલી ભગવંત પધાર્યા. કેવલી ભગવંત દેવ રચિત સુવર્ણ સિંહાસન પર બેઠા ત્યારે રાજા અને શ્રીકને છોડીને નગરનો સર્વ લોક પણ ભક્તિથી ત્યાં આવ્યો. પછી કેવળીએ હર્ષ-વિસ્મય અને સંવેગ કરનારી એવી સદ્ધર્મકથાની દેશના આપી. પછી નગરનાં લોકોએ પુછ્યું કે હે ભગવન્ ! રાજા સિંહગિરિની વિજયાદેવી રાણીએ પુત્રના ઉપપાદ સમયે સ્વપ્નમાં જે સાપ જોયો તેનું શું કારણ છે. પછી કેવળીએ કહ્યું કે હે દેવાનુપ્રિયો ! કલિંગદેશમાં સુશીમ નામના ગામમાં બે ધનવાનના પુત્રો હતા. તેમાં જે મોટો હતો તેનું નામ શિવ હતું અને કમળ જેવા મુખ અને આંખવાળો જે નાનો હતો તેનું નામ માતાપિતાએ 'કમળ' રાખ્યું. પછી કોઈક રીતે યૌવનને પ્રાપ્ત થયેલ કમળે ક્યારેક શિવની પત્ની સાથે વ્યભિચાર કર્યો. ગુસ્સે થયેલ શિવે તેને મારી નાખ્યો. (૩૬) પછી કોપને વશ થયેલ કમલ મરીને કેટલોક સંસાર ભમે છે. ક્યારેક રોગાદિથી પરાભવ પામેલો પોતાના આયુષ્યના ક્ષયથી

શિવ પણ ક્રમથી મરીને થોડો સંસાર ભમીને કોઈક કર્મના વશથી અહીં સિંહગિરિ રાજા થયો અને પૂર્વભવનો વૈરી કમલ પણ શ્રી સિંહગિરિ રાજાના પુત્રપણે ઉત્પન્ન થયેલ આ કુંજર રાજા છે. પછી નગરનો લોક પૂછે છે કે ત્યારે સ્વપ્નમાં સાપ એમ જે સૂચવાયું હતું તે હે ભગવન્ ! આ કુંજરરાજા તે શ્રેષ્ઠ એવા વીતરાગ મુનિનો શું પરાભવ કરશે ? પછી કેવલી ભગવંત કહે છે કે જો તે તેને જુવે તો પરાભવ કરે પરંતુ તે મહાભાગ સિંહગિરિ મુનિ કર્મો ખપાવીને મોક્ષમાં ગયા છે. આ સાંભળીને ઘણાં લોકો સંવિગ્ન થઈ દીક્ષા લે છે અને બીજા દેશવિરતિને સ્વીકારે છે અને બીજા કેટલાક મિથ્યાત્વનો ત્યાગ કરે છે. સંશય રૂપી વૃક્ષને સંપૂર્ણ ભાંગીને કેવળીએ ત્યાંથી વિહાર કર્યો અને પર્ષદા પોતાના સ્થાને ગઈ. પછી કુંજર રાજાએ આ વ્યતિકરને જાણ્યો અને સર્વલોક પર દ્વેષી થયો. દીક્ષિત લોકની ચિંતા કરવાથી મને શું ? એમ વિચારી રાજા અને શ્રીક સુંદર માંસનું આકંઠ ભોજન કરીને, વિસૂચિકાથી મરીને બંને પણ છઠ્ઠી નરકમાં ગયા.

### અઘલ કથાનક

છગલપુર નામનું નગર છે તેમાં મહાદેવની જેમ પશુપ્રિય લોક વસે છે અને તેમાં છાગલિક નામનો એક વાણિયો વસે છે. જે અત્યંત મહામિથ્યાદૃષ્ટિ છે. તેણે ક્યારેય સાધુઓના વચનો સાંભળ્યા નથી. જે અશુદ્ધ ધર્મને ગ્રહણ કરી બીજાઓને તેનો ઉપદેશ આપે છે તથા મહારંભમાં ડૂબેલો, નિત્ય મહારંભ કરવામાં રત, બકરીઓ, લાખ, ગુલિકા (દ્રવ્ય વિશેષ) અને હાથીદાંત વેંચે છે. (૩) ખાંડણિયા, દસ્તા, ઘંટી નિસ્સાહ (મસાલો વાટવાનો પથ્થર) વગેરે સર્વે શસ્ત્રોને, ચિત્તાનું ચામડું, કાષ્ઠ, મધ-મદન (માદક દ્રવ્ય), તલ અને ધાન્યોની લે-વેચ કરે છે તથા હંમેશા મદિરાનું વેંચાણ કરે છે, શેરડીના વાડ કરાવે છે, વેશ્યા સ્ત્રીઓને પોષે છે તથા ગાય મનુષ્યોને વેચે છે, વનખંડોને કપાવીને વેંચે છે તથા સેંકડો હળોને ખેતરોમાં જોતરાવે છે. (વહન કરાવે છે.) વણિકપુત્રો પાસે ગાડાઓ અને વહાણો વહન કરાવે છે. કોલસા પડાવે છે, ચમરી ગાયોના કેશ, સડેલી અને ભેળસેળવાળી વસ્તુ હંમેશા વેંચે છે. પછી લોક કહે છે કે જુઓ અસંતુષ્ટ એવો આ વણિક પાપાચારવાળા કોઈપણ આરંભથી વિરામ પામતો નથી. એ પ્રમાણે સકળનગરમાં પ્રવાદ થયો ત્યારે કોઈ વખત અત્યંત મહાલોભ વધે છતે તે પાપીએ વૃત્તિ (પગાર) આપીને ઘણાં પુરુષોને બહાર મોકલાવ્યા અને તેઓ કાગડી-ઢેલ-કુકડી-બગલી-સારસી-હંસી-શકુની-તેત્તરી-લાવકી-ચક્રવાકી આદિ તથા પોપટી વગેરેને લાવે છે અને પાંજરામાં પૂરીને ઘણું પીડે છે. તેઓના જુદા જુદા પ્રકારના ઇંડાને કેટલાક કાચે કાચા, કેટલાક તળીને તથા કેટલાક શેકીને વેચે છે એ પ્રમાણે હંમેશા પાપોને કરતા એવા તેને જોઈને સકળ નગરનો લોક તેને અઘલ્લો (કુકર્મી) કહે છે જે આવા પ્રકારના અકાર્યમાં લાગેલો છે. પછી તે નગરમાં અઘલ એ પ્રમાણે તેનું નામ-પ્રસિદ્ધ થયું તો પણ તે હંમેશા સો પેટીઓ ઇંડાની વેંચે છે. પછી ઘણાં રોગોથી ગ્રસ્ત અહીં (આ ભવમાં) પણ વેદના સમુદ્ઘાતમાં પડેલો, રૌદ્ર ધ્યાનમાં વર્તતો, રૌદ્રપરિણામી મરીને ત્રીજી નરક પૃથ્વીમાં સાત સાગરોપમના આયુષ્યવાળો નારક ઉત્પન્ન થયો. ત્યાંથી છૂટીને પછી ઘોર સંસારમાં પરિભ્રમણ કરશે. (૧૬)

**तदेवं नरकगतिमुक्त्वा उपसंहरन् तिर्यग्गतेः सम्बन्धं चोपदर्शयन्नाह –**

આ પ્રમાણે નરકગતિને કહીને ઉપસંહાર કરતા તિર્યંચ ગતિના સંબંધને બતાવતા કહે છે-

**एवं संखेवेणं निरयगई वन्निया तओ जीवा ।**
**पाएण होंति तिरिया तिरियगई तेणऽओ वोच्छं ।।१७८।।**

**एवं संक्षेपेण निरयगतिः वर्णिता ततो जीवाः**

**प्रायो भवन्ति तिर्यंचस्तिर्यग्गतिं तेनातो वक्ष्ये ।।१७८।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે સંક્ષેપથી નરકગતિનું વર્ણન કર્યું ત્યાર પછી જીવો ઘણું કરીને તિર્યંચમાં ઉત્પન્ન થાય છે તેથી નરકગતિ પછી તિર્યંચ ગતિને કહું છું. (૧૭૮)

**एवं संक्षेपेण नरकगतिर्वर्णिता, 'तओ' त्ति तस्याश्च नरकगतेरुद्वृत्ता जीवाः प्रायो-बाहुल्येन तिर्यञ्चो भवन्ति यतस्तेन कारणेन 'अओ' त्ति अतो-नरकगतिवर्णनादूर्ध्वं तिर्यग्गतिं वक्ष्ये, इत्यक्षरघटना । अत्र आह-ननु नरकगतेरुद्वृत्ताः किमिति बहवस्तिर्यक्षूत्पद्यन्ते, न मनुष्येषु ? उच्यते, नारका मनुष्येषु गर्भजपर्याप्तेष्वेव जायन्ते, ते च संख्यातमात्राः स्वल्पा एव सदैव प्राप्यन्ते, नारकास्त्वनुसमयमसंख्याता अप्युद्वर्त्तन्ते, अत एकसमयोद्वृत्तानामपि नारकाणां मनुष्येषु स्थानं नास्ति, किं पुनरन्येषां, ततो बहवस्तिर्यक्षूत्पद्यन्ते, तेषां नारकेभ्योऽसंख्येयगुणत्वात्, शुभभावेन च मनुष्येषूत्पत्तिः, अशुभभावाश्च ते प्रायो जीवा इति बहवस्तिर्यक्षूत्पद्यन्त इति । तेनेत्यभिधानाद्यत इत्यर्थाल्लब्धं, यत्तदोर्नित्याभिसम्बन्धादिति ।।**

**ટીકાર્થ :** એ પ્રમાણે સંક્ષેપથી નરકગતિનું વર્ણન કર્યું 'तओ त्ति' તે નરક ગતિમાંથી નીકળેલા જીવો પ્રાયઃ તિર્યંચો થાય છે તે કારણથી આ નરકગતિના વર્ણન પછી તિર્યંચગતિને કહું છું એ પ્રમાણે શબ્દાર્થ છે. અહીં પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** નરકગતિમાંથી નીકળેલા ઘણાં જીવો તિર્યંચમાં કેમ ઉત્પન્ન થાય છે, મનુષ્યમાં કેમ નહીં ?

**ઉત્તર :** નારકો નારકમાંથી છૂટીને ગર્ભજ પર્યાપ્ત મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે અને તે ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો હંમેશા જ સંખ્યાતામાત્ર પ્રમાણવાળા હોય છે જ્યારે નારકો પ્રતિ સમયે અસંખ્યાતા પણ ઉદ્વર્તન પામે છે. આંથી એકસમયમાં ઉદ્વર્તન થયેલા પણ નારકોનું મનુષ્યમાં સ્થાન નથી તો પછી બીજા સમયમાં ઉદ્વર્તન થયેલાની શું વાત કરવી ? તેથી મોટા ભાગના જીવો તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે. પ્રાયઃ તે નારક જીવો અશુભભાવવાળા હોય છે એટલે ઘણાં તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.

यत् અને तत् એ બે સર્વનામો એક બીજાની સાથે નિત્ય સંબંધવાળા હોય છે એટલે કે વાક્યમાં तत् સર્વનામનું સ્વરૂપ વપરાયું હોય તો અવશ્ય यत् સર્વનામનું સમાનરૂપ વાક્યમાં ગ્રહણ કરવું એટલે કહેવાનો ભાવ એ છે કે જે કારણથી પ્રાયઃ નારકો તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે તે કારણથી હું તિર્યંચ ગતિને કહીશ.

(નરકગતિ ભાવના સમાપ્ત થઈ)

## તિર્યંચગતિ ભાવના

**अथ प्रतिज्ञातमेवाह-**

હવે જે પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે તેને કહે છે

**एगिंदियविगलिंदियपंचिंदियभेयओ तहिं जीवा ।**

**परमत्थओ य तेसिं सरूवमेवं विभावेज्जा ।।१७९।।**

**एकेन्द्रियविकलेन्द्रियपंचेन्द्रियभेदतस्तस्यां जीवाः**

**परमार्थतश्च तेषां स्वरूपमेवं विभावयेद् ।।१७९।।**

**ગાથાર્થ :** એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી ત્રણ પ્રકારે જીવો તિર્યંચ ગતિમાં છે અને પરમાર્થથી તેના સ્વરૂપની ભાવના કરવી જોઈએ.

**एकेन्द्रियाः-पृथिव्यप्तेजोवायुवनस्पतिकायरूपाः तत्र पृथिवीकायिकाः द्विविधाः-सूक्ष्मा बादराश्च । तत्र सूक्ष्माः सर्वलोकव्यापिनः सातिशयज्ञानगम्याः, बादरास्तु रत्नप्रभादिसप्तपृथिव्याश्रिताः भवननगरविमानेषत्प्राग्भाराश्रिताश्च; एवमप्कायिकादयोऽपि सूक्ष्मबादरभेदभिन्नाः सर्वेऽपि द्रष्टव्याः । तत्र सूक्ष्मा अप्तेजोवायवः सूक्ष्मपृथ्वीकायिकवद्वक्तव्याः, वनस्पतयोऽपि सूक्ष्माः तथैव, केवलमेते एकस्मिन्नपि शरीरे अनन्ता उत्पद्यन्ते अत एते साधारणशरीराः, अन्ये तु संसारिणो जीवाः सर्वेऽपि बादरनिगोदान् मुक्त्वा प्रत्येकशरीरिणोऽसंख्येयाश्च, बादरनिगोदास्तु साधारणशरीराः अनन्ताश्च । बादराप्कायिकास्त्ववश्यायहरतनुहिमकरकमहिकामेघोदकतडागसरित्समुद्राद्युदकरूपाः । बादरतेजःकायिकास्तु मुर्मुराङ्गारज्वालोल्मुकादयः । बादरवायुकायिकास्तु ये लोकस्य शुषिरे सर्वत्र वान्ति मन्दपटुपटुतरपटुतमवातो-ल्युत्कलिकाझंझामंडलिकागुंजावातादयः प्रतीताः बादरवनस्पतयस्तु बादरनिगोदाः सव्वा य कंदजाई सूरणकंदो य वज्जकंदो य । अल्लहलिद्दा य तहा अल्लं तह अल्लकच्चूरो ।।१।।**

**इत्यादयो द्रष्टव्यास्तथा –**

**चक्कागं भज्जमाणस्स, गंठी चुन्नघणो भवे । पुढविसरिसेण भेएण, अणंतजीवं वियाणाहि ।।१।।**

**गूढसिरसंधिपव्वं, समभंगमहिरुगं च छिन्नरुहं । साहारणं सरीरं तव्विवरीयं च पत्तेयं ।।२।।**

**इत्याद्यागमपठितलक्षणसूचिताश्च मन्तव्याः । तथा तृणौषधिलतागुल्मवल्लीद्राक्षाखर्जूरिनालिकेरीनिम्बाम्रादयः तन्मूलकन्दस्कन्धत्वक्शाखाप्रवालपत्रपुष्पफलबीजादयश्च, प्रत्येकशरीरिणो बादरवनस्पतयः, विकलेन्द्रियास्तु द्वित्रिचतुरिन्द्रियभेदात् त्रिविधाः, तत्र कृमिशङ्खजलूकाऽलसमातृवाहकादयो द्वीन्द्रियाः, कुन्थुपिपीलिका पिशुकयूकोद्देहिकामत्कोटकमत्कुणादयस्त्रीन्द्रियाः, वृश्चिकभ्रमरपतंगमशकमक्षिकादयश्चतुरिन्द्रियाः, पंचेन्द्रिया द्विविधाः-संमूर्च्छजा गर्भजाश्च, तत्राद्याः प्रथमवृष्टिजलसंमूर्च्छितदर्दुरादयो वाहिकादयश्च मन्तव्याः, गर्भजास्तु गजगोमहिष्युष्ट्रतुरंगादयः एतद्भेदभिन्नास्तस्यां तिर्यग्गतौ जीवा भवन्ति, तेषां च सुखदुःखे समधिकृत्य स्वरूपमेव-वक्ष्यमाणरूपं परमार्थतो-निश्चयतो विभावयेत् परिभावयेदिति ।।**

**ટીકાર્થ :** एकेन्द्रियाः પૃથ્વી-અપ્-તેઉ-વાઉ અને વનસ્પતિકાય રૂપે એકેન્દ્રિયો પાંચ પ્રકારે છે. તેમાં પૃથ્વીકાય બે પ્રકારે છે (૧) સૂક્ષ્મ અને (૨) બાદર તેમાં સૂક્ષ્મ એકેન્દ્રિયો સર્વલોક વ્યાપી છે અને અતિશય જ્ઞાનથી જાણી શકાય છે પણ બાદર પૃથ્વીકાયો, રત્નપ્રભાદિ સાત પૃથ્વીમાં રહેલા છે અને ભવન-નગર-વિમાન અને ઇષત્ પ્રાગ્ભાર પૃથ્વીમાં રહેલા છે. એ પ્રમાણે અપ્કાયિક આદિ પણ સૂક્ષ્મ બાદર ભેદથી ભિન્ન સર્વે પણ જાણવા. તેમાં સૂક્ષ્મ અપ્-તેઉ અને વાયુના જીવો સૂક્ષ્મ પૃથ્વીકાયિકની જેમ જ જાણવા. સૂક્ષ્મ વનસ્પતિકાય પણ તે જ પ્રમાણે છે ફક્ત તફાવત એટલો છે કે એક શરીરમાં અનંતા જીવો ઉત્પન્ન થાય છે આથી આ સાધારણ શરીરવાળા કહેવાય છે. બાદર નિગોદને છોડીને બાકી સર્વે સંસારી જીવો પણ પ્રત્યેક શરીરવાળા છે અને અસંખ્યાતા છે. બાદર નિગોદ જીવો સાધારણ શરીરી છે અને અનંતા છે.

**બાદર અપ્કાયિકા :** બરફ, હરતનુ (ખેતરમાં ઊગેલ ઘઉં આદિ પર બાઝેલ પાણીનાં ટીપાં) હિમ, કરા, મહિક (હિમ-ધુમ્મસ) વાદળનું પાણી, તળાવ, નદી અને સમુદ્ર વગેરેના પાણી સ્વરૂપે છે.

**બાદર તેઉકાય :** મુર્મુર (ફોતરાનો કે ભસ્મથી ઢંકાયેલ અગ્નિ), અંગાર (સળગતો કોલસો) જ્વાળા, ઉલ્કા વગેરે છે.

**બાદર વાયુકાયિક :** મંદ-પટુ-પટુતર-પટુતમ વાતોલિ, ઉત્કાલિકા ઝંઝાવાત, મંડલિક, ગુંજાવાત વગેરે પ્રસિદ્ધ પવનો જે લોકના પોલાણમાં સર્વત્ર થાય છે.

**વનસ્પતિકાય :** તેમાં (૧) બાદર નિગોદ સર્વ કંદની જાતિ, સૂરણકંદ, વજ્રકંદ તથા લીલીહળદર, આદુ તથા લીલોકરચૂરો વગેરે જાણવા તથા જે વૃક્ષના મૂળ કંદ-સ્કંધ-છાલ-ડાળી-પત્ર-ફુલ આદિને ભાંગતા એકાંતથી સરખા ભાગ થાય છે તે વનસ્પતિ અનંતકાય છે એમ જાણવું તથા તેને ભાંગવામાં આવે ત્યારે જ્યાં ગાંઠ હોય ત્યાંથી ભાંગે છે અથવા તે ગાંઠ ઉપર રજ લાગેલી હોય છે અથવા ભાંગવામાં આવતા પાંદડા વગેરેની ગાંઠ (પર્વ) પૃથ્વીકાય ભેદની સમાન રજ વિનાની પણ હોય છે. સૂર્યના કિરણોના સમૂહથી ઘણા તપેલા ક્યારાની ઉપરના પડના ભાગની સમાન ભાગ થાય છે તેને અનંતકાય જાણવા. - ૧.

જે વૃક્ષના નસ, સાંધા અને પર્વ ગુપ્ત હોય, જેને ભાંગવાથી બે સરખા ભાગ થાય, જેમાં રેખાઓ ન હોય, ડાળી વગેરે કાપીને વાવવામાં આવે ત્યારે ફરીથી ઊગે છે તે સાધારણ વનસ્પતિકાય જાણવું અને આવા લક્ષણો જેમાં ન દેખાતો હોય તે પ્રત્યેક વનસ્પતિ કાય જાણવા. ૨

એ પ્રમાણે આગમમાં કહેવાયેલ સ્વરૂપથી સૂચિત જાણવા તથા તૃણ, ઔષધિ (અનાજ વગેરે) લતા, ગુલ્મ, વેલડી, દ્રાક્ષ, ખજૂર, નાળીયેરી, લીંબડો, આંબો વગેરે તથા તેના મૂળ, કંદ, થડ, છાલ, ડાળી, પ્રવાલ (નવા અંકુરા) પાંદડા, ફુલ, ફળ અને બીજ વગેરે પ્રત્યેક શરીરી વનસ્પતિ કાય જીવો છે.

**વિકલેન્દ્રિય :** બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિયના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં (૧) કૃમિ, શંખ, જલૂકા (જળો) અળસીયા, માતૃવાહક (એક જાતનો કીડો) વગેરે બેઇન્દ્રિય છે. (૨) કુંથુ, કીડી, પિશુક, લીખ, ઉદ્દેહી, (ઉધય) મંકોડા, માંકડ વગેરે જીવો તેઇન્દ્રિય છે. (૩) વીંછી, ભ્રમર, પતંગીયું, મચ્છર, માખી વગેરે ચઉરિન્દ્રિય છે.

**પંચેન્દ્રિય :** સંમૂર્ચ્છિન અને ગર્ભજ એમ બે પ્રકારે પંચેન્દ્રિય છે. તેમાં પ્રથમના સંમૂર્ચ્છિન પ્રથમ જળવૃષ્ટિમાં ઉત્પન્ન થતા દેડકાં વગેરે અને વાહિકા વગેરે જાણવા જ્યારે હાથી, ગાય, ભેંસ, ઊંટ, ઘોડા વગેરે ગર્ભજ જાણવા આ ભેદોથી ભિન્ન જીવો તિર્યંચ ગતિમાં હોય છે અને તેઓના સુખદુઃખને આશ્રયી સ્વરૂપની (જે હમણાં કહેવાશે) પરમાર્થથી ભાવના કરવી.

**किं पुनस्तत् स्वरूपमित्याह –**

હવે તેઓનું સ્વરૂપ શું છે તેને કહે છે-

**पुढवी फोडणसंचिणणमलणखणणाइदुत्थिया निच्चं ।**
**नीरं पि पियणतावणघोलणसोसाइकयदुक्खं ।।१८०।।**
**अगणी खोट्टणचूरणजलाइसत्थेहिं दुत्थियसरीरा ।**
**वाऊ वीयणपिट्टणउसिणाणिलसत्थकयदुत्थो ।।१८१।।**
**छेयणसोसणभंजणकंडणदढदलणचलणमलणेहिं ।**
**उल्लूरणउम्मूलणदहणेहि य दुक्खिया तरुणो ।।१८२।।**

पृथ्वी स्फोटनसंचिननमलनखलनादिदुःस्थिता
नित्यं नीरमपि पानतापनघोलनशोषादिकृतदुःखम् ।।१८०।।
अग्निः संधुक्षणचूर्णनजलादिशस्त्रैः दुःखितशरीरः
वायुः व्यंजनपिट्टनोष्णानिलशस्त्रकृतदौःस्थ्यः ।।१८१।।
छेदनशोषणभंजनक्रन्दनदृढदलनचरणमर्दनैः
उत्कर्त्तनोन्मूलनदहनैश्च दुःखितास्तरवः ।।१८२।।

**ગાથાર્થ :** પૃથ્વીકાયના જીવો હંમેશા સ્ફોટન-સંગ્રહ-મર્દન-ખનન આદિ ક્રિયાથી દુઃખી છે પાણીના જીવો પણ પાન-તાપન-ઘોલન-શોષન આદિ ક્રિયાઓથી દુઃખી થાય છે. (૧૮૦)

અગ્નિકાયના જીવો પણ આમતેમ ફેરવવા, ચૂરણ કરવા તથા પાણી આદિ શસ્ત્રોથી બુઝવવા વગેરે ક્રિયાઓથી પીડિત શરીરવાળા થાય છે. (અર્થાત્ દુઃખ અનુભવે છે.) અને વાયુકાયના જીવો વીંઝણ, પીટન, ગરમ વાયુની સાથે મિશ્રણથી શસ્ત્ર રૂપે બનેલ દુઃખને અનુભવે છે. (૧૮૧)

વનસ્પતિકાયના જીવો છેદન-શોષણ-ભંજન-ક્રંદન-દૃઢ દળન-પગના મર્દન આદિ ક્રિયાઓથી તથા કાપવું-ઉખેડવું-બાળવું આદિ ક્રિયાઓથી દુઃખી થાય છે. (૧૮૨)

**तदेवमेते पृथिव्यादयः स्फोटनादिदुस्थिता निश्चयतः सदैव दुःखिता एव, व्यवहारतस्तु चिन्तामण्यादीन् पूज्यमानान् दृष्ट्वा वृक्षादिकं वा किंचिद् यत्नतो रक्ष्यमाणमभ्यर्च्यमानं वा समवलोक्य कश्चिदतत्त्ववेदी सुखितानप्येतान् मन्येतेति 'परमत्थओ य तेसिं' मित्युक्तं, अक्षरार्थस्तु सुगम [1]एव । अथ निगोदाः कीदृशाः भवन्तीत्याह –**

ટીકાર્થ : એ પ્રમાણે આ પૃથ્વીકાય વગેરે જીવો ફોડવા આદિ ક્રિયાઓથી દુઃખી થયેલા નિશ્ચયથી હંમેશા દુઃખી જ છે પણ વ્યવહારથી ચિંતામણિ વગેરેને પૂજાતા જોઈને અથવા વૃક્ષોને કંઈક પ્રયત્નથી રક્ષણ કરાતા અને પૂજાતા જોઈને કોઈક અતત્ત્વવેદી આને પણ સુખી માને એટલે પરમાર્થથી તેઓને દુઃખ જ છે' એમ કહ્યું છે. અર્થાત્ દુઃખ શબ્દની આગળ નિશ્ચય વિશેષણ મૂકેલું છે. બાકી સુગમ જ છે.

હવે નિગોદો કેવા પ્રકારના હોય છે તેને કહે છે-

**गोला हौंति असंखा हौंति निगोया असंखया गोले ।**
**एक्केक्को य निगोदो अणंतजीवो मुणेयव्वो ।।१८३।।**

**गोलका भवन्त्यसंख्येया भवन्ति निगोदा असंख्यका गोले**
**एकैकश्च निगोदोऽनन्तजीवो ज्ञातव्यः ।।१८३।।**

**ગાથાર્થ :** લોકમા નિગોદના ગોળા અસંખ્યાત છે. દરેક ગોળામાં અસંખ્યાત નિગોદો છે અને એકેક નિગોદમાં અનંત-અનંત જીવો છે. (૧૮૩)

**असंख्येयानां साधारणजीवशरीराणां समानावगाहनावगाढानां समुदायो गोलक इत्युच्यते, अत एवाऽऽह - 'हौंति निगोये'त्यादि, अनन्तानां जीवानां साधारणमेकं शरीरं निगोद इत्यभिधीयते, ते चैवंभूता निगोदा एकैकस्मिन्**

---

१. इति - सर्वासु ।

गोलकेऽसंख्येया भवन्ति । एकैकश्च निगोदः अनन्तजीवः अनन्ता जीवा यत्रासावनन्तजीवो मुणितव्यः, एते च गोला द्विविधाः-सूक्ष्मा बादराश्च, तत्र सूक्ष्माः प्रत्येकमंगुलासंख्येयभागमात्रावगाहिनोऽसंख्येयाश्चतुर्दशरज्ज्वात्मकेऽपि लोके निरन्तरं भवन्ति, बादरा अपि बृहत्तरांगुलासंख्येय भागावगाहिनोऽसंख्येयाः पृथिव्यादिमात्राश्रिता भवन्ति, एते च उल्लिसेवालसूरणार्द्रकादिरूपा मन्तव्याः, अत एवैते सर्वलोके न भवन्ति, मृत्तिकाजलाद्यभावे तेषामसम्भवाद्, अत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थगहनताप्रसंगादिति ।। एते च निगोदजीवाः सूक्ष्माः बादराश्चान्तर्मुहूर्त्तायुष एव सम्भवन्ति, अस्य चान्तर्मुहूर्त्तस्यासंख्येयभेदास्तत्र च षट्पंचाशदधिकावलिकाशतद्वयमानं क्षुल्लकभवग्रहणमप्यायुर्बहूनामेतेषां भवतीत्याह –

**टीकार्थ :** સમાન અવગાહનાના આશ્રયવાળા અસંખ્યાતા સાધારણ જીવોના શરીરોનો જે સમુદાય તેને ગોલક કહેવાય છે. આથી જ કહે છે કે, "होंति निगोये" અનંતજીવોનું સાધારણ એક શરીર નિગોદ કહેવાય છે. આવા પ્રકારના નિગોદો એકેક ગોળામાં અસંખ્યાતા હોય છે અને એકેક નિગોદ અનંત જીવવાળો છે. અનંતા જીવો જેમાં છે તે આ અનંત જીવવાળો નિગોદ જાણવો અને આ ગોળા બે પ્રકારના છે. ૧. સૂક્ષ્મ ગોળા અને (૨) બાદર ગોળા તેમાં સૂક્ષ્મ નિગોદ પ્રત્યેકની અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ અવગાહના છે અને તેની સંખ્યા અસંખ્યાતા છે જે ચૌદરાજ પ્રમાણ લોકમાં નિરંતર હોય છે. બાદર નિગોદ પણ મોટી અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ અવગાહનાવાળા અસંખ્યાત છે અને માત્ર પૃથ્વી આદિમાં જ આશ્રિત છે અને આ નિગોદ ભીની સેવાળ-સૂરણ-આદુ આદિ સ્વરૂપવાળા જાણવા. આથી જ આ સર્વ લોકમાં હોતા નથી. માટી અને જળાદિના અભાવમાં તેઓનો અસંભવ છે. અહીં ઘણું કહેવા યોગ્ય છે પણ ગ્રંથની ગહનતાના પ્રસંગથી કહેવાતું નથી અને આ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના નિગોદ જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આ અંતર્મુહૂર્ત્તના અસંખ્યાત ભેદો છે તેથી આમાનાં ઘણાં નિગોદોનું આયુષ્ય બસો છપ્પન આવલિકા પ્રમાણ ક્ષુલ્લકભવ જેટલું પણ હોય છે. તેથી કહે છે કે-

**एगूसासम्मि मओ सतरस वाराउऽणंतखुत्तोऽवि ।**
**खुल्लगभवगहणाऊ एएसु निगोयजीवेसु ।।१८४।।**

**एकोच्छ्वासे मृतः सप्तदशवारान् अनंतकृत्वोऽपि**
**क्षुल्लकभवग्रहणान् एतेषु निगोदजीवेषु ।।१८४।।**

**ગાથાર્થ :** આ નિગોદજીવોમાં વસતો ક્ષુલ્લકભવ પ્રમાણ આયુષ્યવાળો જીવ એક શ્વાસોચ્છ્વાસમાં સત્તરવાર મરેલો આવા નિગોદમાં અનંતવાર ઉત્પન્ન થઈ શકે છે. (૧૮૪)

एतेषु निगोदजीवेषु परिवसन् जीवोऽत्र नीरोगस्वस्थमनुष्यसम्बन्धिन्येकस्मिन्नप्युच्छ्वासनिश्वासे क्षुल्लकभवग्रहणायुः सन् सप्तदश वारा मृतः, एकोच्छ्वासनिःश्वासस्थूलमानेनैतावतां क्षुल्लकभवग्रहणानां भावात्, सूक्ष्मेक्षिकया त्वागमादवसेयं, कियतीर्वारास्तत्रैव पुनः पुनरुत्पद्येत्थं मृतः ? इत्याह - अनन्तकृत्वोऽपि - अनन्तशोऽपि, अनन्तवारा अपीत्यर्थ इति ।।

एतेषु चैकेन्द्रियेषु जीवा यथोत्पद्यन्ते तथा दर्शयन्नाह –

**टीकार्थ :** નિગોદજીવોમાં વસતો જીવ અહીં નીરોગી-સ્વસ્થ મનુષ્યના એક શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાળમાં ક્ષુલ્લકભવ પ્રમાણ આયુવાળો જીવ સત્તર વખત મરે છે અર્થાત્ એક શ્વાસોચ્છ્વાસ જેટલા સ્થૂળ કાળમાનથી

સત્તર ક્ષુલ્લક ભવ થઈ શકે છે (વધારે નહીં) વિશેષ સૂક્ષ્મ પ્રક્રિયા આગમ ગ્રંથોથી જાણવી.

**પ્રશ્ન :** તો પછી ફરી ફરી તેમાં જ ઉત્પન્ન થયેલો અને મરેલ ક્ષુલ્લકભવ પ્રમાણ આયુવાળો જીવ તે નિગોદમાં કેટલા ભવ કરે ?

**ઉત્તર :** તેમાં જ ઉત્પન્ન થતો અને મરતો જીવ અનંત ભવો પણ કરે.

આ એકેન્દ્રિયમાં જીવો જે રીતે ઉત્પન્ન થાય છે તે રીતે બતાવે છે.

**पुत्ताइसु पडिबद्धा अन्नाणपमायसंगया जीवा ।**
**उप्पज्जंति धणप्पियवणिउ व्वेगिंदिएसु बहुं ।।१८५।।**

**पुत्रादिषु प्रतिबद्धाः अज्ञानप्रमादसंगता जीवाः**
**उत्पद्यन्ते धनप्रियवणिगिव एकेन्द्रियेषु बहून् वारान् ।।१८५।।**

**ગાથાર્થ :** પુત્રાદિને વિશે રાગી થયેલ, અજ્ઞાન-પ્રમાદવશ જીવો ધનપ્રિય વણિકની જેમ એકેન્દ્રિયમાં ઘણીવાર ઉત્પન્ન થાય છે.

**'बहुं' ति मृत्वाऽपि पुनः पुनस्तत्रैव बहूत्पद्यन्ते, अनन्तवाराः पौनः पुन्येन तेष्वेव जायन्त इत्यर्थः, शेषं सुगमं ।।**

**कथानकं तूच्यते –**

**ટીકાર્થ :** 'बहु' એટલે મરીને ફરી ફરી તેમાં જ ઉત્પન્ન થાય છે અર્થાત્ કહેવાનો ભાવ એ છે કે ફરી ફરી તેમાં જ અનંતવાર ઉત્પન્ન થાય છે.

કથાનક કહેવાય છે-

## ધનપ્રિય વણિકનું કથાનક

કુશાર્ત દેશમાં શૌર્યપુર નામનું મહાનગર છે જેમાં રોષ (ક્રોધ)ને જ મરાય છે અને હૃદયને જ હરાય છે અને તેમાં ધન-ધાન્ય-સુવર્ણ-રત્નોનો સ્વામી મહારિદ્ધિથી યુક્ત નામથી અને અર્થથી (ગુણથી) જ ધનપ્રિય નામે વણિક છે અને તે સદા આરંભપ્રિય, મિથ્યાદૃષ્ટિ, ઘરમાં, વિભવમાં અને સ્ત્રીમાં રાગી અજ્ઞાનથી આંધળો બનેલો દિવસો પસાર કરે છે અને તેને ધનવતી નામની સ્વભાવથી ભદ્રિક ગૃહિણી છે. તેઓને એકેય પુત્ર નથી તેથી પુત્ર માટે ઘણાં દુઃખી છે. (૪)

હવે કોઈ વખત પરિભ્રમણ કરતો કોઈક પુરુષ ત્યાં આવ્યો. વણિકે તેને પુછ્યું કે તેં શું કંઈપણ કૌતુક જોયું ? તેણે કહ્યું કે અહીંથી નજીકમાં જ દીર્ઘશાળા નામે મહાઅટવી છે જેની અંદર વિદ્યાધરોવડે સુંદર નેમનાથનું મંદિર બનાવવામાં આવ્યું છે અને તેની નજીકમાં જંબુનામની દેવતાનું મંદિર છે. મોટા ઉપાયોથી પૂર્ણ થઈ છે આશા જેની એવો ઘણો લોક ત્યાં આવે છે એમ તમે જાણો અથવા તમારે પણ કાર્યની સિદ્ધિ માટે ત્યાં જવું જોઈએ એમ કહીને તે ગયો. શ્રેષ્ઠી અને ધનવતી સ્નાન કરી ઉત્તમ શ્વેત વસ્ત્રો પહેરીને બંને પણ ચંદનથી તે દેવીને આલેપીને, શ્રેષ્ઠકુસુમોથી, બલિથી અને સુગંધી ધૂપથી ભક્તિથી પૂજે છે. પછી પગમાં પડીને તેઓ કહે છે કે જો અમને પુત્ર થશે તો તમારા મંદિરમાં આવીને વિભૂતિથી ઘણો ધનવ્યય કરીને વિસ્તારથી તારી યાત્રા કરશું. પછી તે જ દિવસે ધનવતીને ગર્ભ રહ્યો. (૧૨) તે ક્રમથી પ્રસૂતા થઈ અને મહાભયંકર સાપનો જન્મ થયો. પછી ભય પામેલા સર્વે જ ત્રાસ પામી દૂરથી પલાયન થયા.

હવે વ્યાકુળ થયેલા શેઠ ફરી પણ તે દેવતાને પણ ઘણાં સુગંધીફુલ-કર્પૂર-નેપથ્ય વગેરેથી પૂજે છે. પછી કહે છે કે હે દેવી ! લોકમાં મોટા આશ્ચર્યભૂત આ શું થયું ? પછી પાત્રમાં સંક્રમીને દેવી કહે છે કે આ પુત્ર તને મારાવડે અપાયો છે પરંતુ પૂર્વજન્મમાં ધનવતીએ શોક્યના રત્નનું હરણ કર્યું હતું અને રત્નની જગ્યાએ તેવા વર્ણવાળા પથ્થરને મૂક્યું હતું. અતિદુઃખી કંઠે ભરાયેલા પ્રાણવાળી, રડતી શોક્યને જોઈને, વીશમે પહોરે તે જ સ્થાનમાં કરુણાથી ધનવતીએ ફરીપણ તે રત્નને મૂક્યું. (૧૮) હમણાં તારું તે સ્વકૃત કર્મ ઉદયમાં આવ્યું છે. તે કર્મથી પ્રેરાયેલી દેવી વડે ઢાંકીને તે સર્પ કરાયો છે. તારો પુત્ર મનુષ્ય હોવા છતાં પણ વીશ વર્ષને અંતે કર્મનાશ થયા પછી પોતાના શ્રેષ્ઠ રૂપને ધરનારા આ પુત્રને જ તમે જોશો. તેઓએ કહ્યું કે આજથી માંડીને વીશ વર્ષ સુધી અમારે શું કરવું ? એમ પ્રસન્ન થઈને તમે કહો. પછી દેવીએ કહ્યું કે હમણાં આ કરો અને પછી એમ કરો અને આગળ ઉપર એમ એમ કરો વગેરે વગેરે. એમ કહીને કહ્યું કે આ સાપ સર્વથા ઝેરી નથી. કોઈને પણ ડંસ મારશે નહીં તેથી સર્વથા ભય ન કરવો. (પામવો). મારા વચનમાં કોઈએ પણ અવિશ્વાસ ન કરવો કારણ કે મેં આ સર્વ અતિશય જ્ઞાનીને પુછ્યું છે એ પ્રમાણે કહીને દેવી સ્વસ્થાનમાં ગઈ. પછી દેવીએ જે પ્રમાણે શીખવાડ્યું હતું તેમ જ સર્વ કરે છે. તેઓ સાપને દૂધ પાય છે અને પછી કરંડિયામાં મૂકે છે. પછી અતિમોટા મહોત્સવપૂર્વક વર્ધાપન કરાવાયું. તેના છઠ્ઠી* પ્રમુખ સર્વ વ્યવહારિક કૃત્યો કરાય છે. દેવીના વચનથી માતાપિતા આનંદિત થયા અને માતા પિતાએ તેનું નામ જંબુદિન્ન રાખ્યું પણ બહારથી ચક્ષુરૂપી ગુફાથી બતાવી શકાતો નથી એમ તેઓ બોલે છે. એ પ્રમાણે બાર વરસ પસાર થયા પછી કોઈક વણિક પોતાની રૂપવતી કન્યા આપવા માટે ત્યાં આવ્યો. (૨૯)

પછી ધનપ્રિયે કહ્યું કે જો તું મારા પુત્રને જોયા વિના પરણાવીને આપશે તો હું તારી કન્યાને ગ્રહણ કરીશ તથા અહીં રહેલો જ મારો પુત્ર શરીરના વસ્ત્રના બાનાથી જ પરણશે. પછી કન્યાના પિતાએ વિચાર્યું કે આ કંઈક અપૂર્વ છે. આ સર્વ પણ કંઈક છે પરંતુ આ ધનપ્રિય અમારી જ્ઞાતિમાં રિદ્ધિ સંપન્ન છે તેથી મારી પુત્રીને ખાણી-પીણીમાં કંઈપણ ન્યૂનતા નહીં રહે અને શરીરને વિશે જો પુણ્યાઈ હશે તો ઘરવાસ પણ થશે. (૩૩) એ પ્રમાણે વિચારીને પોતાની આઠ વરસની નાગશ્રી કન્યાને આપી અને તેજ ધનપ્રિયે નક્કી કરેલ વિધિથી પરણાવી. પછી ધનપ્રિયે શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નોથી ઘડેલ, મોતીના હારથી કરાઈ છે શોભા જેની એવા સર્વ આભરણનો સમૂહ નાગશ્રીને આપ્યો. હવે નાગશ્રી શ્વસુરગૃહે આવે છે અને જાય છે પણ પતિને જોતી નથી. તેટલામાં અનુક્રમે તેને વીશમું વરસ પૂર્ણ થયું. પછી સાસુએ કહ્યું કે હે પુત્રી ! વાસઘરમાં દીપકને કર અને વાસઘરમાં શ્રેષ્ઠ ગાદી તકીયાવાળી શૈય્યા પણ છૂટી પડેલી છે તેને ગાદી તકીયાથી સજ્જ કર. પછી નાગશ્રીએ તે પ્રમાણે સર્વ તૈયાર કર્યું. (૩૮) પછી ધનપ્રિયે પાનબીડાથી યુક્ત પોટલીઓ ત્યાં મુકાવી તથા સુગંધી કુસુમથી યુક્ત બીજી પણ પોટલીઓ મુકાવી અને છીપમાં કર્પૂરાદિ વિમિશ્રિત ચંદનનું વિલેપન મુકાવ્યું. કૃષ્ણાગરુધૂપની ધૂપદાનીઓ ત્યાં મુકાવી. પછી ધનવતીએ નાગશ્રીને એકાંતમાં બોલાવીને કહ્યું કે હે પુત્રી ! અહીં કરંડિયામાંથી એક યુવાન નીકળશે તારે એનો ભય ન રાખવો તે પણ શંકા રહિત તારી સાથે ભોગ ભોગવશે. પછી સંભોગને અંતે કરંડિયામાંથી સાપની મોટી કાંચળી લઈને શંકા રહિત તારે જલ્દીથી જ દીપની શિખામાં બાળવી એ પ્રમાણે દેવીએ કહેલ સર્વ શીખામણ અપાયેલી એવી આ શ્રેષ્ઠ વસ્ત્ર-વિલેપનોથી શણગાર કરીને પછી વાસઘરમાં જઈને દરવાજા પર નિશ્ચલ કપાટને બંધ કરીને દેવસુંદરીની જેમ આ લીલાથી શૈય્યા પર બેસે છે જે પ્રમાણે સાસુએ કહેલ તે પ્રમાણે જ સર્વ બન્યું. નાગશ્રીએ પણ તે જ રીતે કર્યું.

* છઠ્ઠી: બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસ કરવામાં આવતી અમુક પ્રકારની વિધિ.

હવે પ્રભાત થયું ત્યારે નવા ઉત્પન્ન થયેલ દેવની જેમ માતાપિતાએ શ્રેષ્ઠ રૂપને ધરનારા પુત્રને જોયો. માતાપિતા ખુશ થયા. પછી વર્ધાપન કરાવે છે. પછી સજાવટ કરીને મોટા ઠાઠમાઠથી સર્વલોકો જંબુદેવીના ભવનમાં જાત્રા કરવા માટે જાય છે. પછી ઘણાં દ્રવ્યનો વ્યય કરીને ભક્તિથી જાત્રા કરી પછી બધા પોતાના સ્થાને ગયા. ધનવતી અને નાગશ્રી શ્રદ્ધાથી સાધ્વીની પાસે ધર્મ સાંભળીને શ્રેષ્ઠ શ્રાવિકાઓ થઈ. જંબુદિન્ન પણ જિનેશ્વરોએ કહેલ ધર્મને સાધુઓ પાસેથી સાંભળીને અણુવ્રતધારી શ્રાવક થયો. પણ ઘરના વ્યામોહથી ધનપ્રિય વ્યામૂઢ રહ્યો. પછી જંબુદિન્નને અનુક્રમથી ચાર પુત્રો થયા. ધનપ્રિય પૌત્રોના સ્નેહના વ્યામોહથી સંમૂઢ રહ્યો. (૫૪) શ્રાવકધર્મને લાંબો સમય પાળીને અંતે ધનવતીએ શુદ્ધ ભાવથી પંદર દિવસનું અનશન કર્યું. ચાર પલ્યોપમના આયુષ્યવાળા મહર્દ્ધિક દેવમાં ઉત્પન્ન થઈ. મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને જંબુદિન્ને પણ અતિશય જ્ઞાની ગુરુની પાસે નાગશ્રીની સાથે દીક્ષા લે છે. પછી સ્થવીરની પાસે સૂત્રો ભણે છે. નાગશ્રી પણ પ્રવર્ત્તિનીની પાસે સૂત્રોને ભણે છે. ઉગ્ર તપ કરીને ક્રમથી તે બંને સિદ્ધ થયા. ધનપ્રિયે ધર્મ-અધર્મના ભેદને ક્યારેય પણ ન જાણ્યો. અજ્ઞાન અને મોહથી મૂઢ હંમેશા મગશેલ પથ્થરની જેમ રહ્યો. (૫૯) મારા પુત્રો, મારી લક્ષ્મી અને મારી સ્ત્રી-ઘર વગેરે એ પ્રમાણે આર્ત્તધ્યાનમાં મરીને એકેન્દ્રિયમાં ગયો. લાંબો સમય સંસાર ભમીને મહાવિદેહમાં સુકુલની પ્રાપ્તિ કરીને દીક્ષા લઈ ધૂતકર્મ (નાશ કર્યા છે સર્વ કર્મ જેણે) એવો તે પણ સિદ્ધ થશે. (૬૧)

**उक्ताः सोदाहरणा एकेन्द्रियाः, अथ विकलेन्द्रियस्वरूपमाह –**

ઉદાહરણ સહિત 'એકેન્દ્રિયોનું' વર્ણન કર્યું. હવે વિકલેન્દ્રિયના સ્વરૂપને કહે છે.

**विगलिंदिया अवत्तं रसंति सुन्नं भमंति चिट्ठंति ।**
**लोलंति घुलंति लुठंति जंति निहणं पि छुहवसगा ।।१८६।।**

**विकलेन्द्रिया अव्यक्तं रसन्ति शून्यं भ्राम्यन्ति तिष्ठन्ति**
**लुठन्ति धूसरयन्ति स्खलन्ति यान्ति निधनमपि क्षुद्वशगाः ।।१८६।।**

ગાથાર્થ : વિકલેન્દ્રિયો અવ્યક્ત શબ્દ કરે છે, શૂન્ય ભમે છે, રહે છે, આળોટે છે, સ્ખલના પામે છે, ઊંધા વળે છે અને ભુખથી ટળવળે છે અને ભુખથી પીડાયેલા મરણ પામે છે. (૧૮૬)

**विकलेन्द्रियाः-द्वित्रिचतुरिन्द्रियरूपाः कृमिशंखमत्कोटककीटिकाभ्रमरमक्षिकादयः करणपाटवाभावादव्यक्तं रसन्ति-शब्दयन्ति, मनसोऽभावादप्रेक्षापूर्वकारितया शून्यं एवमेव भ्रमन्ति कदाचिदेकस्थान एव तिष्ठन्ति, कर्दमादौ लोलंति, घुलंति-प्रतिपदं स्खलन्ति, निम्नोन्नतादौ लुठन्ति, क्षुदार्त्ताः घृततैलोष्णावश्रावणादिषु पतिता निधनमपि-विनाशमपि यान्तीति ।।**

**टीકાર્થ :** વિકલેન્દ્રિય કૃમિ, શંખ, મંકોડા, કીડી, ભમરા, માખી વગેરે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો ઇન્દ્રયની પટુતાનો અભાવ હોવાથી અવ્યક્ત શબ્દ કરે છે. મનનો અભાવ હોવાથી વિચારણાપૂર્વક પ્રવૃત્તિ વિના જ શૂન્ય ભમે છે ક્યારેક એક સ્થાને જ રહે છે, કાદવ આદિમાં આળોટે છે, પગલે પગલે સ્ખલના પામે છે. નીચી ઊંચી ભૂમિ પર ઊંધા વળી જાય છે અને ભુખથી પીડાયેલા ઘી-તેલ-અવશ્રાવણાદિમાં (કાંજી આદિના ધોવણમાં) પડેલા વિનાશ પામે છે.

यैर्हेतुभिरेतेषु जीवा व्रजन्ति तान् सोदाहरणानाह –

અવતરણિકા : જીવો જે કારણોથી વિકલેન્દ્રિયમાં જાય છે તે કારણોને ઉદાહરણો સહિત બતાવે છે –

**जिणधम्मुवहासेणं कामासत्तीइ हियसढयाए ।**
**उम्मगदेसणाए सया वि केलीकिलत्तेण ।।१८७।।**
**कूडक्कयअलिएणं परपरिवाएण पिसुणयाए य ।**
**विगलिंदिएसु जीवा वच्चंति पियंगुवणिओ व्व ।।१८८।।**

**जिनधर्मोपहासेन कामासक्त्या शठहृदयतया**
**उन्मार्गदेशनया सदाऽपि केलीकिलत्वेन ।।१८७।।**
**कूटक्रयेण अलिकेन परपरिवादेन पिशुनतया च**
**विकलेन्द्रियेषु जीवा व्रजन्ति प्रियङ्गुवणिगिव ।।१८८।।**

**ગાથાર્થ :** જિનધર્મના ઉપહાસથી, કામની આસક્તિથી, હૃદયની ધિઠ્ઠાઈથી, ઉન્માર્ગ દેશનાથી, ક્રીડાહાસ્યથી, કૂટ-લે વેચથી, જુઠાણાથી, પરપરિવાદથી, પિશુનતાથી, પ્રિયંગુવણિકની જેમ જીવો વિકલેન્દ્રિયમાં જાય છે. (૧૮૭-૧૮૮)

सुगमे ।। कथानकं तूच्यते –

કથાનક કહેવાય છે -

## પ્રિયંગુ વણિક કથાનક

પોતનપુર નામનું શ્રેષ્ઠ નગર છે જેમાં ધર્મશાસ્ત્રોના અર્થોમાં (અર્થો ભણવામાં) લોક અસંતોષી છે પણ દ્રવ્યરૂપી અર્થમાં અસંતુષ્ટ નથી અને તે નગરમાં રિદ્ધિ સંપન્ન પ્રિયંગુ નામનો વણિક વસે છે જે અતિશય મિથ્યાદષ્ટિ છે અને જિનધર્મના ઉપહાસમાં રત છે. રૂપના અતિશયથી અતિ સમૃદ્ધ પ્રિયમતી નામની તરુણ સ્ત્રીને વિશે કામની આસક્તિવાળો રહે છે. જે દુષ્ટશીલવાળો અને અલિકવાદી, પરપરિવાદી, પિશુન, કૂટક્રય અને કૂટમાનમાં રત છે. કોઈપણ વડે જો શિક્ષા અપાયો હોય તો ઠઠા મશ્કરીથી ઉત્તર આપે છે કે એક પ્રિયતમાના દર્શનને હું માનું છું જેનાથી સરાગી પણ સુખને પામે છે. જિન વગેરેના સર્વ દર્શનો કેવળ દંભના ફળવાળા છે. અહીં કોઈવડે તે દેવલોક જોવાયો છે ? કોઈએ પણ ચક્ષુથી નરકાવાસ જોયો છે ? તે કહો. (૬) નરકમાંથી કોણ આવ્યું છે ? જ્યાં સુધી અહીં તમારે ઘરમાં કંઈપણ ભોગ્ય છે ત્યાં સુધી શંકારહિત ખાઓ, પીઓ અને વિલાસ કરો. પાખંડીઓના વચનોથી ભોળવાયેલા એવા તમે મળેલા ભોગોના ભોગવટાથી પોતાને ઠગો નહીં એ પ્રમાણે ઉન્માર્ગનો ઉપદેશ આપે છે. (૮)

હવે કોઈક વખત પ્રિયમતીને અતિ શ્રેષ્ઠ લક્ષણથી યુક્ત પુત્ર જનમ્યો. પછી હર્ષ વિભોર પ્રિયંગુશ્રેષ્ઠી વર્ધાપન કરાવે છે. ખુશ થયેલા તેઓએ પુત્રનું નામ દેવદિન્ન રાખ્યું. પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો સુખેથી રહે છે, ક્રમથી મોટો થતો અતિરૂપને ધરનારો કુમારભાવને પામ્યો. પછી માતાપિતાએ કળા ભણવા લેખાચાર્ય બ્રાહ્મણને અર્પણ કર્યો. ક્રમશઃ લેખાચાર્યની પાસે બોત્તેર કળાઓ ભણ્યો. (૧૧)

અને આ બાજુ તે નગરમાં સુંદર નામનો મહર્દ્ધિક સાર્થવાહ વસે છે. તેને શ્રેષ્ઠરૂપવાળી બાળપણથી પંડિતા, બુદ્ધિ તેમજ નામથી સરસ્વતી પુત્રી છે. તે જ લેખાચાર્ય બ્રાહ્મણની પાસે સ્ત્રીજનને ઉચિત કળાઓ ભણે છે. હવે કોઈક વખત બ્રાહ્મણ પોતાની સ્ત્રીને મારે છે. પછી દેવદિન્ન વગેરે અભ્યાસીઓ તેને મારતા વારે (રોકે) છે પણ એક સરસ્વતી વારવા માટે પોતાના સ્થાનપરથી ઊભી ન થઈ. દેવદિન્ન કહે છે કે તું આ કૂટાતી અધ્યાપકની સ્ત્રીની ઉપેક્ષા કેમ કરે છે ? પછી સરસ્વતી પણ કહે છે કે તમે સાંભળો. (૧૭) શું તે સ્ત્રી કહેવાય ? જે પોતાના દાસની જેમ પતિપાસે પોતાના પગને ધોવડાવે છે. આપત્તિમાં પડેલ પતિને સહાય પણ કરતી નથી ઇત્યાદિ સરસ્વતીએ કહ્યું. તેને સાંભળીને આ નિરકુંશ ગર્વિત હૃદયવાળી છે એમ વિચારીને ખરેખર મારે આને પરણીને છોડી દેવી અને દૃષ્ટિથી એને નહીં જોઉં જેથી તે પોતાના ગર્વના દુઃખને અનુભવે. એમ વિચારીને દેવદિન્ન વણિકપુત્ર મૌન રહ્યો. સરસ્વતીએ સ્વમતિથી દેવદિન્નના આ અભિપ્રાયને જાણ્યો. (૨૧)

પછી કળાઓ ભણીને કાળથી બંને પણ પોતાના ઘરે રહે છે. દેવદિન્ન પાસે ત્યાં ઘણી કન્યાઓ આવે છે. દેવદિન્ન માતાપિતાને કહેવરાવે છે કે આ નગરમાં સુંદર સાર્થવાહની સરસ્વતી નામે પુત્રી છે તે મને પરણાવો. જેના વચન ક્યારેય પણ નકારી ન શકાય તેવો મારે એક જ પુત્ર છે તથા સંબંધ ઉચિત છે તેથી પ્રિયંગુવણિકે સુંદર સાર્થવાહને એ પ્રમાણે પુછાવ્યું. સુંદરે પણ સરસ્વતીને પૂછ્યું. તેણે પણ કહ્યું કે હે તાત ! અહીં શું અયુક્ત છે ? પછી મોટા આનંદથી પ્રશસ્ત દિવસે તે બેનું પાણિગ્રહણ કરાયું. પરણ્યા પછી દેવદિન્ને તેને દૃષ્ટિથી પણ ન જોઈ માતા, પિતા અને મિત્રો વડે એવું કોઈ વચન નથી જે દેવદિન્નને સમજાવવા ન કહેવાયું હોય તો પણ કોઈના વચનને તેણે ન માન્યું. અક્ષય શીલવાળી સરસ્વતી પણ પિતાના ઘરે રહે છે. (૨૭)

પછી યૌવનને પ્રાપ્ત થયેલ દેવદિન્ન ઘણાં કરિયાણાઓ લઈને વહાણ ઉપર ચઢીને પારસકૂલે ગયો. પછી પ્રિયંગુવણિક સરસ્વતીને પોતાના ઘરે તેડી લાવ્યો. સાસુ સસરાની વિનયથી સેવા કરતી તે રહી. દેવદિન્ન પણ ઘણાં કાળથી પારસકૂલ પહોંચ્યો. ત્યાં રત્નોને લઈ જઈને રાજાને ભેટ્યો. પારસકૂલમાં ઘણી બુદ્ધિ અને કપટનું અદ્ભુત ભંડાર એવી એક પરિવ્રાજિકા વસે છે. તે પણ સંકટમાં ફસાયેલ રાજાને એવી કોઈક બુદ્ધિને (ઉપાયને) બતાવે છે જેથી રાજા આપત્તિમાંથી બચીને, શત્રુરાજાને જીતીને તેની સર્વરિદ્ધિને ગ્રહણ કરે છે. પછી રાજા તેને ઘણું ધન આપે છે અને કૃપા કરે છે. દેવદિન્ને તેને સભામાં બેઠેલી જોઈ. (૩૩)

પછી બીજા દિવસે પરિવ્રાજિકાએ દેવદિન્નને નિમંત્રીને પોતાના ઘરે અતિશય ગૌરવપૂર્વક ભક્ષ્ય ભોજનથી ભોજન કરાવ્યું. પરિવ્રાજિકાએ દેવદિન્નના આવાસે કોઈપણ છૂપી જગ્યાએ એક સુવર્ણનો થાળ સ્વયં મુકાવ્યો. પછી ભોજન કરી દેવદિન્નની પાછળ, 'અમારો એક સુવર્ણ થાળ ખોવાયેલ છે તમારો કોઈ છોકરો લઈ ગયો છે તેથી તમારા ઘરમાં તપાસ કરો' એમ શીખવાડીને એક માણસને પાછળ મોકલ્યો પછી દેવદિન્ન વડે ધમકાવીને પુછાયેલો સર્વપણ પરિજન પોતાના ઘરમાં તપાસ કરે છે અને દેવદિન્ને આવાસમાં તપાસ કરી પણ ક્યાંય સુવર્ણથાળ મળ્યો નહીં.

હવે સવારે પરિવ્રાજિકા રાજકૂળદ્વારે ગઈ. રાજકૂળદ્વારે પરિવ્રાજિકાવડે દેવદિન્ન ધારણ કરાયો અને ત્યાં મોટો વિવાદ થયો એટલે પરિવ્રાજિકાએ કહ્યું કે જો હું કોઈપણ રીતે તારા આવાસમાં સુવર્ણથાળને જોઉં તો હું તારી સમગ્રરિદ્ધિને લઈશ અને તું મારો યાવત્ જીવ સુધી દાસ થશે. હવે જો હું ત્યાં સુવર્ણથાળને ન જોઉં તો મારી સમગ્રરિદ્ધિ તારી થાય અને જાવજ્જીવ સુધી હું તારી સુશ્રુષા કરનારી દાસી થાઉં. દેવદિન્ને આ

વાતને સ્વીકારી એટલે પરિવ્રાજિકાએ લોકોને સાક્ષીમાં રાખ્યા અને સાક્ષીલોક તેની સાથે દેવદિન્નના આવાસે પહોંચ્યો. પછી તેના ઘરમાં બીજા બીજા સ્થાનોમાં પ્રથમ તપાસ કરાવીને પછી લાંબા સમયે તે થાળ જ્યાં મૂકવામાં આવ્યો હતો ત્યાંથી કાઢ્યો. (૪૩)

હવે પરિવ્રાજિકાએ દેવદિન્નની સર્વપણ રિદ્ધિને ગ્રહણ કરી અને તેને દાસ બનાવ્યો. દેવદિન્ન પણ તેના ઘરમાં કુકર્મો કરે છે. પછી દેવદિન્ન વિચારે છે કે જેવી રીતે મારી રિદ્ધિ ગઈ તેવી રીતે અહીં શરણથી રહિત મારા પ્રાણો પણ જશે. આ સમગ્ર પૃથ્વીમાં અહીં મારું રક્ષણ કરવા કોઈપણ સમર્થ નથી તો પણ મારા પિતાને આ યથાવાત જણાવું. પછી વિસ્તારથી લેખ લખીને પિતાને મોકલ્યો અને તે લેખને વાંચીને પિતા ચીસોથી પોકાર કરવા લાગ્યો. સરસ્વતીએ પુછ્યું કે હે તાત ! આ શું છે ! પ્રિયંગુવણિકે સર્વપણ યથા-હકીકત કહી. સરસ્વતીએ કહ્યું કે જો એમ છે તો તમે વિશ્વસ્થ થઈને રહો. હું તેમને છોડાવીને લાવું છું. હવે આનંદિત થયેલા પ્રિયંગુવણિકે તેની સામગ્રી તૈયાર કરાવી. (૪૯) પછી કરિયાણાઓથી વહાણ ભરીને અને પુરુષવેશ કરીને, સંપૂર્ણ નવા પરિવારને-લઈને ગઈ. પારસકૂલ પહોંચી. તે જ પ્રમાણે રાજાને મળી. આ વ્યાપારી છે એમ જાણી પરિવ્રાજિકા વડે આમંત્રિત કરાયો અને સુવર્ણમય ડોયો (દાળ-શાક પીરસવાનું સાધન) તેના આવાસમાં મુકાવાયો. સરસ્વતીએ તેને ગુપ્ત રીતે હરાવી દીધો. હવે પરિવ્રાજિકાના ઘરે ભોજન કરવાને આવી ત્યારે રાત્રીના સમયે તેના ઘરમાં અતિમોટી બખોલવાળી આંબલીની અંદર આ ડોયો નંખાવ્યો. પછી પ્રભાત સમયે રાજદ્વારે વિવાદ થયો ત્યારે તે જ પ્રમાણે પ્રતિજ્ઞાઓ કરાઈ. સાક્ષીઓને રાખીને તેના આવાસે ગયા. પરિવ્રાજિકા ડોયાને શોધે છે પણ ક્યાંય મળતો નથી. (૫૫) પછી સર્વલોક પરિવ્રાજિકાના ઘરે આવ્યો. આંબલીની બખોલમાં ડોયો મળ્યો એટલે તે વિલખી થઈ. પછી તેની સર્વ રિદ્ધિ લઈ લીધી અને તેને દાસી બનાવી અને દેવદિન્નને કહ્યું કે તું મારા દાસીનો દાસ છે. દેવદિન્ને તે વાતનો સ્વીકાર કર્યો. પછી દરરોજ વિનયથી તેના પગને ધોવે છે. પરિવ્રાજિકા તેના (સરસ્વતીના) કાર્યને કરે છે.આ સોમદત્ત નામનો વ્યાપારી અયોધ્યા નગરીમાંથી આવ્યો છે. એ પ્રમાણે સર્વ લોકમાં પ્રચાર કરીને તે સરસ્વતી સર્વ કરિયાણાને વેંચે છે. પછી દેવદિન્ન વણિક પણ તૈયાર થઈ જેટલામાં પોતાના દેશમાં જવા મળશે એમ જાણી ખુશ થયો. પછી સરસ્વતી તૈયાર થઈ જેટલામાં પોતાના દેશમાં જવા નીકળે છે તેટલામાં રાજા નમ્રવાણીથી સંન્યાસી ધર્મના કારણે પરિવ્રાજિકાને છોડાવે છે. પછી પરિવ્રાજિકાને મૂકીને સરસ્વતી પોતાના દેશમાં જાય છે. માર્ગમાં જતી સ્ત્રીના રૂપને પ્રકટ કરીને, ઉદ્ભટ અતિ વિસ્મય કરનાર શૃંગારને કરીને દેવદિન્નને કહ્યું કે તું મને ઓળખે છે કે નહીં ? હવે જેટલામાં દેવદિન્ન વિસ્મિત થઈને આનંદિત રહે છે તેટલામાં સરસ્વતી કહે છે કે હું સુંદર સાર્થવાહ શ્રેષ્ઠીની પુત્રી એવી તારી ભાર્યા છું. બાળપણમાં પરણીને તેં મૂકી દીધેલી રહી છું. પણ હમણાં સસરાએ તમારી આપત્તિ કહીને મને તમારી પાસે મોકલી છે હવે પછીનું બાકીનું તમે જાણો જ છો. (૬૬)

એમ સાંભળીને વિલખો થઈ કંઈક હર્ષિત તથા સલજ્જ થયેલો જેટલામાં રહે છે તેટલામાં સરસ્વતીએ કહ્યું કે હે નાથ ! વિષાદ ન કરવો, સંસારમાં તેવો કોઈપણ પ્રસંગ (બનાવ) નથી જે ન સંભવે તેથી ધીરચિત્તથી રહેવું. હવે તે દિવસથી માંડીને સરસ્વતી દેવદિન્ન પતિને વિનયથી આરાધે છે. વિપુલ ભોગોને ભોગવતા ક્રમથી સ્વસ્થાને પહોંચ્યા. પછી સહર્ષ પિતા તથા સસરો ઘણે દૂર સુધી તેઓને લેવા ત્યાં સામે આવે છે. (૭૦)

બંને કૂળમાં મોટા પ્રમોદથી વર્ધાપન કરાયું. પછી સરસ્વતીએ દેવદિન્નને આ પ્રમાણે કહ્યું કે હે નાથ !

ગૃહસ્થાવાસમાં મારો આટલો અવધિ (કાળ) હતો તે પૂર્ણ થયો છે તેથી મને રજા આપો જેથી હું દીક્ષા ગ્રહણ કરું. પગમાં પડીને દેવદિન્ને કહ્યું કે હે પ્રિયા તું એમ ન બોલ, યોગ્ય સમયે આપણે બંને સાથે દીક્ષા લેશું. પછી સરસ્વતીએ તેને પ્રતિબોધીને સુશ્રાવક બનાવ્યો. સંવિગ્ન દેવદિન્ન ભક્તિથી જિનધર્મ આરાધે છે. એ પ્રમાણે પ્રશંસનીય ધર્મની આરાધના કરતા દેવોની જેમ હંમેશા વિપુલ ભોગોને ભોગવતા ઘણાં પુત્રો થયા અને ગૃહવાસને લાંબો સમય પાળીને મોટા પુત્રપર કુટુંબનો ભાર મૂકીને બંનેએ પણ વિધિથી દીક્ષા અંગીકાર કરી. પણ ભારેકર્મી પ્રિયંગુ શ્રેષ્ઠીને પુત્રાદિના સંસર્ગથી પણ ધર્મ પરિણત ન થયો. (૭૭)

વિપુલ તપ કરીને અંતે અનશન કરીને પુત્ર અને પુત્રવધૂ મહર્દ્ધિક દેવલોકમાં ગયા. પૂર્વોક્ત દોષથી બળેલો ક્લિષ્ટ આત્મા પ્રિયંગુવણિક પણ મરીને વિકલેન્દ્રિયમાં ગયો અને આગળ સંસારમાં ભમશે. (૭૯)

ઉદાહરણ સહિત વિકલેન્દ્રિયનું વર્ણન કર્યું. હવે પંચેન્દ્રિયને આશ્રયીને કહે છે.

**पंचिंदियतिरिया वि हु सीयायवतिव्वछुहपिवासाहिं ।**
**अन्नेऽन्नगसणताडणभारुव्वहणाइसंतविया ।।१८९।।**

**पंचेन्द्रियतिर्यंचोऽपि खलु शीतातपतीव्रक्षुत्पिपासादिभिः**
**अन्यान्यग्रसनताडनभारोद्वाहनादिभिः संतप्ताः ।।१८९।।**

**ગાથાર્થ :** પંચેન્દ્રિય તિર્યંચો પણ શીત-આતપ-તીવ્રક્ષુધા-પિપાસાથી તથા પરસ્પરના ગ્રસન અને તાડનથી અને ભાર વહન કરીને સંતાપ પામે છે. (૧૮૯)

**पञ्चेन्द्रियतिर्यञ्चोऽपि, न केवलमेकेन्द्रियादय इत्यपिशब्दार्थः, शीतातपादिभिः सन्तापिता वर्तन्ते, ततस्तेषामपि कुतः सुखमिति भावः ।। पञ्चेन्द्रियाश्च जलस्थलखचरभेदात् त्रिधा, तत्र व्यवहारे प्रायः स्थलचरा वृषभरासभादयः उपयुज्यन्ते, ततस्तानधिकृत्य तावदाह –**

**ટીકાર્થ :** પંચેન્દ્રિય તિર્યંચો પણ શીત-આતપ વગેરેથી સંતાપને અનુભવે છે. અહીં 'પણ' શબ્દનો અર્થ એ છે કે ફક્ત એકેન્દ્રિયો વગેરે શીત આતપ વગેરેના સંતાપને અનુભવે છે એવું નથી પણ પંચેન્દ્રિયો સંતાપને પામે છે તેથી પંચેન્દ્રિયોને પણ સુખનો અનુભવ ક્યાંથી થાય એમ કહેવાનો ભાવ છે. અને પંચેન્દ્રિયો જળચર, સ્થળચર અને ખેચરના ભેદથી ત્રણ પ્રકારે છે. આ ત્રણમાંથી વ્યવહારમાં ઘણું કરીને બળદ, ગધેડા વગેરે સ્થળચરો ઉપયોગમાં લેવાય છે તેથી તેને આશ્રયીને હમણાં વર્ણન કરાય છે-

**पिट्ठं घट्ठं किमिजालसंगयं परिगयं च मच्छीहिं ।**
**वाहिज्जंति तहा वि हु रासहवसहाइणो अवसा ।।१९०।।**
**वाहेऊण सुबहुयं बद्धा कीलेसु छुहपिवासेहिं ।**
**वसहतुरगाइणो खिज्जिऊण सुइरं विवज्जंति ।।१९१।।**
**आराकसाइघाएहिं ताडिया तडतड त्ति फुट्टंति ।**
**अणवेक्खियसामत्थे भरम्मि वसाहाइणो जुत्ता ।।१९२।।**



બિચારા બળદો શક્તિ ઉપરાંત ભારવહન કરીને થાકી જવા છતાં અને ક્ષુધા-તૃષાથી પરેશાન થઈ ગયા હોવા છતાં માલિક ચાબૂકના પ્રહારો મારીને ચલાવે છે. હે જીવ ! તેં આવા દુઃખો અનંતવાર સહન કર્યા છે. માટે હવે સ્વેચ્છાથી સમભાવે દુઃખો સહન કર. (વિશેષ વર્ણન માટે ૯૫મા પેજમાં વાંચો.)



ભૂખ્યો અને તરસ્યો બિચારો પાડો હદ ઉપરાંત પાણીની પખાલનું વજન ઉપાડીને પહાડ ઉપર ચઢી રહ્યો છે. પહાડ ઉપર ચઢતાં હાંફી રહ્યો છે. છતાં પખાલી પરોણું મારીને તેને ચલાવે છે. હે ચેતન ! તેં પરાધીનપણે આવાં દુઃખો ઘણાં સહન કર્યાં છે. આથી હવે તપ વગેરે કરીને સ્વેચ્છાથી દુઃખો સહન કર.

(વિશેષ વર્ણન માટે ૯૯-૧૦૦મા પેજમાં વાંચો.)

**धणदेवसेट्ठिवसहो कंबलसबला य एत्थुदाहरणं ।**
**भरवहणखुहपिवासाहिं दुक्खिया मुक्कनियजीवा ।।१९३।।**

**पृष्ठं घृष्टं कृमिजालसंगतं परिगतं च मक्षिकाभिः**
**वाह्यन्ते तथाऽपि खलु रासभवृषभादिका अवशाः ।।१९०।।**

**वाहयित्वा सुबहुकं बद्धाः कीलेषु क्षुत्पिपासाभिः**
**वृषभतुरगादिकाः खित्त्वा सुचिरं विपद्यन्ते ।।१९१।।**

**आराकशादिघातैस्ताडितास्त्रटत्रटदिति स्फुटन्ति**
**अनपेक्षितसामर्थ्ये भारे वृषभादिका युक्ताः ।।१९२।।**

**धनदेवश्रेष्ठिवृषभौ कम्बलशम्बलौ चात्रोदाहरणम्**
**भारवाहनक्षुत्पिपासाभिर्दुःखितौ मुक्तनिजजीवौ ।।१९३।।**

**ગાથાર્થ :** પીઠ ઘસાઈ ગયેલી હોય, કૃમિઓના સમૂહથી ખદબદતી હોય, માખીઓ ચારે બાજુ બણબણતી હોય તો પણ પરવશ એવા ગધેડા, બળદ વગેરેને ભાર ખેંચવા વાહનોમાં જોતરવામાં આવે છે. (૧૯૦)

ઘણાં સમય સુધી ભારને વહન કરીને, ખીલામાં બંધાયેલા, ભુખ તરસથી પીડાયેલા એવા બળદ ઘોડા વગેરે લાંબો સમય ખેદ પામીને મરે છે. (૧૯૧)

શક્તિ ઉપરાંતના ભારને ખેંચવામાં જોતરેલા તથા આર-ચાબુકના ઘાતથી મરાયેલા એવા બળદ વગેરે પશુઓ તડ તડ એમ સાંધાથી તૂટે છે. (૧૯૨)

ધનદેવશ્રેષ્ઠીનો બળદ તથા કંબલ અને સંબલ, ભારવહન તથા ભુખ તરસથી દુઃખી થયેલા, પોતાના પ્રાણોથી મૂકાયેલા અહીં ઉદાહરણ છે. (૧૯૩)

**सुगमाश्चतस्रोऽपि गाथाः, कथानकं तूच्यते –**

ચારેય ગાથાનો અર્થ સુગમ છે કથાનક કહેવાય છે.

## ધનદેવ વૃષભનું કથાનક

માગશર વદ દસમના દીક્ષા લઈને વીર જિનેશ્વર દિવસનો એક મુહૂર્ત્ત ભાગ બાકી હતો ત્યારે કુમારગ્રામમાં પહોંચ્યા. રાત્રીમાં ત્યાં ગોવાળીયાના ઉપસર્ગને સહન કરીને પ્રભાત સમયે શક્રેન્દ્રના કહેવાથી સિદ્ધાર્થ દેવની સાથે વિહરે છે. કોલ્લાગ સન્નિવેશમાં બહુલ બ્રાહ્મણને ઘરે છઠ્ઠનું પ્રથમ પારણું કરે છે પછી પિતાના મિત્ર દૂઇજ્જંત તાપસના આશ્રમમાં એક રાત્રી વસીને બાકીનો ઋતુબદ્ધ કાળ અન્ય સ્થાનોમાં વિચરીને ફરી પણ તે તાપસોના આશ્રમમાં આવીને ચોમાસું રહ્યા. તેઓને અપ્રીતિ થઈ તેથી વર્ષાકાળમાં પ્રથમ અર્ધમાસ પુરું થયું ત્યારે અસ્થિક ગામમાં ગયા અને ત્યાં પંદર ઉપવાસ કરી રહ્યા. પૂર્વે તેનું નામ વર્ધમાનક ગ્રામ હતું પછી તેનું નામ અસ્થિક ગ્રામ જે કારણથી થયું તે કહેવાય છે તેને સાંભળો. (૭)

ધનદેવ નામનો શ્રેષ્ઠી બધી જાતના કરિયાણાના પાંચસો ગાડાં ભરીને તેની નજીકમાં આવ્યો. દુરુત્તર અને વિષમ એવી વેગવતી નામની પ્રસિદ્ધ નદી હતી. તેના બંને કાંઠા ઘણી રેતીથી ભરાયેલા હતા. ઘણા બળદો ગાડાં ખેંચતા થાક્યા. તે બળદોમાં એક સદ્ભાવવાળો સુસમર્થ એવો શ્રેષ્ઠ બળદ હતો તે દરેક ગાડામાં જોતરાય છે અને બધા ગાડાંઓને બહાર કાઢે છે. હવે તેના ખેંચવાથી ક્રમથી સર્વ ગાડાંઓ પાર ઉતારાયા. તે શ્રેષ્ઠ બળદ અતિભારને ખેંચવાથી મધ્યભાગથી તૂટ્યો પછી ભૂમિ પર પડ્યો. જેટલામાં એક પણ પગલું આગળ ચાલી શકતો નથી તેટલામાં ધનદેવ શ્રેષ્ઠી શોકથી આંસુધારાને વહાવતો તેની આગળ ઘણાં ઘાસચારાને તથા મોટા પાણીના કુંડને મૂકીને ઇચ્છા નહીં હોવા છતા ત્યાંથી ગયો. પછી ત્યાં ચારોપાણી સમાપ્ત થયા ત્યારે ભુખ-તરસથી તથા ભર ઉનાળાનો કાળ હોવાથી બળદ ઘણો પીડાયો અને વર્ધમાન ગ્રામજનો તેની પાસેથી રોજેરોજ ચાલે છે તો પણ તેને કંઈપણ ઘાસપાણી આપતા નથી તેથી આ બળદ તે ગામલોકોની ઉપર દ્વેષી થયો. અકામ તૃષા અને ક્ષુધાથી મરીને શૂલપાણી નામનો યક્ષ થયો. (૧૬) અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકીને પોતાના ક્લેવરને જુવે છે.

હવે તેણે તે ગામમાં મારિ વિકુર્વી તેથી ઘણો લોક મર્યો, બાકીનો લોક બીજા ગામમાં ભાગીને જાય છે અને તે યક્ષ ત્યાં ગયેલા લોકનો પણ નાશ કરે છે તેથી ફરી પણ સર્વજન તે ગામમાં પાછો ફર્યો. પછી ભયભીત થયેલા તેઓ ચારેય પ્રકારના અશનથી બલિ તૈયાર કરી, સ્નાન કરી, બલિપૂજા કરી, શ્વેત શ્રેષ્ઠ વસ્ત્રો પહેરીને ઊર્ધ્વમુખવાળા હાથમાં ધૂપદાનીઓ લઈ બોલે છે કે અમારાવડે કોઈપણ દેવની સમ્યગ્ આચરણા ન કરાઈ હોય તો તે દેવ અમને ક્ષમા કરે. શરણથી રહિત એવા અમને હમણાં શરણ થાઓ. પછી આકાશમાં રહીને યક્ષ તે લોકને કહે છે કે તમે નિરનુકંપ અને દુષ્ટમનવાળા છો કારણ કે અહીં ભુખ અને તૃષાથી પીડિત બળદ તમારા દેખતા પણ મર્યો. (૨૨) તૃણના સમૂહથી ભરાયેલા અને પાણીના સાધનવાળા તમે તેની પાસેથી પસાર થાઓ છો છતાં તેવી અવસ્થાવાળા પણ તે બળદને કંઈપણ ન નીર્યું તેથી તમારો છૂટકારો નહીં થાય. ભયપામેલા ગ્રામજનો દેવને કહે છે કે પ્રસન્ન થઈને અમારા અપરાધને ક્ષમા કરો. તમારો કોપ જોવાયો છે. હમણાં આપની કૃપાબુદ્ધિને ઇચ્છીએ છીએ. પછી તે દેવ કહે છે કે મરેલાં લોકોના હાડકાં ભેગા કરીને, નીચે દાટીને દેવકુલિકા કરાવો અને તેની અંદર બળદની પ્રતિમા સહિત શૂલપાણિ યક્ષની પ્રતિમા કરાવો. (૨૬) તેઓએ જલદીથી તેમ જ કર્યું અને ત્યાં ઇન્દ્રશર્મ નામના પૂજારીને રાખ્યો જે યક્ષને પૂજે છે અને દીપક પ્રગટાવે છે. પછી મારિ શાંત થઈ અને તે હાડકાંઓને તે રીતે રહેલા જોઈને આ ગામ અસ્થિકગ્રામ એ નામથી સકળ લોકમાં પ્રસિદ્ધ થયું. અને તે દેવકુલિકામાં રાત્રી વસનારને યક્ષ મારે છે તેથી યક્ષના ભયથી રાત્રીમાં કોઈપણ તે દેવકુલિકામાં વસતો નથી. સમગ્ર ગ્રામલોક તથા પૂજારી વારવા છતાં, યક્ષ બોધ પામશે એમ જાણીને, પોતાના શરીરે ઉપસર્ગો થશે એમ જાણવા છતાં પણ ભગવાન મહાવીર ત્યાં જઈને રહ્યા. તેથી ગુસ્સે થયેલો યક્ષ ભગવાનને અટ્ટહાસથી ક્ષોભ પમાડે છે. જેટલામાં પ્રભુ ક્ષોભ પામતા નથી તેટલામાં હાથી-પિશાચ-સર્પના રૂપોથી તે દુષ્ટ તેવા ઉપસર્ગો કરે છે જે વર્ણવી શકાય તેમ નથી તો પણ જેટલામાં પ્રભુ ધ્યાનથી ચલાયમાન થતા નથી તેટલામાં મસ્તક-કર્ણ-નાક-દાંત-આંખ-પીઠ તથા નખમાં એમ સાત સ્થાનમાં સાત તીવ્ર વેદનાઓને કરે છે જે એકેક વેદના પ્રાણને હરનારી છે. તે વેદનાઓથી પણ ભગવાન જ્યાં સુધી ધ્યાનથી ચલાયમાન થતા નથી તેટલામાં ઉપશાંત થયેલ આ પગમાં પડીને ફરી ફરી પણ ભગવાનને ખમાવે છે અને સિદ્ધાર્થ દેવે કહેલા ધર્મને સાંભળીને પ્રતિબોધ પામ્યો (૩૫) સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે અને તે દિવસથી મારિને દૂર કરે છે, ભક્તિથી જિનની આગળ ગંધોદક અને ફુલોની વૃષ્ટિ કરે છે. પછી તુષ્ટ થયેલ

દુંદુભિ વગાડે છે તથા મનોહર ગીત ગાય છે અને પછી ગલ-ગર્જના-સિંહનાદ કરે છે ત્યાં પ્રથમ ચોમાસું કરીને સર્વદેવોથી પૂજાયેલા ભગવાન આ સ્થાનથી વિહાર કરે છે અને મોરાક સન્નિવેશમાં જાય છે. (૩૮)

(ધનદેવ વૃષભનું કથાનક સમાપ્ત થયું.)

હવે કંબલ અને શંબલનું ઉદાહરણ કહેવાય છે.

## કંબલ અને શંબલનું ઉદાહરણ

સુપાર્શ્વજિનનું સુવર્ણનું મહાસ્તૂપ છે જેમાં એવી મથુરા નામે નગરી છે. જેમાં પર્વતની મેખલા પર સર્વત્ર પણ ઇન્દ્રવડે ક્રીડા કરાઈ છે. તેમાં શ્રેષ્ઠીનો પુત્ર જિનદાસ બાળપણમાં સંવિગ્ન થયેલ ગુરુપાસે આ પ્રમાણે અભિગ્રહ કરે છે. માસના પ્રતિપાદને દિવસે બ્રહ્મચર્ય, બીજના છૂટું, ત્રીજાના બ્રહ્મચર્યનો નિયમ, ચોથના છૂટું એમ એકાંતરે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરે છતે નામથી અર્હદ્દાસી શ્રાવિકાને પરણ્યો. તેનો પણ એકાંતરે બ્રહ્મચર્યનો નિયમ છે પરંતુ બીજથી આરંભીને છે. ભોગના દિવસે તે બંનેએ પરસ્પરના નિયમને જાણ્યું. પછી તે અર્હદ્દાસીવડે કહેવાયો કે એ પ્રમાણે મારે હવે જાવજ્જીવ સુધી બ્રહ્મચર્ય છે. તેથી હું દીક્ષા લઈને મારા નિયમને સફળ કરીશ તમે મને રજા આપો. તેના આવા સત્ત્વથી ખુશ થયેલો જિનદાસ મનમાં વિચારે છે કે મારા નિયમને જાણ્યા પછી જો અર્હદ્દાસી જુઠું બોલે કે મારે પણ પ્રતિપદાદિનો નિયમ છે તો પછી તો લોક શું કહેવાનો હતો ? પરંતુ અર્હદાસીએ સત્ત્વને ન છોડ્યું એટલે જિનદાસે તેના પગમાં પડીને કહ્યું કે હે પ્રિયા ! મારે બીજી પણ સ્ત્રીઓ હોત તો પણ મારે જાવજ્જીવ બ્રહ્મચર્ય છે જ તેથી આપણે બંને યોગ્ય સમયે સાથે જ વ્રતને ગ્રહણ કરશું. હમણાં તું આગ્રહ કરીશ નહીં. (૧૦) જિનદાસના આગ્રહથી અર્હદ્દાસી પણ સંસારમાં રહી અને માતાપિતા મરણ પામ્યા ત્યારે તે બંનેનું ઘરનું અધિપત્ય થયું (અર્થાત્ ઘરની સંપૂર્ણ જવાબદારી તેઓના શિરે આવી). પછી બારવ્રતોને સંક્ષેપીને ગુરુની પાસે સચિત્ત અને અબ્રહ્મ ત્યાગનો નિયમ જાવજ્જીવ સુધી લે છે. સર્વ ચતુષ્પદનો સંગ્રહ, ધાન્યાદિ તથા ઘી તેલના પચ્ચક્ખાણને કરતા બીજા પણ અલ્પ છૂટવાળા અભિગ્રહોને લે છે. પછી પ્રતિદિન જ શંખ જેવા ઉજ્જવળ શાલિ-તાંદુળ-દાળ-ઘી-દૂધ ગોરસાદિ સાર પદાર્થોને ધનથી વેંચાતા લે છે. અર્થાત્ દરરોજ નવા લે છે પણ સંગ્રહ કરતા નથી.

હવે એક ગોવાલણ શ્રેષ્ઠ સુગંધી-ઘી-દૂધ અને ગોરસને લાવીને અર્હદ્દાસીને આપે છે. અર્હદાસી પણ તેને પ્રતિબોધીને ભદ્રક ભાવવાળી કરે છે અને ધૂપાદિના દાનથી અનુકૂળ કરે છે તેથી ગોવાલણ પ્રયત્નથી પાણીને ગાળે છે, બળતણ અને અનાજને શોધે છે. એ પ્રમાણે બંનેને પણ પરસ્પર મૈત્રીભાવ થયો. હવે કોઈક વખતે તે ગોવાળને ઘરે લગ્નપ્રસંગ આવ્યો. તેઓએ અર્હદ્દાસી અને જિનદાસને લગ્નનું આમંત્રણ આપ્યું. પછી કંઈક બાનું બતાવીને તેઓ લગ્નમાં ન ગયા. પરંતુ વિવાહ કાર્યમાં જે ઉપયોગી થાય તેવા ચોખા વગેરે તથા મસાલા શ્રેષ્ઠ સુગંધી ધૂપો, વસ્ત્રો, આભરણાદિ તથા કુંકુમ, તંબોલ, વગેરે આપ્યા. પછી પોતાની જ્ઞાતિમાં તેઓની ઘણી મોટી શોભા થઈ તેથી ખુશ થયેલ ગોવાળે અતિસમાન શ્રેષ્ઠ રૂપવાળા ત્રણ વરસના કંબલ અને શંબલ નામના બળદ લઈ આવ્યા. જિનદાસે જણાવ્યું કે અમારે સર્વ ચતુષ્પદનો નિયમ છે. પછી તેની ગેરહાજરીમાં ગોવાળ તે બળદોને જિનદાસના ઘરે બાંધીને ગયો ત્યારે ઊઠીને જિનદાસ વિચારે છે કે જો હું આઓને છોડીને ઘરમાંથી કાઢી મૂકીશ તો લોકો આઓને પકડીને ગાડામાં જોડશે અને દુ:ખી કરશે. હવે જિનદાસ અચિત્ત ચારાપાણીથી તેઓનું પોષણ કરે છે. જિનદાસ આઠમ ચૌદશના દિવસે પૌષધ લઈને ઉપવાસ કરે છે અને ગ્રંથનું વાંચન કરે છે. કંબલ અને શંબલ પણ તેને ધ્યાનપૂર્વક સાંભળે છે અને તે દિવસે

ચારાપાણીને લેતા નથી. તેઓની આ વિવેકપૂર્વકની ચેષ્ટાથી ભવ્યભાવ (સિદ્ધિગમન) નજીક છે એમ જાણીને હૈયામાં તેઓ ઉપર રાગ થયો. પછી વિશેષથી તેઓનું પોષણ કરે છે.

અને ત્યાં ભંડીરમણ નામનો શ્રેષ્ઠ યક્ષ હતો. પછી કોઈક દિવસે તેના મંદિરમાં જાત્રા થઈ. શ્રેષ્ઠીને પુછ્યા વિના જ મિત્ર ગાડામાં વહન કરવા માટે કંબલ શંબલને લઈ ગયો. બીજા બીજા ગાડાઓની સાથે હરિફાઈમાં કંબલ અને શંબલને લઈ ગાડામાં દોડાવ્યા. સર્વત્ર ઘણા બળદોની સાથે તેઓની દોડવાની હરિફાઈમાં જીત થઈ પરંતુ તેઓએ ગાડામાં અનુચિત (અધિક) ભાર ભરીને દોડાવવાથી તે સુકુમાર બળદો સાંધાથી તૂટ્યા. (૨૯) હવે ખીલામાં બંધાયેલા, ચારો નહીં ચરતા અને પાણીને નહીં પીતા, ખિન્ન થયેલા કંબલ અને શંબલને જિનદાસે જોયા અને પછી જ્યારે પૂછે છે ત્યારે સ્ત્રીએ કહ્યું કે કુમિત્રે લઈ જઈને ગાડાની હરિફાઈમાં દોડાવ્યા છે. અંતિમ અવસ્થાને અનુભવતા જાણીને જિનદાસ તેઓને ચારેય પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરાવે છે તથા નમસ્કાર મંત્ર સંભળાવે છે પછી શુભભાવમાં રહેલા તેઓ મરીને નાગકુમારમાં ઉત્પન્ન થયા. (૩૨)

આ બાજુ વર્ધમાન સ્વામી શ્વેતાંબિકા નગરીથી સુરભિપુર જતા નાવથી ગંગા નદીને ઉતરે છે. ત્રિપૃષ્ઠ ભવમાં જે સિંહને માર્યો હતો તે સંસારમાં ભમીને સુદંઢ નાગાધિપતિ થયો. પૂર્વભવના શત્રુભાવને કારણે જિનેશ્વર સહિત નાવડીને જેટલામાં ડૂબાડવા લાગ્યો તેટલામાં કંબલ અને શંબલે તેને જોયો. પછી તેઓ વિચારે છે કે અમે જિનેશ્વરના ઉપસર્ગનું નિવારણ કરીએ કારણ કે તેમના પ્રસાદથી મળેલી દેવર્દ્ધિ ક્યાં વપરાશે ? (અર્થાત્ પ્રભુના ઉપસર્ગને દૂર કરવા સિવાય બીજે ક્યાં તેનો ઉપયોગ કરાય ?)

હવે ત્યાં જઈને એક દેવ નાવને પાર કરે છે અને બીજો દેવ મહર્દ્ધિક એવા પણ સુદંઢ દેવને બહાર કાઢે છે કારણ કે આ દેવનો ચ્યવન સમય વર્તે છે તેથી તેનું બળ ઘટી ગયું છે અને કંબલ અને શંબલ નવા ઉત્પન્ન થયા છે તેથી તેઓનું બળ અધિક છે પછી જિનશ્વરનો મહિમા કરીને તે પણ પોતાને સ્થાને ગયા. (૩૮)

**अथ महिषानधिकृत्याह –**

હવે પાડાને આશ્રયીને કહે છે-

**निद्दयकसपहरफुडंतजंघवसणाहिं गलियारुहिरोहा ।**
**जलभरसंपूरियगुरुतडंगभज्जंतपिट्ठंता ।।१९४।।**
**निग्गयजीहा पगलंतलोयणा दीहरंछियग्गीवा ।**
**वाहिज्जंता महिसा पेच्छसु दीणं पलोयंति ।।१९५।।**

**निर्दयकशाप्रहारस्फुटज्जंघावृषणेभ्यो गलितरुधिरौघाः**
**जलभरसंपूरितगुरुतटंकभज्यमानपृष्ठांगाः ।।१९४।।**
**निर्गतजिह्वाः प्रगलल्लोचनाः दीर्घाक्षिग्रीवाः**
**वाह्यन्ते महिषाः पश्य दीनं प्रलोकयन्ति ।।१९५।।**

**ગાથાર્થ :** નિર્દય ચાબુકના પ્રહારથી તૂટતી જંઘા અને વૃષણમાંથી ગળતા છે લોહીના સમૂહો જેઓના, પાણીના સમૂહથી ભરેલી મોટી ચામડાની પખાલથી ભાંગતા છે પીઠના ભાગ જેઓના,

નીકળેલી છે જીભ જેઓની, આંસુ ઝરતી આંખવાળા, પહોળી થઈ છે આંખ અને ડોક જેઓની એવા વહન કરાતા પાડા અહો ! જુઓ કેવી દીનતાને જોઈ રહ્યા છે. (૧૯૪-૧૯૫)

**सुगमे ।। केन पुनः कर्म्मणा एवंभूतं महिषत्वमवाप्नुवंति जीवा इत्याह –**

કયા કર્મથી જીવો આવા પ્રકારના પાડાના ભવને પામે છે તેને કહે છે.

**विहियपमाया केवलसुहेसिणो चिन्नपरधणा विगुणा ।**
**वाहिज्जंते महिसत्तणम्मि जह खुड्डओ विवसो ।।१९६।।**

**विहितप्रमादाः केवलसुखैषिणः विलुप्तपरधना विगुणाः**
**वाह्यन्ते महिषत्वे यथा क्षुल्लको विवशः ।।१९६।।**

**ગાથાર્થ :** કરાયો છે પ્રમાદ જેઓ વડે, કેવલ સુખના ઇચ્છુક, પરધન હરનારા, ચાલી ગયા છે ગુણો જેઓના એવા જીવો પાડાના ભવમાં પરવશ ક્ષુલ્લકની જેમ વહન કરાય છે.

**इहानन्तरभवे दुःखदारुसंदोहदावानलकल्पां जिनदीक्षां गृहीत्वा केचिद् वराकाः विहितप्रमादाः सदनुष्ठानपरिहृतादराः क्षुत्पिपासाशीतोष्णादिपरीषहभीरवः केवलं मृष्टानेषणीयरसशुद्धाप्कायपरिभोगोत्कृष्टधौतोपधिकोमल-शैय्याचित्रशालिकानिवासस्नानाभ्यङ्गादिजनितं सुखमेवेच्छन्तः -प्रार्थयमाना विगुणा-निर्गुणा एव सन्तो हृदयवासनाशून्या दम्भादिमात्रेण केनापि चीर्णपरधना महिषादिभावमाप्नुवन्ति, तत्र च प्राप्ते वाह्यन्ते जलभृततडंगादीनि, यथा क्षुल्लको विविशः-परवश ।।**

**कः पुनरसाविति, उच्यते-**

**ટીકાર્થ :** અહીંથી અનંતર પૂર્વના ભવમાં દુઃખરૂપી લાકડાના સમૂહને બાળવા માટે દાવાનળ સમાન જિનદીક્ષાને સ્વીકારીને કેટલાક વરાકડા, સદ્-અનુષ્ઠાન પ્રત્યે ભાંગી ગયો છે આદર જેઓનો, ભુખ-તરસ-શીતોષ્ણાદિ પરીષહ સહન કરવામાં કાયર, ફક્ત મિષ્ટાન ભોજનથી, અનેષણીય રસથી, અચિત્ત પાણીના ઉપભોગથી, બગલાની પાંખ જેવી ધોયેલી ઉપધિથી, કોમળ શૈય્યાથી, ચિત્રશાળાદિ વસતિમાં નિવાસ કરવાથી, સ્નાન-અભ્યંગનાદિથી મળતા સુખને ઇચ્છતા, નિર્ગુણ અર્થાત્ ભાવોલ્લાસથી રહિત, દંભાદિ માત્રથી ક્રિયા કરનારા પરધન હરનારા મહિષાદિ ભાવને પામે છે અને તે ભવમાં પરવશ ક્ષુલ્લકની જેમ પાણીના પખાલ વહન કરાવાય છે. દા.ત. પરવશ થયેલો ક્ષુલ્લક. આ ક્ષુલ્લક કોણ છે ? કહેવાય છે –

## ક્ષુલ્લકનું કથાનક

વસંતપુર નામનું નગર છે જેમાં દેવસમૂહની જેમ સારા વેશવાળો, શક્તિ અનુસાર કરાયેલ છે સુકૃત જેઓ વડે એવો જનસમૂહ વસે છે તેમાં દેવપ્રિય નામનો શ્રાવક વસે છે તેનો પુત્ર આઠ વરસનો થયો ત્યારે તેની સ્ત્રી ભર યૌવનમાં મરણ પામી. પછી દેવપ્રિયે કહ્યું કે હે પુત્ર ! ઘણાં દ્રવ્યથી સંપન્ન એવા તને સ્વજનોને સોંપીને હું હમણાં દીક્ષા લઈશ. હે તાત ! હું પણ તમારા વિના રહેવા શક્તિમાન નથી તેથી હું પણ તમારી સાથે દીક્ષાને ગ્રહણ કરીશ એમ પુત્ર પિતાને કહે છે. પછી અનેક યુક્તિઓથી પિતાએ પુત્રને દીક્ષા લેવા નિષેધ કર્યો. જેટલામાં પુત્ર આગ્રહને મૂકતો નથી તેટલામાં ધર્મમાં વિભવનો વ્યય કરીને પુત્રની સાથે જ દીક્ષાને ગ્રહણ કરે છે. પછી પુત્ર પણ કંઈક પ્રૌઢ થયેલો કહે છે કે તાત ! હું મોજડી વિના વિહાર કરવા સમર્થ નથી

પછી પિતામુનિ કરુણાથી ચંપલ પણ આપે છે. પછી ક્ષુલ્લક કહે છે કે પગના ઉપરના ભાગ ઠંડીથી ફાટે છે તેથી પિતા મુનિએ તેને ખાસડા (જોડા) આપ્યા. પછી તે કોઈકવાર પિતાને કહે છે કે ઉનાળામાં મારું મસ્તક તાપથી પીડિત થાય છે તેથી હું ભિક્ષાચર્યા ભમવા સમર્થ નથી. પછી પિતા સ્થાનમાં રહેલા એવા તેને ઇચ્છિત ભિક્ષા લાવીને આપે છે. પછી ક્ષુલ્લક કહે છે કે હું ભૂમિ સંથારા પર સૂવા સમર્થ નથી. પછી પિતા તેને પાટ પાટલા કંબલ શૈય્યા આદિ વાપરવાની છૂટ આપે છે. પછી કહે છે કે તાત ! લોચ સહન કરવા શક્તિમાન નથી તેથી અસ્ત્રાથી મુંડન કરે છે. પછી કહે છે કે હું સ્નાન વિના રહી શકતો નથી તેથી પ્રાસુક પાણીથી અંગ પ્રક્ષાલન કરે છે. એ પ્રમાણે તે ક્ષુલ્લક જે જે અનુકૂળતાની યાચના કરે છે તે ગુરુ અને સાધુઓથી નિષેધ કરાતો હોવા છતાં સ્નેહથી પિતાને તેને તે તે અનુકૂળતાઓ કરી આપે છે. એ પ્રમાણે કેટલોક કાળ પસાર થયા પછી કહે છે કે સ્ત્રી વિના હું રહી શકતો નથી. પછી પિતા કહે છે કે તું શઠ અને અયોગ્ય છે માટે વસતિમાંથી *જલદીથી નીકળ. વસતિમાંથી બહાર કરાયેલો એવો ક્ષુલ્લક કોઈપણ કાર્ય કરવાનું જાણતો નથી. આ 'ભ્રષ્ટવ્રતી' છે• એમ સમગ્ર લોકવડે ધિક્કારાય છે. (૧૫)

પછી અતિદુઃખી થયેલો પર્વ દિવસે ભિક્ષા માટે ભમતો, ક્ષીણ શરીરવાળો, અસંતોષી, પાપસમૂહથી આક્રાંત થયેલો, અતિમાત્રાએ ભોજન કરીને અજીર્ણ થવાથી આર્ત્તધ્યાનમાં મર્યો અને ક્યાંક પાડો થયો. પછી મોટી પખાલો વહન કરાવાય છે પરંતુ તેનો પિતા તેના માટે કરાયેલ અસંયમની આલોચના અને નિંદા કરીને અંતે અણસણ કરી અતિ શુભભાવથી અતિરિદ્ધિવાળા દેવમાં ઉત્પન્ન થયો અને જેટલામાં અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે છે તેટલામાં તે ક્ષુલ્લકને પાડાના ભવમાં ઉત્પન્ન થયેલો દેખે છે. પછી આ સંસારમાં ન ભમે એ હેતુથી કરુણાથી દેવ તેની પાસે ગયો. પછી ચાંડાલનું રૂપ કરી ધનથી તેઓની પાસેથી પાડાને ખરીદે છે. પછી અટવીમાં લઈ જઈને પથ્થરથી ભરેલી ગુણીઓ તે પાડાની પીઠ ઉપર ચઢાવીને વજ્રમય આરથી ચામડીને ઉખેડતો કહે છે કે હે તાત ! ઉપાનહથી રહિત વિહાર કરવા સમર્થ નથી ઇત્યાદિ સર્વ પણ યાવત્ મૈથુન વિના રહેવા શક્તિમાન નથી ત્યાં સુધી કહ્યું. (૨૪)

પછી આરના ભોંકાવાથી અને અતિભારની વેદનાથી આક્રાંત થયેલો, બહાર કઢાયો છે જીભનો અગ્રભાગ જેનાવડે એવો તે પાડો આ વચનોને સાંભળે છે. પછી વિચારે છે કે મારાવડે પણ સ્વયં આવા વચનો ક્યાંય પણ પૂર્વે બોલાયેલ છે અથવા સંભળાયેલ છે એ પ્રમાણે ઊહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને પછી સંવિગ્ન થયેલો તે પોતાના આત્માને નિંદે છે. હવે દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને તેના અભિપ્રાયને જાણ્યો અને દેવરૂપ પ્રકટ કરીને તેને પોતાનો વૃત્તાંત કહે છે અને તેના ઉપરના ભારને દૂર કરે છે પછી સવિશેષ દેશનાથી તે પાડાને પ્રતિબોધ કરે છે. અતિ સંવિગ્ન એવો તે પાડો પણ ત્યાં અનશનને સ્વીકારે છે પછી દેવ વડે નિર્યામણા કરાવાયેલો શુભભાવને પામેલો મરીને મહર્દ્ધિક વૈમાનિક દેવમાં ઉત્પન્ન થયો.

**(ક્ષુલ્લકનું કથાનક સમાપ્ત થયું)**

**न केवलं प्रमादिनः संयता एवं महिषत्वमवाप्नुवन्ति, किन्तु गृहस्था अपि सद्धर्मप्रमादिनः कुटुम्बकार्ये अलीकभाषणपरवंचनादिपापानि कृत्वा आर्त्तोपगताश्च मृत्वा महिषत्वमासादयन्ति, तत्र च मारणादिविडम्बनाः सहन्त इति दर्शयति –**

---

* વસતિ એટલે સાધુઓને ઉતરવાનું સ્થાન. વસતિમાંથી નીકળ એટલે સાધુપણાનો ત્યાગ કરીને અહીંથી ચાલ્યો જા.

• ભ્રષ્ટવ્રતી એટલે જેણે દીક્ષા છોડી છે તે.

માત્ર પ્રમાદી સંયતો જ એ પ્રમાણે પાડાના ભવને પામે છે તેવું નથી પરંતુ સદ્ધર્મમાં પ્રમાદી એવા ગૃહસ્થો પણ કુટુંબકાર્યમાં અલીક ભાષણ પરવંચનાદિ પાપો કરીને આર્ત્તધ્યાનને પામેલા મરીને પાડાના ભવને પામે છે અને તે ભવમાં મારણાદિ વિટંબનાઓને સહન કરે છે તે જણાવે છે-

**काउं कुडुंबकज्जे समुद्दवणिओ व्व विविहपावाइं ।**
**मारेउं महिसत्ते भुंजइ तेण वि कुडुंबेण ।।१९७।।**

**कृत्वा कुटुम्बकार्ये समुद्रवणिगिव विविधपापानि**
**मारयित्वा महिषत्वे भुज्यंते तेनाऽपि कुटुम्बेन ।।१९७।।**

**ગાથાર્થ :** સમુદ્રવણિકની જેમ કુટુંબમાટે વિવિધ પાપો કરીને પાડાના ભવમાં ઉત્પન્ન થયેલા એવા તેને જ મરાવીને કુટુંબવડે ભોજન કરાય છે. (૧૯૭)

**गतार्था । कथानकं तूच्यते –**

કથાનક કહેવાય છે.

## સમુદ્રવણિક મહિષ કથાનક

તામ્રલિપ્તિ નામે નગરી છે જેમાં સમુદ્રની ભરતી વખતે ફુટતી છીપલીઓ વડે મોતીની ભેટ ધરીને સમુદ્ર વડે લોક ઉપકાર કરાય છે. (અર્થાત્ સમુદ્રમાં ભરતી આવે ત્યારે છીપલીઓ તૂટે છે અને તેમાંથી મોતીઓ નીકળે છે.) અને તે નગરીમાં મિથ્યાદષ્ટિ, આરંભરતી, અલીકવાદી, કૂટક્રયી, કૂટતુલ, પરવંચની અને માયાનિરત, માત્ર પરિગ્રહશીલ, નિર્દાક્ષિણ્ય અને અતિકૃપણ દોષોના સમૂહનો ઘર એવો સમુદ્ર નામનો વણિક વસે છે. (૩) અને માયા કપટમાં દૃઢ મનવાળી, કૃપણ, પ્રચંડ, ક્રૂરસ્વભાવી, કલહશીલ એવી બહુલા નામની તેની સ્ત્રી છે. સમુદ્રવણિકના હૈયામાં પણ ધર્મ નથી અને દુકાન પર હંમેશા પણ તે પાપ વ્યાપારમાં નિરત રહે છે અને બહુલા ઘરે આંગણે આવેલા ભિક્ષુકો વગેરે ઉપર કોપાયમાન થાય છે અને તેઓને કંઈપણ આપતી નથી. તેથી તેના દરવાજા ઉપર પણ કોઈ ચડતું નથી. આમ તેના સાર વિનાના ઘર પર કાગડો પણ ફરકતો નથી. તેઓને મહેશ્વરદત્ત નામનો પુત્ર છે. પુત્રને વિશે મૂઢ થયેલ બંને પણ ધન-ધાન્યાદિનો સંગ્રહ કરે છે. પુત્રની ગંગિલા નામની સ્ત્રી છે. તેની સાથે બહુલા હંમેશા ઝગડે છે. તે તેને તથાવિધ ભોજનાદિ કંઈપણ આપતી નથી તથા બહુલા વડે માર મરાયેલી ગંગિલા દૂર રહે છે તો પણ તે ધૂર્તમતી ગંગિલા 'ભૂતિ ભૂતિ' એ પ્રમાણે બહુલાને બોલાવે છે તથા પુત્ર પણ તેજ રીતે બોલાવે છે આથી લોકમાં પણ ગંગિલા ભૂતિ ભૂતિ એ પ્રમાણે પ્રસિદ્ધ થઈ. (૧૦) બહુલા ક્યારેય પણ ઘરને રેઢું મૂકતી નથી અને કોઈનો પણ વિશ્વાસ કરતી નથી તેથી ગંગિલા વિચારે છે કે મને મોકો મળશે ત્યારે હું પણ તેને જોઈ લઈશ. તે પતિને દેવની જેમ આરાધે છે અને વિનયથી ખુશ કરે છે. પછી મહામૂઢ સમુદ્રવણિકે કુટુંબને માટે ઘણાં પાપો કર્યા. પછી તે રોગ આતંકોથી ઘણો પીડાયો. આર્ત્તધ્યાનમાં પડેલો મરીને પાડો થયો. પુત્ર ઘરનો સ્વામી (વડીલ) થયો અને તેની સ્ત્રી ગૃહસ્વામીની થઈ. પછી ગંગિલાએ ડોયાથી ભૂતિના મસ્તકને હણીને ઘણી તાડન કરી. પછી ઘરના દરવાજા પર રહી. તેમ રહેલી જોઈને દીયર વગેરે લોકો બોલ્યા તે આ પ્રમાણે- (૧૫)

પાપ કર્મમાં રત એવી ભૂતિ ઘરને નહીં છોડતી, વહુની સાથે ઝગડતી, મુનિવરને જોઈને મુખ મરડતી,

ત્રાડો દેતી, ફોડતી જતી, ઘરના મમત્વથી પાપ કરતી, મનમાં ક્યારેય પણ ધર્મને ધારણ નહીં કરતી, આવી ઘરમાંથી નીકળતી ભૂતિ ઘરના દરવાજા પર બેઠેલી રહે છે. (૧૬-૧૭)

હવે પૂર્વના સ્વામીભાવને યાદ કરતી, પરભવને જોતી (અર્થાત્ મરણની નજીક જતી) આર્ત્તધ્યાનને પામેલી મરીને તે પણ ઘરના દરવાજા પાસે ઉકરડામાં કૂતરી થઈ. તેથી ગંગિલાનું સ્વામીત્વ નિષ્કંટક થયું. પિતાના વિભવથી વિસ્તરિત થયું છે મહાત્મ્ય જેનું એવો અતિ મોટો સાર્થવાહ મહર્દ્ધિક મહેશ્વરદત્ત ઘણાં જનમાં વિખ્યાત થયો.

હવે ગંગિલા પણ ત્યાં સ્વચ્છંદપણે વિચરતી, વડીલ જનની છત્રછાયાથી રહિત, નિરંકુશ દુષ્ટમતિવાળી, કુસંગમાં રત, પોતાના રૂપ અને યૌવનના ઉન્માદથી અન્યમાં આસક્ત થઈ. પરપુરુષની સાથે તેનો સંગ મર્યાદાને ઓળંગી ગયો. પછી ગંગિલા પરપુરુષને પોતાને ઘરે લાવે છે. કોઈક દિવસે તે પુરુષ ગંગિલાને ભોગવીને વાતચીત કરતો ત્યાંજ રહે છે તેટલામાં દરવાજામાં પ્રવેશ કરતા મહેશ્વરદત્તે તેને જોયો. પછી ભયથી ભાગતા એવા જાર પુરુષને મહેશ્વરદત્તે છૂરીથી હણ્યો અને તે થોડા દૂર પ્રદેશમાં જઈને પડ્યો અને વિચારે છે કે મને ધિક્કાર થાઓ જે મેં આ પાપ આચર્યું. તેથીં પોતાના દુશ્ચરિત્રોથી દુષ્ટ એવો હું આનાવડે હણાયો છું. એમ ભદ્રકભાવને પામેલો મરીને ગંગિલાના ઉદરમાં પોતાએ નાખેલા વીર્યથી પુત્રપણે ઉત્પન્ન થયો. (૨૬) પછી કપટમાં કુશળ એવી ગંગિલાએ મુખની વાચાળતાથી ખોટું બોલીને પતિને મનાવી લીધો. પછી તે ગર્ભ પ્રતિદિન જ વૃદ્ધિ પામે છે અને ક્રમથી તે જન્મ્યો. પછી મહેશ્વરદત્ત માને છે કે આ મારા બીજથી ઉત્પન્ન થયો છે તેથી ખુશ થયેલો વર્ધાપનક કરાવે છે અને મોટો થતો એક વરસનો થયો ત્યારે કોઈક દિવસે સમુદ્રવિજય વણિકની મરણ તિથિના દિવસે પુત્રવડે માંસમાટે ખરીદાયો. હવે વિરસને રડતો તે પાડો મારીને લોકને ભોજનમાં પીરસાયો. પછી પીરસીને વધેલ તે માંસને થાળીમાં લઈને મહેશ્વરદત્ત જેટલામાં ભોજન કરવા બેસે છે તેટલામાં પુત્ર પણ તેના ખોળામાં બેસે છે અને મહેશ્વરદત્તવડે પુત્રખોળામાં બેસાડાયો. કૂતરી થયેલી બહુલાનો જીવ ક્યારેય પણ તેના દરવાજાને છોડતી નથી. પછી મહેશ્વરદત્ત પણ માંસમાંથી માંસચોંટેલા બધા હાડકાંઓ વીણીને કૂતરીને ખાવા નાખે છે. ખુશ થયેલી કૂતરી પણ હાડકાંઓ ખાય છે. (૩૪)

એટલામાં આ બાજુ માસખમણના પારણે અતિશય જ્ઞાની એવા મુનિ ભિક્ષામાટે આવ્યા. જ્ઞાનના ઉપયોગથી મુનિએ તે સર્વ હકીકતને જાણી તેથી સંવેગને વહન કરતા સાધુ તે ઘરમાંથી જલદીથી નીકળી ગયા. સંભ્રાત થયેલો મહેશ્વરદત્ત પાછળ દોડીને કહે છે કે હે ભગવન્ ! તમે ભિક્ષા કેમ ગ્રહણ ન કરી ? પછી સાધુ કહે છે કે હે ભદ્ર ! તારા ઘરમાં અણઘટતું જોઈને સંવિગ્ન થયેલો હું નીકળી ગયો. પછી મહેશ્વરદત્તે પુછ્યું કે હે ભગવન્ ! તે અણઘટતું શું છે ? પછી સાધુ કહે છે કે આ તારા પિતાનું જ માંસ છે અને આ કૂતરી તારી માતા છે અને વૈરી તારા ખોળામાં રહેલો છે. હે ભગવન્ ! તે કેવી રીતે ? એમ પુછાયેલ સાધુએ યુક્તિપૂર્વક સર્વ હકીકત જણાવી. તે સાંભળી મહેશ્વરદત્ત સંવેગ પામ્યો અને તેની પાસે જ દીક્ષા લે છે. સમ્યગ્વ્રતને આરાધીને મહેશ્વરદત્ત દેવલોકમાં ગયો. બહુલા અને સમુદ્રદત્ત કર્મોથી સંસારમાં ભમશે. (૪૧)

**अथ उष्ट्रमधिकृत्याह -**

હવે ઊંટને આશ્રયીને તિર્યંચ ગતિનું દુઃખ કહેવાય છે.



ઉનાળાના ધોમધખતા તાપમાં આગ જેવા બળતા જેસલમેરના રણમાં ચાલીને બિચારો ઊંટ થાકી ગયો હોવા છતાં માલિક તેને દોરડાથી ખેંચીને પરાણે ચલાવે છે. હે જીવ ! તેં પરાધીનપણે આવાં જે દુ:ખો સહન કર્યાં છે તેનું કેટલું વર્ણન થઈ શકે ! હવે જો ભવિષ્યમાં આવાં દુ:ખો સહન ન કરવાં હોય તો ધર્મ કરવા માંડ.

(વિશેષ વર્ણન માટે ૧૦૩મા પેજમાં વાંચો.)

આગળથી દોડીને આવેલા શિકારીના કૂતરાએ ભુંડને કાનથી પકડી લીધો. પછી તુરત શિકારીએ આવીને તેને ભાલાથી વિંધી નાખ્યો. આથી તે કરુણ આક્રંદન કરે છે. પણ તેંના આ કરુણ આક્રંદનને સાંભળનાર કોણછે?

(વિશેષ વર્ણન માટે ૧૨૭મા પેજમાં વાંચો.)



**उयंरे उंटकरंकं पट्ठीए भरो गलम्मि कूवो य ।**
**उज्झं मुंचइ पोक्करइ तहा वि वाहिज्जए करहो ।।१९८।।**
**नासाए समं उट्ठं बंधेउं सेल्लियं च खिविऊण ।**
**लज्जूए अ खिविज्जइ करहो विरसं रसंतोऽवि ।।१९९।।**
**गिम्हम्मि मरुत्थलवालुयासु जलणोसिणासु खुप्पंतो ।**
**गरुयं पि हु वहइ भरं करहो नियकम्मदोसेण ।।२००।।**

**उदरे औष्ट्रकरंकं पृष्ठौ भारो गले कूपश्च**
**ऊर्ध्वं मुञ्चति पूत्कारयति तथाऽपि वाह्यते करभः ।।१९८।।**
**नासिकयां समं ओष्ठं बद्ध्वा शैलकं च क्षिप्तवा**
**रज्वा च क्षिप्यते करभो विरसं रसन्नपि ।।१९९।।**
**ग्रीष्मे मरुस्थलवालुकासु ज्वलनोष्णासु खिद्यन्**
**गुरुकमपि खलु वहति भारं करभो निजकर्मदोषेण ।।२००।।**

**ગાથાર્થ :** ઊંટના પેટ ઉપર હાડપિંજર બાંધીને, પીઠ ઉપર ભાર લાદીને. કૂપક (કુતુપ)ને ગળામાં લટકાવે છે પછી ઊંટ પોકાર કરે તો પણ વહન કરાય છે. (૧૯૮)

નાકની સાથે હોઠ બાંધીને અને નાકમાં દોરી પરોવીને વિરસને રડતો હોય તો પણ ઊંટ દોરીથી ખેંચીને લઈ જવાય છે. (વહન કરાય છે.) (૧૯૯)

ઉનાળામાં અગ્નિ જેવી ગરમ મરુ સ્થળની રેતીમાં ઘણાં પણ ખેદને પામતો ઊંટ પોતાના કર્મના દોષથી વહન કરાય છે. (૨૦૦)

**तिस्रोऽपि सुगमाः । नवरं यो गलिरुष्ट्रो भवति स क्षिप्तभरो मार्गे प्रतिस्थानमुपविशति, ततस्तस्य किलोदरे तीक्ष्णास्थिसङ्घातरूपमुष्ट्रकलेवरं बध्यते, तेन च बद्धेन दूयमान उपवेष्टुं न शक्नोति, गले च घृतादिभृतः कुतपको बध्यते ।।**

**केन पुनः कर्मणा जन्तवः करभेषु जायन्त ? इत्याह –**

**ટીકાર્થ :** ત્રણેય ગાથા સુગમ છે. પરંતુ ભાર ભરેલો ગળિયો* ઊંટ માર્ગમાં ચાલતા સ્થાને સ્થાને બેસી જાય છે. તેથી તેના પેટ ઉપર તીક્ષ્ણ હાડકાના માળખાવાળું ઊંટનું કલેવર બાંધે છે જેથી ઊંટ બેસવા કરે તો પણ બેસી ન શકે એટલે ફરજિયાત ચાલવું પડે. અને ગળામાં ઘી આદિથી ભરેલો કૂપક (કુતુપ) બાંધવામાં આવે છે.

પણ કયા કર્મોથી જીવો ઊંટના ભવમાં ઉત્પન્ન થાય છે ? તેને કહે છે.

**जिणमयमसद्दहंता दंभपरा परधणेक्कलुद्धमणा ।**
**अंगारसूरिपमुहा लहंति करहत्तणं बहुसो ।।२०१।।**

---

* ગળિયું ઢોર એટલે દુર્વિનીત પશુ જે ભાર ભરેલો હોય ત્યારે ચાલતા ચાલતા બેસી ગયા પછી જલદીથી ઊઠે નહીં તેવો અર્થાત્ ખોટીલો.

**जिनमतमश्रद्दधानाः दंभपराः परधनैकलुब्धमनसः**
**अंगारसूरिप्रमुखाः लभन्ते करभत्वं बहुशः ।।२०१।।**

**ગાથાર્થ :** જિનમતની શ્રદ્ધા નહીં કરતા, દંભમાં તત્પર, પરધનમાં એક લુબ્ધ મનવાળા, અંગારસૂરિ વગેરે ઘણીવાર ઊંટના ભવને પામે છે. (૨૦૧)

**इह केचिदभव्या दूरभव्या वा व्रते परिगृहीते आचार्यकेऽपि प्राप्ते जिनमतमश्रद्दधानाः दम्भमात्रप्रधानाः परधनैकलुब्धमनसः वस्त्रपात्रौषधमिष्टाहारादिद्वारेण परधनभक्षणपरा इत्यर्थः, किमित्याह-करभत्वमनेकशो लभन्ते, अंगारमर्दकाचार्यप्रमुखा इव, कः पुनरयमङ्गारमर्दकाचार्य इति ?, उच्यते -**

**ટીકાર્થ :** અહીં કેટલાક અભવ્યો અથવા દૂરભવ્યો વ્રત ગ્રહણ કરી આચાર્ય પદ પ્રાપ્ત કરે છે તે પણ જિનમતની શ્રદ્ધા નહીં કરતા માત્ર દંભને કરનારા પરધનમાં જ એક લુબ્ધ મનવાળા, વસ્ત્ર, પાત્ર, ઔષધિ, મિષ્ટ-આહાર વગેરે દ્વારા પરધનનું ભક્ષણ કરનારા અંગારમર્દક આચાર્યની જેમ અનેક વખત ઊંટના ભવને પામે છે.

આ અંગારમર્દક આચાર્ય કોણ છે ? તે કહેવાય છે.

## અંગારમર્દક આચાર્યની કથા

ગર્જનક નામનું સકુલીન (જેમાં ઉત્તમ પુરુષો વસે છે તેવું) નગર છે જે કુલીનોથી યુક્ત ઇન્દ્રપુરની સાથે હાથીની ગર્જનાના બાનાથી ગર્જારવ કરે છે. ગચ્છથી પરિવરેલા વિજયસેન નામના સૂરિ અનુક્રમે માસકલ્પથી* વિહાર કરતા પધાર્યા.

પછી તેમના શિષ્યોએ પ્રભાત સમયે સ્વપ્નમાં પાંચશો મદનીયાઓથી વીંટળાયેલો ડુક્કર જોયો. તેઓએ આ સ્વપ્નની વાત ગુરુને જણાવી. આચાર્યે પણ કહ્યું કે સુશિષ્યોથી પરિવરેલો કોઈ કુગુરુ આજે થોડા સમય પછી આવશે. (૪) પછી ચારે બાજુથી કલ્પવૃક્ષોથી અલંકૃત કરાયેલા એરંડ વૃક્ષની જેમ તથા સૌમ્યગ્રહોથી •વીંટળાયેલા મહાદુષ્ટ શનિ ગ્રહની જેમ પાંચશો મહર્ષિઓથી પરિવરેલા રુદ્રદેવ આચાર્ય ત્યાં આવ્યા. ઉપાશ્રયમાં રહેલા સાધુઓએ અભ્યુથાન આદિ પ્રતિપત્તિ કરી. સંધ્યા સમયે આગંતુક આચાર્યની પરીક્ષા માટે કાયિકભૂમિમાં કોલસા પથરાવવામાં આવ્યા. સાધુઓ કાયિક ભૂમિએ (માત્રુઆદિ પરઠવવા) નીકળ્યા. કચડાતી કોલસીના કચકચ થતા અવાજને સાંભળીને આગંતુક મુનિઓ જીવવિરાધનાની શંકાથી તે પ્રદેશમાં નિશાની કરીને મિચ્છામિ દુક્કડં આપે છે. પછી રુદ્રદેવ આચાર્ય ઊભા થયા. કાયિક ભૂમિએ જતા કોલસા ચગદે છે કચકચ અવાજ સાંભળી ઉપહાસપૂર્વક બોલે છે કે અહો ! અરિહંતે આને પણ જીવો કહ્યા છે. (૧૦) ઉપાશ્રયમાં સ્થિત સાધુઓ પ્રચ્છન્ન રીતે સમગ્ર વૃત્તાંતને જોઈને પોતાના ગુરુને જણાવ્યું. પછી તે શ્રુતનિધિ આચાર્ય પણ આગંતુક મુનિઓને દેશનાથી પ્રતિબોધે છે અને કહે છે કે આકૃતિથી તથા આવી ચેષ્ટાથી ખરેખર આ અભવ્ય હોવો જોઈએ તેથી તમે આનો ત્યાગ કરો કેમકે આ તમને ક્યાંક અનર્થમાં નાખશે. પછી તે સાધુઓએ ઉપાયથી ક્રમે કરી તેનો ત્યાગ કર્યો. પછી આ બધા અન્યગુરુની ઉપસંપદા** સ્વીકારીને અકલંક ચારિત્ર આરાધીને દેવલોકમાં ગયા.

---

* માસકલ્પ એટલે ચોમાસા સિવાયના આઠમાસમાં કોઈપણ ગામ કે નગરમાં એકેક મહિનો રહેવું તે. એક નગરમાં એક માસ પૂર્ણ થયા પછી બીજા નગરમાં વિહાર કરી બીજો માસ રહેવું.

● ચંદ્ર, બુધ, ગુરુ અને શુક્ર સૌમ્ય ગ્રહો છે. સૂર્ય, મંગળ, શનિ, રાહુ અને કેતુ દુષ્ટ (ક્રુર) ગ્રહો છે. ક્રુરગ્રહોમાં શનિ મહાદુષ્ટ છે.

ઉપસંપદા એટલે જ્ઞાનાદિ શીખવા માટે કેટલોક વખત અન્ય ગચ્છના આચાર્ય વિગેરેની જે સેવા કરવી તે ઉપસંપદા કહેવાય છે.

પછી ત્યાંથી ચ્યવેલા બધા આ જ ભરતક્ષેત્રમાં વસંતપુર નગરમાં દિલિમ રાજાની ઘણી સ્ત્રીઓને વિશે શ્રેષ્ઠ રૂપને ધરનારા પાંચશો પુત્રો થયા. (૧૬) તે જ્યારે યૌવનને પામ્યા ત્યારે કનકધ્વજ રાજાવડે ગજપુરનગરમાં પુત્રીઓના સ્વયંવર મંડપમાં સર્વે આમંત્રિત કરાયા. સ્વયંવરમાં ગયેલા તેઓએ પીઠપર ઘણાં ભારથી આક્રાંત થયેલ ગળામાં કૂપક (કુતુપ) બાંધેલો મહાવિરસ અવાજને રડતો, પામાથી ગ્રસ્ત (ખુજલી, ખણજ વગેરે રોગો વિશેષ), જીર્ણશરીરવાળો ઘણા દુઃખી એવા ઊંટને જોયો. પછી વારંવાર કરુણાથી જોતા તે બધાને અવધિ સહિત જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેઓ જાણે છે આ આપણો પૂર્વભવનો મહાનુભાવ ગુરુ અભવ્યનો આત્મા છે. અહો ! કર્મની વિચિત્રતાને જુવો ! કારણ કે જ્ઞાનસંપત્તિને મેળવીને પણ તેવા પ્રકારના વીતરાગના વચનની આણે શ્રદ્ધા ન કરી, દુઃખના નિધાન એવા સંસારમાં હંમેશા ભમશે. આમ કરુણાથી તે ઊંટને છોડાવીને બધા આર્યસમુદ્ર પાસે દીક્ષા લે છે અને પરમ સંવિગ્ન થયેલા સર્વ કર્મોના અંશોને ખપાવીને ક્રમથી સિદ્ધ થશે. (૨૩)

**अथ पशुमधिकृत्याऽऽह —**

હવે પશુને આશ્રયીને કહે છે.

**जीवंतस्स वि उक्कत्तिउं छविं छिंदिऊण मंसाइं ।**
**खद्धाइं जं अणज्जेहिं पसुभवे किं न तं सरसि ।।२०२।।**

**जीवतोऽप्युत्कृत्य छविं छित्त्वा मांसानि**
**भक्षितानि यदनार्यैः पशुभवे किं न तत् स्मरसि ? ।।२०२।।**

**ગાથાર્થ :** જીવતા પણ ચામડીને ઉતરડીને અને માંસને ઉખેડીને જે અનાર્યો વડે ભક્ષણ કરાયો તે પશુભવને તું કેમ યાદ કરતો નથી ?

**कोऽप्यात्मीयजीवनमनुशास्ति-अनादिसंसारं परिभ्रमतो हंत तव यत् पशुभवे जीवतोऽप्युत्कृत्य त्वचं छित्त्वा मांसान्यनार्यैर्मांसभक्षणशीलैः पापिष्ठैर्भक्षितानि, तत् किं न स्मरसि ?, नन्वागमश्रद्धावान् स्मर, तत् स्मृत्वा च तथा कुरु यथा पुनरपि पशुत्वं न प्राप्नोषीति भावः ।।**

**ટીકાર્થ :** અહીં કોઈક જીવ પોતાના આત્માને શિખામણ આપે છે કે- અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતા જે તારા પશુભવમાં તારી જીવતી ચામડીને ઉતરડીને માંસને કાપીને ખાઉધરા પાપિષ્ઠ અનાર્યો વડે જે ભક્ષણ કરાયો તે પશુભવને હે જીવ ! તું કેમ યાદ કરતો નથી ? ખરેખર આગમની શ્રદ્ધાવાળો તું યાદ કર અને તેને યાદ કરીને હવે એવું આચરણ કર જેથી ફરી તું પશુના ભવને ન પામે એમ કહેવાનો ભાવ છે.

**अपरामप्यनुशास्तिगाथामाह —**

બીજી પણ શિખામણ આપતી ગાથાને જણાવે છે-

**गलयं छेत्तूणं कत्तियाइ उल्लंबिऊण पाणेहिं ।**
**घेत्तु तुह चम्ममंसं अणंतसो विक्कियं तत्थ ।।२०३।।**

**गलकं छेदयित्वा कर्त्तिकयोल्लम्ब्य दोर्भ्यां गृहीत्वा**
**तव चर्ममांसमनन्तशो विक्रीतं तत्र ।।२०३।।**

**ગાથાર્થ :** પગથી ઊંધો લટકાવીને, છૂરાથી ગળું કાપીને તથા ચામડું અને માંસ લઈને કસાઈઓવડે તું અનંતવાર પશુના ભવમાં વેંચાયો છે. (૨૦૩)

**पाणै : शौनिकैरधोमुखमुपर्युलंब्य-उद्‌बध्य तत्रेति पशुभव एव शेषं सुगमं ।**

**ટીકાર્થ :** पाणैः એટલે કસાઈઓવડે નીચે મુખ એ રીતે ઊંધે માથે ઉપર લટકાવીને તથા तत्र એટલે પશુના ભવમાં. બાકી સુગમ છે.

**अपरमपि पशुभवानुभूतं दुःखं स्मरयति-**

બીજું પણ પશુના ભવમાં જે દુઃખ અનુભવ્યું છે તેને યાદ કરે છે.

**दिन्नो बलीए तह देवयाण विरसाइं बुब्बुयंतोऽवि ।**
**पाहुणयभोयणेसु य कओ सि तह पोसिउं बहुसो ।।२०४।।**

**दत्तो बलौ तथा देवस्याग्रे विरसानि बुर्बुरयन्नपि**
**प्राघूर्णकनिशाभोजनेषु च कृत्तोऽसि त्वं पोषयित्वा बहुशः ।।२०४।।**

**ગાથાર્થ :** તથા વિરસ બેં બેં કરતો પણ દેવની આગળ બલિ અપાયો છે અને તું પુષ્ટ બનાવીને મહેમાનના ભોજન વખતે ઘણીવાર કપાયો છે. (૨૦૪)

**सुबोधा ।। तथा –**

**धम्मच्छलेण केहिं वि अन्नाणंधेहिं मंसगिद्धेहिं ।**
**निहओ निरुद्धसद्दो गलयं वलिऊण जन्नेसु ।।२०५।।**

**धर्मच्छलेन कैश्चिदपि अज्ञानांधैर्मांसगृद्धैः**
**निहतो निरुद्धशब्दो गलकं वलयित्वा यज्ञेषु ।।२०५।।**

**ગાથાર્થ :** તથા ધર્મના બાનાથી કેટલાક પણ અજ્ઞાનથી અંધ બનેલા માંસ લોલુપીઓવડે યજ્ઞોમાં તારા ગળાને મરડીને રુંધાયો છે શબ્દ જેનો એવો તું હણાયો છે. (૨૦૫)

**कैश्चिदित्यनार्य वेद वचन वासितैर्धिग्वर्णैः "अग्निहोत्रं जुहुयात् स्वर्गकामो, वेदविहिता हिंसा न दोषाय, यज्ञे निहताः पशवः स्वर्गमुपगच्छन्ति, यज्ञयाजको दिवं गच्छति शान्तं चाप्नोती" त्यादि वचनैर्धर्मव्याजेनाज्ञानान्धैः परमार्थादर्शिभिः "न हिंस्यात् सर्वभूतानि, त्रसानि स्थावराणि च ।" इति ।। "एतत् त्रयं शिक्षेत दानं दमं दया" मिति, तथा "पठ्यते मानवे धर्मे, यतिधर्मविदाविदम् ।। दशलक्षणको धर्मः, सेवितव्यः प्रयत्नतः ।।१।। धृतिर्दया दमोऽस्तेयं, शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यमक्रोधो, दशमं धर्मलक्षणं ।।२।। दश लक्षणानि धर्मस्य, ये विप्रास्तमधीयते । अधीत्य चानुवर्तंते, ते यान्ति परमां गतिम् ।।३।। इति, 'पञ्चचैतानि पवित्राणी' त्याद्यनेकधोक्तान्यात्मीयागम वचनान्यपयपरिभावयद्भिर्मांसगृद्धैर्वीहीणां मुखं भृत्वा बद्ध्वा च निरुद्धशब्दो ग्रीवां वलित्वा यज्ञेषु निहतोऽसीति ।।**

**ટીકાર્થ :** અનાર્યવેદવચનોથી ભાવિત કેટલાક અધમ પુરુષોવડે "સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો જોઈએ' વેદમાં બતાવેલી હિંસા દોષને માટે નથી, યજ્ઞમાં હોમાયેલ પશુઓ સ્વર્ગમાં જાય છે, યજ્ઞને કરનારો ઋત્વિજ સ્વર્ગમાં જાય છે અને શાંતિપામે છે." ઇત્યાદિ વચનોનો આધાર લઈને, પરમાર્થને નહીં

જાણનારા, એવા અજ્ઞાનથી આંધળા બનેલાઓવડે ધર્મના બાનાથી પશુઓ હોમાય છે. "ત્રસ કે સ્થાવર કોઈપણ જીવની હિંસા ન કરવી, દાન, દમન અને દયા આ ત્રણ શિખવા જોઈએ" તથા મનુએ કહેલા યતિધર્મવિધિમાં આ કહેવાય છે કે- દશ પ્રકારનો યતિ ધર્મ પ્રયત્નથી સેવવો જોઈએ. (૧)

ધૃતિ, દયા, દમ, અસ્તેય શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને ક્ષમા આ દશ પ્રકારનો ધર્મ છે. (૨)

ધર્મના આ દશ પ્રકારો છે આવા ધર્મને જે બ્રાહ્મણો ભણે છે ભણીને તેનું આચરણ કરે છે તે મોક્ષમાં જાય છે. (૩)

તથા 'આ પાંચ પવિત્ર છે' ઇત્યાદિ અનેક પ્રકારે પોતાના શાસ્ત્રોના વચનોની વિચારણા કર્યા વિના માંસમાં આસક્ત પુરુષોવડે ચોખાને મોઢામાં ભરીને, મુખને બાંધીને રોકી દેવાયો છે અવાજ જેનો એવો તું ડોક મરડીને યજ્ઞોમાં અનેકવાર હણાયો છે.

**किमिति पशुभवेऽनार्यैर्भक्षितः ? किमर्थं च बलिविधानेषु दत्त ? इत्याह –**

પશુના ભવમાં અનાર્યોવડે કેમ ભક્ષણ કરાયો ? અને બલિકાર્યોમાં શા માટે હોમાયો ? તેને જણાવતા કહે છે.

**ऊरणयछगलगाइ निराउहा नाहवज्जिया दीणा ।**
**भुंजंति निग्घिणेहिं दिज्जंति बलीसु य न वग्घा ।।२०६।।**

**औरभ्रकच्छगलकादिका निरायुधा नाथवर्जिता दीनाः**
**भुज्यन्ते निर्घृणैः दीयन्ते बलिभ्यो न च व्याघ्राः ।।२०६।।**

**ગાથાર્થ :** ઘેટાં બકરાં વગેરે જે શસ્ત્રવિનાના છે, નાથથી રહિત છે, તથા દીન છે તે નિર્ઘૃણો વડે ખવાય છે અને બલિમાં અપાય છે પણ વાઘ વગેરે નહીં. (૨૦૬)

**ऊरणको-गड्डरकः, छगलकः प्रसिद्धः, आदिशब्देन हरिणशशकादिपरिग्रहः, अत एव निर्घृणैर्भुज्यन्ते, अत एव च बलिषु दीयन्ते, कुतः ? इत्याह-यतो निरायुधा नाथवर्जिताः दीनाश्च, न तु व्याघ्रसिंहादयः, नखरदंष्ट्राद्यायुधत्वात् स्वयमपि महापराक्रमवत्त्वेन भयजनकत्वादिति ।।**

**ટીકાર્થ :** ઉરણક એટલે ઘેટો, છગલક એટલે બકરો જે પ્રસિદ્ધ છે. આદિ શબ્દથી હરણ, સસલા વગેરેને ગ્રહણ કરવા, આથી જ તેઓ નિર્ઘૃણોવડે ભોજન કરાય છે અને આથી જ બલિમાં અપાય છે.

**પ્રશ્ન :** શા કારણથી ભોજન કરાય છે અને શા કારણથી બલિમાં અપાય છે ?

**ઉત્તર :** તેઓના શરીરના અંગોમાં નખ વગેરે તીક્ષ્ણ મારવાના સાધનો હોતા નથી, તેનો કોઈ માલિક હોતો નથી અને દીન હોવાથી બલિમાં ધરાય છે જ્યારે વાઘ સિંહ વગેરેને નખ, દાઢ વગેરે શસ્ત્રો હોવાથી અને સ્વયં પણ મહાપરાક્રમવાળા હોવાથી તથા બીજાને ભય ઉત્પન્ન કરતા હોવાથી યજ્ઞોમાં હોમાતા નથી.

**अयं च पशुघातस्तेषां पुरस्तादनन्तदुःखफल इत्याह –**

હવે જે જીવો આવા પશુઘાતને કરે છે તે જીવોને આગળ ઉપર અનંત દુઃખનું ફળ મળશે તેને જણાવતા કહે છે.

**पसुघाएणं नरगाइएसु आहिंडिऊण पसुजम्मे ।**
**महुविप्पो व्व हणिज्जइ अणंतसो जन्नमाईसु ।।२०७।।**

**पशुघातेन नरकादिषु आहिण्ड्य पशुजन्मनि**
**मधुविप्र इव हन्यतेऽनन्तशो यज्ञादिकेषु ।।२०७।।**

**ગાથાર્થ :** પશુઘાતના પાપથી નરકાદિમાં ભમીને મધુવિપ્રની જેમ યજ્ઞાદિમાં અનંતવાર પશુભવમાં હણાય છે. (૨૦૭)

**यः पशुघातं करोति-ऊरणकच्छगलकादिविनाशं विधत्ते स तेन हेतुभूतेन नरकादिषु दारूण-दुःखेष्वा-समन्तात् पुनः पुनरुत्पद्यमानो हिण्डित्वान्तराऽन्तरा पशुजन्मनि प्राप्ते स्वयमपि यज्ञादिषु अनन्तशो हन्यते, क इवेत्याह-मधुविप्र इव ।।**

**ટીકાર્થ :** જે ઘેટાં-બકરાદિનો પશુઘાત કરે છે તે તે પશુઘાતના પાપથી દારુણ દુઃખવાળા નરકાદિમાં ચારે બાજુથી વારંવાર ઉત્પન્ન થતો ભમીને વચ્ચે વચ્ચે પ્રાપ્ત થયેલા પશુ જન્મમાં સ્વયં પણ યજ્ઞાદિમાં અનંતવાર હણાય છે.

**પ્રશ્ન :** કોની જેમ હણાય છે ?

**ઉત્તર :** મધુ વિપ્રની જેમ હણાય છે.

**कः पुनरसाविति ?, उच्यते –**

**પ્રશ્ન :** આ મધુ વિપ્ર કોણ છે ?

**ઉત્તર :** આ મધુવિપ્ર કથાનકથી કહેવાય છે.

## મધુવિપ્રનું કથાનક

રાજગૃહ નામનું નગર છે જેમાં લોક સન્માન અને દાનમાં રત હોવા છતાં માન અને મદથી રહિત છે. ઘણાં શ્રમથી યુક્ત હોવા છતાં સુખી છે અને તે નગરમાં રાજાનો મધુ નામનો સુપ્રસિદ્ધ બ્રાહ્મણ પુરોહિત છે. જે હંમેશા સ્વાધીન હોવા છતાં સ્વચ્છંદતાથી રહિત છે. તેને જાલિની નામે સ્ત્રી છે અને તેઓનો વસુનામે પુત્ર છે. તેઓના ઘરે ગંગા નામે વિધવા પુત્રી છે. વેદ અધ્યયન નિમિત્તે વસુ દેશાંતર ગયો. પછી શુચિવાદમાં રત પુત્રી શરીરને સિંચતી જ ભમે છે. (૪) અને પુરોહિતને ઘરે ચાંડાલણી હંમેશા પણ છાણને ફેંકે છે તેથી તે પુત્રી તેને સિંચતી (સાફ કરતી) ફરે છે અને ઘણી દુર્ગંછા કરે છે. મધુ બ્રાહ્મણે પણ નગરની બહાર ચારેય દિશામાં રમણીય વનખંડથી યુક્ત ઘણી મોટી યજ્ઞશાળા કરાવી અને તેમાં હંમેશા ઘણાં પશુઓનો ઘાત કરીને પોતાના યજ્ઞો કરે છે અને એ પ્રમાણે રાજાના પણ ઘણા યજ્ઞો પોતે કરે છે. (૭)

હવે અતિઘણા શુચિવાદથી* નચાવાયેલી તે પુત્રીને જોઈને માતા-પિતા તથા અન્ય પણ સકલ લોક તેને જણાવે છે કે પ્રમાણમાં કરાતું શુચિવાદ શોભે છે. અતિપ્રમાણમાં કરાતું ઉપહાસને ઉત્પન્ન કરે છે. પછી કહે છે કે હે ભદ્રે ! તું આટલી દુગંછા કેમ કરે છે ? એ પ્રમાણે વારણ કરાતી હોવા છતાં પણ અધિક શુચિવાદને કરે છે. હવે કોઈક વખત મરીને તે જ ચાંડલણીના ઉદરમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. ઉત્પન્ન થયેલી તે પુત્રીને લઈને ચાંડાલણી તે વિપ્રના ઘરે આવે છે અને પૂર્વભવમાં પુત્રી માતાપિતાને પ્રાણથી પણ અધિક પ્રિય હતી અને તે જ પૂર્વ સ્નેહથી તેને જોઈને હંમેશા બોલાવે છે અને ઉત્તમ વસ્ત્રો વગેરે આપે છે અને બીજા પણ

* શુચિવાદ : શરીરની શુદ્ધિમાં આત્માની શુદ્ધિ માનનારાનો મત.

ખાનપાન આપવામાં કમીના નથી રાખતા. (૧૩) હવે મોટી થયેલી તેને વિજન જાણીને (કોઈ ન દેખે તેમ) હાથથી સ્પર્શના કરે છે. ખુશ થયેલા તેઓ તેને ખોળામાં લે છે તથા રમાડે છે. તેઓનો સંબંધ ગાઢ થયે છતે તે ચાંડાલપુત્રી તેઓના ઘરમાં પણ પ્રવેશે છે અને ભાજનમાં પણ ભોજન કરે છે. પછી મધુવિપ્ર અને જાલિની પણ તે જ ભાજનમાં ભોજન કરે છે. બીજા બ્રાહ્મણો વડે પ્રાર્થના કરીને વારવા છતાં જેટલામાં કોઈપણ રીતે વિરામ પામતા નથી તેટલામાં તે બ્રાહ્મણો વડે પણ તે મધુપ્રિય અને જાલિની સર્વથા ત્યાગ કરાયા અર્થાત્ જ્ઞાતિ બહાર કરાયા. પછી રાજાએ આ હકીકતને જાણી અને ગુસ્સે થયેલો મુખ્ય બ્રાહ્મણોને ભેગાં કરીને પુછ્યું કે અહીં મધુવિપ્રને શું પ્રાયશ્ચિત્ત છે ? હે રાજન્ ! ખદીરના અંગારાથી ભરેલ ખાડામાં નંખાયેલો આ શુદ્ધિને પ્રાપ્ત કરશે બીજી કોઈપણ રીતે આ શુદ્ધિને પામશે નહીં. (૧૮) રાજાએ તેમજ કરાવ્યું પછી તે મરીને પશુઘાતના પાપથી નરકમાં ગયો, તેની સ્ત્રી પણ તે જ ચિતામાં પ્રવેશીને મરે છે. તે પુરોહિતપદ બીજાને અપાયું. પછી જેટલામાં વસુદેવ ભણીને પાછો આવે છે તેટલામાં તેણે આ સર્વ વ્યતિકર સાંભળ્યો. પછી મોટા ખેદને વહન કરતો બીજા ઘરમાં રહ્યો અને દિવસો પસાર કરે છે.

હવે વસુ જેટલામાં તે બીજા પુરોહિતને વિલાસ કરતો જુવે છે તેટલામાં પોતે ભણેલા વેદનું ચિંતન કરે છે પછી કહે છે કે એક મારા પિતા વડે મારી આજીવિકા** ગ્રહણ કરાઈ અને પિતાવડે સર્વજનથી વિરુદ્ધ પણ પોતાને ચાંડાલમાં કેવી રીતે વટલાવાયો ? એ પ્રમાણે વિચારીને ફરી ફરી પણ પિતા પર દ્વેષી બને છે. (૨૩) પછી જેટલામાં વિચારે છે કે જો હું પિતાને ક્યાંય પણ જોઉં તો પોતાના હાથથી તેનું મસ્તક ગ્રહણ કરું એ પ્રમાણે મનમાં ગાઢ વૈરને વહન કરતો મરીને, સંસારમાં ભમીને પછી હસ્તિનાપુર નગરમાં તે ત્રિવિક્રમ નામે બ્રાહ્મણ થયો અને યજ્ઞો કરે છે. મધુવિપ્ર પણ નરકાદિમાં ભમીને ત્યાં જ બોકડો થયો જેને કોઈક રીતે ત્રિવિક્રમે જોયો. ઉત્પન્ન થયેલા પ્રદ્વેષથી બોકડાને પકડીને યજ્ઞમાં મારીને ભોજન કર્યું. પછી ફરી પણ મધુવિપ્ર સંસારમાં પરિભ્રમણ કરતો પશુ જન્મને પામીને કોઈક ભવમાં વધ કરાયો અને કોઈક ભવમાં બીજાઓ વડે બલિમાં અપાયો તે જ રીતે અતિથિઓનું ભોજન કરાયો. ફરી પુષ્ટ કરાયેલો યજ્ઞોમાં હોમાયો. એ પ્રમાણે જ અનાર્યોવડે અનંતવાર મારીને ભોજન કરાયો તથા પોતાના પુત્રવડે પણ અનેકવાર મરાયો જ્યાં સુધી મધુનો પુત્ર (વસુ) નંદિપુરમાં મહાક્રૂર, મિથ્યાદષ્ટિ રૂદ્રદેવ નામનો બ્રાહ્મણ થયો. (૩૦) અને તે કોઈ વખત પુત્રાદિ વર્ગની સાથે યાજ્ઞિક થયો ત્યારે યજ્ઞમાં વધ નિમિત્તે દૂરથી લાવીને એક પશુ બંધાયેલો છે તેટલામાં ઘણાં શિષ્યોના પરિવારથી યુક્ત કેવલી ભગવાન તે નગરની બહાર આવ્યા. (૩૨)

પછી ગોચરી સમયે શિખામણ આપીને ગીતાર્થ દક્ષ સાધુઓનો એક સંઘાટક• ત્યાં મોકલાવ્યો. તે સંઘાટક ત્યાં જઈને મધુર વચનોથી બેં બેં કરતા પશુને દેશના આપે છે. પછી એક સાધુ તેને કહે છે કે “હે ભદ્ર ! તું બેં બેં કેમ કરે છે ? તારાવડે સ્વયં જ પૂર્વે મધુવિપ્રના ભવમાં ઘણાં પશુઓ હણાયા છે અને આ યાજ્ઞિક પૂર્વભવમાં તારો વસુનામે પુત્ર હતો તથા આ કારણથી (પૂર્વે કહેવાયેલ) વેરથી પ્રતિબદ્ધ થયેલો સંસારમાં ભમીને તે હમણાં રુદ્રદેવ નામનો યાજ્ઞિક બ્રાહ્મણ થયો છે. તું પણ નરકાદિ સ્થાનોમાં અનંત દુઃખોને અનુભવીને યજ્ઞોમાં હોમાતો, બીજાઓવડે પણ વિવિધ પ્રકારોથી પશુના ભવમાં અનંતભવો સુધી હોમાતો એવો તું પોતાના પુત્ર વડે પણ અનેકવાર યજ્ઞોમાં હણાયો છે. અને આનાથી આગલા છઠ્ઠાભવમાં પશુ એવો તું માંસમાં લુબ્ધ એવા આ આહીરથી હણાયો છે. અમુકથી પાંચમાં ભવમાં, અમુકથી ચોથા ભવમાં, અમુકથી

** અહીં ટીપ્પણી માં अज्भवहा માં अज्भ શબ્દને બદલે વિકલ્પે मज्ज शब्द આપેલ છે તે આધારે અર્થ કરેલ છે.

• સંઘાટક: ગોચરી વગેરે લેવા બે સાધુઓ સાથે જાય તેને સંઘાટક કહે છે.

ત્રીજા ભવમાં તથા અમુકથી આગળના તરતના ભવમાં તું હણાયો છે અને આ ભવમાં તે જ પોતાના પુત્રવડે યજ્ઞમાં વધ કરવા તું લવાયો છે તેથી સ્વયં જ કરેલ કર્મને ભોગવવામાં ખેદ કેમ કરે છે ? એ પ્રમાણે સાધુના વચનને સાંભળતા તેને પોતાના છ ભવના વિષયનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તેના આધારે બાકીના બધા ભવોની પણ શ્રદ્ધા કરે છે "અને સંવિગ્ન થયેલો તેઓની પાસે સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. અણુવ્રતોને ગ્રહણ કરે છે, પોતાના અશુભકૃત્યોની નિંદા કરે છે અને ચિત્તમાં ફરી ફરી જિન નમસ્કારનું પરાવર્તન કરે છે. એટલામાં કિલકિલારવ કરતા બધા બ્રાહ્મણો ત્યાં દોડી આવે છે અને કહે છે કે, અરે ! કોઈક શ્વેતપટક (શ્વેતાંબર સાધુ) તમને શું કહે છે ?

એ પ્રમાણે બોલતા તેઓ વડે તે બોકડો મુખમાં ચોખા ભરીને, મોઢું બાંધીને, રૂંધાયેલા અવાજવાળો હણાયો. પછી શુભભાવને પામેલો આ મરીને વૈમાનિક દેવલોકમાં મહર્દ્ધિક સમ્યગ્દૃષ્ટિ દેવ થયો. પછી કેવલી ભગવંતને વંદન કરવા આવ્યો. પછી નમીને અને ભક્તિથી સ્તુતિ કરીને આમ કહે છે કે હે ભગવન્ ! તમારા કૃપારૂપી મહાવૃક્ષના ફુલને હું પામ્યો છું હવે પછી મારે શું કરવા જેવું છે તેને બતાવો. પછી કેવલી તેને ધર્મ કહે છે. તે દેવ 'तहत्ति' કરી ધર્મને સ્વીકારીને કહે છે કે હે મુનિનાથ ! શું આ રુદ્રદેવ પ્રતિબોધ પામશે ? પછી કેવલી કહે છે કે તારી શક્તિથી મોટા કષ્ટથી તે શ્રાવક થશે (૫૦) એમ કહીને કેવલી અન્યત્ર વિહરે છે. દેવ પણ આખા પણ બ્રાહ્મણ કુટુંબમાં કોઢને વિકુર્વે છે. પછી દેવ મુનિરૂપ કરીને ત્યાં ગયો. તેઓએ મુનિને પુછ્યું કે તમે કંઈ જાણો છો ? હા, હું જાણું છું એમ મુનિએ કહ્યું.

પછી તેઓએ કહ્યું કે અમારા કોઢને દૂર કરો. પછી મુનિએ કહ્યું કે જો તમે શ્રાવક થાવ તો હું કોઢ મટાડું. પછી તેઓ કહે છે કે અમારે મરવું સારું પણ અમે કપટી શ્રાવક નહીં થઈએ. પછી ગાઢ પીડીને દેવ ગયો અને થોડા કાળે મુનિવેશથી દેવ ફરી પાછો આવ્યો. તેઓ કપટી શ્રાવકપણું સ્વીકારીને પછી સાજા થયેલા શ્રાવકપણાની આરાધના કરતા નથી. પછી દેવે તેઓને પૂર્વકરતા અધિક જ પીડિત કર્યા. પછી તેઓએ કાલાંતરથી ફરી પણ તેવી જ રીતે કપટી શ્રાવકપણાનો સ્વીકાર કર્યો. ફરી પણ છોડી દીધું. વળી ફરી પીડા કરી આમ અનેકવાર કપટ શ્રાવકપણું લીધું અને છોડી દીધું. પછી મોટા કષ્ટથી અને ભયથી સાધુની પાસે ધર્મને સાંભળતા તેઓને જિનમત પરિણામ પામ્યો. તેઓ ક્રમથી સિદ્ધ થશે. મંધુદેવ પણ ત્યાંથી ચ્યવે છતે મહાવિદેહક્ષેત્રમાં જન્મ પામી પછીના ભવમાં સિદ્ધ થશે.

**अथ हरिणमधिकृत्याऽऽह –**

હવે હરણને આશ્રયીને કહે છે.

**रन्ने दवग्गिजालावलीहिं सव्वंगसंपलित्ताणं ।**
**हरिणाण ताण तह दुक्खियाण को होइ किर सरणं ? ।।२०८।।**

**अरण्ये दवाग्निज्वालावलिभिः सर्वाङ्गसंप्रदग्धानां**
**हरिणानां तेषां तथा दुःखितानां को भवति किल शरणम् ? ।।२०८।।**

**ગાથાર્થ :** અરણ્યમાં દાવાનળના અગ્નિ જ્વાળાના સમૂહોથી સર્વાંગ દાઝેલા તથા દુઃખી થયેલા તે હરણાઓને શું કોઈ શરણ થાય છે. ? (૨૦૮)

सुगमा । हरिणमेवाधिकृत्याऽऽत्मानुशास्तिमाह –

હરણને જ ઉદ્દેશીને (આશ્રયીને) પોતાને શિખામણ આપતા જણાવે છે.

**निद्दयपारद्धियनिसियसेल्लिनिब्भिन्नखिन्नदेहेण ।**
**हरिणत्तणंमि रे सरसु जीव ! जं विसहियं दुक्खं ।।२०९।।**

**बद्धो पासे कूडेसु निवडिओ वागुरासु संमूढो ।**
**पच्छा अवसो उक्कत्तिऊण कह कह न खद्धो सि ? ।।२१०।।**

**सरपहरवियारियउयरगलियगब्भं पलोइउं हरिणिं ।**
**सयमवि य पहरविहुरेण सरसु जह जूरियं हियए ।।२११।।**

**मायावाहसमारद्धगोरिगेयज्झुणीसु मुज्झंतो ।**
**सवणावहिओ अन्नाणमोहिओ पाविओ निहणं ।।२१२।।**

**दट्ठूण कूडहरिणिं फासिंदियभोलिओ तहिं गिद्धो ।**
**विद्धो बाणेण उरम्मि घुम्मिउं निहणमणुपत्तो ।।२१३।।**

**चित्तयमइंदकमनिसियनहरखरपहरविहुरियंगस्स ।**
**जह तुह दुहं कुरंगत्तणंमि तं जीव ! किं भणिमो ? ।।२१४।।**

निर्दयपार्धिकनिशितकुन्तवावलभिन्नदेहेन
हरिणत्वे हे जीव ! स्मर तद् विषोढं यद् दुःखम् ।।२०९।।

बद्धः पाशे कूटेषु निपतितो वागुरासु संमूढः
पश्चादवश उत्कृत्य कथं कथं न भक्षितोऽसि ।।२१०।।

शरप्रहारविदारितो दरगलितगुह्यां प्रलोकितुं हरिणीं
स्वयमपि च प्रहारविधुरेण स्मर ! यथा खिन्नं हृदये ।।२११।।

मायावाहसमारब्धगौरीगेयध्वनिषु मुह्यन्
श्रवणावहितोऽज्ञानमोहितः प्रापितो निधनम् ।।२१२।।

दृष्ट्वा कूटहरिणीं स्पर्शनेन्द्रियमुग्धः तत्र गृद्धः
विद्धो बाणेन उरसि घूर्णयित्वा निधनमनुप्राप्तः ।।२१३।।

चित्रकमृगेन्द्रक्रमनिशितखरवरप्रहारविधुरिताङ्गस्य यद्
तव दुःखं कुरंगत्वे तद् जीव ! किं ? भणामः ।।२१४।।

**ગાથાર્થ :** હે જીવ ! હરણના ભવમાં નિર્દય પારધી વડે તીક્ષ્ણ ભાલા વાવલથી તારા શરીરને ભેદ્યું છે તે વખતે તેં જે દુ:ખો અનુભવ્યા છે તેને તું યાદ કર. (૨૦૯)

પૂર્વભવોમાં પાશમાં બંધાઈને, કૂટમાં પડીને, જાળમાં ફસાઈને જે પરવશ થયેલા એવી તારી ચામડી ઉતરડીને કેવી કેવી રીતે ભક્ષણ નથી કરાયો ? તેને તું યાદ કર. (૨૧૦)

પૂર્વભવમાં શિકારીએ બાણ મારીને જેનું પેટ ચીરી નાખ્યું છે અને જેનો ગર્ભ ગળી રહ્યો છે એવી તારી હરણીને અને સ્વયં પણ પ્રહારથી પીડિત થયેલો એવો તું હૃદયમાં જે ખેદ પામ્યો હતો તેને તું યાદ કર. (૨૧૧)

શિકારીઓ વડે ગોઠવાયેલ સુંદર સ્ત્રીના ગીતના અવાજમાં મોહ પામેલો, સાંભળવામાં તલ્લીન થયેલો, અજ્ઞાનથી મોહિત થયેલો એવો તું જે મરણને પ્રાપ્ત કરાવાયો તેને તું યાદ કર. (૨૧૨)

કૃત્રિમ હરણીને જોઈને સ્પર્શેન્દ્રિયથી ઠગાયેલો અને તેઓમાં આસક્ત થયેલો, પછી શિકારીના બાણથી પેટમાં વીંધાયેલો ઘૂમરી ખાઈને મરણ પામ્યો તેને તું યાદ કર. (૨૧૩)

સિંહ-ચિત્તા વાઘ વગેરેએ પગના તીક્ષ્ણ નહોરના કઠોર પ્રહારથી તારા શરીરને ચીરી નાખેલ એવા તે હરણના ભવમાં જે દુ:ખ અનુભવ્યું તેનું હે જીવ ! અમે શું વર્ણન કરીએ ? (૨૧૪)

**सुगमाः । नवरं मायाप्रधानो व्याधो मायाव्याधः 'कूडहरिणिं' ति इह किलाऽऽखेटिकाः स्वयं वृक्षाद्यन्तरिताः प्रलम्बितातिसूक्ष्मदवरिकाबद्धां निजहरिणीमटव्यां हरिणानुद्दिश्य मुञ्चन्ति, तां दृष्ट्वेत्यर्थः इति ।। तथा –**

**ટીકાર્થ :** અર્થ સુગમ છે પરંતુ मायावाह (माया व्याध) અર્થાત્ માયાપ્રધાન શિકારી. 'कूडहरिणिं' શિકારીઓ સ્વયં વૃક્ષની અંદર છૂપાઈને પછી લાંબી કરેલી અતિ સૂક્ષ્મ દોરડીમાં બંધાયેલ પોતાની હરણીને અટવીમાં હરણને ઉદ્દેશીને મૂકે છે તે હરણીને જોઈને સ્પર્શેન્દ્રિયમાં આસક્ત, થયેલ હરણીમાં રાગી થયેલ એવો હરણ બાણથી વીંધાય છે.

**वइविवरविहियझंपो गत्तासूलाइ निवडिओ संतो ।**
**जवचणयचरणगिद्धो विद्धो हियम्मि खद्धो य ।।२१५।।**

**वृत्तिविवरविहितझम्पो गर्त्ताशूलासु निपतितः सन्**
**यवचणकचरणगृद्धो विद्धो हृदये शूलाभिः भुक्तो च ।।२१५।।**

**ગાથાર્થ :** જવ અને ચણા ચરવામાં આસક્ત થયેલો, વાડના નીચેના ભાગમાં મરાયો છે કૂદકો જેનાવડે એવો તું હરણના ભવમાં ખાડાના ખીલા ઉપર પડ્યે છતે હૃદયથી વીંધાયો અને ખવાયો તેને તું યાદ કર. (૨૧૫)

**इह कस्मिंश्चिद्देशे यवचनकक्षेत्राणि हरिणाश्चरन्ति, तद्रक्षणार्थमुच्चा घनाश्च वृतयः क्रियन्ते, ताश्च वृत्तीः किल केचिद् मांसभक्षणशीलाः क्रूरात्मानः क्वचिदेकस्मिन् प्रदेशे किंचिन्नीचैस्तराः कुर्वन्ति, अभ्यन्तरे चाधः संकीर्णा उपरि विशाला मध्यनिखातातितीक्ष्णखादिरकीलरूपशूलिका गर्त्ताः खनन्ति, तेषु च नीचवृत्तिरूपेषु वृत्तिविवरेष्वागत्य परमार्थमजानानाः केऽपि मुग्धहरिणाः झंपां दत्त्वा प्रविशन्ति, ततो गर्त्तासु पतिताः सन्तः शूलाभिर्हृदये विध्यन्ते,**

स्तैर्भक्ष्यन्त इति भाव इति । अपरं च-मत्ताश्च हरिणाः किल श्रृंगाघातैः वृक्षाणां घ्नन्तः परिभ्रमन्ति, ततश्च कस्मिंश्चिद् वंशजल्यादौ गुपिते वृक्षे विलग्नश्रृंगा वेल्लंतो म्रियन्त इति दर्शयति–

**टीकार्थ :** અહીં કોઈક દેશમાં હરણાઓ જવ અને ચણાના ખેતરો ચરી જાય છે તેના રક્ષણ માટે ઊંચી અને ઘાટી વાડો કરાય છે. કેટલાક માંસાહારી ક્રૂર જીવો કોઈ એક પ્રદેશમાં વાડોને કંઈક નીચી કરે છે અને અંદરના ભાગમાં નીચે સાંકડી અને ઉપર પહોળી તેની મધ્યમાં અતિ તીક્ષ્ણ ખેરની શૂલિકાઓ ખોડેલી છે જેમાં એવી ખાઈઓને ખોદે છે અને તે નીચીવાડના છીંડા પાસે આવીને પરમાર્થને નહીં જાણતા કેટલાક મુગ્ધ હરણીયાઓ કૂદકો મારીને અંદર કૂદે છે પછી ખાડામાં પડે છતે તીક્ષ્ણ શૂળથી હૃદયમાં વીંધાય છે. પછી માંસ લોલુપીઓ વડે ભક્ષણ કરાય છે એમ કહેવાનો ભાવ છે અને બીજું કેટલાક ઉન્મત્ત હરણીયાઓ વૃક્ષોને શિંગડાના ઘાતથી હણતા ભમે છે અને પછી કોઈક વંશજાળાદિમાં ગુપ્ત વૃક્ષમાં શિંગડા ભરાઈ જવાથી તરફડતા મરે છે તેને બતાવે છે.

**मत्तो तत्थेव य नियपमायओ निहयरुक्खगयसिंगो ।**
**सुबहुं वेल्लंतो जं मओऽसि तं किं न संभरसि ? ।।२१६।।**

**मृतः तत्रैव च निजप्रमादतः निहितवृक्षगतशृङ्गः**
**सुबहु विषीदन् यद् मृतोऽसि तत् किं न स्मरसि ? ।।२१६।।**

**ગાથાર્થ :** હરણના ભવમાં ઉન્મત્તતાથી તથા પોતાના પ્રમાદથી વૃક્ષોને હણવાથી તેમાં ભરાઈ ગયેલા શિંગડાવાળો તું ઘણું તરફડતો જે રીતે મર્યો છે તેને કેમ યાદ કરતો નથી ? (૨૧૬)

गतार्था । नवरं 'तत्थेव य' त्ति तत्रैव हरिणजन्मनि ।। तथा –

ગાથાર્થ સુગમ છે પરંતુ तत्थेव य એટલે તે જ હરણના ભવમાં. તથા-

**गिम्हे कंताराइसु तिसिओ माइण्हियाइ हीरंतो ।**
**मरइ कुरंगो फुट्टंतलोयणो अहव थेवजले ।।२१७।।**
**हरिणो हरिणीए कए न पियइ हरिणी वि हरिणकज्जेण ।**
**तुच्छजले बुड्डमुहाइं दो वि समयं विवन्नाइं ।।२१८।।**

**ग्रीष्मे कांतारादिषु तृषितः मृगतृष्णाभिर्हियमाणः**
**म्रियते कुरंग स्फुटल्लोचनः अथवा स्तोकजले ।।२१७।।**
**हरिणो हरिण्याः कृते न पिबति हरिण्यपि हरिणकार्येण**
**तुच्छजले मातमुखे द्वावपि समकं विपन्ने ।।२१८।।**

**ગાથાર્થ :** ભર ઉનાળામાં જંગલાદિમાં તરસ્યો થયેલો, મૃગતૃષ્ણાથી પાણીની આશામાં દોડતો, ફુટતી છે આંખ જેની એવો હરણ મરે છે. (૨૧૭)

અથવા પાણી થોડું હોવાથી હરણ હરણીને માટે પાણી પીતો નથી. હરણી પણ હરણને માટે પાણી પીતી નથી, અલ્પજળમાં મોઢું બોળેલા બંને પણ સાથે મરે છે. (૨૧૮)

सुगमे ।। इह च हरिणत्वेन सर्वेऽपि जीवा अनन्तशः उत्पन्नपूर्वाः, केवलमुदाहरणमात्रमुपदर्शयन्नाह -

અને અહીં હરણના ભવમાં સર્વેપણ જીવો પૂર્વે અનંતવાર ઉત્પન્ન થયા છે ફક્ત ઉદાહરણને બતાવતા કહે છે.

**एत्थ य हरिणत्ते पुप्फचूलकुमरेण जह सभज्जेण ।**
**दुहमणुभूयं तह सुणसु जीव ! कहियं महरिसीहिं ।।२१९।।**
**अत्र च हरिणत्वे पुष्पचूलकुमारेण यथा सभार्येण**
**दुःखमनुभूतं तथा श्रृणु जीव ! कथितं महर्षिभिः ।।२१९।।**

**ગાથાર્થ :** અને અહીં હરણના ભવમાં પોતાની પત્ની સહિત પુષ્પચૂલ કુમારે જે પ્રમાણે દુઃખ અનુભવ્યું હતું તે પ્રમાણે મહર્ષિઓએ બતાવ્યું છે તેને હે જીવ ! તું સાંભળ. (૨૧૯)

सुगमा । कथानकं तूच्यते –

ગાથાર્થ સુગમ છે. હવે કથાનક કહેવાય છે.

## પુષ્પચૂલ કથાનક

પુષ્પભદ્ર નામનું નગર હતું. જેમાં માલતીના ફુલોના સમૂહની જેમ ઘણાં ગુણવાળા લોકોપયોગી મોતીના સમૂહો શોભે છે. તે નગરમાં પુષ્પદંત રાજા છે જે સૂર્ય જેવો ઉગ્રતાપવાળો નથી તથા ચંદ્રની જેમ કંલકવાળો નથી. તેથી શીતળતાથી અને અકલંકતાથી અનુક્રમે જીતાયેલ સૂર્ય અને ચંદ્ર* આકાશમાં પરિભ્રમણ કરે છે. આ રાજાને પુષ્પદંતા નામની પરમ શ્રાવિકા રાણી છે અને તેને પુષ્પચૂલ નામે પુત્ર છે અને તેની સાથે જોડલા રૂપે જન્મેલી શ્રેષ્ઠરૂપવાળી પુષ્પચૂલા પુત્રી છે. તે ભાઈ બહેનને જે પ્રીતિ છે તે વર્ણવવી પણ અશક્ય છે કારણ કે બાળપણમાં સાથે ધૂળ ક્રીડા કરતા તથા કુમારપણામાં સાથે કળાને ગ્રહણ કરતા ક્યારેય પણ વિયોગને સહન કરતા નથી. (૫)

યૌવનને પ્રાપ્ત થયા ત્યારે રાજા વિચારે છે કે જો હું આ બેને છૂટા પાડીશ તો નિશ્ચયથી મરણ પામશે. તેથી લોકમાં એમ કહીને તથા બીજું કંઈક બાનું કાઢીને માતા વારે છતે રાજાએ પરસ્પરને પરણાવ્યા. તેથી ખેદ પામેલી દેવી દીક્ષા ગ્રહણ કરે છે અને રાજા મરણ પામે છતે પુષ્પચૂલ જ તે નગરનો રાજા થયો. વ્રતને આરાધીને દેવલોકમાં ઉત્પન્ન થયેલી દેવી જેટલામાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે તેટલામાં પુષ્પચુલાની સાથે વિષયસુખોને અનુભવતા પુષ્પચૂલને જુવે છે. પછી વિચારે છે કે વિષયસુખમાં આસક્ત થયેલા પોતાના સંતાનો નરકમાં ન જાઓ અને પુષ્પચૂલાને પુષ્પચૂલ ઉપર અધિક સ્નેહ છે તેથી પુષ્પચૂલાને જ સવિશેષ બોધ કરું એમ જઈને રાત્રીમાં તેને સ્વપ્નમાં પૂર્વે વર્ણવેલા સ્વરૂપવાળા નરકને બતાવે છે. હવે નરકના ભીષણ દુઃખો જોઈને તે ભય પામી. એ પ્રમાણે નિત્ય રાત્રીમાં સ્વપ્નમાં તે ભીષણ સ્વરૂપવાળા નરકને જુવે છે. પછી રાજાને જણાવીને તીર્થિકોને● બોલાવાયા. પછી રાજાએ તેઓને પુછ્યું કે નારકો કેવા સ્વરૂપવાળા હોય છે ? તે કહો. તેઓમાં કેટલાક કહે છે કે હે રાજન્ ! જે પરવશતા છે તે જ નરક છે. કારણ કે કૂતરો પણ સ્વચ્છંદતાથી ભમે છે જે કૂતરાથી પણ અધિક સદા પરાધીન છે સ્વેચ્છાથી ખાવા સૂવા કે બીજું કંઈ કરવા શક્તિમાન થતો નથી તે શું નરકથી કંઈ અન્ય છે ?

* पुष्पदन्तौ એટલે સૂર્ય અને ચંદ્ર
● તીર્થિકો એટલે અન્યદર્શનીઓ.

તે આપ કહો. તેથી આ પરાધીનતા છે તે નરક છે. (૧૬) ફરી બીજાઓએ કહ્યું કે હે રાજન્ ! સર્વ પરિભવોનું સ્થાન, દુ:ખોનું એકમાત્ર ઘર એવું દારિદ્રય જ અહીં નરક છે. બીજા કેટલાકોએ પણ કહ્યું કે ચાંડાલાદિ, દીર્ઘરોગીઓ અને કારાવાસમાં પુરાયેલા જે જોવાય છે તે અહીં નરક છે. કેટલાક કુંભીપાક છે તે નરક છે એમ કહે છે. વળી બીજા અન્ય અન્યને નરક કહે છે. પછી સ્વપ્ન સાથે વિસંવાદી વચનો જાણીને રાજા તેઓને વિસર્જન કરે છે.

તે વખતે તે નગરમાં જિનશાસનમાં કુશલ વૃદ્ધ અને ગીતાર્થ એવા અર્ણિકાપુત્ર આચાર્ય છે. રાજાએ તેને બોલાવીને નરકનું સ્વરૂપ પુછ્યું. તેમણે પણ પૂર્વે વર્ણન કરેલા નરકના સર્વ સ્વરૂપને બતાવ્યું. (૨૧) પછી પુષ્પચૂલા પૂછે છે કે શું તમારા વડે પણ સ્વપ્ન જોવાયું છે ? જેથી તમે બતાવેલા અને મેં જોયેલા સ્વરૂપમાં એક પણ અક્ષરનો ફરક આવતો નથી. તીર્થંકર અને ગણધરોવડે જ્ઞાનથી આવા પ્રકારની નરક જોવાઈ છે પણ મારાવડે કોઈ સ્વપ્ન જોવાયું નથી એમ આચાર્યે કહ્યું ત્યારે તેઓ વંદન કરીને આચાર્યને રજા આપે છે અને દેવ બીજી રાત્રીએ યથાસ્થિત દેવલોક તેને સ્વપ્નમાં બતાવે છે. પછી પછી રાત્રીઓમાં પણ જેટલામાં તે મોટા આશ્ચર્યવાળા દેવોના સુખને જુવે છે તેટલામાં હર્ષિત હૈયાવાળી તે રાજાને કહે છે. પછી તે રાજા પણ તીર્થિકોને બોલાવીને તે પ્રમાણે જ પૂછે છે કે દેવલોક કેવા હોય છે ? (૨૬) પછી કેટલાકોએ પણ કહ્યું કે હે રાજન્ ! તમારા જેવા સ્વતંત્ર સકળ સુખના નિલયભૂત, શાપ અને અનુગ્રહમાં સમર્થ છે તે જ અહીં દેવલોક છે. વળી બીજાઓએ કહ્યું કે હે મહીનાથ ! આરોગ્ય, વિદ્વત્વ (પાંડીત્ય), અકરજપણું (દેવું માથે ન હોવું), સજ્જન સંગ અને અપરાધીનતા તથા શ્રેષ્ઠ શ્વેત વસ્ત્રો તથા ભોજન વગેરે જે છે તે જ દેવલોક છે બાકી બીજું બધું માત્ર કથા છે. (૨૯) ફરી બીજા કેટલાક કહે છે કે જેઓને સર્વ પણ મનવંછિત પ્રાપ્ત થાય છે તે દેવો છે અને તેઓથી વિપરીત છે તે નારકો છે. કેટલાક કહે છે કે વૈકુંઠ વગેરે સ્વર્ગ છે એ પ્રમાણે અન્ય અન્ય અને સ્વપ્નથી વિરુદ્ધ તેઓના વચનોને સાંભળીને રાજા અર્ણિકાપુત્ર આચાર્યને પૂછે છે કે દેવલોક કેવા હોય છે ? અહીં જ કહેવાશે* તે દેવગતિના દેવલોકનું વર્ણન આચાર્યવડે સવિસ્તારથી કરાયું. પછી પુષ્પચુલા પૂછે છે કે શું આપના વડે સ્વપ્ન જોવાયું છે ? પછી સૂરિ પણ પૂર્વનો જ ઉત્તર આપે છે અર્થાત્ તીર્થંકર અને ગણધરોવડે આવા પ્રકારના દેવલોકનું વર્ણન કરાયું છે. હવે મનમાં સંવિગ્ન પામેલી પુષ્પચૂલા પૂછે છે કે તે દેવલોકમાં કેવી રીતે જવાય ? અને નરકમાં કેવી રીતે ન જવાય ? પછી સૂરિ કહે છે કે ધર્મની આરાધનાથી દેવલોકમાં જવાય અને પાપથી નરકમાં જવાય અને જીવદયાદિ ધર્મ છે. (૩૫) તે આ પ્રમાણે-

જ્યાં સુધી જિનેશ્વરની આરાધના અને જીવદયાને કરતો નથી ત્યાં સુધી કેવી રીતે દેવીના મોટા સ્તનને દબાવવાનું સુખ મેળવશે ? કેવી રીતે સમુદ્રની મેખલા સુધીની પૃથ્વીને ધારણ કરશે ? કેવી રીતે ચંદ્રના કિરણ જેવા નિર્મળ યશથી ત્રિભુવનને ભરશે ? (૩૬)

જો તું નિરંતર દેવલોકની સંપત્તિના સુખોને ઇચ્છે છે, જો તું સંસારની દુ:ખ પરંપરાને ઇચ્છતો નથી તો જીવોને સુખ આપવું જોઈએ અને દુ:ખ ન આપવું જોઈએ. હે જીવ ! જો દુ:ખ આપેલું હોય તો દુ:ખ અને સુખ આપેલું હોય તો સુખ મળે છે. (૩૭)

જે આ લોકમાં અપાય છે તે પરલોકમાં મેળવાય છે આથી લોકમાં સાચું કહેવાયું છે કે દુ:ખથી દુ:ખ અને સુખથી સુખ મળે છે તેથી પોતાને જે ગમે છે તે બીજાને આપવું જોઈએ. (૩૮)

* આ જ ગ્રંથમાં આગળ ઉપર ગ્રંથકારે દેવગતિનું વર્ણન કર્યું છે

જે દાવાગ્નિથી બળતા વનમાં સૂવે, જે વાદળમાં ઘાસનો પૂળો નાખીને પાણી પીએ, જે જીવવાની ઇચ્છાથી કાલકૂટ વિષના કોળીયાને ખાય તે જિનધર્મમાં પ્રમાદ કરે અને તે વિષયોની સાથે અભિરમણ કરે. (૩૯)

દયાદિ વિના સર્વ ધર્મ નિષ્ફળ છે માટે જળ-સ્થળમાં રહેલ જીવનો વિનાશ ન કર, કુમતની વિડંબનાના નાચને વશ ન થા, જિન ઉપદેશ રૂપી મહા-ઔષધનું પાન કર. (૪૦)

મનુષ્ય જન્મ દુર્લભ છે માટે મળેલા દિવસોને હાર નહીં (ફોગટ ન કર), તું મુંઝા નહીં, જિન ઉપદેશને આચર, જીવદયા સ્વરૂપવાળા શ્રેષ્ઠ ધર્મનો અભ્યાસ કર જેથી તું શુદ્ધ થઈશ. (૪૧)

જો ભક્ષ્યનું ભોજન કરાય, પેયનું પાન કરાય, સત્યવાણી સંભળાય, પ્રિય બોલાય, સમગ્ર ઇન્દ્રિય વર્ગનું દમન કરાય તો લીલાથી દેવલોકમાં જવાય. (૪૨)

જિન ભાષિત સત્યવચન બોલ, મનમાં પ્રસરતા પાપને નિવાર, કોઈને પણ છેતર નહીં, પર ઉપર ઉપકાર કર, દુર્લભ મનુષ્ય જન્મને ન હાર. (૪૩)

પરધન, પરસ્ત્રીનો જે ત્યાગ કરે છે તેનો યશપટહ ત્રણ ભુવનમાં વાગે છે, સર્વદેવો વડે બહુ મનાઈ છે આજ્ઞા જેની એવો ઇન્દ્ર તેઓને (પરધન-પરસ્ત્રીના ત્યાગીને) અર્ધાસન આપે છે. (૪૪)

ખંડિત કરાયો છે શીલગુણ જેનાવડે, ગાઢ વિષયોમાં આસક્ત છે મતિ જેની એવો પરવશ પુરુષ, અધોમુખવાળો અધોગતિમાં પડે છે તેથી નરકપુરના દરવાજા સમાન પરદારાનો ત્યાગ કર જેથી રમ્ય સૌધર્મ દેવલોકમાં દેવોનો સ્વામી થાય. (૪૫)

પરધનનો અને પરસ્ત્રીનો ત્યાગ કર, વિષય સંબંધી પ્રમાદ અને ઉન્માદનો ત્યાગ કરવો જોઈએ, પરને સંતાપ આપનારને સુખ ક્યાંથી હોય ? જે ઉખેડી નંખાય છે તે ઊગતું નથી. (૪૬)

જે પોતાના પરિગ્રહનું સારી રીતે પરિમાણ કરે છે તે દેવલોકના સુખનું પરિમાણ કરે છે. વિભવ હોતે છતે મન સંતોષવાળું કર. લાભાતુરને સંતોષ થાઓ. (૪૭)

દયા કર. કોઈનું કંઈપણ હરણ ન કર, કામનો નાશ કર, સત્ય અને પ્રિય બોલ, ગુરુવચનનું પાન કર, દુર્ગતિમાં ઘણાં દુઃખને આપનાર રાત્રિભોજનનો ત્યાગ કર, સંતોષથી મનને તોષ કર સુગતિના સુખનો પોષ કર. (૪૮)

એ પ્રમાણે વીતરાગની સેવામાં રત, દાન-શીલથી યુક્ત જીવોને ઇન્દ્ર અને રાજાના સુખો દુર્લભ હોતા નથી. (૪૯)

પણ જે જીવોની હિંસા કરે છે, જે અસત્ય બોલે છે, પરધન અને પરસ્ત્રીને ભોગવે છે, મનમાં સંતોષ ધારણ કરતો નથી, ક્રોધ-માન-માયાથી પીડિત છે, લોભ પ્રપંચમાં તત્પર છે તે પરવશ મનુષ્ય દુરુત્તર નરક રૂપી કૂવામાં પડે છે. (૫૦)

જે નારક પરમાધામી પાસે પ્રાર્થના કરે છે તેના સાથળ ઉપર પરમાધામી ઘણના પ્રહાર કરે છે અને જે નારક મારથી બચવા ઊંચે ઉછળે છે તેને પરમાધામી પડતા વજ્રાશનિથી માથામાં મારે છે, જે નારક અશનની ઇચ્છા કરે છે તેને પરમાધામી પોતાનું માંસ કાપીને લાંબા સમય સુધી ખવડાવે છે, તે પરમાધામી માંસમાં આસક્ત થયેલ જીવને નિર્દયથી હણે છે. (૫૧)

તેની અપવિત્રતા વધે છે, હલકાઈ ઉછળે છે, મનમાં દુષ્ટતા ઉછળે છે, જૂઠ વિસ્તરે છે, આ લોકમાં પણ હલકાઈવાળો દીન તથા જૂઠો અને તેને પરલોકમાં નરકના દુઃખનું ફળ મળે છે. (૫૨)

તેઓનું ધૈર્ય ઘટે છે, અધૃતિ વધે છે, નિષ્કરુણ પુરુષોનો સંગ કરી જે પરધનને હરે છે તેનું આ લોકમાં પણ જે સુંદર છે તે અસુંદરમાં પરિવર્તન પામે છે અને પરભવમાં મહા-અંધકાર દુરુત્તર નરકમાં પડે છે. (૫૩)

જે પરસ્ત્રી તથા પરધનનો ઉપભોગ કરે છે તે સંપત્તિ અને સૌભાગ્યથી ઠગાય છે, જે નિષ્કરુણ પરને સંતાપ કરે છે તે સુખનો ઇચ્છુક સંતાપ વિનાનો થતો નથી. (૫૪)

જેના ચિત્તમાં સંતોષ નથી, પરિગ્રહમાં ગાઢ મતિ છે, જે અલ્પ પણ આરંભથી ક્યારેય પાછો હટતો નથી, રાત્રી ભોજન અને રસલોલુપી, શુભ આલંબનથી રહિત એવો તે નરકરૂપી નગરનો મુસાફર બને છે. (૫૫)

મિથ્યાત્વથી પરવશ,માંસ લોલુપી, જીવવધમાં નિરત, અતિ મોટા આરંભ પરિગ્રહથી નરકમાં પડે છે. (૫૬)

એ પ્રમાણે પુષ્પચૂલા તે આચાર્યના વચનોને સાંભળીને અને દેવ થયેલ માતાએ બતાવેલ નરક અને દેવલોકને યાદ કરતી સંવેગને પામેલી રાજાની સાથે મુનિને વંદન કરી વિસર્જન કરે છે, પતિના ભયથી કંઈપણ કહેવા અસમર્થ દિવસો પસાર કરે છે. (૫૭)

હવે કોઈક દિવસે કાંતિમાન રત્નો અને મણિઓથી પ્રકાશિત વાર રમણીઓના મણિમય ઘૂઘરીઓના કલકલ શબ્દોથી યુક્ત, કર્પૂર અગરુની ફેલાયેલી પરિમલથી બહેકતું, નિર્મળ એવા ચિત્રશાળભવન ઉપર રહેલી પુષ્પચૂલા વિસ્મિત અને વિકસિત વિશાળ આંખોવાળી ચિત્ર વિચિત્ર લીલાઓને કરતી બાલિકાઓને જુવે છે અને ક્યાંક નમતા સામંતોના મુકુટવડે સ્પર્શ કરાયા છે ચરણો જેના, દુશ્મનના સૈન્યને મથન કરનારા, આસ્થાન ભવનમાં (સભામાં) રહેલા સ્વામીને જુવે છે. (૬૦)

અને ક્યાંક અશ્વોના સમૂહની ભીડ છે જેમાં એવી વાહ્યાલિમાં રહેલા હાથને ઊંચા કરેલા, ઇચ્છિત એવા પ્રિયનાથને જુવે છે અને કયાંક માયાથી છૂપાતા ઘણાં મનુષ્યોથી યુક્ત ફોગટ રમતા ભમતા શિકારપ્રિય નાથને જુવે છે. (૬૨)

તે શિકાર પ્રિય રાજાના ભયથી પીડાયેલ, ચંચળ અને સ્ખલિત ગતિવાળા શૂન્યમનવાળા, ભયભીત, ભયથી નષ્ટ થઈ છે મતિ જેની, પુનમના ચંદ્ર જેવા મુખવાળા, મોટા સ્નેહથી મલકતા અને સ્ફુરાયમાન થયું છે મુખ રૂપી કમળ જેનું એવા બાળ હરણ યુગલને જુવે છે. (૬૩)

આ મેં ક્યાંક પૂર્વે જોયું છે એમ કહીને જાતિસ્મરણ થવાથી કરાયેલા ઘણાં શોક અને પ્રમોદથી સમાકુલ વારંવાર હાથ રૂપી પલ્લવને ઊંચા કરતી, મૂર્ચ્છારૂપી અંધકારમાં પડેલી અહો હો ! મ-મ-એમ બોલતી તે ભૂમિ પર પડી. (૬૪)

પછી વ્યાકુલ થયેલા પતિ અને પરિજન વડે નંખાયેલા પંખાના પવનથી તેમજ પ્રિયસ્પર્શવાળા સરસ ચંદનના પાણીથી સ્વસ્થ કરાઈ. પછી હે દયિતા ! હે સ્વામિની ! શું થયું ? એમ પતિ અને પરિજને પુછ્યું ત્યારે તેઓની વાણી સાંભળતી મોટા સંભ્રમના ભરથી પુષ્પચૂલા ઊભી થઈ. (૬૫)

તેટલામાં સ્તન પર જમણો હાથ મૂકીને ડાબા હાથથી ઢીલા થયેલા કેડ પરના વસ્ત્રને સરખું કરીને, કાર્યમાં સાવધાન થયેલી, લજ્જાથી યુક્ત એવી તે પુષ્પચૂલા હૃદયના સંતાપથી ઉત્પન્ન થયેલા શ્વાસથી ભીનું થયું છે શરીર જેનું એવી બાલિકાવડે પુછાઈ કે હે સ્વામિની શું થયું ? (૬૬)

પછી પુષ્પ ચૂલા કહે છે કે હે નાથ ! ક્ષણમાં બતાવાયા છે દેવલોકના વૈભવના વિસ્તારો જેના વડે અને ક્ષણમાં બતાવાય છે શૂન્ય અરણ્યના વિરસ દશ્યો જેના વડે એવા તે કર્મરૂપી ઇન્દ્રજાળના વિલાસોને જોઈને તથા હે સુભગ ! જાણે હૈયામાં આલેખાયેલ હોય તેમ ચિત્રમાં આલેખાયેલ મૃગમિથુનને જોઈને મને આ જાતિસ્મરણજ્ઞાન થયું છે તેથી હું તેને કહું છું. (૬૮)

અથવા હે નાથ ! પરના દુઃખોથી દુઃખી થયું છે મન જેનું એવી હું જ્યાં સુધી ભુવનમાં આશ્ચર્ય કરનાર પોતાના ચરિત્રને ન કહું ત્યાં સુધીમાં આપને પૂછું છું કે - (૬૯)

હે નાથ ! ભવિષ્યમાં પરિગ્રહની ચિંતા નથી જેને, તૃણ અને જળમાં લુબ્ધ, પર અપરાધથી રહિત, દીન, મુગ્ધ કસાયના વાડામાં પૂરાયેલા, સ્વભાવથી મુગ્ધ એવા મૃગયુગલો કેમ હણાય છે ? (૭૦)

પછી રાજા તેને કહે છે કે હે મૃગપોતાક્ષી* ! હે પ્રિયે ! માંસરસ પ્રિય છે જેઓને એવા જીવો વડે આહારને માટે આ મૃગો હણાય છે. હવે પરના દુઃખરૂપી વજ્રના પડવાથી કંપતો છે હાથી રૂપી અંકુરો જેનો, કરુણા રૂપી અમૃતરસથી સરસ થયું છે મન જેનું એવી તે બાળા (પુષ્પચૂલા) સ્પષ્ટ અક્ષરે કહે છે કે (૭૨)

અરે રે ! હે નાથ ! તમારા ચક્ર, વજ્ર અને કમળના ચિહ્નવાળા હાથો મરણના ભયવાળા જીવોના હૈયાને આશ્વાસન કરનારા છે. અહોહો ! હે નાથ ! હે રણવીર ! અપરાધથી રહિત, વધના ભયથી વ્યાકુલ થયેલા મૃગોના સમૂહને જીવો કેમ મારે છે ? (૭૩)

પ્રબળ ગર્વથી ઉદ્ભટ અને વિષમ યુદ્ધને રુંધવામાં સમર્થ, હાથીના ગંડસ્થળને ભેદવામાં પ્રકટ પરાક્રમી, ભયથી ચંચળ અને વિલખા થયેલા જીવોની રક્ષા કરનાર એવા તમારા હાથ હે નાથ ! શા માટે શરણ રહિત દીન જીવોને હણે છે ? (૭૪)

હે પ્રભુ ! અનાર્યપુરુષો શસ્ત્રો વિનાના (જે પ્રાણીઓના અંગો અને ઉપાંગો શસ્ત્રની ગરજ સારતા નથી તેવા) નિર્દોષ, શરણ રહિત, ભયથી પલાયન થતા જીવોને હણે છે અને આપના જેવા પુરુષો પણ અનાર્ય આચરણને આચરે છે તો હે સત્પુરુષોમાં અગ્રેસર ! તમે ત્રણ ભુવનને સ્પર્શ કરીને નાશ (દૂષિત) કર્યું છે અર્થાત્ તમે પણ પાપાચરણમાં અનાર્ય કરતાં આગળ વધી ગયા છો. (૭૫)

પોતાને પરાક્રમી માનતો એવો કયો પુરુષ છે જે સજ્જનને અનુકંપનીય, વિમન (ઉદાસ) તથા મુકાઈ છે જીવવાની આશા જેઓ વડે એવા હરણાઓને મારે ? (૭૬)

નથી કરાયો પરને સંતાપ જેઓવડે એવા હરણીયાઓ વનમાં ચરે છે ત્યારે સરળ સ્વભાવી સજ્જનો તેઓ ઉપર કેવી રીતે હાથ વહન કરાવે ? (અર્થાત્ કેવી રીતે મારી નંખાવે.) (૭૭)

સરસ માંસરસની આસક્તિમાં જીવ તત્પર છે તે વાત સાચી છે, રૂચિકર માંસરસની આસક્તિ છોડવી સુકર (સહેલી) નથી તે પણ સાચું છે. છતાં પણ હે નાથ ! એ પણ વિચારવું જોઈએ કે નરકનાં દુઃખો સતત છે, અતિતીક્ષ્ણ છે અને દુરુત્તર છે. (૭૮)

પશુને હણીને તથા સાધુવાદ (પ્રશંસા) સાંભળીને, જે હર્ષપામે છે તે નરકના દુઃખોને અવકાશ (આમંત્રણ) આપે છે એમ જાણતો નથી. હે હતાશ ! વનસ્પતિ અને જળનું ભોજન કરનારા હરણીઆઓને તું કેમ હણે છે ? હે વિસ્તૃત કરેલ વિષયની પિપાસાવાળા ! સજ્જનની વાણીને સાંભળીને પણ આત્માને કેમ ચેતવતો નથી ? (૭૯-૮૦)

* મૃગપોતાક્ષી એટલે હરણના બચ્ચાની આંખ જેવી છે આંખ જેની એવી તે પુષ્પચૂલા.

અને જો તમારા જેવા પુરુષો પણ ધૈર્યને સ્પર્શીને (પામીને) જીભના રસાસ્વાદમાં લોલુપી થઈ નિષ્કરુણ કાર્યોને કરે છે તો તેઓનું પ્રાપ્ત કરેલ રાજર્ષિનું બિરુદ પશુપુત્ર સમાન છે તેથી તમારું રાજ્યનું રખેવાળપણું ઊંડા સરોવરમાં ડૂબો. (૮૧)

દાન અને રક્ષણ કરવામાં સમર્થ એવા ઉત્તમ હાથો પણ દીનો વિશે પ્રસરતા અર્થાત્ દીનોનું ઝૂંટવી લેવા પ્રવૃત્ત થયેલા અને પોતાના પેટ ભરવા પ્રવૃત્ત થયેલા હોય તો લઘુતાને પામે છે. (૮૨)

સિંહ જેવા શ્રેષ્ઠ મનુષ્યભવને પામીને પણ પશુઓને વિશે રક્ષણની મર્યાદાનો લોપ કરે છે અને પેટ કર્મમાં પ્રવૃત્ત થયેલા જીવો ઉપર જે હાથ ચલાવે છે તેને ધિક્કાર થાઓ. (૮૩)

હરણીયાઓ વનસ્પતિના અંકુરો ચરે છે, વનમાં ભમે છે, નદી અને સરોવરમાંથી માલિકી વિનાના પાણી પીએ છે તો પણ કરુણાપાત્ર એવા હરણીયાઓ નિષ્કરુણ પુરુષવડે હણાય છે. ગુણથી રહિત એવો અવિવેકી લોક કોમળ જીવોનું રક્ષણ કરતો નથી તે દુ:ખદ છે. (૮૪)

ધીરપુરુષો કષ્ટથી ઉપાર્જન કરેલ ધન બીજાને સંતોષ અને સુખી કરે એ આશાથી આપે છે તો પછી મોક્ષને આપનારા શ્રેષ્ઠ અને મહાનંતપની શું વાત કરવી ? (૮૫)

જો કોઈ મનુષ્ય મરતાને ક્રોડ સુવર્ણ આપે અથવા બીજો કોઈ દયાળુ મરતાને જીવન આપે તો સુવિશ્વસ્થ મતિવાળો (સારી રીતે વિશ્વાસવાળી થઈ છે મતિ જેની) જીવ ક્રોડ સુવર્ણને છોડીને જીવનને સ્વીકારે છે કેમકે હે નાથ ! સર્વ જીવોને જીવન પ્રિય છે, જીવન મહાકિંમતી છે. (૮૬)

જો તમે સારા આરોગ્યને અને લાંબા આયુષ્યને ઇચ્છો છો અને હે પ્રિય ! જો તમે સ્થિર વિસ્તૃત રાજ્યલક્ષ્મીને ઇચ્છો છો, જો તમે ભુવનમાં શ્રેષ્ઠ કામદેવ સમાન શરીરને ઇચ્છો છો તો હે પ્રિય ! જીવોને શ્રેષ્ઠ અભયદાન આપવું જોઈએ. (૮૭)

જો તમે હરણના ભવમાં વનમાં ભયસહિત બચતા બચતા કરેલા ભ્રમણને યાદ કરો છો, જો તમે હરણના ભવમાં સરસ ક્રીડાઓને યાદ કરો છો તથા હે નાથ ! જો તમે મધુર એવા મુનિવચનોને યાદ કરો છો તો મધ અને માંસ ભક્ષણનો ત્યાગ કરીને જીવો પર દયા કરો. (૮૮)

અશુચિઓથી યુક્ત એવા માંસનો આહાર ન કરો, દુર્લભ મનુષ્ય જન્મને ન હારો, જે મનુષ્ય સુરા (દારૂ), મધ અને માંસને જોતો નથી (અર્થાત્ ખાતો નથી) તે હે પ્રિય ! નરકના દરવાજાને જોતો નથી. અર્થાત્ નરકમાં જતો નથી. (૮૯)

પછી અપૂર્વ સંલાપથી ઉત્પન્ન થઈ છે શંકા જેને એવો તે રાજા કહે છે કે અહો ! હે સુતનું ! તારાવડે આ અપૂર્વ નાટક કેવી રીતે રચાયું ? (૯૦)

પછી કંઈક હસતા સ્ફુરાયમાન થતા દાંતના કિરણોની આછી પીળાશને ધારણ કરતી, જાતિ સ્મરણથી ઉત્પન્ન થયેલ ઉદાસીનતાથી કંપતી આંખને જોતી એવી પુષ્પચૂલા કહે છે કે (૯૧)

પૂર્વે કરાયેલા પોતાના કર્મરૂપી છીપના ઘરમાં પડીને આપણાવડે પણ સંસારરૂપી કપાટના નાટકને ઘડીને (રચીને) હરણના યુગલને જોઈને, મૃગીને યાદ કરીને હે નાથ ! જાતિસ્મરણથી જે નાટક જોયું છે તેને હું કહું છું. (૯૨)

આ પૃથ્વી મડંલપર પૃથ્વી મંડળના તિલક સમાન વિંધ્યાચલ પર્વત છે જેનો મધ્યભાગ રમણીય છે જે નિકુંજ

(ગિચઝાડી)નું એક સ્થાન છે જે હાથીઓ વડે સૂંઢથી મરડાયેલા ચંદનના વૃક્ષમાંથી નીકળતા રસના સુગંધથી શુભ છે જેમાં મોટા શિખરો વડે સૂર્યના રથના શ્રેષ્ઠ ઘોડાઓ દૂર કરાયા છે. (અર્થાત્ સૂર્યના કિરણો ત્યાં પ્રવેશી શકતા નથી.) (૯૩)

જેના રમ્યવનની અંદર સુવર્ણકાંતિવાળા મૃગો ચરે છે, જે સુર અને વિદ્યાધરો વડે સેવાયેલ છે, જે સુવર્ણમય છે જે નર્મદા નદીથી આલિંગિત કરાયેલ છે. જે ઊંચાઈ ગુણથી યુક્ત છે (અર્થાત્ પર્વત ઊંચો છે) જેમાં સારા પુરુષો વસે છે જે કલકલ બોલતા પક્ષીઓથી સમાકુલ છે. (૯૪)

જે વિંધ્યાચલ પર્વત બરફરૂપી સ્તનના ભારથી આલિંગિત છે, જે મનુષ્ય અને દેવોથી શોભિત છે. જેમાં વનમાં હાથીઓ ક્રીડા કરે છે, હંમેશા દીપ્તિમાન શતાવરી વૃક્ષોથી યુક્ત છે, જેમાં દેવો પર મત્સરને ધરનાર બિહામણો મહિરાવણ નામનો પૌરાણિક રાક્ષસ છે. (૯૫)

તે વિંધ્યાચલ પર્વતમાં પ્રતિષ્ઠિત (પ્રસિદ્ધ) મૃગના યુથનો કોઈક સમૂહ વસે છે જે સ્વચ્છંદે ભમતા મદાંધમૃગોથી યુક્ત છે તે સમૂહમાં તરુણ હરણ હરણીઓના સેંકડો સંકુલો છે. તે સમૂહ કૂટિલ અને ઊંચા શિંગડાના અગ્રભાગવાળા હરણાઓથી અધિષ્ઠિત છે. (૯૬)

પરસ્પર સ્નેહથી બંધાયેલ મનવાળા, વિરહવેદનાને નહીં અનુભવનારા, સુસંગત અને સરળ શરીરવાળા, પોતાના સતત રતિ સુખના રસથી તિરસ્કાર કરાયા છે સુર યુગલો જેના વડે, ઘાસ પાણીમાં સંતોષ ધરનારા એવા મૃગ યુગલોનો સમૂહ વસે છે. (૯૭)

હૃદયની અંદર ભરેલા રક્ષણના ભાવવાળા અને પરસ્પર સ્નેહથી બંધાયેલા એવા આપણે હે નાથ ! ભવાંતરમાં મૃગના ભવમાં હતા. (૯૮)

તે ભવમાં પરસ્પરની દૃષ્ટિથી આંખોને સુખ ઉપજાવતું, નવા નવા પ્રેમરસથી સન્મુખ રહેલું, પ્રત્યક્ષ મનના સુખવાળું, પોતાના પ્રેમ અને સૌભાગ્યથી તિરસ્કૃત કરાયું છે જગત જેના વડે, એવું હરણનું યુગલ સરોવર અને કમળવનમાં રહેલ હંસોની જેમ વનમાં કાળને પસાર કરે છે. (૯૯)

હે નાથ ! તે ભવમાં કરેલા કિલકિલારવોને, સરળ (સીધા) કમળોને, શિશિર ઋતુઓને, નદી અને વનોને, વનના અંગ રક્ષકોનું અડધુ-પડધું-સૂવું અને જાગવું તથા પ્રિયના સ્પર્શની પિપાસાથી ઉત્પન્ન થયેલ બમણાં રોમાંચને હું આજે પણ યાદ કરું છું. (૧૦૦)

પછી કોઈક વખત શ્રેષ્ઠકાંતિથી ઉદ્યોદિત કરાયું છે આકાશ જેના વડે, ચાલતા ચરણના નખના કિરણોથી પલ્લવિત કરાયું છે સંપૂર્ણ વન જેનાવડે, લાલકમળ જેવા ચરણોથી પૃથ્વીને શોભાવતા કોઈ મહર્ષિ વિંધ્યભૂમિમાં આવીને રહ્યા. (૧૦૧)

પ્રકૃષ્ટ શરીરવાળા, તપથી પાતળું થયું છે શરીર જેનું, કામદેવ રૂપી પતંગીયાની આહુતિ સમાન, ઉપશમરસ રૂપી સૂર્યના તેજથી દૂર કરાયું છે અજ્ઞાન રૂપી અંધકારનું પટલ જેનાવડે તથા વિકટ કંદર્પના અભિમાનને નાશ કરવામાં સુભટ સમાન, વિશેષ પ્રકારના તપોથી ચામડી અને હાડકાં બાકી રહ્યા છે તેવા શરીરવાળા તથા ઇન્દ્રિયરૂપી સૈનિકના વિગ્રહના ખંડનથી મેળવાયો છે યશ જેના વડે, નિર્મળ મણિશિલાની પીઠ પર બેઠેલા એવા મુનિ વિસ્મયરસથી સ્નિગ્ધ દૃષ્ટિવાળી, હર્ષ રસથી ભરેલી આંખોથી આપણાવડે જોવાયા. (૧૦૨-૧૦૩)

નમેલા સુર અને સિદ્ધપુરુષના મુકુટના મણિઓના કિરણોથી શોભાવાયા છે ચરણો જેના એવા પણ મુનિ કીડા અને પતંગીયાઓને પોતાની સમાન જુવે છે જોકે જાતિ, કુળ, રૂપ, જ્ઞાન, તપ અને ઐશ્વર્યથી સહિત છે અર્થાત્ ઉત્તમજાતિ આદિવાળા છે તો પણ આઠ મદ રૂપી હાથીના કુંભ સ્થળને ભેદવામાં પ્રવૃત્ત થાય છે. (૧૦૪)

ત્યાગ કરાયો છે સર્વપ્રકારનો વિરોધ જેનાવડે, તિરસ્કાર કરાયેલ છે મત્સર જેઓ વડે એવા સિંહ અને હરણાદિ જંગલી પશુઓ પણ મુનિવરના પડખાને છોડતા નથી. (૧૦૫)

સુપુરુષોના અવ્યાહત ગુણો કોના હૈયાને હરતા નથી ? મુનિસંગવાળા તે પશુઓ પણ વૈર વિનાના થઈ વિચરે છે. (૧૦૬)

તેથી હે નાથ ! તમે તે રાજર્ષિના અમૃતના ઝરણાનાં બિંદુના સમૂહના સારવાળા એવા સુભાષિતોને કેમ યાદ કરતા નથી ? (૧૦૭)

જ્યાં સુધી જરા રૂપી વ્યંતરી સર્વાંગને ગ્રસી ન જાય, ત્યાં સુધી ઉગ્ર રોગ રૂપી ભુજંગી (સાપણ) નિર્દય ડંસ ન મારે ત્યાં સુધી મનને ધર્મમાં ધારણ કરી આત્માનું હિત સાધી લેવાય, કારણ કે નિત્ય પ્રયાણ કરતા મુસાફરની જેમ જીવને આજે કે કાલે પ્રયાણ કરવાનું છે. (૧૦૮) સર્વ ચરાચર જીવોને વિશે દયા સહિતનો જે ધર્મ છે તે જ પરમાર્થથી ધર્મ છે, ઘર-સ્ત્રી-સુરત (ક્રીડા)ના સંગથી જે રહિત છે તે જ ગુરુ છે. જેણે વિષય અને કષાયોનો નાશ કર્યો છે તે ઉચિત ધર્મને આપે છે તેથી આવા ચિંતિત ફળને આપનારા રત્નત્રયને ગ્રહણ કરીએ. (૧૦૯)

દેવ, ધર્મ અને ધર્મીજન તથા ક્ષમા, દમ અને દયાની પરીક્ષા કર કેમકે આંબાની શ્રદ્ધાવાળા એવા ઘણાં જીવો વડે બહેડાનું વૃક્ષ સિંચાયું છે. અર્થાત્ બાવળીયો (બહેડાનું વૃક્ષ) વાવીને કેરી આંબા રસ શું ચાખે ? એમ કુધર્મને સેવીને મોક્ષ કેવી રીતે પામે ? માટે દેવગુરુ ધર્મની પરીક્ષા કર. (૧૧૦)

જે વીતરાગ હોય તે પ્રિયરમણીથી રુંધાયેલ અર્ધા-અંગવાળા ન હોય. (અર્થાત્ સ્ત્રી સંગવાળા ન હોય), જે રોષ (ક્રોધાદિ કષાય) વિનાના હોય, ભયથી મુક્ત હોય, શસ્ત્રોને ધારણ કરનારા ન હોય, મોહ વિનાના હોય, પરસ્પરને બાધ ન આવે તેવા વચનના સ્વામી હોય, આવા વીતરાગ જિનેશ્વર પ્રભુ તમને આજીવન શરણ હો. (૧૧૧)

જેના વડે કર્મમળનો ક્ષય નથી કરાયો (અર્થાત્ જે લઘુ કર્મી થયા નથી) તેઓ વડે પ્રભુ ઓળખાતા નથી. જે સ્ત્રીઓના કટાક્ષોથી પણ જણાતા નથી, જે નિવૃત્તિપુરમાં જવા માટે મહારથ સમાન છે તે પ્રભુને પ્રણામ કરો અને મનુષ્ય જન્મ ન હરો. (૧૧૨)

એ પ્રમાણે તે ભવમાં મહર્ષિના ધર્મમય વચનને સાંભળીને આપણો મતિમોહ નાશ પામ્યો અને હૃદયથી વિશુદ્ધ થયા અને બોધ પામ્યા. (૧૧૩)

પછી ભવરૂપી સમુદ્રને તારનારા, નાશ થયા છે અઢાર દોષ જેના, નિરંજન એવા જિનેશ્વર આપણાવડે સ્વીકારાયા. અને હે નાથ ! જેઓએ જાવજ્જીવ સુધી જીવદયાનો સ્વીકાર કર્યો, જેઓએ માંસ રસનો આસ્વાદ નથી કર્યો એવા પણ આપણે માંસનો ત્યાગ કર્યો. (૧૧૪)

ફરી ત્યાગ કરાયા છે વૈર વિરોધ જેઓ વડે, અત્યધિક પ્રશમવાળા, સ્વાધ્યાય-ધ્યાન-શ્રવણથી દળાયા છે દુર્મતિના મળ જેઓ વડે, મુનિના ચરણ રૂપી કમળની કરાઈ છે સેવા એવા આપણા પુણ્યશાળી નગરવાસીઓના નગરમાં જે રીતે દિવસો જાય તેમ દિવસો જાય છે. (૧૧૫)

ક્યારેક પોતાના ચરણ રૂપી કમળની રજથી પવિત્ર કરાયેલ ભૂમિવાળા વનમાં આપણને મૂકીને મુનિ અન્યત્ર ગયા. મુનિથી મુકાયેલ, ઉત્પન્ન થયો છે ભય જેઓને એવા આપણને દરિદ્ર જાણીને પ્રલયકાળ જેવા ઉનાળાએ આપણો પરાભવ કર્યો. (૧૧૬)

તે વનમાં સૂર્યના કિરણોથી પ્રદીપ્ત થયેલ ગરમીવાળા ઉનાળામાં તૃષ્ણાથી આપણે પીડાયા, ક્ષત્રિય મનુષ્યો વનમાં શિકાર માટે આવવાની સંભાવનાના ભયની શંકાથી આપણે દુ:ખી થયા. સુકાઈ ગયું છે તાળવું, ગળું અને કંઠ જેના, ગળે પ્રાણ આવી ગયા છે જેના એવા આપણે પર્વતની પરિસરમાં પરિભ્રમણ કરી થાકીને ખિન્ન થયા. (૧૧૭)

ક્યાંક ક્રોધિત સિંહના નહોરના ચપેટાના ચટકાવાળા થયા, ક્યાંક દાવાનળની જ્વાળાઓની શ્રેણીઓની ઝલકથી દાઝ્યા, ક્યાંક સત્તેજ (ચપળ) ભિલ્લોના ભાલાના મુખથી વીંધાતા બચી ગયા, ક્યાંક વાઘના મોટા કઠોર ચપેટાથી ચુક્યા. (૧૧૮)

ક્યાંક વધતી પિપાસાવાળા મૃગતુષ્ણાની (ઝાંઝવાના જળની) મતિથી નચાવાયા. હે નાથ ! એ રીતે જળને શોધવાના મનવાળા આપણે કેટલોક કાળ સાથે ભમ્યા. (૧૧૯)

તેટલામાં ભમતા એવા આપણાવડે ગિરિતટની નજીકના માર્ગમાં રહેલ ઘણાં કાદવથી યુક્ત એવું નિર્ઝરણાનું પાણી જોવાયું. તેને જોઈને આપણા બંનેના મનમાં વિચારાયું કે આટલું પાણી આપણામાંથી એકને પણ પુરું થશે નહીં. (૧૨૦)

પછી પ્રિયાના ગાઢ સ્નેહવાળો હરણ આદર કરીને કહે છે કે હે કૃશોદરી ! તું પાણી પી, મારે પાણી પીવાની ઇચ્છા નથી. તનુઅંગી હરણી પણ આવા જ વચન બોલે છે કે તું પાણી પી, મારે પાણીપીવાની ઇચ્છા નથી કેમકે સુંદર રાગવાળા પ્રેમીઓની આ ગતિ હોય છે. (૧૨૧)

એમ ફરી કહીને બેમાંથી એકપણ પાણી પીતા નથી, કઈ સ્ત્રીઓને વિશે કોને શરીરને સંતાપ કરનારો સ્નેહ ન હોય ? સમાન ચિત્તવાળા (બંને પાણી નહીં પીવાના એક વિચારવાળા) પાણીમાં મસ્તક નમાવીને બંને પણ ડૂબાળેલ મુખથી લાંબો સમય સુધી રહે છે તેટલામાં હરણ હરણી માટે અને હરણી હરણ માટે પીણી પીતા નથી પછી થોડા પાણીમાં ડૂબાળેલા મુખવાળા બંને પણ સાથે મર્યા. (૧૨૨) - (૧૨૩)

[બે સખી જંગલમાં લાકડા વીણવા ગઈ. તેમણે આ પ્રસંગ જોયો. એક સખીએ બીજી સખીને કાવ્યની ભાષામાં પુછ્યું કે -

હું પૂછું તુ જ પંડિત કુણ વિધ છૂટા પ્રાણ.

બીજી સખીએ પણ કાવ્યની ભાષામાં જવાબ આપ્યો કે-

જળ થોડો સ્નેહ ઘણો, લગો પ્રેમકો બાણ, તું પી તું પી કરત હી, ઈણ વિધ છૂટા પ્રાણ.]

ત્યારે પણ મહર્ષિ વડે આપણને કહેવાયું હતું કે મરીને પછીના ભવમાં તમે રાજાના ઘરે યુગલપણે ઉત્પન્ન થશો. (૧૨૩)

તેથી પોતાના કર્મ અને ધર્મથી પ્રેરાયેલા તે ભવમાંથી નીકળેલા એવા આપણે આ રમ્ય મનુષ્યભવમાં ઉત્પન્ન થયા. તેથી જો તમે મૃગયુગલના તે ભ્રમણને યાદ કરો છો તથા જો પાપને હરનાર મુનિવચનને યાદ કરો છો તો -

અપરાધથી રહિત એવા દીન જીવોને હણો નહીં, અલીક (અસત્ય) વચનનો ત્યાગ કરો, પરસ્ત્રીનો ત્યાગ કરો,

પરસ્ત્રી પર દૃષ્ટિ ન કરો, પરિગ્રહથી મન પાછું વાળો, સુરા (મદિરા)- મધ અને માંસ ભક્ષણનો ત્યાગ કરો જેથી સ્થિર સુખને પ્રાપ્ત કરો. (૧૨૫-૧૨૬)

હવે અતિ અદ્ભૂત વચનથી ઉત્પન્ન થયેલ શોક અને પ્રમોદથી ચંચળ થયું છે મન જેનું, વિષય સુખોમાં *શિથિલ* થયો છે રાગ જેનો એવો રાજા પણ સ્પષ્ટ શબ્દથી કહે છે. (૧૨૭)

હે પ્રસૂતાક્ષી ! ભવસાગરમાં લક્ષ્મી અને સજ્જનના સુખવાળો એવો સુંદર મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે એમ જાણીને, જિનભાષિત ધર્મને છોડીને બીજો કોઈ ધર્મ નથી એમ જાણીને, મનુષ્ય જન્મ મેળવીને પણ ધર્મ વિના મળેલ મનુષ્ય જન્મ સુનિરર્થક છે એમ *મતિમાં માનીને પણ હે તરુણહરિણાક્ષી* ! લક્ષ્મીનો વૈભવ ચલ છે, સેંકડો જ્વર રૂપી ઘુણના (કીડાના) વ્રણથી જર્જરિત દેહબળ નાશ પામે છે તેથી રાજ્ય લક્ષ્મી માણો, વિષય સુખનું સેવન કરો, શું અબુધુ (ડાહ્યો માણસ) નહીં જોવાયેલ કારણમાં જોવાયેલ કારણનો ત્યાગ કરે ? અર્થાત્ નહીં મળેલી વસ્તુ માટે મળેલી વસ્તુનો કોણ ત્યાગ કરે ? તેથી હે મૃગાક્ષી ! વિષયસુખને ભોગવશું, ધર્મનો કાળ ઉત્તરાવસ્થા છે. હે મુગ્ધા ! અધ્રુવની શંકાથી (પરલોકમાં મળશે કે નહીં તેવી શંકાથી) ધ્રુવનો (વર્તમાન ભવમાં મળેલી લક્ષ્મી આદિનો) કોણ ત્યાગ કરે ? પછી પુષ્પચૂલા દાંતમાંથી ઊગેલ (નીકળેલા) કિરણ રૂપી કુસુમની શોભાથી વિભૂષિત કરાયેલ મુખની શોભાવામાં કંઈક શિથિલ થયો છે આગ્રહ જેનો એવા રાજાને પ્રતિકૂળ પણ કહે છે કે- (૧૨૮-૧૩૧)

હે પ્રિય ! જો રોગ રૂપી ભુજંગ (સાપ) અકાળે કોળીયા કરે નહીં, જો યમરાજાના કાર્યના નિવારણમાં કોઈપણ ક્રિયા (ઉપાય) હોય તો રાજલક્ષ્મીને માણો અને વિષય સુખનું સેવન કરો નહીંતર હે નાથ ! તમે હાંસીને પાત્ર થશો એમ જાણવું. (૧૩૨)

અને હે સ્વામિન્ ! એ પણ જાણવું કે પ્રચંડ યમદંડ સર્વનો પરાભવ કરે છે, ભલે વિરસ રડતો હોય તો પણ મૃત્યુ સર્વ છોડાવી દે છે, ત્યારે દુર્લભ અને દુષ્કર રાજ્યલક્ષ્મી છોડાય છે, દુઃખે કરીને મેળવી શકાય, વલ્લભ અને સુંદર પણ પત્ની છોડાય છે. (૧૩૩)

કૂવાની અંદર ઘાસના સ્તંભ પર લટકેલ નરાધમના મસ્તક પર પડતા મધના ટીપાંના આસ્વાદ સમાન નિસ્સાર વિષયસુખના કારણે માથા પર પડતા દારુણ દુઃખોના ઘણને માણસો કેમ ગણકારતા નથી ? (૧૩૪)

જેમ વરાકડો કાગડો આહારના પિંડને જુએ છે પણ લાકડીના પ્રહારને જોતો નથી તેમ વિષયસુખથી મોહિત મનવાળો જીવ વર્તમાનના ક્ષણિક વિષયસુખને જુવે છે પણ ભવિષ્યમાં આવનારા તીક્ષ્ણ નરકના દુઃખોને જોતો નથી. (૧૩૫)

ઘાસના અગ્ર ભાગ પર રહેલ પાણીના ટીપાં જેવા અલ્પ વિષયસુખના કારણે હિમગિરિ જેવા હજારો દુઃખોને માથા પર પડતા જોતો નથી. (૧૩૬)

અને હે પ્રિય ! વળી તમે જે કહ્યું કે નહીં મળેલા સુખને માટે મળેલા સુખનો ત્યાગ કોણ કરે ? તે પણ અયુક્ત છે કેમકે કારણને અનુસારે ધર્મનું ફળ દેખાય છે. (૧૩૭)

સુકુલમાં જન્મ, પ્રિયનો સંગમ, સૌભાગ્ય, આરોગ્ય, સંપદા વગેરે જે વિશિષ્ટ પ્રકારના ધર્મના ફળો છે તે શું હે રાજન્ ! આપના વડે નથી જોવાયા ? (૧૩૮)

તમે જે સુખની સામગ્રી-સંપત્તિ-ઘર-સ્ત્રી-મિત્રો-રતિસુખને માણો (અનુભવો) છો તે પણ ક્ષણ દષ્ટ-

નષ્ટ ચંચળ વીજળી જેવું જણાયેલું છે તેને શું તમે નથી જાણતા ? મને આવું સુખ આજે મળશે, આવતી કાલે મળશે એવી સંભાવના કરે છે પણ નહીં જાણેલા (ઓચિંતા) આવી પડતા યમરાજના સૈન્યના શસ્ત્રને જોતો નથી. (૧૩૯)

જે નરકના અધમ માર્ગને જાણે છે તે નરકમાં નહીં જાય એમ જાણતો અને બોલતો જીવ પોતે કરેલ કર્મ રૂપી દોરડીને અવલંબીને નરકગતિમાં ગયો. (૧૪૦)

દેવનો ચાકર, પરિભવથી વિમનવાળો, હતાશ થયેલો જીવ એમ વિચારે છે કે હું ધર્મમાં નિરુદ્યમી હતો તેથી દેવનો દાસ થયો. (૧૪૧)

દેવલોકમાં દેવપણું તુલ્ય છે તો પણ ઇન્દ્ર જેને આજ્ઞા કરે છે તે ધર્મના પ્રમાદનું ફળ છે તેથી વૈરી એવા ધર્મપ્રમાદનો દોષ કેવી રીતે સેવાય ? (૧૪૨)

દેવભવમાં હીનપણાને જોઈને વરાકડો દેવ એ પ્રમાણે ઝૂરે છે કે જિનવચનવાળો નરભવ પ્રાપ્ત કરાયે છતે ફરી ધર્મમાં પ્રમાદ કરાયો. (૧૪૩)

રિદ્ધિ-શાતા-સૌભાગ્ય-યશનો અર્થી, ગુરુનો પરાભવ કરનારો, કુમતથી કદર્થિત કરાયેલો એવો હું કિલ્બિષિક દેવલોકમાં પરાભવ કરવાને પાત્ર કિલ્બિષિક દેવ થયો. (૧૪૪)

હું કોઈપણ રીતે (મહા મુશ્કેલીથી) જિનવર ધર્મને પામીને પ્રમાદાદિમાં પડીને ધર્મને ભુલ્યો તેથી દેવના નોકર તરીકે ઉત્પન્ન થયો આથી શું હવે ગુસ્સો કરીને યમરાજ મરાય છે ? (અર્થાત્ રોષ કરીને બાંધેલા કર્મો નાશ થાય ?) ૧૪૫

અલ્પ સુખમાં લંપટ થયેલા કેટલાક શઠ મહર્ષિઓ ધર્મમાં શિથિલ થાય છે તે મૂઢો કોટિ (ક્રોડ)ને કાકિણીને* માટે હારે છે. (૧૪૬)

અર્થાત્ બગલો ઉનાળામાં ઘણો સંતાપ પામ્યો હોય અને ઘણો ભુખ્યો થયો હોવા છતાં જળવિનાનું સરોવર જુવે તો તેવા સરોવરમાં તેને જરા પણ રાગ થતો નથી કારણ કે તેને જે ભક્ષ્ય જોઈએ છે તે સૂકા સરોવરમાંથી મળવાનું નથી, તેવી રીતે માયાવી સંસારરૂપી ઉનાળામાં ઘણો સંતાપ પામતો હોય તથા ઘણો તપ તપતો હોવા છતાં સદ્ અનુષ્ઠાનમાં રાગી થતો નથી કારણ કે માયાવીની અપેક્ષા વિષયોમાંથી મળતા સુખમાં હોય છે જ્યારે સદ્ અનુષ્ઠાનમાં વિષયો કષાયોને છોડવાની વાત છે. (૧૪૭)

તેથી હે નાથ ! તમે જો કંઈપણ પોતાનું હિત જાણો છો તો સદ્અનુષ્ઠાનને આદરો, હું તમારા વડે રજા અપાયેલી જિનદીક્ષાનો સ્વીકાર કરીશ. (૧૪૮)

પછી રાજા પૂછે છે કે શું ગૃહસ્થોને ધર્મ હોતો નથી ? પછી ચાલી ગયો છે ચારિત્ર મોહનીય કર્મ જેનો એવી સંવેગી પુષ્પચૂલા પ્રિયા કહે છે કે મનુષ્ય જન્મ ઘરના આરંભ સમારંભમાં પૂર્ણ થાય છે તો તે ગૃહસ્થોને જીવદયાવાળા શ્રેષ્ઠ ધર્મની આરાધના પૂર્ણપણે ક્યાંથી હોય ? (અર્થાત્ ગૃહસ્થોનું જીવન આરંભ સમારંભના પાપથી યુક્ત હોય છે તેથી સંપૂર્ણ જીવદયાનું પાલન તેમાં શક્ય નથી.) ૧૫૦

પ્રિય-એવા ઘર-સ્ત્રીના પરિગ્રહ રૂપી વિષય ગ્રહથી ગૃહીત જે જુઠું બોલે છે, જે પરને ઠગે છે, જે કરુણાથી રહિત છે એવો જે કુમતિ ગૃહસ્થ જો સુખના માર્ગ એવા સ્વર્ગમાં જાય છે તો મુનિવર નષ્ટ

* કાકિણી એટલે ૨૦ કોડી પ્રમાણ મૂલ્યવાળો ચલણનો સિક્કો.

થઈ, ભ્રષ્ટ થઈ નરકગતિને પ્રાપ્ત કરશે. (અર્થાત્ તપ-જપ આદિ કરવા છતા મુનિવરને માથે બળાત્કારે નરકગતિ આવી પડશે.) ૧૫૧.

તેથી હે પ્રિય ! પાપારંભથી વિલાસ પામતો છે સંકલેશ જેમાં, દુઃખના વાસવાળા, ઘણાં છળવાળા એવા ઘરવાસને યાદ કરીને, જિનમાર્ગને સ્વીકારીને દુર્ગતિના પ્રવાહને ભાંગીને ચિત્તને અજરામરપુર ગમનમાં ઉત્કંઠિત કરો. (૧૫૨)

હે પ્રિય ! જો તું મદિરાદિમાં તારી મતિને મોકળી રાખીશ તો (અર્થાત્ તારી મતિ ભોગ સુખમાં આસક્ત બનશે તો) નહીં જણાયેલ યમના સૈન્યની ઘાટી આજે કે કાલે ત્રાટકશે. (૧૫૩)

હવે પત્નીને વિરાગવાળી, વિષયથી વિરક્ત, સ્વજન વિશે નિરાગી, અત્યંત ધર્મના અનુરાગમાં પરવશ(લીન) થયેલી જાણીને, હવે કોઈપણ ઉપાયથી સંસારની રાગી થશે નહી એમ જાણીને સરળ આંગળીના નખ રૂપી શુક્તિના અગ્રભાગથી લુંછાયો છે આંસુનો પ્રવાહ જેના વડે એવો રાજા શોકના ઉદ્ગમથી ગદ્ગદ્ થયેલી વાણીથી પુષ્પચૂલા પ્રિયાને કહે છે કે-

જો તું પરઘરમાં ભિક્ષા ગ્રહણ કરે તો મને લજ્જા થાય છે તેથી જો તું મારા અંતઃપુરમાં ભિક્ષા માટે ફરે તો હું તને રજા આપું છું. પુષ્પચૂલાએ કહ્યું કે તેમજ થાઓ. (અર્થાત્ હું તે પ્રમાણે કરીશ.) પછી રાજા કહે છે કે વ્રત સિવાય (અર્થાત્ દીક્ષા લેવા સિવાય) જે કંઈ બીજું મારે કરવા યોગ્ય હોય તે મને કહે. (૧૫૪-૧૫૫-૧૫૬-૧૫૭)

પછી પ્રિયા કહે છે કે હે નાથ ! ત્યાં સુધી પ્રથમ ગુરુની પાસે સમ્યક્ત્વને ગ્રહણ કરો અને પછી જીવદયા છે મૂળ જેનું એવા ગૃહસ્થના વ્રતોને ગ્રહણ કરે છે. કેમકે કહેવાયું છે કે-

સુપાત્રમાં પ્રદાન, ગુરુ-દેવનું અર્ચન (પૂજન), બ્રહ્મચર્યનું પાલન, સત્યવ્રત, પરધનનો ત્યાગ, નિર્મમત્વ, તપ-ચરણ, મન અને ઇન્દ્રિયનું દમન જે છે તે સર્વ અહિંસા ધર્મના સાધનો (કારણો) છે. (૧૫૯)*

જે જીવદયાને મૂકતો નથી, સત્યવાણી બોલે છે, જે પરધન, પરસ્ત્રીને સરાગથી જોતો નથી, જો લોભરૂપી મહાગ્રહથી ગ્રસિત છતાં પોતાને ઠગતો નથી અર્થાત્ જે વિશેષ લોભી નથી તે ભયંકર ભવરૂપી સમુદ્રને લીલાથી તરે છે. (૧૬૦)

એ પ્રમાણે પ્રિયાની સારી બોધ-પ્રદ વાણીને સાંભળીને તે પુષ્પચૂલાને અર્ણિકાપુત્ર આચાર્યની પાસે મોટી વિભૂતિથી દીક્ષા અપાવે છે. સ્વયં સમ્યક્ત્વથી સહિત ગૃહસ્થના વ્રતો સ્વીકારે છે. પછી પુષ્પચૂલા સાધ્વી પ્રવર્તિનીની પાસે વ્રતની આરાધના કરે છે. (૧૬૧-૧૬૨)

પછી કોઈ વખત અર્ણિકાપુત્ર આચાર્ય પોતાના જ્ઞાનથી દુર્ભિક્ષને જાણીને ત્યાં આવીને રહ્યા. પછી ક્ષીણ થયેલ જંઘાબળવાળા આચાર્ય પોતે એકલા રહીને કરુણાથી ગચ્છને અન્યત્ર વિહાર કરાવે છે અને દુષ્કાળ પડ્યો ત્યારે ઘણું ભમવા અસમર્થ આચાર્ય પુષ્પચૂલાએ લાવી આપેલા ભોજનપાણીનો ઉપયોગ કરે છે. પછી કોઈક વખત દુષ્કર ચારિત્ર અને તપને કરતા વિશુદ્ધભાવથી ગુરુની વૈયાવચ્ચ કરતા તે પુષ્પચૂલા સાધ્વીને લોકાલોકને પ્રકટ કરનારું કેવળજ્ઞાન થયું.

પછી જે જે ગુરુને પ્રાયોગ્ય અને મન ઇચ્છિત ભોજનપાન છે તે તે તેને પોતાના જ્ઞાનથી જાણીને લાવી આપે છે.

અન્યદિવસે મન-ઇચ્છિત ઔષધાદિને લાવે છતે ગુરુએ પુછ્યું કે હે આર્યા ! મારા મનનો ભાવ તારાવડે કેવી રીતે જણાયો ? આર્યાએ કહ્યું કે જ્ઞાનથી. આચાર્ય પૂછે છે કે તે જ્ઞાન પ્રતિપાતિ (ચાલ્યું જાય તેવું ક્ષયોપશમ ભાવનું) છે કે અપ્રતિપાતિ (ક્ષાયિકભાવનું) છે ? એ પ્રમાણે ગુરુએ પુછ્યું ત્યારે આર્યાએ કહ્યું કે મને અપ્રતિપાતિ જ્ઞાન થયું છે. પછી સંવિગ્ન થયેલા આચાર્ય 'મિચ્છામિ દુક્કડં' આપે છે જે મારા વડે અજાણતા કેવલીની આશાતના કરાઈ તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. અને ઉદાસીન આચાર્ય ખેદ કરવા લાગ્યા કે જે આ મારી શિષ્યા થોડા સમયની દીક્ષિત થયેલી સ્ત્રીમાત્ર પણ સિદ્ધ થશે જ્યારે લાંબા સમયથી આચરેલ વ્રતવાળો એવો પણ હું જરાથી જીર્ણ દેહરૂપી આ પાંજરાને વહન કરીને જાણતો નથી કે હજુ કેટલા ભવ સંસારમાં ભમીશ ? (૧૭૨) પછી કેવળીએ કહ્યું કે ખેદ ન કરો કેમકે ગંગા નદી ઊતરતા તમને પણ કેવળજ્ઞાન થશે અને આ ભવમાં જ સિદ્ધ થશો. આ સાંભળીને સૂરિ પણ તે જ વખતે ગંગાના કાંઠે પહોંચ્યા અને જેટલામાં તે નાવમાં આરૂઢ થાય છે તેટલામાં તેના ભારને સહન નહીં કરતી નાવડી જે જે ભાગમાં આચાર્ય બેસે છે તે તે ભાગથી ડૂબે છે. તેથી ગુસ્સે થયેલા નાવિકો સૂરિને ઊંચકીને ગંગાના પાણીમાં નાખ્યા. પછી જળના જીવોને મિચ્છામિ દુક્કડં આપતા આ સૂરિ સુવિશુદ્ધભાવને પામેલા અંતઃકૃત* કેવલી થયા. પછી ખુશ થયેલા દેવોએ તેના શરીરની પૂજા કરી. (૧૭૭)

પછી તે સ્થાને લોકમાં પ્રસિદ્ધ એવું પ્રયાગ નામનું તીર્થ થયું અને જેઓ ગંગાનદીમાં સ્નાન કરે છે તેઓ સુગતિમાં જાય છે એ પ્રમાણેની પ્રસિદ્ધિ લોકમાં રૂઢ થઈ ચિરકાળ વિચરીને આર્યા પુષ્પચૂલા પણ સર્વકર્માંશોને ખપાવીને સિદ્ધ થયા. રાજા પુષ્પચૂલ પણ અખંડિત સ્વરૂપવાળા સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મને આરાધીને વૈમાનિક દેવલોકમાં જાય છે.

**अथ सूकरमधिकृत्याऽऽत्मानुशास्तिमाह –**

હવે ડુક્કરને આશ્રયીને પોતાના આત્માને શિખામણ આપતા કહે છે-

**पज्जलियजलणजालासु उवरि उल्लंबिऊण जीवंतो ।**
**भुत्तोऽसि भुंजिउं सूयरत्तणे किह न तं सरसि ? ।।२२०।।**

**प्रज्वलितज्वलनज्वालासु उपर्युलंब्य जीवन्**
**भुक्तोऽसि भृष्ट्वा शूकरत्वे कथं न तत् स्मरसि ? ।।२२०।।**

**ગાથાર્થ :** પ્રજ્વલિત અગ્નિની જ્વાલાઓની ઉપર જીવતો લટકાવીને તું શેકીને ખવાયો છે તે ભૂંડના ભવને કેમ યાદ કરતો નથી ? (૨૨૦)

**अधःप्रज्वलज्ज्वलनज्वालानामुपरि अधोमुख उल्लम्ब्य जीवन्नेव भर्जित्वा सूकरत्वे यद् भुक्तोऽस्यनार्यैः तत् कथं न स्मरसि ? ।।**

ટીકાર્થ : નીચે બળતા અગ્નિની જ્વાળા ઉપર ઊંધા મુખે લટકાવીને જીવતો જ શેકીને ડુક્કરના ભવમાં તું જે અનાર્યો વડે ખવાયો છે તેને તું કેમ યાદ કરતો નથી ?

**तथा –**

* અંતઃકૃત કેવલી = કેવળજ્ઞાન થયા પછી અંતર્મૂહૂર્ત કાળમાં મોક્ષમાં જનારા.

**गहिऊण सवणमुच्छलिऊण वामाओ दाहिणगयम्मि ।**

**सुणयम्मि तओ तत्थ वि विद्धो सल्लेण निहण गओ ।।२२१।।**

**गृहीत्वा श्रवणमुच्छाल्य वामाद् दक्षिणपार्श्वे**

**शुनीतः कृतः तत्राऽपि सेल्लेन निधनं गतः ।।२२१।।**

**ગાથાર્થ :** જમણી બાજુ રહેલો કૂતરો કૂદીને ડાબાકાનને પકડીને ડુક્કરને ઊભો રાખે છે, પછી પકડી રખાયેલો ડુક્કર શિકારીવડે ભાલાથી વીંધાયો અને મરણ પામ્યો. (૨૨૧)

**इह किलाखेटिकानां सम्बन्धी श्वा सूकरे दृष्टे धावित्वा दक्षिणं वामं वा कर्णं दशनैर्गृहीत्वा दक्षिणाद्वामे वामाद्वा दक्षिणे पार्श्वे शूकरपृष्ठोपरिभागेन झंपां दत्त्वा गच्छति, ततो दन्तगृहीतं कर्णं गाढमाकृष्य तिष्ठति, तथा च सूकरः पदमपि चलितुं न शक्नोति, ततोऽश्वारोहः समागत्य सूकरं सेल्लेन हत्वा विनाशयति ।।**

**इह च मायादिदोषप्रधाना जन्तवः शूकरत्वेनोत्पद्यन्ते, तत्र च पुत्रादिभिरपि भक्ष्यन्त इति संसारासमंजसं दर्शयन्नाह –**

**ટીકાર્થ :** અહીં શિકારીનો કૂતરો ડુક્કરને જોયે છતે દોડીને જમણી કે ડાબી બાજુથી દાંતોવડે ડુક્કરના કાનને પકડીને અથવા ડુક્કરના પીઠના ઉપરના ભાગથી કૂદકો મારીને જમણી બાજુથી ડાબી બાજુ કે ડાબી બાજુથી જમણી તરફ જાય છે અને દાંતથી પકડેલા કાનને જોરથી ખેંચીને ઊભો રહે છે અને તે સ્થિતિમાં ડુક્કર એક પણ પગલું ભરવા સમર્થ બનતો નથી પછી ઘોડેસવાર શિકારી આવીને ડુક્કરને ભાલાથી વીંધીને મારે છે.

અને અહીં મનુષ્યભવમાં માયાદિ દોષ પ્રધાન જીવો ડુક્કરના ભવમાં ઉત્પન્ન થાય છે અને તે ભવમાં પુત્રાદિ વડે ભક્ષણ કરાય છે એ પ્રમાણે સંસારના અણઘટતા સ્વરૂપને બતાવતા કહે છે-

**उप्पन्नस्स पिउस्स वि भवपरियत्तीइ सूयरत्तेण ।**

**सद्धाइ भुंजमाणो रायसुओ बोहियो मुणिणा ।।२२२।।**

**उत्पन्नस्य पितुरपि भवपरिवर्त्ते शूकरत्वेन**

**पृष्ठिमांसखादको (राजपुत्रो) बोधितो मुनिना ।।२२२।।**

**ગાથાર્થ :** ભવની પરિપાટીથી (એક ભવમાંથી બીજા ભવમાં ભમતા ક્રમે કરીને) ડુક્કરના ભવમાં ઉત્પન્ન થયેલા પિતાના માંસને શ્રદ્ધાથી (અભિલાષાથી) ભક્ષણ કરતો રાજપુત્ર મુનિવડે પ્રતિબોધ કરાયો. (૨૨૨)

**इह कस्यचिद्राजपुत्रस्य सम्बन्धी पिता कर्म्मवशाद् भवान्तरे सूकरत्वेनोत्पन्नः, तस्य च सम्बन्धीनि दीर्घवर्धरूपाणि पृष्ठिमांसानि भुंजानः पुत्रो मुनिना प्रतिबोधित इत्यक्षरार्थः ।।**

**भावार्थस्तु कथानकेनोच्यते, तच्चेदम् –**

**ટીકાર્થ :** અહીં કોઈક રાજપુત્રના પિતા કર્મના વશથી મરીને ભવાંતરમાં ડુક્કરના ભવમાં ઉત્પન્ન

થયા. ડુક્કર મોટો થયા પછી તેના ઘણાં વધેલા (પુષ્ટ થયેલા) પીઠના ઉપરના ભાગથી કૂદકો મારીને જમણી બાજુથી ડાબી બાજુ કે ડાબી બાજુથી જમણી તરફ જાય છે અને દાંતથી પકડેલા કાનને જોરથી ખેંચીને ઊભો રહે છે અને તે સ્થિતિમાં ડુક્કર એક પણ પગલું ભરવા સમર્થ બનતો નથી પછી ઘોડેસવાર શિકારી આવીને ડુક્કરને ભાલાથી વીંધીને મારે છે.

ભાવાર્થ કથાનકથી કહેવાય છે અને તે કથાનક આ પ્રમાણે છે-

## શૂરરાજપુત્ર કથાનક

ઋષભપુર નામનું નગર છે જે ધોળા બળદની પીઠ જેવું છે, જે ચંદ્રના કિરણો જેવા સફેદ પ્રાસાદોથી શ્વેત છે અને ધનવાનોનું નિવાસ સ્થાન છે અને ભાનુ નામનો રાજા તે નગરનું પાલન કરે છે. તે રાજામાં કૃપણતા નામનો દોષ છે. ચંદ્ર જેમ કલંકથી મલિન છે તેમ કૃપણતા નામનો દોષ રાજાના બીજા ગુણ સમૂહને મલિન કરે છે.

અને આ બાજુ શૂરનામનો રાજપુત્ર છે જે પિતા સંબંધી સંપત્તિના વારસદારો વડે કાઢી નખાયો. (અર્થાત્ તેને પિતાની સંપત્તિમાંથી કંઈપણ ભાગ આપવામાં ન આવ્યો.) શીલથી યુક્ત એવી ચંદ્રવદના ભાર્યાની સાથે રહેલો એકલો ભમતો ઋષભપુર નગરમાં આવ્યો. પછી ભાર્યાવડે કહેવાયેલો ભાનુ રાજાની સેવા કરે છે પણ રાજા તેને એક પણ કોડી આપતો નથી. (૪)

હવે શૂર ચંદ્રવદના પત્નીને કહે છે કે હે પ્રિયા ! આ રાજા અદાતા છે અર્થાત્ કંઈપણ આપતો નથી તેથી તું આ નગરમાં રહે હું અયોધ્યા જાઉં છું. પછી તેની સ્ત્રી કહે છે કે એમ નહીં કારણ કે ત્યાં ગયેલ તમે અન્ય સ્ત્રીઓમાં રાગી થયેલ મને ભૂલી જશો તેથી આપણે બંને સાથે ત્યાં જઈએ. સમજાવવા છતાં પણ કોઈ રીતે આ ચંદ્રવદના સમજતી નથી ત્યારે શૂરે વિનયથી કુળદેવતાની આરાધના કરી. (૭) પછી દેવી પ્રત્યક્ષ થઈને તે બંનેને એકેક દિવ્ય સુગંધિ ગંધવાળા ફુલોનો ચઉસરો હાર આપ્યો અને કહ્યું કે આ હારને તમે માથામાં બાંધજો અને જેના ફૂલો કરમાઈ જશે તે બીજામાં આસક્ત થયો છે એમ જાણજો એ પ્રમાણે દેવીના વિધિ (વચન)માં વિશ્વાસ ઉત્પન્ન થયો ત્યારે તેણે પતિને ત્યાં મોકલ્યો. (અર્થાત્ ચંદ્રવદનાએ પતિને અયોધ્યા જવાની રજા આપી.) શૂર રાજપુત્રે પણ ત્યાં ઋષભપુરમાં એક ઉત્તમ ગુપ્ત પ્રસાદ લઈને દાસ-દાસીની સાથે ચંદ્રવદનાને ત્યાં રાખી. પછી અશનાદિની વ્યવસ્થા કરીને અયોધ્યામાં પહોંચ્યો અને રાજાવડે સ્વયં શૂર ત્યાં જોવાયો. (૧૧) અને અતિ ગૌરવથી રાજાએ તેને વિપુલ દ્રવ્ય આપ્યું અને રાજાની સેવા કરતો સુખેથી રહે છે અને ઉત્તમ ઇષ્ટ વસ્ત્રો વગેરે પત્નીને મોકલે છે.

હવે કોઈ વખત શૂરના હારમાં ફુલો છે તેવા પ્રકારના ફુલો અયોધ્યામાં સર્વત્ર ખલાસ થઈ ગયા. ધનથી પણ ક્યાંય મળતા નથી ત્યારે રાજાએ નજીકમાં રહેલા માણસોને પુછ્યું કે શું અહીં ક્યાંય આવા પ્રકારના ફુલો દેખાય છે ? પછી તેઓ જવાબ આપે છે કે આવા પ્રકારના ફુલો બીજે ક્યાંય દેખાતા નથી પરંતુ કયાંયથી પણ આવા પ્રકારના અમ્લાન સુગંધી પુષ્પોથી ગુંથાયેલા હારને મસ્તકમાં ધારણ કરતો આ રાજપુત્ર હંમેશા દેખાય છે. પછી રાજાએ શૂરને આ વ્યતિકર પુછ્યો. પછી શૂરે પણ સર્વ હકીકત યથાસ્થિત જ કહી એટલે રાજા વિસ્મિત થયો અને વિચારે છે કે શું સ્ત્રીઓને પણ આવું શીલનું સત્ત્વ હોય છે ? જેનો પતિ લાંબો સમયથી પરદેશ ગયો હોય. વિશેષ પ્રકારના રૂપ અને યૌવનનો ભાવ ખીલ્યો હોય ત્યારે-તે સ્ત્રી શું બીજાથી ક્ષોભિત ન કરાય ? તેથી હું આની ખાતરી કરું અને રાજાની પાસે કિંનર અને ગંધર્વ નામના બે ગાયકો છે

અને નામથી અને કંઠથી કોકિલા ગાયીકા (ગીત ગાનારી સ્ત્રી) છે જેઓવડે ગીત ગાવામાં દેવો પણ જિતાયા છે અને તેઓના ગીતો સાંભળીને મુનિઓ પણ ક્ષોભ પામે છે. (૧૯) તે ગાયકોનું રૂપ સૌભાગ્ય અનુત્તર છે અને બોલવામાં નિપુણ એવા તેઓ ઇન્દ્રાણીઓને પણ વશમાં કરે છે. રાજાએ આ ત્રણેયને ગુપ્ત રીતે ઋષભપુર ચંદ્રવદના પાસે મોકલ્યા અને જઈને વિરહ વર્ણનના ભાવવાળા ગીતોથી તેને એવી રીતે આકર્ષે છે જેથી ક્ષણ પણ તેઓના પડખાને છોડતી નથી. પછી અતિશય આક્ષિપ્ત થયેલી જાણીને ગાયકો શુદ્ધ સ્વભાવવાળી ચંદ્રવદના પાસે એકાંતમાં કોઈપણ રીતે અનાચારની માગણી કરે છે. પછી ચંદ્રવદનાએ જાણ્યું કે આ દુષ્ટો છે પણ શુભભાવવાળા નથી તેથી પોતાના ભાવને છૂપાવીને તેઓની સન્મુખ ચંદ્રવદના કહે છે કે અહીં શું અયુક્ત છે ? આવતી કાલે રાત્રે તમે ત્રણેય તૈયાર થઈને આવો. પછી ખુશ થઈને તેઓ ગયા.

આ બાજુ ચંદ્રવદનાએ સૂતરના તાંતણાઓથી ખાટલાઓને ભરાવીને (તૈયાર કરાવીને) ઉપર મુકાવ્યા. બીજા દિવસે તેઓ શ્રેષ્ઠ શ્રૃંગાર કરીને રાત્રીએ ત્યાં આવ્યા. પછી દાસચેટીએ કહ્યું કે આગળ ખાટલા પર બેસો, હું સ્વામિની પાસે જઈને ખબર આપું. વસ્ત્રથી આચ્છાદિત કરેલ સૂતરથી ભરેલા ખાટલાઓ ઉપર ત્રણેય પણ જેટલામાં બેસે છે તેટલામાં ભૂમિઘરની અંદર પડ્યા અને દુઃખી થયેલા અકળામણને અનુભવતા રહે છે. (૨૮) પછી ભોજન વખતે અર્ધાસ્થવથી* કોદ્રવકૂરને ત્રણેયને અપાવે છે અને એક કરક પાણીનો મોકલાવે છે ઘણા દિવસો પછી તેઓનું શરીર કપાસની પૂણી જેવું સફેદ થયું.

અને આ બાજુ રાજા અયોધ્યામાં વિચારે છે કે અન્ય સ્થાનોમાં મારા ગાયકોને મોકલવામાં આવે છે ત્યારે પાછા ફરતા આટલો વિલંબ થતો નથી. જ્યારે અહીં આટલો વિલંબ થયો તેથી કોઈ કારણ હોવું જોઈએ. (૩૧) પછી રાજાએ બીજે દિવસે શૂર રાજપુત્રને એકાંતમાં કહ્યું કે અમે સ્વયં તારી શીલવતી સ્ત્રીને જોવા ઇચ્છીએ છીએ. પછી શૂરે કહ્યું કે જેવી દેવની આજ્ઞા. કોઈને કહ્યા વગર તે બંને પણ છૂપી રીતે શીઘ્ર વાહનમાં ત્યાં ગયા. આગળથી જઈને શૂરે પત્નની તે સમગ્ર પણ વૃત્તાંત જણાવ્યો. ચંદ્રવદનાએ પણ શૂરને પૂર્વનો સર્વવૃત્તાંત જણાવ્યો. પછી શૂરે કહ્યું કે હમણાં અહીં શું કરવા જેવું છે ? પછી ચંદ્રવદના કહે છે કે રાત્રીમાં રાજાને તમારે અહીં લાવવા. પછી તે રાજાની પાસે ગયો અને ચંદ્રવદનાએ ત્રણેય ગાયકોને ભૂમિગૃહમાંથી બહાર કઢાવીને, સ્નાન કરાવી, કુસુમમાળાથી પૂજીને ઉત્તમ સ્થાન પર રખાયા અને રાત્રીનો પ્રથમ પહોર પુરો થયો એટલે શૂર પણ રાજાને લઈને આવે છે અને સ્ત્રીને વાત કરે છે. તે પણ કહે છે કે પહેલા દેવાલયના પટ્ટ પર રહેલા ત્રણેય દેવતાઓને પગે પડાવો. (૩૮) પછી શૂર રાજાને આ ત્રણેય ને બતાવીને સ્વયં પાછો ફર્યો. રાજાએ પણ આ ત્રણેયને સફેદ શરીરવાળા જોયા. પછી રાજા જેટલામાં સફેદવસ્ત્રવાલા, સફેદ પુષ્પોની માળાઓથી ચારે બાજુથી પૂજાયેલા એવા તેઓના પગમાં પડે છે તેટલામાં તેઓએ ધીમેથી કહ્યું કે અમે કિંનર, ગંધર્વ અને કોકિલા છીએ તેથી હે દેવ ! તમે અમારા પગમાં ન પડો. પછી રાજાવડે પુછાયેલા તેઓએ પણ સર્વ વૃત્તાંત કહ્યો અને ભીંતની પાછળ ઊભેલા શૂરે સાંભળ્યો. રાજા પણ ત્યાર પછી આ ત્રણેયને લઈને શૂરની સાથે ચંદ્રવદના પાસે જાય છે નમીને તેઓ શૂરની સમક્ષ તેની શીલબુદ્ધિની પ્રશંસા કરે છે. (૪૩) પછી રાજા તથા ગાયકો, શૂર અને ચંદ્રવદના અયોધ્યા ગયા અને ખુશ થયેલ રાજાએ શૂર તથા ચંદ્રવદનાને ઘણી પ્રસન્નતાથી વરદાન આપ્યું. પછી આ બંનેનો ત્યાં સુખેથી કાળ પસાર થાય છે.

હવે કોઈ વખત શૂર બહાર ઉદ્યાનમાં શિકાર કરે છે અને વૃદ્ધ ડુક્કરના સમૂહને પકડે છે અને ડુક્કરને

* અર્ધસ્થવ = એક જાતનું ભોજનને માપવાનું માપ છે અને કરક પાણીનું માપ છે.

મારીને અગ્નિમાં શેકીને બહાર જ ભોજન કરતો આ અતિશય-જ્ઞાની એવા મુનિવરથી જોવાયો. ભોજન કર્યા પછી મુનિએ કહ્યું કે અહો હો ! સંસારના વિલાસોને તો જુઓ જેમાં નિઘૃણ એવા સ્વપુત્રવડે મારીને પિતાનું ભક્ષણ કરાય છે. (૪૮)

હે મુનિવર ! આવું કોણ કરે છે એમ શૂરે પુછ્યું ત્યારે મુનિ કહે છે કે જે દૃઢરથ નામનો તારો પિતા હતો તે સ્વકર્મદોષથી આ ડુક્કરના ભવમાં ઉત્પન્ન થયો છે જે તારાવડે ભક્ષણ કરાયો. ઘણી ખાતરીઓથી અને યુક્તિઓથી આ સંગત હકીકત કહ્યા પછી તે પોતાને ફરી ફરી નિંદે છે તથા સંવિગ્ન થયેલ ઘરે ગયો અને બીજે દિવસે પોતાની પત્નીને લઈને મુનિપાસે આવ્યો. તે મુનિ પણ તેઓની યોગ્યતાને જાણીને કહે છે કે જીવોને મનુષ્યભવાદિ સામગ્રી પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે અને જે આ સામગ્રીને મેળવીને પણ રસની આસક્તિ આદિથી હારી જાય છે, તે નરક અને તિર્યંચ ગતિમાં દુઃખથી અનંતભવો ભમે છે. તિર્યંચગતિ સુધીના બધા જીવોને આ કામભોગો રમણીય લાગે છે તથા બધા જીવોને વિશે સાધારણ છે. જો વિશિષ્ટ પુરુષ પણ તે કામભોગોને વિશે રમણ કરે તો તેનો પશુઓથી શું ભેદ છે ? તથા સંસારમાં ભમતા જીવો વડે અનંતીવાર ભોગો ભોગવાયા અને તેના નિમિત્તે ઉપાર્જન કરેલ દુઃખો પણ ભોગવાયા. દેવલોકમાં ઉત્પન્ન થયેલ જીવ વડે અનંતીવાર સુખો ભોગવાયે છતે જો સંતોષ ન થયો તો આ તુચ્છ, કષ્ટસાધ્ય, લાખો દુઃખોથી અનુવિદ્ધ (સહિત = અરસપરસ મળેલા) એવા મનુષ્યભવના સુખથી શું સંતોષ થશે ? અને જે સંસારમાં પુત્રોવડે પિતા પણ હણાય છે અને માતાપિતાવડે પુત્રો પણ હણાય છે તે સંસારમાં ધીર પુરુષો કેમ રાગ કરે ? ઇત્યાદિ મુનિના સારા બોધ-પ્રદ વચનોને સાંભળીને સંવિગ્ન થયેલા તેઓ મુનિમૃગેન્દ્રની પાસે સંસાર રૂપી દાવાનળને શાંત કરનાર નવા વાદળની વૃષ્ટિ સમાન જિનદીક્ષાને ગ્રહણ કરે છે. શૂર તે મુનિની પાસે અને ચંદ્રવદના આર્યાની પાસે ઉગ્ર તપ કરીને કર્મથી મુકાયેલા સિદ્ધ થયા. (૬૧)

**अथ हस्तिनमधिकृत्याऽऽह – હવે હાથીને આશ્રયીને કહેવાય છે–**

**लुद्धो फासंमि करेणुयाए वारीए निवडिओ दीणो ।**
**झिज्झइ दंती नाडयनियंतिओ सुक्खरुक्खम्मि ।।२२३।।**

**विंझरमियाइं सरिउं झिज्झंतो निबिडसंकलाबद्धो ।**
**विद्धो सिरम्मि सियअंकुसेण वसिओ सि गयजम्मे ।।२२४।।**

**सोऊण सीहनायं पुव्विं पि विमुक्कजीवियासस्स ।**
**निवडंतसीहनहरस्स तत्थ किं तुह दुहं कहिमो ? ।।२२५।।**

**भिसिणीबिसाइं सल्लइदलाइं सरिऊण जुन्नघासस्स ।**
**कवलमगिण्हंतो आरियाहिं कह कह न विद्धो सि ? ।।२२६।।**

**पडिकुंजरकढिणचिहुट्टदसणखयगलियपूयरुहिरोहो ।**
**परिसक्किरकिमिजालो गओ सि तत्थेव पंचत्तं ।।२२७।।**

जूहवइत्ते पज्जलियवणदवे निरवलंबचरणस्स ।
मेहकुमारस्स व दुहमणंतसो तुह समुप्पन्नं ।।२२८।।

लुब्धः स्पर्शे करेण्वा वारिषु निपतितो दीनः
क्षीयते दन्ती नाडीनियंत्रितः शुष्कवृक्षे ।।२२३।।

विन्ध्यरतानि स्मृत्वा क्षीयमाणो निविडशृंखलाबद्धः
विद्धः शिरसि शितांकुशेन उषितोऽसि गजजन्मनि ।।२२४।।

श्रुत्वा सिंहनादं पूर्वमपि विमुक्तजीविताशस्य
निपतत्सिंहनखरस्य तत्र किं तव दुःखं कथयामः ? ।।२२५।।

बिशिनीबिशानि सल्लकीदलानि स्मृत्वा जीर्णवासस्य
कवलान् गृह्णान् आरादिकैः कथं कथं न विद्धः ? ।।२२६।।

प्रतिकुंजरकठिनविस्तीर्णदशनक्षतगलित्तपूयरुधिरौघः
परिष्वष्किितकृमिजालो गतोऽसि तत्रैव पंचत्वम् ।।२२७।।

यूथपतित्वे प्रज्वलितवनदवे निरवलम्बचरणस्य
मेघकुमारस्येव दुःखमनन्तशस्तव समुत्पन्नम् ।।२२८।।

**ગાથાર્થ :** સ્પર્શેન્દ્રિયમાં આસક્ત થયેલો હાથી હાથીણીમાં મોહિત થયેલો વારીમાં* પડ્યો અને દોરડાથી સૂકાવૃક્ષમાં બંધાયેલો, દીન, મરણ પામે છે. (૨૨૩)

વિંધ્યપર્વતમાં કરેલી રતિ ક્રીડાઓને યાદ કરીને ઝૂરતો, નિબિડ સાંકળથી બંધાયેલો, હાથીના ભવમાં તું તીક્ષ્ણ અંકુશવડે માથામાં વીંધાયો છે - (૨૨૪)

પૂર્વપણ સિંહનાદને સાંભળીને, જીવિતની આશાથી મુકાયેલો અને ત્રાકટેલા સિંહના નહોરનું જે દુઃખ તે અનુભવ્યું તે ભવનું અમે શું વર્ણન કરીએ ? (૨૨૫)

કમળના નાળોને તથા શલ્કીના પાંદડાઓને યાદ કરીને, જીર્ણ ઘાસના કોળીયાને ગ્રહણ નહીં કરતો આરોથી અંકુશોથી તું કઈ કઈ રીતે વીંધાયો નથી ? (૨૨૬)

દુશ્મન હાથીના કઠણ અને મોટા દાંતથી કરાયેલ જખમ (ક્ષત)માંથી ગળતા છે પરુ અને લોહીના સમૂહો જેના, સળવળતો છે કૃમિઓનો સમૂહ જેમાં એવો તું ત્યાં જ મૃત્યુ પામ્યો. (૨૨૭)

યૂથપતિહાથીના ભવમાં દાવાનળ પ્રજ્વલિત થયે છતે, મેઘકુમારની જેમ આધાર (ટેકા) વિના ઉપર રાખેલા પગવાળા એવા તને અનંતવાર દુઃખ ઉત્પન્ન થયું છે. (૨૨૮)

**इहाटव्यां बृहत्करिणः किलैव ध्रियन्ते-वारिनामिका महती गर्त्ता खन्यते, इयं चासारकाष्ठैस्तृणरेण्वादिभिश्चाच्छाद्यते, तस्याश्च अपरभागे करेणुका ध्रियते, तत्स्पर्शे च लुब्धो वनकरी धावति, स च रागान्धो गर्तामपश्यंस्तस्यामधो**

* વારી એટલે હાથીને ફસાવા માટે ખોદેલ મોટો ખાડો

**निपतति, तन्मध्ये च बुभुक्षितं तमनेकदिनानि धरन्ति, ततोऽतिसन्नमकिंचित्करं सन्तं ततः समाकृष्य राजसमीपं नयन्ति, तत्र च शुष्कवृक्षे चर्ममयमहानाडकनियंत्रितो दीनः प्रतिदिनं क्षीयते ।। 'दंती'ति गजमेवाधिकृत्याऽऽत्मजीवं कश्चिदनुशास्ति-शितं-तीक्ष्णमंकुशं, शेषं सुगमं ।। तथा-'सोऊण' सुगमा ।। 'भिसिणी' सुगमा ।। अपरं च – 'पडिकुंजर' प्रतिपक्षहस्ती तस्य सम्बन्धिनौ कठिनौ चिहुट्टौ-शरीरैकदेशसन्निमग्नौ यो दन्तौ तज्जनितक्षतेभ्यो गलितः पूयरुधिरौघो यस्य स तथा, अत एव तेषु क्षतेषु परिभ्रमत्कृमिजालो गतोऽसि तत्रैव-गजजन्मनि पञ्चत्वं मरणभावमिति ।। अथ गजमेवाधिकृत्योदाहरणगर्भामात्मानुशास्तिमाह – यथा मेघकुमारस्य गजयूथपतित्वे वनदवे प्रज्वलिते निष्कचवरस्थण्डिलस्थस्य निरालम्बोत्क्षिप्तैकचरणस्य दुःखमुत्पन्नं तथा तवापि जीव ! तथाविधं दुःखमनन्तशः समुत्पन्नं, अत एव तदवगम्य तथा यतस्व तथा पुनरप्येवंविधदुःखभाग् न भवसीति भावः ।। कः पुनरसो मेघकुमारः ? कथं यूथाधिपतेस्तस्य दुःखमुत्पन्नमिति, ? उच्यते –**

**ટીકાર્થ :** અહીં જંગલમાં મોટા હાથીઓને આવી રીતે પકડવામાં આવે છે- વારી નામનો એક મોટો ખાડો ખોદવામાં આવે છે અને તે ખાડો જીર્ણશીર્ણ લાકડાંઓથી તથા ઘાસ અને રજથી ઢાંકવામાં આવે છે અને વારીના સામેના ભાગમાં એક હાથીણીને ઊભી રાખવામાં આવે છે. તેના સ્પર્શમાં લુબ્ધ જંગલનો હાથી દોડે છે અને તે રાગાંધ હાથી ખાડાને નહીં જોતો તેમાં નીચે પડે છે. તે ખાડામાં પહેલાં હાથીને અનેક દિવસો સુધી ભુખ્યો રાખવામાં આવે છે. પછી અતિકૃશ અને કંઈપણ કરવા અસમર્થ થયેલા તેને તેમાંથી બહાર ખેંચીને રાજાની પાસે લઈ જાય છે અને ત્યાં સુકાઈ ગયેલા ઝાડમાં ચામડાના મોટા દોરડાથી બાંધેલ દીન થયેલો પ્રતિદિન ક્ષીણ થાય છે.

'दंति त्ति' એ પ્રમાણે હાથીને આશ્રયી કોઈક પોતાના આત્માને શિખામણ આપે છે. શિતં એટલે તીક્ષ્ણ અંકુશ. બાકીનું સુગમ છે તથા सोउण ' અને भिसिणी એ બે ગાથા સુગમ છે.'

અને બીજું, 'पडिकुंजर" દુશ્મન હાથી અને તેના સંબંધી બે કઠણ દાંત જે તેના શરીરના એક દેશ (ભાગ)માં લાગેલા છે તે બે દાંતવડે કરાયેલ જખમમાંથી પરુ અને લોહીનો સમૂહ ગળે છે જેનો અને આથી જ તે જખમમાં ઉત્પન્ન થયેલ અને સળવળતા કૃમિના સમૂહવાળો તું પોતે તે ભવમાં જ મૃત્યુ પામ્યો એમ કહેવાનો ભાવ છે.

હવે હાથીને આશ્રયીને ઉદાહરણપૂર્વક આત્માને શિખામણ આપતા કહે છે - જેમ મેઘકુમારને હાથીના યૂથપતિના ભવમાં દાવાનળ પ્રજ્વલિત થયે છતે ઘાસ વિનાના માંડલાની અંદર નિરાલંબન એક પગ ઊંચો કરીને જે દુઃખ થયું તેમ તારે પણ હે જીવ ! તેવા પ્રકારનું દુઃખ અનંતવાર ઉત્પન્ન થયું. આથી જ તેને જાણીને તેવી રીતે પ્રયત્ન કર જેથી ભવિષ્યમાં આવા પ્રકારના દુઃખને પ્રાપ્ત ન કરે. એ પ્રમાણે કહેવાનો ભાવ છે.

પણ આ મેઘકુમાર કોણ છે ? કેવી રીતે તે યૂથાધિપતિને દુઃખ ઉત્પન્ન થયું ? તે કહેવાય છે-

## મેઘકુમારનું કથાનક

મગધ દેશમાં રાજગૃહ નામનું શ્રેષ્ઠ નગર હતું. જેમાં સદ્-અર્થવાળો (નીતિથી ઉપાર્જન કરેલ ધનવાળો) પણ સંખ્યાતીત (અસંખ્ય) લોક વસે છે જેમાં દ્વારપાળો જ પરના (दाराइं =) દરવાજાઓનું સેવન કરે છે. પણ લોકો (दाराइं =) પરસ્ત્રી સેવન કરતા નથી. તથા જેમાં લોકોનો પ્રદ્વેષ અકાર્યને વિશે છે પણ પરસ્પરને વિશે નથી. રાજગૃહમાં શ્રેણીક નામનો રાજા છે જે સમ્યક્ત્વને વિશે દૃઢ છે, જેણે વીર જિનેશ્વરના

સમયમાં મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને તેને ધારિણી નામે રાણી છે અને ધારિણી ક્યારેક રાત્રીના પાછલા ભાગમાં શ્વેત હાથીને મુખમાં પ્રવેશેલો જુએ છે. પછી નિમિત્તિકોએ રાજાને કહ્યું કે શ્રેષ્ઠપુત્રનો જન્મ થશે. હવે તે દિવસથી માંડીને ધારિણીનો ગર્ભ વધે છે. (૫) પછી ત્રીજા માસે અકાલમેઘ વિશે દોહલો થયો. પછી વિચારે છે કે ચારે બાજુથી અકાળે ઉન્નત મેઘમાં શ્રેણીકરાજા વડે અનુસરાતી, હાથી ઉપર આરૂઢ થયેલી, શોભતા શ્વેત છત્રને ધારણ કરતી એવી હું રાજગૃહ નગરીમાં ભ્રમણ કરું તો મારો દોહલો પૂર્ણ થાય પણ આજે આ દુર્ઘટ છે એમ હું માનું છું. આ ચિંતાથી તેનું શરીર પ્રતિદિન ક્ષીણ થાય છે. (૮) પછી રાજાવડે આગ્રહથી પુછાયેલી ધારિણી દોહલાને કહે છે. રાજા પણ અભયકુમારને આ વાત જણાવે છે. અભયકુમાર પણ ઉપયોગ પૂર્વક અટ્ઠમભક્તથી પૌષધશાળામાં રહેલો પૂર્વભવના મિત્ર સૌધર્મવાસી દેવની આરાધના કરે છે. પછી દેવ ધારિણીનો અકાળ મેઘનો દોહલો પૂર્ણ કરે છે. પછી ક્રમથી ઉચિત સમયે ધારિણી પણ શ્રેષ્ઠ રૂપ અને લક્ષણથી યુક્ત પુત્રને જન્મ આપે છે. દોહલાને અનુસારે તેનું નામ મેઘકુમાર રખાયું. મોટો થયેલો તે ક્રમથી કળાઓને શીઘ્ર ભણે છે. હવે યૌવન ભાવને પામેલો દેવાંગનાઓને પણ અભિલાષનીય એવો તે રાજાઓની સુરુપ કન્યાઓને પરણે છે. ક્યારેક વિહાર કરતા શ્રી વીરજિનેશ્વર ત્યાં પધાર્યા. તેની પાસે જિનધર્મ સાંભળીને શ્રાવક થયો. (૧૪)

પછી વિહાર કરીને ફરી પણ ભગવાન ત્યાં આવ્યા અને સંવિગ્ન મેઘકુમાર તેમની પાસે દીક્ષા સ્વીકારે છે. પછી રાત્રીની અંદર યથારત્નાધિક સાધુના સંથારાને કરતા મેઘકુમારનો સંથારો વસતિ (ઉપાશ્રય)ના દરવાજા પાસે આવ્યો. વાચના-સંપુચ્છના આદિ કાર્યોને વિશે નીકળતા અને પ્રવેશતા સાધુઓના પગાદિનો સંઘટ્ટો મેઘકુમારના હાથ, પગ અને મસ્તકમાં એવી રીતે થયો કે જેથી તેને આખી રાત્રીમાં પણ નિદ્રા ન આવી. (૧૮) પછી વિચારે છે કે હું જ્યારે ગૃહસ્થાવસ્થામાં હતો ત્યારે સર્વ સાધુઓ મારો આદર કરતા હતા પણ હમણાં જુઓ મને કેવા નિ:શંક, દૃઢ કદર્થના કરે છે. તેથી પ્રભાત સમયે શ્રી વીરજિનેશ્વરને પૂછીને ઘરે જાઉં, હજુ પણ મારે શું બગડ્યું છે ? એ પ્રમાણે વિચારીને સમોવસરણમાં બેઠેલ શ્રીવીર જિનેશ્વરની પાસે જેટલામાં જાય છે તેટલામાં ભગવાને સ્વયં જ કહ્યું કે હે મેઘ ! તને આજે રાત્રીમાં આવા પ્રકારનો વિકલ્પ થયો. પછી મેઘ કહે છે કે હા, તે પ્રમાણે જ વિકલ્પ થયો. પછી જિનેશ્વરે કહ્યું કે હે ભદ્ર ! પરિણત થયું છે જિનેશ્વરનું વચન જેઓને, ઘણાં ધૈર્યવાળા તમારા જેવાને આ ઉચિત નથી કેમકે અનાદિ સંસારમાં રહેતા જીવે નરકાદિનું ઘણું દુ:ખ અનુભવ્યું છે. હે ભદ્ર ! આ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં તારા વડે જે દુ:ખ અનુભવાયું છે તેની અપેક્ષાએ તારે અહીં કેટલું દુ:ખ છે ? (૨૪) પછી મેઘે પુછ્યું કે હે પ્રભુ ! તે ભવમાં મારાવડે શું દુ:ખ અનુભવાયું છે ? પછી જિનેશ્વર કહે છે કે તારાવડે જે દુ:ખ અનુભવાયું છે તેને એક મનવાળો થઈને સાંભળ. (૨૫)

આજ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વનચરોવડે જેનું નામ પડાયું છે એવો તું સુમેરુપ્રભ નામનો ભદ્રજાતિથી યુક્ત એક હજાર હાથીઓનો અધિપતિ, સાત અંગથી પ્રતિષ્ઠિત (અર્થાત્ સાત અંગથી* પરિપૂર્ણ) ત્રીજા ભવમાં શ્રેષ્ઠ હાથી હતો. ગિરિના ઝરણા ગુફા અને જંગલમાં શ્રેષ્ઠ મદનીયા અને નાની હાથીણીઓની સાથે પ્રમુદિત ચિત્તવાળો તું જ્યારે રમતો હતો ત્યારે ક્યારેક લોકને સુખ આપનાર વસંત ઋતુ પૂર્ણ થયા પછી મત્સરથી જ સંતાપને વહન કરતો દુર્જનની જેમ ઉનાળો શરૂ થયો. જે ઉનાળો પ્રચંડ કિરણોના તાપ સાથે પ્રચંડ પવનને ફુંકતો પ્રજાને ભુવનરૂપી લુહારની ભટ્ટીમાં નાખીને હંમેશા પીડે છે. જેમાં શીતળતાના આદરવાળો લોક હાર-મણી-ચંદ્ર-ચંદન-પાણીથી ભીંજાવેલા સુતરાઉ વસ્ત્રો, જળાશય તથા વન અને જળયંત્રોવાળા ઘરોનું (જે

* સાત અંગથી પરિપૂર્ણ: ચાર પગ, સૂંઢ, પૂંછડું અને લિંગ એમ સાત અંગથી પરિપૂર્ણ અર્થાત્ બિલકુલ ખોડખાપણ વિનાનો.

ઘરો ઉપર પાણીના ફુવારા ફરી રહ્યા છે તેવા ઘરોનું) સેવન કરે છે. જેમાં પાકેલા ફળોના સમૂહથી નમેલા આંબાના વનોમાં વિશ્રામ કરતા મુસાફરોને ગમનમાં (ઇચ્છિત સ્થળે પહોંચવામાં) ઘણો અંતરાય થાય છે. (૩૨) જેમાં નવમલ્લિકાનો એક ગુચ્છો પણ કામિજનને કામાધીન કરે છે તો પછી સુગંધથી વાસિત કરાયું છે દિશાઓરૂપી અંત જેનાવડે એવા શ્રેષ્ઠ પાટલ પુષ્પોની સહાય હોય ત્યારે શું વાત કરવી ? જે ઉનાળો શ્વેતમલ્લિકાના ફુલના બાનાથી હા હા હા એ પ્રમાણે કરતો વૃક્ષોની છાયામાં આળોટતા સકલ મુસાફર લોક પર જાણે હસે છે. જંબુ વૃક્ષના ફુલોનો સમૂહ પોતાનાથી ઉત્પન્ન થયેલા ફળો વડે પડાય છે અંગથી ઉત્પન્ન થયેલા પણ પ્રતિકૂળ સમયે અનુચિત આચરણ કરે છે. ધૂલીકદંબ પુષ્પોનો સુગંધ વિરહિણી વર્ગને સંતાપે છે. દુર્જનની મૈત્રીની જેમ રાત્રીઓ ક્રમથી ક્ષીણ થાય છે. (૩૬) સૂર્યને ઉત્તર ઉત્તર દિશામાં અયન કરતા જોઈને તથા દક્ષિણ દક્ષિણ દિશાના માર્ગને છોડતા જોઈને દિવસો હર્ષથી વર્ધિત થયા. (અર્થાત્ દિવસો મોટા થયા.) જ્યાં શીતળ નદી વગેરેના કાંઠા પર રહેલા કેળ અને લવલીના લતા ઘરોમાં પાથરેલા કમળના પાંદડાની શૈય્યાઓ ઉપર યુગલો ક્રીડા કરે છે. (૩૮) વંટોળીયાઓ વાય છે, દાવાનળનો અગ્નિ અરણ્યોને બાળે છે, કુમતિઓમાંથી ગુણોનો સમૂહ નાશ પામે છે તેમ વનના પાંદડાંઓનો સમૂહ ખરી પડે છે. ઋતુમતી સ્ત્રીઓની જેમ રજવાળી દિશાઓ ઉદ્વેગને ઉત્પન્ન કરે છે. ક્ષુધા અને તાપથી સંતપ્ત થયેલો દરિદ્રનો સમૂહ પરિભ્રમણ કરે છે અને ત્યાં ઉનાળાની ઉગ્રતા વધી ત્યારે ક્યારેક ચારે બાજુથી કઠોર પવનથી પ્રેરાયેલા દાવાનળવડે અરણ્ય પ્રજ્વલિત થયો ત્યારે સર્વદિશાઓ ધુમાળાથી વ્યાકુળ થઈ, જંગલી પશુઓનાં સમૂહો દાઝ્યા, ભયંકર સૂંઢને સંકોચીને પૂંછડીને ઊંચી કરીને ભયથી ત્રાસ પામેલો, વૃક્ષ સમૂહને ભાંગતો. વેલડીઓની વાડોને ચૂરતો, લાદ (વિષ્ટા)ના સમૂહને મૂકતો, જરાથી જીર્ણ થયેલો એવો યૂથપતિ હાથી પોતાના હાથી-હાથીણીઓની સાથે ભાગતો એક સરોવર પાસે ગયો અને તે સરોવરમાં અલ્પપાણી હોવાથી અને પોતે વૃદ્ધ થયો હોવાથી તેમાંથી નીકળવા સમર્થ ન થયો. તે વખતે પોતાના યૂથમાંથી હાંકી કઢાયેલા એક શ્રેષ્ઠ હાથીવડે તે જોવાયો. પછી વેરને યાદ કરીને તેણે તને તીક્ષ્ણ દાંતોથી વીંધ્યો. (૪૫) પછી સાત-દિવસ રાત તીવ્ર વેદનાથી આક્રાંત થયેલો સર્વ એકસો વીશ વર્ષનું આયુષ્ય પાળીને, આર્ત્તધ્યાનને પામેલો, તિર્યંચનું આયુષ્ય બાંધીને અંતે મરીને આજ ભરત ક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં ચારદાંતવાળો, શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત, સાતસો હાથીઓના યૂથનો નાથ એવો તે મેરુપ્રભ નામનો ગંધહસ્તી થાય છે અને ગિરિ-પર્વત તથા જંગલોમાં ભમે છે. કોઈક વખત ઉનાળામાં વનમાં ઘણી વ્યાકુળતા કરનારો દાવાનળ ઉત્પન્ન થયો. (૫૦) આ વ્યાકુળ કરનારો અગ્નિ મારાવડે શું પૂર્વે ક્યાંય જોવાયો છે ? એ પ્રમાણે ઊહાપોહ કરતાં તને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પ્રથમ વરસાદ શરૂ થયો ત્યારે કોઈ એક પ્રદેશમાં તે ઘણાં હાથી આદિઓની સાથે પહોંચ્યો અને વૃક્ષ-ઘાસ-લાકડા વગેરેને ઉદ્ધરીને (ઉખેડીને) એક છેડે દૂર કરાવીને મોટું માંડલું કરાવે છે. દવના ભયમાં પોતાના યૂથને રહેવાને માટે ચોમાસાના મધ્યમાં બીજા માંડલાને પણ કરાવે છે અને ચોમાસાની પૂર્ણાહુતિમાં ત્રીજું માંડલું કરાય છે. (૫૪) પછી ઉનાળામાં ફરી દાવાનળ સળગ્યો ત્યારે તે હાથી તે જ રીતે ભાગીને પ્રથમ માંડલામાં જેટલામાં પહોંચ્યો તેટલામાં તે માંડલું ચિત્તા-વરુ-વાઘ- અને હરણોથી ભરાઈ ગયું હતું. તેવી જ રીતે બીજું માંડલું ભરાઈ ગયું હોવાથી કરુણાથી તેને પણ છોડીને ત્રીજા માંડલામાં જઈને પરિવાર સહિત રહ્યો. પછી ખંજવાડવા માટે પગને જેટલામાં ઊંચકે છે તેટલામાં તે સ્થાનમાં સસલો આવીને રહ્યો અને તેણે સસલાને કરુણાથી જોયો અને પગ નીચે ન મુક્યો અને ધીર એવો તે પગ ઊંચો કરીને રહ્યો. સસલાની અનુકંપાથી મનુષ્ય આયુષ્ય બાંધ્યું અને સંસાર પરિમિત કર્યો. હવે તે વનનો દાવાનળ અઢી રાત દિવસ સુધી સળગીને શાંત પડે છે ત્યારે અગ્નિના ભયથી મુક્ત થયેલા જંગલીપશુઓના સર્વ સમૂહો માંડલાઓને છોડીને જાય છે.

હવે તે શ્રેષ્ઠહાથી પણ જેટલામાં ચાલે છે તેટલામાં જીર્ણશરીરવાળો, જામી ગયેલા લોહીવાળો, ક્લેશને પામતો 'ધસ' એમ કરતા પૃથ્વીતળ પર પડ્યો અને ત્રણ રાત દિવસ સુધી શિયાળના ભક્ષણ વગેરેની તીવ્ર વેદનાઓને સહન કરે છે. સો વરસનું સર્વ આયુષ્ય પાળીને, વેદનાને સમભાવપૂર્વક સહન કરીને તું અહીં શ્રેણિકનો પુત્ર થયો. (૬૩) તેથી જો તિર્યંચના ભવમાં પણ તારાવડે સારી રીતે વેદના સહન કરાઈ અને કરુણાથી સસલાની ઉપર પગ ન મુક્યો તો હમણાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય આદિ વ્રતોથી યુક્ત સાધુઓના પગના સંઘટ્ટાને કેમ સહન કરતો નથી ? કેમકે તિર્યંચના ભવમાં દુઃખને પ્રાપ્ત કરીને જે સહન કર્યું છે તેની અપેક્ષાએ આ કેટલું માત્ર છે ? છતાં પણ અનંતગુણ નિર્જરાના ફળવાળું છે. એ પ્રમાણે સાંભળીને મેઘ જાતિસ્મરણથી તે સર્વને સ્વયં જ યાદ કરે છે પછી મિચ્છામિ દુક્કડં આપીને આ પ્રમાણે અભિગ્રહ કરે છે. "એક આંખોને છોડીને બાકીના શરીરના સર્વ અવયવોમાં સાધુઓનો સંઘટ્ટો થાય તો પણ મારે મનમાં ખેદ ન કરવો." એ પ્રમાણે સમ્યગ્ અભિગ્રહ તથા અસ્ખલિત ચારિત્રને આરાધીને, ઘણાં કર્માંશોને ખપાવીને વિજય નામના અનુત્તર વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને તે મહાત્મા સુકુળમાં જન્મ લઈને, સર્વકર્મોનો નાશ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

**तदेव स्थलचराणां लेशतः स्वरूपमुक्तं, अथ शेषजलचरोपलक्षणार्थं मत्स्यमधिकृत्यात्मानुशास्तिगर्भं तत्स्वरूपमाह –**

આ પ્રમાણે સંક્ષેપથી સ્થળચરોનું સ્વરૂપ કહ્યું. હવે બાકીના જળચરોના ઉપલક્ષણને માટે માછલાનું વર્ણન કરીને આત્માને શિખામણ આપતા સારના સ્વરૂપને કહે છે.

અહીં વાચ્યાર્થ માછલું છે, બાકીના જળચરો લક્ષ્યાર્થ છે તેથી માછલાના વર્ણનથી બાકીના જળચરોનું (લક્ષ્યાર્થનું) વર્ણન સ્વયં સમજી લેવું.

**जाले बद्धो सत्थेण छिंदिउं हुयवहम्मि परिमुक्को ।**
**भुत्तो य अणज्जेहिं जं मच्छभवे तयं सरसु ।।२२९।।**

**छेत्तूण निसियसत्थेण खंडसो उक्कलंततेलम्मि ।**
**तलिऊण तुट्ठहियएहि हंत भुत्तो तहिं चेव ।।२३०।।**

**जीवंतोऽवि हु उवरिं दाउं दहणस्स दीणहियओ य ।**
**काऊण भडित्तं भुंजिओऽसि तेहिं चिय तहिं पि ।।२३१।।**

**अन्नोऽन्नगसणवावारनिरयअइकूरजलयरारद्धो ।**
**तसिओ गसिओ मुक्को लुक्को ढुक्को य गिलिओ य ।।२३२।।**

**बडिसग्गनिसियआमिसलवलुद्धो रसणपरवसो मच्छो ।**
**गलए विद्धो सत्थेण छिंदिउं भुंजिउं भुत्तो ।।२३३।।**

**पियपुत्तोऽवि हु मच्छत्तणंपि जाओ सुमित्तगहवइणा ।**
**बडिसेण गले गहिओ मुणिणा मोयाविओ कह वि ।।२३४।।**

**जाले बद्धः शस्त्रेण छित्त्वा हुतवहे परिपक्वः**
**भुक्तश्चानार्यैः यत् मत्स्यभवे तत् स्मर ! ।।२२९।।**
**छित्त्वा निशितशस्त्रेण खंडश उत्कलत्तैले**
**तलित्वा तुष्टहृदयैः हंत ! भुक्तस्तत्रैव ।।२३०।।**
**जीवन्नपि खलु उपरि दत्त्वा दहनस्य दीनहृदयश्च**
**कृत्वा भटित्रं भुक्तोऽसि तैरपि च तत्र ।।२३१।।**
**अन्योन्यग्रसनव्यापारनिरतातिक्रूरजलचरारब्धः**
**त्रस्तो ग्रस्तो मुक्तः नष्टः ढौकितश्च गलितश्च ।।२३२।।**
**वडिशाग्रन्यस्तामिषलवलुब्धो रसनापरवशो मत्स्यः**
**गलके विद्धः शस्त्रेण छित्त्वा भृष्ट्वा भुक्तः ।।२३३।।**
**प्रियपुत्रोऽपि खलु मत्स्यत्वे जातः सुमित्रगृहपतिना**
**वडिशेन गले गृहीतो मुनिना मोचितः कथमपि ।।२३४।।**

**ગાથાર્થ :** પૂર્વે માછલાના ભવમાં જાળમાં બંધાયો છે અને શસ્ત્રથી કાપીને અગ્નિમાં શેકાયો છે પછી અનાર્યોથી જે ભક્ષણ કરાયો છે તેને તું યાદ કર. (૨૨૯)

અને તે જ માછલાના ભવમાં તીક્ષ્ણ શસ્ત્રથી ટુકડે-ટુકડા કરીને, ઉકળતા તેલમાં તળીને ખુશ થયેલા હૈયાવાળા જીવોવડે તું ભક્ષણ કરાયો છે તેને યાદ કર. (૨૩૦)

અને તે માછલાના ભવમાં જીવતા પણ ખરેખર અગ્નિ ઉપર ચડાવીને, ભડથું કરીને દીન હૃદયવાળો તું તેઓવડે જે ભક્ષણ કરાયો છે તેને યાદ કર. (૨૩૧)

પરસ્પરને ગળી જવાના વ્યાપારમાં નિરત થયેલા અતિક્રૂર જળચરો વડે લેવા પ્રકારની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલો તું ત્રાસ પમાડાયો, મોઢામાં પકડાયો, મોઢામાં નહીં ગળાઈ શકતો હોવાથી છૂટેલો પાણીમાં છુપાયો, ફરી પાછો જળચરોની નજરમાં આવ્યો અને ગળાઈ ગયો તેને તું યાદ કર. (૨૩૨)

ગલના*કાંટાના આગળના તીક્ષ્ણ ભાગમાં પરોવેલા માંસના ટૂકડામાં લુબ્ધ થયેલો, રસનાને પરવશ થયેલો, એવો તું ગલમાં વીંધાયો અને શસ્ત્રથી છેદી અને ભુંજીને ભક્ષણ કરાયો તેને તું યાદ કર. (૨૩૩)

પ્રિયપુત્ર પણ માછલાના ભવમાં ઉત્પન્ન થયો. સુમિત્ર ગૃહપતિવડે ગલથી પકડાયો અને કોઈક રીતે મુનિવડે મુકાવાયો તેને તું યાદ કર. (૨૩૪)

**पंचापि सुगमाः ।। नवरं 'तहिं चेव' त्ति तस्मिन्नेव मत्स्यभवे 'तेहिं चिय' त्ति तैरेवानार्यैः 'तहिं पि' त्ति तस्मिन्नेव मत्स्यभवे, अन्योऽन्यग्रसनव्यापारनिरताश्च तेऽतिक्रूरजलचराश्च तैरारब्धो मत्स्यः कदाचित् त्रस्तः, ततो धावित्वा**

* ગલ એટલે માછલાં પકડવાનો આંકડો. લોખંડનો સળીયો છેડેથી બંને બાજુ વળેલો જેનાથી માછલા પકડી શકાય તે.



જીવતા માછલાને અગ્નિ ઉપર રાખીને ભડથું કરે છે. (વિશેષ વર્ણન માટે ૧૩૬ મા પેજમાં વાંચો.)



બિચારો મફતલાલ લમણા ઉપર હાથ મૂકીને કુટુંબના નિર્વાહની ચિંતા કરી રહ્યો છે. બિમાર પડેલી તેની સ્ત્રી ખાટલામાં સૂતી છે. પરણાવવા લાયક બનેલી છોકરી બાજુમાં ઊભી છે. સ્ત્રીની દવા માટે પણ પૈસા નથી તો છોકરીને પરણાવવા પૈસા ક્યાંથી લાવવા ? તેની ચિંતામાં પડ્યો છે. ક્ષણિક સુખ માટે આવી અનેક ઉપાધિઓ ઊભી કરીને આ જીવે આવાં દુ:ખો અનંતવાર સહન કર્યાં છે. હે જીવ ! આવા સંયોગોમાં તેં બીજાઓ પાસે પૈસા માટે કેટલી દીનતા કરી છે ! આ વખતે તારું અભિમાન ક્યાં ગયું ? માટે હવે અભિમાન છોડીને દેવ-ગુરુની ભક્તિ કર અને મા-બાપની સેવા કર. (વિશેષ વર્ણન માટે ૧૭૫મા પેજમાં વાંચો.)

**तैर्ग्रस्तो-गिलितुमारब्धः, पुनर्दैवयोगात् गिलितुमशक्तैः कथमपि मुक्तः, ततो भीत्या क्वापि जलमध्ये लुक्को-नष्टः, पुनर्दैवप्रतिकूलतया कथमपि 'ढुक्को' त्ति प्राप्तो गिलितश्चेति, बडिशं-प्रलम्बवंशाग्रन्यस्तलोहमयचक्रकीलस्वरूपं, तत्र लोहकीलकाग्रे न्यस्तो योऽयमामिषलवस्तत्र लुब्धश्चासौ रसनपरवशश्चासौ मत्स्यश्चेति ।।**

**ટીકાર્થ :** પાંચેય ગાથાના અર્થ સુગમ છે. પરંતુ 'तहिं चेव' એટલે તે જ માછલાના ભવમાં, 'तेहिं चिय' એટલે તે અનાર્યો વડે, 'तहिं पि' એટલે તે જ માછલાના ભવમાં પરસ્પરને ગળી જવાના વ્યાપારમાં રત થયેલ એવા અતિક્રૂર જળચરોવડે પ્રારંભ કરાયેલ વ્યાપારમાં ક્યારેક ફસાયેલ માછલો ત્રાસ પામ્યો, પછી દોડીને ગળવા શરૂ કરાયો પણ ભાગ્ય યોગથી ગળી જવા અસમર્થ એવા તેઓ પાસેથી કોઈપણ રીતે છટકીને ભાગ્યો અને ભયથી પાણીમાં છુપાઈ ગયો. ફરી પણ ભાગ્યની પ્રતિકૂળતાથી કોઈક રીતે તેઓની નજરમાં આવ્યો અને ગળી જવાયો.

'वडिश' એટલે લટકતા વાંસના અગ્રભાગમાં પરોવેલ લોખંડના ચક્રના ખીલા સ્વરૂપ વસ્તુ અને લોખંડના ખીલામાં મૂકેલ માંસના ટુકડામાં લુબ્ધ થયો અને રસનાને પરવશ થયો.

અહીં માછલાના ભવમાં ઉત્પન્ન થયેલા જીવો પિતા વગેરે વડે પણ ભક્ષણ કરાય છે એમ સંસારની વિચિત્રતાને બતાવે છે. 'प्रिय' એ ગાથાનો શબ્દાર્થ સરળ છે પણ ભાવાર્થ કથાનકથી જાણવું અને તે આ પ્રમાણે છે.

## સુમિત્ર કથાનક

રાજહંસોથી ભોગ્ય અને લક્ષ્મીદેવીના નિવાસ એવા પદ્મસરોવરની જેમ કલિંગ દેશમાં પદ્મસર નામનું ગામ હતું જે રાજાઓ રૂપી હંસોથી ભોગ્ય અને ધનનું સ્થાન હતું અને તેમાં લોકપ્રસિદ્ધ સુમિત્ર નામનો મુખી વસે છે, અપુણ્યશાળી એવા તેને ક્યારેક ગુણવાન પુત્રનો જન્મ થયો. આ પુત્ર પિતાને પ્રાણોથી પણ પ્રિય છે. તેના વિરહમાં પિતા એક પણ ક્ષણ રહેવા સમર્થ નથી અને હંમેશા આ તેની સમીપ રહે છે. (૩) પુત્રની સાથે જ રહીને પિતાએ પુત્રને ભણાવ્યો. ઘણાં ભક્ષ્ય ભોજ્યના દાનથી આને ખોટા લાડકોડથી મોટો કર્યો. તેના વિના સુમિત્ર ભોજન કરતો નથી ક્યારેય નિદ્રાપણ લેતો નથી. સર્વ વ્યાપારનો ત્યાગ કરીને તન્મયચિત્તવાળો પિતા રહે છે. (૫)

પછી સોળમે વરસે તીવ્ર આતંકથી પીડાયેલો પુત્ર આર્ત્તધ્યાનમાં મરીને તેજ ગામની બહાર મોટા સરોવરમાં માછલો થયો. પછી પુત્રના મરણથી ઉત્પન્ન થયેલ શોક સુમિત્રને ઉન્માદ કરનારો થયો. પછી ઘણાં દિવસોના અંતે મિત્રો અને સ્વજનોએ તેને શોકથી રહિત કર્યો. કોઈ કોઈ ઉપાયથી લોકવ્યવહારના કાર્યોમાં પ્રવૃત્ત કરાયો. (૮)

હવે કોઈક વખત સુમિત્ર પણ બડીશને લઈને, પુત્ર માછલા તરીકે જેમાં ઉત્પન્ન થયો છે તે જ સરોવર પાસે ગયો. પછી સુમિત્રે બડીશથી ગલમાં માછલાને પકડીને જેટલામાં બહાર કાઢ્યો તેટલામાં અતિશય જ્ઞાનીમુનિવડે જોવાયો અને મા સાહસ ! મા સાહસ ! એમ કહેવાયો. તે સાંભળીને વિસ્મિત મનવાળો સુમિત્ર પણ તે સાધુને વાંદે છે અને કહે છે કે હે મુનીશ્વર ! આ તમે શું બોલો છો ? પછી મુનિએ કહ્યું કે હે ભદ્ર ! તું સાંભળ આ તારો પુત્ર મરીને માછલો થયો છે. પછી જલદીથી સંભ્રમ સહિત તેને પાણીની અંદર મૂકીને ભક્તિથી સાધુને પ્રણામ કરીને પૂછે છે કે હે ભગવન્ ! આ શું વ્યતિકર છે તે મને કહો. પછી સાધુએ પણ તેને ઘણી યુક્તિ અને નિશાનીઓથી વિસ્તારપૂર્વક ત્યાં સુધી જણાવ્યું કે જેટલામાં તે સમ્યક્ પ્રતિબોધ પામ્યો અને સાધુપાસે ધર્મ સાંભળીને દીક્ષા લઈને વૈમાનિક દેવલોકમાં ગયો. (૧૫)

अथ सामान्येन अनुशास्तिगर्भ खचराणां स्वरूपमाह –

હવે સામાન્યથી શિખામણના સારવાળા પક્ષીઓના સ્વરૂપને કહે છે.

पक्खिभवेसु गसंतो गसिज्रमाणो य सेसपक्खीहिं ।
दुक्खं उप्पायंतो उप्पन्नदुहो य भमिओ सि ।।२३५।।
खरचरणचवेडाहि य चंचुपहारेहिं निहणमुवणेंतो ।
निहणिज्जंतो य चिरं ठिओ सि ओलावयाईसु ।।२३६।।
पासेसु जलियजलणेसु कूडजंतेसु आमिसलवेसु ।
पडिओ अन्नाणंधो बद्धो खद्धो निरुद्धो य ।।२३७।।
पडिकुक्कुडनहरपहारफुट्टनयणो विभिन्नसव्वंगो ।
निहणं गओ सि बहुसो वि जीव ! परकोउयकएण ।।२३८।।
झीणो सरिउं सह पिययमाए रमियाइं सालिछेत्तेसु ।
खिन्नो गोत्तीइ व पंजरट्ठिओ हंत कीरत्ते ।।२३९।।
भमिओ सहयारवणेसु पिययमापरिगएण सच्छंदं ।
सरिऊण पंजरगओ बहुं विसन्नो विवन्नो य ।।२४०।।
गहिओ खरनहरबिडालियाए आयड्डिऊण कंठंमि ।
चिल्लंतो विलवंतो खद्धो सि तहिं तयं सरसु ।।२४१।।
तत्थेव य सच्छंदं मुद्दियलयमंडवेसु हिंडंतो ।
जणएण पासएहिं बद्धो खद्धो य जणणीए ।।२४२।।

पक्षिभवेषु ग्रसन् ग्रस्यमानश्च शेषपक्षिभिः
दुःखमुत्पादयन्नुत्पन्नदुःखश्च भ्रमितोऽसि ।।२३५।।
खरचरणचपेटाभिश्च चञ्चुप्रहारैर्निधनमुपनयन् ।
निहन्यमानश्च चिरं स्थितोऽसि औलापकादिषु ।।२३६।।
पार्श्वेषु ज्वलितज्वलनेषु कूटयंत्रेषु आमिषलवेषु
पतितोऽज्ञानांधो बद्धो भक्षितो निरुद्धश्च ।।२३७।।
प्रतिकुर्कुटनखरप्रहारस्फुटन्नयनो विभिन्नसर्वाङ्गः
निधनं गतोऽसि बहुशोऽपि जीव ! परकौतुककृतेन ।।२३८।।

क्षीणः स्मृत्वा सह प्रियतमया रतानि शालीक्षेत्रेषु
क्षिप्तो गुप्ताविव पंजरस्थितो हंत ! कीरत्वे ।।२३९।।
भ्रांतः सहकारवनेषु प्रियतमापरिगतेन स्वच्छन्दं
स्मृत्वा पञ्जरगतो बहुविषण्णो विपन्नश्च ।।२४०।।
गृहीतः खरनखरबिडालिकया आकृष्य कण्ठे कम्पमानः
(रसन्) विलपन् भक्षितोऽसि तत्र तत् स्मर ! ।।२४१।।
तत्रैव च स्वच्छन्दं मृद्वीकालतामंडपेषु हिण्डन्
*जनकेन पाशकैः बद्धो भक्षितश्च जनन्या ।।२४२।।*

**ગાથાર્થ :** પક્ષીના ભવમાં બીજા પક્ષીઓને ગળીને દુઃખ આપતો અને બીજા પક્ષીઓ વડે ભક્ષણ કરાતો ઉત્પન્ન થયેલા દુઃખવાળો તું ભમ્યો છે તેને યાદ કર. (૨૩૫)

કઠોર પગની લાતોથી તથા ચાંચના પ્રહારથી બીજા પક્ષીઓને હણતાં અને બીજા પક્ષીઓ વડે હણાતો લાંબા કાળ સુધી બાજ આદિ પક્ષીઓના ભવોમાં રહ્યો છે. (૨૩૬)

અજ્ઞાનથી આંધળો બનેલો તું પાશોમાં, સળગતા અગ્નિમાં માંસનો ટુકડો છે જેમાં એવા કૂટ યંત્રોમાં પડ્યો છે, બંધાયો છે, ખવાયો છે અને રુંધાયો છે તેને યાદ કર. (૨૩૭)

દુશ્મન કુકડાના નખના પ્રહારથી ફૂટી ગઈ છે આંખ જેની ભેદાયું છે સર્વ શરીર જેનું એવો તું હે જીવ ! બીજાને કૌતુક થાય તે માટે ઘણીવાર મરણ પામ્યો છે. (૨૩૮)

ધાન્યના ખેતરોમાં પ્રિયતમાની સાથે કરેલી ક્રીડાઓને યાદ કરીને તું દુર્બળ થયો. અહો ! કારાવાસમાં નંખાયેલની જેમ તું પોપટના ભવમાં પાંજરામાં પુરાઈને રહ્યો. (૨૩૯)

આંબાના વનોમાં પ્રિયતમાની સાથે સ્વચ્છંદ ભ્રમણને યાદ કરીને પાંજરામાં પુરાયેલો તું ઘણો ખેદ પામ્યો અને મરણ પામ્યો. (૨૪૦)

તીક્ષ્ણ નખોવાળી બિલાડીવડે ગળું ખેંચીને પકડાયો છે અને બરાડા પાડતો, વિલાપ કરતો એવો તું તે ભવમાં બિલાડીવડે ભક્ષણ કરાયો છે તેને યાદ કર. (૨૪૧)

અને તે જ વનમાં દ્રાક્ષના લતામંડપોમાં સ્વચ્છંદ વિચરતો પૂર્વભવના પિતાવડે પાશોથી બંધાયો છે અને પૂર્વભવની માતાવડે ભક્ષણ કરાયો છે. (૨૪૨)

त्रिसोऽपि पाठसिद्धाः ।। अथ विशेषतः कुर्कुटमधिकृत्याह-कौतुकिना केनापि योध्यमानेषु कुर्कुटेषु प्रतिपक्षभूतस्य कुर्कुटस्य ये तीक्ष्णा नखरास्तत्प्रहारैः स्फुटितनयनो विभिन्नसर्वाङ्गश्च परकौतुकनिमित्तमनन्तशोऽपि निधनं-विनाशं गतोऽसि जीव !, तदेतच्चेतसि विचिन्त्य तथा कुरु यथेदृशस्थानेषु नोत्पत्स्यसे इति भावः ।। अथ शुकमधिकृत्याह-कीरत्ते त्ति शुकजन्मनि ।। 'तहिं' ति शुकजन्मन्येव । शेषं स्पष्टं ।। अत्रापि संसारासमंजसतोपदर्शनार्थं जनकजनन्यादिभिर्बन्धनभक्षणादीनि शुकस्य दर्शयन्नाह-तत्रैव शुकभवे महाटव्यां द्राक्षालतामंडपेषु हिण्डमानः, शेषं सुगमं, कथानकं तूच्यते--

**ટીકાર્થ :** પ્રથમની ત્રણ ગાથા સુગમ છે. હવે વિશેષથી કુકડાને આશ્રયીને કહે છે.

કોઈક કૌતુકીવડે લડાવાતા કુકડાઓમાંથી શત્રુકુકડાના તીક્ષ્ણ નખોના પ્રહારોથી તારી આંખો ફુટી અને શરીર પણ ભેદાયું. એમ બીજાના કૌતુકના કારણે હે જીવ ! તું અનંતવાર મરણ પામ્યો છે તેને ચિત્તમાં વિચારીને હવે એવું કાર્ય કર જેથી તું આવા પ્રકારના સ્થાનોમાં (ભવોમાં) કયારેય પણ ઉત્પન્ન ન થાય.

હવે પોપટ આશ્રયીને કહે છે, 'कीरत्ते' એટલે પોપટના ભવમાં 'तहिं' એટલે પોપટના જન્મમાં, બાકી સ્પષ્ટ છે. અહીં પણ સંસારનું વિચિત્રપણું બતાવવાને માટે માતા પિતા વડે પોપટના વધ ભક્ષણ આદિને બતાવતા કહે છે કે - તે જ પોપટના ભવમાં મહા અટવીમાં દ્રાક્ષના લતા મંડપોમાં ભમતો પૂર્વભવના પિતાવડે પકડાયો છે અને પૂર્વભવની માતા જે બિલાડી થયેલી છે તેના વડે તું ભક્ષણ કરાયો છે તે જણાવવા કથાનક કહેવાય છે.

## વસુદત્ત સાર્થવાહનું કથાનક

પૂર્વ દિશારૂપી વધૂની શોભા સમાન કંચનપુર નામનું શ્રેષ્ઠ નગર છે જે સુવર્ણથી નિર્મિત આભૂષણની જેમ સર્વશોભાના આશ્રયને (સ્થાનને) ઉત્પન્ન કરે છે. તે નગરમાં રિદ્ધિમાન વસુદત્ત નામનો સાર્થવાહ વસે છે અને તેની સર્વગુણોથી યુક્ત વસુમતી નામની સ્ત્રી છે અને તે બંનેને વરુણ નામનો પ્રાણોથી પણ પ્રિય એવો મોટો પુત્ર છે અને તે યૌવનપણાને પામેલો ક્યારેક વ્યાપાર માટે પરદેશ ગયો પછી ઘણાં દ્રવ્યને કમાઈને ખુશ થયેલો પાછો ફરતો શાર્દૂલસિંહ નામની મહા અટવીમાં આવ્યો અને તે અટવીમાં તેના શરીરમાં તીવ્ર રોગની પીડા થઈ. રોગની વેદનાથી ગાઢ આક્રંદ કરતો તે પણ વિચારે છે કે હા દૈવ ! તેં અકાળે આવો પ્રહાર કેમ કર્યો ? જેથી આ ભયંકર અરણ્યમાં ઘર પણ નથી, માતાપિતા પણ નથી અને સ્વજનો પણ નથી. (૬) અને આ વિભવ મારાવડે કષ્ટથી ઉપાર્જન કરાયો છે. હા ! હા ! મારા વિના આ વિભવનું શું થશે ? તે પત્ની, તે માતા, તે પિતા કયાં દેખાશે ? ઇત્યાદિ આર્ત્તધ્યાનમાં ડૂબેલો તે જ અટવીમાં મરીને આર્ત્તધ્યાનને પરવશ તે ઉત્તમ પોપટપણે ઉત્પન્ન થયો. પછી તેનો ઘણો વિભવ પણ નાશ પામ્યો. તેમાંનો કેટલો વિભવ માતાપિતાને પહોંચ્યો ? અર્થાત્ કંઈ નહીં. પુત્રના મરણને સાંભળીને માતાને પણ હૃદયમાં તેવો આઘાત થયો જેથી તે પણ આર્ત્તધ્યાનમાં મરેલી બિલાડીપણામાં ઉત્પન્ન થઈ. (૧૦) વસુદત્ત પણ પુત્રના મરણ કાર્યને કરીને, કાળે કરીને શોક રહિત થયેલો વ્યાપાર અર્થે ક્રમથી દેશાંતરમાં જઈ કરીયાણાઓને વેંચીને, ધનને ઉપાર્જન કરીને જે અટવીમાં પૂર્વે પોતાનો પુત્ર ઉત્તમ પોપટ થઈને રહે છે તે જ અટવીમાં પાછો ફર્યો. અને તેણે આંબાની ડાળી ઉપર બેઠેલા પોપટને જોયો. પછી પોતાના માણસો પાસે કોઈક પાશના પ્રયોગથી પકડાવીને પાંજરામાં પુરાવ્યો. પછી સાર્થવાહ તે પોપટને પોતાના ઘરે લઈ ગયો અને આદરથી તેને ઘણું ભણાવ્યું. (૧૫)

હવે કોઈક દિવસે ભરરાત્રીમાં લોકો સૂઈ ગયા ત્યારે બિલાડી થયેલી માતાએ છિદ્રમાં પગ નાખીને કોઈપણ રીતે પાંજરામાંથી પોપટને ખેંચ્યો અને તરફડતા પોપટને ખાઈ ગઈ. પુત્રના મરણ કરતા પણ પોપટના મરણથી સાર્થ-વાહને વિશેષ અધિક શોક થયો.

હવે કોઈક વખત તે નગરમાં કેવળજ્ઞાની ભગવંત પધાર્યા. સમગ્ર નગરનો લોક તેમની પાસે જાય છે. વસુદત્ત સાર્થવાહ પણ શંસયનું નિવારણ કરવા તેની પાસે જાય છે. તેણે **કેવળજ્ઞાનીને** પુછ્યું કે હે ભગવન્ ! મને તે પોપટ ઉપર આટલો બધો સ્નેહ કેમ થયો ? પછી કેવલી ભગવંત કહે છે કે હે ભદ્ર ! તે પોપટ તારા પૂર્વભવનો પુત્ર હતો. જેના વડે ભક્ષણ કરાયો તે બિલાડી તેની પૂર્વભવની માતા છે.

આ પ્રમાણે સર્વે વ્યતિકરને સાંભળીને સંવિગ્ન થયેલા વસુદત્તે કેવળીની પાસે ધર્મ સાંભળીને પુત્રને કુટુંબનો ભાર સોંપીને કેવળીની પાસે દીક્ષા લીધી. (૨૧)

એ પ્રમાણે તિર્યંચો અસંખ્યાતા હોવાથી તે પ્રત્યેકનું સ્વરૂપ કહેવું અશક્ય હોવાથી ઉપસંહાર કરતા કહે છે કે-

**इय तिरियमसंखेसुं दीवसमुद्देसु उड्ढमहलोए ।**
**विविहा तिरिया दुक्खं च बहुविहं केत्तियं भणिमो ? ।।२४३।।**

**हिमपरिएसुसरिसरवरेसु सीयलसमीरसुढियंगा ।**
**हिययं फुडिऊण मया बहवे दीसंति जंतिरिया ।।२४४।।**

**वासारत्ते तरुभूमिनिस्सिया रन्नजलपवाहेहिं ।**
**वुज्झंति असंखा तह मरंति सीएण विज्झडिया ।।२४५।।**

**को ताण अणाहाणं रन्ने तिरियाण वाहिविहुराणं ।**
**भुयगाइडंकियाण य कुणइ तिगिच्छं व मंतं वा ? ।।२४६।।**

**वसणच्छेयं नासाइविंधणं पुच्छकन्नकप्परणं ।**
**बंधणताडणडंभणदुहाइं तिरिएसुऽणंताइं ।।२४७।।**

**मुद्धजणवंचणेणं कूडतुलाकूडमाणकरणेण ।**
**अट्टवसट्टोवगमेण देहघरसयणचिंताहिं ।।२४८।।**

**कूडक्कयकरणेणं अणंतसो नियडिनडियचित्तेहिं ।**
**सावत्थीवणिएहिं व तिरियाउं बज्झए एयं ।।२४९।।**

एवं तिर्यगसंख्येषु द्वीपसमुद्रेषु ऊर्ध्वमधोलोके
विविधास्तिर्यंचो दुःखं च बहुविधं कियद् भणामः ।।२४३।।

हिमपरिणतेषु सरित्सरोवरेषु शीतलतुषारसंकुचितांगाः
हृदयं स्फोटयित्वा मृता बहवो दृश्यन्ते यत् तिर्यञ्चः ।।२४४।।

वर्षारात्रे तरुवभूमिनिश्रिता अरण्यजलप्रवाहेण
उह्यन्ते अनेकास्तथा म्रियन्ते शीतेन विषण्णाः ।।२४५।।

कस्तेषामनाथामनामरण्ये तिरश्चां व्याधिविधुराणां
भुजगादिदष्टानामपि च करोति चिकित्सां वा मन्त्रं वा ।।२४६।।

**वृषणच्छेदो नासिकादिवेधनं पुच्छकर्णकर्त्तनं**
**बंधनताडनदहनदु:खानि तिर्यक्ष्वनंतानि ।।२४७।।**

**मुग्धजनवंचनेन कूटतुलाकूटमानकरणेन**
**आर्त्तवशार्त्तोपगमेन देहगृहस्वजनचिंताभि: ।।२४८।।**

**कूटक्रयकरणेनानन्तशो निकृतिनटितचित्तै:**
**श्रावस्तीवणिग्भिरिव तिर्यगायुर्बध्यते एतद् ।।२४९।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે તિર્ચ્છા લોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં તથા ઊર્ધ્વ લોકમાં વિવિધ પ્રકારના તિર્યંચો ઘણાં પ્રકારના દુ:ખને અનુભવે છે તેનું અમે કેટલું વર્ણન કરીએ ? (૨૪૩)

હિમની ઠંડીથી થીજી ગયેલા નદી અને સરોવરમાં તથા ઠંડાપવનથી થીજી ગયેલા શરીરોવાળા એવા ઘણાં તિર્યંચો હૃદય ફુટીને મરી ગયેલા દેખાય છે. (૨૪૪)

વર્ષાકાળમાં વૃક્ષોની નીચેની ભૂમિમાં આશ્રય કરીને રહેલા અરણ્યના જળ પ્રવાહથી તણાય જાય છે તથા ઠંડીથી પીડાયેલા અનેક તિર્યંચો મરે છે. (૨૪૫)

અરણ્યમાં અનાથ, વ્યાધિથી પીડિત, સાપ વગેરેથી ડંસાયેલા તિર્યંચોને ચિકિત્સા કે મંત્રાદિના પ્રયોગથી કોણ સાજા કરે છે ? (૨૪૬)

વૃષણનો છેદ, નાક વગેરેનું વીંધાવું, પૂંછડા અને કાનનું કપાવું, બંધન-તાડન- ડામ* વગેરે પ્રકારના અનંતા દુ:ખોને તિર્યંચો ભોગવે છે. (૨૪૭)

ભોળા લોકોને ઠગવાથી, ફૂટતોલ અને ફૂટમાપ કરવાથી, આર્ત્તધ્યાન કરવાથી, શરીર-ઘર અને સ્વજનોની ચિંતાથી, ફૂટ-લેવેચ કરવાથી, માયાથી નચાવાયેલ ચિત્તથી શ્રાવસ્તી વણિકની જેમ જીવો અનંતવાર તિર્યંચ આયુષ્યને બાંધે છે. (૨૪૮-૨૪૯)

**'इये' त्यादि, सुगमा ।। किमिति सर्वेषामपि तिरश्चां स्वरूपमभिधातुं न शक्यत इत्याह – 'हिमे' त्यादि, यद्-यस्मात् कारणाच्छीतकाले बहवस्तिर्यंचो मृता दृश्यन्ते, वर्षासु चासंख्येया जलप्रवाहेणोह्यन्ते म्रियन्ते च, उपलक्षणत्वादौष्ण्यादिना बहवो म्रियन्ते, अतस्तेषां सर्वेषामपि तिरश्चां स्वरूपं प्रत्येकमभिधातुं न शक्यत इति ।। पुनरपि तिरश्चां सामान्यदु:खमाह – 'को ताणे' त्यादि, सुगमा ।। यदुक्तं 'दुक्खं च बहुविहं केत्तियं भणिमो' तद्भावयति 'वसणे'त्यादि, सुबोधा ।। कैर्हेतुभि: पुनरेतत्तिर्यगायु: सामान्येन बध्यत इत्याह – 'मुद्धे'त्यादि, 'कूडे'त्यादि, सुबोधे ।।**

**कथानकं तूच्यते –**

**ટીકાર્થ :** 'इये' त्यादि' ગાથા સુગમ છે.

**પ્રશ્ન :** શું બધા તિર્યંચોવડે અનુભવતા દુ:ખનું વર્ણન કરવું શક્ય નથી ?

* ડામ એટલે ધગધગતા લોખંડના સળીયાથી ચામડી ઉપર ચાંપવું. અર્થાત્ ટાઢો દેવો.

**ઉત્તર :** ના, શક્ય નથી. કેમકે ઠંડીમાં ઘણાં તિર્યંચો મરેલા દેખાય છે, વર્ષાકાળમાં અસંખ્યાતા તિર્યંચો જળપ્રવાહમાં તણાઈને મરે છે. આના ઉપલક્ષણથી ઉનાળાની ગરમીમાં ઘણાં તિર્યંચો મરે છે આથી તે બધા તિર્યંચોના દુઃખનું વર્ણન કરવું શક્ય નથી તો પણ તિર્યંચોના સામાન્ય દુઃખોનું વર્ણન ઉપરની ગાથાઓમાં કર્યું છે.

**પ્રશ્ન :** કયા કારણોથી જીવો તિર્યંચનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર :** આનો જવાબ ઉપર ૨૪૮-૨૪૯ એ બે ગાથામાં આપેલ છે.

## શ્રાવસ્તી વણિક કથાનક

શ્રાવસ્તી નામની નગરી છે જેની અંદરના ભાગમાં જિનશ્વરના ભવનો છે અને બહાર વિચિત્ર પ્રકારના શ્વાપદોના સમૂહથી યુક્ત જંગલો છે. અને તે નગરીમાં સોમ, વરુણ અને મહેશ્વર નામના ત્રણ વણિકોના પુત્રો છે જે પરસ્પર મૈત્રીથી બંધાયેલા હંમેશા પણ સાથે જ રહે છે. હવે કોઈક વખત કુટુંબનું નિર્વાહ નહીં થવાથી ત્રણેય પણ સાથે જ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે બીજા દેશમાં જાય છે. (૩) અને તે દેશમાં દુકાનમાં વ્યાપાર કરે છે અને ત્રણેય પણ મહામાયાવી મુગ્ધલોકને કૂટ-ક્રય અને કૂટ-માનથી ઠગે છે. મોટા આર્ત્તધ્યાનથી ઘણાં કાળ પછી તેઓએ કોઈપણ રીતે પાંચ લાખ દ્રવ્યોનું ઉપાર્જન કર્યું. પાંચ રત્નોને ખરીદીને તેઓ સ્વદેશમાં પાછા ફર્યા. જેટલામાં પરસ્પર એક બીજાને ઠગીને રત્નો પડાવી લેવા ઇચ્છે છે તેટલામાં તે સર્વે પણ પોતાની નગરીની નજીક પહોંચે છે. પછી બહાર ઉદ્યાનમાં આંબાની વૃક્ષની નીચે તે રત્નોને દાટી પોતપોતાના ઘરે તપાસ કરવાને માટે જાય છે અને તે પ્રદેશમાં તરુલતામાં છૂપાઈને રહેલા કોઈક પુરુષે રત્નોને દાટતા જોયા. પછી તેઓ દાટીને ગયા ત્યારે તેના અનુરૂપ બીજા પાંચ પથ્થરોને દાટીને રત્નોને લઈ ગયો. પછી રાત્રીમાં તે વણિકપુત્રોમાંથી સોમ ત્યાં આવીને તેને અનુરૂપ પાંચ પથ્થરના ટુકડાઓ મૂકીને આગળના પાંચ પથ્થર ઘરે લઈ ગયો. પછી વરુણે પણ આવીને સોમની જેમ કર્યું અને પછી મહેશ્વરે પણ આવીને વરુણની જેમ કર્યું. પછી પ્રભાતે જેટલામાં પથ્થરોને જુવે છે ત્યારે ફરી પાછા ત્રણેય ભેગા થઈને વિલખા થયેલા તે ઉદ્યાનમાં ગયા અને ખોદીને જેટલામાં જુવે છે તો પથ્થરા નીકળ્યા. (૧૩) પછી તેમાંનો એક કહે છે કે આ શું ? બીજો પણ એ જ પ્રમાણે કહે છે કે આ શું ? ત્રીજો પણ એમ જ કહે છે. પછી ત્રણેય જણા પરસ્પર ઝગડે છે અને આર્ત્તધ્યાનમાં ડૂબેલા રત્નોનું જ ધ્યાન કરતા તિર્યંચ આયુષ્ય બાંધીને ગધેડાપણે ઉત્પન્ન થયા. ત્યાં દુઃખ અનુભવીને, મરીને, એકેન્દ્રિયમાં જઈને અનંતકાળ સુધી રહે છે. બે ઇન્દ્રિય વગેરેમાં સંખ્યાતા કાળસુધી રહે છે. (૧૬)

શ્રાવસ્તી વણિક કથાનક સમાપ્ત થયું.

**तदेवं तिर्यग्गतिस्वरूपमभिधाय मनुष्यगतिप्रस्तावनामाह –**

એ પ્રમાણે તિર્યંચગતિના સ્વરૂપને જણાવીને હવે મનુષ્યગતિની પ્રસ્તાવના કરતા કહે છે-

**कालमणंतं एगिंदिएसु संखेज्जयं पुणियरेसु ।**
**काऊण केइ मणुया होंति अतो तेण ते भणिमो ।।२५०।।**

**कालमनन्तमेकेन्द्रियेषु असंख्यं नरकेषु तु**
**कृत्वा केचित् मनुष्याः भवन्ति तेन तान् भणामि (तिर्यग्गतिः) ।।२५०।।**

**ગાથાર્થ :** એકેન્દ્રિયમાં અનંતકાળ તથા વિકલેન્દ્રિય ત્રસકાયમાં સંખ્યાતો કાળ પસાર કરીને કેટલાક જીવો મનુષ્યો થાય છે તેથી અમે મનુષ્યગતિનું વર્ણન કરીએ છીએ. (૨૫૦)

**इह केचिज्जीवा एकेन्द्रियेष्वनन्तं कालं स्थित्वा इतरेषु च त्रसेषु संख्येयं कालमवस्थितिं विधाय अतः - अस्यास्तिर्यग्गतेरुद्धृत्य मनुष्या भवन्ति, तेन कारणेन तान् मनुष्यान् स्वरुपतो भणामीति ।।**

**।। इति तिर्यग्गतिभावना समाप्ता ।।**

**ટીકાર્થ :** અહીં કેટલાક જીવો એકેન્દ્રિયમાં અનંતકાળ રહીને પછી વિકલેન્દ્રિય ત્રસમાં સંખ્યાતા કાળ સુધી રહીને પછી આમાંથી નીકળેલા જીવો મનુષ્યો થાય છે તે કારણથી અમે મનુષ્યના સ્વરૂપને કહીએ છીએ.

**यथाप्रतिज्ञातमेवाह –**

હવે પ્રતિજ્ઞા મુજબ વિષયને કહે છે-

**कम्मेयरभूमिसमुब्भवाइभेएणऽणेगहा मणुया ।**
**ताण वि चिंतसु जइ अत्थि किं पि परमत्थओ सोक्खं ।।२५१।।**

**गब्भे बालत्तणयंमि जोव्वणे तह य वुड्डभावम्मि ।**
**चिंतसु ताण सरूवं निउणं चउसु वि अवत्थासु ।।२५२।।**

**मोहनिवनिविडबद्धो कत्तोऽवि हु कड्डिउं असुइगब्भे ।**
**चोरो व्व चारयगिहे खिप्पइ जीवो अणप्पवसो ।।२५३।।**

**सुक्कं पिउणो माऊए सोणियं तदुभयं पि संसट्ठं ।**
**तप्पढमयाए जीवो आहारइ तत्थ उप्पन्नो ।।२५४।।**

**सत्ताहं कललं होइ, सत्ताहं होइ अब्बुयं ।**
**अब्बुया जायए पेसी, पेसीओ य घणं भवे ।।२५५।।**

**होइ पलं करिसूणं पढमे मासम्मि बीयए पेसी ।**
**होइ घणा तइए उण माऊए दोहलं जणइ ।।२५६।।**

**जणणीए अंगाइं [१]पीडेइ चउत्थयम्मि मासम्मि ।**
**करचरणसिरंकूरा पंचमए पंच जायंति ।।२५७।।**

**छट्ठंमि पित्तसोणियमुवचिणइ सत्तमंमि पुण मासे ।**
**पेसिं पंचसयगुणं कुणइ सिराणं च सत्तसए ।।२५८।।**

---

१. पीणेइ J.जे. ।।

कर्मेतरसमुद्भवादिभेदेनानेकधा मनुष्याः
तेषामपि चिंतय यदि अस्ति किमपि परमार्थतः सौख्यम् ।।२५१।।

गर्भे बालकत्वे यौवने तथा च वृद्धभावे
चिंतय तेषां स्वरूपं निपुणं चतसृष्वप्यवस्थासु ।।२५२।।

मोहनृपनिगडबद्धः कुतोऽपि खलु कृष्टः अशुचिगर्भे
चौर इव चारकगृहे क्षिप्यते जीवोऽनात्मवशः ।।२५३।।

शुक्रं पितुः मातुः शोणितं तदुभयमपि संसृष्टं
तत्प्रथमतया जीव आहारयति तत्रोत्पन्नः ।।२५४।।

सप्ताहानि कललं भवति सप्ताहं भवति
अर्बुदं, अर्बुदात् जायते पेशी पेशीतोऽपि च घनं भवेत् ।।२५५।।

भवति पलं कर्षोनं प्रथमे मासे द्वितीये पेशी
भवति घनः तृतीये पुनः मातरि दौर्हदं जनयति ।।२५६।।

जनन्यां अंगानि प्रीणयति चतुर्थे मासे
करचरणशिरोंकूरा पञ्चमे पञ्च जायन्ते ।।२५७।।

षष्ठे पित्तशोणितमुपचिनोति सुबद्धस्थितिः सप्तमे पुनर्मासे
पेशीं पंचशतगुणां करोति सिराणां च सप्तशतं ।।२५८।।

**ગાથાર્થ :** કર્મ અને અકર્મભૂમિમાં ઉત્પન્ન થવાથી મનુષ્યોના અનેક ભેદ છે, તેઓને પણ પરમાર્થથી જો કંઈ પણ સુખ છે તો વિચારો. (૨૫૧)

ગર્ભમાં, બાળપણમાં, યૌવનમાં તથા વૃદ્ધાવસ્થામાં એમ ચારેય પણ અવસ્થામાં તેઓનું સ્વરૂપ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. (૨૫૨)

ચોર જેમ પકડીને કારાગૃહમાં નંખાય છે તેમ મોહારાજાવડે નિબિડ બેડીથી બંધાયેલો પરવશ એવો જીવ ક્યાંયથી પણ ખેંચીને અશુચિથી ભરેલા ગર્ભમાં નંખાય છે. (૨૫૩)

ગર્ભમાં ઉત્પન્ન થયેલ જીવ પ્રથમ પિતાના વીર્ય અને માતાના લોહીના મિશ્રણથી ઉત્પન્ન થયેલ અશુચિનો આહાર કરે છે અને શરીર બનાવે છે. (૨૫૪)

તે શરીર સાત દિવસ કલલરૂપે રહે છે, પછી સાત દિવસ અર્બુદ (કાંઈક ઘટ) રૂપે રહે છે, અર્બુદમાંથી પેશી થાય છે અને પેશીમાંથી ઘન થાય છે. (૨૫૫)

પ્રથમ માસે પોણા પલ પ્રમાણ થાય છે. બીજે માસે પેશી થાય છે, ત્રીજે મહીને ધન થાય છે અને માતાને દોહલો ઉત્પન્ન કરે છે. (૨૫૬)

ચોથે માસે માતાના અંગોને પુષ્ટ કરે છે, હાથ-પગ અને વાળના અંકુરા પાંચમે માસે થાય છે. (૨૫૭)

છઠ્ઠા માસે પિત્ત અને શોણિતનો ઉપચય કરે છે. સાતમે માસે પેશીને પાંચશો ગણી કરે છે અને સાતસો શીરાઓ (નશો) કરે છે. તેમાં ૧૬૦ શીરાઓ નાભિમાંથી નીકળીને મસ્તકમાં જાય છે તેને રસહરણી કહેવાય છે તે રસને પહોંચાડવાનું કામ કરે છે તેનો વિઘાત કે અનુગ્રહ થતા શ્રોત-ચક્ષુ ઘ્રાણ- જીભ વગેરેનો વિઘાત-અનુગ્રહ થાય છે. બીજી ૧૬૦ નશો નાભિમાંથી નીકળી પગમાં જાય છે તે બળને કરનારી છે તેનો ઉપઘાત થયે શીરોવેદના અંધત્વ વગેરે થાય છે. બીજી ૧૬૦ નાભિમાંથી નીકળી ગુદામાં જાય છે જેના કારણે વાયુ મૂત્ર-મળની હરફર થાય છે. તેનો વિઘાત થયે મસા, પાંડુરોગ-વેગ નિરોધ થાય છે. બીજી ૧૬૦ નાભિમાંથી નીકળી તિર્છી બાહુમાં જાય છે, તે બાહુબળ કરનારી છે તેનો ઉપઘાત થયે પેટ કુક્ષિની વેદના થાય છે, ૨૫ નશો શ્લેષ્મને ધારણ કરનારી છે, ૨૫ નશો પિત્તને ધારણ કરનારી છે. ૧૦ નશો શુક્રને ધારણ કરનારી છે. સ્ત્રીઓને ૬૭૦ નશો હોય છે અને નપુંસકોને ૬૮૦ નશો હોય છે. (૨૫૮)

**नव चेव य धमणीओ नवनउइं लक्ख रोमकूवाणं ।**
**अद्धुट्ठा कोडीओ समं पुणो केसमंसूहिं ।।२५९।।**
**निप्फन्नप्पाओ पुण जायइ सो अट्ठमम्मि मासम्मि ।**
**ओयाहाराईहि य कुणइ सरीरं समग्गं पि ।।२६०।।**
**दुन्नि अहोरत्तसए संपुन्ने सत्तसत्तरी चेव ।**
**गब्भगओ वसइ जिओ अद्धमहोरत्तमन्नं च ।।२६१।।**
**उक्कोसं नवलक्खा जीवा जयंति एगगब्भम्मि ।**
**उक्कोसेण नवण्हं सयाण जायइ सुओ एक्को ।।२६२।।**
**गब्भाउ वि काऊणं संगमाईणि गरुयपावाइं ।**
**वच्चंति केऽवि नरयं अन्ने उण जंति सुरलोयं ।।२६३।।**
**नवलक्खाण वि मज्झे जायइ एगस्स दुण्ह व समत्ती ।**
**सेसा पुण एमेव य विलयं वच्चंति तत्थेव ।।२६४।।**
**सुयमाणीए माऊइ सुयइ जागरइ जागरंतीए ।**
**सुहियाइ हवइ सुहिओ दुहियाए दुक्खिओ गब्भो ।।२६५।।**
**कइया वि हु उत्ताणो कइया वि हु होइ एगपासेण ।**
**कइया वि अंबखुज्जो जणणीचेट्ठाणुसारेण ।।२६६।।**
**इय चउपासो बद्धो गब्भे संवसइ दुक्खिओ जीवो ।**
**परमतिमिसंधयारे अमेज्झकोत्थलयमज्झे व्व ।।२६७।।**

सूईहिं अग्गिवन्नाहिं, भिज्जमाणस्स जंतुणो ।
जारिसं जायए दुक्खं, गब्भे अट्ठगुणं तओ ।।२६८।।

पित्तवसमंससोणियसुक्कट्ठिपुरीसमुत्तमज्झम्मि ।
असुइम्मि किमि व्व ठिओ सि जीव ! गब्भम्मि निरयसमे ।।२६९।।

इय कोइ पावकारी बारस संवच्छराइं गब्भंमि ।
उक्कोसेणं चिट्ठइ असुइप्पभवे असुइम्मि ।।२७०।।

तत्तो पाएहिं सिरेण वा वि सम्मं विणिग्गमो तस्स ।
तिरियं णिग्गच्छंतो विणिवायं पावए जीवो ।।२७१।।

गब्भदुहाइं दट्ठुं जाईसरणेण नायसुरजम्मो ।
सिरितिलयइब्भतणो अभिग्गहं कुणइ गब्भत्थो ।।२७२।।

नव चैव च धमन्यः नवनवतिर्लक्षा रोमकूपानां
अर्द्धचतुर्थाः कोट्यः समं पुनः केशश्मश्रुभिः ।।२५९।।

निष्पन्नप्रायः पुनर्जायते सोऽष्टमे मासे
ओजआहारादिभिश्च करोति शरीरं समग्रमपि ।।२६०।।

द्वे अहोरात्रशते संपूर्णे सप्तसप्ततिं चैव
गर्भगतो वसति जीवः अर्धमहोरात्रमन्यच्च ।।२६१।।

उत्कृष्टेन नव लक्षा जीवा जायन्ते एकगर्भे
उत्कृष्टेन नवानां शतानां सुत एकः ।।२६२।।

गर्भस्थिताश्च कृत्वा संग्रामादीनि गुरुकपापानि
व्रजन्ति केऽपि नरकं अन्ये पुनर्यान्ति सुरलोकम् ।।२६३।।

नवलक्षाणां मध्ये जायते एकस्य द्वयोर्वा समाप्तिः
शेषाः पुनरेवमेव च विलयं व्रजन्ति तत्रैव ।।२६४।।

स्वपत्यां मातरि स्वपिति जागर्त्ति जाग्रत्यां
सुखितायां भवति सुखी दुःखितायां दुःखितो गर्भः ।।२६५।।

कदापि खलु उत्तानः कदाऽपि खलु भवति
एकपार्श्वेन कदाऽपि आम्रकुब्जः जननीचेष्टानुसारेण ।।२६६।।

इति चतुःपार्श्वावबद्धः गर्भे संवसति दुःखितो जीवः
परमतमोऽधकारे अमेध्यकोत्थलकमध्य इव ।।२६७।।
सूचिभिरग्निवर्णाभिः भिद्यमानस्य जंतोः यादृशं
जायते दुःखं गर्भेऽष्टगुणं ततः ।।२६८।।
पित्तवसामांसशोणितशुक्रास्थिपुरीषमूत्रमध्ये
अशुचौ कृमिरिव स्थितोऽसि जीव ! गर्भे निरयसमे (गर्भात्
निःसरतो योनियंत्रनिपीलने शतसाहस्त्रिकं दुःखं कोटाकोटिगुणमपि वा) ।।२६९।।
इह कोऽपि पापकारी द्वादश संवत्सराणि गर्भे
उत्कृष्टेन तिष्ठति अशुचिप्रभवेऽशुचौ ।।२७०।।
ततः पादाभ्यां शीर्षेणापि सम्यग् विनिर्गमस्तस्य
तिर्यग् निर्गच्छन् विनिपातं प्राप्नोति जीवः ।।२७१।।
गर्भदुःखानि दृष्ट्वा जातिस्मरणेन ज्ञातसुरजन्मा
श्रीतिलकेभ्यतनयोऽभिग्रहं करोति गर्भस्थः ।।२७२।।

**ગાથાર્થ :** અને નવ ધમનીઓ છે (રસને વહન કરનારી મોટી નશો છે.), નવાણું લાખ રોમકૂપને કરે છે. પછી માથા અને દાઢીના સાડાત્રણ ક્રોડ વાળ (કેશ) થાય છે. પછી નિષ્પન્ન પ્રાયઃ થયેલો આઠમા માસે ઓજાહારથી સમગ્ર પણ શરીરને પૂર્ણ કરે છે. બસો સાડા સતોત્તેર દિવસ જીવ ગર્ભમાં વસે છે. (૨૫૯-૨૬૦-૨૬૧)

ઉત્કૃષ્ટથી નવ લાખ જીવો એક ગર્ભમાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી નવસો પિતાનો એક પુત્ર થાય છે. (૨૬૨)

ગર્ભમાં પણ સંગ્રામાદિ મોટા પાપો કરીને કેટલાક પણ નરકમાં જાય છે અને બીજા કેટલાક પણ દેવલોકમાં જાય છે. (૨૬૩)

નવલાખમાં એક કે બેની નિષ્પત્તિ થાય છે બાકીના બધા નિષ્પન્ન થયા વિના ગર્ભમાં જ મરણ પામે છે. (૨૬૪)

માતા સૂવે છે ત્યારે ગર્ભ સૂવે છે અને માતા જાગતા ગર્ભ જાગે છે. માતા સુખી તો ગર્ભ સુખી અને માતા દુઃખી તો ગર્ભ દુઃખી થાય છે. (૨૬૫)

ક્યારેક ચત્તો થાય છે, ક્યારેક એક પડખે થાય છે, ક્યારેક માતાની ચેષ્ટા અનુસાર કેરી જેવો ખુંધો થાય છે. (૨૬૬)

એ પ્રમાણે ચારે બાજુથી બંધાયેલો જીવ પરમ અંધકારવાળા ગર્ભમાં અશુચિથી ભરેલ કોથળામાં જેમ રહે તેમ રહે છે. (૨૬૭)

અગ્નિથી તપીને લાલચોળ થયેલી સોય શરીરમાં ભોંકવામાં આવે તેનાથી આઠગણી વેદના ગર્ભમાં થાય છે. (૨૬૮)

પિત્ત-ચરબી-માંસ-લોહી-શુક્ર-હાડકાં અને મળ-મૂત્રની અશુચિમાં કૃમિની જેમ હે જીવ ! તું નરક સમાન ગર્ભમાં વસ્યો છે અથવા ગર્ભમાંથી નીકળતો યોનિરૂપી યંત્રના કોલુમા* લાખ કે કોટાકોટિ ગણું દુઃખ અનુભવે છે. (૨૬૯)

અહીં પાપ કરનારો કોઈ જીવ અશુચિથી ઉત્પન્ન થયેલ અશુચિવાળા ગર્ભમાં ઉત્કૃષ્ટથી બાર** વરસ સુધી રહે છે. પછી જન્મ થતી વખતે બે પગ કે માથાથી નીકળે તો ઉચિત છે જો આડો નીકળે તો મરણ પામે છે. (૨૭૦-૨૭૧)

ગર્ભના દુઃખોને જોઈને જાતિસ્મરણથી જણાયો છે દેવ ભવ જેના વડે એવા શ્રી તિલક વણિકનો ગર્ભમાં રહેલો પુત્ર અભિગ્રહને લે છે. (૨૭૨)

**मनुष्या द्विविधाः-कर्मभूमिजा अकर्मभूमिजाश्च । कर्मभूमिजा भरतपंचकैरवतपंचकमहाविदेहपंचकभेदात् पंचदशविधाः, पुनरप्यार्यानार्यादिभेदतो द्विविधादिका द्रष्टव्याः । अकर्मभूमिजा अपि हैमवतपंचकहरिवर्षपंचकरम्यकपंचकहैरण्यवतपंचकदेवकुरूत्तरकुरूपंचकभेदात् त्रिंशद्विधाः, षट्पंचाशदन्तरद्वीपभेदभिन्नाश्च । एवं संमूर्च्छजगर्भजपर्याप्तापर्याप्तादयोऽपि समयोक्ता भेदा द्रष्टव्याः, इत्येवं तावदनेकविधा मनुष्या भवन्ति, तेषामपि चिंतय सम्यक् स्वरूपं यदि परमार्थतः किमपि सौख्यमस्तीति ।। क्व विषये पुनरमीषां स्वरूपं चिन्तनीयमित्याह-पाठसिद्धा ।। तत्र गर्भावस्थास्वरूपं विस्तरतः स्वयमेवाह-'मोहे' त्यादि, मोहो-मोहनीयं कर्म्म स एव नृपो–राजा मोहनृपः, उपलक्षणं चैतन्नामादिकर्मणः तेन मोहनृपेण निबिडं यथा भवत्येवं रागद्वेषस्नेहमनुष्यगतिमनुष्यानुपूर्व्यादिबन्धनैर्बद्धो-नियंत्रितः, कुतोऽपि नरकतिर्यगादिगतिभ्य; समाकृष्यानात्मवशश्चौर इव चारकगृहेऽशुचिस्वरूपे गर्भे क्षिप्यते जीव इति ।। गर्भोत्पन्नः किमाहारयतीत्याह - 'सुक्के'त्यादि, तच्च तदुभयं च तदुभयं-शुक्रशोणितलक्षणं संसृष्टं-मिलितं तत्र गर्भे उत्पन्नो जन्तुरभ्यवहरति । कयेत्याह-तच्च तत् प्रथमं च तत्प्रथमं तद्भावस्तत्ता तया तत्प्रथमतया, प्रथममुत्पन्न इत्यर्थः ।। ततः केन क्रमेण शरीरं निष्पद्यत इत्याह-'सत्ते' त्यादि, सप्ताहोरात्राणि यावत् कललं शुक्रशोणितसमुदायमात्रं भवति । ततः सप्ताहोरात्राण्यर्बुदं भवति, ते एव शुक्रशोणिते किंचित्स्त्यानीभूतत्वं प्रतिपद्येते इत्यर्थः । ततोऽपि चार्बुदात् पेसी-मांसपिण्डिकारूपा भवति, तस्याश्चानन्तरं घनं-समचतुरस्रं मांसखण्डं भवति । इह च तत् शुक्रशोणितमुत्तरोत्तरपरिणाममासादयत् प्रथमे मासे मगधादेशप्रसिद्धं पलं कर्षोनं भवति, त्रयः कर्षा भवन्तीत्यर्थः । द्वितीये मासे मांसपेसी घना-घनस्वरूपा भवति, समचतुरस्रं मांसखण्डं जायत इत्यर्थः । तृतीये तु मासे मातुः दोहदं जनयति । शेषं सुगमं, यावन्नवनवतिलक्षाणि रोमकूपानां भवन्ति श्मश्रुकेशैर्विना, तैस्तु सह सार्द्धास्तिस्रः कोट्यो रोमकूपानां जायन्ते । अष्टमे तु मासे शरीरमाश्रित्य निष्पन्नप्रायो जीवो भवति । शुक्रशोणितसमुदाय ओज उच्यते, तस्यौजस आहारः ओज आहारः, आदिशब्दाल्लोमाहारादिपरिग्रहः, तैः सर्वैरप्याहारैः समग्रमपि शरीरं करोति । गर्भगतश्च जीवः सार्द्धसप्तसप्तत्यधिके द्वे अहोरात्रशते वसति, सार्द्धसप्तदिनाधिकान्नव मासान् यावद् वसतीत्यर्थः ।। कियन्तः पुनर्जीवाः एकस्याः स्त्रिया गर्भे जघन्यतः एको द्वौ त्रयो वा उत्कृष्टतस्तु नव लक्षाणि जीवानामुत्पद्यन्ते, निष्पत्तिं प्राय एको द्वौ वा गच्छतः,**

* કોલુ એટલે શેરડીના રસ કાઢવાનો સંચો, અર્થાત્ ચિંચોડો.

** કોઈ જીવના પાપોદયથી ગર્ભમાં રહેલું શરીર વાત-કફાદિ દોષથી દૂષિત હોય તો તે વધારેમાં વધારે ૧૨ વર્ષ ગર્ભમા રહે અથવા દેવ વડે ગર્ભ સ્થંભિત કરાયું હોય તો વધારેમાં વધારે ૧૨વર્ષ ગર્ભમાં રહે. [જુઓ પાનું ૧૫૨]

शेषास्तु स्वल्पं जीवित्वा तत एव म्रियन्ते । तथा उत्कृष्टतो नवानां पितृशतानामेकः पुत्रो जायते । एतदुक्तं भवति-कस्याश्चिद् दृढसंहननायाः कामातुरायाश्च योषितो यदा द्वादशमुहूर्तमध्ये उत्कृष्टो नवभिः पुरुषशतैः सह संगो भवति तदा तद्बीजे यः पुत्रो जायते स नवानां पितृशतानां पुत्रो भवति ।। गर्भादपि केचिज्जीवा नरकं गच्छन्ति, केचित् पुनर्देवलोकमिति दर्शयति-गतार्था, नवरं पूर्वभविकवैक्रियलब्धिसम्पन्नः कोऽपि राजपत्न्यादिगर्भे समुत्पन्नः प्रौढतां च प्राप्तः परचक्रमागतं श्रुत्वा गर्भ एव व्यवस्थितो बहिर्जीवप्रदेशान्निष्कास्य वैक्रियकरितुरगरथपदातीन् विधाय संग्रामं कृत्वा रौद्राध्यवसायसम्पन्नो गर्भादपि मृत्वा नरकं याति । कश्चित् पुनर्मातुर्मुनिसमीपे धर्मश्रवणं कुर्वत्याः तद्गर्भे स्थितो धर्म्मं श्रुत्वा शुभाध्यवसायसम्पन्न एव मृत्वा देवलोकं गच्छतीति ।। नन्वेकस्याः स्त्रिया गर्भे उत्कृष्टतो ये नव लक्षा जीवानामुत्पद्यते तेषु कियन्तो निष्पद्यन्ते कियन्तश्च तत्रैव म्रियन्त इत्याह-व्याख्यातार्थैव ।। कथं पुनर्गर्भे जीवस्तिष्ठतीत्याहप्रकटार्थाः । कियद्दुःखं पुनर्गर्भे भवतीत्याह-वृद्धपुरुषस्याग्निवर्णतप्तायः सूचिभिर्निरन्तरं भिद्यमानस्य यादृशं दुःखमुत्पद्यते तस्मात् गर्भस्थितजीवस्याष्टगुणं भवति, व्यवहारदेशना चेयं, निश्चयतस्तु ततोऽधिकमूनं वा भवतीति ।। गर्भदुःखान्येवाधिकृत्यात्मानुशास्तिमाह [इत : प्राक् "गब्भाओ नीहरंतस्स, जोणिजंतनिपीलणए । सयसाहस्सियं दुक्खं, कोडाकोडिगुणंपि वा ।।१।।" इत्यधिका गाथा क्वचित्] मूले सुखावसेया ।। एवं दुःखितः कियन्तं कालं गर्भे वसति ? इत्याह-इत्येवं दुःखितः कोऽपि पापकारी जीवो वातपित्तादिदूषिते देवादिस्तंभिते वा गर्भे द्वादश संवत्सराणि निरन्तरं तिष्ठति । कथंभूते गर्भे ? इत्याह-शुक्रशोणितादिभ्योऽशुचिद्रव्येभ्यः प्रभवः-उत्पत्तिर्यस्य स तथा तस्मिन्निति । अशुचिस्वरूपे च शुक्रशोणिताशुचिमूत्रजंबालाविले इत्यर्थः । भवस्थितिश्चैषा, कायस्थितिं त्वाश्रित्य कोऽपि द्वादश वर्षाणि जीवित्वा तदन्ते च मृत्वा तथाविधकर्म्मवशात्तत्रैव गर्भस्थितकलेवरे समुत्पद्य पुनर्द्वादश वर्षाणि जीवतीत्येवं चतुर्विंशतिं वर्षाण्युत्कृष्टतो गर्भे जन्तुस्तिष्ठति । एतत्तु सूत्रगाथायामनुक्तमपि स्वयमपि द्रष्टव्यमिति । गर्भाञ्च योनिमुखेन निर्गमस्य सम्यक्स्वरूपस्य इतरस्य च स्वरूपमाह - ततो गर्भाद्योनिमुखेन पादाभ्यां शीर्षेण वा तस्य-गर्भजीवस्य सम्यग् निर्गमो भवति । अथ कथमपि तिर्यग्व्यस्थितो निर्गच्छति तदा जननी गर्भश्च द्वावपि विनिपातं-विनाशं प्राप्नुतः ।। अथ गर्भदुःखानां भवनिर्वेदहेतुतां दिदर्शयिषुरुदाहरणमाह-अक्षरार्थः प्रकट एव । भावार्थस्तु कथानकेनोच्यते, तच्चेदम् -

**ટીકાર્થ :** મનુષ્યો બે પ્રકારના છે - (૧) કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અને (૨) અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા. કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા પાંચ ભરત, પાંચ ઐરવત, અને પાંચ મહાવિદેહના ભેદથી પંદર પ્રકારના છે. ફરી પણ આર્ય અને અનાર્યના ભેદથી બે પ્રકારના જાણવા. અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય પાંચ હૈમવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્, પાંચ હૈરણ્યવત્, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુના ભેદથી ત્રીસ પ્રકારના છે. અંતરદ્વીપના મનુષ્યોના છપ્પન ભેદો છે. એ પ્રમાણે સંમૂર્છિમ ગર્ભજ પર્યાપ્ત અને અપર્યાપ્ત વગેરે શાસ્ત્રોમાં કહેવાયેલા ભેદો પણ જાણવા. એ પ્રમાણે મનુષ્યોના અનેકભેદો થાય છે. તેઓને પણ જો પરમાર્થથી કંઈપણ સુખ હોય તો સમ્યક્ સ્વરૂપથી વિચાર કર. કયા વિષયમાં આના સ્વરૂપની વિચારણા કરવી ? ચર્મચક્ષુથી દેખાતા મનુષ્યના સ્વરૂપની વિચારણા પ્રસિદ્ધ છે. ગર્ભાવસ્થાની વિચારણા ગ્રંથકાર સ્વયં વિસ્તારથી કરે છે.

'मोहे त्यादि મોહ એટલે મોહનીય કર્મ અને તે જ રાજા અર્થાત્ મોહ રૂપ રાજા-મોહરાજા. આતો ઉપલક્ષણ છે અર્થાત્ વચ્યાર્થ છે પણ આનાથી લક્ષ્યાર્થ નામાદિકર્મોનું ગ્રહણ કરવું. તે મોહરાજાવડે નિબિડ બંધાયેલો અર્થાત્ રાગદ્વેષ રૂપી ચીકાશપૂર્વકના મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી વગેરે બંધનોથી બંધાયેલા જીવ નરક તિર્યંચાદિ કોઈપણ ગતિમાંથી ખેંચાઈને પરવશ કારાગૃહમાં ચોરની જેમ અશુચિ સ્વરૂપ ગર્ભમાં નંખાય છે.

હવે ગર્ભમાં ઉત્પન્ન થયા પછી કયા આહારને કરે છે તેને કહે છે- 'सुक्के' त्यादि એટલે ગર્ભમાં જીવ શુક્ર અને શોણિતના મિશ્રણથી ઉત્પન્ન થયેલ અશુચિનો આહાર કરે છે.

**પ્રશ્ન :** તે આહાર ક્યારે કરે છે ?

**ઉત્તર :** જીવ જ્યારે ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયે આવો આહાર કરે છે પછી તેમાંથી શરીર બનાવે છે. કયા ક્રમથી શરીર બનાવે છે તેને જણાવતા કહે છે- પ્રથમ સાત દિવસ સુધી જીવ શુક્ર અને શોણિતના મિશ્રણના પ્રવાહી સ્વરૂપે હોય છે. પછીના સાત દિવસમાં તે અર્બુદ રૂપે રહે છે પછી તે જ શુક્ર અને શોણિત કંઈક ઘટ્ટ બને છે. પછી પણ તે અર્બુદમાંથી માંસ પિંડિકા સ્વરૂપ પેશી બને છે અને તેમાંથી ઘન સમચોરસ માંસનો ટુકડો થાય છે અને અહીં તે શુક્ર શોણિત પછી પછીના પરિણામને પ્રાપ્ત કરતો પ્રથમ માસના અંતે મગધદેશમાં પ્રસિદ્ધ પોણો પલપ્રમાણ* થાય છે. અર્થાત્ ત્રણકર્ષનો થાય છે. બીજા મહીને ઘન-માંસ પેશી થાય છે અર્થાત્ સમચોરસ માંસ ખંડ થાય છે. ત્રીજા માસે માતાને દોહલો ઉત્પન્ન કરે છે. પછી ક્રમે ક્રમે માથા અને દાઢીના રોમને છોડીને નવાણું લાખ રોમવાળો થાય છે. પછી માથા અને દાઢીના રોમકૂપ સાડા ત્રણ ક્રોડ થાય છે. આઠમે માસે સંપૂર્ણ શરીરની રચના પૂર્ણ કરે છે. શુક્ર અને શોણિતના સમુદાયને 'ઓજ' કહેવાય છે. તે ઓજનો આહાર તે ઓજાહાર આદિ શબ્દથી લોમાહાર પણ ગ્રહણ કરવું. તે બધા પ્રકારોના આહારોથી શરીરને સંપૂર્ણ બનાવે છે. ગર્ભમાં રહેલો જીવ ગર્ભમાં બસો સાડાસતોત્તેર દિવસો રહે છે. અર્થાત્ નવમાસ અને સાડા સાત દિવસ વસે છે.

**પ્રશ્ન :** કેટલા જીવો એક સ્ત્રીના ગર્ભમાં એક વખતે ઉત્પન્ન થાય છે ? અને કેટલા પિતાનો એક પુત્ર થાય છે ?

**ઉત્તર :** એક સ્ત્રીના ગર્ભમાં જઘન્યથી એક, બે કે ત્રણ જીવો અને ઉત્કૃષ્ટથી નવલાખ જીવો ઉત્પન્ન થાય છે. પણ ફળીભૂત તો એક કે બે થાય છે બાકીના બધા થોડો કાળ જીવીને મરણ પામે છે તથા ઉત્કૃષ્ટથી નવસો પિતાનો એક પુત્ર થાય છે કહેવાનો ભાવ એ છે કે કોઈ એક દૃઢ સંઘયણવાળી કામાતુર સ્ત્રીનો બાર મુહૂર્તમાં નવસો પુરુષોની સાથે સંગ થાય છે ત્યારે તેના બીજમાં જે પુત્ર થાય છે તે નવસો પિતાનો પુત્ર કહેવાય છે. ગર્ભમાંથી પણ કેટલાક જીવો નરકમાં જાય છે અને કેટલાક જીવો દેવલોકમાં જાય છે. જેમકે પૂર્વભવની વૈક્રિય લબ્ધિથી યુક્ત કોઈપણ જીવ રાજપત્ની આદિના ગર્ભમાં ઉત્પન્ન થયેલો, પ્રૌઢતાને પ્રાપ્ત થયેલો પરચક્ર આવેલ છે એમ સાંભળીને ગર્ભમાં જ રહેલો બહાર આત્મ પ્રદેશો કાઢીને વૈક્રિય લબ્ધિથી હાથી, ઘોડા, રથ, પદાતિ વગેરેને વિકુર્વીને યુદ્ધ કરીને રૌદ્રધ્યાનમાં પડેલો ગર્ભમાંથી પણ મરીને નરકમાં જાય છે. અને મુનિપાસે ધર્મશ્રવણ કરતી માતાના ગર્ભમાં રહેલો કોઈક જીવ તે ધર્મને સાંભળીને શુભ-અધ્યવસાયને પામેલો જ મરીને દેવલોકમાં જાય છે.

**પ્રશ્ન :** એક સ્ત્રીના ગર્ભમાં ઉત્કૃષ્ટથી જે નવલાખ જીવો ઉત્પન્ન થાય છે તેમાંના કેટલા ફળીભૂત થાય છે અને કેટલા ગર્ભમાં મરે છે ?

**ઉત્તર :** એક બે જીવો ફળીભૂત થાય છે બાકીના બધા નાશ પામે છે.

**પ્રશ્ન :** ગર્ભમાં કેવી રીતે રહે છે ?

**ઉત્તર :** અશુચિથી ભરેલી, ઘોર અંધારી ઓરડીમાં જીવ જેમ રહે છે તેમ ગર્ભમાં રહે છે.

---

* પલ = ચારકર્ષ, પોણોપલ એટલે ત્રણ કર્ષ.

**પ્રશ્ન :** ગર્ભમાં કેટલું દુઃખ હોય છે !

**ઉત્તર :** અગ્નિથી તપીને લાલચોળ થયેલી સોયો વૃદ્ધના શરીરમાં એકી સાથે સતત ભોંકવામાં આવે તેમાં જેટલું દુઃખ થાય તેના કરતાં આઠગણું દુઃખ થાય છે. આ વ્યવહારથી કહ્યું છે નિશ્ચયથી આનાથી વધારે કે ઓછું પણ થાય છે જેના માટે શાસ્ત્રમાં સાક્ષી ગાથા આપવામાં આવી છે.

**गब्भाओ नीहरंतस्स जोणिजंतनिवीलणे सय साहस्सियं दुक्खं कोडाकोडि गुणं पि वा ।।**

ગર્ભમાંથી જીવ જ્યારે નીકળે છે ત્યારે યોની રૂપી યંત્રના કોલુમાં પીડાય છે તે વખતે જે દુઃખ થાય તે દુઃખ ગર્ભના દુઃખ કરતા લાખગણું કે કોટાકોટિગણું થાય છે.

**પ્રશ્ન :** આ પ્રમાણે દુઃખિત જીવ કેટલો કાળ ગર્ભમાં વસે છે ?

**ઉત્તર :** એ પ્રમાણે દુઃખી થયેલ કોઈ પાપકારી જીવ વાત-પિત્તાદિથી દૂષિત થયો હોય કે દેવાદિથી સ્તંભિત કરાયો હોય તેવો જીવ ગર્ભમાં બાર વરસ સુધી સતત રહે છે.

**પ્રશ્ન :** કેવા પ્રકારના ગર્ભમાં રહે છે ?

**ઉત્તર :** શુક્ર અને શોણિત આદિ અશુચિ પદાર્થોમાંથી ઉત્પત્તિ છે જેની એવો જીવ શુક્ર-શોણિત-અશુચિવાળા અને મળ-મૂત્રરૂપી કાદવથી ખરડાયેલા ગર્ભમાં રહે છે. ૧૨ વર્ષ ગર્ભમાં રહેવું તે ભવસ્થિતિની અપેક્ષાએ છે. કાય સ્થિતિને આશ્રયીને કોઈ જીવ બાર વરસ જીવીને તેને અંતે મરીને તેવા પ્રકારના કર્મના વશથી તે જ ગર્ભ કલેવરમાં ઉત્પન્ન થઈને બીજા બાર વરસ સુધી જીવે છે એ પ્રમાણે જીવ ઉત્કૃષ્ટથી ચોવીશ વર્ષ સુધી ગર્ભમાં રહે છે. આ વાત સૂત્રની ગાથામાં નથી બતાવી પણ સ્વયં જાણવી.

ગર્ભમાંથી યોનિમાર્ગ દ્વારા જીવનું નીકળવું બે પ્રકારે છે. (૧) સ્વાભાવિક સ્વરૂપથી (૨) અસ્વાભાવિક સ્વરૂપથી.

(૧) ગર્ભમાંથી યોનિમુખ દ્વારા મસ્તકથી કે બે પગથી નીકળવું તે સ્વાભાવિક નિર્ગમ છે અને (૨) પગ અને મસ્તક સિવાય વાંકુ નીકળવું તે અસ્વાભાવિક નિર્ગમ છે જે બંનેના (માતા અને પોતાના) મરણનું કારણ થાય છે.

હવે ગર્ભના દુઃખો ભવનિર્વેદનું કારણ છે તેને બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકાર ઉદાહરણને કહે છે-

ભાવાર્થ કથાનકથી કહેવાય છે તે આ પ્રમાણે -

## પદ્મકુમારનું કથાનક

મગધદેશમાં કોલ્લાગ નામનું સન્નિવેશ પ્રસિદ્ધ છે. જે સજ્જનોનું આલય હોવા છતાં પણ અસજ્જનોએ આરંભેલા માર્ગનો ભંગ કરનાર છે. અને તે નગરમાં શ્રીદત્ત નામનો ધનસમૃદ્ધ કુલપુત્ર વસે છે જેણે સંસારના પરમાર્થને જાણ્યો છે, જેની મતિ જિનધર્મથી ભાવિત છે. અને તેની પત્ની કોઈ વખત મરણ પામી ત્યારે તે જ વૈરાગ્યથી જિનમતની દીક્ષા ગ્રહણ કરે છે. પછી સૂત્રને ભણીને તે દુષ્કર તપકર્મને આચરે છે. કષાયને જીતીને બાવીશ પરીષહોને સમ્યક્ સહન કરે છે. સંતોષને ધારણ કરી ઇન્દ્રિયોનું દમન કરે છે તેમજ સંસારના સ્વરૂપની ભાવના કરી મોટા સત્ત્વને ફોરવીને ઉપસર્ગોને સહન કરે છે. પછી વિચરતા ક્યારેક પણ કોઈક ગામની બહાર સ્મશાનમાં વીરાસનથી રાત્રીમાં રહ્યા. (૬)

અને આ બાજુ સૌધર્મ દેવલોકમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ બે મિત્ર દેવો હતા. તેમાંના સમ્યગ્દષ્ટિ દેવે કહ્યું કે શ્રી દત્તમુનિ કઠોર પવનથી મેરુપર્વતના શિખરની જેમ શક્રથી સહિત દેવોવડે પણ ધ્યાનથી ચલાવી શકાય તેમ નથી. તે સાંભળીને શ્રદ્ધા નહીં કરતો મિથ્યાદષ્ટિ દેવ શુદ્ધ પ્રતિજ્ઞાની પરીક્ષા માટે તે મુનિની પાસે આવ્યો. પછી તે દેવ કોઈક ગાઢ વાંસની ઝાડીમાં છુપાયો. હાથીવડે જેમ સિંહ જોવાય તેમ તેનાવડે તે મહાત્મા જોવાયા. (૧૦) પછી દેવ રાક્ષસનું રૂપ લઈ ભયંકર અટ્ટહાસને કરે છે, હાથીનું રૂપ કરી ઉપાડીને ફેંકે છે, સાપના રૂપથી ડંસે છે. ચારે દિશામાં પણ જ્વાળાથી આકાશના વિવરને ભરી દેનારો દાવાનળ સળગાવે છે. ચારે બાજુથી પ્રચંડ પવનોથી ભમાવીને પાડે છે, ધૂળના વરસાદથી ઢાંકે છે. વીંછી વગેરેથી સર્વાંગે ડંસે છે. પછી દેવ અવધિજ્ઞાનથી જેટલામાં તેના અભિપ્રાયને જાણે છે તેટલામાં સાધુ પણ વિચારે છે કે હે જીવ ! આ તારા સત્ત્વની પરીક્ષા માટે કસોટીનો પથ્થર છે. સ્વસ્થાવસ્થામાં તો સર્વ પણ લોક વ્રતને પાળે છે તેમાં શું આશ્ચર્ય છે ? (૧૪) ઘણાં કાળમાં ભોગવવા યોગ્ય કર્મ થોડા કાળથી કોઈપણ તને ભોગવાવે છે તો તે પરમ મિત્ર છે એમ ભાવના કર. લોકમાં કષાયના કારણો અવિદ્યમાન હોય ત્યારે કોઈ ઉપશમી કહેવાતો નથી. કષાયના નિમિત્ત ઉત્પન્ન થાય ત્યારે જેને ઉપશમ થાય ત્યારે તે ઉપશમી કહેવાય છે. નરકમાં અનંતકાળ સુધી અનંતા દુઃખો સહન કર્યા તો પણ ભવરૂપી દુઃખનો વધતો વૃક્ષ કપાયો નહીં. અને હમણાં સ્થિર થઈને એક મુહૂર્ત જ આ દુઃખને સહન કરીશ તો હે જીવ ! ભવરૂપી સમુદ્રને પાર પામીને પરમપદને પ્રાપ્ત કરીશ. મેં જીવરાશિનો જે અપરાધ કર્યો હોય તેને ખમાવું છું અને સર્વ જીવોએ મારો જે અપરાધ કર્યો હોય તેની હું ક્ષમા કરું છું. મારે સર્વ જીવો વિશે મૈત્રી છે પણ આ દેવની ઉપર વિશેષથી મૈત્રી છે. એ પ્રમાણે શુભભાવનાથી ભાવિત ચિત્તવાળા તે મુનિને જાણીને તુષ્ટ થયેલ દેવ ભક્તિથી નમીને ફરી ફરી પણ ખમાવે છે. (૨૦) અને કહે છે કે હે સાધુ ! હે મહાયશ ! આવા પ્રકારના ઉપસર્ગના સમૂહને મારા વડે કરાયે છતે પણ તારું મન જરા પણ ક્ષોભ ન પામ્યું. (૨૧) એ પ્રમાણે સ્તવના કરી, સુગંધી-પાણી અને પુષ્પોની વૃષ્ટિ કરી તથા ગીતવાદન કરી, સમ્યક્ત્વનો સ્વીકાર કરી દેવ દેવલોકમાં જાય છે અને જિનધર્મની આરાધના કરે છે. શ્રી દત્તમુનિ પણ લાંબો સમય સાધુપણું પાળીને, અંત સમયે મોટી સમાધિપૂર્વક અનશન કરીને સાતમા દેવલોકમાં ઋદ્ધિમાન દેવ થયા. (૨૪)

અને આ બાજુ ભરતક્ષેત્રમાં પૃથ્વીપર વિખ્યાત સાકેતપુરમાં જિનશાસનમાં રાગી શ્રી તિલક નામનો વણિક છે. જિનેશ્વરના ધર્મમાં રત યશોમતી નામે તેની સ્ત્રી છે. સાતમા દેવલોકમાંથી ચ્યવીને તે દેવ તેના શુક્ર અને શોણિતના કાદવના સમૂહવાળા ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. હવે આઠમે માસે માતા જ્યારે જિનધર્મને સાંભળે છે ત્યારે તે પણ જિનધર્મને સાંભળે છે અને કર્મની લઘુતાથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી દેવલોકના સુખોને યાદ કરીને અને ગર્ભના દુઃખોને જોઈને નિર્વેદ પામેલો તે આ અભિગ્રહને ગ્રહણ કરે છે. જેમકે-

અહીંથી નીકળીને હું દીક્ષા લેવા યોગ્ય બનું ત્યારે તે જ ગ્રહણ કરવી અને મારે ગૃહસ્થ વાસનો નિયમ છે. (૩૦) પછી યોગ્ય સમયે તે યશોમતી કુળને પવિત્ર કરનાર પુત્રને જન્મ આપે છે. પછી શ્રી તિલક વિસ્તારથી વર્ધાપનક કરાવે છે. બારમા દિવસે મહોત્સવપૂર્વક તેનું નામ પદ્મ એ પ્રમાણે રાખે છે. પછી પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો તે મોટો થાય છે. ઉચિત સમય (વય)ની પ્રાપ્તિ થઈ ત્યારે થોડા દિવસોમાં જ બોંતેર કળાઓને ભણે છે, લોકને વિસ્મિત કરે છે, પછી ભુવનમાં પ્રશંસનીય થાય છે. યૌવન ભર ઉલ્લસિત થવા છતાં નિર્વેદને પામેલો સ્વપ્નમાં પણ સ્ત્રી સંગને ઇચ્છતો નથી.

હવે કોઈક વખત સાકેતપુરની બહાર શ્રેષ્ઠમુનિઓથી યુકત કોઈ ચતુર્જ્ઞાની મુનિમહાત્મા પધાર્યા. તેના વંદન નિમિત્તે સકળ લોક જાય છે ત્યારે મોટી વિભૂતિથી રથ પર આરૂઢ થયેલો પદ્મ પણ ત્યાં ગયો. તેની પાસે ધર્મ સાંભળીને સંવેગને પામેલો ગુરુને નમીને પૂછે છે કે હે ભગવન્ ! પૂર્વે મેં દીક્ષાનું પાલન કરી દેવલોકમાં સુખોને ભોગવ્યા અને નરકના દુઃખો સમાન ગર્ભમાં અનંત દુઃખોને સહન કર્યા. આ બધુ જે આપને કહેવાય છે તે તો સર્વ જ પુનરુક્ત* છે કારણ કે તમે સ્વયં જ પોતાના જ્ઞાનથી જાણો છો તો પણ મારા ઉપર અનુગ્રહ કરીને ભવરૂપી સમુદ્રમાંથી મને તારો. ગુરુ પણ કહે છે કે અહીં સુબુદ્ધિશાળીઓને પ્રમાદ કરવો યોગ્ય નથી. પછી માતાપિતા પાસેથી રજા મેળવી તે ગુરુની પાસે મહાવિભૂતિથી પદ્મે દીક્ષા લીધી. (ધર્મને સાંભળીને ભવભયથી ઉદ્‌વિગ્ન થયેલા માતાપિતાથી અનુજ્ઞા કરાયેલ પદ્મ દીક્ષા લે છે અને વૈરાગ્યવાન ગુરુની સાથે વિહાર કરે છે.)

પછી થોડા દિવસોમાં સમગ્ર શ્રુતને ભણી વિપુલ તપ કરી, ઘાતીકર્મો ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, લાંબો સમય ભવ્ય જીવોને પ્રતિબોધ કરી, શેષ અઘાતીકર્મો ખપાવી પરમ પદને પામ્યો. (૪૪)

**तदेवमभिहितं सोदाहरणं गर्भावस्थास्वरूपं, अथ जन्मतः प्रारभ्य बाल्यावस्थामभिधित्सुराह-**

એ પ્રમાણે ઉદાહરણપૂર્વક ગર્ભાવસ્થાના સ્વરૂપને કહ્યું. હવે જન્મથી માંડીને બાલ્યવસ્થા સુધીના સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**अइविस्सरं रसंतो जोणीजंताओ कह वि णिप्फडइ ।**
**माऊए अप्पणोऽवि य वेयणमउलं जणेमाणो ।।२७३।।**

**अतिविस्मरं रसन् योनियन्त्रात् कथमपि निर्गच्छति**
**मातुरात्मनोऽपि च वेदनामतुलां जनयन् ।।२७३।।**

**ગાથાર્થ :** યોનિ રૂપી યંત્રમાંથી નીકળતા માતાને અને પોતાને અતુલ વેદનાને ઉત્પન્ન કરતો અતિવિસ્વરને રડતો કોઈપણ રીતે બહાર નીકળે છે.

**सुगमा ।। ननु नवमासमात्रान्तरितमपि प्राक्तनं भवं जीवः किं न स्मरति ? इत्याह –**

**પ્રશ્ન :** જીવ માત્ર નવમાસના આંતરાવાળા પૂર્વના ભવને કેમ યાદ કરતો નથી ?

**ઉત્તર :** આનો જવાબ નીચેની ગાથામાં આપે છે.

**जायमाणस्स जं दुक्खं, मरमाणस्स जंतुणो ।**
**तेण दुक्खेण संतत्तो, न सरइ जाइमप्पणो ।।२७४।।**

**जायमानस्य यद् दुःखं म्रियमाणस्य जंतोः**
**तेन दुःखेन संतप्तो न स्मरति जातिमात्मनः ।।२७४।।**

**ગાથાર્થ :** જન્મતા અને મરતા જીવને જે દુઃખ થાય છે તે દુઃખથી સંતપ્ત જીવ પોતાના જન્મને યાદ કરી શકતો નથી.

* પુનરુક્ત = જાણતા હોવા છતાં કહેવું અથવા એકવાર કહેવાઈ ગયું હોવા છતાં ફરીથી કહેવું.

**जायमानस्य हि जीवस्य योनियंत्रनिष्पीडितस्य तावत्तीव्रं दुःखमुत्पद्यते, तथा प्रायो म्रियमाणस्यापि, तेन दुःखेन तथा उपलक्षणत्वाद् गर्भवासदुःखेन च मूर्च्छितो-ज्ञानावरणादिकर्मोदयवशवर्ती प्राक्तनभवसम्बन्धिनीं 'जातिं' जन्म न स्मरति जीवः । ननु य एते पुत्रादयो जायमाना दृश्यन्ते ते किं गर्भेऽपि व्यवस्थिताः तद्भावेन ज्ञायन्ते आहोस्विन्न ? इति अत्रोच्यते, ज्ञायन्ते, कथमिति, चेदागमात्, कथंभूतादित्याह –**

**ટીકાર્થ :** યોનિરૂપ યંત્રમાં પીડાઈને જન્મતા જીવને તીવ્ર દુઃખ ઉત્પન્ન થાય છે તથા પ્રાયઃ મરતાને પણ તીવ્ર દુઃખ ઉત્પન્ન થાય છે તે દુઃખથી તથા ઉપલક્ષણથી ગર્ભાવાસથી મૂર્ચ્છિત અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મોદયના વશથી જીવ પૂર્વભવ સંબંધી જન્મને સંભારતો નથી.

**પ્રશ્ન :** જે આ પુત્ર વગેરે જનમતા પુત્રાદિ સ્વરૂપે દેખાય છે તે ગર્ભમાં રહેલા હોય ત્યારે તે જ ભાવથી (પુત્ર-પુત્રી-કે નપુંસક રૂપે) જણાય છે કે નહીં ?

**ઉત્તર :** ગર્ભમાં રહેલા પણ તે ભાવે જણાય છે.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** આગમથી જણાય છે. કેવા સ્વરૂપે છે તેને નીચેની ગાથામાં બતાવે છે.

**दाहिणकुच्छीवसिओ पुत्तो वामाए पुण हवइ धूया ।**
**उभयंतरम्मि वसिओ नपुंसओ जायए जीवो ।।२७५।।**

**दाक्षिणकुक्षौ उषितः पुत्रः वामायां पुनर्भवति दुहिता**
**उभयान्तरे उषिकं नपुंसकं जायते जीवः ।।२७५।।**

**ગાથાર્થ :** પુત્ર જમણી બાજુની કુક્ષિમાં વસે છે અને પુત્રી ડાબી બાજુની કુક્ષિમાં વસે છે અને નપુંસક બંનેની મધ્યમાં વસે છે. (૨૭૫)

**सुगमा ।। जातस्तर्हि बालः सुखी भविष्यतीत्याह –**

**પ્રશ્ન :** તો પછી જન્મ્યા પછી બાળક સુખી થશે ને ? અર્થાત્ ગર્ભાવાસના દુઃખમાંથી છૂટકારો થયા પછી બાળક સુખી થશે ને ?

**ઉત્તર :** આનો ઉત્તર નીચેની ગાથાઓમાં આપે છે.

**छुहियं पिवासियं वा वाहिग्घत्थं च अत्तयं कहिउं ।**
**बालत्तणम्मि न तरइ गमइ रुयंतो च्चिय वराओ ।।२७६।।**
**खेलखरंटियवयणो मुत्तपुरीसाणुलित्तसव्वंगो ।**
**धूलिभुरुंडियदेहो किं सुहमणुहवइ किर बालो ? ।।२७७।।**
**खिवइ करं जलणम्मि वि पक्खिवइ मुहंमि कसिणभुयगं पि ।**
**भुंजइ अभोज्जपेज्जं बालो अन्नाणदोसेण ।।२७८।।**

**उल्ललइ भमइ कुक्कुयइ कीलइ जंपइ बहुं असंबद्धं ।**
**धावइ निरत्थयं पि हु निहणंतो भूयसंघायं ।।२७९।।**

**इय असमंजसचेट्ठियअन्नाणऽविवेयकुलहरं गमियं ।**
**जीवेणं बालत्तं पावसयाइं कुणंतेण ।।२८०।।**

क्षुधितं पिपासितं वा व्याधिग्रस्तं वा आत्मानं आर्त्तकं कथयितुं
बालत्वे न शक्नोति गमयति रुदन्नेव वराकः ।।२७६।।

श्लेष्मखरण्टितवदनः मूत्रपुरीषानुलिप्तसर्वाङ्गः
धूलिखरंटितदेहः किं सुखमनुभवति किल बालः ? ।।२७७।।

क्षिपति करं ज्वलनेऽपि प्रक्षिपति मुखे कृष्णभुजंगमपि
भनुक्ति अभोज्यापेयमपि यद् बालोऽज्ञानदोषेण ।।२७८।।

उच्छलति भ्रमति कूजति क्रीडते जल्पति बहु असंबद्धं
धावति निरर्थकमपि खलु घ्नन् भूतसंघातम् ।।२७९।।

इति असमंजसचेष्टिताज्ञानाविवेककुलगृहं गमितं
जीवेन बालत्वं पापशतानि कुर्वता ।।२८०।।

**ગાથાર્થ :** બાળપણમાં પોતાની ભુખને, તરસને, રોગની પીડાને કહેવા સમર્થ બનતો નથી અને વરાકડો રડતા જ દિવસો પસાર કરે છે. (૨૭૬)

શ્લેષ્મથી ખરડાયેલા મુખવાળો, મૂત્ર અને મળથી લેપાયેલા અંગવાળો, ધૂળથી ખરડાયેલા શરીરવાળો બાળક શું સુખને અનુભવે છે ? (૨૭૭)

અજ્ઞાનના વશથી બાળક અગ્નિમાં પણ હાથ નાખે છે, કાળા સાપને પણ મુખમાં નાખે, અભોજ્ય અને અપેયનું પાન કરે છે. (૨૭૮)

નિરર્થક પણ જીવ સમૂહને હણતો બાળક કૂદે છે, ભમે છે, આક્રંદ કરે છે, ક્રીડા કરે છે અને ઘણો અસંબંદ્ધ પ્રલાપ કરે છે. (૨૭૯)

એ પ્રમાણે અસંબંદ્ધ ચેષ્ટા-અજ્ઞાન- અવિવેકનું ઘર એવા બાળપણને સેંકડો પાપો કરીને જીવ પસાર કરે છે. (૨૮૦)

सुखावसेया एव ।। बालस्य दुःखितत्वे उदाहरणमाह –

ગાથાર્થ સુગમ છે. બાળકના દુ:ખ વિશે ઉદાહરણને કહે છે-

**बालस्स वि तिव्वाइं दुहाइं दट्ठूण निययतणयस्स ।**
**बलसारपुहइवालो निव्विन्नो भवनिवासस्स ।।२८१।।**

बालस्याऽपि तीव्राणि दुःखानि दृष्ट्वा निजतनुजस्य
बलसारपृथ्वीपालो निर्विण्णो भवनिवासात् ।।२८१।।

**ગાથાર્થ :** પોતાના બાળક પુત્રના પણ તીવ્ર દુ:ખો જોઈને બલસાર રાજા ભવનિવાસથી નિર્વેદ પામ્યો. (૨૮૧)

**सुबोधा, कथानकं त्वभिधीयते –**

કથાનક કહેવાય છે.

## બલસાર રાજાનું કથાનક

લલિતપુર નામનું નગર છે જેમાં સ્ત્રીઓના વિલાસોથી જાણે દેવીઓ જિતાય ન ગઈ હોય ! તેથી લોકમાં પોતાનું મોઢું બતાવતી નથી અને તેમાં બલસાર નામનો રાજા છે જે આખી પૃથ્વીમાં વિખ્યાત છે. જેણે ભુજાના બળથી દુશ્મનોને જીતી લીધા છે જેનું સૈન્ય શોભામાત્ર છે. સર્વ અંત:પુરના સારવાળી લલિતાંગી તેની પટરાણી છે. આ બંનેને રાજ્યમાં સર્વ પણ ઇચ્છિત પ્રાપ્ત થાય છે પરંતુ હંમેશા પણ રાજાના ચિત્તમાં નિરપત્યતા (સંતાનહીનતા) સાલે છે.

હવે કોઈક વખત રાત્રીના મધ્ય સમયે નગરના ઉદ્યાનમાં વીણાવેણુથી યુક્ત મધુર ગીત ધ્વનિને સાંભળે છે. પછી રાજા શયનમાંથી ઊઠીને ત્યાં ગયો. અને ત્યાં જિનાયતનમાં નૃત્ય કરતા એક ખેચરને જુવે છે. પછી કૌતુકથી ખેંચાયેલો જેટલામાં એક ક્ષણ ત્યાં જુવે છે તેટલામાં તે જિનેશ્વર ભગવાનના પૂજાકાર્યને કરીને, નજીકના ઉદ્યાનમાં કદલીઘરમાં જઈને ક્રીડા કરે છે. અને તે ખેચર જ્યારે કદલીઘરમાંથી નીકળે છે ત્યારે ત્યાં ખેચરોનું સૈન્ય આવ્યું. તેના નાયકે તે ખેચરને પડકાર્યો. પછી બંને ખેચર સૈન્યોનું યુદ્ધ શરૂ થયું. બંનેનું સૈન્ય દૂર ગયું એટલે એક ખેચરી આવીને ત્યાં રહી અને રાજાના દેખતા ક્ષણથી ત્યાં એક ખેચર આવ્યો જેટલામાં ખેચર તે ખેચરીને પકડવા જાય છે તેટલામાં ખેચરીએ બૂમ પાડી. પછી રાજાએ ખેચરને પડકાર્યો. અરે ! મારા દેખતા તું નાથ વિનાની આનું હરણ નહીં કરી શકે. (૧૧) પછી તલવાર ખેંચેલ રાજા અને ખેચર બંને પણ યુદ્ધ કરવામાં કુશળ, ગુલાંટ મારતા, મહાસુભટો વિવિધ શસ્ત્રોથી યુદ્ધ કરે છે. મોટા પુણ્યના કારણે હણાયેલી વિદ્યાઓ રાજાને અસર કરતી નથી. ખેચર ક્ષણથી હણાયો અને રાજા પણ ઘાતોથી રુંધાયો. તેવી અવસ્થાવાળા રાજાને જોઈને અને પોતાના ભરથારને યાદ કરીને ખેચરી વિલાપ કરે છે અને પછી તેનો પતિ આવ્યો. (૧૪) પછી આશ્વાસન આપીને તેણે પત્નીને તે વ્યતિકર પુછ્યો. પત્નીએ પણ સર્વ વ્યતિકર ખેચરને કહ્યો. પછી ખેચર પ્રયત્નથી રાજાની વ્રણ ચિકિત્સા કરે છે. દિવ્ય-ઔષધીઓથી રાજાને નિરોગી શરીરવાળો કરીને પછી વિનયથી કહે છે કે હે મહાયશ ! તેં મને જીવન આપ્યું છે તેનાથી વિશેષ અમે શું કહીએ ? તેથી પોતાનું જે કંઈપણ ઇચ્છિત હોય તેને કહો જેને હું હમણાં સાધી આપું. રાજાએ કહ્યું કે તમારા જેવા સુપુરુષોનું મને જે દર્શન થાય છે તેનાથી શું બીજું કંઈપણ સનીહિત છે ? પરંતુ જો કહેવા યોગ્ય હોય તો આ વ્યતિકર શું છે તે કહો. પછી ખેચર કહે છે કે તમારા જેવા માટે કંઈપણ અકથનીય નથી તેથી હું કહું છું તે તમે સાંભળો. (૧૯)

વૈતાઢ્ય પર્વત ઉપર સુવર્ણકેતુ નામના વિદ્યાધર ચક્રવર્તીની માલતી દેવીનો હું ચંદ્રશેખર પુત્ર છું અને હું મારા આ મામાની પુત્રી કુમુદિનીને પરણ્યો છું. ખેચર રાજાનો મૃગાંક નામનો પુત્ર આના વિશે આસક્ત થયો છે અને હંમેશા પણ છિદ્રોને શોધતો આજે અહીં આવ્યો છે અને તે મારી સાથે યુદ્ધ કરવા લાગ્યો. યુદ્ધ કરતા

આણે આના અપહરણ માટે પોતાના ભાઈ મકરધ્વજને મોકલ્યો જે તમારાવડે નાશ કરાયો અને મૃગાંકને મેં યુદ્ધમાં નાશ કર્યો. પરંતુ સર્વ પણ મારો વ્યવસાય નિષ્ફળ થાત જો તેં મારી હરણ કરાતી પ્રિયાનું રક્ષણ ન કર્યું હોત તો. તેથી મારી પ્રિયાનું રક્ષણ કરતા તેં મને આ જીવન અને આ રાજ્ય આપ્યું છે. (૨૫) નહીંતર આના હરણમાં હું અવશ્ય પ્રાણનો ત્યાગ કરત. તેથી તું મને જીવિત અને રાજ્યના સુખને આપનારો છે. હે નરેન્દ્ર ! તું જ જીવિતદાતા છે. તું જ અતુલ ઉપકારકારી છે. તેથી પ્રસન્ન થઈ જેનો તું આદેશ કરીશ તે હું તારું પ્રિય કરીશ. પછી જેટલામાં તે રાજા કંઈપણ બોલતા નથી તેટલામાં પ્રજ્ઞપ્તિ વિદ્યાને પૂછીને રાજાના નિરપત્યતાના ખેદને જાણીને ખેચર તેના વસ્ત્રના છેડામાં ઘણાં પ્રભાવવાળા મૂળીયાને બાંધે છે અને કહે છે કે આ તારે લલિતાંગી દેવીને આપવા તેથી તેને પુત્ર થશે એ પ્રમાણે કહીને તેના ઘરમાં ઘણાં મૂલ્યવાળા ઘણાં રત્નોને મૂકીને ખેચર પોતાના સ્થાનમાં ગયો. રાજા પણ પોતાના ઘરે ગયો. ખેચરના કહ્યા મુજબ સર્વ કર્યું. પછી કાળથી તેને પુત્રનો જન્મ થાય છે. રૂપાદિ ગુણોથી યુક્ત કુમારના જન્મને સાંભળીને ખુશ થયેલ રાજા દશ દિવસનો અતિ મોટો વર્ધાપનક મહોત્સવ કરાવે છે. બારમા દિવસે કુમારનું ભુવનસાર એ પ્રમાણે નામ રાખે છે. પછી તે એક મહિનાનો થયો ત્યારે મોટા શોકથી એવો પ્રચંડ શ્વાસોશ્વાસ ઉત્પન્ન થયો જેથી તે થોડી પણ રતિને મેળવતો નથી. તેના સર્વ અંગો ઘણાં તૂટે છે, ડોકની સાથે મોઢું મરડીને વિમુખ કરે છે, અર્શથી (મસાથી) ગુદા રુંધાયો અને વેગ નિરોધથી પેટ રુંધાયું. અતિશય શ્વાસ ચાલુ થયો, વહેતો શ્વાસ મુખમાં સમાતો નથી, મુખને ભંગ કરનારા બગાસા ક્ષણ પણ શાંત થતા નથી. (૩૬) દાહ, શ્વાસ, શૂળ, કાન, મુખ, મસ્તક, આંખ, કુક્ષિની વેદનાઓ એવી થાય છે જેમ સકલ લોક તેને આળોટતો જુવે છે. તેની પાસે રહેલ પરિજન, અંતઃપુર સહિત રાજા દુઃખ સહિત તેવો વિલાપ કરે છે જેથી સર્વ પણ સામંત અને નગરના લોકો રડ્યા. એ પ્રમાણે આ લોકો વિલાપ કરે છે તથા અસંખ્ય ઉપચારો કરાવે છે ત્યારે તેઓના દેખતા તીવ્ર દુઃખોને સહન કરીને બાળક મરણ પામ્યો. પછી મૂર્છાથી મીંચાઈ ગયેલી આંખોવાળો રાજા નિશ્ચેષ્ટ જલદીથી ધરતી પર પડ્યો. પછી ક્ષણથી ચેતનાને પ્રાપ્ત કરીને નગરલોકની સહિત, અંતઃપુર સહિત, ચાકરો સહિત, મંત્રી સામંતો સહિત રાજા પ્રલાપ કરે છે. પછી પુત્રનું મૃત્યુકાર્ય કરીને કાળથી તે શોકથી મુક્ત થયેલ કોઈક અતિશય જ્ઞાનીને પૂછે છે કે મારો આ પુત્ર કેમ અલ્પાયુ થયો ? બાળક એવા તેણે મહાદુઃખને કેમ અનુભવ્યું ? પછી તેના વડે કહેવાયું કે હે નરનાથ ! પૂર્વભવમાં આ વણિક અતિશય મિથ્યાદૃષ્ટિ હતો જે પોતાના ધર્મમાં અજ્ઞાનપૂર્વકના કષ્ટમાં નિરત હતો તો પછી પોતાના ગૃહકાર્યમાં શું કહેવું ? તથા ધર્મના બાનાથી છક્કાય જીવનો વધ કરનાર હતો તથા અલીક વચનમાં રત હતો તેથી આ અલ્પાયુ અને રોગી થયો. એ પ્રમાણે તે રાજાએ જ્ઞાનીના વચનો સાંભળીને પુત્રના નિર્વેદથી દીક્ષા લીધી. પછી સારી રીતે દીક્ષા આરાધીને પાંચમાં દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો અને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. (૪૭)

આ પ્રમાણે બાળપણમાં કંઈપણ સુખ નથી એમ વિવેચન કર્યું. તો પછી તારુણ્યમાં સુખ હશે એમ જો તમને શંકા હોય તો તેને જણાવતા કહે છે-

**तरुणत्तणम्मि पत्तस्स धावए दविणमेलणपिवासा ।**
**सा का वि जीई न गणइ देवं धम्मं गुरुं तत्तं ।।२८२।।**

**तो मिलइ कह वि अत्थे जइ तो मुज्झइ तयं पि पालंतो ।**
**बीहेइ राइतक्करअंसहराईण निच्चं पि ।।२८३।।**

**वड्ढंते उण अत्थे वड्ढइ इच्छा वि कह वि तह दूरं ।**

**जह मम्मणवणिओ इव संतेऽवि धणे दुही होइ ।।२८४।।**

**तरुणत्वे प्राप्तस्य धावति द्रविणमीलनपिपासा**

**सा काऽपि यस्यां न गणयति देवं गुरुं धर्मं तत्त्वम् ।।२८२।।**

**ततो मेलयति कथमपि अर्थं यदि ततो मुह्यति तमपि पालयन्**

**बिभेति राजतस्करांशहारादिभ्यः नित्यमपि ।।२८३।।**

**वर्द्धमाने पुनः अर्थे वर्धते इच्छापि तथा कथमपि दूरं**

**यथा मम्मणवणिगिव सति अपि धने दुःखीभवति ।।२८४।।**

**ગાથાર્થ :** તરુણપણાને પામેલ જીવની પાછળ તેવી કોઈ દ્રવ્ય (ધનાદિ) મેળવવાની પિપાસા દોડે છે જેથી તે દેવ-ગુરુ-ધર્મ અને તત્ત્વને ગણતો નથી. અર્થાત્ સ્વીકાર કરતો નથી. (૨૮૨)

પછી કોઈપણ ઉપાયથી ધન મળી જાય તો તે ધનનું રક્ષણ કરતો મુંઝાય છે તથા રાજા-ચોર ભાગીદારોથી હંમેશા પણ ભય રાખે છે. (૨૮૩)

અને ધનની વૃદ્ધિ થયે છતે, ઇચ્છા પણ કોઈક તેવા પ્રકારની વધે છે જેથી મમ્મણ વણિકની જેમ ધન હોતે છતે પણ દુ:ખી થાય છે. (૨૮૪)

**तिस्रोऽपि पाठसिद्धाः ।। कथानकं तूच्यते –**

ત્રણ પણ ગાથા સરળ છે. કથાનક કહેવાય છે-

## મમ્મણ વણિકનું કથાનક

રાજગૃહ નામનું નગર હતું જેમાં જો હાથીના મદનું પાણી તે નગરમાં ઘોડાના ખુરથી ઉડેલી રજને ન શમાવતું હોત તો લોક ઘોડાના ખુરથી ઉડેલી રજને કારણે કંઈપણ જોઈ શકતો નથી. અર્થાત્ તે નગર ઘણાં ઘોડા અને હાથીઓ હોવાને કારણે અતિ સમૃદ્ધ હતું. શ્રેણીક રાજા તે નગરનું પાલન કરે છે. જેની દૃષ્ટિ અને ખડ્ગલતા પણ શત્રુવર્ગના સૈન્યોને નીલકમળના દળ સમાન દુ:સહ છે. સર્વ અંત:પુરમાં પ્રધાન એવી ચેલણા તેની પટરાણી હતી. જે સુભટના હાથમાં રહેલ અસિલતાની જેમ પરપુરુષને માટે દુર્ધર હતી. એકવાર રાજા તેની સાથે ઝરુખામાં બેઠો છે અને આ બાજુ જેમ દુર્જનોની વાણીથી સંતાપ પામેલા લોકને સુવ્રતીઓ અમૃત જેવી વાણીની ધારાઓથી આશ્વાસન આપે છે તેમ ઉનાળાના તાપથી સંતાપ પામેલા લોકને સજ્જન જેવો વર્ષાકાળ જળધારાઓથી આશ્વાસન આપતો અવતર્યો. સકલ લોકને પણ આશ્વાસન કરીને મહાપ્રતાપથી યુક્ત ગ્રીષ્મઋતુને હણીને ત્યાં વાદળાંઓ ધીર ગર્જના કરે છે. વિરહિણી વર્ગને ડસવાની (કરડવાની) ઇચ્છાવાળા જે કાળા સાપના જીભ જેવી વીજળીઓ ચારે બાજુથી એક સાથે ચમકે છે. (લપકારા કરે છે.) (૯) શાંત થયેલો સંતાપ પણ જે વિરહિણીઓને સંતાપ આપતો કહે છે કે લોકમાં એક સ્વભાવવાળી વસ્તુ નથી. નીચી અને ઊંચી ભૂમિપર સમાન રીતે વર્ષતા વાદળાંઓ વડે નિરંતર એ જણાવાય છે કે સર્વનું સમાન

રૂપ અને સમાન ઉચ્ચતા થાય છે. નીચે વહેનારી, ઘણી જડતાથી યુક્ત, ઉન્માર્ગગામીની કુશીલ મહિલાઓની જેમ નદીઓ વડે માર્ગ ભંગાય છે. જ્યાં અતિમોટા પ્રતાપવાળો પણ સૂર્ય વાદળાંઓ વડે ઢંકાય છે અથવા કાળના વશથી મલિન જીવોનું પણ માહત્મ્ય પ્રગટ થાય છે. ઉન્નત સ્તનો (પયોધર) *પર ચકાકાર ફરતી હારલતાઓ જેમ શોભે છે તેમ ઉન્નત વાદળો (પયોધર) પર ચકાકાર ફરતી પંક્તિઓ શોભે છે. (૧૨) નવા માલતીના વિકસિત કળીના પરિમલથી મિશ્રિત ધારાકદંબ પુષ્પનો ગંધ કામુક જનના મનને વિશે કામને ઉત્તેજિત કરતો સર્વત્ર ભમે છે. મોરના સમૂહો નૃત્ય કરે છે. આનંદિત થયેલો પામર વર્ગ ભમે છે. ઉત્પન્ન થયેલા નવા અંકુરાવાળી પૃથ્વી રમણીય લાગે છે. નથી જણાયો જળ અને સ્થળના ભેદનો ભાવ જેમાં એવા તે વરસાદમાં રાણીસહિત રાજા જેટલામાં નગરની બહાર દૃષ્ટિ કરતો જુવે છે તેટલામાં પૂર જોશ ભરાયેલી, મોટા લાકડાંઓને તાણી જતી, કાંઠાને ઘસતી, દૃષ્ટિથી દુરાવલોક એવી નદીમાં કચ્છોટો બાંધીને મોટા લાકડાથી લાકડાઓને ખેંચતા અતિ દુ:ખી પુરુષને જોઈને રાણી રાજાને કહે છે કે એ સાચું સંભળાય છે કે રાજાઓ મેઘ સમાન** હોય છે કેમકે તેઓ ભરેલાને અતિશય ભરે છે પણ ખાલીને પ્રયત્નપૂર્વક છોડી દે છે. (૧૮) પછી રાજાએ કહ્યું કે હે દેવી ! તું આવું કેમ બોલે છે ? પછી ચેલણા કહે છે કે જુઓ આ દ્રમક કેવો દુ:ખી છે કે જે ભયંકર નદીના પ્રવાહમાં લાકડા કાઢવાના ક્લેશને સહન કરે છે જેથી તમે આને સુખી કરો. શું તમે તેનું ભરણ કરવા શક્તિમાન નથી ? પછી રાજાએ તેને બોલાવીને પુછ્યું કે તું કોણ છે ? તું આ પ્રમાણે ક્લેશને કેમ પામે છે ? હવે તે કહે છે કે હે દેવ ! હું અહીંનો રહેવાસી મમ્મણ નામનો વણિક છું. હું આ બળદના યુગલની (જોડીની) પૂર્તિમાટે ક્લેશને અનુભવું છું. પછી રાજા કહે છે કે હું તને એકસો બળદો આપીશ તું આ ક્લેશને છોડી દે. મમ્મણ કહે છે કે હે દેવ ! આજે પણ તમે મારા બળદોને જાણતા નથી. જે મોટા ક્લેશથી ક્રોડો ધનને ઉપાર્જન કરીને મારાવડે એક બળદ રત્નોથી પૂર્ણ કરાયો છે અને બીજો બળદ કંઈક ન્યૂન પૂર્ણ થયો છે તેની પૂર્તિ માટે હું આ ક્લેશને સહન કરું છું. પછી રાજા કહે છે કે મને તારા બળદો બતાવ. પછી રાણી સહિત રાજાને પોતાના ઘરે લઈ જઈને રત્નમય બળદોને બતાવે છે. પછી રાજા કહે છે કે મારા ભંડારમાં એક પણ આવા પ્રકારનું રત્ન નથી. તેથી તારા બીજા બળદની પૂર્તિ માટે તું જ સમર્થ છો. (૨૭) આ કષ્ટોથી જો તું બળદ પૂર્ણ કરવા શક્તિમાન ન થાય તો કહે તું આને કેવી રીતે પૂર્ણ કરીશ ? પછી તે કહે છે કે હે દેવ ! મારાવડે અહીં ઘણાં ઉપાયો શરૂ કરાયા છે જેવા કે ઘણાં કરીયાણાઓ જળ તેમજ સ્થળ રસ્તે વ્યાપાર અર્થે દેશાંતર મોકલાવાયા છે તથા હાથી ઘોડા પકડવા માટે હેડાઓ*** મોકલ્યા છે. ખેતીના સંગ્રહ વગેરે ઉપાયોમાં પ્રયત્ન કરાયો છે. પછી રાજાએ કહ્યું કે હે ભદ્ર ! જો આ પ્રમાણે છે તો પછી લાકડા કાઢવાના તુચ્છ ઉપાયમા કેમ લાગ્યો છે ? પછી મમ્મણ કહે છે કે હે દેવ ! મારું શરીર ક્લેશ સહન કરવા સમર્થ છે. હું બીજા વ્યાપારથી રહિત છું તેથી મારા વડે આ કષ્ટ આરંભ કરાયું છે. (૩૨) પછી રાજા કહે છે કે હે મહાભાગ ! આટલો બધો વિભવ હોતે છતે તું આટલા દુ:ખને કેમ ભોગવે છે ? જે વિભવ દાન

* પયસ્ શબ્દના બે અર્થ થાય છે (૧) દૂધ અને (૨) પાણી અને ધર એટલે ધારણ કરવું. આથી જે દૂધને ધારણ કરે તે સ્તન અને પાણીને ધારણ કરે તે વાદળ એમ પયોધરના બે અર્થ થાય છે.

** મેઘ જ્યાં વરસે છે ત્યાં ઘણું વરસે છે, જ્યાં નથી વરસતો ત્યાં બીલકુલ નથી વરસતો તેમ રાજા જેને આપે છે તેને ઘણું આપે છે, જેને નથી આપતો તેને બીલકુલ નથી આપતો.

*** હેડા એટલે જંગલમાં જઈ હાથી ઘોડાઓને પકડીને લઈ આવે તેવા પુરુષો

ભોગથી રહિત છે તેવા વિભવથી શું ? જો આ વિભવથી ધનવાનો* કહેવાય છે તો મેરુપર્વતની સત્તાથી સર્વ પણ લોક ધનવાન કહેવાશે. દાન ભોગ વિભવના ફળો છે. તે બે (દાન અને ભોગ) વિના વિભવનું ફળ નાશ જ બાકી રહે છે. (કારણ કે વિભવની ત્રણ જ ગતિ છે દાન, ભોગ અને નાશ. હવે જો વિભવનું દાન અને ભોગ કરવામાં ન આવે તો તેનો નાશ જ થાય છે) કેમકે તેની બીજી કોઈ ગતિ નથી. ફક્ત ક્લેશ ભાવને અનુભવીને જેઓ વડે ધન ઉપાર્જન કરાયું છે તેઓ ધન ઉપાર્જન નિમિત્તે પાપ જ ભેગું કરીને સંસારમાં ભમે છે. સંસારમાં ભમતા જીવો વડે અનંત સ્થાનોમાં ધન ભેગું કરાયું છે અને દાનને નહીં કરતા જીવો વડે તે ધન ભોગવ્યા વિના જ ત્યાગ કરાયું છે. (૩૭) તેથી તું ધનનો ઉપભોગ કર તથા ધનનો પાત્રમાં વિનિયોગ કર. પ્રયોજન વિના તારે આ બળદની પૂર્તિથી શું ? પછી મમ્મણ રાજાને કહે છે કે હે દેવ ! હું આ જાણું છું પણ આ બળદને પૂર્ણ કર્યા વિના કોઈપણ સુખને પામતો નથી. પછી રાજા રાણીને કહે છે કે આવા પ્રકારના જીવો ઉપદેશને યોગ્ય નથી. તીક્ષ્ણ પણ તલવારની ધારા વજ્રને વિશે બુઠાપણાને પામે છે. રાજા પોતાના સ્થાનમાં જાય છે અને મમ્મણે પણ ક્રમથી લાંબો સમય દુઃખો અનુભવીને તે બળદને પૂર્ણ કર્યો. (૪૧)

**तदेवं सत्यपि विभवे प्रवर्द्धमानाकांक्षाः प्राणिनो दुःखिता एव भवन्तीति प्रतिपादितं, व्याधिविधुरिताश्चान्ये दुःखिता भवन्तीत्यभिधित्सुराह –**

તેથી આ પ્રમાણે વિભવ હોતે છતે પણ વધતી લાલસાવાળા જીવો દુઃખી જ થાય છે એમ પ્રતિપાદન કર્યું અને બીજા વ્યાધિથી પીડાયેલા દુઃખી થાય છે તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**लद्धं पि धणं भोत्तुं न पावए वाहिविहुरिओ अन्नो ।**
**पत्थोसहाइनिरओ त्ति केवलं नियइ नयणेहिं ।।२८५।।**

**लब्धमपि धनं भोक्तुं न प्राप्नोति व्याधिविधुरितोऽन्यः**
**पथ्यौषधादिनिरत इति केवलं पश्यति नयनाभ्यां ।।२८५।।**

**ગાથાર્થ :** વ્યાધિથી પીડિત બીજો પણ મળેલા પણ ધનને ભોગવવા પામતો નથી, પથ્ય, ઔષધાદિમાં નિરત થયેલ ફક્ત બે આંખોથી ધનને જુવે છે. (૨૮૫)

**पथ्यं चौषधं च आदिशब्दात् शस्त्रकर्मादिपरिग्रहस्तन्निरत इति कृत्वा तल्लब्धमपि धनं हृदये महदार्त्तध्यानमुद्वहन् केवलं नेत्राभ्यामेव निरीक्षते, न तु खादितुं पातुं वा तच्छक्नोति, तथा च सति महद् दुःखं तस्योपजायत इति भावः । शेषं सुगमं ।। अपरस्त्वपत्यदुःखेन दुःखितो भवतीति दर्शयति –**

**ટીકાર્થ :** પથ્ય અને ઔષધ આદિ શબ્દથી શસ્ત્રકર્મ પણ ગ્રહણ કરવું અને તેમાં નિરત એવો જીવ હૃદયમાં મોટા આર્ત્તધ્યાનને વહન કરતો ફક્ત બે આંખોથી જ તે મળેલા ધનને જુવે છે. પણ ખાવા-પીવામાં તે ધનનો ઉપભોગ કરી શકતો નથી અને નહીં ભોગવી શકતો હોવાથી તેને મોટું દુઃખ થાય છે એમ કહેવાનો ભાવ છે.

* ધનને ભંડારમાં કે થાપણમાં રાખી મૂકવાથી જો લોક ધનવાન કહેવાતો હોય તો બધા લોકોએ સોનાના મેરુપર્વતને થાપણ તરીકે રાખેલ છે કેમકે મેરુપર્વતને કોઈ ઉપાડી જતું નથી. અને આમ હોય તો બધો લોક ધનવાન ગણાશે પણ તેમ નથી. પરમાર્થથી તો ધનવાન ત્યારે જ કહેવાય જ્યારે તે ધનને પોતાની મરજી મુજબ દાનમાં કે ભોગમાં વાપરી શકતો હોય. જો મરજી મુજબ દાન કે ભોગમાં ન વાપરી શકતો હોય તો તે ધનનો ગુલામ કહેવાય.

અને બીજો સંતાનના દુઃખથી દુઃખી થયેલો છે તેને બતાવતા કહે છે -

**जइ पुण होइ न पुत्तो अहवा जाओऽवि होइ दुस्सीलो ।**
**तो तह झिज्जइ अंगे जह कहिउं केवली तरइ ।।२८६।।**

**यदि पुनर्भवति न पुत्रः अथवा जातोऽपि भवति दुःशीलः**
**ततः तथा खिद्यतेऽगे यथा कथयितुं केवली शक्नोति ।।२८६।।**

**ગાથાર્થ :** ફરી જો પુત્રનો જન્મ થાય તો અથવા જન્મેલ પુત્ર દુઃશીલ થયો હોય તો શરીરથી તેવો ક્ષીણ થાય છે જેનું વર્ણન કરવા કેવળી શક્તિમાન થાય. (૨૮૬)

**स्पष्टार्थेव ।। अन्ये पुनः सत्यपि विपुलतरविभवे विद्यमानायामपि च रूपादिसम्पत्तौ कुष्ठादिरोगैस्तथा विधुरीक्रियन्ते यथा सर्वजनशोचनीयां दशामाप्नुवन्तीति सोदाहरणमुपदर्शयन्नाह –**

વિપુલતર સંપત્તિ હોતે છતે અને રૂપાદિ સંપત્તિ હોતે છતે, કુષ્ઠાદિ રોગોથી પીડાયેલા બીજાઓ પણ તેવા દુઃખી કરાય છે. જેથી તેઓ સર્વજનને શોચનીય દશાને પામે છે. તેને ઉદાહરણ સહિત બતાવતા કહે છે –

**अन्ने उण संजुत्ता रत्तुप्पलपत्तकोमलतलेहिं ।**
**सोणनहसयललक्खणलक्खियकुम्मुन्नयपएहिं ।।२८७।।**

**सुसिलिट्ठगूढगुप्फा एणीजंघा गइंदहत्थोरू ।**
**हरिकडियला पयाहिणसुरसलिलावत्तनाभीया ।।२८८।।**

**वरवइरवलियमज्झा उन्नयकुच्छी सिलिट्ठमीणुयरा ।**
**कणयसिलायलवच्छा पुरगोउरपरिहभुयदंडा ।।२८९।।**

**वरवसहुन्नयखंधा चउरंगुलकंबुगीवकलिया य ।**
**सद्दूलहणू बिंबीफलाहरा ससिसमकवोला ।।२९०।।**

**कुंददलधवलदसणा विहगाहिवचंचुसरलसमनासा ।**
**पउमदलहीनयणा अणंगधणुकुडिलभूलेहा ।।२९१।।**

**रइरमणंदोलयसरिससवण अद्धिंदुपडिमभालयला ।**
**भरहाहिवछत्तसिरा कज्जलघणकसिणमिउकेसा ।।२९२।।**

**संपुन्नससहरमुहा पाउसगज्जंतमेहसमघोसा ।**
**सोमा ससि व्व सूरा व सप्पहा कणयमिव रुइरा ।।२९३।।**

पाणितलाइसु ससिसूरचक्कसंखाइलक्खणोवेया ।
वज्जरिसहसंघयणा समचउरंसा य संठाणा ।।२९४।।
लायन्नरूवनिहिणो दंसणसंजणियजणमणाणंदा ।
इय गुणनिहिणो होउं पढमे च्चिय जोव्वणारंभे ।।२९५।।
तह विहुरिज्जंति खणेण कुट्ठखयपमुहभीमरोगेहिं ।
जह होंति सोयणिज्जा निवविक्कमरायतणुओ व्व ।।२९६।।

अन्ये तु संयुक्ताः रक्तोत्पलपत्रकोमलतलैः
शोणनखसकललक्षणलक्षितकूर्मोन्नतपादैः ।।२८७।।
सुश्लिष्टगूढगुल्फा एणीजंघा गजेन्द्रहस्तोरवः
हरिकटितटाः प्रदक्षिणसुरसलिलावर्त्तनाभिकाः ।।२८८।।
वरवज्रवलितमध्याः उन्नतकुक्षयः श्लिष्टमीनोदराः
कनकशिलातलवक्षसः पुरगोपुरपरिघभुजदण्डाः ।।२८९।।
वरवृषभोन्नतस्कंधाः चतुरंगुलकंबुग्रीवकलिताश्च
शार्दूलहनवो बिम्बीफलाधराः शशिसमकपोलाः ।।२९०।।
कुंददलधवलदशनाः विहगाधिपचंचुसरलसमनासिकाः
पद्मदलदीर्घनयनाः अनंगधनुःकुटिलभ्रूरेखाः ।।२९१।।
रतिरमणान्दोलकसदृशश्रवणाः अर्धेन्दुप्रतिमभालतलाः
भरताधिपच्छत्रशिरसः कज्जलघनकृष्णमृदुकेशाः ।।२९२।।
संपूर्णशशधरमुखाः प्रावृड्गर्जनमेघसमघोषाः
सोमाः शशीव सूर्य इव सप्रभाः कनकमिव रुचिराः (कनकमयरुचयः) ।।२९३।।
पाणितलादिषु शशिसूर्यचक्रशंखादिलक्षणोपेताः
वज्रर्षभसंहननाः समचतुरसंस्थानाश्च ।।२९४।।
लावण्यरूपनिधयः दर्शनसंजनितजनमनानंदाः
इति गुणनिधयो भूत्वा प्रथमे यौवनारंभे एव ।।२९५।।
तथा विधुर्यन्ते क्षणे कुष्ठक्षयप्रमुखभीमरोगैः यथा
भवन्ति शोचनीयाः नृपविक्रमराजतनय इव ।।२९६।।

**ગાથાર્થ :** અને બીજા પણ કેટલાક જીવો રક્તકમળના પત્રોના જેવા કોમળ તળોથી યુક્ત, શોણ

જેવા લાલ નખ અને સર્વ લક્ષણોથી લક્ષિત, કાચબા જેવા ઉન્નત ચરણોથી યુક્ત, સુશ્લિષ્ટ પગના મણિબંધથી યુક્ત, હરણ જેવી જંઘાથી યુક્ત, હાથીની સૂંઢ જેવી સાથળથી યુક્ત, સિંહના કટિ જેવા કટિતળથી યુક્ત, ગંગા નદીના આવર્ત્ત જેવા દક્ષિણાવર્ત્ત જેવી નાભિથી યુક્ત, શ્રેષ્ઠ વજ્રના વળાંક જેવા મધ્યભાગથી યુક્ત, ઉન્નત કુક્ષિથી યુક્ત, સુશ્લિષ્ટ મત્સ્યના ઉદર જેવા ઉદરથી યુક્ત, સુવર્ણની શિલાતળ જેવી છાતીથી યુક્ત, નગરની શેરીના દરવાજા પર લટકતા અર્ગલા જેવા લટકતા હાથથી યુક્ત, શ્રેષ્ઠ બળદના ઉન્નત ખંધ જેવા ખંધથી યુક્ત, ચાર આંગળ કંબુ જેવી ડોકથી યુક્ત, વાઘની દાઢી જેવી દાઢીથી યુક્ત, બિંબીફળ જેવા હોઠથી યુક્ત, ચંદ્ર સમાન ગાલથી યુક્ત, મચકુંદના પાંદડાં જેવા સફેદ દાંતથી યુક્ત, ગરૂડની ચાંચની સરળતા સમાન સરળ નાકથી યુક્ત, પદ્મદળ જેવી દીર્ઘ આંખોથી યુક્ત, કામદેવના ધનુષ્ય જેવી કુટિલ (વક્ર) ભ્રૂકુટિથી યુક્ત, કામદેવના હિંચકા સમાન કાનથી યુક્ત, આઠમના ચંદ્ર જેવા ભાલતળથી યુક્ત, ચક્રવર્તીના છત્ર જેવા ગોળ મસ્તકથી યુક્ત, કાજળ અને વાદળ જેવા શ્યામ મૃદુવાળથી યુક્ત, પુનમના ચંદ્ર જેવા મુખથી યુક્ત, વર્ષાકાળના ગર્જના કરતા મેઘ સમાન ગંભીર અવાજથી યુક્ત, ચંદ્ર જેવી સૌમ્યતાથી યુક્ત, સૂર્ય જેવી કાંતિથી યુક્ત, સુવર્ણ જેવી કાંતિથી યુક્ત, હાથના તળીયા ચંદ્ર-સૂર્ય-શંખાદિ લક્ષણોથી યુક્ત, વજ્રઋષભ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, લાવણ્ય અને રૂપના નિધિ, દર્શન માત્રથી લોકને આનંદ ઉત્પન્ન કરનારા, યૌવનના પ્રારંભમાં આવા પ્રકારના ગુણોના સમૂહવાળા હોય તો પણ તેઓ કોઢ અને ક્ષય પ્રમુખ ભયંકર રોગોથી, ક્ષણથી એવા પીડાય છે કે, નૃપવિક્રમ રાજપુત્રની જેમ શોચનીય થાય છે. (૨૮૭ થી ૨૯૬)

**अन्ये तु प्रथम एव यौवनारम्भे शोणा-आरक्ता नखा येषु तानि सकललक्षणलक्षितानि कूर्म्मवदुन्नतानि च पदानि पादा इत्यर्थः तैः संयुक्त भूत्वा क्षणमात्रेणैव कुष्ठक्षयादिरोगैस्तथा विधुरीक्रियन्ते यथा राजतनयनृपविक्रमवत् सकलजनशोचनीया भवन्तीति नवमदशमगाथयोः सम्बन्धः । कथंभूतैः पदैरित्याह-रक्तोत्पलपत्रवत् कोमलानि तलानि येषु तानि तथा तैः । पुनरपि कथंभूता भूत्वा ते रोगैर्विधुरिक्रियन्ते ? इत्याह-सुश्लिष्टौ गूढौ-चरणमणिबन्धौ येषां ते तथा, एणी हरिणी तस्या एव जंघे येषां ते तथा, गजेन्द्रस्य हस्तः-करस्तद्वद्वृत्तौ चानुपूर्वीहीनावुरू येषां ते तथा, हरिः-सिंहस्तस्येव विस्तीर्णं कटीतटं येषां ते तथा, 'सुरसलिला' सुरसरिद् गंगेत्यर्थः तस्या आवर्त्तो जलभ्रमणरूपः दक्षिणावर्त्तः, प्रदक्षिणा सुरसलिलावर्त्तवन्नाभिर्येषां ते तथा, वरं-रूपलक्षणसंपन्नतया प्रधानं वज्रवद्-इन्द्रायुधवत् संक्षिप्तं मध्यं येषां ते तथा, उन्नतकुक्षयः, तथा श्लिष्टं-सुसङ्गतं मीनस्य-मत्स्यस्येव उदरं येषां ते तथा, कनकशिलावद् विस्तीर्णं वक्षो येषां ते तथा, वरो वृषभस्येवौन्नतत्वात् स्कन्धो येषां ते तथा, चतुरंगुलप्रमाणा या कम्बुः-शंखो वृत्ततया त्रिरेखांकितत्वेन तदुपमया ग्रीवया कलितास्ते तथा, शार्दूलस्य-व्याघ्रस्येव हनुः-चिबुकं येषां ते तथा, बिम्बी-गोल्हा तत्फलवदारक्तोऽधरो येषां ते तथा, शशी-चन्द्रः सम्पूर्णतया कान्तियुक्तत्वेन च तत्समौ कपोलौ येषां ते तथा, कुन्दवद् धवला दशना येषां ते तथा, विहंगाधिपो-गरुडस्तच्चंचूवत् सरला ऋज्वी समा-सर्वत्रा-विषमस्वरूपा नासा येषां ते तथा, पद्मदलवद्दीर्घनयनाः, आरोपितानङ्गधनुरिव कुटिले भ्रूरेखे येषां ते तथा रतिरमणः कामदेवः तस्यान्दोलकसदृशौ श्रवणौ येषां ते तथा, अर्द्धेन्दुप्रतिमं भालतलं येषां ते तथा, पश्चात् पदद्वयस्य कर्माधारयः भरताधिपः चक्रवर्ती तच्छत्राकारं शिरो येषां ते तथा, कज्जलं च-घनोऽभ्र-मेघा-तद्वत् कृष्णाः मृदवश्च केशा येषां ते तथा, शेषं सुबोधं ।**

**ટીકાર્થ :** બીજા કેટલાક જીવો પ્રથમ યૌવન આરંભમાં લાલ કાંતિવાળા નખોથી યુક્ત અને સર્વ લક્ષણોથી લક્ષિત હોય છે તથા કાચબાના પગોની જેમ ઉન્નત પગવાળા હોય છે તથા લાલ કમળના પગના જેવા કોમળ તળીયાઓથી યુક્ત હોય છે તથા ચરણના મણિબંધ સુશ્લિષ્ટ હોય છે તથા હરણની જંઘા જેવી જંઘાવાળા હોય છે તથા હાથીની સૂંઢ જેવા ગોળ અને આનુપૂર્વીથી પાતળા થતા સાથળવાળા હોય છે તથા સિંહના વિસ્તીર્ણ કટિતટ જેવા કટિવાળા હોય છે તથા ગંગાના પાણીના ભ્રમણથી ઉત્પન્ન થયેલા આવર્ત્ત જેવા આવર્ત્તવાળી નાભિવાળા હોય છે તથા શ્રેષ્ઠ રૂપની સંપદાવાળા હોય છે. વજ્રના વળાંક જેવા સંક્ષિપ્ત મધ્યભાગવાળા હોય છે તથા ઉન્નત કુક્ષિવાળા તથા સુસંગત માછલાના પેટના જેવા પેટવાળા હોય છે તથા સુવર્ણ શિલા જેવા વિસ્તીર્ણ છાતીવાળા હોય છે તથા નગરના શેરીના દરવાજાના આગળીયા જેવા લટકતા ભુજદંડવાળા હોય છે તથા શ્રેષ્ઠ વૃષભની ખાંધ જેવા ઉન્નત ખંધવાળા હોય છે તથા ગોળાકાર ત્રણ રેખાથી અંકિત ચાર અંગુલ ઊંચી શંખની ડોક જેવા ડોકવાળા હોય છે તથા વાઘની દાઢી જેવા દાઢીવાળા હોય છે તથા બિંબીફળ જેવા લાલ હોઠવાળા હોય છે તથા મચકુંદના ફૂલ જેવા સફેદ દાંતવાળા હોય છે તથા ગરૂડની ચાંચ જેવી સરળતા હોય છે તેવા સરળ નાકવાળા છે. પદ્મદળની જેમ દીર્ઘ આંખવાળા હોય છે તથા આરોપિત કરાયેલ કામદેવના ધનુષ્યની જેમ કુટિલ ભ્રૂકુટિવાળા હોય છે તથા કામદેવના હિંચકા સમાન કાનવાળા હોય છે તથા આઠમના ચંદ્ર જેવા ભાલતળ જેવા હોય છે તથા ચક્રવર્તીના છત્ર જેવા ગોળ મસ્તકવાળા હોય છે તથા કાજળ અને વાદળ જેવા શ્યામ અને મૃદુ વાળવાળા હોય છે. આવા પણ શરીરના રૂપ-ગુણવાળા જીવો જ્યારે કોઢ અને ક્ષય વગેરે રોગોથી આક્રમણ કરાય છે, ત્યારે વેદનાથી વિહ્વળ કરાય છે. જે સર્વલોકને દયાને પાત્ર બને છે. બાકીની ગાથાઓનો અર્થ સરળ છે.

## નૃપવિક્રમ રાજપુત્રનું કથાનક

આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં પ્રકટ ગુણોના સમૂહવાળો તથા ઘણી રિદ્ધિથી યુક્ત કુસુમપુર નામનું નગર છે. જે કમળની નાળ જેવી મૃદુવાણીને બોલનારા ધનાઢ્યોથી સેવાયેલું છે. જે સજ્જનોના ગુણસમૂહથી સમાકીર્ણ છે. જે કૈલાસ પર્વતની જેમ શ્રેષ્ઠ શુદ્ધ સ્ફટિકનું ઘર છે, તેમાં મહાદેવની જેમ હરિતિલક નામનો રાજા શ્રેષ્ઠ આબાદી (સમૃદ્ધિ)થી શોભે છે અને તેને ગૌરી નામે અંતઃપુરમાં મુખ્ય દેવી છે અને આ બંનેને માનતાઓથી હમણાં ઉપરની પ્રસ્તુત ગાથામાં વર્ણન કરાયેલ ગુણોથી યુક્ત નૃપવિક્રમ નામે પુત્ર થયો. જે લોકોને અતિપ્રિય, રાજા અને રાણીના હૈયાને આનંદ આપનાર, કલાકલાપને ગ્રહણ કરીને આ યૌવનને પામ્યો. પછી મોટી વિભૂતિઓથી બત્રીસ રાજકન્યાઓને પરણ્યો અને તેના નિમિત્તે માતાપિતા મનોહર અને ઊંચા બત્રીસ પ્રાસાદો કરાવે છે. જે મધ્યભાગમાં ઊંચા ભવનોથી યુક્ત છે અને તે ભવનોમાં પ્રિયાઓની સાથે જેટલામાં ભોગોને ભોગવે છે, તેટલામાં એકાએક તેના શરીરમાં સર્વ અંગમાં શ્વેત કોઢ વ્યાપ્યો. મસ્તક અને આંખની અતિ તીવ્ર વેદના ઉત્પન્ન થઈ. તીવ્ર દાંત પીડા ઉત્પન્ન થઈ. ગળામાં રોગનો સમૂહ પ્રગટ થયો. જીભ અને તાળવું શોષાયા. ઓઠના પડ તૂટીને ટુકડા થયા. નાક ગળવાનું શરૂ થયું. કાનમાં પરુ ઝરવા માંડ્યું. ગળામાં ગંડમાળા (કંઠમાળ નામનો રોગ) વધવાથી ભૂજાઓ પકડાઈ ગઈ. હાથમાં તળીયાની કાંતિ ચાલી ગઈ. આંગળીઓ ગળવા માંડી, નખનો સમૂહ વધ્યો. શ્વાસ અને ખાંસી દારુણ વધ્યા. હૃદય રોગો ઉત્પન્ન થયા, પેટમાં મહાશૂળ ઉત્પન્ન થયું. જલોદર વધ્યું. પીઠ અને વાંસો સર્વથા પકડાઈ ગયા. સર્વપ્રકારે પ્રબળ વાથી કટિતળ શિથિલ થયું. તીવ્રદુઃખને ઉત્પન્ન કરનારી ગુદામાં ખીલા ભોંકવા જેવી વેદના ઉત્પન્ન થઈ, મહાભગંદર

ઉત્પન્ન થયું. જલદીથી જંઘામાં માંસ સુકાયું. પગની આંગળીઓ વિલક્ષણ થઈ. શ્વાસ ઉત્પન્ન થયો. સર્વાંગે મહાદાહ પ્રકટ થયો. મુખથી બોલી શકતો નથી. એક પગલું પણ ભરવા સમર્થ નથી. ઘણાં લોકોના પ્રયત્નથી પણ બેસાડી શકાતો નથી. ફક્ત રડતો, આક્રંદ કરતો, વિલાપ કરતો, અરતિના દુઃખરૂપી સાગરમાં ડૂબેલો, સર્વથા જીવિતવ્યથી ખિન્ન થયેલો ક્ષણ પણ પ્રાણને ધારણ કરે છે. પછી વ્યાકુળ થયેલ માતાપિતાએ વૈદ્યોને તેડાવ્યા, મંત્રવાદીઓને બોલાવ્યા. ઘણાં પ્રકારના પ્રયોગોથી ઉપચાર કરાયો. વિવિધ પ્રકારના ઔષધો આપવામાં આવ્યા. ઘણાં ગૃહસ્થોવડે મંત્રતંત્રનો ઉપાય કરાયો. શાંતિકર્મો કરાવાયા. મહાકિંમતી મોટા પ્રભાવવાળા મણિઓ બાહુમાં બાંધવામાં આવ્યાં. ભૂતિકર્મો કરવામાં આવ્યા. છતાં પણ કંઈપણ ફરક ન પડ્યો. ફક્ત રોગોનો સમૂહ વધ્યો. પછી આ અસાધ્ય છે એમ જાણી બધા ઉપાયો છોડી દેવાયા. રાજા ખેદ પામ્યો. માતા મૂર્ચ્છિત થઈ. સ્ત્રીઓ ખેદ પામી. પરિજન દીન થયો. સર્વ દેશવાસીઓમાં ધ્રાસકો પડ્યો. બધાએ બધી રીતે તેની જીવવાની આશા મૂકી દીધી.

અને આ બાજુ તે નગરમાં ધનંજય નામનો શ્રેષ્ઠ યક્ષ છે. જેની નજીકમાં દ્વારપાળ છે અને સકલ નગરના લોકો તેના દર્શને જાય છે. પછી તીવ્ર વેદનાના ઉદયમાં પડેલા કુમારે તે યક્ષના દર્શનની ઇચ્છા કરી અને રોગ નાશ પામી જાય તો સો પાડાનું બલિ આપીશ અને સકળ નગરની સાથે મોટી વિભૂતિથી જાત્રા કરીશ અને પછી દરરોજ તારી જાત્રા કરીને પછી ભોજન કરીશ એવી માનતા કરી. (૧૦)

એ આરસામાં ઘણાં સાધુઓથી યુક્ત, ત્રણ જગતને પ્રકટ કરવા માટે સૂર્ય સમાન વિમલકીર્તિ નામના કેવળી ત્યાં પધાર્યા. પછી પ્રસાદતળ ઉપર રહેલા રાજાએ સર્વવિભૂતિથી અને શ્રેષ્ઠભક્તિથી તેમના વંદન માટે જતા સર્વ પણ લોકને જોયો. પછી અતિ વિસ્મિત થયેલ રાજાએ હૈયામાં ઘણાં વિકલ્પો કરીને પોતાના એક પુરુષને પુછ્યું. પૂર્વે જણાયું છે કેવળી ભગવંતનું આગમન જેનાવડે એવા સેવક પુરુષે તે સર્વ પણ હકીકત રાજાને કહી અને તેને સાંભળીને રાજા તરત ઊભો થયો અને શ્રેષ્ઠ મંત્રી મંડળની સાથે શ્રેષ્ઠ હાથી ઉપર બેસીને જેટલામાં ચાલે છે તેટલામાં કુમારે તે સાંભળ્યું. પછી કુમારે પણ વિચાર્યું કે આવા પ્રકારના પુરુષોના દર્શન થાય તો સૂર્યના કિરણોથી સ્પર્શાયેલ અંધકારના સમૂહની જેમ સર્વ રોગો નાશ પામે છે. હવે જો પાપી એવા મારા પાપો નાશ નહીં પામે તો પણ પોતાના વ્યાધિના મુખ્ય કારણોને તથા શંકાને પૂછીશ એ પ્રમાણે તેણે મનમાં વિચારણા કરીને રાજાને કહેવડાવ્યું કે હે તાત ! મને કષ્ટ કરીને (સહીને) પણ ત્યાં લઈ જાઓ. આંસુથી ભરેલી આંખોવાળા રાજાએ પણ કોઈક રીતે તેની વાત સ્વીકારી અને તેને સુખાસનમાં બેસાડીને કેમેય કરીને ત્યાં લઈ ગયો. (૧૯) પછી સુવર્ણ કમળમાં બેઠેલા, દેવ-મનુષ્ય અને ખેચરોને ઉત્તમધર્મની દેશના આપતા મુનીશ્વર મોટા વધતા હર્ષવાળા રાજપુત્રો વડે જોવાયા. પછી વિનયથી મુનિને નમીને ઉચિત સ્થાનમાં બેઠા. પછી કેવળીએ રાજા વગેરે સકલ પર્ષદાને ધર્મ કહ્યો. તે સાંભળીને યોગ્ય સમયે પુત્રવડે પ્રાર્થના કરાયેલો અચકાતો છે વચનનો પ્રસર જેનો એવો રાજા ગદ્ગદ્ વાણીથી મુનીશ્વરને પૂછે છે કે હે ભગવન્ ! મારાપુત્ર વડે અન્ય ભવમાં એવું શું કર્મ કરાયું છે જેથી મહારોગ રૂપી અગ્નિથી બળેલો દુઃખ રૂપી સાગરમાં ડુબ્યો. ક્ષણ પણ રતિને મેળવતો નથી અને વૈદ્યોવડે ત્યાગ કરાયો છે. (૨૪)

પછી કેવળીએ કહ્યું કે હે રાજન્ ! સાવધાન ચિત્તથી સાંભળો. પશ્ચિમ વિદેહમાં રતનસ્થળ નામનું શ્રેષ્ઠનગર છે તેમાં પદ્માક્ષ નામનો રાજા છે જે અધમનું એક ધામ છે જે નાસ્તિક, મહાપાપી, ધર્મનો દુશ્મન છે. હવે કોઈ વખત તે નગરની બહાર ક્ષાન્ત, દાન્ત, તપસ્વી, જિતેન્દ્રિય, સૌમ્ય એવા સુયશ નામના મુનિ રહ્યા. તે હૃદયમાં કંઈપણ પરમાક્ષરનું ધ્યાન કરતા કાઉસ્સગ્ગની અંદર પર્વતની જેમ સ્થિર રહ્યા. શિકાર માટે

નીકળેલા રાજાવડે તેં જોવાયા. પછી કારણ વિના સળગ્યો છે ક્રોધ રૂપી અગ્નિ જેનો એવા મૂઢે તેની છાતીમાં બાણ માર્યું જે પીઠની આરપાર નીકળ્યું. પછી પ્રહારની વેદનાની મૂર્છાથી મીંચાઈ છે આંખો જેમની એવા સાધુ ભૂમિપર રહેલા જીવોના વધની શંકાથી વારંવાર મિચ્છામિ દુક્કડંને આપતા એકાએક ભૂમિપર પડ્યા પછી વિશિષ્ટ (સજ્જન) લોકવડે હાહારવ કરાયો. પછી ગુસ્સે થયેલો રાજા સર્વ લોકને મારવા લાગ્યો અને જેટલામાં મારવાથી પાછો ફરતો નથી તેટલામાં તેના આચરણથી વિમુખ થયેલા સામંત અને મંત્રીઓએ તેને બાંધીને કાષ્ઠના પાંજરામાં પૂર્યો. તેના પુંડરીક નામના પુત્રને રાજ્યપર બેસાડ્યો. પાંજરામાંથી છૂટો કરાયેલો, પદ્માક્ષ રાજા પોતાના દુશ્ચરિત્રોથી સર્વત્ર ધિક્કારને પામતો એવો તે નગરમાં એકલો ભમે છે. (૩૪)

અને સુજશ મુનિસત્તમ સિદ્ધોની સમક્ષ દુશ્ચરિત્રનું આલોચન કરીને વ્રતોને ઉચારીને સર્વ જીવોને ખમાવે છે. આ પોતાના કર્મનું ફળ છે બીજો કોઈ અપરાધી નથી એ પ્રમાણે ભાવના કરતો, સર્વત્ર સમભાવવાળો પરંતુ તે રાજા ઉપર વિશેષથી સમભાવવાળો થાય છે અને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, પંચપરમેષ્ઠિને નમસ્કાર કરીને, મરીને શુભભાવવાળો તે સવાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો. દુઃખી થયેલ રાજા પણ કષ્ટથી ભિક્ષા માત્રને પ્રાપ્ત કરે છે તો પણ સાધુવર્ગને વિશે દ્વેષપણાને છોડતો નથી. (૩૮)

હવે તે જ નગરમાં તે જ ઉદ્યાનમાં કાઉસ્સગ્ગમાં રહેલા સોમ નામના મુનિસિંહને તેણે જોયા. પછી ગુસ્સાથી લાલ થઈ છે આંખો જેની એવા તેણે લાકડીથી તે મહાભાગ મુનિની પીઠ પર પ્રહાર કરીને ભૂમિ ઉપર પાડ્યા. પછી મિચ્છામિ દુક્કડં આપીને મુનિ ફરી ઊભા થઈને કાઉસ્સગ્ગમાં રહ્યા. ફરી પણ પાડ્યા. આમ ફરી ફરી ઉપસર્ગને કરતા નિઘૃણ એવા તેને મુનિએ વિપુલ અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકીને પ્રવચનનો દુશ્મન અને સાધુઓનો વિઘાતક છે એમ જાણ્યો. પછી મુખથી ધૂમ શિખાને વમતા અને ગુસ્સે થયેલા મુનિ તેને કહે છે કે હે દુષ્ટ ! શિવમાં એકમાત્ર રસિક મનવાળા તે સુયશ મહાત્મા અને અન્ય સાધુઓ આ પ્રમાણે તારા અપરાધોને સહન કરે છે પણ હું સહન નહીં કરું. તેથી હે અનાર્ય ! તું આજે નક્કી જીવતો નહીં રહે એમ કહીને સાત-આઠ પગલા પાછા ફરીને, તેજોલેશ્યા મૂકીને તે મહાપાપી રાજાને બાળી ભસ્મ કર્યો. મરીને તે સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો નારકી થયો અને સાધુ પણ આલોચના કરી પાપથી પાછા ફરતાં શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરી લાંબો સમય સુધી તપને આચરીને દેવલોકમાં ઉત્પન્ન થયા. (૪૭)

પદ્માક્ષ પણ સાતમી નરકના આયુષ્યને ભોગવીને ઉદ્‌વર્તન પામીને સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલો થઈ ફરી પણ સાતમી નરકમાં અપ્રતિષ્ઠાન નામના પાથડામાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો નારકી થયો. ફરી ત્યાંથી માછલો થઈ છઠ્ઠી નરકમાં ગયો. ત્યાંથી પણ ઉદ્‌વર્તીને ચાંડાલની સ્ત્રીપણે ઉત્પન્ન થયો. ત્યાંથી છઠ્ઠી નરકમાં ગયો. ત્યાં નીકળી સાપ થયો. ત્યાંથી મરી ધૂમપ્રભા નામની પાંચમી નરક પૃથ્વીમાં નારક થયો. ત્યાંથી મરી માછલો થયો. પછી પંકપ્રભા નામની ચોથી નરકમાં ગયો. પછી માછલો થઈ ફરી પંકપ્રભા નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી બાજપક્ષીમાં ઉત્પન્ન થયો. ત્યાંથી વાલુકાપ્રભા નામની ત્રીજી નરક પૃથ્વીમાં ગયો. ત્યાંથી પક્ષીઓમાં ભમીને ફરીપણ વાલુકાપ્રભામાં ગયો. ત્યાંથી ફરીફરી સરીસૃપમાં ઉત્પન્ન થઈ બે વાર શર્કરાપ્રભા નામની બીજી નરકમાં ગયો. પછી એ પ્રમાણે માછલાઓમાં ઉત્પન્ન થઈને બે વાર રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીમાં ગયો. ત્યાંથી પક્ષીના ભવોમાં, ત્યાંથી પછી એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયમાં ગયો. ત્યાંથી હીન (હલકા) પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય અને દેવમાં ગયો ત્યાંથી ફરી પણ તિર્યંચ નરકાદિમાં ગયો એ પ્રમાણે કોઈક ભવમાં બળીને, કોઈક ભવમાં છેદાઈને, કોઈક ભવમાં ભેદાઈને, સર્વભવોમાં શસ્ત્રથી હણાઈને, મહાદાહમાં

પ્રાણો ત્યજીને જ મરણના દુઃખોને અનુભવીને એ પ્રમાણે અનંત અવસર્પિણી કાળમાં અનંત જન્મ મરણથી પીડાઈને, સ્થાને સ્થાને ન વર્ણવી શકાય તેવા અનંત દુઃખોને અનુભવીને સંસાર રૂપી સમુદ્રમાં અવગાહના કરીને, આનાથી આગળના ભવમાં વસંતપુર નગરમાં સિંધુદત્ત નામના ગામમુખીના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થઈને, મધ્યવયમાં તાપસવ્રત સ્વીકારીને અને તે ભવમાં અજ્ઞાન તપ તપીને તે આ હમણાં તારા પુત્રપણાથી ઉત્પન્ન થયો છે તેથી હે દેવાનુપ્રિય ! આ અનાદિમિથ્યાદૃષ્ટિ* જીવે ઋષિનાઘાતથી તથા પ્રવચનની પ્રત્યનીકતાથી (દુશ્મનાવટથી) તીવ્રકર્મ ઉપાર્જન કરીને પછી અનંતભવોમાં તે કર્મના ફળ સમુદાયને ભોગવીને તે કર્મનું જે કંઈ ફળ બાકી રહ્યું છે તેને હમણાં વ્યાધિની વેદનાના પ્રકારમાત્રથી ભોગવે છે એ પ્રમાણે થોડા દિવસોમાં પૂર્વના બાકી રહેલ કર્મને ભોગવીને પછી આ રોગોથી તે મુકાશે.

આવી દેશના સાંભળીને ભય અને સંવેગથી વ્યાકુળ થયેલો તત્ક્ષણ કંઈક રોગોથી મુકાયેલ દેહવાળો કુમાર મુનિને નમીને કહે છે કે હે સ્વામિન્ ! અજ્ઞાનથી મૂઢ થયું છે હૃદય જેનું એવા મારાવડે આવા પ્રકારનું ઘોર પાપ કરાયું છે તેથી હે નાથ ! પ્રસન્ન થઈને અજ્ઞાનથી અંધ એવા મને તે કર્મના વિઘાત કરવામાં સમર્થ એવા દેવ, ગુરુ, ધર્મ તત્ત્વને કહો. પછી કેવળીએ શેષ વિસ્તારથી સર્વજ્ઞ દેવનું વર્ણન કર્યું ત્યારે કુમારે સમ્યક્ત્વ તથા દેશવિરતિનો સ્વીકાર કર્યો. ત્રિવિધ-ત્રિવિધ મિથ્યાત્વનો ત્યાગ કર્યો. ભદ્રકભાવને પામેલો રાજા પણ ભક્તિથી તે મુનિવરને પ્રણામ કરીને ખુશ થયેલો કુમારની સાથે નગરમાં ગયો. કેવળી ભગવંતે અન્યત્ર વિહાર કર્યો, રાજપુત્ર પણ ભક્તિથી સર્વજ્ઞને પૂજતો, સાધુઓને દાનાદિને આપતો, હંમેશા ચૈત્યઘરોમાં રથયાત્રાદિ પ્રભાવનામાં નિરત, હંમેશા પણ શ્રુતધરોની પાસે ધર્મ સાંભળતો, પ્રયત્નથી પરતીર્થિક તથા કુતીર્થિકના સેવનને ત્યાગતો, બહાર રોગોથી મુકાયો અને અંદર અશુભ કર્મોથી મુકાયો. (૫૮) પછી હમણાં જ પોતે જન્મ્યો છે એમ માનતો દૃઢશરીરી, સ્થિરસમ્યક્ત્વી સર્વજનને પ્રશંસનીય એવા ધર્મને આરાધે છે.

પછી કોઈ વખત ધનંજય યક્ષ યોગ્ય પાત્રમાં અવતરીને કહે છે કે હે કુમાર ! તારું શરીર મારા વડે સારું કરાયું છે તેથી જો તું સત્યવચની છે તો પહેલાં સ્વીકારેલ સો પાડાના બલિને મને આપ તથા દરરોજ યાત્રા અને વંદન કર. પછી કંઈક હસીને, કુમારે મહાયક્ષને કહ્યું કે તે જ્ઞાનીની કૃપાને છોડીને ભુવનમાં કોઈની કૃપા (ઉપકાર) નથી. કેમકે તે જ્ઞાનીવડે મારું શરીર રોગોથી મુક્ત કરાયું છે અને હમણાં હું મનથી પણ કુંથુઆનું પણ અહિત વિચારતો નથી તો પછી પાડાનું બલિ કેવી રીતે ધરું ? (૬૩) અને મારું મસ્તક રાગાદિ દોષથી મુકાયેલ દેવ તથા પંચમહાવ્રતધારી સાધુઓને છોડીને બીજા કોઈને નમતું નથી. એ પ્રમાણે જ્યારે રાજપુત્રે કહ્યું ત્યારે ધમધમતા ક્રોધથી દુઃખે કરીને જોઈ શકાય તેવો યક્ષ કહે છે કે હે દુષ્ટ ! તારી જો એ પ્રમાણે સમજણ છે (અર્થાત્ તારા મનમાં નહીં નમવાનું અભિમાન છે) તો કૂટ-ધર્મથી વ્યામોહિત થયેલા અને એકમાત્ર ખોટા વચનમાં નિરત એવા તારા માન રૂપી વૃક્ષને જો હું ન મરડું તો હું દેવ નહીં ! શું તારા શરીરના અંગોને મેં સાજા નથી કર્યા ? એમ બોલીને દેવ ક્યાંય પણ ચાલી ગયો. અનાકુલ ચિત્તવાળો, સ્થિર સત્ત્વવાળો રાજપુત્ર પણ ધર્મને આરાધે છે. યક્ષ પણ તેના છિદ્રોને જુએ છે અને સેંકડો ભયોને દેખાડે છે. સત્ત્વ છે એક માત્ર ધન જેનું અને ધર્મમાં નિરત એવા રાજપુત્રપર ડરામણીની (ભયની) કોઈપણ અસર થતી નથી. પછી તે યક્ષ કુમાર પર અધિક રોષને ધારણ કરે છે. (૬૯)

તે નગરની બહાર અમરનિકેત નામના ઉદ્યાનમાં મણિ-કંચણથી રચિત, વિશાળ અને ઊંચુ જિનમંદિર છે.

---

અનાદિ મિથ્યાદૃષ્ટિ = અનાદિ કાળથી આજ સુધીમાં જેણે ક્યારેય પણ સમ્યક્ત્વને સ્પર્શ નથી કર્યો તેવો જીવ અનાદિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

કલ્યાણકાદિ દિવસે મંદિરમાં મહિમાને કરીને, ઘણાં પરિજનથી યુક્ત કુમાર કોઈ એક સંધ્યાએ પાછો ફરતો માર્ગમાં રહેલા તે ધનંજય યક્ષના ભવનમાં જેટલામાં દૃષ્ટિને પણ નાખ્યા વિના ઓળંગીને ચાલ્યો તેટલામાં દોડીને ક્રોધી યક્ષે તેના સર્વ પણ પરિજનને થંભાવી દીધો અને મુખમાંથી લોહીની ઊલટી કરાવે છે. પછી આકાશમાં રહીને દેવે કુમારને હાંક પાડીને કહ્યું કે હે કૂટધર્મથી ગર્વિત ! તું મને પ્રણામ પણ કરતો નથી ? મને સો પાડા આપવાની માનતા તું પૂરી કર નહીંતર પરિવાર સહિત તને જ મારીને હું ભૂતના સમૂહને બલિ ચડાવીશ. પછી તે દેવને ક્યાંય પણ નહીં જોતો કુપિત થયેલો કુમાર દેવને કહે છે કે જ્યારે આયુષ્ય બળવાન છે ત્યારે તું કોઈને પણ નહીં મારી શકે. હવે કોઈપણ રીતે જો આયુષ્ય તુટ્યું છે તો જન્મેલો કોઈ પણ રીતે મરવાનો છે તેથી અનંતકાળ પછી પ્રાપ્ત થયેલા જિનધર્મને કોણ મલીન કરે ? પછી ક્રોધથી બળતા તે દેવે કુમારને ઊંચકીને નજીકમાં રહેલી પર્વતની શિલા ઉપર અફાળ્યો. (૭૮) પછી મૂર્છાના વશથી ચકળવકળ થતી આંખવાળો વેદનાથી પરાભૂત થયેલો, કાષ્ઠની જેમ ચેષ્ટા રહિત થયેલો ત્યાં એક ક્ષણ રહ્યો અને કોઈક રીતે ચેતનાને પ્રાપ્ત કર્યા પછી કુમરને ફરી પણ તે દેવ કહે છે કે અરે ! જીવઘાતનો ભીરુ એવો તું સો પાડાનું બલિ ન આપતો હોય તો ન આપ પણ મને દરરોજ ફક્ત પ્રણામ કર જેથી આજે પણ પરિવાર સહિત તારું સુહિત કરું. (૮૧) વિનયથી આરાધન કરાયેલો હું મનુષ્યોને રાજ્ય આપું છું અને વિપુલ લક્ષ્મી તથા આરોગ્યાદિ હું મેળવી આપું છું તેથી મને છોડીને ત્રણ ભુવનમાં બીજો કોણ દેવ છે ? મને નમસ્કાર કરવાનું ભૂલી ગયેલો એવો તું પોતાની વિડંબના કરે છે. કુમારે દેવને કહ્યું કે દયાળુ એવો હું તને પાડાનું બલિદાન નહીં આપું પણ તે જીવદયા જે દેવવડે ઉપદેશાયેલ છે તે દેવને હું વંદન કરું છું, નમસ્કાર કરું છું, અને તેનો જ હું કિંકર છું પણ જે તું સ્વયં જ વધ માટે પશુઓની પ્રાર્થના કરે છે તેને હું પ્રણામ કેવી રીતે કરું ? કારણ કે સામાન્ય લોકમાં પણ દયાળુ યતિઓ પુજાય છે માચ્છીમારો નહીં. અને બીજું તું મારું સુહિત કેવી રીતે કરીશ ? હે મહાભાગ ! રાગદ્વેષને વશ થયેલો તું પોતે સ્વયં દુ:ખી જ છે અને નિર્ગુણ એવાં પોતાના વિશે તેમજ પોતાને પ્રણામ કરતા અમારા જેવા લોકોને વિશે તારો રાગ છે તથા ચંદ્રના કિરણ જેવા નિર્મળ જિનધર્મ પર તને દ્વેષ છે. અને રાગદ્વેષનું પરાધીનપણું જીવોના સર્વ દુ:ખનું કારણ છે એમ તું જાણ અને મારે સંસારના દુ:ખના કારણભૂત રાજ્યાદિનું કોઈ પ્રયોજન નથી. તે રાજ્યાદિ તારાવડે કંઈ અપાતા નથી પણ જન્માંતરમાં કરેલા સુકૃતથી મળે છે અને જિનશાસનમાં રત જીવોને તે સુકૃત સારી રીતે થાય છે. (૯૦) મારું મન એક માત્ર મોક્ષસુખમાં છે અને મોક્ષ સુખ, ભવના દુ:ખથી મુકાયેલા જિનેશ્વરને છોડીને બીજો કોણ આપી શકે ? અર્થાત્ બીજો કોઈ ન આપી શકે તો તું મને કેવી રીતે આપી શકે ? તેથી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરીને પછી શું ત્રણ ભુવનમાં બીજો કોઈ નમસ્કરણીય છે કે જેને નમસ્કાર કરાય ? અર્થાત્ ન કરાય. કારણ કે જેણે ક્ષીરસમુદ્રનું પાણી પીધું છે તે લવણ સમુદ્રના પાણીની ઇચ્છા કરતો નથી. અને તું પોતાની પ્રશંસા કરે છે તે અસ્થાને છે તું મોટા અંતરથી ભુલ્યો છે. આંબલીના ભક્ષણથી આંબાની ઇચ્છા નિવૃત્ત થતી નથી. કંઈક ખીલેલી મોગરાની કળીના મકરંદના પાનથી પરિતુષ્ટ થયેલો એવો તે ભમરો પણ શું ધોળા-ખેરવૃક્ષના ફુલોથી વિકારી કરાય છે ? અર્થાત્ ભમરો ખેરવૃક્ષના ધોળા ફુલોમાં રાગી થતો નથી. લીલાથી હાથીણીની સૂંઢમાંથી ગ્રહણ કરેલ સરસ સલ્લકીના દળની કુંપળોમાં વિલાસ કરતું મદનીયું શું અતિ નીરસ અને કઠોર ઘાસથી આકર્ષાય છે ? જો તું શ્રેષ્ઠ દેવ છે અને સર્વ પણ દેવગુણો તારામાં છે તો મને બળાત્કારે કેમ પ્રણામ કરાવે છે ? મહાપુરુષો પોતાના ગુણોને સ્વયં જ પ્રકાશતા (પ્રકટ કરતા) નથી. નદીઓ પાત્રભૂત સમુદ્ર પાસે સ્વયં જ જાય છે. સામાન્ય પુરુષો જો મોટાના ગુણોનું બહુમાન કરતા નથી તો તે વખતે મોટાના ગુણોની શું હાની થાય છે ? જો ઘુવડ સૂર્યનું બહુમાન કરતું નથી તો સૂર્યનું શું કંઈ બગડી જાય છે ? (૯૮)

આ રીતે વિપુલ અર્થના સારવાળા વચનો વડે કુમારે યક્ષને નિરુત્તર કર્યો. તેથી ગુસ્સે ભરાયેલો યક્ષ કુમારના શરીરમાં મસ્તક-આંખ-કાન-પેટ-દાંતમાં તીવ્રવેદનાઓ ઉત્પન્ન કરે છે. આમાંની એક પણ વેદના નિશ્ચયથી સામાન્ય પુરુષના પ્રાણને હરનારી છે તો સર્વ વેદનાના દુઃખથી પીડિત થયું છે શરીર જેનું એવો તે કુમાર સર્વથા ચેષ્ટા રહિત થયો તો પણ વિપુલ સત્ત્વનાં સારવાળો વિચારે છે કે હે જીવ ! ભવરૂપી અરણ્યમાં પૂર્વે નહીં પ્રાપ્ત કરાયેલા એવા શ્રી સર્વજ્ઞ દેવ નિર્વૃત્તિપુરીના મુસાફર એવા તારાવડે સાર્થવાહ સ્વરૂપે પ્રાપ્ત કરાયા છે તેથી જો આ સર્વજ્ઞ ભગવાન તારા ચિત્તમાં વસેલા છે તો તારું મરણ પણ કલ્યાણકારી છે અને આ ભગવાન જેના હૃદયમાં ન વસેલા હોય તે જીવતો હોય તો પણ અનાથ છે. જ્યારે તને જિનશાસનની પ્રાપ્તિ થઈ ન હતી ત્યારે નરકમાં તારા વડે અનંતપુદ્ગલ પરાવર્ત સુધી જે દુઃખ પ્રાપ્ત કરાયું છે તેની વિસાતમાં આ દુઃખ કેટલા માત્ર છે ? (૧૦૪)

એ પ્રમાણે કુમારની દૃઢતાને અવધિજ્ઞાનથી જાણીને અધિક ગુસ્સે ભરાયેલો તે યક્ષ આકાશમાં મોટી શિલાને વિકુર્વે છે. અને કહે છે કે અરે ! હે કુમાર ! પરિવાર સહિત એવો તું પોતાનો વિનાશ કરશે હમણાં પ્રણામમાત્રથી હું તને જીવિત તથા રિદ્ધિને આપું છું. પછી વિશ્વાસપૂર્વક કુમાર કહે છે કે મિથ્યાભિનિવેશી એવો તું જો કોઈપણ રીતે આ બાહ્ય ક્ષણ ભંગુર દેહનો વિનાશ કરશે તો પણ જિનચરણ રૂપી કમળમાં લીન થયેલા એવા મારા અંતરંગ શરીરનો તું, ઇન્દ્ર કે બીજો કોઈ પણ નાશ કરી શકશે નહીં અને તે અંતરંગ શરીર નાશ નહીં થયે છતે મારું કંઈ પણ નાશ નહીં થાય તેથી તને જે રૂચે તે કર. અહીં તને કોણ રોકનાર છે ? એ પ્રમાણે કુમારના સાહસ અને નિશ્ચલ સમ્યક્ત્વને જાણીને વિસ્મિત મનવાળો, ઓગળી ગયું છે મિથ્યાત્વ જેનું એવો તે યક્ષ વિચારે છે કે અહો ! આનું સત્ત્વ કેવું છે ? અહો ! આની બુદ્ધિ ધર્મમાં કેવી નિશ્ચલ છે ? અને મારું અનાર્યકાર્યમાં અપૂર્વ પ્રવર્તન તો જુવો કેવો છે ? અને આ કેવો જીવદયાળું છે કે શરીરને માટે પણ જીવોને હણતો નથી અને મારે જીવ વધનું પ્રયોજન નહીં હોવા છતાં જીવ વધમાં કેવો કદાગ્રહ છે ? તેથી જે દેવ આને સ્તોતવ્ય છે તેની વાત તો દૂર રહો પણ સત્ત્વમાં એકસારવાળા એવા આનાવડે હું ગુણોથી જીતાયો છું. (૧૧૩) તેથી ફક્ત ગુણોથી નિર્મિત (ગુણોનો ભંડાર) એવો આ ગુણના લેશથી રહિત એવા મને પ્રણામ નથી કરતો તે યોગ્ય જ છે. એ પ્રમાણે કુમારના નિર્મળ ગુણોના સમૂહથી રંજિત થયેલો તે યક્ષ ઉત્સુકતાથી ઉપસર્ગોને સંહરીને અને તેના જ પગમાં પડીને કહે છે કે તું ધન્ય છે. તું જ જગતમાં પ્રશંસનીય છે કે જે તારી વીતરાગના ચરણોમાં નિશ્ચલ ભક્તિ છે. આજથી માંડીને મારા પણ તે જ દેવ છે, ગુરુ પણ તે જ છે અને હે ધીર ! તત્ત્વ પણ તે જ પ્રમાણ છે જે તારાવડે સ્વીકારાયું છે અને આથી જ ગુણનિધિ એવા તારી જ આજ્ઞાને કરનારો છું. મારો ધર્મગુરુ તું જ છે તથા મારો પરમબંધુ પણ તું છે. એ પ્રમાણે સ્તવના કરાતો પણ કુમાર મધ્યસ્થ ભાવથી રહે છે. પછી નમીને દેવ કહે છે કે જો કે હે મહાત્મન્ ! તું નિસ્પૃહ છે તો પણ મારા પર અનુગ્રહ કરીને વિષમ દશામાં તું મને યાદ કરજે. નિસ્પૃહ પણ ઉત્તમ પુરુષો પ્રાર્થના કરનારાઓ ઉપર કરુણાવાળા હોય છે. (૧૨૦) પછી કુમારે કહ્યું કે હે ભદ્ર ! જિનધર્મમાં ઉદ્યમ કરતા તારાવડે અમારું સર્વ પણ હિત કરાયું છે. બીજા ઉપકારથી શું ? પછી કુમારના ગુણોથી આકર્ષિત થયું છે હૃદય જેનું એવો તે યક્ષ કુમારને ઘણું ખમાવીને સ્વસ્થાને ગયો. કુમાર પણ પોતાના ઘરે ગયો. (૧૨૨)

હવે કોઈ વખત રાજા મૃત્યુ પામે છતે નૃપવિક્રમકુમાર મહાસમૃદ્ધિવાળા રાજ્યપર સ્થાપન કરાયો. ફેલાયો છે શ્રેષ્ઠ પ્રતાપ જેનો, પ્રવર્તિત કરાયો છે સંપૂર્ણ ન્યાય માર્ગ જેનાવડે એવો કુમાર ચાર સમુદ્રરૂપી કંદોરાથી

વીંટળાયેલી પૃથ્વીરૂપી કામિનીનો સ્વામી થયો. તેણે રમ્ય જિનમંદિરોથી સકલ પૃથ્વીવલયને વિભૂષિત કર્યું. પ્રાય: સર્વ પણ લોકને જિનસાધુના ચરણના ભક્ત કર્યા.

અને આ બાજુ તે વખતે યમ નામનો રાજા કલિંગદેશનો અધિપતિ છે. તે દેવતાના વરદાનની પ્રાપ્તિથી યુદ્ધમાં હારતો નથી. પછી દેશોને લૂંટતો એવો તે નૃપવિક્રમ રાજાના સીમાડા પર આવ્યો. માની (પરાક્રમી) એવા નૃપવિક્રમ રાજાએ સામે આવીને તેને ઘેરો ઘાલ્યો અને પહેલાં દિવસે તેનો સેનાની લડાઈમાં ઊતર્યો જે યમ રાજાવડે હત પ્રહત કરાયો અને તે સેનાની જલદીથી પલાયન થયો. પછી વ્યાકુલ થયેલ નૃપવિક્રમ રાજા પણ તેની શ્રેષ્ઠ લબ્ધિને જાણીને ત્રણ ઉપવાસ કરીને ધનંજય યક્ષને યાદ કરે છે અને તે યક્ષ તત્ક્ષણ ત્યાં આવ્યો. રાજાએ તેને સર્વ હકીકત જણાવી. પછી દેવે કહ્યું કે હે રાજન્ ! આ કેટલા માત્ર છે ? તેથી પ્રભાત સમયે તું જ સમરાંગણમાં ઝંપલાવજે. અજિતેન્દ્રિય જેમ કામદેવને વશ થાય તેમ હું આને તારે વશ કરી દઈશ. પછી દેવના વચનથી પોતાના સૈન્યના સમૂહથી ભુવનને ક્ષોભ પમાડતો પરાક્રમી નૃપવિક્રમ રાજા તેની સામે યુદ્ધમાં ઊતર્યો. પછી દેવે નૃપવિક્રમ રાજાના સૈન્યમાં એવું કર્યું કે જેથી કોઈપણ સૈન્યના શરીરને દુશ્મન સૈન્યવડે મુકાયેલ તોમર-કુંતાદિ એક પણ શસ્ત્ર લાગતું નથી. જ્યારે નૃપવિક્રમ રાજાના સૈન્યવડે યમના સૈન્યના શ્રેષ્ઠ હાથી આદિ પર ફેંકાયેલું તણખલું ઢેફું વગેરે પણ ઇન્દ્રના શસ્ત્ર વજ્રની જેમ પરિણામ પામે છે. એ પ્રમાણે યુદ્ધ કરતો યમ ક્ષણથી છિન્નભિન્ન સૈન્યવાળો થયો. પછી નૃપવિક્રમ રાજાએ બળાત્કારથી તેને પકડીને બાંધ્યો. પછી યમ દીનવચનોથી કહે છે કે દેવે મને વરદાન આપ્યું હતું અને વરદાનના બળથી પાપી એવા મેં આ સર્વ પાપ કર્યું. (૧૩૬) પરંતુ તે વરદાનનો હમણાં અંત થયો છે તેથી કૃપા કરીને મને છોડ. ફરી હું આવું પાપ નહીં કરું. પછી નૃપવિક્રમ રાજાએ કહ્યું કે મણિ-મંત્ર-ઔષધી-દેવ વગેરે ત્યાં સુધી સફળ થાય છે જ્યાં સુધી જીવ પુણ્યથી મુકાતો નથી. (અર્થાત્ જીવના પુણ્યોદયમાં જ આ બધી વસ્તુ અસરકારક બને છે.) સોળ હજાર દેવોથી સેવાતા ચક્રવર્તીઓ પણ પુણ્યના નાશ સાથે નાશ પામે છે. રત્નોનો સમૂહ પણ વિફળ થાય છે તેથી અહીં શું રાગ કરવો ? પરંતુ હું દીનતાને પામેલા શત્રુઓ ઉપર પ્રહાર કરતો નથી આથી તું છોડી દેવાયો છે ફરીપણ તને જે શિખામણ આપી છે તે જ પ્રમાણે આચર. સુવર્ણ ઘોડાદિ આપીને કંઈક પણ સન્માન કરીને રાજાએ તેને રજા આપી. નૃપવિક્રમ રાજા પણ પોતાની રાજધાનીએ પાછો ફર્યો અને ઘણાં દેવોથી યુક્ત એવો આજ્ઞાકારી ધનંજય યક્ષ વિષમ કાર્યોમાં સાનિધ્ય કરે છે ત્યારે તે સુખપૂર્વક પૃથ્વીનું પાલન કરે છે. (૧૪૨)

હવે એક વખત શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આરૂઢ થયેલો ઉત્તમ મનુષ્યો અને ક્રોડો સૈનિકોથી પરિવરેલો રાજા નગરમાંથી બહાર નીકળે છે ત્યારે જે ઘરના તોરણ પર માળાઓ બંધાયેલ છે, જે ઉત્તમ કેસર અને ચંદનના રસથી સિંચાયેલું છે એવા નગર શ્રેષ્ઠી ધનદ વણિકના ઘરને જુએ છે. શણગારોથી સજ્જ થયેલો, ગ્રહણ કરાયેલ છે શ્રેષ્ઠ રત્ન, સુવર્ણ, મણિથી નિર્મિત આભરણ જેના વડે એવો પ્રમુદિત ચિત્તવાળો નગરનો લોક નગર શ્રેષ્ઠીના ઘરે પ્રવેશે છે. (૧૪૫)

હર્ષના અતિરેકથી ડોલાયમાન થતા ગોળ સ્તનપરથી પડતી છે તૂટેલી હાર લતા જેની, ઊંચી ભુજાપર રણકાર કરતા છે મણિવલય જેના એવો સ્ત્રીવર્ગ પણ જ્યાં નૃત્ય કરે છે. કોકીલના કંઠને જીતી લીધો છે જેઓએ એવી સૌભાગ્યવંતી સ્ત્રીઓ મનોહર ગીત ગાય છે. કરાયું છે અત્યંત સુખાકારી ગીત અને નૃત્ય જેઓ વડે એવા હલકા કુળમાં જન્મેલાઓ જ્યાં પ્રવેશે છે. જેના આંગણામાં રહેલા સુવર્ણના પૂર્ણ કળશો વડે

જન સંચાર રુંધાયો છે. ખુશ થયેલ બંદીજન દરવાજા પર રહી કાનને સુખકારક વાક્યો બોલે છે. ત્યાં મહાદાનો અપાય છે, વિવિધ પ્રકારના ખાદ્યો ખવાય છે, પીણાઓ પીવાય છે, વૃદ્ધ જનોનું સન્માન કરાય છે, મણિ અને સુવર્ણના કળશોથી કુંકુમ જળવડે સર્વ જનનો છંટકાવ કરાય છે, કુસુમ વિલેપન-તંબોલ અને શ્રેષ્ઠ વસ્ત્રો અપાય છે. તથા હર્ષ પામેલ સર્વ લોક તેના ઘરે ભમે છે. પોતાને અવશ એવો લોક પોતે કોણ છે એમ જાણતો નથી. (અર્થાત્ હર્ષના અતિરેકથી લોક પોતે કોણ છે તેનું ભાન રહ્યું નથી.)

તે પ્રમાણેનું વાતાવરણ જોઈને રાજાએ પુછ્યું કે અહીં હર્ષનું કારણ શું છે ? કોઈકે કહ્યું કે હે દેવ ! આ શ્રેષ્ઠીના ઘરે ગઈકાલે પુત્રનો જન્મ થયો છે. (૧૫૨)

એ પ્રમાણે સાંભળીને રાજા બહાર આશ્વવાહિની (વાહલી) કરીને તથા નગરના ઉદ્યાનની શોભા જોઈને જેટલામાં પાછો ફર્યો તેટલામાં તે ઘરે તે જ લોક અરેરે ! આ શું થયું એમ બોલતા મોટા અવાજથી કરુણ સ્વરે વિલાપ કરે છે, છાતી કૂટે છે, મૂર્ચ્છા પામે છે, પડે છે, ઊભો થાય છે, માથા પર તાડન કરે છે, આભૂષણો તોડે છે, વસ્ત્રોને ફાડે છે. એ પ્રમાણે ગ્રહથી ગ્રહણ કરાયેલા શરીરવાળા, પરવશ એવા તે લોકોને જોઈને વિસ્મિત હૃદયવાળો રાજા પૂછે છે કે અરે ! આ શું થયું ? પછી કોઈકે કહ્યું કે હે દેવ ! અપુત્ર ધનદ શ્રેષ્ઠીને ત્યાં સેંકડો માનતાઓ પછી જે પુત્ર જન્મ્યો હતો તે કોઈક રોગથી અડધી ક્ષણથી અહીં મરણ પામ્યો છે ત્યાર પછી હૈયામાં ધ્રાસકો પડવાથી ધનદ શ્રેષ્ઠી પણ મરણ પામ્યો. (૧૫૮)

એ પ્રમાણે અણઘટતું સાંભળીને વૈરાગ્ય પામેલો રાજા કહે છે કે અંતમાં વિરસ એવા ભવના વિલાસોને ધિક્કાર થાઓ ! જેઓએ વચનોથી પ્રશંસા કરી હતી તેઓ જ હમણાં રડે છે. ખરેખર ઇન્દ્રજાળ પણ આવી વિચિત્ર હોતી નથી. પછી સચિવે રાજાને વિનંતિ કરી કે હે દેવ ! જેટલામાં કસાય વસ્ત્રોથી મંડિત શબયાન (મડદાને લઈ જનારું વાહન) અહીંથી નીકળે નહીં તેટલામાં આપણે અહીંથી આગળ જઈએ. પછી ભયથી વિરક્ત ચિત્તવાળો રાજા સ્વયં ઘરે ગયો અને તે મરણને ચિંતવતો દિવસ અને રાત્રીને કોઈપણ રીતે પસાર કરે છે. (૧૬૨)

એટલામાં રાજાને દીક્ષા લેવાનો સમય થયો છે એમ જાણીને સમ્યક્ત્વદાયક કેવળી ભગવંત વિચરતા ફરીપણ ત્યાં પધાર્યા. પછી હર્ષિત ઉદ્યાનપાલકે રાજાને વધામણી આપી અને રાજા તેને વિપુલ પારિતોષિક દાન આપે છે. પોતાની મોટી વિભૂતિથી સહિત તેમજ મોટા પ્રમોદથી રાજા તે મુનિના વંદન માટે ચંદ્રોદય ઉદ્યાનમાં ગયો. ત્રણ પ્રદક્ષિણા આપીને, વિધિથી નમીને, ઉચિત દેશમાં બેઠેલા રાજાને કેવલી ભગવંત ધર્મનો ઉપદેશ આપે છે. (૧૬૬)

હવે અવસરે રાજા પૂછે છે કે હે ભગવન્ ! ધનદના ઘરે અતિવિસ્મયને ઉત્પન્ન કરનાર અણઘટતો બનાવ કેમ બન્યો ? પછી કેવળીએ કહ્યું કે હે રાજન્ ! અનંત ચારિત્રવાળા અંતરંગલોકના કેટલા માત્ર વિલાસને તું પૂછે છે ? રાજા પૂછે છે કે હે ભગવન્ ! આ અંતરંગ લોક કોણ છે ? કેવળીએ કહ્યું કે હે મહારાજ ! સાવધાન થઈને સાંભળો.

અહીં ભવાર્ત્તપુર નગરમાં મોહરાજ નામનો રાજા છે. પછી રાજાએ સકૌતુક ઉત્સુકતાને પામીને પુછ્યું કે હે ભગવન્ ! પછી-પછી શું ? કેવળીએ કહ્યું કે હે મહારાજ ! તે રાજાને અતિપ્રિય હંમેશા પાસે રહેનારો, પાડા-વિષ-સર્પ અને વાદળની જેવી કાંતિવાળો પ્રકૃતિથી સમુદ્ધત સ્વરૂપવાળો, ગર્વિષ્ઠ હૃદયવાળો, વક્રગતિવાળો મિથ્યાભિમાન નામનો અંતરંગ મહાસુભટ છે અને મિથ્યાભિમાન વડે આક્રાંત કરાયેલ આ સંસારી જીવો

અતત્ત્વને વિશે તત્ત્વબુદ્ધિ ધારણ કરે છે, અસ્થિર પદાર્થોને પણ સ્થિર પદાર્થો માને છે. અસાર એવા પોતાને પણ ઇન્દ્ર અને ચક્રવર્તી કરતાં પણ અધિક માને છે. ઉન્માદપૂર્વક નૃત્ય કરે છે, ઉત્કંઠા પૂર્વક ગાય છે, સમભાવથી જોતા નથી, પોતાના ખભાના ઊપરના ભાગથી થૂંકે છે (અર્થાત્ પોતાના ખભાના બળથી અન્યને ધિક્કારે છે.) વિકટ ભમે છે. બીજાને ઘાસ જેવા હલકા ગણે છે. હંમેશા પ્રાય: વિડંબના થાય તેવા શબ્દાદિ ઉપભોગમાં પ્રમાદી એવા તેઓ પોતાના હિતને જાણતા નથી. ધર્મકાર્યનો ત્યાગ કરે છે. પછી પરલોકની વાર્તાને પણ નહીં વિચારતા સંવેગી જનને શોચનીય તથા સામાન્ય જનના ઉપહાસના સ્થાનને પ્રાપ્ત થયેલી તે તે ચેષ્ટાઓ કરે છે. પછી તે મોહરાજાએ મિથ્યાભિમાન નામના પ્રથમ સુભટને ધનદશ્રેષ્ઠીના ઘરે પુત્રના જન્મ સમયે મોકલ્યો. પછી નગરમાંથી નીકળતા મહારાજાએ ધનદ શ્રેષ્ઠીના ઘરે જે ગીત-નૃત્યાદિ ચેષ્ટાઓ જોઈ તે બધી મિથ્યાભિમાન સુભટવડે પ્રેરણા કરાયેલ શ્રેષ્ઠીવડે કરાઈ છે પણ પોતાની બુદ્ધિથી નહીં અને બીજું-

તે જ મોહમહારાજાનો શોક નામનો બીજો અંતરંગ સુભટ છે જેનાવડે વશ કરાયેલા આ જીવો પ્રકૃષ્ટ સત્ત્વના ભંડાર હોવા છતાં પણ જલદીથી દીનપણાને ભજે છે. માથાઓ કૂટે છે. છાતીઓને પીટે છે. વારંવાર મૂર્છા પામે છે. શુદ્ધ વસુધા તટે આળોટે છે. નિવાદિત* મુખવાળા રડે છે. પગ પહોળા કરીને શોક કરે છે. વિસ્વર આક્રંદ કરે છે પછી તે હે તાત ! હે માતા ! એ પ્રમાણે પોકારને કરતા સજ્જન પુરુષોને શોચનીય એવી તે તે ચેષ્ટાઓ કરે છે પછી મોહરાજાવડે મિથ્યાભિમાન સુભટની પાછળ આ શોક નામનો સુભટ તે જ બાળકના મરણ સમયે મોકલાયો પછી નગરમાં પ્રવેશતા તમારા વડે ધનદના ઘરે જે આક્રન્દનાદિક ચેષ્ટા જોવાઈ તે સર્વ શોક સુભટનો વિલાસ છે. હે રાજન્ ! તે મોહરાજાની દુષ્ટ ચેષ્ટાઓનું આ તો કેટલુંક માત્ર છે કારણ કે તે મોહારાજા વિચિત્ર ભંગો (પ્રકારો)થી ભવાર્ત્તપુરમાં વિલસે છે. જેથી ક્યાંક દુષ્ટ મોહ રતિ અને હાસ્ય એ બે સુભટને સાથે મોકલે છે. ક્ષણથી તેઓની પાછળ અરતિ અને શોક એ બેને મોકલે છે અને આ મોહ ક્યાંક હર્ષ સૈનિકને મોકલીને પાછળ વિષાદને મોકલે છે અને ક્યાંક નિર્ભયતાને ઉત્પન્ન કરાવીને ત્યાં જ ભયને ઉત્પન્ન કરે છે ક્યાંક આ રાજા મદને આદેશ કરીને દીનતાને પ્રગટ કરે છે. હે રાજન્ ! આ મોહરાજા મત્સર-ઇર્ષ્યા જુગુપ્સા આદિ પોતાના બીજા ચાકરોવડે વિવિધ પ્રકારની વિડંબનાઓથી આખા જગતને વિડંબના પમાડે છે અને બીજું વધારે કહેવાથી શું ? જેઓ નિર્વૃત્તિપુરીમાં પહોંચી ગયા છે તેઓની જ આ દુષ્ટ મોહરાજા વિડંબના કરી શકતો નથી.

પછી અતિમોટા સંવેગથી ભાવિત મોહની ચેષ્ટાથી ભયભીત એવા રાજાએ પ્રણામ કરીને ગુરુને કહ્યું કે હે ભગવન્ ! તમે મિથ્યાત્વરૂપી સમુદ્રમાં ડૂબેલા એવા મારો ઉદ્ધાર કર્યો છે. હે કરુણાસાગર ! હમણાં પણ તેવી કૃપા કરો કે જેથી મોહરાજાના સૈન્યના ભયને ઓળંગી ગયેલી, સુખને આપનારી એવી તે શ્રેષ્ઠ નિર્વૃત્તિપુરીમાં હું જલદી પહોંચું. (૯)

પછી કેવળીએ કહ્યું કે તમારા જેવાઓને આ ઉચિત છે, અને મારા સાધુ રૂપી સાર્થને પામીને તું ત્યાં જલદીથી જા પછી ખુશ થયેલા રાજાએ ચંદ્રસેન નામના પોતાના પુત્રને રાજ્યપર મૂકીને, વિપુલ દાન આપીને, ખુશ થયેલા ધનંજયાદિક દેવોવડે તથા મંડલેશ આદિ રાજાઓવડે તથા મનુષ્યોવડે ચારે બાજુથી જિનચૈત્યોમાં મહોત્સવો કરાયે છતે સામંત મંત્રી આદિની સાથે, લોકોની સાથે અંત:પુરની સાથે તે કેવળીની પાસે વિધિપૂર્વક

---

* નિ=સતત, वादित=બોલાવાયેલા, वदन=મુખ, શોક વડે સતત બોલાવાયું છે મુખ જેઓનું એવા તેઓ રડે છે અર્થાત્ શોકથી સતત રડ્યા કરે છે.

દીક્ષાને ગ્રહણ કરી. પછી રાજા કેવળી વડે બતાવાયેલા સમ્યગ્ માર્ગથી, સર્વમોહના વ્યાપારથી રહિત એવી નિર્વૃત્તિપુરીમાં ગયો.

**अन्ये तु विभवादिसम्पन्ना अपि जरासमागमेन दूयन्त इति दर्शयति -**

અને બીજાઓ પણ વિભવાદિથી યુક્ત હોવા છતાં પણ જરાના સમાગમથી દુભાય છે તેને બતાવે છે.

**अन्ने उण सव्वंगं गसिया जररक्खसीइ जायंति ।**
**रमणीण सज्जणाण य हसणिज्जा सोअणिज्जा य ।।२९७।।**

**अन्ये पुनः सर्वांगं ग्रसिता जराराक्षस्या जायन्ते**
**रमणीनां स्वजनानाञ्च हसनीयाः शोचनीयाश्च ।।२९७।।**

**ગાથાર્થ :** અને બીજા જીવો જરા રાક્ષસીથી સર્વ અંગમાં ગ્રસાયેલા સ્ત્રી વર્ગને હસવા યોગ્ય તથા સજ્જન વર્ગને શોક કરવા યોગ્ય થાય છે.

**अन्ये तु तरुणा विभविनो रूपादिगुणान्विता अपि भूत्वा पश्चादकस्माज्जराराक्षसीग्रस्ता रमणीनां हसनीयाः सज्जनानां शोचनीयाश्च जायन्त इति ।। तदेवं ये विभवनयपराः विभविनो नीतिमन्तश्चेत्यर्थः, तेषामपि, न केवलं गर्भवासो वा बालत्वं वा, तारुण्यमपि विडम्बनास्पदमेव, ये तु दारिद्र्योपहता अनीतिमन्तश्च तेषामनीतिमतां परयुवतिरमणपरद्रव्यहरणवधवैरकलहनिरतानां दुर्नयधनानां नित्यं यानीह भवेऽपि दुःखानि तानि को वर्णयितुं शक्नोतीति दर्शयन्नाह –**

**ટીકાર્થ :** બીજા કેટલાક જીવો તરુણાવસ્થામાં વિભવવાળા હોય રૂપાદિ ગુણોથી યુક્ત હોય છતાં પાછળથી એકા-એક જરારૂપી રાક્ષસીથી ગ્રસ્ત થયેલા સ્ત્રી વર્ગને હસવા યોગ્ય બને છે અને સજ્જનોને શોચનીય બને છે.

એ પ્રમાણે જેઓ વિભવવાળા છે અને નીતિમાન છે તેઓનો ગર્ભવાસ કે બાળપણ ફક્ત દુઃખવાળું છે એવું નથી. તેઓનું યૌવનપણું પણ દુઃખનું સ્થાન છે. તથા જેઓ દારિદ્રયથી હણાયેલ છે તથા પરસ્ત્રી રમણ કરનારા, પરદ્રવ્ય હરણ કરનારા તથા વધ-વૈર અને કલહમાં નિરત એવા અનીતિમાન જીવોને આ ભવમાં પણ જેવા દુઃખો છે તેનું વર્ણન કરવા કોણ સમર્થ છે તેને બતાવે છે.

**इय विहवणयपराण वि तारुण्णं पि हु विडंबणाट्ठाणं ।**
**जे उण दारिद्दहया अनीइमंताण ताणं तु ।।२९८।।**

**परजुवइरमणपरदव्वहरणवहवेरकलहनिरयाणं ।**
**दुन्नयधणाण निच्चं दुहाइं को वन्निउं तरइ ? ।।२९९।।**

**एवं विभवनयपराणामपि तारुण्यं खलु विडंबनास्थानं**
**ये पुनर्दारिद्र्यहताः अनीतिमतां तेषां तु ।।२९८।।**

**परयुवतिरमणपरद्रव्यहरणवधवैरकलहनिरतानां**
**दुर्नयधनानां नित्यं दुःखानि को वर्णयितुं शक्नोति ? ।।२९९।। (युग्मं)**

**ગાથાર્થ :** એ પ્રમાણે વિભવવાળા અને નીતિમાન જીવોનું તારુણ્ય પણ વિડંબનાનું સ્થાન છે તો જેઓ દારિદ્ર્યથી હણાયેલ છે એવા અનીતિમાન પુરુષોની શું વાત કરવી ? (૨૮૯)

પર-યુવતિ રમણ-પરદ્રવ્ય હરણ-વેર-કલહમાં રત અને અનીતિ એ જ છે ધન જેઓનું એવા જીવોનું હંમેશનું દુ:ખ વર્ણવાને કોણ સમર્થ બને ? (૨૯૯)

**गतार्थं ।। अनीतिमतां स्वरूपमुक्तं, अथ दारिद्र्योपहतानां लेशतो दुःखमुपदर्शयन्नाह –**

અનીતિને કરનારાનું સ્વરૂપ કહેવાયું. હવે દારિદ્રયને પામેલાનું જે દુ:ખ છે તેને કંઈક બતાવાય છે.

**नत्थि घरे मह दव्वं विलसइ लोओ पयट्टइ छणो त्ति ।**
**डिंभाइं रुयंति तहा हद्धी किं देमि घरिणीए ? ।।३००।।**

**देंति न मह ढोयं पि हु अत्तसमिद्धीइ गव्विया सयणा ।**
**सेसा वि हु धणिणो परिहवंति न हु देंति अवयासं ।।३०१।।**

**अज्ज घरे नत्थि घयं तेल्लं लोणं व इंधणं वत्थं ।**
**जाया व अज्ज तउणी कल्ले किह होहिइ कुडुम्बं ? ।।३०२।।**

**वड्ढइ घरे कुमारी बालो तणओ विढप्पइ न अत्थे ।**
**रोगबहुल्लं कुडुम्बं ओसहमोल्लाइयं नत्थि ।।३०३।।**

**उड्डोया मह घरिणी समागया पाहुणा बहू अज्ज ।**
**जिन्नं घरं च हट्टं झुरइ जलं गलइ [1]सव्वंपि ।।३०४।।**

**कलहकरी मह भज्जा असंवुडो परियणो पहू विसमो ।**
**देसो अधारणिज्जो एसो वच्चामि अन्नत्थ ।।३०५।।**

**जलहिं पविसेमि महिं तरेमि धाउं धमेमि अहवा वि ।**
**विज्जं मंतं साहेमि देवयं वा वि अच्चेमि ।।३०६।।**

**जीवइ अज्ज वि सत्तू मओ य इट्ठो पहू य मह रुट्ठो ।**
**दाणि ग्गहणं मग्गंति विहविणो कत्थ वच्चामि ? ।।३०७।।**

**इच्चाइमहाचिंताजरगहिया निच्चमेव य दरिद्दा ।**
**किं अणुहवंति सोक्खं ? कोसंबीनयरिविप्पो व्व ।।३०८।।**

नास्ति गृहे मम द्रव्यं विलसति लोकः प्रवर्त्तितक्षणक इति डिम्भा रुदन्ति गृहे तथा धिक् किं ददामि गृहिण्याः ।।३००।।

---

१. सयलं पि – सर्वत्र ।।

दवति न मम ढौकमपि खलु आत्मसमृद्ध्या गर्वितीः स्वजना :
शेषा अपि खलु धनिनः परिभवन्ति नैव ददति अवकाशम् ।।३०१।।

अद्य गृहे नास्ति घृतं तैलं लवणं चेन्धनं वस्त्रं ।
जातो वा अद्य निर्वाहः कल्ये कथं भविष्यति कुटुम्बं ? ।।३०२।।

वर्द्धते गृहे कुमारी बालस्तनयो न उपार्जयति अर्थम् ।
रोगबहुलं कुटुम्बं औषधमूल्यादिकं नास्ति ।।३०३।।

उज्ञाता मम गृहिणी समागता प्राघूर्णका बहवः अद्य
जीर्णं गृहं च हट्टं क्षरति जलं गलति सर्वमपि ।।३०४।।

कलहकारिणी मम भार्या असंवृत्तः परिजनः प्रभुर्विषमः
देशश्च धारणीयः एष व्रजामि अन्यत्र ।।३०५।।

जलधिं प्रविशामि महीं भ्राम्यामिं धातुं धमयामि अथवाऽपि
विद्यां मंत्रं साधयामि दैवतं वाऽपि अर्चयामि ।।३०६।।

जीवति अद्यापि शत्रुः मृतश्च इष्टः प्रभुश्च मयि रुष्टः
इदानीं ग्रहणं मार्गयन्ति विभविनः कुत्र व्रजामि ? ।।३०७।।

इत्यादि महाचिंताज्वरगृहीताः नित्यमेव च दरिद्राः
किं अनुभवन्ति सौख्यं कौशाम्बी नगरीविप्र इव ।।३०८।।

**ગાથાર્થ :** મારે ઘરે દ્રવ્ય નથી, લોકો મોજ કરે છે, ઉત્સવ પ્રવર્તે છે, બાળકો રડે છે તથા સ્ત્રીને પણ હું શું આપીશ ? (૩૦૦)

પોતાની સમૃદ્ધિથી ગર્વિષ્ઠ થયેલા સ્વજનો મારા પૂર્વે આપેલા ધનને પણ પાછા આપતા નથી બીજા પણ ધનવાનો પરાભવ કરે છે જરા પણ ધનની સહાય કરતા નથી. (૩૦૧)

આજે ઘરે ઘી તેલ, મીઠું, ઇંધણ કે વસ્ત્ર નથી, આજે સ્ત્રી તરુણ છે, આવતી કાલે કુટુંબનું શું થશે ? (૩૦૨)

ઘરે કુમારી મોટી થાય છે, પુત્ર બાળ છે, ધન કમાતો નથી, કુટુંબ રોગિષ્ઠ છે, ઔષધના પૈસા નથી, પત્ની કહ્યાગરી નથી, આજે ઘરે ઘણાં મહેમાનો આવ્યા છે, ઘર જીર્ણ થયું છે, દુકાન પડું પડું થઈ છે, સર્વ જગ્યાએ પાણી ગળે છે. (૩૦૩-૩૦૪)

મારી સ્ત્રી ઝગડાખોર છે, પરિજન આજ્ઞાકારી નથી, સ્વામી વિષમ છે, આ દેશ રહેવા યોગ્ય નથી, હું બીજે જાઉં. (૩૦૫)

સમુદ્રને પેલે પાર જાઉં, ધાતુઓ ધમું અથવા વિદ્યા, મંત્રને, સાધુ અથવા દેવતાને પૂજું. (૩૦૬)

શત્રુ પણ હજુ જીવે છે, ઇષ્ટ પુરુષ મરણ પામ્યો છે અને મારો સ્વામી રૂઠયો છે, શાહુકારો હમણાં કરજ પાછું માગે છે તેથી હમણાં ક્યાં જાઉં ? (૩૦૭)

એ પ્રમાણે હંમેશા જ મહાચિંતા રૂપી અજગરથી ગ્રસિત ગરીબો કૌશાંબી નગરીના બ્રાહ્મણની જેમ શું સુખને અનુભવે છે ? (૩૦૮)

નવપણ ગાથાઓ સરળ છે. કૌશાંબી નગરીના વિપ્રનું કથાનક કહેવાય છે-

## કૌશાંબી નગરીના વિપ્રનું કથાનક

વત્સાદેશમાં કૌશાંબી નામે શ્રેષ્ઠ નગરી છે જે રાજહંસના સમૂહોથી સહિત યમુના નદીથી શોભે છે અને તેમાં જન્મથી દરિદ્ર એવો સોમિલ નામનો બ્રાહ્મણ વસે છે તેને ભોજનાદિ ક્યારેય પણ પુરતા પ્રમાણમાં મળતું નથી. સ્ત્રી હંમેશા કચકચ કરે છે. છોકરાઓ સતત રડે છે. પ્રાર્થના કરતો હોવા છતાં પણ ઇચ્છિત અનાજ વગેરેની ભિક્ષાને પામતો નથી. દુઃખી એવો આ સોમિલ બ્રાહ્મણ કાળ પસાર કરે છે ત્યારે ગર્ભવતી સ્ત્રી કહે છે કે ઘી-ગુડ આદિ લેવા માટે ક્યાંયથી પણ ધન લઈ આવો. ક્યાંયથી પણ ધન નહીં મળે છતે તે બ્રાહ્મણ ધન કમાવવા ઘરેથી નીકળી ગયો. દુઃખી બ્રાહ્મણ ધન કમાવવા દેશોમાં ભમે છે પછી ભમતા એવા તેને જ્યારે પેટપુરતું પણ મળતું નથી તેટલામાં ખેદ પામેલો તે ભમતો કોઈ વિદ્યામઠમાં ગયો. (૬)

અને ત્યાં એક ઉપાધ્યાર્ય ઘણાં વિદ્યાર્થીઓને વિસ્તારથી નીતિશાસ્ત્ર કહે છે અને તેનો પ્રસ્તુત વિષય* આ છે. જાતિ, રૂપ અને વિદ્યા ત્રણેય પણ પર્વતની ગુફામાં પડો અને જેનાથી ગુણો પ્રગટ થાય છે તે ધન જ વધો. વિભવના ઉદ્યોત વિના બાકીના સર્વગુણોથી પૂર્ણ પણ પુરુષ રૂપી રત્નો દારિદ્ર્ય રૂપી મહા અંધકારથી ઢંકાયેલ હોય તો પ્રકાશતા નથી. (દેખાતા નથી.) લોક ધનવાનોના ખોટા સગપણને પ્રકટ કરે છે. (અર્થાત્ કોઈ ધનવાન સ્વજન ન થતો હોય તો પણ ધની હોવાને કારણે આ મારો સ્વજન છે એવું જુટ્ઠું સગપણ લોક જગતમાં પ્રગટ કરે છે.) અને સગો ભાઈ પણ જો વિભવ રહિત હોય તો તેનાથી લજ્જાને પામે છે. (૧૦) જો લક્ષ્મી હોય તો અસદ્ભૂત સર્વગુણો પણ પ્રગટ થાય છે અને જો લક્ષ્મી ચાલી જાય તો સદ્ભૂત સર્વપણ ગુણો નાશ પામે છે, તે લક્ષ્મી જય પામો જય પામો. સંપૂર્ણ મનોરથોને પૂરવા સમર્થ, સકળ લોકને સામાન્ય એવું ધન જેઓને સ્વાધીન છે તે જ આ જગતમાં જીવે છે. જે દીનમનવાળો સકળ દિશિમંડલોને શૂન્ય જુવે છે તે વિભવથી રહિત દરિદ્રી તે તે કાર્યોમાં કેવી રીતે પ્રાણ ધારણ કરે ? (અર્થાત્ તે તે કાર્યોમાં કેવી રીતે ઉત્સાહિત બને ?) (૧૩) અપુણ્યોને ધન દુર્લભ છે. ધન વિનાનાઓને સન્માન દુર્લભ છે, સન્માન વિનાના પુરુષોને એક ક્ષણ પણ સુખ દુર્લભ છે. ખરેખર ધનવાનો અમંગળના ભયથી ધનરૂપી પ્રાણથી મુકાયેલ દરિદ્ર રૂપી મૃતકને સ્પર્શ કરતા નથી અને દૂરથી જ તેનો ત્યાગ કરે છે. તેથી પ્રયત્નથી ધનને ઉપાર્જન કરો જેથી વિબુધતા નહીં હોવા છતાં સકળ લોકમાં ગુણસમૂહ પ્રાપ્ત થશે. એ પ્રમાણે સાવધાન મનથી આ સર્વ સાંભળીને દરિદ્રવિપ્ર પણ કહે છે કે સ્વયં અનુભવથી હું પણ આને જાણું છું. પરંતુ પ્રસન્ન થઈને તમે કંઈક ઉપાય બતાવો જેથી હું પણ ધનને ઉપાર્જન કરું. પછી ઉપાધ્યાય કહે છે કે આ** પણ શાસ્ત્રમાં કહેવાયું છે કે –

"શેરડીનું ખેતર, સમુદ્રનું સેવન, યોગિનું પોષણ અને રાજાની કૃપા ક્ષણથી નિશ્ચયથી દારિદ્ર્યને હણે છે. જો ધન હોય તો વ્યાપાર કરે, અલ્પ ધન હોય તો ખેતી કરે, ધનનો સંપૂર્ણ અભાવ હોય તો સેવા (નોકરી)

---

* બ્રાહ્મણ જે વખતે વિદ્યામઠમાં ગયો તે વખતે ચાલતો વિષય

** આ એટલે ધન કેવી રીતે ઉપાર્જન કરવું તે

કરે. અને પોતામાં સત્ત્વ (બળ અને બુદ્ધિ) હોય તો સાહસ પણ કરે. (૨૦) એ પ્રમાણે સાંભળીને મારે સાહસ ઉચિત છે એમ નિશ્ચય કરીને ભમતો બ્રાહ્મણ વ્યાપાર વિનાના અને દાન-ભોગથી સહિત એક યોગીને જુવે છે પરમવિનય કાર્યથી તેની આરાધના કરે છે અને લાંબા કાળ પછી તે યોગી પ્રસન્ન થયો અને તે બ્રાહ્મણને કહે છે કે હે વિપ્ર ! તું મારી સેવા શા માટે કરે છે ? પછી બ્રાહ્મણ કહે છે કે હું જન્મથી માંડીને દરિદ્રી છું, દુ:ખીઓ એવો હું તારી સેવા કરું છું. પછી યોગી તેને કોઈક દુર્ગમ પર્વતપર લઈ ગયો અને ત્યાં બખોલ બતાવીને તેના હાથમાં એક કલ્પ (તુંબ) આપ્યું અને કહ્યું કે તને અહીં અમુક અમુક ઉપસર્ગો થશે, તારે તેનાથી ડરવું નહીં અને તે સ્થાનપર પહોંચેલો શમીવૃક્ષના પાંદડામાંથી બનાવેલ ખેલણથી* રસને લઈને આ તુંબડીને ભરજે અને તે રસના પ્રભાવથી આ લોહાદિ ધાતુઓ સુવર્ણ થશે એટલે તું દારિદ્રય રૂપી વૃક્ષને મૂળમાંથી છેદીને મહાઋદ્ધિવાળો થશે. એ પ્રમાણે શિખામણ લઈને મોટા સાહસનું આલંબન લઈ તે બ્રાહ્મણે કહેલી વિધિથી રસને લઈને બિલમાંથી નીકળતો જોગી વડે કહેવાયો અરે ! મહાપ્રયત્નથી આની રક્ષા કરજે આ રસ અતિદુર્લભ છે અને દારિદ્રયના દુ:ખોનું નિર્મથન કરનાર છે. (૨૯) બ્રાહ્મણે આ વાતનો સ્વીકાર કર્યો તો પણ ફરીથી તેને શિખામણ આપવામાં આવી, ફરી પણ તેણે શિખામણનો સ્વીકાર કર્યો, ફરી પણ અર્ધીક્ષણ પછી તેને એજ શિખામણ આપવામાં આવી એમ જોગી તેને વારંવાર શિખામણ આપે છે ત્યારે બ્રાહ્મણના પાપના ઉદયથી તેના મનમાં કોપ ઉત્પન્ન થયો. સાગના પાંદડાના બનાવેલ દળીયામાં રહેલા સમગ્ર રસને ઊંધોવાળી ઢોળી નાખ્યો. પછી આ અયોગ્ય છે એમ જાણીને યોગીએ તેનો ત્યાગ કર્યો. પછી એક ગામથી બીજે ગામ ભમતો ક્યાંય પણ ભિક્ષાને નહીં મેળવતો દારિદ્રયથી દુ:ખી થયેલો દીનમનવાળો ઘરે આવ્યો. ભાર્યાવડે પુછાયેલા એવા તેણે સર્વવ્યતિકર કહ્યો. પછી સ્ત્રીએ કહ્યું કે હે અભાગીયા ! તેં આવું વર્તન કેમ કર્યું ? (૩૪) જો તારા જ હિત માટે યોગીએ તને શિખામણ આપી તો પછી હે પાપીષ્ઠ ! અજ્ઞાની ! કુતઘ્ની ! તું કોપને કેમ પામ્યો ? પરંતુ તારા હાડકામાં પણ કોઈ લક્ષણ દેખાતા નથી જેથી ક્યારેક પણ આ દારિદ્રયના સેંકડો દુ:ખોથી ક્ષણ પણ મુકાય (મુકાશે) એ પ્રમાણે સ્ત્રી વડે ઘણાં દુ:સહ વચનોથી નિર્ભર્ત્સના કરીને ઘરમાંથી બહાર કરાયેલો તે દીન ઘરમાંથી નીકળી ગયો. પશ્ચાત્તાપને કરતો પોતાને નિંદતો દેશોમાં ભમે છે. દારિદ્રય અને દુ:ખોથી પરાભવ પામેલો ભુખથી મરણને પામ્યો. (૩૮)

**तदेवं सर्वप्रकारैस्तारुण्यावस्थायां सुखाभावमुपदर्श्योपसंहरन् वृद्धावस्थां चामिधातुकाम आह -**

એ પ્રમાણે સર્વ પ્રકારોથી તારુણ્યાવસ્થામાં પણ સુખના અભાવને બતાવીને ઉપસંહાર કરતા અને વૃદ્ધાવસ્થાના દુ:ખોનું વર્ણન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**इय विहवीण दरिद्दाण वा ति तरुणत्तणे वि किं सोक्खं ?**
**दुहकोडिकुलहरं चिय वुड्डत्तं नूण सव्वेसिं ।।३०९।।**

**इति विभविनां दरिद्राणां वाऽपि तरुणत्वेऽपि किं सौख्यं ?**
**दुःखकोटिकुलगृहमेव वृद्धत्वं नूनं सर्वेषाम् ।।३०९।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે વિભવીઓને કે દરિદ્રોને શું તરુણાવસ્થામાં પણ કંઈ સુખ હોય છે ? ખરેખર બધાને (વિભવીઓને કે દરિદ્રોને) વૃદ્ધાવસ્થા ક્રોડો દુ:ખોનું જ ઘર છે. (૩૦૯)

** ખેલણ એટલે વૃક્ષના પાંદડામાંથી બનાવેલ એક પ્રકારનું સાધન જે રસને ભરવામાં કામ આવે.

स्पष्टा ।। यथा च वृद्धत्वं दुःखकोटिकुलगृहं तथा प्रागेव दर्शितमित्याह –

ગાથાર્થ સુગમ છે અને જેમ વૃદ્ધાવસ્થા ક્રોડો દુઃખોનું ઘર છે તેમ પૂર્વે કહી દીધેલું છે.

**एयस्स पुण सरूवं पुव्विं पि हु वन्नियं समासेणं ।**
**वोच्छामि पुणो किंचि वि ठाणस्स असुन्नयाहेउं ।।३१०।।**

**एतस्य पुनः स्वरूपं पूर्वमपि खलु वर्णितं समासेन वक्ष्ये पुनः ।**
**किंचिदपि स्थानस्याशून्यताहेतोः ।।३१०।।**

**ગાથાર્થ :** આ વૃદ્ધાવસ્થાનું સ્વરૂપ પૂર્વે ટૂંકમાં બતાવ્યું છે અહીં સ્થાનનું શૂન્યપણું ન રહી જાય માટે ફરી પણ હું તેનું કંઈક વર્ણન કરું છું. (૩૧૦)

सुगमा । नवरं एतस्य वृद्धत्वस्य पूर्वमशरणत्वभावनायां 'अह अन्नदिणे पलियच्छलेणे'त्यादौ ।। यथाप्रतिज्ञातमेवाह -

**ટીકાર્થ :** આ વૃદ્ધત્વનું વર્ણન પૂર્વે અશરણ ભાવનામાં अह अन्नदिने એ ગાથાઓમાં આવી ગયું છે. હવે પ્રતિજ્ઞા મુજબ વર્ણન કરતા કહે છે.

**थरहरइ जंघजुयलं झिज्जइ दिट्ठी पणस्सइ सुई वि ।**
**भज्जइ अंगं वाएण होइ सिंभोऽवि अइपउरो ।।३११।।**
**लोयम्मि अणाएज्जो हसणिज्जो होइ सोयणिज्जो य ।**
**चिट्ठइ घरम्मि कोणे पडिउं मंचंमि कासंतो ।।३१२।।**
**वुड्ढत्तंमि य भज्जा पुत्ता धूया वधूयणो वा वि ।**
**जिणदत्तसावगस्स व पराभवं कुणइ अइदुसहं ।।३१३।।**

**कम्पते जङ्घायुगलं क्षीयते दृष्टिः प्रणश्यति श्रुतिरपि**
**भज्यते अंगं वातेन श्लेष्माऽपि अतिप्रचुरम् ।।३११।।**
**लोके अनादेयो हसनीयो भवति शोचनीयश्च**
**तिष्ठति गृहस्य कोणे पतित्वा मञ्चे काशन् ।।३१२।।**
**वृद्धत्वे च पुत्राः भार्याः दुहितरो वधूजनोवापि**
**जिनदत्तश्रावकस्येव पराभवं करोति अतिदुःसहम् ।।३१३।।**

**ગાથાર્થ :** વૃદ્ધાવસ્થામાં જંઘા-યુગલ કંપે છે, દૃષ્ટિ ક્ષીણ થાય છે, શ્રુતિ (સાંભળવાની શક્તિ) નાશ પામે છે, વાથી શરીર ભાંગે છે અને શ્લેષ્મ પણ ઘણો થાય છે. (૩૧૧)

લોકમાં અનાદેય, હસનીય અને શોકનીય થાય છે, ઘરના એક ખૂણામાં મંચ ઉપર બેસીને ખાંસી ખાતો બેસી રહે છે. (૩૧૨)

અને વૃદ્ધાવસ્થામાં પુત્રો-પુત્રીઓ-સ્ત્રીઓ, પુત્રવધૂઓ જિનદત્તશ્રાવકની જેમ અતિદુઃસહ પરાભવને કરે છે. (૩૧૩)

**तिस्रोऽपि सुगमाः । नवरं वृद्धत्वे एतत् प्राक्तनगाथाद्वयेऽपि सम्बध्यते ।।**

**जिनदत्ताख्यानकमभिधीयते –**

**ટીકાર્થ :** આ ત્રણેય ગાથાઓ સુગમ છે, પરંતુ વૃદ્ધત્વમાં પૂર્વની બે ગાથાઓની સાથે સંબંધ કરાય છે (અર્થાત્ પૂર્વની બે ગાથા સાથે આનો સંબંધ કરવો.)

## જિનદત્ત કથાનક

શ્રાવસ્તી નામે નગરી છે જેમાં હંમેશા ઉન્મત્ત હાથીઓના સમૂહવડે જેમ **दाणाइं**=મદ વગેરે આશ્રય કરાય છે તેમ યાચકોના મુખોવડે પણ **दाणाइं**=દાનાદિ આશ્રય કરાય છે અર્થાત્ તે નગરીમાં યાચકો દાનાદિની પ્રશંસા કરે છે. તે નગરીમાં ઋદ્ધિ સંપન્ન જિનદત્ત નામનો શ્રેષ્ઠી વસે છે. જે શ્રાવક હોવા છતાં પણ હંમેશાં આપત્તિથી રહિત કાળને પસાર કરે છે. તેને ઘણી માનતાઓથી ચાર પુત્રો ઉત્પન્ન થયા, થોડા દિવસોમાં કળાઓ ભણીને ક્રમથી પરણ્યા. યૌવનને પ્રાપ્ત થયેલા ગૃહકાર્યને સંભાળે છે અને સકળ વ્યવહાર ચલાવે છે વધારે શું ? પોતાનો પિતા સર્વ વ્યાપારોથી નિશ્ચિંત કરાયો. તે નગરમાં જિનદત્તનો વિમલ નામે મિત્ર છે તેણે જિનદત્તને એકાંતમાં કહ્યું કે વૃદ્ધાવસ્થામાં તારા સર્વપુત્રો અલગ થઈને રહેશે તેથી તારા સર્વ પણ ધનની વાત તેઓને ન કરવી નહીંતર પછી તું વૃદ્ધાવસ્થામાં શોક કરીશ. જિનદત્ત કહે છે કે મારા પુત્રો આવું ક્યારેય પણ નહીં કરે. પછી વિમલ પણ તેને કહે છે કે હું વધારે શું કહું ? તું સ્વયં જ અનુભવ કરશે. પછી મિત્રની સલાહને અવગણીને જિનદત્તે પોતાનો સર્વ પણ વિભવ પુત્રોની પાસે પ્રકટ કર્યો. તે પુત્રોએ સર્વ વાત પોતાની સ્ત્રીઓને કરી. પુત્રવધૂઓ ભોજન શયનાદિથી સસરાનો ઘણો વિનય કરે છે. (૯) પછી અતિવૃદ્ધાવસ્થામાં જેટલામાં ખાંસી ખાતો રહે છે તેટલામાં પુત્રવધૂઓ પુત્રોના જન્મ થવાથી પ્રૌઢતાને પામી. સર્વ પુત્રવધૂઓ સસરાના વિનયમાં પ્રતિદિન શિથિલ બને છે. સીદાતો જિનદત્ત પોતાનું દુઃખ પુત્રોને કહે છે. પછી જેટલામાં પુત્રવધૂઓ પુત્રોવડે તર્જના કરાય છે તેટલામાં કલકલ કરતી પુત્રવધૂઓ ભેગી થઈને ઠપકો આપતી વદે છે કે આ ડોસો (જિનદત્ત) અતિવૃદ્ધ થયો હોવાથી અમારી કરેલી સેવાનું પાણી ઢોળ કરે છે. અમારી કરેલી સર્વ પણ સેવાને વિપરીત ગણે છે. ખામી વિના વિનયને કરતી એવી અમને આ પ્રમાણે આળ આપે છે. પછી પુત્રોએ પરસ્પર વિચારણા કરીને તેની તપાસ માટે એક ગુપ્ત પુરુષને રાખ્યો. પછી ધૂર્ત પુત્રવધૂઓએ તે ગુપ્ત પુરુષ અમારા વિનયને જાણવા રખાયો છે એમ જાણ્યું. તે ગુપ્ત પુરુષ પુત્રવધૂઓના દુષ્ટભાવને જાણી ન જાય એટલે પુત્રવધૂઓ ફરી પણ સસરાનો પૂર્વની જેમ વિનય કરે છે અને તે ગુપ્ત પુરુષનો પણ ભોજન તંબોલાદિથી વિનય કરે છે. પછી તે ગુપ્તપુરુષ શ્રેષ્ઠીપુત્રોને વિશેષથી કહે છે કે આ વરાકીઓ (પુત્રવધૂઓ) સસરાનો કંઈપણ ન્યૂન વિનય કરતી નથી (અર્થાત્ વિશેષથી વિનય કરે છે.) (૧૬) તે પુરુષના વચનથી ભાવિત થયેલા પુત્રોએ પિતાને પુછ્યું કે હવે તો પુત્રવધૂઓ તમારી બરાબર સેવા કરે છે ને ? પૂર્વે ઉદ્વેગ પામેલો હોવાથી પિતાએ કહ્યું કે મારી કંઈપણ સેવા કરતી નથી. આ પુત્રવધૂઓ માયાવી તથા દુર્વિનીત છે તેઓથી મારો કેવી રીતે નિભાવ થાય ? પછી પુત્રોએ વિચાર્યું કે સ્ત્રીઓએ જે પ્રમાણે કહ્યું હતું તે તેમજ છે કારણ કે આ વિકલ (દ્વેષવાળા) પિતા વિપરીત જ ગ્રહણ કરે છે પછી પુત્રો પણ પિતાની ઉપેક્ષા કરનારા થયા. (૧૯)

પછી ખુશ કરાયા છે પતિઓ જેઓ વડે એવી પુત્રવધૂઓ વિનયમાં ઘણી શિથિલ થઈ અને દુર્વચનોથી સસરાનો પરિભવ કરે છે પછી અત્યંત દુ:ખી થયેલ આ (પિતા) સ્વજનોની પાસે પોતાનું દુ:ખ કહે છે. પુત્રો પણ પિતાનો સર્વ વ્યતિકર સ્વજનોને કહે છે. પછી સ્વજનોએ પણ જિનદત્તની ઉપેક્ષા કરી. પછી જિનદત્ત મિત્રને કહે છે. મિત્રે કહ્યું કે મેં તમને પહેલાં જ આ હકીકત કહી હતી છતાં પણ હું હમણાં તમને ઉપાય બતાવીશ. જો તું મારું કહેલું કરશે તો શરીરથી સ્વસ્થ થઈશ પણ વ્રતાદિ● ધર્મ નહીં થાય. (કેમકે એમાં ખોટું કરવાનું છે.) પછી જિનદત્ત કહે છે કે હમણાં તું મારું એ પ્રમાણે પણ કર. હવે શિખામણ આપીને વિમલ પણ પોતાના ઘરે જાય છે. (૨૪) ટંકના* આકારવાળી ઠિક્કરીઓથી નકુલક (દાબડો) ભરીને વિમલ જિનદત્તને અર્પણ કરે છે. ફરીપણ સર્વ યુક્તિઓ શીખવે છે. પછી ઘરના ઓરડાના ખૂણામાં તૂટેલા મંચ ઉપર રહેલો જિનદત્ત જેટલામાં ખાંસી ખાતો રહે છે તેટલામાં કોઈક કામ માટે મોટી પુત્રવધૂ ત્યાં આવી. પછી જિનદત્તે તેને કહ્યું કે હે ભદ્રે ! આ એક હજાર ટંકથી ભરેલો દાબડો મારી પાસે છે તેને આ ખૂણામાં નિધાન કરીને હું રાખી મૂકું છું મારી આ છેલ્લી અવસ્થા છે મારા મરણ પછી તું આને ગ્રહણ કરજે. પછી મોટી પુત્રવધૂ વિચારે છે કે આ વૃદ્ધની પાસે કંઈક ધન સંભવે છે. તેથી આ સુર્વણથી મારા સર્વ આભરણો થશે. એમ વિચારીને પૂર્વ કરતા સવિશેષ વિનયને કરે છે પછી ભોજન તાંબૂલ આદિ સર્વ પણ વૃદ્ધને આપે છે. બીજી પુત્રવધૂ પણ વિચારે છે કે એમને એમ આ તેની સેવા ન કરે એમ વિચારીને બીજી પણ સસરાની પાસે જાય છે તેને પણ સસરો તેમજ કહે છે તે પણ તેવા પ્રકારનો વિનય કરે છે અને ત્રીજી-ચોથી પુત્રવધૂઓની વિશે પણ તેમજ જાણવું. "હું પહેલી હું પહેલી" એમ કહીને સેવા કરતી પુત્રવધૂ વિશે પણ તેમજ જાણવું. "હું પહેલી હું પહેલી" એમ કહીને સેવા કરતી પુત્રવધૂઓની સેવાથી અતિ સ્વસ્થ થયેલો જિનદત્ત દિવસો પસાર કરે છે. (૩૩)

પછી જિનદત્ત મરણ પામે છતે બધા બહાર જાય છે ત્યારે હું તાવવાળી છું એમ બાનુ કાઢીને મોટી વહુ ઘરે રહી. ટંકને ગ્રહણ કરવા આને તાવ આવ્યો છે એમ બોલી બીજી પણ ઘરે જ રહી. બાકીની પુત્રવધૂઓ કોઈક કોઈક બાના બતાવીને ઘરે જ રહી. પછી મોટીવહુ કોસ (ખોદવાનું લોખંડનું સાધન) લઈને ટંક લેવા માટે જેટલામાં દોડે છે તેટલામાં બીજી પણ દોડી, પછી ત્રીજી અને ચોથી તેવી રીતે જ દોડી. બાળકોથી વીંટાઈને તેઓ પરસ્પર લેવા માટે પ્રવૃત્ત થઈ એટલે એકે કહ્યું કે તમે ટંકને જુઓ (તપાસો) જો તેમાં કંઈક ધન હોય તો વેંચણી કરી લઈએ. પછી તેમ કરાયું. નકુલને ખોદીને કાઢ્યો અને ખુશ થયેલી તેઓએ નકુલનું મુખ છોડ્યું અને વસ્ત્ર પાથરીને જેટલામાં નકુલને ખાલી કરે છે તેટલામાં ખટ ખટ કરતી ઠિક્કરીઓ પડે છે પણ ટંકો ન નીકળ્યા પ્રતિજ્ઞા તોડીને આપણે કેવી રીતે ઠગાઈ તે તમે બધી જુઓ અથવા આપણને જે ઉચિત હતું તે તેનાવડે કરાયું એમ બોલીને વિલખી થયેલી તેઓ સ્વસ્થાને ગઈ. એમ વૃદ્ધત્વમાં પુત્રાદિપણ માતા પિતાનો પરાભવ કરે છે. (૪૧)

**तदेवं गर्भवासबालत्वतारुण्यवार्द्धक्यलक्षणासु चतसृष्वप्यवस्थासु चिन्त्यमानं मनुष्येष्वपि न किंचित् सुखमस्ति, यदपि राजादयः केचिदात्मनस्तन्मन्यन्ते तदपि मिथ्याभिमानमात्रोपकल्पितमेव, नतु तत्त्वत इति दर्शयति –**

એ પ્રમાણે ગર્ભાવાસ, બાળપણ, તારુણ્ય અને વૃદ્ધાવસ્થા રૂપ ચારેય પણ અવસ્થાની વિચારણા કરતા મનુષ્યભવમાં પણ કંઈ સુખ નથી. જોકે રાજાઓ વગેરે કેટલાક પોતાને સુખી માને છે તે પણ મિથ્યાભિમાન માત્રની કલ્પના છે. પણ તત્ત્વથી સુખી નથી તેને બતાવે છે.

---

● જિનદત્ત શ્રાવક છે તેથી તેને સ્થૂળ મૃષાવાદ વિરમણ વગેરે વ્રત છે. અહીં ખોટું બોલવાનો અને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોવાથી વ્રતાદિનો ભંગ થાય તેમ છે.

* ટંક એટલે એક જાતનું ચલણ.

**चउसुं पि अवत्थासुं इय मणुएसु वि विचिंतयंताणं ।**
**नत्थि सुहं मोत्तूणं केवलमभिमाणसंजणियं ।।३१४।।**

**चतसृष्वपि अवस्थासु इति मनुजेषु विचिन्तयतां**
**नास्ति सुखं मुक्त्वा केवलमभिमानसंजनितम् ।।३१४।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે મનુષ્યોની ચારેય અવસ્થાની વિચારણા કરતા એક પણ અવસ્થામાં સુખ નથી અને જે સુખ દેખાય છે તે અભિમાનથી ઉત્પન્ન થયેલ સુખાભાસમાત્ર છે.

**गतार्थैव ।। नन्वागमे मनुष्याणां दश दशाः श्रूयन्ते, अत्र तु चतस्र एव ताः प्रोक्ता इति कथं न विरोधः ? इत्याह –**

**પ્રશ્ન :** આગમમાં મનુષ્યોની દશ દશા બતાવી છે અને અહીં તો ચાર દશા જ બતાવાઈ છે તો પછી આગમ સાથે વિરોધ કેમ ન આવે ?

**ઉત્તર :** આનો જવાબ નીચેની ગાથામાં બતાવે છે.

**मणुयाण दस दसाओ जाओ समयम्मि पुण पसिद्धाओ ।**
**अंतब्भवंति ताओ एयासु वि ताओ पुण एवं ।।३१५।।**

**मनुजानां दश दशाः याः समये पुनः प्रसिद्धाः**
**अंतर्भवन्ति ताः एतास्वपि ताः पुनरेवम् ।।३१५।।**

**ગાથાર્થ :** શાસ્ત્રોમાં મનુષ્યની જે દશ દશાઓ પ્રસિદ્ધ છે તે આ ચાર દશામાં સમાય જાય છે. (માટે વિરોધ નથી.)

**याः पुनः समये दश दशा मनुष्याणां प्रसिद्धास्ता एतास्वपि चतसृष्ववस्थास्वन्तर्भवन्तीति न विरोधः, न हि बालतरुणवृद्धत्वेभ्योऽन्यत्र काचिद्दशा वर्तत इति भावः । कथं पुनस्ता दश दशाः समयेऽपि प्रसिद्धाः ? इत्याह - - 'ताओ पुण एवं' ति ताः पुनर्दश दशा एवं-वक्ष्यमाणगत्या विज्ञेया इति ।**

**ता एवाऽऽह –**

**ટીકાર્થ :** શાસ્ત્રોમાં મનુષ્યની દશ દશાનું વર્ણન કરાયું છે તે આ ચારદશામાં અંતર્ભૂત થાય છે તેથી કોઈ વિરોધ નથી. બાલ-તરુણ અને વૃદ્ધત્વને છોડીને બીજી કોઈ દશા નથી.

**પ્રશ્ન :** તો પછી શાસ્ત્રમાં પણ કઈ દશ દશાઓ પ્રસિદ્ધ છે ?

**ઉત્તર :** શાસ્ત્રમાં પ્રસિદ્ધ દશ દશાઓ હવે કહેવાતી ગાથાઓમાં વર્ણવાઈ છે તે ગાથાઓને બતાવે છે.

**बाला किड्डा मंदा बला य पन्ना य हाइणि पवंचा ।**
**पब्भारमुम्मुही सायणी य दसमी य कालदसा ।।३१६।।**

**बाला क्रीडा मन्दा बला च प्रज्ञा च हायनी**
**प्राग्भारोन्मुखी शायनी दशमी च कालदशा ।।३१६।।**

**ગાથાર્થ :** બાલા, ક્રીડા, મંદા, બલા, પ્રજ્ઞા, અને હાયણી, પ્રપંચા, પ્રાગ્ભારોન્મુખી શાયણી તથા દસમી કાળદશા એમ દશ દશાઓ છે.

**बालत्वदशा दश वर्षाणि, क्रीडादशा दश वर्षाणीत्यादि ।। एतासामेव दशानां प्रमाणसहितं स्वरूपमाह –**

**ટીકાર્થ :** બાળ દશા દશ વર્ષની છે, ક્રીડા દશા દસ વર્ષની છે ઇત્યાદિ આ દશાઓના પ્રમાણ સહિત સ્વરૂપને કહે છે-

**दसवरिसपमाणाओ पत्तेयमिमाओ तत्थ बालस्स ।**
**पढमदसा बीया उण जाणेज्जसु कीलमाणस्स ।।३१७।।**
**तइया भोगसमत्था होइ चउत्थीए पुण बलं विउलं ।**
**पंचमियाए पन्ना इंदियहाणी उ छट्ठीए ।।३१८।।**
**सत्तमियाइ दसाए कासइ निट्ठुहइ चिक्कणं खेलं ।**
**संकुइयवली पुण अट्ठमीए जुवईण य अणिट्ठो ।।३१९।।**
**नवमी नमइ सरीरं वसइ य देहे अकामओ जीवो ।**
**दसमीए सुयइ वियलो दीणो भिन्नस्सरो खीणो ।।३२०।।**

दशवर्षप्रमाणाः प्रत्येकमिमास्तु तत्र बालस्य
प्रथमदशा द्वितीया तु जानीत क्रीडमानस्य ।।३१७।।
तृतीया भोगसमर्था भवति चतुर्थ्यां पुनर्बलं देहे
पंचम्यां प्रज्ञा इन्द्रियहानिश्च षष्ठ्यां ।।३१८।।
सप्तम्यां दशायां काशति निष्ठीव्यति स्निग्धं श्लेष्मं
संकुचितवलीचर्मा पुनरष्टम्यां युवतीनामनिष्टः ।।३१९।।
नवमी नमति शरीरं वसति च देहे अकामको जीवः
दशम्यां श्रुतिविकलः दीनः भिन्नस्वरः क्षीणः ।।३२०।।

**ગાથાર્થ :** આ દરેક દશાઓ દશ-દશ વર્ષના પ્રમાણવાળી છે તેમાં પ્રથમ બાલ દશા દસ વરસની અને બીજી ક્રીડાદશા દશ વરસની જાણવી, ત્રીજી ભોગ સમર્થા અને ચોથી વિપુલ બળવાળી, પાંચમી દશામાં પ્રજ્ઞા અને છઠ્ઠીમાં ઇન્દ્રિય હાની, સાતમી દશામાં ખાંસી ખાય છે અને ચિકણા શ્લેષ્મને થૂંકે છે, આઠમી દશામાં ચામડીમાં કરચલીઓ પડે છે અને યુવતિને અનિષ્ટ લાગે છે. નવમી દશામાં શરીર વળે છે અને ઇચ્છા વિના જીવ શરીરમાં રહે છે. દશમી દશામાં શ્રુતિથી વિકલ (બહેરો) દીન, ભિન્ન સ્વરવાળો તથા ક્ષીણ બને છે. (૩૧૭-૩૨૦)

**पाठसिद्धा एव ।। कियद्भ्यो वर्षेभ्यः पुनरूर्ध्वं स्त्री गर्भं न धारयति पुरुषश्चाबीजो भवतीति प्रसंगतो निरूपयितुमाह –**

**પ્રશ્ન :** કેટલા વર્ષ પછી સ્ત્રી ગર્ભને ધારણ કરતી નથી અને પુરુષ અબીજ થાય છે ?

**ઉત્તર :** આનો જવાબ નીચેની ગાથામાં બતાવે છે.

**पणपन्नाइ परेणं महिला गब्भं न धारए उयरे ।**
**पणसत्तरीइ परओ पाएण पुमं भवेऽबीओ ।।३२१।।**

**पञ्चपञ्चाशतः परेण महेला गर्भं न धारयति उदरे**
**पंचसप्ततेः परतः प्रायः पुमान् भवेत् अबीजः ।।३२१।।**

**ગાથાર્થ :** ઘણું કરીને પંચાવન વરસ પછી સ્ત્રી ગર્ભને ધારણ કરતી નથી અને પંચોત્તેર વર્ષ પછી પ્રાયઃ પુરુષ અબીજ થાય છે.

**सुखावसेयैव ।। कियत्प्रमाणायुषां पुनरेतन्मानं द्रष्टव्यमित्याह –**

**પ્રશ્ન :** ગર્ભધારણનું આ માપ કેટલા પ્રમાણ આયુષ્યવાળા જીવોનું સમજવું ?

**ઉત્તર :** આનો જવાબ નીચેની ગાથાથી આપે છે.

**वाससयाउयमेयं परेण जा होइ पुव्वकोडीओ ।**
**तस्सद्धे अभिलाणा सव्वाउयवीसभागो उ ।।३२२।।**

**वर्षशतायुष्कस्येदं परेण यावत् भवति पूर्वकोटिः**
**तस्योर्ध्वं महेलानां सर्वायुष्कविंशतितमो भागस्तु ।।३२२।।**

**ગાથાર્થ :** ઉપરનું માપ સો વર્ષના આયુષ્યવાળા જીવની અપેક્ષાએ છે તેના પછી પૂર્વક્રોડ વર્ષ સુધીના આયુષ્યવાળા જીવોમાં સ્ત્રી પોતાના આયુષ્યના અર્ધા ભાગ સુધી ગર્ભ ધારણ કરી શકે છે અને પુરુષ વિસમાં ભાગને છોડીને સબીજ હોય છે.

**वर्षशतायुषामैदंयुगीनानामेवैतद् गर्भधारणादिकालमानमुक्तं द्रष्टव्यं । परेण तर्हि का वार्त्तेत्याह – 'परेण जा होइ पुव्वकोडीओ' इत्यादि, वर्षशतात् परतो वर्षशतद्वयं त्रयं चतुष्टयं चेत्यादि यावन्महाविदेहादिमनुष्याणां यावत् पूर्वकोटिः सर्वायुष्के भवति तस्य सर्वायुषोऽर्द्धं यावदम्लाना-गर्भधारणक्षमा स्त्रीणां योनिर्द्रष्टव्या, पुरुषाणां तु सर्वस्यापि पूर्वकोटिपर्यन्तस्यायुषो विंशतितमो भागोऽबीजो भवति ।।**

**ટીકાર્થ :** હમણાં જે ગર્ભધારણનો કાળ બતાવ્યો તે વર્તમાન કાળના સો વર્ષના આયુષ્યવાળા જીવની અપેક્ષાએ કહ્યો છે પછી એટલે કે સો વર્ષથી માંડીને બસો,ત્રણસો ચારસો યાવત્ મહાવિદેહાદિ મનુષ્યની અપેક્ષાએ પૂર્વક્રોડ વર્ષ સુધી સર્વ આયુષ્યના અર્ધાભાગ સુધી સ્ત્રી ગર્ભ ધારણ કરવા સમર્થ હોય છે અને પુરુષ સર્વ આયુષ્યના વીશમાં ભાગને છોડીને સબીજ હોય છે.

---

१. च भवनानां द्विसप्ततिलक्षाधिकाः सप्त कोटयो भवन्तीं – सं. २।।

२. सप्त भवनकोटयो भवन्ति इं – वा. ने. ।।

तदेवं मनुष्यगतावपि सारं न किंचिद् दृश्यते, किं सर्वथा ?, नेत्याह –

**પ્રશ્ન :** આ રીતે મનુષ્યગતિમાં પણ કંઈ સાર જણાતું નથી તો શું સર્વથા સાર નથી ?

**ઉત્તર :** ના, મનુષ્યગતિમાં સર્વથા સાર નથી એવું નથી.

**तम्हा मणुयगईए वि सारं पेच्छामि एत्तियं चेव ।**
**जिणसासणं जिणिंदा महरिसिणो नाणचरणधणा ।।३२३।।**

**तस्मात् मनुजगतावपि सारं पश्यामि इयत् चैव**
**जिनशासनं जिनेन्द्राः महर्षयो ज्ञानचरणधनाः ।।३२३।।**

**ગાથાર્થ :** મનુષ્યગતિમાં પણ જિનશાસન, જિનેશ્વરો, જ્ઞાન અને ચારિત્ર ધનવાળા મહર્ષિઓ એટલું જ માત્ર સાર છે એમ હું જોઉં છું. (૩૨૩)

सुगमा ।। किमेतावदेव सारं ? नेत्याह-

**પ્રશ્ન :** શું આટલું જ સાર છે ?

ઉત્તર : ના,

**पडिवज्जिऊण चरणं जं च इहं केइ पाणिणो धन्ना ।**
**साहंति सिद्धिसोक्खं देवगईए व वच्चंति ।।३२४।।**

**प्रतिपद्य चरणं यच्च इह केऽपि प्राणिनो धन्याः**
**साधयन्ति सिद्धिसौख्यं देवगतौ वा व्रजन्ति ।।३२४।।**

**ગાથાર્થ :** અહીં મનુષ્યભવમાં ચારિત્રનો સ્વીકાર કરીને કેટલાક ધન્ય જીવો મોક્ષસુખને સાધે છે અથવા દેવગતિમાં જાય છે.

यच्चेह मनुष्यगतौ धन्याः केचित् प्राणिनश्चरणं प्रतिपद्य सिद्धिसुखं साधयंति, देवगतौ वा केचिद् व्रजन्ति, एतदपि सारमिति ।। येनैवेह जिनशासनादयः सारभूताः येनैव चेह केचित् मोक्षादौ गच्छन्ति तेनैव कारणेन प्रकृतिभद्रकत्वादिगुणोपेत एव मनुष्यायुर्बध्नाति, न निर्गुण इत्येतदेवाह –

**ટીકાર્થ :** જે આ મનુષ્યગતિમાં કેટલાક જીવો ચારિત્ર લઈને સિદ્ધિ સુખને સાધે છે અથવા કેટલાક દેવગતિમાં જાય છે એ પણ સાર છે. તે કારણથી જ આ જિનશાસન વગેરે સારભૂત છે, જે કારણથી જ મનુષ્યભવમાં કેટલાક મોક્ષાદિમાં જાય છે તે જ કારણથી પ્રકૃતિ ભદ્રકત્વાદિ ગુણોથી યુક્ત જ જીવ મનુષ્ય આયુષ્ય બાંધે છે પણ નિર્ગુણ જીવ નહીં એને જ બતાવતા કહે છે-

**तेणेव पगइभद्दो विणयपरो विगयमच्छरो सदओ ।**
**मणुयाउयं निबंधइ जह धरणिधरो सुनंदो य ।।३२५।।**

**तेनैव प्रकृतिभद्रः विनयपरः विगतमत्सरः सदयः**
**मनुजायुः निबध्नाति यथा धरणीधरः सुनन्दश्च ।।३२५।।**

**ગાથાર્થ :** તે જ કારણથી પ્રકૃતિ ભદ્રક, વિનયમાં તત્પર, વિગત મત્સર, સદય જીવ સુનંદ રાજાની જેમ મનુષ્ય આયુષ્યને બાંધે છે.

**गतार्थैव । धरणिधरसुनन्दाख्यानकं तूच्यते –**

ધરણીધર અને સુનંદનું કથાનક કહેવાય છે-

## ધરણીધર સુનંદનું કથાનક

ભરતક્ષેત્રમાં પ્રસિદ્ધ, લક્ષ્મીનું કુલભવન વીરપુર નામનું નગર છે જે ભરત ક્ષેત્રમાં જ નર કલભો લોકો વડે સંભળાય છે. સિંહની જેમ જીતી લીધા છે દુશ્મન રૂપી કલભોને જેણે એવો વજ્રસિંહ રાજા તેનું પાલન કરે છે અને તેને શ્રેષ્ઠ ગુણથી યુક્ત રુક્મિણી નામની ભાર્યા છે. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે કોઈકવાર તેને આ દોહલો થયો કે હું સામંતોના લોહીથી સ્નાન કરીશ. આ દોહલો દુર્ઘટ છે એમ જાણીને કહેતી નથી. હવે કોઈક વખત આગ્રહથી પુછાયેલી રાણીએ રાજાને દોહલો જણાવ્યો. ક્ષોભ પામેલા રાજાએ મંત્રીને જણાવ્યું. મંત્રીએ રાજાના મહેલના ઝરુખામાં પેટ પર અળતાના રસથી ભરેલા નાના પાત્રો બાંધીને સામંતોને રાખ્યા અને ભૂમિ પર રહેલી દેવીના મસ્તક પર અળતાના પાત્રમાં રહેલી સિરાઓ (નશો એટલે કે નળીઓ) છોડીને સ્નાન કરાવ્યું. પછી ભારંડપક્ષીએ રાણીને જોઈ અને માંસની બુદ્ધિથી ઊંચકીને લઈ ગયો. પછી હલનચલન થવાથી સચેતન છે એમ જાણીને મહારણ્યમાં છોડી દીધી. શરીરથી ધ્રુજતી જેટલામાં ત્યાં જંગલમાં રહેલી છે તેટલામાં ક્યાંયથી પણ મહાવૃક્ષની ડાળી પરથી ક્ષણમાં ઊતરીને સન્મુખ આવતા એક મનુષ્યને જોયો. પછી શીલભંગની શંકા કરતી ઘણી ભયને પામી. આગંતુક પુરુષે આશ્વાસન આપીને કહ્યું કે હે ભદ્રે ! તું મારાથી ભય ન પામ. (૧૦) કાંપીલ્યપુર નગરમાં ભરત નામના તારા પિતાને મલયકેતુ નામનો સુપ્રસિદ્ધ સામંત છે, મલયકેતુને પણ ચંદ્રસેન નામનો પુત્ર છે જે કળાઓમાં ઘણો નિપુણ છે. સર્વે રાજપુત્રો તેની પાસે કળાને ગ્રહણ કરે છે. હે રુકમણિ ! તેં પણ બાળપણમાં તેની પાસે અભ્યાસ કર્યો છે. પૂર્વભવના કોઈ વૈરી દેવે પત્ની સહિત અપહરણ કરીને તેને આ મહા-અરણ્યમાં મુક્યો છે. જંગલી પશુઓના ભયથી આ મહાવૃક્ષની ડાળીઓ પર ઘર બાંધીને રહે છે. વૃક્ષોના ફળો અને ઝરણાંના પાણીથી પોતાની આજીવિકા કરે છે. વિસ્મિત મનવાળા તેણે પણ અહીં તને જોઈ. વૃક્ષપરથી ઊતરીને તારી પાસે જે આવ્યો છે તે હું પોતે ચંદ્રસેન છું. તેથી તું ભય પામ નહીં અને પોતાના આગમનના વૃત્તાંતને કહે. (૧૬) પછી સ્વસ્થ થયેલી રાણીએ તેને ઓળખીને પોતાનો વૃત્તાંત કહ્યો. ચંદ્રસેન તેને પોતાને ઘરે લઈ ગયો. પછી રુક્મિણી રાણી તેને પિતા તરીકે સ્વીકારીને તથા તેની સ્ત્રીને માતા તરીકે સ્વીકારીને ત્યાં રહે છે. ગર્ભ સુખપૂર્વક વધે છે. યોગ્ય કાળે શ્રેષ્ઠ-રૂપ-લક્ષણ અને ગુણથી યુક્ત બે જોડીયા પુત્રને જન્મ આપે છે. યોગ્ય સમયે મોટાનું નામ સિંહ અને નાનાનું નામ સિંધુર રાખે છે. પછી મન અને આંખને આનંદ આપતા મોટા થાય છે. કુમારાવસ્થાને પામેલા ચંદ્રસેન પાસે કળાઓને શીખે છે અને નિર્ભય એવા તે બંને તે અરણ્યમાં ભમે છે. હાથીઓની સાથે રમે છે. વાઘ-સિંહાદિને પણ ત્રાસ પમાડે છે, ચિત્તા વગેરેને હણે છે પણ કોઈથી સ્ખલના પામતા નથી. (૨૨)

હવે પૂર્વભવમાં આભિયોગિક નામ કર્મ બાંધેલ શ્વેત ચાર દાંતવાળા હાથીનું યુગલ યૌવનને પામેલા એવા આઓની દૃષ્ટિમાં પડે છે. સ્વયં પણ હાથી યુગલ પીઠ ધરે છે તે પીઠ ઉપર ઉત્તમકુમારો આરૂઢ થાય છે. ઉદયાચલ પર્વત પર આરૂઢ થયેલા સૂર્ય-ચંદ્રની જેમ શોભે છે. હવે કોઈ વાર તે હાથી યુગલ પર આરૂઢ થયેલા ભમતા તે અરણ્યમાં ભયભીત થયેલ એક સાર્થને જુવે છે. સાર્થના લોકોએ તેઓને પણ જોયા અને હૃદયમાં

વિચાર્યું કે શું આ ચંદ્ર-સૂર્ય હશે ? અથવા ઇન્દ્ર-દેવ કે ખેચરો હશે ? જે હોય તે આ લોકો ખરેખર અમારી આપત્તિના નિવારણનું કારણ જ થશે એમ વિચારીને ઘણાં વણિકોની સાથે વસ્ત્ર-રત્નાદિ કિંમતી ભેટણું લઈને સાર્થવાહ તેઓની પાસે ઉપસ્થિત થયો અને પોકારે છે કે દુર્જય નામના ભિલ્લથી રુંધાયેલા એવા અમારું રક્ષણ કરો. ભિલ્લ કહે છે કે સમગ્ર કરિયાણાનો અડધો ભાગ અમને આપો નહીંતર લૂંટીને બધું જ અમે ગ્રહણ કરશું. પછી કુમારો સાર્થવાહને કહે છે કે અશ્વ વગેરેને સજ્જ કરીને જા. (૩૦) અમે ભિલ્લને જોઈ લઈશું. સાર્થવાહે તેમ કર્યે છતે સૈન્યથી યુક્ત ભિલ્લ વિષમ પર્વતના શિખર ઉપરથી ઊતરીને દોડ્યો. કુમારોએ તેને પડકાર્યો. ભિલ્લ કહે છે કે હે બાળકો ! તમે અવશ્ય મરશો. અનેક રાષ્ટ્રોને લૂંટી લીધેલ મારા બળને તમે જાણતા નથી. પછી કુમારોએ ભિલ્લને કહ્યું કે તારા પોતાના દુર્નયથી કરાયેલા મરણથી આજે સર્વ રાષ્ટ્ર સુસ્વસ્થ થાઓ. પછી ભિલ્લો ગુસ્સે થઈને બાણોથી એકી સાથે પ્રહાર કરવાને પ્રવૃત્ત થયા. હાથી ઉપર બેસીને ભમતા કુમારો બાણોથી સ્પર્શ કરાતા નથી. પછી હાથીઓએ ભિલ્લના સર્વ સૈન્યને ક્ષણથી ભગાડ્યું અને અભિમાનથી પાછો નહીં હટતો ભિલ્લપતિ હણાયો. (૩૫) પછી તેઓએ ધણી વિનાની વિવિધ રિદ્ધિથી યુક્ત પલ્લિને કબજે કરી. તેઓ પલ્લીના રાજા થયા અને તેઓની ખ્યાતિ દૂર સુધી ફેલાઈ અને ત્યાં માતા અને ચંદ્રસેનની સાથે રાજ્ય ચલાવે છે અને વજસિંહ રાજાએ ક્યારેક તેઓની પ્રસિદ્ધિને સાંભળી તથા તેઓની પાસે શ્વેત ચારદાંતવાળો હાથી છે એમ સાંભળ્યું. પછી તે હાથીઓને માગવા માટે દૂતને કુમાર પાસે મોકલે છે અને જઈને દૂત કહે છે કે દેવ હાથીઓને માગે છે તો તમે તેને સુપ્રત કરો. કુમારો પણ કહે છે કે રાજાએ અમને સંભાળ રાખવા આ હાથીઓ નથી આપ્યા. (૩૯) પછી દૂતે કહ્યું કે હે બાળકો ! દડાની ક્રીડાને ઉચિત એવા તમારે આ ભયને ઉત્પન્ન કરનારા એવા હાથીઓથી શું પ્રયોજન છે ? પછી કુમારોએ કહ્યું કે વૃદ્ધોને વનવાસને છોડીને બીજું કંઈ ઉચિત નથી તો રાજા સ્વયં જ વનવાસને સ્વીકારી લે તો સારું છે નહીંતર અમે બળાત્કારથી આવા પ્રકારની મતિવાળા રાજાને વનનો અતિથિ કરશું. એ પ્રમાણે કહીને તિરસ્કાર કરીને દૂત બહાર કઢાયો અને તે દૂત રાજાની પાસે જઈને વિશેષથી કુમારોના વચનોને કહે છે. (૪૩) પછી તેઓ ઉપર ગુસ્સે થયેલો રાજા સમગ્ર સૈન્ય લઈને આવ્યો. કુમારોની પાસે એક સૈનિકને મોકલે છે અને આ (સૈનિક) પણ જઈને કહે છે કે સિંહની જેમ શ્રી વજસિંહ રાજા જય પામે છે જેના શબ્દથી વિચલિત મદવાળા શત્રુરૂપી હાથીનો સમૂહ પરવશ થઈ નાશી જાય છે. ગંધહસ્તિઓ પણ મુકાયેલી છે જીવિતાશા એવા તેની ગંધને સહન કરતા નથી તે સિંહની ગણના શિયાળોની સાથે કેવી રીતે થાય ? અથવા ભાગ્ય પરાંગમુખ થયે છતે કોની બુદ્ધિ વિચલિત નથી થતી ? શું પતંગીયા સ્વયંપણ અગ્નિની જ્વાળાઓના સમૂહમાં નથી પડતા ? એ પ્રમાણે બોલતા ભટ્ટને રુક્મિણીએ સાંભળ્યો અને કોઈક રીતે ઓળખ્યો અને તેનું મોટું સન્માન કર્યું અને પુત્રોને વિરોધનું કારણ પુછ્યું. પુત્રોએ વિરોધનું કારણ જણાવ્યું. પછી રુક્મિણીએ કહ્યું કે હે વત્સ ! આ તમારા પિતા છે. (૪૯) પછી પુત્રો પૂછે છે કે કેવી રીતે પિતા થાય ? પછી તે પણ ખાતરીપૂર્વક સર્વ હકીકત કહે છે. પછી કુમારોએ કહ્યું કે તો પણ અમે તેમની સાથે યુદ્ધને ટાળશું નહીં કેમકે લોક પણ "અમે કાયર છીએ, નાટક કરીને રહ્યા છીએ એવા અપવાદને બોલશે" પછી તે (રુક્મિણી) રાજાની છાવણીમાં જાય છે. રાજાએ તેને ઓળખીને ગદ્‌ગદ્‌સ્વરે પુછ્યું. રાણી પણ અનુભવેલ સર્વ વ્યતિકર રાજાને કહે છે. હર્ષથી પરવશ હૃદયવાળો કેટલાક સૈન્યથી યુક્ત રાજા ઉત્કંઠાથી કુમારની પાસે ચાલ્યો. હવે રુક્મિણી પુત્રોની પાસે જઈને કહે છે. તેઓ પણ રાજાની સામે આવે છે. દળ-દળ વહેતા આનંદના આંસુસાથે રાજા તેઓને આલિંગન કરે છે. પછી કુમારોએ સર્વ પણ રિદ્ધિ પિતાને અર્પણ કરી. પિતાએ પણ ખુશ થઈને આ રિદ્ધિ ઉપરાંત બીજી રિદ્ધિ પણ

તેઓને આપી. રાજા, દેવી, કુમારો, ચંદ્રસેન આદિની સાથે વીરપુરમાં ગયા અને રાજા વર્ધાપન કરાવે છે. કેટલાક દિવસો પછી સિંહને રાજ્યપર સ્થાપીને તથા સિંધુરને યુવરાજ પદ પર સ્થાપીને રાજાએ દીક્ષા લીધી. સિંહ પણ પ્રતાપ અને પરાક્રમોથી ઘણી પૃથ્વીને સાધીને વિપ્લવને શાંત કરીને રાજ્યનું પાલન કરે છે અને સુખોને ભોગવે છે. (૫૮)

હવે કોઈક વખત પ્રાસાદના ટોંચ ઉપર રહેલો રાજા રથાદિમાં તથા ઘણાં યાન અને વાહનમાં આરૂઢ થયેલ, શણગારથી સજ્જ થયેલ પૂજાનો સામાન હાથમાં લઈને નગરમાંથી નીકળતા ઘણાં નગરજનને જુવે છે અને નજીકમાં રહેલ કોઈક માણસને પૂછે છે કે લોક ક્યાં જાય છે ? (૬૦) તે પુરુષ કહે છે કે હે દેવ ! બહાર ઉદ્યાનમાં યોગીશ્વર નામના કેવલી પધાર્યા છે. લોક તેમની પાસે જાય છે. પછી સર્વ ૠદ્ધિથી રાજા પણ તેમને વાંદવા માટે તથા સંશયના વિચ્છેદ માટે ભાઈની સાથે જાય છે. પછી વિનયથી ધર્મને સાંભળીને યોગ્ય સમયે પૂછે છે કે હે ભગવન્ ! પશુઓ જેમ જંગલમાં જન્મે છે તેમ અમે પણ જંગલમાં જન્મ્યા છીએ છતાં પણ આવી રિદ્ધિસમુદાયને શાથી પ્રાપ્ત કરી ? પછી કેવળી કહે છે કે હે રાજન્ ! સાંભળો, ધાતકીખંડના ભરતક્ષેત્રમાં શ્રીપુર નામના નગરમાં ધનવાનના ધરણીધર અને સુનંદ નામના બે પુત્રો હતા. તે બંને પણ પરસ્પર પ્રીતિથી બંધાયેલ છે. પ્રકૃતિથી ભદ્રક જિનેશ્વરાદિ સર્વ દેવોના ભક્ત છે. તેઓ તે સર્વદેવોની તથા તેમના ધર્મની પ્રશંસા કરે છે. કુળવૃદ્ધોની, માતાપિતાની, પાખંડીઓની અને સર્વની સાથે પણ વિનયથી જ વર્તે છે. સર્વજીવોને વિશે દયાવાળા છે, મત્સરથી રહિત એવા તેઓને સ્વાભાવિક પણ કોઈની સાથે વૈર નથી. દીનોને, દુઃખીઓને અને પાખંડીઓને અવિશેષથી (સમાનતાથી) અનુકંપાથી દાન આપે છે તથા સાધુઓને તથા અન્ય વ્રતધારીઓને વિનયથી યુક્ત પ્રણામ કરે છે એમ ઘણો કાળ પસાર થયે છતે કોઈક વખત નગરના ઉદ્યાનમાં પરમ ધ્યાનાર્થે કોઈ મુનિ કાઉસ્સગ્ગમાં રહે છે. પછી તે મુનિ શિકારીઓના દૃષ્ટિપથમાં આવ્યા. શસ્ત્રોને ઊગામીને સર્વે પાપીઓ તે મુનિની તરફ દોડ્યા. હવે એટલામાં ધરણીધર અને સુનંદ કોઈક કારણથી ત્યાં આવ્યા. પછી કહે છે કે અરે ! હે મહાભાગો ! આ અકાર્યને ન કરો. આ સાધુએ તમારો શો અપરાધ કર્યો છે ? જેથી તમે સર્વ જીવોના હિતમાં નિરત, અપાપી એવા આ મુનિને હણવા ઇચ્છો છો ? (૭૩) અથવા શું આને હણવાથી તમારું ઇચ્છિત સ્વકાર્ય સિદ્ધ થશે ? તેથી આ લોક અને પરલોક વિરુદ્ધ આ કાર્ય તમે ન આચરો અથવા અમે જીવતા છતાં તમે આ સાધુને હણી શકશો નહીં. વૃદ્ધ-બાલ-મુનિ-દીન અને યુવતિનો વધ જોવા કોણ સમર્થ થાય ? એ પ્રમાણે બોલતા ધરણીધર અને સુનંદ શિકારીઓ વડે બાણ છોડીને પૃથ્વીપર પડાયા. પછી ભય પામેલા શિકારીઓ નાશી ગયા તેથી સાધુ બચી ગયા. (૭૬) પછી ધરણીધર અને સુનંદ વિચારે છે કે અહો ! જુઓ અસાર એવા પોતાના જીવથી આ ઉત્તમ પ્રકારનું કાર્ય થયું. સ્વ-પર ઉપકારી એવા મુનિના પ્રાણની રક્ષા કરાઈ. કાલે પણ મરવાનું છે કારણ કે આપણે અજરામર નથી તેથી આવા કાર્યમાં આજે અમારે મરવાનું થયું. તેમાં શું અનુચિત થયું ? અલ્પ નુકશાનમાં વિશેષ લાભ થયો. એ પ્રમાણે શુભ ભાવને પ્રાપ્ત થયેલા મરીને તમે અહીં બંને ઉત્પન્ન થયા છો અને તે ભદ્રકભાવથી તેમજ સાધુ રક્ષાના ધર્મથી અહીં રાજ્યાદિ સમૃદ્ધિ અને સુખો પ્રાપ્ત થયા છે. તથા આ જન્મમાં તમે શ્રેષ્ઠ અજરામર પદ પ્રાપ્ત કરશો. એ પ્રમાણે સાંભળીને ભાઈ અને માતાની સાથે તે કેવળીની પાસે દીક્ષા લઈને રાજા મોક્ષમાં ગયો. (૮૨).

**मनुष्येभ्यश्च समृद्ध्यायुष्कादिभिर्देवाः प्राधान्यभाज इति मनुष्यगतेरुपरि देवगतिं बिभणिषुरिदमाह –**

મનુષ્ય કરતાં દેવો સમૃદ્ધિ આયુષ્ય વગેરેથી પ્રાધાન્યને ભોગવનારા હોય છે એટલે મનુષ્યગતિના વર્ણન પછી દેવગતિનું વર્ણન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર આને કહે છે.

अथ देवगतिः

देवगइं चिय वोच्छं एत्तो भवणवइवंतरसुरेहिं ।
जोइसिएहिं वेमाणिएहिं जुत्तं समासेण ।।३२६।।

देवगतिमपि वक्ष्ये इतो भवनपतिव्यंतरसुरैः
ज्योतिष्कैर्वैमानिकैर्युक्तां समासेन ।।३२६।।

**ગાથાર્થ :** ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ અને વૈમાનિક દેવોના ભેદોથી યુક્ત દેવગતિને જ હું ટુંકમાં કહીશ. (૩૨૬)

सुगमा । भवनपतयश्च दशविधा भवन्ति, तेषां [1]च द्विसप्ततिलक्षाधिकाः सप्त कोटयो भवनानि भवन्तीति दर्शयति –

ગાથાર્થ સુગમ છે. ભવનપતિ દશ પ્રકારના છે અને તેઓના સાત ક્રોડ અને બોંતેર લાખ ભવનો છે. તેને બતાવતા કહે છે.

दसविहभवणवईणं भवणाणं होंति सव्वसंखाए ।
कोडीओ सत्त बावत्तरीए लक्खेहिं अहियाओ ।।३२७।।

दशविधभवनपतीनां भवनानि भवन्ति सर्वसंख्यया
कोट्यः सप्त द्विसप्तत्या लक्षैरधिकाः ।।३२७।।

**ગાથાર્થ :** અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર તથા સ્તનિતકુમારના ભેદથી ભવનપતિ દેવોના દશ ભેદો છે. (૩૨૭)

गतार्था । नवरं भवनपतीनां दशविधत्वमित्थं भावनीयं – "असुरा नाग सुवन्ना विज्जू अग्गी य दीव उदही य । दिसि वाउ तहा थणिया दसभेया होंति भवणवई ।।१।।" त्ति ।।

ગાથાર્થ સરળ છે. પરંતુ ભવનપતિના દશ ભેદો આ પ્રમાણે જાણવા - અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત, અગ્નિ અને દીપ અને ઉદધિ, દિશિ, વાયુ તથા સ્તનિત એમ ભવનપતિના દસ ભેદો છે. (૧)

अथ भवनानामेव संस्थानादिस्वरूपमाह –

હવે ભવનોના જ સંસ્થાન આદિ-સ્વરૂપને જણાવતા કહે છે.

ताइं पुण भवणाइं बाहिं वट्टाइं होंति सयलाइं ।
अंतो चउरंसाइं उप्पलकन्नियनिभा हेट्ठा ।।३२८।।

सव्वरयणामयाइं अट्टालयभूसिएहिं तुंगेहिं ।
जंतसयसोहिएहिं पायारेहिं व गूढाइं ।।३२९।।

---

१. च भवनानां द्विसप्ततिलक्षाधिकाः सप्त कोटयो भवन्तीं - सं. २ ।।

२. सप्त भवनकोटयो भवन्ति इं - वा. ने. ।।

गंभीरखाइयापरिगयाइं किंकरगणेहिं गुत्ताइं ।
दिप्पंतरयणभासुरनिविट्ठगोउरकवाडाइं ।।३३०।।
दारपडिदारतोरणचंदणकलसेहिं भूसियाइं च ।
रयणविणिम्मियपुत्तलियखंभसयणासणेहिं च ।।३३१।।
कलियाइं रयणरासीहिं दिप्पमाणाइं सोमकंतीहिं ।
सव्वत्थ विइन्नदसद्धवन्नकुसुमोवयाराइं ।।३३२।।
बहुसुरहिदव्वमीसियसुयंधगोसीसरसनिसित्ताइं ।
हरियंदणबहलथवक्कदिन्नपंचंगुलितलाइं ।।३३३।।
डज्झंतदिव्वकुंदुरुतुरुक्ककिण्हागुरुमघमघंताइं ।
वरगंधवट्टिभूयाइं सयलकामत्थकलियाइं ।।३३४।।
पुक्खरिणीसयसोहियउववणउज्जाणरम्मदेसेसु ।
सकलत्तामरनिव्विवरविहियकीलासहस्साइं ।।३३५।।
ठाणाट्ठाणारंभियगेयज्झुणिदिन्नसवणसोक्खाइं ।
वज्जंतवेणुवीणामुइंगरवजणियहरिसाइं ।।३३६।।
हरिसुत्तालपणच्चिरमणिवलयविहूसियऽच्छरसयाइं ।
निच्चं पमुइयसुरगणसंताडियदुंदुहिरवाइं ।।३३७।।
दसदिसिविणिग्गयामलरविसमहियतेयदुरवलोयाइं ।
बहुपुन्नपावणिज्जाइं पुन्नजणसेवियाइं च ।।३३८।।
पत्तेयं चिय मणिरयणघडियअट्ठसयपडिमकलिएणं ।
जिणभवणेण पवित्तीकयाइं मणनयणसुहयाइं ।।३३९।।

तानि पुनर्भवनानि बहिर्वृत्तानि भवन्ति सकलानि
अन्तः चतुरस्राणि उत्पलकार्णिकनिभानि अधः ।।३२८।।
सर्वरत्नमयानि अट्टालकभूषितैस्तुंगैः
यंत्रशतशोभितैः प्राकारैश्च गूढानि ।।३२९।।
गंभीरपरिखया परिगतानि किंकरगणैर्गुप्तानि
दीप्यमानरत्नभास्वरनिविष्टगोपुरकपाटानि ।।३३०।।

द्वारप्रतिद्वारतोरणचंदनकलशैर्भूषितानि च
रत्नविनिर्मितपुत्तलिकास्तंभशयनासनैश्च ।।३३१।।

कलितानि रत्नराशिभिर्दीप्यमानाभिः सौम्यकान्तिभिः
सर्वत्र विकीर्णदशार्द्धवर्णकुसुमोपचाराणि ।।३३२।।

बहुसुरभिद्रव्यमिश्रितसुगंधगोशीर्षरससिक्तानि
हरिचंदनबहलस्तबकदत्तपंचांगुलितलानि ।।३३३।।

दह्यद्दिव्यकुन्दुरुष्कतुरुष्ककृष्णागरुमघमघायमानगंधानि
वरगंधवर्त्तिभूतानि सकलकामार्थकलितानि ।।३३४।।

पुष्करिणीशतशोभितोपवनोद्यानरम्यदेशेषु
सकलत्रामरनिवहवरविहितक्रीडासहस्राणि ।।३३५।।

स्थानस्थानारब्धगेयध्वनिदत्तश्रवणसौख्यानि
वाद्यद्वेणुवीणामृदङ्गध्वनिजनितहर्षाणि ।।३३६।।

हर्षोत्तालं प्रनृत्यन्ति वलयविभूषिताप्सरःशतानि
नित्यं प्रमुदितसुरगणसंताडितदुन्दुभिरवानि ।।३३७।।

दशदशाविनिर्गतामलरविसमधिकतेजोदुरवलोकानि
बहुपुण्यप्रापणीयानि पुण्यजननिषेवितानि च ।।३३८।।

प्रत्येकमेव मणिरत्नघटिताष्टशतप्रतिमाकलितेन
जिनभवनेन पवित्रीकृतानि मनोनयनसुखदानि ।।३३९।।

**ગાથાર્થ :** તે સર્વ ભવનો બહારથી ગોળ હોય છે અને અંદરથી ચતુષ્કોણ હોય છે તથા નીચે કમળની પાંદળી આકારના હોય છે. (૩૨૮) તે સર્વ ભવનો રત્નમય હોય છે અને ઊંચા ઝરુખાવાળા, સેંકડો યંત્રોથી સહિત કિલ્લાથી ગૂઢ હોય છે. (૩૨૯)

તથા તે ભવનો ઊંડી ખાઈથી યુક્ત હોય છે તથા કિંકર દેવોથી રક્ષણ કરાયેલા હોય છે. દીપ્યમાન કાંતિવાળા રત્નો જેમાં જડેલા છે એવા ભવનો હોય છે. (૩૩૦)

ભવનના દરવાજા અને પેટા દરવાજાઓના તોરણો ચંદનના કળશોથી ભૂષિત છે જે ભવનો રત્નથી બનાવેલા પુતળીઓવાળા, સ્તંભ, શયન અને આસનોથી વિભૂષિત છે. (૩૩૧)

ભવનો દેદીપ્યમાન, સૌમ્યકાંતિવાળા રત્ન રાશિઓથી યુક્ત છે. ભવન સર્વત્ર પાંચ વર્ણવાળા કુસુમોથી વાસિત છે. (૩૩૨)

ભવનો ઘણા સુરભિ દ્રવ્યોથી મિશ્રિત સુગંધી ગોશીર્ષ ચંદનના રસોથી સીંચાયેલ છે. હરિચંદનના કર્દમના પિંડથી અપાયેલ છે થાપો જેમાં એવા ભવનો છે. ભવનો બળતા દિવ્ય કુંદરુ-તુરુષ્ક-

કૃષ્ણાગરુથી મઘમઘાયમાન શ્રેષ્ઠ ગંધ દ્રવ્યોથી બનાવેલી ગોળી જેવા છે. સકળ ઇચ્છિત પદાર્થોથી યુક્ત છે. (૩૩૩-૩૩૪)

સેંકડો પુષ્કરિણીથી શોભિત ઉપવન અને ઉદ્યાનોથી રમ્ય પ્રદેશોમાં દેવી સહિત દેવોવડે નૃત્યમાં કરાયેલી છે હજારો ક્રીડાઓ જેમાં એવા ભવનો છે. (૩૩૫)

સ્થાને સ્થાને આરંભ કરાયેલ ગીતના ધ્વનિવડે અપાયું છે કર્ણેન્દ્રિયનું સુખ જેમાં એવા ભવનો છે. વાગતા વેણુ-વીણા-મૃદંગના ધ્વનિથી ઉત્પન્ન કરાયો છે હર્ષ જેમાં એવા ભવનો છે. (૩૩૬)

મણિના વલયોથી વિભૂષિત સેંકડો અપ્સરાઓ હર્ષના અતિરેકથી જેમાં નૃત્ય કરે છે એવા ભવનો છે. આનંદિત થયેલા દેવોના સમૂહો વડે વગાડાયેલા દુંદુભિના અવાજો જેમાં હંમેશા સંભળાય છે તેવા ભવનો છે. (૩૩૭)

ભવનો દશે દિશામાંથી નીકળેલા નિર્મળ સૂર્યના કિરણોથી અધિક તેજવાળા હોવાથી દુરાલોક છે. તે ભવનો બહુ પુણ્યથી પ્રાપ્ત થનારા છે અને પુણ્યશાળી જીવોથી સેવાયેલા છે. (૩૩૮)

દરેક ભવન મણિ અને રત્નોથી નિર્મિત એવી એકસો આઠ પ્રતિમાથી યુક્ત જિનભવનથી પવિત્ર કરાયેલ છે. તથા મન અને આંખોને આહ્લાદક છે. (૩૩૯)

**'बहिर्वृत्तानी'त्यादीनि मनोनयनसुखदानीत्येतत्पर्यन्तानि भवनानां विशेषणानि । तत्र च दीप्यमानरत्नभासुराणि निविष्टानि-स्थितानि गोपुरेषु-प्रतोलीद्वारेषु कपाटानि येषु तानि तथा । द्वारेषु प्रतिद्वारेषु च तोरणैश्चन्दनकलशैश्च भूषितानि । तथा रत्नविनिर्मितैः पुत्तलिकास्तंभशयनासनैश्च भूषितानि । तथा रत्नराशिभिः कलितानि, सौम्यकान्तिभिर्दीप्यमानानि । वितीर्णा दत्ता दशार्द्धवर्णैः-पंचवर्णैः कुसुमैरुपचारा येषु तानि तथा । बहुसुरभिद्रव्यमिश्रितेन सुगन्धगोशीर्षश्रीखंडरसेन निषिक्तानि हरिचन्दनस्य बहलस्तबकैर्दत्तानि पंचांगुलितलानि येषु तानि तथा । शेषं सुखोन्नेयमिति ।।**[1]

**ટીકાર્થ :** बहि र्वृत्तानी થી માંડીને मनोनयन सुखदानी ત્યાં સુધીમાં બધા ભવનોના વિશેષણો છે અને તેમાં (ભવનોમાં) શેરીના દરવાજા પર જે કબાટો છે તે દેદીપ્યમાન કાંતિવાળા રત્નોથી જડેલા છે મુખ્ય દરવાજા તથા અંદરના દરવાજાઓ તોરણો અને ચંદન કળશોથી વિભૂષિત છે. તથા રત્ન-વિનિર્મિત પુત્તળીઓના સ્તંભ શયન અને આસનોથી વિભૂષિત છે તથા સૌમ્યકાંતિવાળા દીપ્યમાન રત્નના રાશિથી યુક્ત છે તથા ભવનો પાંચવર્ણવાળા ફુલોના સમૂહવાળા છે. ઘણાં સુગંધી દ્રવ્યોથી મિશ્રિત એવા સુગંધ-ગોશીર્ષચંદનના રસથી સિંચાયેલ છે તથા હરિચંદનના કર્દમના પિંડથી જેમાં થાપા અપાયેલા છે. બાકીનું સુગમ છે.

**अथ व्यन्तरनगराणां संख्यां स्वरूपं चाह –**

હવે વ્યંતરના નગરોની સંખ્યા અને સ્વરૂપને કહે છે-

**तह चेव संठियाइं संखाईयाइं रयणमइयाइं ।**
**नयराइं वंतराणं हवंति पुव्वुत्तरूवाइं ।।३४०।।**

---

१. यमेवेति – वा. ।।

**तथा चैव संस्थितानि संख्यातीतानि रत्नमयानि**

**नगराणि व्यंतराणां भवन्ति पूर्वोक्तरूपाणि ।।३४०।।**

**ગાથાર્થ :** વ્યંતરોના નગરોનો આકાર ભવનપતિના ભવનો જેવો જ છે પરંતુ તે રત્નમય છે અને સંખ્યાથી અસંખ્યાત છે. (૩૪૦)

**'तह चेव संठियाइं'ति बहिर्वृत्तान्यन्तश्चतुरस्राण्यधस्तु पद्मकर्णिकानिभानि भवनानि यथा प्रोक्तानि तथैवैतान्यपि संस्थितानि, केवलं संख्यायामेतान्यसंख्येयानि द्रष्टव्यानि, शेषं तु स्वरूपं पूर्ववदिति ।।**

**ટીકાર્થ :** 'तह चेव संठियाइं' તિ ભવનપતિના ભવનોની જેમ બહારથી ગોળ અને અંદરથી ચતુરસ્ર છે અને નીચેથી કમળના કર્ણિકા સમાન છે. ફક્ત સંખ્યાથી અસંખ્યાત છે એમ જાણવું બાકીનું સ્વરૂપ ભુવનપતિના ભવનો મુજબ છે.

**अथ ज्योतिष्कविमानान्याह –**

હવે જ્યોતિષના વિમાનોને કહે છે-

**फलिहरयणामयाइं होंति कविठ्ठद्धसंठियाइं च ।**

**तिरियमसंखेज्जाइं जोइसियाणं विमाणाइं ।।३४१।।**

**स्फटिकरत्नमयानि भवन्ति कपित्थार्धसंस्थितानि च**

**तिर्यग् असंख्येयानि ज्योतिष्काणां विमानानि ।।३४१।।**

**ગાથાર્થ :** જ્યોતિષના વિમાનો તિર્ચ્છાલોકમાં અર્ધા-કોળાના ફળના આકારવાળા સ્ફટિકરત્નમય છે તથા સંખ્યાથી અસંખ્યાતા છે. (૩૪૧)

**'तिरियं' ति तिर्यग्लोकः, तस्माद् बहिरेतानि न भवन्तीत्यर्थः । शेषं सुबोधं ।।**

**ટીકાર્થ :** तिरयं ति આ જ્યોતિષના વિમાનો તિર્ચ્છાલોકમાં છે તેનાથી બહાર નથી. બાકીનું સુગમ છે.

**अथ संख्यया वैमानिकदेवानां विमानानि निरूपयितुमाह –**

હવે સંખ્યાથી વૈમાનિક દેવોના વિમાનોનું નિરુપણ કરતા કહે છે-

**तेवीसाहिय सगनउइसहस चुलसीइसयसहस्साइं ।**

**वेमाणियदेवाणं होंति विमाणाइं सयलाइं ।।३४२।।**

**त्रयोविंशत्याऽधिकानि सप्तनवत्या सहस्रैश्च चतुरशीतिशतसहस्राणि**

**वैमानिकदेवानां भवन्ति विमानानि सकलानि ।।३४२।।**

**ગાથાર્થ :** વૈમાનિક દેવોના સર્વ વિમાનોની સંખ્યા ચોરાશી લાખ સત્તાણું હજાર અને ત્રેવીશ છે.

**अथैषामेव विस्तरादिस्वरूपमाह –**

**ટીકાર્થ :** આ વિમાનોની સંખ્યા સૌધર્મ આદિ દેવલોકમાં યથાક્રમથી આ પ્રમાણે જાણવી.

| | |
|---|---|
| પહેલા સૌધર્મ દેવલોકમાં | ૩૨,૦૦૦૦૦ |
| બીજા ઇશાન દેવલોકમાં | ૨૮,૦૦૦૦૦ |
| ત્રીજા સનતકુમાર દેવલોકમાં | ૧૨,૦૦૦૦૦ |
| ચોથા માહેન્દ્ર દેવલોકમાં | ૦૮,૦૦૦૦૦ |
| પાંચમાં બ્રહ્મલોક દેવલોકમાં | ૦૪,૦૦૦૦૦ |
| છઠ્ઠા લાંતક દેવલોકમાં | ૫૦,૦૦૦ |
| સાતમા મહાશુક્ર દેવલોકમાં | ૪૦,૦૦૦ |
| આઠમાં સહસ્રાર દેવલોકમાં | ૦૬,૦૦૦ |
| નવમા-દશમાં આનત-પ્રાણત દેવલોકમાં | ૪૦૦ |
| અગીયાર-બારમાં આરણ-અચ્યુત દેવલોકમાં | ૩૦૦ |
| નવ ગ્રૈવેયક દેવલોકમાં | ૩૧૮ |
| અનુત્તર દેવલોકમાં | ૦૫ |
| | ૮૪,૯૭,૦૨૩ |

| | |
|---|---|
| નીચેના ત્રણ ગ્રૈવેયકમાં | ૧૧૧ વિમાનો છે. |
| મધ્યના ત્રણ ગ્રૈવેયકમાં | ૧૦૭ વિમાનો છે. |
| ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં | ૧૦૦ વિમાનો છે. |
| | કુલ. ૩૧૮ |

આ બધા મળીને ચોરાશી લાખ, સત્તાણું હજાર અને ત્રેવીશ થાય છે. હવે આ વિમાનોના વિસ્તારાદિ સ્વરૂપને કહે છે.

**संखेज्जवित्थराइं होंति असंखेज्जवित्थराइं च ।**
**कलियाइं रयणनिम्मियमहंतपासायपंतीहिं ।।३४३।।**
**धयचिंधवेजयंतीपडायमालाउलाइं रम्माइं ।**
**पउमवरवेइयाइं नाणासंठाणकलियाइं ।।३४४।।**
**वन्नियभवणसमिद्धीओऽणंतगुणरिद्धिसमुदयजुयाइं ।**
**सुणमाणाण वि सुहयाइं सेवमाणाण किं भणिमो ? ।।३४५।।**

संख्येयविस्तराणि भवन्त्यसंख्येयविस्तराणि च
कलितानि रत्ननिर्मितप्रासादमहापंक्तिभिः ।।३४३।।
ध्वजविजयवैजयंतीप्राकारमालाकुलानि रम्याणि
पद्मवरवेदिकानि नानासंस्थानकलितानि ।।३४४।।

वर्णितभवनसमृद्धितोऽनंतगुणसमृद्धिसमुदाययुक्तैः
श्रूयमाणानामपि सुखदानि सेवमानानां किं भणामः ? ।।३४५।।

**ગાથાર્થ :** વૈમાનિક દેવલોકના વિમાનો રત્નોથી નિર્મિત મોટા પ્રાસાદોની પંક્તિથી સહિત સંખ્યાતા યોજનના વિસ્તારવાળા તથા અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા હોય છે. (૩૪૩)

વિમાનો ધ્વજાના ચિહ્નવાળી વૈજયંતી પતાકાઓની માળાઓથી સંકીર્ણ છે. પદ્મવરવેદિકાઓથી યુક્ત છે, રમ્ય છે, જુદા જુદા આકારવાળા છે. (૩૪૪)

પૂર્વે ભવનપતિના ભવનોની સમૃદ્ધિનું વર્ણન કરાયું છે તેના કરતાં અનંતગુણ રિદ્ધિ સમુદાયથી યુક્ત છે. રિદ્ધિ સમૃદ્ધિનું વર્ણન સાંભળતા સુખ થાય છે તો પછી તેના ઉપભોગમાં સુખની શું વાત કરીએ ? (૩૪૫)

**प्राकाररूपा पद्मवरवेदिका विद्यते येष्वित्यर्शआदित्वादच्प्रत्ययः, वृत्तत्र्यस्रादिभिर्नानासंस्थानैः कलितानि-संयुक्तानि, शेषमनिगूढार्थं ।। निरूपिता लेशतो देवलोकाः, अथ येन विहितेन जीवास्तेषूत्पद्यन्ते तदुपदर्शयन्नाह -**

પ્રકાર સ્વરૂપ પદ્મવેદિકા જેમાં વિદ્યમાન છે તેવા વિમાનો अर्श आदित्वाद् अच् પ્રત્યય અહીં પાણીની વ્યાકરણના નિયમ મુજબ અર્શઆદિ શબ્દોને વાળા અર્થમાં अच् પ્રત્યય* થયેલ છે. અર્થાત્ વિમાનો પદ્મવર વેદિકાથી યુક્ત છે. અને વિમાનો ગોળ, ત્રિકોણ આદિ જુદાજુદા આકારવાળા છે. આદિ શબ્દથી ચતુરસ્ર ગ્રહણ કરવા બાકીનો અર્થ સુગમ છે. દેવલોકનું લેશથી વર્ણન કર્યું.

હવે જે કારણોથી જીવો વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે તે કારણોને બતાવતા કહે છે-

छउमत्थसंजमेणं देसचरित्तेणऽकामनिज्जरया ।
बालतवोकम्मेण य जीवा वच्चंति दियलोयं ।।३४६।।

छद्मस्थसंयमेन देशचारित्रेणाकामनिर्जरया
बालतपः कर्मणा च जीवा व्रजन्ति देवलोकम् ।।३४६।।

**ગાથાર્થ :** છદ્મસ્થ સંયમથી, દેશવિરતિથી, અકામ નિર્જરાથી, બાળતપકર્મથી જીવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. (૩૪૬)

**छद्मस्थानां संयमः छद्मस्थसंयमः तेन जीवा देवलोकं व्रजन्ति । निवृत्तच्छद्मानो जीवा मोक्षमेव गच्छन्तीति छद्मस्थसंयमग्रहणं । तथा देशविरत्या अकामस्य-अनभ्युपगमवतो निर्जरा अकामनिर्जरातया च । बालतपःकर्मणा च देवलोकं गच्छन्ति जीवा इति । [1]अथ यथाक्रममुदाहरणानि दर्शयन्नाह -**

છદ્મસ્થનું સંયમ તે છદ્મસ્થ સંયમ, તેનાથી જીવો દેવલોકમાં જાય છે. જેઓનું છદ્મસ્થપણું ચાલ્યું ગયું છે તેવા જીવો મોક્ષમાં જ જાય છે તેનું નિરાકરણ કરવા અહીં છદ્મસ્થસંયમનું ગ્રહણ કરેલ છે તથા દેશવિરતિથી

* અથવા સિદ્ધહેમ વ્યાકરણના ૭-૨-૪૬ના નિયમથી अ પ્રત્યય થયેલ છે.

१. अत्र-सर्वासु ।।

અને નિર્જરા કરવાની ઇચ્છા નહીં હોવા છતાં જે નિર્જરા થાય છે તે અકામ નિર્જરાથી તથા બાળતપના આચરણથી જીવો દેવલોકમાં જાય છે.

હવે યથાક્રમ ઉદાહરણોને બતાવતા કહે છે-

**सेयवियानरनाहो सेट्ठी य धणंजओ विसालाए ।**
**जंबूतामलिपमुहा कमेण एत्थं उदाहरणा ।।३४७।।**

**श्वेतम्बिकानरनाथः श्रेष्ठी च धनंजयो विशालायां**
**जंबूतामलीप्रमुखाः क्रमेणात्रोदाहरणानि ।।३४७।।**

શ્વેતાંબી નગરીનો રાજા, વિશાલા નગરીનો ધનંજય શ્રેષ્ઠી, શિયાળ તથા તામલી તાપસ વગેરે ક્રમથી અહીં ઉદાહરણો જાણવા. (૩૪૭)

**छद्मस्थसंयमेन श्वेतम्बिकानरनाथो दिवमुपययौ, देशविरत्या तु धनंजयश्रेष्ठी, अकामनिर्जरया तु जंबुकः - शृगालः, बालतपः कर्मणा च तामलिः । प्रमुखग्रहणेन अनंताः सर्वत्रान्येऽपि द्रष्टव्याः । क्रमेण यथा संख्यलक्षणेनैतान्युदाहरणानि द्रष्टव्यानीति । तत्र कोऽयं श्वेतम्बिकानरनाथ इति, उच्यते -**

છદ્મસ્થ સંયમથી શ્વેતાંબીકા નગરીનો રાજા સ્વર્ગમાં ગયો. દેશવિરતિની આરાધનાથી ધનંજય શ્રેષ્ઠી દેવલોકમાં ગયો. અકામ નિર્જરાથી શિયાળ તથા બાળતપકર્મથી તામલી તાપસ દેવલોકમાં ગયો. ગાથામાં મૂકેલા પ્રમુખ શબ્દથી દરેક દૃષ્ટાંતમાં બીજા પણ અનંતા જીવો દેવલોકમાં ગયા છે એમ જાણવું. ક્રમથી એટલે દેવલોકમાં જવાના કારણો જે ક્રમથી જણાવ્યા છે તે જ ક્રમથી દૃષ્ટાંતનો ક્રમ જાણવો.

તેમાં આ શ્વેતાંબી નગરીનો રાજા કોણ છે ? તે કહેવાય છે-

## શ્વેતાંબિક રાજાનું કથાનક

શ્વેતાંબિકા નામની નગરી છે જે આ ભરતક્ષેત્રમાં ચંદ્ર જેવા નિર્મળ ભવનોથી કરાયેલ મનુષ્ય લોકના યશના પુંજને હંમેશા વહન કરે છે. તે નગરીમાં વિજય નામનો રાજા છે જેણે શત્રુઓને જીતીને, મનમાં પરિણત થયું છે વ્રત જેને એવા શત્રુઓને માટે વનો પણ સુખને આપનારા કરાયા.* સાગરદત્ત નામનો મહર્દ્ધિક શ્રેષ્ઠી ત્યાં વસે છે. તે ક્યારેક સમુદ્રમાં વહાણથી જાય છે. પછી સમુદ્રની મધ્યમાં વનોથી રમ્ય એક દ્વીપને જુવે છે. નિર્યામકોને પૂછે છે કે આ જે રમણીય દેખાય છે તે કયો દ્વીપ છે ? તેઓ પણ કહે છે કે આ સુવર્ણદ્વીપ છે તે વૃક્ષોથી જ રમ્ય છે પણ કોઈ મનુષ્ય તેમાં વસતો નથી. (૫) પછી શ્રેષ્ઠી કહે છે કે અહીં આપણે પાણી અને ઇંધણ ગ્રહણ કરશું અને ભમીને આ દ્વીપનું રમણીયપણું જોઈશું પછી વહાણને નાંગરીને દ્વીપની મધ્યમાં ગયા. જલાદિને ગ્રહણ કરીને જેટલામાં તે દ્વીપમાં કૌતુક થી આકર્ષાયેલા ફળાદિને ખાતા અહીં-તહીં ભમે છે તેટલામાં શ્રેષ્ઠી એકલો ભમતો એકવૃક્ષના મૂળમાં સૌમ્યતાથી જાણે ચંદ્ર હોય અને તેજથી જાણે સ્ફુરાયમાન સૂર્ય હોય, રૂપથી નિશ્ચયે નિરુપમ ગુણોનો એકનિધિ એવા એક બાળકને જુવે છે. (૯) પછી તેણે જાણ્યું કે આ કોઈ અસાધારણ કુળમાં ઉત્પન્ન થયેલ છે. કોઈક કર્મના વશથી અહીં મુકાયો છે પણ એ કર્મને અમે જાણતા નથી. એ પ્રમાણે વિચારીને ઊઠાવીને તેણે ગ્રહણ કર્યો અને ઘરે લઈ આવીને ગુપ્ત રીતે

* વિજય રાજાએ શત્રુઓને જીતી લીધા તેથી વૈરાગ્ય પામેલા શત્રુઓએ સંન્યાસનો સ્વીકાર કરી વનમાં જઈ આરાધના કરવા લાગ્યા તેથી વનો પણ તેઓને સુખ આપનારા થયા.

પોતાની સ્ત્રીને સોંપ્યો. મારી સ્ત્રી ગૂઢગર્ભા હતી જેણીએ આજે પુત્રને જન્મ આપ્યો છે એમ જાહેર કરાવીને તેણે વર્ધાપનક કર્યું. પછી દેશાંતરમાં જઈને ફરી પણ શ્વેતાંબી નગરીમાં પાછો ફરેલો શ્રેષ્ઠી ફરી પણ વર્ધાપન કરે છે અને સાગર (સમુદ્ર) વડે આ પુત્ર અપાયો છે તેથી પુત્રનું નામ સાગરદત્ત રાખ્યું. પછી આ પુત્ર સુખપૂર્વક મોટો થાય છે. (૧૪) રાજપુત્રોને ઉચિત એવી ક્રીડાઓથી ક્રીડા કરે છે પણ વણિકને યોગ્ય એવી ક્રીડાઓથી રમતો નથી, બાળ જેવું આચરણ કરતો નથી તથા પ્રાકૃત (સામાન્ય) જનની સમાન પણ આચરણ કરતો નથી. પરંતુ ગૌરવપણાથી વર્ત્તતો તે મોટા આશ્ચર્યને ઉત્પન્ન કરે છે. ઉચિત સમયે સર્વકળાઓને ટુંક સમયમાં જ ગ્રહણ કરે છે પરંતુ કળાઓ ભણતી વખતે વણિક જનને ઉચિત કળાઓમાં તેને આદર નથી પણ રાજપુત્રને ઉચિત કળાઓને પ્રયત્નથી શીખે છે રાજપુત્રોની સાથે સંગ કરે છે પણ સામાન્ય પુરુષોની સાથે મૈત્રી કરતો નથી. પછી સાથે ભણતા સુયશ રાજપુત્રની સાથે તેનો સંબંધ થયો. (૧૮) તેની સાથે ભોજન કરે છે, ક્રીડા કરે છે અને ઉપવનાદિમાં તેની સાથે પરિભ્રમણ કરે છે અને તેની સાથે વિજય રાજાની પાસે જાય છે. તેના ચરિત્રને જોતો રાજા પણ મનથી વિસ્મિત થાય છે અને રાજા તેની પાસેથી હાથી-ઘોડાદિના વિનોદને કરાવે છે. ધનુર્વિદ્યાની પરીક્ષા કરે છે. ક્યારેક અસિ ધનુષાદિ તથા ખડ્ગાદિ વિદ્યાની પણ પરીક્ષા કરે છે. વધારે શું કહેવું ? અંતે તેને સર્વ પણ કળાઓ સિદ્ધ થાય છે. (૨૧) વચન પટુત્વ, સત્ત્વ, ગંભીરત્વ, ક્ષમા, બળ, બુદ્ધિ, સ્થિરતા ઉદારતાદિ બીજો પણ તેનો ગુણ સમૂહ જોઈને રાજા કહે છે કે આ સાગરદત્ત નથી પણ ગુણના સમુદ્ર એવા આને જ સર્વલોકે ગુણસાગર કહેવો. એ પ્રમાણે અનુત્તર ગુણોથી રંજિત થયેલો રાજા અંતઃપુર આદિમાં રહેલો હોય તો પણ અતિવલ્લભ હોવાને કારણે તેને ક્ષણ પણ મૂકતો નથી. ૨૪

અને આ બાજુ રત્નવતી નામે રાજપુત્રી છે. તેના ગુણ અને રૂપને જોવા ઇન્દ્ર હજાર આંખવાળો થયો એમ હું માનું છું. તેને ગુણસાગરકુમાર ઉપર ગાઢ અનુરાગ ઉત્પન્ન થયો અને રાજાએ કોઈપણ રીતે તે અનુરાગને જાણ્યો. પછી આ પ્રમાણે વિચારે છે કે મારી પુત્રીનો અનુરાગ ઉચિત સ્થાને છે. પરંતુ આ વણિકપુત્ર છે તેથી આને પુત્રી આપવા મારું ચિત્ત ઉત્સાહિત થતું નથી અને આવા ગુણોનો સમૂહ બીજા પુરુષને વિશે દેખાતો નથી તેથી આને પુત્રી આપું એવી મારી બુદ્ધિ સ્ફુરે છે પણ જે ઉચિત છે તેને હું નિશ્ચયથી જાણતો નથી. એ પ્રમાણે વિચારીને રાજા આ સમગ્ર હકીકત મંત્રીને જણાવે છે. મંત્રી પણ કહે છે કે હે દેવ ! આ વણિકપુત્ર નથી પરંતુ કોઈક મહારાજકુળમાં ઉત્પન્ન થયેલો પણ કોઈક કારણથી વણિકના ઘરે આવેલો છે તેને આપણે જાણતા નથી. ચંદ્રના કિરણ જેવા નિર્મળ ગુણો વણિકોને ક્યાંય પણ હોતા નથી. વણિક જાતિઓને વિશે આવું પૌરુષ પણ યુક્તિક્ષમ નથી. તેથી સાગરદત્ત શ્રેષ્ઠીને આનું રહસ્ય (પરમાર્થ) શું છે તે પૂછો. રાજાએ તેને બોલાવીને સામ વચનોથી પુછ્યું. પછી સાગરદત્તે સર્વ હકીકત યથાર્થ જણાવી. (૩૨)

એ આરસામાં પૂર્વે ક્યારેય વશમાં નહીં આવેલ સીમાળાનો રાજા નજીકની ભૂમિને લૂંટે છે ગુણસાગર તેની ઉપર ચઢાઈ કરવાનો આદેશને માગે છે. પછી રાજા ગુણસાગરને સૈન્યથી સજ્જ કરીને વિસર્જન કરે છે. પછી જલદીથી ગુણસાગર ત્યાં જઈને તેને બાંધીને કિલ્લાની સહિત ગ્રહણ કરે છે. પછી રાજાએ મોટા પ્રબંધથી (સતત) દેશોમાં વર્ધાપન કરાવ્યું. તથા ગુણસાગરનો સર્વ વ્યતિકર પરિજનને કહ્યો અને તેને મોટો દેશ આપવામાં આવ્યો. અને તેણે રાજપુત્રીનો સ્વીકાર કર્યો અને ગુણસાગર તેને જેટલામાં પરણ્યો નથી તેટલામાં કોઈક અદૃશ્ય પુરુષે તેનું હરણ કરીને ભયંકર સમુદ્રના પાણીમાં ફેંક્યો. રત્નવતીને પણ હરણ કરીને અરણ્યમાં પર્વત પર ફેંકી. દિવ્યયોગથી ધરણેન્દ્રએ સમુદ્રમાં પડતા ગુણસાગરને ધારણ કર્યો. અને

પોતાના ભવનમાં લઈ ગયો. વસ્ત્ર-રત્નો આદિથી સન્માન કરીને ધરણેન્દ્રે કહ્યું કે જેવી રીતે હું હમણાં અહીંનો ધરણેન્દ્ર છું તેમ તું પણ અહીં પૂર્વભવમાં ઇન્દ્ર હતો અને એ સંબંધથી તું મારો ભાઈ છે તેથી તું જે કહે તે તારું પ્રિય કરું. પછી ગુણસાગરે કહ્યું કે અહીંથી ચ્યવીને હું ક્યાં ઉત્પન્ન થયો તે તું કહે પછી ધરણેન્દ્ર કહે છે કે ક્ષણવાર સાવધાન મંનવાળો થઈને સાંભળ. (૪૧).

રોહિતક નગરમાં અજ્ઞાની, મહાલુબ્ધ ધરણ નામનો રાજા હતો તથા તે જ નગરમાં રિદ્ધિ સંપન્ન નંદન નામનો વણિક હતો. તેની ધનની આસક્તિ ગોળને વિશે મંકોડા જેવી ગાઢ હતી. રાજા પણ ન્યાય કે અન્યાયથી જનરિદ્ધિને ગ્રહણ કરે છે. પછી રાજાએ ક્યારેક નંદનનું સર્વસ્વ હરીને તેને નિર્ધન શિરોમણિ કર્યો તેથી તે ગાંડો થયો 'મારું ધન ક્યાં ગયું' એમ બોલતો બાળકોથી વીંટળાયેલો, દુર્મન, દીન સકળ નગરમાં ભમે છે. (૪૬) પછી લાંબા સમયે રાજાએ ક્યારેક તેવી જ અવસ્થામાં નગરમાં ભમતા નંદનને જોયો. પછી હૈયામાં વિચાર્યું કે અહો ! જુઓ અન્યાયમાં રત, લુબ્ધ હૃદયવાળા મેં પોતાના વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓના યશને મલિન કર્યો. અપરાધથી રહિત આ વણિકનું તથા અપરાધથી રહિત અપાપભાવવાળા એવા બીજા ઘણાંઓની રિદ્ધિઓ મેં હરી લીધી. રિદ્ધિ મને જેમ અતિપ્રિય છે તેમ બીજાને પણ પ્રિય છે નહીંતર રિદ્ધિના વિરહમાં આ નંદન આવી અવસ્થાવાળો ક્યાંથી થાય ? તેથી જગતમાં મારા જેવો કોઈ નિંદનીય નથી કેમકે અશાશ્વત રિદ્ધિના નિમિત્તે મેં આવું અકાર્ય આચર્યું. (૫૧) ઇત્યાદિ વિચારીને આ વૈરાગ્યથી પણ રાજા તાપસી દીક્ષાને ગ્રહણ કરે છે અને ઘણાં અજ્ઞાન તપને કરે છે અંતે અનશન કરી અહીં જ ધરણેન્દ્ર ઉત્પન્ન થયો. કેટલાક કાળે નંદન વણિક પણ કોઈક રીતે સારો થયો. પરિવ્રાજક દીક્ષા લઈને સૌધર્મ દેવલોકમાં સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં મહાક્રૂર દેવ થયો. ધરણેન્દ્ર પોતાનું આયુષ્ય પૂરું કરીને અહીંથી ચ્યવેલો કુસુમસ્થળ નગરમાં અભિચંદ્ર રાજાને ઘરે પુત્ર થયો. (૫૫) પછી સૌધર્મ દેવલોકના વૈરી દેવ એવા નંદનના જીવે તેને સમુદ્રની મધ્યમાં આવેલા દ્વીપ ઉપર નાખ્યો. જ્યાં સાગરદત્તે તેને પ્રાપ્ત કર્યો જેટલામાં અહીં ફરી પણ તે જ દેવે હરણ કરીને સમુદ્રમાં નાખ્યો. રત્નવતીને પણ હરણ કરીને અરણ્યમાં પર્વત પર મૂકી અને એક તરુણ વિદ્યાધરે તેને ત્યાં જોઈ. એકલી સુરુપવાળી, અભિનવ યૌવનવાળી તેને જોઈને આસક્ત થયેલો પરણવા માટે હમણાં તે પ્રયત્નથી પ્રાર્થના કરે છે. (૫૯) અને તે પણ તને છોડીને બીજા કોઈ પુરુષનો મનમાં પણ અભિલાષ કરતી નથી તેથી ખેચરને તિરસ્કારીને તને જ યાદ કરતી રહે છે. ગુણસાગરે ધરણેન્દ્રને કહ્યું કે તું હમણાં એવું કર જેથી હું ખેચરને જીતીને રત્નવતીને તેના પિતા પાસે લઈ જાઉં. પછી ધરણેન્દ્રએ ભણવામાત્રથી સિદ્ધ થનારી, ઘણાં કાર્યોને સાધનારી એવી મહાપ્રભાવવાળી વિદ્યાઓ ગુણસાગરને આપી. હવે વિદ્યાબળથી સહિત મહાવિમાનમાં આરૂઢ થઈને, ત્યાં અરણ્યમાં જઈને, ખેચરને જીતીને, રત્નવતી અને સૈન્ય સહિત તથા તે ખેચરવડે પ્રાપ્ત કરાઈ છે ચરણની સેવા જેની એવો ગુણસાગર કુમાર શ્વેતાંબીનગરીમાં પહોંચ્યો. (૬૪) પછી વિજયરાજા તેના આગમનમાં સમગ્રજનને સુખ આપનાર, સુસ્થિત કરાયા છે યાચક જનનો સમૂહ જેમાં એવું વર્ધાપન કરાવે છે. પ્રજ્ઞપ્તિએ કુમારનો સર્વ વૃત્તાંત વિદ્યાધરને જણાવ્યો. તેણે પણ રાજાને સર્વ વૃત્તાંત જણાવ્યો. પછી રાજા સામંતાદિ સર્વને બહુમત રત્નવતીની સાથે કુમારનો પાણિગ્રહણ કરાવે છે. ખેચરનું સન્માન કરી રજા આપે છે તથા કુમારને હાથી-ઘોડા-રત્ન-ધન-ધાન્યાદિવાળો વિપુલ દેશ આપે છે. (૬૮) રત્નવતીની સાથે વિષય સુખોને ભોગવતો કુમાર વિનયાદિ ગુણોથી રાજા સહિત લોકોને ખુશ કરે છે.

હવે કોઈક વખત નગરના ઉદ્યાનમાં કેવલી ભગવંત પધાર્યા. તેના વંદનમાટે નગરજનો સાથે રાજા જાય છે. ગુણસાગર કુમાર, પુત્રો, રાજાનું અંત:પુર અને રત્નવતી પણ મુનિને વંદન માટે જાય છે પછી કેવલીએ રાજપર્ષદા ને ધર્મ કહ્યો. રાજાએ પણ મુનિને ગુણસાગરનું ચરિત્ર પુછ્યું. મુનિએ પણ પૂર્વભવથી યુક્ત એવું તેનું સર્વ ચરિત્ર કહ્યું. તે સાંભળીને રાજા ધરણેન્દ્રએ કહેલા સમગ્ર વચનોની શ્રદ્ધા કરે છે અને પરમ સંવેગને પામ્યો. ગુણસાગર કુમારને રાજ્યપર સ્થાપીને મોટી વિભૂતિથી પોતાના પુત્રો સ્ત્રીઓ તથા કેટલાક સામંત-મંત્રીથી પરિવરેલો કેવળીપાસે દીક્ષા લે છે અને ક્રમથી સર્વ કર્મોનો નાશ કરી સિદ્ધિગતિમાં જાય છે. ગુણસાગર પણ સકળ પૃથ્વીપર વિખ્યાત રાજા થયો. વિક્રમ અને પ્રભાવથી આક્રાંત કરાયા છે સકલ પૃથ્વીમંડળના રાજાઓ જેનાવડે એવો ગુણસાગર રાજા કેવલીની પાસે સમ્યક્ત્વમૂળ શ્રાવક ધર્મને સ્વીકારીને સારી રીતે પાલન કરે છે અને તીર્થની પ્રભાવના કરે છે. (૭૭)

અને આ બાજુ કુસુમસ્થળ નગરમાં અભિચંદ્ર રાજા પણ ધરણેન્દ્ર અને કેવલીવડે કહેવાયેલા પોતાના પુત્ર ગુણસાગરના અપહરણ આદિ સર્વ પણ વ્યતિકરને જાણે છે અને પોતાનું રાજ્ય પુત્રને જ આપીને દીક્ષા ગ્રહણ કરે છે. પછી વધતો છે પ્રતાપ-બુદ્ધિ અને નીતિનો વિભવ જેનો એવો ધીરાત્મા ગુણસાગર રાજા લાંબો સમય સુધી બંને પણ રાજ્યોનું પાલન કરે છે. (૮૦)

હવે કોઈક વખતે ઘરમાં રહેલા ગુણસાગરે ક્યાંક કોઈક વડે વમન કરાયેલ ભોજનનું પાન કરતા પરિતુષ્ટ મનવાળા કૂતરાને જોયો. પછી તેણે મનથી વિચાર્યું કે જેવા પ્રકારનો આ કૂતરો છે તેવા જ પ્રકારનો ખરેખર હું પણ છું કારણ કે ધીરપુરુષો વડે વમન કરાયેલા રાજ્યોને ભોગવું છું છતાં તે આશ્ચર્ય છે કે જે કૂતરા જેવા ચરિત્રવાળા મને પણ લોકો પુરુષ કહે છે અથવા અજ્ઞાની, લોભના સંગવાળો આ લોક શું ન કહે ? પણ તે વિજય અને અભિચંદ્ર જ ધીર મનવાળા પુરુષો છે જેઓવડે વિવેક રૂપી મધના સારવાળી ગુટિકાઓથી ઉર્ધ્વકરીને (ઉલટી કરીને) જે વિષ રૂપી અન્ન વમન કરાયું છે તે મારાવડે અવિવેકથી લાંબો સમય ભોગવાયું છે એમ જાણીને હમણાં પણ હું તે ધીર પુરુષોના માર્ગનો સ્વીકાર કરીશ નહીંતર નિરર્થક જ મહાઘોર સંસારમાં ભમીશ. (૮૬) ઇત્યાદિ વિચારીને જયંતસેન અને સુરસેન નામના પોતાના પુત્રોને બંને પણ વિપુલ રાજ્યો આપીને ગુણસાગર રાજા પોતાના કેવળી પિતાગુરુની પાસે વિસ્તારથી મંત્રી પુત્રોની સહિત જિનદીક્ષાને ગ્રહણ કરે છે. કેટલાક કાળે ગીતાર્થ થઈ, ઘણાં સૂત્રનો અભ્યાસ કરીને, પોતાના ગુરુથી અનુજ્ઞા અપાયેલ એકલ-વિહારથી વિચરે છે. એ પ્રમાણે એકાકી વિહારથી ક્યારેક કોઈક નગરની બહાર, રાત્રીમાં વીરાસનથી સ્મશાન ભૂમિમાં રહે છે અને શાસ્ત્રના પરમ અક્ષરનું ધ્યાન કરતા પર્વતના શિખરની જેમ નિશ્ચલ રહેલા રાજર્ષિ વૈરી એવા તે સુધર્મ દેવવડે જોવાયો. પછી વૈરને યાદ કરતો મહાદુષ્ટ ત્યાં પણ આવ્યો. અને તે અનાર્યે ધૂળના વરસાદથી મુનિને ઢાંકીને સ્થળ બરાબર કર્યો. દ્રવ્યથી અને ભાવથી પણ ચલાયમાન નહીં થયેલ તેને ધીર જાણીને તેણે મુશલ (સાંબેલા) પ્રમાણ જાડી પાણીની ધારાથી વરસવાને શરૂઆત કરી. (૯૩) તે પાણીથી અંદર આત્મામાં લાગેલી કર્મરૂપી રજ અને બહાર શરીરે લાગેલી સમગ્ર પણ રજ દૂર થઈ. પછી તે ધીરનું મન અને શરીર નિર્મળ થયા. પછી દેવે વરસાદ વરસાવ્યે છતે પાણીનો સમૂહ ઘણો વધ્યો ત્યારે ત્યાં કંઠ સુધી ડૂબેલા તે સાધુના ઓષ્ઠ કમળદળ રૂપે શોભે છે, આંખ પર રહેલ सिलीमुहघण = પાંપણનો સમૂહ પદ્મકેસરા રૂપે શોભે છે અને પ્રશમશ્રીએ કર્યો છે આવાસ જેમાં એવા દેહરૂપીનાળ પર રહેલું મુખ કમળની જેમ શોભે છે. (૯૬) પછી તે અનંત પ્રભાવવાળા સાધુપુંગવને ડૂબાડવાને ઇચ્છતો પણ દેવ જેટલામાં ડૂબાડી શકતો નથી તેટલામાં ગુસ્સે થયેલ હાથી-સિંહ-સાપ-વિંછી આદિના રૂપોથી તેવી રીતે કદર્થના કરે છે તો પણ

ધ્યાનથી ચલાયમાન નહીં થયેલ મુનિને જોઈને, સ્વયં જ વિસ્મિત થયેલો મસ્તક-આંખ-કાન-નાક આદિમાં ગાઢ વેદનાને વિકુર્વે છે. વેદનાથી પીડાતા સાધુ આ પ્રમાણે વિચારે છે કે હે જીવ ! સમયે પ્રાપ્ત થયેલા પોતાના હાથે રોપેલા કર્મરૂપી મહાવૃક્ષના ફળોને ભોગવ, બીજા પર ગુસ્સે ન થા. તને કોણ દુઃખ આપે છે ? અને કોણ સુખ આપે છે ? સ્વયં જ કરેલા કર્મો સમયે આવા પરિણામને પામે છે તેથી ખેદ અને હર્ષથી શું ? અને આ કર્મ ભવિષ્યમાં અવશ્ય ભોગવવાનું છે હમણાં પણ તે કર્મોને ભોગવવામાં સહાય કરતો દેવ તારો ભાઈ જ છે પણ શત્રુ નથી. (૧૦૨)

જેઓનો અવિવેક મિત્ર છે એવા જીવો લાંબા કાળથી કર્મને ભોગવતા અલ્પ કર્મોને ખપાવે છે અને પ્રતિ સમય નવા ઘણાં કર્મોને બાંધે છે. જિનવચનથી ઉત્પન્ન થયો છે વિવેક જેઓને એવા જીવો ઘણાં કર્મોને ખપાવે છે અને નવા કર્મો બાંધતા નથી. તેથી હે જીવ ! જિનવચનથી ઉત્પન્ન થયેલ છે વિવેક રૂપી મિત્ર જેને એવા તારે હમણાં વેદનાની ઉદીરણા કરતો આ દેવ મિત્ર જ છે તેથી સર્વ જીવોપર મૈત્રી ભાવના કર અને આ દેવ પર વિશેષથી મૈત્રીભાવના કર. એ પ્રમાણે શુભ ભાવનાથી છઠ્ઠા પ્રમત ગુણસ્થાનકે રહેલા ગુણસાગર રાજર્ષિએ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનને પ્રાપ્ત કરી ઉપશમ શ્રેણી માંડી આઠમું અપૂર્વકરણ ગુણસ્થાન પ્રાપ્ત કર્યું. મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓને ઉપશમાવીને ઉપશાંત મોહ નામનું અગીયારમું ગુણસ્થાન પ્રાપ્ત કર્યું. કેવલી સમાન ચારિત્રવાળા, નિષ્કષાય મનવાળા, શુદ્ધ, સમુદ્ર સમાન શાંત થયેલ એવા તે ઇન્દ્ર અને ચક્રવર્તીઓને સ્તવના કરવા યોગ્ય થયા. (૧૦૮)

એટલામાં ઘણાં કર્મો ખપાવીને સર્વથા મનુષ્ય આયુષ્ય ક્ષીણ થયું ત્યારે સર્વાર્થ સિદ્ધ મહાવિમાનમાં દેવ થયો. ત્યાંથી પણ ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે. આ ભવમાં પણ આટલી ગુણ સામગ્રીને પ્રાપ્ત થયેલો પણ છદ્મસ્થ સંયમથી ઉત્તમ દેવપણાને જ પ્રાપ્ત કર્યું. કેમકે સર્વ કેવલીસંયમવાળા જીવો જ સિદ્ધ થાય છે. ગુણસાગર રાજર્ષિને કાળધર્મ પામેલા જાણીને તેના ચરિત્રથી ખુશ થયેલ ક્રૂર પણ દેવ ઉપશાંત થયો અને સમ્યક્ત્વને પામ્યો. ગંધોદક અને કુસુમવૃષ્ટિ આદિથી તેના શરીરનો સત્કાર કરીને સ્વસ્થાનમાં ગયો. (૧૧૩)

હવે દેશવિરતિ ચારિત્રની આરાધનાથી દેવપણાની પ્રાપ્તિમાં ધનંજય શ્રેષ્ઠીનું કથાનક કહેવાય છે-

## ધનંજય શ્રેષ્ઠીનું કથાનક

આ ભરતક્ષેત્રમાં કુણાલા નામે શ્રેષ્ઠ નગરી છે જેમાં દેવયુગલથી પુરુષ યુગલનો ભેદ આંખના પલકારાથી જણાય છે. (અર્થાત્ દેવોને આંખના પલકારા હોતા નથી જ્યારે મનુષ્યને આંખના પલકારા હોય છે બાકી બધી રીતે સમાન છે કહેવાનો ભાવ એ છે કે મનુષ્યો દેવો જેવા સ્વરૂપવાન છે.) ધનદ નામનો શ્રેષ્ઠી તેમાં વસે છે. તેને ચાર પુત્રો છે અને તેમાં વિનયાદિગુણોથી ભરેલો ધનંજય નામનો સૌથી નાનોપુત્ર છે અને તે સમયે કલાઓને ભણતો અધ્યાપકનો એવો વિનય કરે છે કે તે ધનંજયને પોતાના પુત્રની જેમ રાખે છે. (૩) અને તેને યોગિની, શાકિની-ભૂત આદિને નિગ્રહ કરનારી અનેક પ્રકારની વિદ્યાઓ આપે છે.

હવે કોઈ વખત નગરમાં ભમતો ધનંજય કોઈક રીતે દ્યુતશાળામાં (જુગાર રમવાના સ્થાને) આવ્યો. કુતૂહલથી જેટલામાં જુગાર જોવાને ઊભો રહ્યો તેટલામાં તે જુગારીઓ વડે જોવાયો અને શ્રેષ્ઠી પુત્ર છે એમ તેઓએ જાણ્યું અને કહ્યું કે હે ભદ્ર ! આ જુગારી તારી વતી રમે છે. મુંગો રહીને ક્ષણ પછી જેટલામાં ધનંજય ચાલ્યો તેટલામાં બધા જુગારીઓ એકી સાથે બોલ્યા કે અહીંયા તું પાંચશો દ્રમને હારે છે માટે તે જુગારીને પાંચશો દ્રમની બદલીમાં ઘરેણું આપ. એમ કહીને હાથમાંથી વીંટીઓ ઊતારી લીધી. પછી તે ઘરે ગયો અને પિતાએ તેના વ્યતિકરને જાણી ગાઢ નિર્ભર્ત્સના કરી અને વસ્ત્રોને લઈને ઓરડામાં પૂર્યો. પછી વસ્ત્રથી રહિત

નગ્ન થયેલો ધનંજય વિચારે છે કે અહો ! જુઓ જે પુરુષ પોતાના વ્યવસાયથી રહિત હોય છે તે આ રીતે પરાભવ પામવા યોગ્ય થાય છે તેથી હું પોતાએ ઉપાર્જન કરેલ વસ્ત્રને પહેરીશ, બીજા નહીં. પછી ભાભીઓએ તથા બીજાઓએ પણ ઘણો સમજાવ્યો છતાં પણ કોઈ રીતે વસ્ત્રને ધારણ કરતો નથી ત્યારે સર્વ પરિજન પ્રદ્વેષી અને વ્યાકુળ થયે છતે ધનંજય ઘરમાંથી નીકળી બહાર જાય છે. ક્રમથી આગળ જતો વલ્કલચીરના વસ્ત્રો કરીને અને વનફળોથી આજીવિકાને કરતો ક્યારેક વિશાલા નગરીની બહાર ઉદ્યાનમાં પહોંચ્યો અને ત્યાં સૂર્યાસ્ત થયા પછી અંધકાર છવાયે છતે શ્વાપદના ભયથી એક મહાવૃક્ષની મોટી બખોલમાં રહ્યો. પછી હુંકાર દેતી ભોગ (બલી) સહિત સોળ સ્ત્રીઓ આકાશમાંથી ઊતરીને તે જ મહાવૃક્ષના નીચેના પ્રદેશમાં બેઠી. પછી ક્ષણવારમાં બે બાહુથી પાછળ પીઠ સાથે બંધાયેલો, સુંદર આકારવાળો, સુંદર વસ્ત્રો પહેરેલો એક તરુણ પુરુષ ત્યાં લવાયો. પછી પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કર એ પ્રમાણે બોલતી ભયંકર એવી તે સ્ત્રીઓ હાથમાં કાતર લઈને તેની પાસે આવી. વૃક્ષની બખોલમાં બેઠેલો ધનંજય સમગ્ર વૃત્તાંતને જુએ છે. પછી વિચારે છે કે અહો ! આ ભદ્ર-આચારવાળો કોઈ પુરુષ છે. (૧૯) મારા દેખતાં વિના કાર્યે (અપરાધે) આ નાશ પામશે. તેથી પોતાના અધ્યાપકની કૃપાથી હું આનું રક્ષણ કરું. પછી ધનંજય યોગિનીના મંત્રને યાદ કરીને વૃક્ષમાંથી નીકળતો અને હાકલ કરતો સર્વને દાસીઓ કરે છે. પુરુષને છોડાવીને તેના સમગ્ર વૃત્તાંતને પૂછે છે. તે પુરુષે કહ્યું કે હે મહાયશ ! અહીં નજીકમાં વિશાલા નામની શ્રેષ્ઠ નગરી છે અને તેનો અરિકેશરી નામે રાજા છે તેનો હું ઇન્દ્ર નામે પુત્ર છું. આ યોગિનીઓ સવારે મને પકડીને અહીં લાવી છે. હે નિષ્કારણ બાંધવ ! હમણાં હણાતો તારાવડે રક્ષણ કરાયો છું અને છોડાવાયો છું તેથી કૃપા કરીને કહો કે તમે કોણ છો ? અહીં કેવી રીતે આવ્યા ? પછી ધનંજય પણ તેને પોતાનો વૃત્તાંત કહે છે. હવે ઇન્દ્રકુમાર કહે છે કે મારા પુણ્યથી તું અહીં આવ્યો છે તેથી આપણે નગરમાં જઈએ. પછી યોગિનીઓ પાસેથી ઉત્તમ વસ્ત્રો લઈને ધનંજય પહેરે છે અને હાથમાં લાકડી લઈને એક ગધેડી* ઉપર બેસે છે અને બીજી ગધેડી ઉપર ઇન્દ્રકુમાર બેસે છે અને બાકીની ગધેડીઓને આગળ કરીને તેઓ નગરના દરવાજે ગયા. ગધેડીઓના વ્યાપારીઓએ આ જોઈને પુછ્યું કે આ ગધેડીઓની કેટલી કિંમત છે ? પછી ત્યાં તેઓએ મશ્કરીથી પૂછતા વ્યાપારીઓને કહ્યું કે આ ગધેડીઓ મહાકિંમતી છે. પછી પુષ્ટ શરીરવાળી ગધેડીઓને જોઈને તેઓ વડે તે પ્રમાણે જ ખરીદ કરાઈ. (અર્થાત્ મોંઘી કિંમતે ખરીદ કરી.) પરંતુ વ્યાપારીઓ રહેવા સ્થાનને માગે છે. પછી કુમારોએ કહ્યું કે નગરીમાંથી કંઈપણ લાવીને પછી તમને સ્થાન આપશું એમ કહીને બંને જણા પણ નગરીમાં ગયા. (૩૧) પછી વેલડીથી બંધાયેલી ગધેડીઓ ત્યાં જ રહે છે અને કુમાર પણ જેટલામાં પોતાના ઘરના દરવાજે પહોંચ્યો તેટલામાં પ્રતિહાર વગેરે પરિજનલોકે તેને જોયો તેથી સમગ્ર પરિવાર પણ ભય પામ્યો. આ કોઈ ભૂત (ભયની ધમકી) છે એમ વિચારીને સમગ્ર પરિવાર નાશી ગયો અને રાજાને જણાવે છે. રાજા પણ ધીર-સુભટ પુરુષોને મોકલે છે. સુભટો કુમારને પૂછે છે કે તું કોણ છે ? તે કહે છે કે હું રાજપુત્ર ઇન્દ્ર છું. સુભટો કહે છે કે તે તો ગઈકાલે મરી ગયેલો અમારા પોતાના હાથે સ્મશાન ભૂમિમાં બળાયો છે આજે અહીં કેવી રીતે આવ્યો ? રાજપુત્રે કહ્યું કે ખરેખર હું બળાયો ન હતો પરંતુ યોગિનીઓ વડે મારું કંઈક પણ પ્રતિબિંબ (પુતળું) તમને બતાવાયું હતું અને હું તો અક્ષત શરીરવાળો યોગિનીઓ વડે લઈ જવાયો હતો. આ ભાઈ (ધનંજય) વડે હું છોડાવાયો છું એ પ્રમાણે કુમાર ઘણાં વિશ્વાસો (ખાતરીઓ) પૂર્વક પોતાના સર્વવૃત્તાંતને કહે છે. પછી ખાત્રી થયે છતે રાજા અને સર્વ પરિજન પણ ખુશ થયા અને રાજાએ નગરમાં મોટું વર્ધાપન કરાવ્યું. (૩૮)

* અહીં અર્થાપત્તિથી સમજી લેવું કે ધનંજયે વિદ્યાથી સર્વ યોગિનીઓને ગધેડીઓ બનાવી દીધી છે.

પછી કુમારની સાથે ધનંજય ઘણાં સુખથી રહે છે અને હંમેશાં તેની સાથે ભોજન કરે છે, ક્રીડા કરે છે, ભમે છે અને રહે છે. પછી કોઈક દિવસે મંત્રની ભુક્તિના (મર્યાદાના) અંતે ગધેડીઓ ફરી પણ યોગિનીઓ થઈ. ભય પામેલ વ્યાપારીઓ નાશી ગયા. મંત્રની આજ્ઞાના મોક્ષ (છુટકારા) વિના તેઓ જતી નથી જ અને ભમતો ધનંજય કુમાર ત્યાં આવ્યો. પછી કરુણાથી ધનંજયવડે મુકાયેલી યોગિનીઓ પોતાના સ્થાને જાય છે. શ્રેષ્ઠીપુત્ર ધનંજય કુમાર ક્યારેક સાધુપાસે જિનધર્મ સાંભળીને દેશવિરતિ સહિત સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે અને રાજપુત્ર ઇન્દ્ર સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે પછી સમયે તે બંને પણ દેવ અને ગુરુને હંમેશા વાંદે છે અને પ્રીતિથી બંધાયેલ ચિત્તવાળા જિનપ્રરૂપિત ધર્મને આરાધે છે. (૪૪)

હવે કોઈક વખત રાજાનું મરણ થયે છતે ઇન્દ્ર રાજપુત્ર રાજા બને છે. તેણે ધનંજયને અમાત્ય પદ પર સ્થાપવા આગ્રહ કર્યો. ધનંજયે રાજાને કહ્યું કે હે નરાધિપ ! પાંચ દિવસના સુખના કારણ એવા આ મહા આરંભમાં હું કોઈપણ રીતે પોતાના આત્માને નાખીશ નહીં. નીતિથી પ્રાપ્ત કરેલી વૃત્તિથી જીવનારા અલ્પારંભી, જિનધર્મની અંદર રત એવા જીવો હંમેશા જે કાળને પસાર કરે છે તે જ જીવો આલોક અને પરલોકમાં સુખી થાય છે અને બીજા જીવો તુચ્છ પ્રાણવૃત્તિને માટે પાપોને આચરે છે તે મિથ્યાભિમાનથી હણાયેલા દુ:ખીયા સર્વત્ર પણ ભમે છે. તેથી જો તું મારા હિતને ઇચ્છતો હો તો ધર્મના વિઘ્નનું એક કારણ, દુ:ખે કરીને પાર પામી શકાય તેવા પાપારંભમાં મને ન જોડ. (૪૯)

પછી પંચાંગથી રચાયો છે પ્રસાદ જેનાવડે એવો ધનંજય સકળ નગરીના નાયક સ્વરૂપ શ્રેષ્ઠીપદે રાજાવડે સ્થાપન કરાયો. સર્વવિરતિના સ્વીકારનો અભિલાષ કરતો પણ તે રાજાના સન્માનથી ઉત્પન્ન થયેલ એકમાત્ર રાગથી સર્વવિરતિ લેવાને શક્તિમાન થતો નથી. પછી પુત્ર અને સ્વજન સહિત પોતાના પિતા ધનદને ત્યાં લાવીને મોટા સુખથી રાખે છે અને જિનધર્મમાં પ્રવર્તાવે છે. (૫૨)

હવે કોઈક વખત ક્યાંકથી પોતાનું મરણ નજીક છે એમ જાણીને જિનમંદિરોમાં પૂજાઓ રચાવીને તથા સાધર્મિકોનું સન્માન કરીને, દુ:ખી આદિઓને દાન આપીને, સંઘને પૂજીને, શ્રાવકની સર્વપ્રતિમાઓને વહન કરીને, દેશવિરતિનું નિરતિચાર પાલન કરીને, શરીરની સંલેખના કરીને, ક્રમથી પર્યંત સમયે આલોચના કરીને પ્રતિક્રાંત થયેલો, સંપૂર્ણ જીવરાશિને ખમાવીને, એક માસનું અનશન કરીને, ઉલ્લસિત શુભભાવવાળો ધનંજય શ્રેષ્ઠી બારમાં અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં ઉત્પન્ન થયેલો સુખોને ભોગવે છે. (૫૭)

**હવે અકામ નિર્જરાથી દેવભવની પ્રાપ્તિમાં શિયાળનું કથાનક કહેવાય છે–**

મથુરા નામની નગરી છે જેમાં કૃષ્ણના ચારિત્રોને ગાતી ગોપીઓ મુસાફરોના ગમનમાં લાંબા સમય સુધી વિઘ્નો કરે છે. તેમાં જિતશત્રુનામનો રાજા છે જેના શત્રુઓ અરણ્યમાં પણ રાજ્યરૂપી લક્ષ્મીને છોડતા નથી કેમકે તેઓ તપ રૂપી રાજ્યલક્ષ્મીને* પામેલા છે. ક્યારેક રાજમાર્ગે નીકળતો આ રાજા પ્રાસાદના શિખર ઉપર પોતાને જોતી કાલી નામની વેશ્યાને જુએ છે. (૩) તેના રૂપાદિ ગુણોથી મૂર્ચ્છિત થયેલો તેને ગ્રહણ કરી અંત:પુરમાં સ્થાપના કરે છે અને તેની સાથે વિષયસુખને ભોગવે છે. કાળક્રમે તેને પુત્ર થયો અને તેનું કાલ એ પ્રમાણે નામ રાખ્યું. દુર્નયોની સાથે આ મોટો થઈ યૌવનને પ્રાપ્ત થયો. પછી કાલ લોકના ધનને હરે છે, ઘરોમાં ખાતર પાડે છે. માર્ગોમાં લોકને લૂંટે છે અને પકડીને કેદખાનામાં પૂરે છે. નારીજનને ભ્રષ્ટ કરે છે,

* જિતશત્રુ રાજાએ શત્રુરાજાઓને જીતીને તેઓના રાજ્યોને લઈ લીધા છે. શત્રુરાજાઓ હારી જઈને અરણ્યમાં ચાલી ગયા છે અને ત્યાં તેઓએ તપ રૂપી રાજ્યલક્ષ્મીનો સ્વીકાર કર્યો છે જેને જિતશત્રુ રાજા લઈ શકતો નથી,

બળાત્કારથી પણ સારવસ્તુને લઈ લે છે. યમની જેમ પ્રત્યક્ષથી લોકના અહિતમાં જ વર્તે છે. ક્યારેક પ્રાસાદમાં રહેલો એવો આ જંગલમાં રહેલા શિયાળોના અવાજને સાંભળીને પૂછે છે કે આ કયા જીવોનો સ્વર છે ? સેવક જને કહ્યું કે હે કુમાર ! આ શિયાળીયાઓનો અવાજ છે. કુમારે કહ્યું કે એક શિયાળને બાંધીને લાવો. સેવકોએ તેમજ કર્યું. પછી કાલ શિયાળને ખીલામાં બાંધીને ચાબુકથી મારે છે ત્યારે શિયાળ ખીં ખીં રડે છે એટલે કાલને હર્ષ થાય છે પછી કાલે ફરી ફરી તે શિયાળને ચામડી નીકળી ગઈ ત્યાં સુધી માર્યું. જેના શરીરમાંથી લોહીનો પ્રવાહ નીકળી ગયો છે એવા શિયાળે જીવિતનો ત્યાગ કર્યો અને અકામ નિર્જરાથી મરીને વાણવ્યંતર દેવોમાં દેવ થયો. કાલ પણ સકળ નગરીમાં ઉપદ્રવ કરે છે. પછી નગરના લોકો ભેગાં થઈને રાજાને ખબર આપી. રાજાએ પણ નગરજનોને વિદાય આપીને કાલીને કહ્યું કે આ તારો પુત્ર સકળ નગરને પીડે છે તો તેનું તું વારણ કર. પછી ગુસ્સે થયેલી કાલી ભ્રુકુટિ ચડાવીને રાજાની નિર્ભત્સ્ર્ના કરે છે કે મારે એક જ પુત્ર છે તમે અને વાણિયા બંને સાથે મળીને હંમેશા પણ શુદ્ધ સ્વવભાવવાળા તેને હેરાન કરવા માટે પ્રવૃત્ત થયા છો. કાલીથી ભયપામેલો રાજા મૌન થઈને રહ્યો તેથી તે કાલ નગરના લોકોને અધિકતર પીડવા લાગ્યો. હવે કોઈ વખત ભમતો તે સાધુઓના ઉપાશ્રયમાં જાય છે ત્યાં ભયભીત થયેલા સાધુઓ વ્યાખ્યાન કરતા નથી. પછી કાલે કહ્યું કે તમને બધાને મારા તરફથી અભય છે તેથી પોતાના ધર્મને કહો આજે હું સાંભળવા આવ્યો છું. (૧૮) પછી ગુરુએ કહ્યું કે હે ભદ્ર ! નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભેદથી આ સંસાર ચાર પ્રકારનો જિનેશ્વરવડે બતાવાયો છે. ફરી કાલ પૂછે છે કે નરક અને તિર્યંચાદિ કેવા પ્રકારના છે. પછી કરુણાથી ગુરુએ સૂત્રનિર્દિષ્ટ, પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળું, નરકાદિનું સર્વ પણ સ્વરૂપ વિસ્તારથી કહે છે. તે નરકાદિમાં જે પ્રકારના જીવો જાય છે તેને તું સાંભળ.

મહારંભથી, મહાધનના પરિગ્રહથી, પંચેન્દ્રિય વધથી, માંસાહારથી જીવો નરકમાં જાય છે. માયાવીપણાથી, ખોટા તાલમાપથી, કૂટ-ક્રયાદિ અલીકથી જીવો શ્વાન વગેરે તિર્યંચ ગતિમાં જાય છે. (૨૩) પરને પીડા કરવાથી જીવો મનુષ્યગતિમાં આંધળા, બહેરા, લૂલા, લંગડા થાય છે અને દેવગતિમાં દુર્ભાગ્ય અને કિલ્બિષકપણાને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે પાપ કરનારા જીવો પૂર્વે વર્ણવાયેલ સંસારચક્રમાં ભમે છે અને હંમેશા અનંત તીવ્ર દુઃખોથી મુકાતા નથી. પછી કાલ વિચારે છે કે ગુરુવડે થોડાંક જ પાપસ્થાનો કહેવાયા છે પણ મારા વડે અનેક પાપો કરાયા છે તેથી મારે અવશ્ય નરકમાં જવું પડશે. તેથી પૂછે છે કે એવો કયો ઉપાય છે જેથી મારે નરકમાં ન જવું પડે ? પછી ગુરુ કહે છે કે જો કર્મરૂપી વનના સમુદ્રને શોષવવા માટે દાવાનળની વૃષ્ટિ સમાન એવી જિનદીક્ષા લેવામાં આવે તો નરકાદિગતિમાં ન જવું પડે. પછી કાલ કહે છે કે મને તમે જિન દીક્ષાનું પ્રદાન કરો. પછી જ્ઞાનના ઉપયોગથી જોઈને ગુરુ કહે છે કે તું માતા-પિતાની રજા લઈ આવ, વિલંબ ન કર. પછી કાલે માતા-પિતાની રજા માંગી. તેથી રાજા વિચારે છે કે ઔષધ વિના જ આ વ્યાધિ નાશ પામે છે. તેથી ઘણો ઉત્સાહિત થયો. પછી માતા ઘણાં આગ્રહને કરતી રજા આપતી નથી તો પણ કાલે માતાને સમજાવીને તેઓની પાસે દીક્ષા લીધી અને ગીતાર્થ થયેલા આ કાલમુનિ એકલ વિહારની પ્રતિમાનો સ્વીકાર કરે છે અને કાળથી ગ્રામ નગરોમાં વિહાર કરતા મુદ્ગશૈલ નગરમાં પધાર્યા જ્યાં જિતશત્રુ છે જેની અગ્રમહિષી કાલસાધુની બહેન છે. તેથી રાજા વગેરે તે મુનિના વંદનને માટે ગયા. દેવીએ (અગ્રમહિષીએ) તેના અર્શના વ્યાધિને જાણ્યો. (૩૪) શરીરની ચિકિત્સા નહીં કરનારા કાળમુનિ ક્યારેય પણ તેના ઉપચાર (ઔષધ)ને કરાવતા નથી. રાણી વૈદ્યને પૂછીને ચૂર્ણને લઈ આવી. પછી ભિક્ષા માટે આવેલા તે મુનિના ભોજનમાં ચૂર્ણ મેળવીને આપ્યું. તેનાથી અર્શના જંતુઓ ખરીને પડ્યા. ઔષધ સંબંધી અધિકરણ થયું છે એમ જાણીને ભોજનનું સર્વથી પચ્ચકખાણ કરે છે. (૩૭)

આ બાજુ શિયાળદેવ અનશનને સ્વીકારેલ તે મુનિને જોઈને પૂર્વભવના વૈરને યાદ કરીને ત્યાં આવે છે. પછી બચ્ચા સહિત એક શિયાલણીને વિકુર્વીને ઉત્પન્ન કરાઈ છે ઘણી વેદના જેને એવા તે કાલ સાધુને ખીં ખીં કરતી ખાય છે. પછી ઉગામેલ શસ્ત્રવાળું રાજાનું સૈન્ય તે સાધુનું રક્ષણ કરે છે. દેવ પણ ક્ષણથી દેખાય છે ક્ષણથી અદૃશ્ય રહે છે ફરી આવે છે એ પ્રમાણે જ્યાં સુધી બચ્ચા સહિત તે શિયાલણીના રૂપથી સાધુ ભક્ષણ કરાયા તેટલામાં વેદનાને સમભાવથી સહન કરીને તે સાધુ દેવલોકમાં ગયા અને અહીં અકામ નિર્જરાથી શિયાળ દેવભવમાં ગયો એટલો માત્ર જ અહીં પ્રસ્તુત વિષય છે બાકીની સર્વ વાત પ્રાસંગિક જણાવી છે. જેમ કાલમુનિવડે રોગ અને દેવનો ઉપસર્ગ સમભાવથી સહન કરાયો તેમ બીજાએ પણ સહન કરવો જોઈએ.

હવે બાલતપ કર્મથી દેવભવની પ્રાપ્તિ વિશે તામલિ તાપસનું ઉદાહરણ કહેવાય છે-

## તામલિ તાપસનું ઉદાહરણ

હંમેશા સમુદ્ર પણ રત્નોને લેવા માટે જાણે તેની સેવા ન કરતો હોય એવી ઘણાં રત્નોથી ભરપૂર તામ્રલિપ્તી નામે નગરી હતી. તે નગરીમાં મૌર્યપુત્ર તામલિ નામનો ગાથાપતિ વસે છે. અમાપ રિદ્ધિથી યુક્ત છતાં પણ જે હંમેશા ધનની લાલસાથી રહિત હતો અને વિષય સુખોને ભોગવતા તેનો કાળ પસાર થાય છે ક્યારેક રાત્રીના પાછલા ભાગમાં આ પ્રમાણે વિચારે છે કે-

પૂર્વના કર્મના વશથી જ્યાંસુધી મારે ઘરે વિપુલ ધન છે મારો સર્વ પણ પરિજન અને સ્વજનવર્ગ પણ આદર કરે છે અને જ્યાં સુધી પૂર્વના શુભ કર્મનો વિગમ ન થાય અને ધન નાશ ન પામી જાય અને પરિજન પણ પરાભવ ન કરે તેટલામાં મારે પ્રાણામી* પ્રવ્રજ્યા લેવી યોગ્ય છે એ પ્રમાણે વિચારીને, પ્રભાતે જાગીને, સકલ સ્વજન વર્ગને આમંત્રણ આપ્યું. પછી વિપુલ અન્નપાનાદિથી સ્વજનોને સન્માનીને તેઓની સમક્ષ મોટાપુત્રને કુટુંબની જવાબદારી સોંપીને, મુંડ થઈને પ્રાણામી દીક્ષાને ગ્રહણ કરે છે. આતાપના ભૂમિ પર બાહુને ઊંચા કરીને, સૂર્યની સન્મુખ રહીને, છઠ્ઠનો તપ કરીને, પારણે ઉચ્ચ, નીચ અને મધ્યમ ઘરોમાં ફરીને શુદ્ધ ભાતને લાકડાના પાત્રામાં ગ્રહણ કરે છે અને તેને એકવીશ વાર પાણીથી ધોઈને ભોજન કરે છે (૧૦) એ પ્રમાણે હંમેશા પણ છઠ્ઠ-છઠ્ઠથી આતાપીને ભોજન કરે છે. પછી પૃથ્વી પર ભમતો ક્યાંય પણ ઇન્દ્ર કે સ્કંદ કે રુદ્ર કે રાજા કે - અમાત્ય કે શ્રેષ્ઠી કે સાર્થવાહ કે ચાંડાલ કે કાગડાને કે અધમ કૂતરાને જુએ છે ત્યાં ઊંચાને ઊંચેથી અને નીચાને નીચેથી પ્રણામ કરે છે એ પ્રમાણે સાઈઠ હજાર વરસ બાળતપને કરે છે. અજ્ઞાન તપથી તેના શરીરની ચામડી અને હાડકાં જ બાકી રહ્યાં. પછી નગરની બહાર અનશન કરે છે (૧૪)

અને આ બાજુ બલિ ચંચા રાજધાનીમાં બલિ નામનો અસુરેન્દ્ર ચ્યવન પામ્યો ત્યારે તે રાજધાની ઇન્દ્ર વગરની થઈ. દેવ અને દેવીઓ ભેગાં થઈને મંત્રણા કરી કે આપણે ઇન્દ્ર વિનાના થયા છીએ તેથી ઇન્દ્ર વિના આપણી એક પણ ક્ષણ ન થાઓ અને આ તામલિ અનશનમાં વર્તે છે તેથી આને નિયાણું કરાવીએ જેથી તે અહીં આપણા ઇન્દ્ર રૂપે ઉત્પન્ન થાય એ પ્રમાણે વિનિશ્ચય કરીને તેઓ તામલિની પાસે ગયા અને કહ્યું કે તમે જાણો છો કે બલિ-અસુરેન્દ્રના અમે દેવ-દેવીઓ છીએ અમારો પૂર્વનો ઇન્દ્ર ચ્યવી ગયો છે તેથી તમે હમણાં નિયાણું કરો જેથી તમે અમારા ઇન્દ્ર થાવ અને ત્યાં દિવ્ય વિષય સુખને અનુભવો તથા અમે પણ તમારી આજ્ઞાનું પાલન કરનારા થઈશું. (૨૦)

* જેમાં પ્રણામ કર્તવ્યતા રૂપે છે એવી દીક્ષા તે પ્રાણામી પ્રવ્રજ્યા.

તામલિ તાપસે ક્યાંય પણ આ વચનોને સાંભળ્યા હતા તે આ પ્રમાણે છે - "આશંસાથી રહિત, નિ:સ્પૃહ એવા ઉત્તમ મુનિએ મોક્ષમાં અને સંસારમાં સર્વત્ર સર્વ અનુષ્ઠાન કર્મ આચરવું જોઈએ... વગેરે."

પછી તામલિ મૌન ધરીને રહ્યો અને કંઈપણ બોલતો નથી અને પછી દેવદેવીઓ નિયાણાને માટે ફરી ફરી દૃઢ આગ્રહ કરે છે. જેટલામાં તામલિ કંઈપણ બોલતો નથી તેટલામાં ખેદ પામીને તેઓ પોતાના સ્થાનમાં ગયા અને આ બાજુ ઈશાન દેવલોકના ઇન્દ્રનું ચ્યવન થયું. બે મહિનાની અનશન વિધિને કરીને તામલિ તાપસ તેના સ્થાને ઈશાનેન્દ્ર થયો. (૨૪)

પછી બલીચંચામાં અસુરકુમારોએ જાણ્યું કે તામલિ ઈશાન કલ્પમાં ઇન્દ્ર થયો છે. પછી ગુસ્સે થયેલા તેઓએ તામ્રલિપ્તી નગરીમાં જઈને ડાબાપગમાં ઘાસના દોરડાથી તામલિના શરીરને બાંધ્યું અને મુખમાં ત્રણવાર થૂંકે છે. સ્વયં વેશને ધારણ કરનારો, અજ્ઞાન કષ્ટને કરનારો, કૂતરાદિને પણ પ્રણામ કરનારો એવો આ બાળ તપસ્વી કોણ છે ? એ પ્રમાણે અવજ્ઞાપૂર્વક કોપથી બોલીને, એકાંતમાં નિર્જન જગ્યાએ તેના શબને નાખીને (છોડીને) સર્વ પોતાના સ્થાનમાં ગયા. (૨૮)

અને આ સર્વ વૃત્તાંતને ઇશાન દેવલોકના દેવ-દેવીઓએ જોયું તેથી તેઓએ ઇન્દ્રને કહ્યું તેથી તે અસુરદેવો પર ક્રોધે ભરાયો અને શય્યામાં રહેલો પણ અસુર દેવદેવીઓથી યુક્ત સર્વ બલિચંચા રાજધાનીને કુપિત દૃષ્ટિથી જુએ છે. (૩૦) પછી તે ઈશાનેન્દ્રના દિવ્ય પ્રભાવથી બલિચંચા રાજધાની અંગારાની રાખ તથા મુર્મુર (છાર)ના કપિલવર્ણના (ભુખરાવર્ણના) સારવાળી થઈ. પછી ભય પામેલા વ્યાકુલ મનવાળા એવા અસુરકુમાર દેવ દેવીઓ તેને જાણીને ત્યાં ચારેબાજુ દોડે છે. ઈશાન દેવરાજના દિવ્ય દેવર્દ્ધિને તથા દિવ્ય તેજોલેશ્યાને સહન કરવા અસમર્થ એવા તેઓ મસ્તક પર અંજલિપુટ જોડીને વિનયથી નમેલા ઈશાનેન્દ્રને વારંવાર ખમાવે છે અને કહે છે કે અમો આવું ફરીથી નહીં કરીએ, કોપદૃષ્ટિને પાછી લઈ લો. તે પણ દિવ્ય તેજોલેશ્યાને પાછી સંહરી લે છે અને અહીંથી ચ્યવન પામેલો ઈશાનેન્દ્ર મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. તામલિ તાપસ વડે જેટલું બાળતપ કષ્ટ કરાયું તેટલા તપથી જિનમતમાં રત એવા બીજા આઠ જીવો સિદ્ધિગતિમાં જાય.

**किं यथोक्तैश्छद्मस्थसंयमादिभिरेव हेतुभिर्देवत्वमापुवन्ति जीवाः ?, आहोश्विदन्यैरपीत्याह -**

શું હમણાં કહેવાયેલા છદ્મસ્થ સંયમાદિ હેતુઓથી જ જીવો દેવ ભવને પામે છે કે બીજા કારણોથી પણ દેવ ભવને પામે છે ? આને જણાવતા કહે છે-

**अन्नेऽवि हु खंतिपरा सीलरया दाणविणयदयकलिया ।**
**पयणुकसाया भुवणोव्व भद्दया जंति सुरलोयं ।।३४८।।**

**अन्येऽपि खलु क्षान्तिपराः शीलरताः दानविनयदयाकलिताः**
**प्रतनुकषायाः भुवन इव भद्रका यान्ति परलोकम् ।।३४८।।**

**ગાથાર્થ :** ક્ષમામાં તત્પર, શીલમાં રત, દાન-વિનય-દયાથી યુક્ત, પાતળા કષાયવાળા બીજા પણ ભદ્રિક જીવો ભુવનની જેમ દેવલોકમાં જાય છે.

**अन्येऽपि भद्रकमिथ्यादृष्ट्यादयः क्षान्त्यादिगुणयुक्ता भुवनवद्देवलोकमुपयान्ति ।।**

**कः पुनरसौ भुवन इति ?, उच्यते –**

**ટીકાર્થ :** બીજા પણ ભદ્રિક મિથ્યાદષ્ટિ વગેરે જીવો ક્ષાંતિ વગેરે ગુણોથી યુક્ત ભુવનની જેમ દેવલોકમાં જાય છે.

પણ આ ભુવન કોણ છે ? કહેવાય છે-

## ભુવનનું કથાનક

કાંપીલ્યપુર નામનું નગર છે જેમાં કૃષ્ણ પક્ષમાં રહેલો ચંદ્ર પણ ભવનોની ઘણી જ્યોત્સ્નાથી યુક્ત શુક્લ પક્ષનો હોય તેમ શોભે છે. તેમાં સર્વ કળાઓમાં કુશળ એવો કુશળ નામનો શ્રેષ્ઠી વસે છે. તેને ચાર પુત્રો છે, ભુવન નામનો પુત્ર સૌથી નાનો છે અને તેના ઘરે ઘણો વિભવ છે, સર્વે પુત્રો વ્યવસાયી છે પણ ભુવન રૂપસ્વી, વિનયી અને શીલ સંપન્ન છે. સર્વ દેવોને પ્રણામ કરે છે, સર્વ ધર્મોની પ્રશંસા કરે છે, અલ્પ કષાયવાળો, દયાવાળો તથા પ્રકૃતિથી સરળ એવો તે દીન, દુઃખી, સ્વજન તથા ભદ્રિક લોકો વગેરેને પણ નિત્ય સ્વવિભવ પ્રમાણે યથાયોગ્ય દાન આપે છે. (૫) પછી તેના સર્વ પણ ભાઈઓ તેના પર કચકચ કરે છે અને તેઓની સ્ત્રીઓ પણ કચકચ કરે છે તથા માતાપિતાને પણ ફરીયાદ કરે છે કે આ ભુવન સર્વ ધનને વેડફી નાખશે. પછી કોઈક વખતે ભાઈઓ સહિત ભેગાં મળીને પિતાએ કહ્યું કે દાન આપવાના સ્વભાવનો ત્યાગ કર અથવા અમારાથી જુદો રહે. પછી ભુવને કહ્યું કે દાન આપવાના સ્વભાવનો ત્યાગ કરવો શક્ય નથી તથા હું અલગ પણ નહીં થાઉં. પરંતુ તમારા આદેશને કરીશ. પછી પિતાએ તથા ભાઈઓએ સ્વજનોને ભુવનની વાત કરી. તે સ્વજનો પણ કહે છે કે તમારું આ ઉચિત કાર્ય નથી કારણ કે પૂર્વે તમારી પાસે ધન ન હતું. તમને સકલ રિદ્ધિઓની પ્રાપ્તિ આ ધનના જન્મ થયા પછી થઈ છે, પરંતુ આનું વ્યસન લોકવિરુદ્ધ એવું જુગારાદિ નથી. પરંતુ આનું વ્યસન વિભવ અનુરૂપ દાન છે અને તેમાં પણ તેવા પ્રકારનો દોષ અમે જોતા નથી. પૂર્વની જેમ જ તમારા સંયુક્ત કુટુંબના વ્યવહારને ચાલુ રાખો. તેના સર્વે ભાઈઓ અહંકારથી કહે છે કે જો આ સલક્ષણો છે તો પોતાના લક્ષણના પ્રભાવને સ્વયં જ ભોગવે. (૧૨) નિર્લક્ષણા એવા અમે અલગ થઈને રહેશું. એ પ્રમાણે ઉલ્લંઠ વચનો બોલી તેઓએ ભુવનને અલગ કરી દીધો અને ભુવન કહે છે કે મારે કોઈપણ ભાગ જોઈતો નથી. પછી ભાઈઓ અસૂયાથી કહે છે કે તારે ભાગ લઈને પોતાની પાસે રાખ અમે તેને સંભાળશું નહીં. પછી ભુવન ભાગ ગ્રહણ કરે છે અને તેના ભાગે બિપુલ ધન પ્રાપ્ત થયું અને જીર્ણોદ્ધાર આદિ ધર્મકાર્યમાં ધનના વ્યયની શરૂઆત કરી. રુદ્રાદિ દેવકુળોમાં આપતા તેના વડે ક્યાંક ઊંચું જીર્ણ જિનભવન જોવાયું. તેણે સર્વ ધનનો વ્યય કરીને આખા જિનભવનનો જીર્ણોદ્ધાર કર્યો. પછી લોક કહે છે કે માત્ર વાસણો જ ખરીદી શકાય તેટલું પણ ધન નથી તો તું હમણાં કેવી રીતે આજીવિકા ચલાવી શકીશ ? (૧૭) ભુવન કહે છે કે પોતાના ભુજારૂપી દંડથી ઉપાર્જન કરેલ ધનનો હું ભોગવટો કરીશ પણ પિતા અને ભાઈઓએ ઉપાર્જન કરેલા ધનનો નહીં અને પછી સહાય છે ભુજા બીજી જેને એવો આ ધન કમાવવા ઘરેથી નીકળ્યો અને ભમતો એક યોગી વડે જોવાયો. યોગીએ કહ્યું કે હે મહાયશ ! તું ધનની કાંક્ષાથી ભમે છે ? વધારે શું ? તારા લક્ષણો અન્યના શરીરમાં દેખાતા નથી. તેથી તું અહીં જ નજીકના પર્વત પર આવ જેથી મહેનત વગર જ તને ખૂટે નહીં તેટલું ધન મેળવી આપું. પછી ભુવન તેની સાથે તે નજીકના પર્વત પર જાય છે અને બંને પણ એકેક મોટું તુંબડું લઈને એક ગુફામાં પ્રવેશે છે અને ભુવન હાથમાં રહેલા પાત્રને વગાડે છે. પછી ક્યાંક સિંહનાદને કરતા સિંહના મુખને જોયું. ક્યાંય ક્ષોભ નહીં પામતા બંને પણ ત્યાં પ્રવેશે છે અને આગળ બળતા અગ્નિને જોઈને તેની મધ્યમાંથી જાય છે અને ક્રમથી જતા અપ્સરાના સમૂહથી

વીંટળાયેલી, શ્રેષ્ઠ રૂપવાળી, આસ્થાન સભામાં બેઠેલી એક દેવીને જુવે છે. ગૌરીના અવાજથી જેમ મહાદેવ શંકર આકર્ષિત થાય તેમ તે યોગી દેવીના રૂપથી આક્ષિપ્ત થયો. પછી પોતાને અરણ્યમાં પૃથ્વીને ખોતરતો (ખોદતો) જુએ છે અને અસંક્ષુબ્ધ ભુવન દેવીનો તિરસ્કાર કરીને આગળ ગયેલો કનકસભામાં રહેલા શ્રેષ્ઠ રત્નાસન પર દેવોથી સેવાયા છે ચરણ રૂપી કમળ જેના એવા મહર્દ્ધિક શ્રેષ્ઠ દેવને જુવે છે. પછી તે દેવે સંભ્રમના વશથી અભ્યુત્થાન કરીને અંજલિ જોડીને પોતાના આસનના દાનથી ભુવનને આમંત્રીને વિનયથી કહ્યું કે હું સૌધર્મ દેવલોકનો દેવ છું અને અહીં ક્રીડા માટે આવ્યો છું. (૨૯) કાંપીલ્યપુર નગરમાં જે જિનભવન તારા વડે જીર્ણોદ્ધાર કરાયો છે તે પૂર્વભવમાં મારા વડે જ નિર્માણ કરાયું હતું તેથી તેના જીર્ણોદ્ધારમાં હું ઘણો ખુશ થયો છું. અહીં તે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું છે. જેથી હે ભદ્ર ! તને અહીં વિભવમાં કોઈપણ ન્યૂનતા નહીં આવે.

એ પ્રમાણે દેવતાઈ વચનો સાંભળીને જેટલામાં ભુવન ત્યાં કંઈપણ બોલે તેટલામાં સુવર્ણ અને રત્નમય મહેલમાં ગંગા નદીના કાંઠા સમાન પલંગની અંદર પોતાને બેઠેલો જુવે છે. પછી ઊભો થઈને જેટલામાં સર્વ દિશાઓનું નિરીક્ષણ કરે છે તેટલામાં ચારે બાજુથી રત્નના ઢગલાઓ જુવે છે તથા ઘણાં અમૂલ્ય વસ્ત્રો અને પાર વિનાના ધન, ધાન્ય અને સુવર્ણને જુવે છે. (૩૪) શું આ ઇન્દ્રજાળ છે ? અથવા શું આ સ્વપ્ન છે ? કારણ કે ગુફા પણ દેખાતી નથી, તે દેવ પણ દેખાતો નથી, તેની સભા પણ દેખાતી નથી. બધું બીજું જ દેખાય છે. એ પ્રમાણે વિચારતા તેને આકાશમાં રહેલા દેવો કહે છે કે સૌધર્મ દેવલોકના દેવે ખુશ થઈને આ તને આપ્યું છે અને ગુફામાંથી લાવીને કાંપીલ્યપુરમાં તું અમારાવડે મુકાયો છે તથા અમે સૌધર્મદેવવડે તારી આજ્ઞાને કરવા નિમાયા છીએ તેથી પોતાના જ પુણ્યોથી પ્રાપ્ત થયેલ આ ધનને ભોગવ. પછી ભુવન પણ વિલાસને કરે છે અને ત્યાં ધનના સમૂહનો વ્યય કરે છે અને કાળે કરીને તેનો પિતા ધન રહિત થયો અને ભાઈઓ પણ દરિદ્ર થયા તેથી ભુવન તેઓને પોતાની પાસે બોલાવે છે તો પણ તેના ભાઈઓ મિથ્યાભિમાનથી તેની પાસે રહેતા નથી. પણ માતા પિતા તેના ઘરે સુખેથી રહે છે. અલગ રહેલા ભાઈઓને પણ તે વિપુલ ધન આપે છે. સ્વજન વર્ગનો ઉદ્ધાર કરે છે, દીનોને દાન આપે છે. જીર્ણોદ્ધારમાં સવિશેષ ધનનો વ્યય કરે છે. ધાર્મિક જનનું વાત્સલ્ય કરે છે, સર્વ સાધુઓને વાંદે છે એ પ્રમાણે વિનયથી હંમેશા વર્તતા ગુણના એક સ્થાન એવા ભુવનના અવર્ણવાદને તેનાં ભાઈઓ મત્સરના વશથી ગ્રહણ કરે છે. (બોલે છે.) પાતળા થયા છે કષાયો જેના એવો ભુવન પણ અવર્ણવાદને બોલતા ભાઈઓને પણ હંમેશા ધન આપે છે અને તેઓના કાર્યોને કરી આપે છે. (૪૪)

પછી ધનથી, પુત્રથી તથા પરિજનથી વૃદ્ધિ પામતા ભુવનને જોઈને મત્સરથી વ્યાકુલિત થયેલો મોટોભાઈ તેને સહન નહીં કરતો રાજાની પાસે જઈને ફરીયાદ કરે છે કે તમારા પૂર્વ પુરુષોના વિપુલ નિધાનોને ભુવને ગ્રહણ કર્યા છે તથા લોભથી ગ્રસ્ત થયેલ ભુવન તત્ત્વના પરમાર્થને જાણતો નથી. રાજા પણ ભુવનને પકડાવીને પોતાની પાસે બોલાવે છે. રાજા વઢીને (ઠપકો આપીને) પૂછે છે કે ધંધા વિનાના તારી પાસે ધન ક્યાંથી આવ્યું ? ભુવન વિચારે છે કે મારે અહીં રાજાને શો જવાબ આપવો કેમકે યથાસ્થિત કહીશ તો પણ આ મારા ઉપહાસને જ કરશે તેથી તેને જે ગમે તે મારું ભલે કરે. (૪૯)

જેટલામાં ભુવન જવાબ આપતો નથી તેટલામાં કોપને પામેલો રાજા તેના વધની આજ્ઞા કરે છે. પછી આરક્ષક તેને બહાર લઈ જઈને જેટલામાં હણે તેટલામાં સૌધર્મ દેવવડે ભુવનના કાર્યમાં નિમાયેલા દેવો નગરની ઉપર અતિમોટી શિલાને વિકુર્વે છે. અને કહે છે કે "અનાચારમાં તત્પર એવા લોકોનો જે આવો હણવાનો વિચાર જ્યાં વર્તે છે તે નગરને રાજા સહિત અમે ચૂરી નાખશું. મત્સરીઓના પણ વચનથી

સજ્જનોની પણ કદર્થના કરાય છે, પાત્ર કે અપાત્ર અને ગુણ કે દોષની વિચારણા કરાતી નથી. જીર્ણ જિનભવનના ઉદ્ધારથી આનાવડે ઉપાર્જન કરાયેલા પુણ્યના વશથી અમારા સ્વામી વડે આને ધન અપાયું છે. તેના ભાઈઓ આના ધનને જોઈ શકતા નથી અને મત્સરથી વ્યાકુલ થયેલા અસંબંદ્ધ પણ પ્રલાપને કરે છે." ઇત્યાદિ સાંભળીને વ્યાકુલ અને ભીયભીત થયેલો રાજા ધૂપદાની હાથમાં લઈને, શ્વેત-વસ્ત્રો અને આભરણો પહેરીને, સકળનગરના લોકોની સહિત ભુવનને છોડાવીને તે દેવોને ભક્તિથી વારંવાર જ્યાં સુધી ઉપશાંત થાય ત્યાં સુધી ખમાવે છે. (૫૭) પછી રાજા ભુવનના ભાઈઓને બોલાવીને નિગ્રહ કરે છે. ભુવન પણ રાજાના પગમાં પડીને આ પ્રમાણે કહે છે કે હે દેવ ! જો તમે આ મારા ભાઈઓનો નિગ્રહ કરો છો તો હું ઘરે નહીં જાઉં. આઓનો દોષ નથી મેં પૂર્વભવમાં કોઈને આળ આપ્યું છે તેનું મને હમણાં આ ફળ પ્રાપ્ત થયું છે. આત્મા લોકની અંદર પોતાના સુખદુઃખને કરનારો તથા હણનારો છે. (૬૦) એ પ્રમાણેના વચનોથી ભુવન પોતાના ભાઈઓને છોડાવે છે. રાજા ભુવનનું ઘણું સન્માન કરીને તેના ઘરે મોકલે છે. પછી રાજાના આગ્રહથી કેટલાક દિવસો ઘરે રહીને વૈરાગ્યથી પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને એક માસનું અનશન કરીને પૂર્વે કહેવાયેલો સૌધર્મ દેવ જે વિમાનમાં છે તે જ વિમાનમાં ભુવન દેવપણે ઉત્પન્ન થયો ત્યાંથી ચ્યવીને બંને પણ દેવો કર્મ ખપાવીને મહાવિદેહમાં સિદ્ધિને પામશે. (૬૪)

**आह-ननु छद्मस्थसंयमादिभिर्देवेषूत्पन्नानां तेषां क उत्पत्तिक्रमः ? किं च स्वरूपमित्याशंक्याऽऽह –**

**પ્રશ્ન** : છદ્મસ્થ સંયમ આદિથી દેવોમાં ઉત્પન્ન થયેલાઓનો ઉત્પત્તિક્રમ શું છે ? અને તેઓનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર** : ઉપરની શંકાઓનો ઉત્તર નીચેની ગાથાઓથી જણાવે છે.

**उप्पण्णाय य देवेसु ताण आरब्भ जम्मकालाओ ।**
**उप्पत्तिकमो भन्नइ जह भणिओ जिणवरिंदेहिं ।।३४९।।**

**उत्पन्नानां च देवेषु तेषामारभ्य जन्मकालात्**
**उत्पत्तिक्रमो भण्यते यथा भणितो जिनवरेन्द्रैः ।।३४९।।**

**ગાથાર્થ** : દેવભવમાં ઉત્પન્ન થયેલા દેવોના જન્મથી માંડીને ઉત્પત્તિક્રમ જેમ જિનેશ્વરોવડે કહેવાયો છે તેમ જણાવાય છે. (૩૪૯)

**सुगमा ।। यथाप्रतिज्ञातमेवाऽऽह –**

હવે પ્રતિજ્ઞા મુજબ જ કહે છે-

**उववायसभा वररयणनिम्मिया जम्मठाणममराणं ।**
**तीसे मज्झे मणिपेढियाए रयणमयसयणिज्जं ।।३५०।।**

**तत्थुववज्जइ देवो कोमलवरदेवदूसअंतरिए ।**
**अंतोमुहुत्तमज्झे संपुन्नो जायए एसो ।।३५१।।**

अह सो उज्जोयंतो तेएण दिसाओ पवररूवधरो ।
सुत्तविउद्ध व्व खणेण उट्ठिओ नियइ पासाइं ।।३५२।।
सामाणियसुरपमुहो तत्तो सव्वोऽवि परियणो तस्स ।
आगंतुं अभिणंदइ जयविजएणं कयंजलिओ ।।३५३।।
इंदसमा देविड्ढी देवाणुपिएहिं पाविया एसा ।
अणुभुंजंतु जहिच्छं समुवणयं निययपुन्नेहिं ।।३५४।।
अह सो विम्हियहियओ चिंतइ दाणं तवं व सीलं वा ।
किं पुव्वभवे विहियं मए ? इमा जेण सुररिद्धी ।।३५५।।
इय उवउत्तो पेच्छइ पुव्वभवं तो इमं विचिंतेइ ।
किं एत्थ मज्झ किच्चं पढमं ? ता परियणो भणइ ।।३५६।।
अट्ठसयं पडिमाणं सिद्धाययणे तहेव सगहाओ ।
कयअभिसेया पूएह सामि ! किच्चाणिमं पढमं ।।३५७।।
अह सो सयणिज्जाओ उट्ठइ परिहेइ देवदूसजुयं ।
मंगलतूररवेहिं पढंतसुरबंदिवंदेहिं ।।३५८।।
हरयम्मि समागच्छइ करेइ जलमज्जणं तओ विसइ ।
अभिसेयसभाए अणुपयाहिणं पुव्वदारेणं ।।३५९।।

उपपातसभा वररत्ननिर्मिता जन्मस्थानं अमराणां
तस्या मध्ये मणिपीठिकायां रत्नमयं शयनीयम् ।।३५०।।
तत्रोत्पद्यते देवः कोमलवरदेवदूष्यान्तरितः
अंतर्मुहूर्त्तमध्ये संपूर्णो जायते एषः ।।३५१।।
अथ स उद्योतयन् तेजसा दिशः प्रवररूपधरः
सुप्तविबुद्ध इव क्षणेन उत्थितः पश्यति पार्श्वानि ।।३५२।।
सामानिकसुरप्रमुखः ततः सर्वोऽपि परिजनस्तस्य
आगत्याभिनंदति जयविजयेन कृतांजलिकः ।।३५३।।
इन्द्रसमा देवर्द्धिः देवानुप्रिय ! प्राप्ता एषा
अनुभुङ्क्ष यथेच्छं समुपनतां निजकपुण्यैः ।।३५४।।

**अथ स विस्मितहृदयः चिंतयति दानं तपश्च शीलं च**

**किं पूर्वभवे विहितं मया येन इयं सुरर्द्धिः ।।३५५।।**

**इति उपयुक्तः पश्यति पूर्वभवं ततः इदं विचिन्तयति**

**किमत्र मम कृत्यं प्रथमं ? ततः परिजनो भणति ।।३५६।।**

**अष्टशतं प्रतिमानां सिद्धायतने तथैव सक्थीनि**

**कृताभिषेकाः पूजयत स्वामिन् ! कृत्यानामिदं प्रथमं ।।३५७।।**

**अथ स शयनीयात् उत्तिष्ठति परिहरति देवदूष्ययुग्मं**

**मंगलतूर्यरवैः पठत्सुरवृन्दवृन्दैः ।।३५८।।**

**हृदं समागच्छति करोति जलमज्जनं ततो विशति**

**अभिषेकसभां पुनः प्रदक्षिणयन् पूर्वद्वारेण ।।३५९।।**

**ગાથાર્થ :** દેવોનું જન્મસ્થાન શ્રેષ્ઠ રત્નોથી બનેલી ઉપપાદ સભા છે અને તે ઉપપાદ સભામાં મણિમય પીઠિકા ઉપર રત્નમય શયન છે. (૩૫૦)

તેમાં કોમળ શ્રેષ્ઠ દેવદૂષ્યની અંદર દેવ ઉત્પન્ન થાય છે અને અંતર્મૂહૂર્તકાળમાં સંપૂર્ણ અવગાહના વાળો થાય છે. (૩૫૧)

પછી તેજથી દિશાઓને ઉદ્યોત કરતો શ્રેષ્ઠરૂપને ધરનારો સૂઈને જાગેલાની જેમ ક્ષણથી ઊભો થયેલો નિકટમાં રહેલા દેવપરિવારને જુવે છે. (૩૫૨)

પછી સામાનિક દેવ વગેરે તેનો સર્વ પણ પરિજન અંજલિ જોડીને આવીને જય-વિજયથી અભિનંદે છે. (૩૫૩)

અને કહે છે કે દેવાનુપ્રિયવડે આ ઇન્દ્ર સમાન દેવ-ઋદ્ધિ પ્રાપ્ત કરાઈ છે. પોતાના પુણ્યોથી મળેલી રિદ્ધિને દેવ ઇચ્છા મુજબ ભોગવે. (૩૫૪)

પછી વિસ્મય હૃદયવાળો તે વિચારે છે કે પૂર્વભવમાં મારાવડે એવું કયું દાન, તપ કે શિયળ આરાધાયું છે જેથી આ ઋદ્ધિ મને પ્રાપ્ત થઈ. (૩૫૫)

એ પ્રમાણે ઉપયોગવાળો પૂર્વભવને જુએ છે પછી આ પ્રમાણે વિચારે છે કે તો અહીં મારે પ્રથમ શું કરવા યોગ્ય છે ? પછી પરિજન કહે છે કે - (૩૫૬)

સિદ્ધાયતનમાં રહેલી એકસો આઠ પ્રતિમાઓને તથા અભિષેક કરાયેલી દાઢાઓને હે સ્વામી ! તમે પૂજો આ પ્રથમ કાર્ય છે. (૩૫૭)

પછી દેવ શૈય્યામાંથી ઊઠે છે, દેવદૂષ્ય યુગલને ધારણ કરે છે, મંગલ વાજિંત્રોના અવાજથી, બોલતા દેવોના બંદિવૃંદોથી યુક્ત સ્વચ્છ સરોવર પાસે આવે છે, પાણીથી સ્નાન કરે છે, પછી અભિષેક સભામાં પ્રદક્ષિણા આપીને પૂર્વદ્વારથી પ્રવેશે છે. (૩૫૮-૩૫૯)

सुगमाः, नवरं सक्थास्तीर्थकरदंष्ट्राः रत्नमयस्तम्भोपरि हीरकसमुद्रकेषु क्षिप्तास्तिष्ठन्ति, ततः सिद्धायतने अष्टोत्तरशतं प्रतिमानां, तथा सुधर्मसभागतास्तीर्थकरदंष्ट्राः स्वस्वामिकृताभिषेकाः सन्तः पूजयत यूयं, देवकृत्यानामत्रेदं प्रथमकृत्यं, 'हरयम्मि' त्ति स्वच्छप्रधानसलिलसम्पूर्णे ह्रदे समागच्छति, तत्र जलमज्जनं कृत्वा ततोऽभिषेकसभां प्रदक्षिणीकृत्य पूर्वद्वारेण 'विशति' प्रविशति । अभिषेकविधिक्रममेवाह –

ટીકાર્થ : ગાથાઓ સુગમ છે. સકથા એટલે તીર્થંકરની દાઢાઓ, રત્નમય સ્તંભની ઉપર હીરાના દાબડાઓમાં રખાયેલી છે. પછી સિદ્ધાયતનમાં એકસો આઠ જિનપ્રતિમાઓને તથા સુધર્મસભામાં રહેલી તીર્થંકરોની દાઢાઓ જે પોતપોતાના સ્વામીવડે અભિષેક કરાયેલી છે તેને તમે પૂજો. દેવોના કૃત્યોમાં આ પ્રથમ કૃત્ય છે 'हरयम्मि' એટલે સ્વચ્છ ઉત્તમ પાણીથી ભરેલા સરોવર પાસે આપે છે તેમાં સ્નાન કરીને પછી અભિષેક સભાને પ્રદક્ષિણા કરીને પૂર્વના દ્વારથી પ્રવેશે છે. હવે અભિષેક વિધિને કહે છે-

**अह आभिओगियसुरा, साहाविय तह विउव्वियं चेव ।**
**मणिमयकलसाईयं भिंगाराइ य उवगरणं ।।३६०।।**

**घेत्तूण जंति खीरोयहिम्मि तह पुक्खरोयजलहिम्मि ।**
**दोसु वि गिण्हंति जलाइं तह य वरपुंडरीयाइं ।।३६१।।**

**मागहवरदामपभासतित्थतोयाइं मट्टियं च तओ ।**
**समयक्खेत्ते भरहाइगंगसिंधूण सरियाणं ।।३६२।।**

**रत्तारत्तवईणं महानईणं तओऽवराणं पि ।**
**उभयतटमट्टियं तह जलाइं गिण्हंति सयलाणं ।।३६३।।**

**गंतूण चुल्लहिमवंतसिहरिपमुहेसु कुलगिरिंदेसु ।**
**सव्वाइं तुवरओसहिसिद्धत्थयगंधमल्लाइं ।।३६४।।**

**गिण्हंति वट्टवेयड्डसेलसिहरेसु चउसु एमेव ।**
**विजएसु जाइं मागहवरदामपभासतित्थाइं ।।३६५।।**

**गिण्हंति सलिलमट्टियमंतरनइसलिलमेव उवणेंति ।**
**वक्खारगिरीसु वणम्मि भद्दसालम्मि तुवराइं ।।३६६।।**

**नंदणवणम्मि गोसीसचंदणं सुमणदाम सोमणसे ।**
**पंडगवणम्मि गंधा तुवराईणि य विमीसंति ।।३६७।।**

अथ आभियोगिकसुराः स्वाभाविकं तथा विकुर्विकं चैव
मणिमयकलशादिकं भृङ्गारादिकं च उपकरणम् ।।३६०।।

गृहीत्वा यान्ति क्षीरोदधिं तथा पुष्करोदजलधिं
द्वयोरपि गृह्णन्ति जलानि तथा च वरपुण्डरीकाणि ।।३६१।।

मागधवरदामप्रभासतीर्थतोयानि मृत्तिकां च ततः
समयक्षेत्रे भरतादिगंगासिन्ध्वोः सरितोः ।।३६२।।

रक्तारक्तावतीनां महानदीनां ततोऽपराणामपि
उभयतटमृत्तिकां तथा जलानि गृह्णन्ति सकलानाम् ।।३६३।।

गत्वा क्षुल्लहिमवच्छिखरिप्रमुखेषु कुलगिरीन्द्रेषु
सर्वाणि तुवरौषधिसिद्धार्थकगन्धमाल्यानि ।।३६४।।

गृह्णन्ति वृत्तवैताढ्यशैलशिखरेषु चतुर्षु एवमेव
विजयेषु यानि मागधवदामप्रभासतीर्थानि ।।३६५।।

गृह्णन्ति सलिलमृत्तिकां अंतरनदीसलिलमेव उपनयन्ति
वक्षस्कारगिरिषु वने भद्रशाले तुवराणि ।।३६६।।

नंदनवने गोशीर्षचन्दनं सुमनोदामं सौमनसे
पण्डकवने गन्धान् तुवरादीनि च विमिश्रयन्ति ।।३६७।।

**ગાથાર્થ :** હવે આભિયોગિક દેવો સ્વાભાવિક તથા વિકુર્વેલા જ મણિમય કળશો આદિને તથા ભૃંગારાદિ ઉપકરણોને લઈને ક્ષીર સમુદ્રમાં તથા પુષ્કરવર સમુદ્રમાં જાય છે અને બંને હાથથી શ્રેષ્ઠ પાણી આદિને તથા શ્રેષ્ઠ કમળાદિને ગ્રહણ કરે છે. (૩૬૦-૩૬૧)

માગધ-વરદામ-પ્રભાસ તીર્થોના પાણીને અને માટીને પછી અઢી દ્વીપમાં ભરતાદિક્ષેત્રમાં રહેલી ગંગા સિંધુ નદીઓના તથા રક્તા અને રક્તાવતી નદીઓના તથા બીજી પણ બધી મહાનદીઓના બંને બાજુના કાંઠા પર રહેલી માટીને તથા જલાદિને ગ્રહણ કરે છે. (૩૬૨-૩૬૩)

પછી લઘુહિમવંત તથા શિખરી વગેરે કુલપર્વતો ઉપર જઈને તુવર-ઔષધી શર્ષપ (રાઈ) ગંધમાલ્યાદિ સર્વને ગ્રહણ કરે છે. ચારેય વૃત્ત વૈતાઢ્ય પર્વતના શિખરો પર જઈને ઔષધાદિ ગ્રહણ કરે છે. વિજયોમાં માગધ, વરદામ, પ્રભાસ તીર્થોના પાણી અને માટીને ગ્રહણ કરે છે. (૩૬૪-૩૬૫)

તથા આંતર નદીઓના પાણી ગ્રહણ કરે છે, વક્ષકાર પર્વતો પર તથા ભદ્રશાલવનમાં તુવરને તથા નંદનવનમાંથી ગોશીર્ષચંદન તથા સોમનસ વનમાંથી ફુલોની માળાઓને તથા પાંડુક વનમાંથી સુગંધિદ્રવ્ય લઈને તુવરાદિ સાથે મિશ્રણ કરે છે. (૩૬૬-૩૬૭)

**पाठसिद्धा एव । नवरं मागधवरदामप्रभासतीर्थतोयानि मृत्तिकां च, समयक्षेत्रे-अर्धतृतीयद्वीपसमुद्रलक्षणे पंचसु भरतेषु पंचस्वैरवतेषु गत्वा गृह्णन्ति, ततः पंचसु भरतेषु गंगासिन्धुसरितां, आदिशब्दात् पंचस्वैरवतेषु रक्तारक्तवतीसरितां, तथाऽपरासामपि सकलानां हैमवतैरण्यवतादिक्षेत्रवर्तिनीनां रोहितारोहितांशासुवर्णकूलारूप्यकूलादीनां**

महानदीनामुभयतटवर्त्तिनीं मृत्तिकां जलानि च गृह्णन्ति, गङ्गासिंधुरक्तारक्तवतीसरिन्मृत्तिकाजलग्रहणानन्तरं च क्षुल्लहिमवच्छिखरिपर्वतप्रमुखेषु कुलगिरीन्द्रषु गत्वा सर्वाणि माल्यानि-कुसुमानि सर्वान् गन्धद्रव्यविशेषरूपान् सर्वान् सिद्धार्थान्-सर्षपान् तथा सर्वा औषधीः-सुगन्धिम[1] हलयाग्रन्थिपर्णकादिरूपाः तथा सर्वाण्यपि तुवराणि-शरीरस्निग्धत्वापनोदाय सुगन्धिकषायद्रव्याणि गृह्णन्ति इत्युत्तरगाथायां सम्बन्धः, एवं चतुर्षु वृत्तवैताढ्यशैलशिखरेष्वपि गत्वा तुवरादीनि गृह्णन्ति, तथा महाविदेहपंचकविजयेषु यानि मागधादितीर्थानि तेषु सलिलं मृत्तिकां च गृह्णन्ति, तथा विजयान्तरवर्तिनदीनां सलिलमुपनयन्ति ततो वक्षस्कारगिरिषु भद्रशालवने च तुवरादीनि गृह्णन्ति, ततो नन्दनवनसौमनसपण्डकवनेषु क्रमेण तुवरादीनि सरसं गोशीर्षं श्रीखण्डं च गृह्णन्ति, सौमनसे विशेषतः सरससुरभिकुसुमदामग्रहणं कुर्वन्ति, पण्डकवने तु सुरभिगन्धान्वितानि गन्धद्रव्याणि गृहीत्वा तुवरादिभिः सह मिश्रयन्तीति सूत्रसंक्षेपार्थः । इह च सूचकत्वात् सूत्रस्यायमभिषेकार्हजलादिवस्तुक्रमो दृष्टः, तद्यथा-स्वाभाविकवैक्रियमणिरत्नसुवर्णादिमयकलशभृंगारान् गृहीत्वा आभियोगिकदेवाः क्षीरोदधौ गत्वा जलं पद्मजातिविशेषांश्च सर्वान् गृह्णन्ति, एवं पुष्करोदसमुद्रेऽपि, ततः समयक्षेत्रे भरतैरवतेषु गत्वा मागधादितीर्थजलानि मृत्तिकां च गृह्णन्ति, ततो गंगासिन्धुरक्तारक्तवतीसरितामुभयतटमृत्तिकां सलिलं च गृह्णन्ति, ततो हिमवच्छिखरिपर्वतेषु सर्वाण्यपि तुवरद्रव्याणि गन्धद्रव्याणि माल्यानि सर्वौषधीः सिद्धार्थांश्च गृह्णन्ति, ततः पद्महृदपौण्डरीकहृदेषु जलानि पद्मजातिविशेषान् च गृह्णन्ति, ततो हैमवतैरण्यवतेषु रोहितारोहितांशासुवर्णकूलारूप्यकूलासरितां जलानि मृत्तिकां च गृह्णन्ति, ततः शब्दापातिनि माल्यवति, वृत्तवैताढ्ये तुवरादिनी, ततो महाहिमवद्रुक्मिपर्वतेषु अपि तुवरादीनि, ततो महापद्ममहापौण्डरीकहृदेषु पद्मजातिसहितादीनि जलानि, ततो हरिवर्षरम्यकेषु हरिद्धरिकान्तानरकान्तानारीकान्तानदीनां सलिलं मृत्तिकां च, ततो विकटापातिनि गंधापातिनि च वृत्तवैताढ्ये तुवरादीनि, ततो निषधनीलवत्पर्वतेषु तुवरादीनि, ततस्तिगिच्छिकेशरिहृदेषु पद्माजात्यन्वितजलानि, पूर्वविदेहापरविदेहेषु तुवरादीनि, ततस्तिगिच्छिकेशरिहृदेषु पद्मजात्यन्वितजलानि, पूर्वविदेहापरविदेहेषु शीताशीतोदामहानदीनां सलिलं मृत्तिकां च, ततो विजयाश्रितमागधादितीर्थानामन्तरसरितां च जलं मृत्तिकां च, ततः सर्ववक्षस्कारपर्वतेषु मेरौ च भद्रशालवने तुवरादीनि, नन्दनवने तुवरादीनि सरसगोशीर्षं श्री खण्डं च, सौमनसवने तु तुवरादीनि गोशीर्षं श्रीखण्डं दिव्यं कुसुमदाम च, पण्डकवनेऽप्येतदेव गृह्णन्ति, तथा अतीव सुरभिगन्धद्रव्याणि गृहीत्वा तुवरादिभिः सह मिश्रयंति, तीर्थकरजन्माभिषेक ऽप्ययमेवाअभिषेकार्हजलादिवस्तु ग्रहण क्रमो द्रष्टव्यः । तत एतत् सर्वं गृहीत्वा किं कुर्वन्ति ? इत्याह ३१८

ટીકાર્થ : ગાથાઓ પાઠ સિદ્ધ છે પરંતુ અઢી દ્વીપમાં પાંચ ભરત અને પાંચ ઐરવતમાં જઈને માગધ-વરદામ-પ્રભાસ તીર્થોના પાણી અને માટીને ગ્રહણ કરે છે. પછી પાંચ ભરતમાં ગંગા સિંધુ નદીઓના આદિ શબ્દથી પાંચ ઐરવતમાં રક્તા અને રક્તાવતી નદીઓના તથા બીજી સર્વ હૈમવત અને હૈરણ્યવત આદિ ક્ષેત્રમાં આવેલી રોહિતાંશા-સુવર્ણ અને રુપ્યકુલા વગેરે મહાનદીઓના બંને કાંઠે રહેલી માટીઓને અને પાણીને ગ્રહણ કરે છે અને ગંગા સિંધુ-રક્તા અને રક્તાવતી નદીના માટી અને જળ ગ્રહણ કર્યા પછી લઘુ હિમવત અને શિખરી પર્વતો વગેરે કુલપર્વતો પર જઈને સર્વમાલ્ય અને કુસુમોને (ગંધદ્રવ્ય વિશેષોને) તથા સર્ષપોને તથા સુગંધી મોટી લતા, ગાંઠ, પાંદડાં આદિ સર્વ ઔષધીઓને તથા સર્વ પણ તુવરોને (શરીરનું સ્નિગ્ધત્વ દૂર કરવા માટે સુગંધી કષાય દ્રવ્ય) ગ્રહણ કરે છે એમ પછીની ગાથા સાથે ક્રિયાપદનો સંબંધ છે.

એ પ્રમાણે ચાર કે પાંચ વૃત્ત વૈતાઢ્ય પર્વતના શિખરો ઉપર જઈને તુવરાદિને ગ્રહણ કરે છે તથા પાંચ

१. हलकय - वा० ।।

મહિવેદહની વિજયોમાં જે માગધ વગેરે તીર્થો છે તેના પાણી અને માટીને ગ્રહણ કરે છે તથા વિજયોની વચ્ચેની નદીઓના પાણીને ગ્રહણ કરે છે. પછી વક્ષસ્કાર પર્વત પર ભદ્રશાલ વનમાંથી તુવરાદિને ગ્રહણ કરે છે. પછી નંદનવન - સૌમનસ - તથા પંડકવનમાંથી ક્રમથી તુવરાદિ, સરસ ગોશીર્ષ ચંદન ગ્રહણ કરે છે અને સોમનસ વનમાં વિશેષથી સરસ સુરભિ ફુલોની માળાઓને ગ્રહણ કરે છે. પંડકવનમાંથી સુરભિ ગંધથી યુક્ત ગંધદ્રવ્યોને ગ્રહણ કરીને તુવરાદિની સાથે મિશ્રણ કરે છે એ પ્રમાણે સૂત્રોનો સંક્ષેપ અર્થ છે. અને અહીં સૂત્ર સૂચન કરનાર છે. અભિષેક યોગ્ય જલાદિ વસ્તુઓનો ક્રમ આ પ્રમાણે જોવાયો છે.

આભિયોગિક દેવો સ્વાભાવિક-વૈક્રિય-મણિ-રત્ન-સુવર્ણના કળશો અને ભૃંગારોને લઈને ક્ષીર સમુદ્રમાં જઈને પાણી અને વિશેષ જાતિના સર્વ કમળોને ગ્રહણ કરે છે. એ પ્રમાણે પુષ્કરવર સમુદ્રમાં પણ ગ્રહણ કરે છે. પછી અઢી દ્વીપમાં ભરત-ઐરવતમાં જઈને માગધાદિ તીર્થોના પાણી અને માટીને ગ્રહણ કરે છે. પછી ગંગા-સિંધુ-રક્તા-રક્તાવતી નદીઓના બંને કાંઠાની માટીને તથા પાણીને ગ્રહણ કરે છે. પછી હિમવત્ અને શિખરી પર્વતોપર સર્વ પણ તુવર દ્રવ્યો, ગંધદ્રવ્યો, માલ્યો, સર્વ ઔષધિઓ અને સર્ષપોને ગ્રહણ કરે છે. પછી પદ્મ તથા પુંડરીક સરોવરના પાણી તથા વિશેષ કમળની જાતિઓને ગ્રહણ કરે છે. પછી હેમવત અને ઐરણ્યવતમાં રોહિતા અને રોહિતાંશા, સુવર્ણ કૂલા અને રૂપ્યકૂલા નદીઓના પાણી તથા માટીને ગ્રહણ કરે છે. પછી શબ્દાપાતિ અને માલ્યવત્ વૃત્ત વૈતાઢ્ય ઉપર તુવરાદિને, પછી મહાહિમવન્ અને રુક્મિપર્વતપર પણ તુવરાદિને પછી મહાપદ્મ મહાપૌન્ડરીક સરોવરમાં પદ્મજાતિના કમળો સહિત પાણીને, પછી હરિવર્ષ અને રમ્યક્‌માં હરિ-હરિકાંતા, નરકાંતા - નારીકાંતા નદીના પાણીને તથા માટીને ગ્રહણ કરે છે. પછી વિકટાપાતિ અને ગંધાપાતિ વૃત્ત વૈતાઢ્ય પર તુવરાદિને પછી નિષધ અને નીલવંત પર્વતો પર તુવરાદિને પછી તિગિચ્છં અને કેશરી દ્રહોમાં પદ્મજાતિના કમળોથી સહિત પાણીને તથા પૂર્વ-પશ્ચિમ મહાવિદેહમાં રહેલી સીતા અને સીતોદા મહાનદીઓના પાણી અને માટીને, પછી વિજ્યોમાં રહેલા માગધાદિ તીર્થોના તથા વચ્ચેની મહાનદીઓના પાણી અને માટી, પછી સર્વ વક્ષસ્કાર પર્વતો અને મેરુ પર અને ભદ્રશાલવનમાં તુવરાદિને અને નંદનવનમાં તુવરાદિને તથા સરસ ગોશીર્ષ ચંદનને અને સૌમનસ વનમાં તુવરાદિ, ગોશીર્ષચંદન તથા દિવ્ય ફુલોની માળાને અને પાંડકવનમાં પણ આને જ ગ્રહણ કરે છે. તથા ઘણાં સુગંધી દ્રવ્યો લઈને તુવરાદિની સાથે ભેળાં કરે છે તીર્થંકરના જન્મ વખતે પણ અભિષેક યોગ્ય પાણી વગેરે વસ્તુને ગ્રહણ કરવાનો ક્રમ આ જ છે. પછી આ બધુ લઈને શું કરે છે ? તેને કહે છે -

**तो गंतुं सट्ठाणं ठविउं सीहासणम्मि ते देवं ।**
**वरकुसुमदामचंदणचच्चियपउमप्पिहाणेहिं ।।३६८।।**

**कलसेहिं ण्हवंति सुरा केई गायंति तत्थ परितुट्ठा ।**
**वायंति दुंदुहीओ पढंति बंदि व्व पुण अन्ने ।।३६९।।**

**रयणकणयाइवरिसं अन्ने कुव्वंति सीहनायाइं ।**
**इय महया हरिसेणं अहिसित्तो तोसमुद्दुउं ।।३७०।।**

**उद्धुयमुयंगदुंदुहिरवेण सुरयणसहस्सपरिवारो ।**
**सोऽलंकारसभाए गंतुं गिण्हइ अलंकारे ।।३७१।।**

गंतुं ववसायसभाए वायए रयणपोत्थयं तत्तो ।
तवणिज्जमयक्खरममरकिच्चनयमग्गपायडणं ।।३७२।।
पूओवगरणहत्थो नंदापोक्खरिणिविहयजलसोओ ।
सिद्धाययणे पूयइ वंदइ भत्तीए जिणबिंबे ।।३७३।।
गंतूण सुहम्मसभं तत्तो अच्चइ जिणिंदसगहाओ ।
सीहासणे तहिं चिय अत्थाणे विसइ इंदो व्व ।।३७४।।

ततो गत्वा स्वस्थानं स्थापयित्वा सिंहासने तं देवं
वरकुसुमदामचन्दनचर्चितपद्मपिधानैः ।।३६८।।
कलशैः स्नपयन्ति सुराः केऽपि गायन्ति तत्र परितुष्टाः
वादयन्ति दुंदुभीन् पठन्ति बंदिरिव पुनरन्ये ।।३६९।।
रत्नकनकादिवर्षा अन्ये कुर्व्वन्ति सिंहनादादि
इति महता हर्षेण अभिषिक्तः ततः समुत्थाय ।।३७०।।
उद्धूतमृदंगदुन्दुभिरवेण सुरजनसहस्रपरिवारः
सोऽलंकारसभायां गत्वा गृह्णात्यलंकारान् ।।३७१।।
गत्वा व्यवसायसभां वाचयति रत्नपुस्तकं ततः
तपनीयमयाक्षरं अमरकृत्यनयमार्गप्रकटनम् ।।३७२।।
पूजोपकरणहस्तः नंदापुष्करिणीविहितजलशौचः
सिद्धायतने पूजयति वंदते भक्त्या जिनबिम्बानि ।।३७३।।
गत्वा सौधर्मसभां ततोऽर्चति जिनेन्द्रसक्थीनि
सिंहासने तत्रैव आस्थाने निविशति इन्द्र इव ।।३७४।।

ગાથાર્થ : પછી દેવો સ્વસ્થાને જઈને દેવને સિંહાસન પર સ્થાપીને શ્રેષ્ઠ કુસુમની માળા તથા ચંદનથી ચર્ચિત કમળોથી ઢંકાયેલ મુખવાળા કળશોથી સ્નાન કરાવે છે. ત્યાં ખુશ થયેલા કેટલાક દેવો ગાય છે, કેટલાક દુંદુભિઓ વગાડે છે અને બીજા કેટલાક બંદિની જેમ ભણે છે અને બીજા કેટલાક રત્ન-સુવર્ણાદિની વર્ષા કરે છે કેટલાક સિંહનાદાદિ કરે છે. એ પ્રમાણે મોટા હર્ષથી અભિષેક કરાયેલ, હર્ષથી ઊઠીને વાગતા મૃદંગ અને દુંદુભિના અવાજની સાથે હજારો દેવોના પરિવારવાળો તે દેવ અલંકાર સભામાં જઈને અલંકારને પહેરે છે અને વ્યવસાય સભામાં જઈને, સુવર્ણમય અક્ષરોવાળા, દેવોના કૃત્યો અને ન્યાય માર્ગને પ્રકટ કરનારા રત્નમય પુસ્તકોને વાંચે છે. હાથમાં પૂજાના ઉપકરણ

લઈને, નંદા અને પુષ્કિરિણી વાવડીઓમાં જળશોચ કરીને તે દેવ સિદ્ધાયતનમાં રહેલી જિનપ્રતિમાઓને ભક્તિથી પૂજે છે, વાંદે છે, સુધર્મ સભામાં જઈને જિનેશ્વરની દાઢાઓને પૂજે છે અને ઇન્દ્રની જેમ ત્યાં જ સભામાં સિંહાસન પર બેસે છે. (૩૬૮ - ૩૭૪)

**पाठसिद्धा एव प्रायः । तदेवममराणामभिषेकविधिस्तत्कृत्यविशेषश्चोक्तो लेशतः, साम्प्रतं तेषामेव तत्रोत्पन्नानां यत् स्वरूपं भवति तदभिधित्सुराह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પ્રાય: તે જ પ્રમાણે દેવોનો અભિષેક વિધિ તથા દેવોનો કૃત્યવિશેષ લેશથી કહેવાયો. હવે ત્યાં ઉત્પન્ન થયેલ દેવોનું જે સ્વરૂપ છે તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**इय सुहिणो सुरलोए कयसुकया सुरवरा समुप्पन्ना ।**
**रयणुक्कडमउडसिरा चूडामणिमंडियसिरग्गा ।।३७५।।**
**गंडयललिहंतमहंतकुंडला कंठनिहियवणमाला ।**
**हारविराइयवच्छा अंगयकेऊरकयसोहा ।।३७६।।**
**मणिवलयकणयकंकणविचित्तआहरणभूसियकरग्गा ।**
**मुद्दारयणंकियसयलअंगुली रयणकडिसुत्ता ।।३७७।।**
**आसत्तमल्लदामा कणयच्छविदेवदूसनेवत्था ।**
**वरसुरहिगंधकयतणुविलेवणा सुरहिनिम्माया ।।३७८।।**
**आजम्मवाहिजरदुत्थवज्जिया निरुवमाइं सोक्खाइं ।**
**भुंजंति समं सुरसुंदरीहिं अविचलियतारुन्ना ।।३७९।।**
**नाणासत्तीइ तुलंति मंदरं कंपयंति महिवीढं ।**
**उच्छल्लंति समुद्दा वि कामरूवाइं कुव्वंति ।।३८०।।**
**सच्छंदयारिणो काणणेसु कीलंति सह कलत्तेहिं ।**
**अणुणो गुरुणो लहुणो दिस्समदिस्सा य जायंति ।।३८१।।**
**बत्तीसपत्तबद्धाओ विविहनाडयविहीओ पेच्छंति ।**
**कालमसंखं पि गमंति पमुइया रयणभवणेसु ।।३८२।।**

इति सुखिनः सुरलोके कृतसुकृताः सुरवराः समुत्पन्नाः
रत्नोत्कटमुकुटशिरसश्चूडामणिमंडितशिरोऽग्राः ।।३७५।।
गण्डतललिखन्महाकुण्डलाः कण्ठनिहितवनमालाः
हारविराजितवक्षसः अंगदकेयूरकृतशोभाः ।।३७६।।

मणिवलयकनककंकणविचित्राभरणभूषितकराग्राः
मुद्रारत्नांकितसकलाङ्गुलयो रत्नकटिसूत्राः ।।३७७।।
आसक्तमाल्यदामानः कनकच्छवयो देवदूष्यनेपथ्याः
वरसुरभिगंधकृततनुविलेपनाः सुरभिनिःश्वासाः ।।३७८।।
आजन्मव्याधिजरादुःखवर्जिताः निरुपमाणि सौख्यानि
भुंक्ते समं सुरसुन्दरीभिः अविचिलततारुण्याः ।।३७९।।
नानाशक्त्या तोलयन्ति मंदरं कम्पयन्ति महीपीठम्
उत्छालयन्ति समुद्रानपि कामरूपाणि कुर्व्वन्ति ।।३८०।।
स्वच्छंदचारिणः काननेषु क्रीडन्ते कलत्रैः सह
अणवो गुरवः लघवः दृश्या अदृश्याश्च जायन्ते ।।३८१।।
द्वात्रिंशत्पात्रबद्धान् विविधनाटकविधीन् पश्यन्तः
कालमसंख्यमपि गमयन्ति प्रमुदिता रत्नभवनेषु ।।३८२।।

**ગાથાર્થ :** એ પ્રમાણે કરાયું છે સુકૃત જેઓ વડે, ઉત્કૃષ્ટ રત્નોવાળા મુકુટોથી શોભતું છે મસ્તક જેઓનું, ચૂડામણિથી શોભતો છે મસ્તકનો અગ્રભાગ જેઓનો એવા દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવો સુખી હોય છે. (૩૭૫)

કપોળ તલપર સ્પર્શ કરાતા છે મોટા કુંડલો જેઓના, કંઠપર ધારણ કરાઈ છે વનમાળા જેઓવડે, હારથી શોભતું છે વક્ષસ્થળ જેઓનું, અંગદ (કડા) અને કેયુરથી કરાઈ છે શોભા જેઓવડે, મણિવલય અને સુવર્ણના કંકણ તથા જુદા જુદા પ્રકારના આભરણોથી ભૂષિત કરાયો છે હાથનો અગ્રભાગ જેઓવડે, રત્નમય મુદ્રાઓથી અંકિત કરાઈ છે સર્વ આંગડીઓ જેઓ વડે, રત્નમય છે કંદોરા જેઓના, લટકતી છે પુષ્પોની માળા જેઓની, સુવર્ણની કાંતિ જેવા દેવદૂષ્યનો નેપથ્ય છે જેઓને શ્રેષ્ઠ સુગંધી ગંધથી કરાયું છે શરીરનું વિલેપન જેઓ વડે, સુગંધી ઉચ્છવાસવાળા, જન્મથી માંડીને વ્યાધિ, જરા, દુઃખથી રહિત, સ્થિર યૌવનવાળા એવા દેવો દેવીઓની સાથે નિરુપમ સુખોને ભોગવે છે. (૩૭૬-૩૭૯)

વિચિત્ર શક્તિથી મેરુને તોલે છે, પૃથ્વીને કંપાવે છે, સમુદ્રોને ઉછાળે છે, ઇચ્છિત રૂપોને વિકુર્વે છે, સ્વચ્છંદાચારી દેવીઓની સાથે જંગલોમાં ક્રીડા કરે છે. અણુ થાય છે, ગુરુ થાય છે, લઘુ થાય છે, દૃશ્ય અને અદૃશ્ય થાય છે. પ્રમુદિત થયેલા બત્રીસ પાત્રબદ્ધ વિવિધ પ્રકારના નાટકોને જુવે છે અને રત્નના ભવનોમાં અસંખ્યકાળને પણ પસાર કરે છે. (૩૮૦-૩૮૨)

**सुगमाः । नवरं अंगदो - बाहुरक्षकः, केयुरस्तु बाह्वाभरणविशेष इति ।। आह-यदि देवानामीदृशानि सुखानि तर्हि कथं संसारः प्रतिपदं निन्द्यते ? देवगतिमाश्रित्य तस्याप्युक्तन्यायेन सुखान्वितत्वादि त्याशंक्याह-**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પરંતુ અંગદ એટલે બાહુરક્ષક, કેયુર પણ બાહુનું આભૂષણ વિશેષ છે.

**પ્રશ્ન :** જો દેવોને આવા પ્રકારના સુખો છે તો પછી સંસારની ડગલે અને પગલે નિંદા કેમ કરાય છે ? દેવગતિને આશ્રયીને હમણાં બતાવેલ સુખોથી તો સંસાર પણ સુખવાળો દેખાય છે.

**ઉત્તર :** આ પ્રશ્નનો જવાબ નીચેની ગાથાઓમાં આપે છે.

**इय रिद्धिसंजुयाण वि अमराणं नियसमिद्धिमासज्ज ।**
**पररिद्धिं अहियं पेच्छिऊण झिज्जंति अंगाइं ।।३८३।।**
**उन्नयपीणपयोहरनीलुप्पलनयणचंदवयणाइं ।**
**अन्नस्स कलत्ताणि य दट्ठूण वियंभइ विसाओ ।।३८४।।**
**एगगुरुणो सगासे तवमणुचिन्नं मए इमेणावि ।**
**हद्धी मज्झ पमाओ फलिओ एयस्स अपमाओ ।।३८५।।**
**इय झूरिऊण बहुयं कोइ सुरो अह महिड्ढियसुरस्स ।**
**भज्जं रयणाणि व अवाहिऊण मूढो पलाएइ ।।३८६।।**
**तत्तो वज्जेण सिरम्मि ताडिओ विलवमाणओ दीणो ।**
**उक्कोसेणं वियणं अणुभुंजइ जाव छम्मासं ।।३८७।।**
**ईसाए दुही अन्नो अन्नो वेरियणकोवसंतत्तो ।**
**अन्नो मच्छरदुहिओ नियडीए विडंबिओ अन्नो ।।३८८।।**
**अन्नो लुद्धो गिद्धो य मुच्छिओ रयणदारभवणेसु ।**
**अभिओगजणियपेसत्तणेण अइदुक्खिओ अन्नो ।।३८९।।**
**पज्जंते उण झीणम्मि आउए निव्वडंततणुकंपे ।**
**तेयम्मि हीयमाणे जायंते तह विवज्जासे ।।३९०।।**
**आणं [1]विलुपमाणे अणायारे सयलपरियरजणम्मि ।**
**तं रिद्धिं पुरओ पुण दारिद्दभरं नियंताणं ।।३९१।।**
**रयणमयपुत्तियाओ व सुवन्नकंतीओ तत्थ भज्जाओ ।**
**पुरओ उण काणं कुज्जियं च असुइं च बीभत्थं ।।३९२।।**
**तत्थ वि य दुव्विणीयं किलेसलंभं पियं मुणंताणं ।**
**तत्थ मणिच्छियआहारविसयवत्थाइसुहियाणं ।।३९३।।**

---

१. विलंघमाणे – सर्वत्र ।।

पुरओ परघरदासत्तणेण विन्नायउयरभरणाणं ।
रमियाइं तत्थ रमणिज्जकप्पतरुगहणदेसेसु ।।३९४।।
पुरओ गब्भे य ठिइं दट्ठुं डुंबीइ रासहीए वा ।
सा उप्पज्जइ अरई सुराण जं मुणइ सव्वन्नू ।।३९५।।

इति ऋद्धिसंयुतानामपि अमराणां निजसमृद्धिमासाद्य
परर्धिमधिकां प्रेक्ष्य क्षीयन्ते अंगानि ।।३८३।।
उन्नतपीनपयोधरनीलोत्पलनयनचंद्रवदनानि
अन्यस्य कलत्राणि दृष्ट्वा विजृंभते विषादः ।।३८४।।
एकगुरोः सकाशात् तपोऽनुचीर्णं मयाऽपि अनेनापि
धिक् मम प्रमादः फलितः एतस्य अप्रमादः ।।३८५।।
इति विषद्य बहु कोऽपि सुरोऽथ महर्धिकसुरस्य
भार्या-रत्नानि वा अपहृत्य मूढः पलायते ।।३८६।।
ततो वज्रेण शिरसि ताडितो विलपन् दीनः
*उत्कृष्टेन वेदनां अनुभुंक्ते यावत् षण्मासान् ।।३८७।।*
ईर्ष्यया दुःखी अन्यः अन्यः वैरिजनकोपसंतप्तः
अन्यो मत्सरदुःखितो निकृत्या विडंबितोऽन्य ।।३८८।।
अन्यो लुब्धः गृद्धो मूर्छितो रत्नदारभवनेषु
अभियोगजनितप्रेष्यत्वेन अतिदुःखितोऽन्यः ।।३८९।।
पर्यन्ते पुनः क्षीणे आयुषि उत्पद्यमानतनुकम्पे
तेजसि हीयमाने जायमाने तथा विपर्यासे ।।३९०।।
आज्ञां विलुम्पति अनादरे सकलपरिकरजने
तां ऋद्धिं पुरतः पुनः दारिद्र्यभरं पश्यतां ।।३९१।।
रत्नमयपुत्तलिका इव सुवर्णकान्तयः तत्र भार्याः
पुरतः पुन काणां कुब्जिकां चाशुचिं च बीभत्सां ।।३९२।।
तत्राऽपि च दुर्विनीतां क्लेशलभ्यां प्रियां जानतां
तत्र मनइप्सिताहारविषयवस्त्रादिसुखितानां ।।३९३।।
पुरतः परगृहदासत्वेन विज्ञातोदरभरणानां
रमितानि तत्र रमणीयकल्पतरुगहनदेशेषु ।।३९४।।

**पुरतो गर्भे च स्थितिं दृष्ट्वा दुष्टायां रासभ्यां वा**
**सा उत्पद्यते अरतिः सुराणां यां जानाति सर्वज्ञः ।।३९५।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે પોતાની સમૃદ્ધિને પામીને, બીજા દેવોની અધિક ઋદ્ધિને જોઈને રિદ્ધિથી યુક્ત દેવોના પણ અંગો ક્ષીણ થાય છે. (૩૮૩)

બીજા દેવોની ઉન્નત અને પુષ્ટ સ્તનવાળી-કમળ જેવી આંખોવાળી, ચંદ્રના જેવી મુખવાળી દેવીઓને જોઈને પોતાનો વિષાદ વધે છે. (૩૮૪)

મેં અને આણે પણ એક જ ગુરુની પાસે તપ આચર્યું છે ખરેખર મને મારા પ્રમાદનું ફળ મળ્યું છે આને તેના અપ્રમાદનું ફળ મળ્યું છે. (૩૮૫)

એ પ્રમાણે ઘણું ઝૂરીને કોઈક મૂઢ દેવ મહર્દ્ધિક દેવની દેવી તથા રત્નોને હરીને પલાયન થાય છે. (૩૮૬)

પછી મહર્દ્ધિક દેવવડે વજ્રથી તેના મસ્તકમાં તાડન કરાયેલો, દીનને બોલતો ઉત્કૃષ્ટથી છ માસ સુધી વેદનાને ભોગવે છે. (૩૮૭)

એક ઇર્ષ્યાથી દુઃખી છે, બીજો વૈરી જનના કોપથી સંત્રસ્ત છે અને ત્રીજો મત્સર (દ્વેષ)થી દુઃખી છે અને ચોથો માયાથી વિડંબિત થયો છે. (૩૮૮)

વળી બીજો રત્નના દરવાજાવાળા ભવનોને વિશે લુબ્ધ આસક્ત અને મૂર્ચ્છિત થયો છે અને બીજો આભિયોગિક કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ દાસપણાથી અતિદુઃખી છે. (૩૮૯)

અને અંતમાં આયુષ્ય ક્ષીણ થયે છતે, શરીરમાં કંપ ઉત્પન્ન થયે છતે, તેજ હીન થયે છતે તથા વિપર્યાસ ઉત્પન્ન થયે છતે, આજ્ઞા લોપાયે છતે, સકલ પરિવાર અનાદરવાળો થયે છતે, તે ઋદ્ધિને બદલે ભવાંતરમાં દારિદ્રયના સમૂહને જોતા તથા રત્નમય પુતળીઓ તથા સુવર્ણકાંતિવાળી દેવીઓને બદલે ભવાંતરમાં કાણી, કુબડી, અશુચિ અને બીભત્સ તથા દુર્વિનીત, ક્લેશકારી પ્રિયાને જાણતા તથા મન ઇચ્છિત આહાર-વિષય-વસ્ત્રો વગેરેના સુખો મળવાને બદલે પેટ ભરવા માટે પરઘરમાં દાસપણું મળશે એમ જોતા તથા રમણીય કલ્પતરુઓથી ગહન પ્રદેશમાં ક્રીડાઓને બદલે ભવાંતરમાં ગધેડી ચાંડાલ સ્ત્રીની કુક્ષિમાં ગર્ભને જોતા તે દેવોને જે અરતિ ઉત્પન્ન થાય છે તેને એક સર્વજ્ઞ ભગવંત જાણે છે. (૩૯૦-૩૯૫)

**अक्षरार्थस्तु सुगम एव । भावार्थस्त्वयम् – यद्यप्यत्र राजादीनामिव देवानां समृद्ध्यादिजनितं व्यवहारतः सुखं श्रूयते तथापि निश्चयतस्ते ईर्ष्याविषादमत्सराद्यभिभूतत्वाद्दुःखिता एव ।। एतदेव समर्थयन्नाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. ભાવાર્થ આ પ્રમાણે છે. જો કે અહીં રાજા વગેરેની જેમ દેવોને પણ સમૃદ્ધિ આદિથી ઉત્પન્ન થયેલું સુખ વ્યવહારથી સંભળાય છે તો પણ નિશ્ચયથી તેઓ ઇર્ષ્યા-વિષાદ-મત્સરાદિને અધીન બનેલા હોવાથી દુઃખી જ છે. એનું સમર્થન કરતા જણાવે છે.

**अज्ज वि य सरागाणं मोहविमूढाण कम्मवसगाणं ।**
**अन्नाणोवहयाणं देवाण दुहम्मि का संका ? ।।३९६।।**

**अद्यापि च सरागाणां मोहविमूढानां कर्मवशगानां**
**अज्ञानोपहतानां देवानां दुःखे का शंका ? ।।३९६।।**

**ગાથાર્થ :** અને આજે પણ સરાગી, મોહવિમૂઢ, કર્મવશ અજ્ઞાનથી હણાયેલા દેવો દુઃખી છે એમાં કઈ શંકા છે ? (અર્થાત્ દેવો નિશ્ચયથી દુઃખી છે.)

**वीतरागा एव भगवन्तः सुखिनो भवन्ति, देवास्त्वविरतत्वात् सरागाः, मोहोऽत्र मदीया समृद्धिर्मदीयं कलत्रं मामकं गृहमित्यादि ममत्वरूपो गृह्यते, तेन विपर्यासं नीताः, कर्माणि-ज्ञानावरणादीन्यष्टौ तद्वशगाः तेषां, तथा अज्ञानं सम्यग्वस्तुनिश्चयाभावरूपं तेनोपहताः तेषां चैवंभूतानां देवानां दुःखे किल का शंका ?, न काचिदित्यर्थः । स्यादेतत् – मिथ्यादृष्टिदेवाः पुरतो दारिद्र्यभरं गर्दभीगर्भोत्पत्त्यादिकं वा दृष्ट्वा भवन्तु दुःखिताः, सम्यग्दृष्टयस्तु चक्रवर्त्यादिकुलेषूत्पद्यन्तेऽतस्तेषां कुत एतद्दोषसम्भव इत्याशंक्याऽऽह –**

**ટીકાર્થ :** વીતરાગ ભગવંતો જ સુખી હોય છે. દેવો અવિરતિવાળા હોવાથી સરાગી છે. મારી સમૃદ્ધિ, મારી સ્ત્રી, મારું ઘર આદિ જે મમત્વ રૂપ ગ્રહણ કરાયું છે તે મોહ છે. જીવો મોહથી વિપર્યાસને પામેલા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એમ આઠ પ્રકારના કર્મોથી દેવો પરાધીન છે. સમ્યગ્વસ્તુના નિશ્ચયનો અભાવ તે અજ્ઞાન છે તેનાથી દેવો હણાયેલ છે. આવા પ્રકારના દેવોના દુઃખમાં શંકા કેવી ? અર્થાત્ કોઈ શંકા નથી.

**પ્રશ્ન :** પણ સમ્યગ્દૃષ્ટિ દેવો ચક્રવર્તી આદિ કુળોમાં ઉત્પન્ન થાય છે આથી તેઓને ઉપર વર્ણવેલા દુઃખોનો સંભવ કેવી રીતે હોય ?

**ઉત્તર :** આનો જવાબ નીચેની ગાથાથી જણાવે છે.

**सम्मद्दिट्ठीण वि गब्भवासपमुहं दुहं धुवं चेव ।**
**हिंडंति भवमणंतं च केइ गोसालयसरिच्छा ।।३९७।।**

**सम्यग्दृष्टीनामपि गर्भवासप्रमुखं दुःखं ध्रुवं चैव**
**हिंडंति भवमनन्तं च केचिद् गोशालकसदृशाः ।।३९७।।**

**ગાથાર્થ :** સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ગર્ભાવાસના દુઃખોને અવશ્ય અનુભવે છે અને કેટલાક ગોશાળા જેવા જીવો અનંત સંસાર ભમે છે. (૩૯૭)

**यद्यपि सम्यग्दृष्टयः प्रायेण हीनस्थानेषु नोत्पद्यन्ते तथाऽपि गर्भवासप्रमुखं दुःखं तेषामप्यवस्थितमेव, किंच-सम्यग्दृष्टयोऽपि गोशालकसदृशाः सम्यक्त्वं वान्त्वा ततच्युताः केचिदुपार्द्धपुद्गलपरावर्त्तलक्षणमनन्तं संसारं पर्यटन्ति, तत्र चानन्तदुःखमनुभवन्ति, यस्य च सुखस्यान्ते एतावद् दुःखमनुभूयते तत् कथं सुखमुच्यते ?; उक्तं च-"कह तं भन्नई सोक्खं सुचिरेणं वि जस्स दुक्खमल्लियइ ? । जं च मरणावसाणे भवसंसाराणुबंधं च ।।१।।" कः पुनरसौ गोशालक इति ?, उच्यते-श्रीमन्महावीरस्य कुशिष्यतयाऽसौ प्रसिद्ध एव, केवलं विस्मरणशीलानां स्मृत्याधानाय किंचित्तच्चरितमुच्यते-**

**ટીકાર્થ :** જોકે સમ્યગ્દૃષ્ટિ દેવો પ્રાય: હીનસ્થાનોમાં ઉત્પન્ન થતા નથી તો પણ તેઓને ગર્ભાવાસાદિન દુ:ખો રહેલા જ છે. વળી બીજું-

ગોશાળા જેવા કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સમ્યક્ત્વને વમીને અવેલા કેટલાક અપાર્ધપુદ્ગલ પરાવર્તન સ્વરૂપ અનંત સંસારને ભમે છે અને ત્યાં અનંતદુ:ખોને અનુભવે છે અને જે સુખને અંતે આટલું દુઃખ અનુભવાય છે તે સુખ કેવી રીતે કહેવાય ?

**उक्तं च - "कह तं भन्नइ सोक्खं सुचिरेण वि जस्स**

**दुक्खमल्लियइ ? जं च मरणावसाणे भव संसाराणुबंधं च ।।**

જેને મરણ પછી સંસારના અનુબંધવાળા ભવો છે અને લાંબા કાળ સુધી દુ:ખ જેને ભેટે છે તેને સુખ છે એમ કેમ કહેવાય ?

**પ્રશ્ન :** આ ગોશાળો કોણ છે ?

**ઉત્તર :** ગોશાળો શ્રી મહાવીરસ્વામીના કુશિષ્યપણાથી પ્રસિદ્ધ જ છે પણ ભૂલી જવાના સ્વભાવવાળા જીવોને યાદ કરાવવા માટે તેનું કંઈક ચરિત્ર કહેવાય છે-

## ગોશાળાનું કથાનક

શ્રી વર્ધમાન સ્વામી દીક્ષા લીધા પછી બીજા વરસે જ્યારે વિહાર કરતા શ્રી રાજગૃહ નગરીની બહાર નાલંદા પાડામાં તંતુવાયની શાળામાં ચોમાસામાં માસક્ષમણનો સ્વીકાર કરીને રહે છે ત્યારે સરવણ સન્નિવેશમાં મંખની ભદ્રા સ્ત્રીની કુક્ષિમાં મંખલિ નામનો પુત્ર જન્મ્યો. ગોબહુલ નામના બ્રાહ્મણની ગોશાળામાં જન્મ્યો તેથી તેનું નામ ગોશાળો એ પ્રમાણે પ્રસિદ્ધ થયું. યૌવન વયમાં હાથમાં ચિત્રફલક લઈને મંખવૃત્તિથી ભમતો તે આવીને અહીં વીરજિન રહ્યા છે ત્યાં તે રહ્યો. પારણાના દિવસે ભગવાન વિજય ગૃહસ્થના ઘરે પારણું કરે છે ત્યારે ત્યાં પંચ દિવ્યો પ્રકટ થાય છે તે પંચ દિવ્યો આ પ્રમાણે-

(૧) ધનની વૃષ્ટિ (૨) કુસુમની વૃષ્ટિ (૩) વસ્ત્રનો ઉત્ક્ષેપ (૪) દેવદુંદુભિ (૫) ખુશ થયેલ દેવોની આકાશમાં 'અહોદાનં અહોદાનં' એવી ઘોષણા. અને વિજયે દેવ આયુષ્ય બાંધીને સંસારને પરિમિત કર્યો. આનો ચંદ્ર જેવો નિર્મળ યશ સર્વત્ર ફેલાયો અને ગોશાળાએ આ સર્વ જોયું અને પછી વિજયના ઘરમાંથી નીકળતા જિનેશ્વરને જોઈને પગમાં પડે છે. (૯) ખુશ થયેલો ગોશાળો કહે છે કે હે ભગવન્ ! તું મારો ધર્માચાર્ય છે અને હું તારો શિષ્ય છું પરંતુ ભગવાન તેનો આદર કરતા નથી અને મૌનથી રહે છે. પછી આનંદના ઘરે બીજા માસખમણનું પારણું થયું ત્યારે અને સુનંદના ઘરે ત્રીજા માસખમણનું પારણું થયું ત્યારે પણ આ ગોશાળો ભગવાનને ઉપર મુજબ કહે છે તથા ભગવાન પણ મૌન જ રહે છે. કોલ્લાગ સન્નિવેશમાં બહુલ બ્રાહ્મણને ઘરે કાર્તિક ચોમાસાના પ્રતિપદા (એકમ)ના દિવસે ચોથું પારણું થયું. પ્રણીતભૂમિથી આવીને ગોશાળો ભગવાનને મળ્યો. ફરી પણ ભગવાન પાસે શિષ્યપણાની યાચના કરે છે. ભગવાન પણ શિષ્યપણાથી તેનો સ્વીકાર કરે છે અને પછી ગોશાળો છ વરસ ભગવાનની સાથે પ્રણીતભૂમિમાં વિચરે છે. (૧૪)

ભગવાન પણ કરુણાથી ગોશાળાને પ્રણીતભૂમિમાં ઘણી આપત્તિઓથી બચાવે છે..જ્યારે ભગવાન સિદ્ધાર્થપુરથી કુર્મારગ્રામ નગર જવા નીકળ્યા ત્યારે તે નગરની બહાર વૈશીયાયન બાલ તપસ્વીને જુવે છે.

અનાર્ય એવો ગોશાળો તેના અટકચાળા કરે છે. પછી ગુસ્સે ભરાયેલા વૈશીયાયન ગોશાળાને હણવા તેજોલેશ્યા મૂકે છે. પછી ભગવાન પણ કરુણાથી ગોશાળાના રક્ષણ માટે શીતલેશ્યા મૂકે છે. શીતલેશ્યાથી પોતાની તેજોલેશ્યા હણાઈ છે એમ જાણીને બાળતપસ્વી વૈશીયાયન તેજોલેશ્યાને સંહરી લે છે. પછી ભયભીત થયેલા ગોશાળાએ પુછ્યું કે હે ભગવન્ ! તેજોલેશ્યાની પ્રાપ્તિ કેવી રીતે થાય ? પછી ભગવાને કહ્યું કે છઠ્ઠને પારણે છઠ્ઠ તપને કરતો નખ ઉપર અડદનો જેટલો પિંડ આવે તેટલા પિંડથી જે પારણું કરે, એક વિકટ આસનથી આતાપના ભૂમિ પર બાહુઓને ઊંચા કરીને આતાપના કરે છે તેને છ મહિનાની અંદર તેજોલબ્ધિ ઉત્પન્ન થાય છે એ પ્રમાણે પ્રભુના વચનોને મનમાં ધારીને સ્વામીની પાસે રહે છે. (૨૨)

કોઈ વખત ભગવાન કુર્મારગ્રામ નગરથી સિદ્ધાર્થપુર નગર જવા નીકળ્યા. ત્યાં પૂર્વે તલના વ્યતિકરને પૂછનારા ગોશાળાએ નિયતિવાદ* સ્વીકાર્યો.

અતિ ચપળતાથી અને તોછડાઈથી તથા કૃતઘ્નતાથી ગોશાળો સ્વામી પાસેથી છૂટો પડી બીજે જાય છે. પછી છ મહિનાના તપથી ગોશાળો તેજોલેશ્યાને સાધે છે. આજીવિકમાર્ગને પ્રકટ કરીને પોતાનો સંઘ સ્થાપે છે.

હવે કોઈ વખત શોણ, કલિંદ, કણિકાર અને અચ્છંદ તથા અગ્નિવૈશીયાયન અર્જુનગોમાયુપુત્ર આ છ દિશાચરો (દેશાટન કરનારા) મળ્યા. તેઓએ તેને પૂર્વગત અષ્ટાંગ નિમિત્તનો ઉપદેશ આપ્યો. (૨૭) અને તેઓ તેને લાભાલાભાદિ વિદ્યા કહે છે. આ વિદ્યાથી ગોશાળો પોતે અસર્વજ્ઞ હોવા છતાં પણ સકલ લોકમાં પોતે સર્વજ્ઞ છે એમ કહે છે. પછી દેશોમાં ભમતો ચોવીશ વર્ષના પર્યાયવાળો પોતાના સંઘથી સહિત શ્રાવસ્તી નગરીમાં ગયો અને ત્યાં હાલાહલાઈ કુંભારની શાળામાં રહ્યો. પોતે અરિહંત ન હોવા છતાં ત્યાં પણ પોતાને અરિહંત ઓળખાવે છે. (૩૦)

અને આ બાજુ ત્યાં શ્રી વીરજિનેશ્વરનું સમવસરણ રચાયું અને ત્યાં વિચરતા શ્રીગૌતમસ્વામી વડે આ લોક-અપવાદ સંભળાયો. પછી પર્ષદા ઉપસ્થિત થઈ ત્યારે તેના પ્રતિબોધ નિમિત્તે ગૌતમ સ્વામી ભગવાનને પૂછે છે કે અહીં ગોશાળો પોતાને જિન અને અરિહંત ઓળખાવે છે. તેથી હે સ્વામિન્ ! આ કોણ છે ? આની ઉત્પત્તિને કહો. આ મંખ અને મંખલિનો પુત્ર છે અને મારા વડે જ દીક્ષા અપાયો છે વગેરે તેના સર્વ ચરિત્રને ભગવાને પર્ષદામાં કહ્યું. પરસ્પર વાર્તાલાપ કરતી સ્વસ્થાને જતી પર્ષદાને ગોશાળાએ સાંભળી. ગોશાળો ભગવાન ઉપર ક્રોધે ભરાયો અને શ્રીવીર જિનના આનંદ નામના સ્થવીર શિષ્યને કહ્યું કે પોતાના ગુરુને તું આ પ્રમાણે કહેજે કે તું જે દેવ-મનુષ્ય અને અસુરથી સહિત સર્વ લોકમાં પુજાય છે તેનાથી પણ સંતુષ્ટ નહીં થયેલો મારી ખોટી ઉત્પત્તિને કહે છે. પછી તું કહેશે કે મને ન કહ્યું આથી જ તું હવે કંઈપણ બોલીશ તો હું આવીને તેજથી તને ભસ્મરાશિ કરીશ. પછી ભયભીત થયેલા આનંદ જઈને જિનેશ્વરને કહે છે અને શ્રી ગૌતમવગેરે સર્વે પણ ભગવાનવડે પ્રતિષેધ કરાયા કે અહીં આવેલ ગોશાળાને તમારે કંઈપણ ન કહેવું (૩૯) તે સાધુઓની સાથે મિથ્યા વિરોધી થયો છે. અને ગોશાળો પણ પોતાના સંઘની સાથે ત્યાં આવી પહોંચ્યો અને કહે છે કે હે જ્ઞાતપુત્ર ! તારો શિષ્ય જે ગોશાળો હતો તે શુભધ્યાનવાળો થઈને દેવલોકમાં ગયો છે પણ હું તો શ્વેતસુવર્ણ કાંતિવાળા શરીરનો ત્યાગ કરીને હમણાં જ તેના શરીરમાં પ્રવેશ્યો છું અને આ જ જન્મમાં હું સિદ્ધ થઈશ એ પ્રમાણે પોતાના મતિકલ્પિત સિદ્ધાંતને કહીને વીર જિનેશ્વરને કહે છે કે હે કાશ્યપ ! આ મંખલિપુત્ર ગોશાળો મારો

* જ્યારે જે વસ્તુ થવાની હોય ત્યારે તે વસ્તુ અવશ્ય થાય છે તેમાં કોઈ પુરુષાર્થ કામ આવતો નથી. એ ગોશાળાનો નિયતિવાદ છે.

શિષ્ય છે એમ તું મને કેમ કહે છે ? (૪૪) પછી ભગવાને પણ કહ્યું કે જેવી રીતે ગામડીયાઓથી રુંધાયેલો ચોર ઊનના તાંતણાથી પોતાને આચ્છાદન કરીને નહીં ઢંકાયેલો હોવા છતાં પણ પોતાને ઢંકાયેલો માને છે તેમ હે ગોશાલક ! આ અલીક વચનના વિસ્તારથી તું બીજો ન હોવા છતાં પણ બીજો માને છે. પછી ગુસ્સે થયેલો ગોશાળો ઘણાં નીચ વચનોથી જિનેશ્વર ઉપર આક્રોશ કરે છે. ગુરુના પરિભવને નહીં સહન કરતા સર્વાનુભૂતિ નામના અણગારે ગોશાળાને સમજાવવાની શરૂઆત કરી. પછી ક્રોધે ભરાયેલા ગોશાળાએ તેને તેજોલેશ્યાથી હણ્યો. તે અણગાર આઠમાં દેવલોકમાં દેવ થયો. ગોશાળો ફરીથી જિનેશ્વર પર આક્રોશ કરે છે. પછી સુનક્ષત્ર અણગાર તેને શિખામણ આપવા પ્રવૃત્ત થયા. તે જ રીતે તેજોલેશ્યાથી તેને પણ બાળ્યો. કેટલોક કાળ જીવીને, અનશનને કરીને અચ્યુત કલ્પમાં મહર્દ્ધિક દેવ થયો. પછી દેવલોકમાંથી ચ્યવેલા આ બંને પણ મુનિઓ મહાવિદેહમાં સિદ્ધ થશે. ફરી પણ ગોશાળો વીરપ્રભુ ઉપર આક્રોશ કરવા લાગ્યો. પછી ભગવાન સ્વયં જ તેને સારી શિખામણ આપવા લાગ્યા. (૫૨) પછી ગુસ્સે ભરાયેલો ગોશાળો શ્રી વીરજિનેશ્વરના વધને માટે તેજોલેશ્યા છોડે છે. જિનપ્રભાવથી હણાયેલી એવી તેજોલેશ્યા જિનેશ્વરને પ્રદક્ષિણા આપીને, આકાશમાં ઊડીને, ગોશાળાના શરીરને બાળતી ફરી તેના શરીરમાં પ્રવેશે છે. પછી ગોશાળો ભગવાનને કહે છે કે મારી તેજોલેશ્યાથી બળેલો પિત્તજ્વરના દાહથી છ મહીનાની અંદર મરશે. પછી ભગવાન કહે છે કે મારે હજુ પણ સોળ વરસનું આયુષ્ય છે. પોતાની તેજોલેશ્યાથી દાઝેલો તું સાત દિવસમાં મરણ પામશે. પછી સજ્જન લોક જિનેશ્વરના વચનની શ્રદ્ધા કરે છે પણ સંશયવાળો ઇતર લોક ગોશાલકને સાચો માને છે. પછી જિનેશ્વર શ્રમણ નિર્ગ્રંથોને કહે છે કે આ નિસ્તેજ થયો છે તેથી હેતુ-યુક્તિ અને આગમ વચનોથી હમણાં તેને પ્રેરણા કરો. શ્રમણોએ તેમજ કર્યું. ગુસ્સે થયેલો ગોશાળો પણ શ્રમણોને કંઈપણ કરવા સમર્થ થતો નથી, તેવા પ્રકારના નિસ્તેજ થયેલા ગોશાળાને જોઈને તથા શ્રી ગૌતમાદિના યુક્તિપૂર્વકના વચનોને સાંભળીને કેટલાક પ્રતિબોધ પામેલા આજીવિક સ્થવીરો ભગવાનની પાસે આવ્યા. (૬૦). બીજા કેટલાક ગોશાળાની સાથે ચાલ્યા. પોતાના ઇચ્છિતથી ભ્રષ્ટ થયેલો ગોશાળો પણ ગુસ્સાથી દાઢીના વાળ ખેંચે છે, દીર્ઘ ઉષ્ણ નિશ્વાસ મૂકે છે. હાથ ધ્રુજાવે છે અને પોતાની નિંદા કરતો કુંભારની શાળામાં આવ્યો. દાહથી બળેલો માટી અને પાણીથી પોતાના શરીરને સીંચે છે. કુંભકારને અંજલિ જોડે છે. ફરી ફરી પણ નાચે છે, વારંવાર ગાય છે અને દાહથી પરવશ થયો. મદ્યનું પાન કરે છે. આ શું થયું ? એમ પુછાયેલો ગોશાળો મારો આ મોક્ષગમનનો સમય થયો છે અને મોક્ષના પથિકોએ આ પ્રમાણે કરવું. (૬૫)

પછી ગોશાળો પોતાના મરણને નજીક આવેલું જાણીને આજીવિક સ્થવીરોને કહે છે કે મારા શબને મોટી ઋદ્ધિ તથા ઘોષણા પૂર્વક લઈ જવું અને કહેવું કે આ ચોવીશમો તીર્થંકર મોક્ષમાં ગયો. તેઓએ તેમજ કરવાનું સ્વીકાર્યું સાતમો દિવસ થયો અને કોઈપણ રીતે આનો દર્શન મોહનીયનો ક્ષયોપશમ થયો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ત્યારે મનમાં અધ્યવસાય ઉત્પન્ન થયો કે હું તીર્થંકર નથી પણ સાધુઓનો ઘાતક જ છું. ગુરુનો પ્રત્યનીક (શત્રુ) છું. સકલ શુદ્ધમાર્ગના યશનો ઘાતી છું. તીર્થંકર એવા વીરપ્રભુને મિથ્યા માન્યા. એ પ્રમાણે વિચારીને આજીવિક સ્થવીરને બોલાવીને ઘણાં પ્રકારે શપથ આપીને આગ્રહપૂર્વક કહે છે કે હે દેવાનુપ્રિય ! મને કાળધર્મ પામેલ જાણીને ડાબા પગને ઘાસના દોરડાથી બાંધીને અને મોઢામાં ત્રણ વાર થૂંકીને શ્રાવસ્તી નગરીના મધ્યભાગથી ચાર-ત્રણ રસ્તા આદિ પર ઘોષણાપૂર્વક કાઢવો કે-

"મહાઋષિઓનો ઘાતક આ મંખલિપુત્ર ગોશાળો પોતે તીર્થંકર નહીં છતાં તીર્થંકર કહેવડાવીને અહીં

ગુરુનો પ્રત્યનીક થયેલ છદ્મસ્થમાં જ કાળ પામેલો છે. અહીં શ્રી વીરજિનેશ્વર જ ચોવીશમાં તીર્થંકર છે" એ પ્રમાણે શિખામણ આપીને પૂર્વે કરેલ વિવિધતપથી અને શ્રામણ્યના પ્રભાવથી કાળ કરીને અચ્યુત કલ્પમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને વિંધ્યપર્વતની તળેટીમાં શતદ્વાર નગરમાં મહાપદ્મ નામે રાજા થશે ત્યાં પણ તે સાધુઓનો પ્રત્યનીક તથા ઘાતક થશે. તિરસ્કૃત કરાયેલા સુમંત્રમુનિવડે ત્યાં તેજોલેશ્યાથી બાળીને મરણ પામેલો સાતમી નરકમાં નારકી થઈને, માછલાદિ ભવોમાં જઈને પછી ફરીફરી જ નરકમાં ઉત્પન્ન થઈને તથા સર્વત્ર તિર્યંચ ભવોમાં દાહથી બળેલો અને શસ્ત્રથી છેદાયેલો મરશે.

એ પ્રમાણે અનંતકાળ પછી કોઈક રીતે મનુષ્ય જન્મ પામશે. વેશ્યા અને બ્રાહ્મણીના ભવોમાં ઉત્પન્ન થયેલો મનુષ્યભવને નિષ્ફળ કરશે. ત્યાર પછી ક્યારેક બોધિને મેળવીને તથા દીક્ષા લઈને અંતે શ્રામણ્યને વિરાધીને ભવનપતિ નિકાયમાં અગ્નિકુમારને છોડીને બાકીના આઠમાં ઉત્પન્ન થઈને એક વાર જ્યોતિષમાં જશે પછી અવિરાધિત શ્રામણ્યવાળો તે સૌધર્મ દેવલોકમાં દેવ થશે. પછી સનતકુમારમાં, પછી બ્રહ્મલોક કલ્પમાં, પછી શુક્રમાં, આનતમાં, આરણમાં, સવાર્થ સિદ્ધમાં ઉત્પન્ન થશે. (૮૫) એ પ્રમાણે અપાર્ધપુદ્ગલ પરાવર્તન કાળ જેટલો સંસાર ભમીને સવાર્થસિદ્ધથી ચ્યવેલ મહાવિદેહ ક્ષેત્રમાં સુકુળમાં ઉત્પન્ન થયેલો દૃઢ પ્રતિજ્ઞાવાળો કુલપુત્ર દીક્ષા લઈને ઉગ્રતપ કરીને, કેવળજ્ઞાનને મેળવીને, પોતે કરેલી તીર્થંકરની આશાતનાને તથા ઋષિઘાતના પાપને જાણીને જોઈને પોતે અનુભવેલ તીવ્ર વિપાકને સકળ સંઘને કહેશે.

એ પ્રમાણે ગુરુ એવા તીર્થંકર અને મુનિઓની આશાતના દુઃખના ફળવાળી છે, તમે કોઈપણ આશાતના કરશો નહીં એ પ્રમાણે ત્યાં કહીને કર્મ ખપાવીને સિદ્ધ થશે. એ પ્રમાણે લેશથી ગોશાળાનું ચરિત્ર કહ્યું. વિસ્તારના અર્થીએ ભગવતી સૂત્રમાંથી જાણવું.

**तस्मात् देवगतावपि न कांचित् सारतां पश्यामः, किं सर्वथा ?, नेत्याह –**

**પ્રશ્ન :** તેથી દેવગતિમાં પણ કંઈપણ સારતા દેખાતી નથી, શું સર્વથા સારતા નથી ?

**ઉત્તર :** ના, સર્વથા અસારતા નથી, નીચેની ગાથાથી ઉત્તર આપે છે.

**तम्हा देवगईए जं तित्थयराण समवसरणाई ।**
**कीरइ वेयावच्चं सारं मन्नामि तं चेव ।।३९८।।**

**तस्मात् देवगतावपि यत् तीर्थकराणां समवसरणादि**
**क्रियते वैयावृत्यं च सारं मन्ये तत् चैव ।।३९८।।**

**ગાથાર્થ :** તેથી દેવગતિના ભવમાં તીર્થંકરાદિના સમવસરણાદિ રચાય છે અને જે વૈયાવચ્ચ કરાય છે તેટલું જ સાર છે એમ હું માનું છું.

**सुबोधैव, तदेवं वर्णिता देवगतिरपि । अत्राह विनेयो-ननु वर्णितोऽयं भवद्भिश्चतुर्गतिकः संसारः, तदत्र किं चतसृष्वपि गतिषु सर्वे जीवाः आहोश्वित् केचित् क्वापि क्वचिदनुत्पन्नपूर्वा अपि प्राप्यन्त इति प्रासङ्गिकमाशंक्योत्तरमाह -**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે એ પ્રમાણે દેવગતિનું વર્ણન કર્યું.

**પ્રશ્ન :** ચાર ગતિરૂપ સંસારનું આપના વડે વર્ણન કરાયું તો અહીં પણ ચારે પણ ગતિમાં સર્વે જીવો કે કેટલાક જીવો ક્યાંક ક્યારેક નહીં ઉત્પન્ન થયેલા જોવા મળે છે ?

**ઉત્તર :** આ પ્રાસંગિક શંકાનો ઉત્તર નીચેની ગાથામાં અપાય છે.

**एत्थ य चउगइजलहिम्मि परिब्भमंतेहिं सयलजीवेहिं ।**
**जायं मयं च सहिओ अणंतसो दुक्खसंघाओ ।।३९९।।**

**अत्र च चतुर्गतिजलधौ परिभ्राम्यद्भिः सकलजीवैः**
**जातं मृतं च सोढोऽनन्तशो दुःखसंघातः ।।३९९।।**

**ગાથાર્થ :** અને અહીં ચારગતિરૂપ સમુદ્રમાં ભમતા સર્વે જીવો અનંતીવાર ઉત્પન્ન થયા છે અને મર્યા છે. અનંતવાર દુ:ખના સમૂહોને સહન કર્યા છે. (૩૯૯)

**अत्र चतुर्गतिसलिलपरिपूर्ण इति गम्यते, जलधाविव जलधौ, संसारे इत्यर्थः, परिभ्राम्यद्भिः सकलजीवैरेकस्यामपि गतौ जातं मृतं चानन्तशः, अनन्तानन्तवारा इत्यर्थः, शरीरमानसदुःखसंघातश्चानन्तशः सोढ इति ।।**

**किं बहुना ?, तात्पर्यमुच्यते –**

**ટીકાર્થ :** અહીં ચારગતિરૂપ પાણીથી ભરેલા સમુદ્રની જેમ સંસારમાં પરિભ્રમણ કરતા સર્વે જીવો એકેક ગતિમાં અનંતી અનંતીવાર ઉત્પન્ન થયા છે અને મર્યા છે અને શારીરિક-માનસિક દુ:ખોના સમૂહને અનંતીવાર સહન કર્યા છે.

વધારે શું કહેવું ? સારને કહેવાય છે.

**सो नत्थि पएसो तिहुयणम्मि तिलतुसतिभागमेत्तोऽवि ।**
**जाओ न जत्थ जीवो चुलसीइजोणिलक्खेसु ।।४००।।**

**स नास्ति प्रदेशः त्रिभुवने तिलतुषत्रिभागमात्रोऽपि**
**जातो न यत्र जीवः चतुरशीतियोनिलक्षेषु ।।४००।।**

**ગાથાર્થ :** ત્રણ ભુવનમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ એવો કોઈ પ્રદેશ નથી જ્યાં જીવ ચોરાશી લાખ યોનિઓમાં ઉત્પન્ન ન થયો હોય ! (૪૦૦)

**स प्रदेशस्त्रिभुवने तिलतुषत्रिभागमात्रोऽपि नास्ति यत्रायं जीवश्चतुरशीतियोनिलक्षेषु प्रत्येकम् अनन्तानन्तवारा नोत्पन्नः, चतुरशीतियोनिलक्षा एवमवगन्तव्याः, तद्यथा-पुढविदगअगणिमारुय एक्केक्के सत्त जोणिलक्खाओ । वण पत्तेय अणंते दस चउदस जोणिलक्खाओ ।।१।। विगलिंदिएसु दो दो चउरो चउरो य नारयसुरेसु । पंचिंदितिरिय चउरो चउदसलक्खा य मणुएसु ।।२।। किंच –**

**ટીકાર્થ :** ત્રણભુવનમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ એવો કોઈ પ્રદેશ નથી જ્યાં જીવ ચોરાશી લાખ યોનિમાં દરેકમાં અનંત-અનંતવાર ઉત્પન્ન ન થયો હોય. ચોરાશી લાખ યોનિ આ પ્રમાણે જાણવી.

| અનુ. | કાયનું નામ | યોનિ સંખ્યા | અનુ. | કાયનું નામ | યોનિ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પૃથ્વીકાય* | સાત લાખ | ૭ | બે ઇન્દ્રિય | બે લાખ |
| ૨ | અપ્‌કાય | સાત લાખ | ૮ | તે ઇન્દ્રિય | બે લાખ |
| ૩ | તેઉકાય | સાત લાખ | ૯ | ચઉરિન્દ્રય | બે લાખ |
| ૪ | વાયુકાય | સાત લાખ | ૧૦ | દેવતા | ચાર લાખ |
| ૫ | પ્રત્યેક વનસ્પતિકાય | દસ લાખ | ૧૧ | નારકી | ચાર લાખ |
| ૬ | સાધારણ વનસ્પતિકાય | ચૌદ લાખ | ૧૨ | પંચેન્દ્રિય તિર્યંચ | ચાર લાખ |
| | | | ૧૩ | મનુષ્ય | ચૌદ લાખ |
| | | | કુલ | | ૮૪ લાખ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| તેવી જ રીતે અપ્કાયના | મૂળ ભેદ | ૩૫૦ | તેઇન્દ્રિયના | મૂળભેદ | ૧૦૦ |
| તેઉકાયના | મૂળભેદ | ૩૫૦ | ચઉરિન્દ્રિયના | મૂળભેદ | ૧૦૦ |
| વાયુકાયના | મૂળભેદ | ૩૫૦ | દેવતાના | મૂળભેદ | ૨૦૦ |
| પ્રત્યેક વનસ્પતિકાયના | મૂળભેદ | ૫૦૦ | નારકોના | મુળભેદ | ૨૦૦ |
| સાધારણ વનસ્પતિકાય | મૂળભેદ | ૭૦૦ | પંચેન્દ્રિય તિર્યંચના | મૂળભેદ | ૨૦૦ |
| બેઇન્દ્રિયના | મૂળભેદ | ૧૦૦ | મનુષ્યના | મૂળભેદ | ૭૦૦ |
| | | ૨૭૦૦ | + | | ૧૫૦૦ = ૪૨૦૦ |

કુલમૂળ ભેદ ૪૨૦૦ x ૨૦૦૦ = ૮૪,૦૦,૦૦૦ યોનિ

**सव्वाणि सव्वलोए अणंतखुत्तो वि रूविदव्वाइं ।**
**देहोवक्खरपरिभोयभोयणत्तेण भुत्ताइं ।।४०१।।**

**सर्वाणि सर्वलोके अनंतकृत्योऽपि रूपिद्रव्याणि**
**देहोपस्करपरिभोगभोजनत्वेन भुक्तानि ।।४०१।।**

ગાથાર્થ : સર્વ લોકમાં સર્વ રૂપીદ્રવ્યો જીવોવડે દેહપણાથી પરિણમાવીને ઉપસ્કરરૂપે, પરિભોગરૂપે તથા ભોજનપણાથી અનંતીવાર ભોગવાયા છે.

**इहानादौ संसारचक्रे चतसृष्वपि गतिष्वनन्तशः पर्यटता जीवेन सर्वस्मिन्नपि लोके यानि कानिचित् सर्वाण्यपि द्रव्याणि-समस्तपुद्गलास्तिकायात्मकानि तान्यनन्तकृत्वः-अनन्तानन्तवारा एकैकजीवेन भुक्तानि, कथमित्याह - 'देहोवक्खरे'त्यादि, देहत्वेन-शरीरतया परिणमय्य भुक्तानि, तथा उपस्करः-शय्याऽऽसनभाजनादिस्तद्भावेन, तथा परिभुज्यत इति परिभोगो-वस्त्रसुवर्णवनितावाहनादिस्तद्रूपेण, तथा भोजनं-अशनखादिमादि तदात्मना चानन्तशः परिभुक्तानीति ।। यद्यपि च रूपिद्रव्याणि सर्वाण्यप्यनन्तशो जीवेन परिभुक्तानि तथाऽपि मोहनीयादिकर्मोदयात् कुतश्चित् प्रतिभवं सर्वमेव नूतनं मन्यते, न तु तृप्तिं व्रजतीति दर्शयति –**

**ટીકાર્થ :** આ અનાદિ સંસાર ચક્રમાં ભ્રમતા ચારેય પણ ગતિમાં સર્વ પણ લોકમાં સમસ્ત પુદ્‌ગલાસ્તિકાય

---

* પૃથ્વીકાયના મૂળ ભેદ ૩૫૦ તેને ૨૦૦૦ વડે ગુણતા (વર્ણના ૫ x ગંધના ૨ x રસના ૫ x સ્પર્શના ૮ x સંસ્થાનના ૫=૨૦૦૦) ૭ લાખ થાય છે. ૩૫૦ x ૨૦૦૦ = ૭,૦૦,૦૦૦

સ્વરૂપ જે કોઈ દ્રવ્યો છે તેને એકેક જીવવડે અનંતીવાર ભોગવાયા છે. કેવા પ્રકારથી ભોગવાયા છે ? કેટલાક પુદ્ગલો શરીરપણાથી પરિણમાવીને ભોગવાયા છે તથા કેટલાક ઉપસ્કર એટલે શય્યા, આસન, ભાજન વગેરે સ્વરૂપે ભોગવાયા છે તથા કેટલાક વસ્ત્ર સુવર્ણ-સ્ત્રી-વાહન આદિ સ્વરૂપે અનંતવાર ભોગવાયા છે.

અને જો કે સર્વ રૂપી દ્રવ્યો અનંતવાર જીવવડે ભોગવાયા છે તો પણ મોહનીય કર્મના ઉદયથી દરેક ભવમાં બધું જ નવું નવું માને છે પણ તૃપ્તિને પામતો નથી તેને બતાવે છે-

**मयरहरो व्व जलेहिं तह वि हु दुप्पूरओ इमो अप्पा ।**
**विसयामिसम्मि गिद्धो भवे भवे वच्चइ न तत्तिं ।।४०२।।**

**मकरगृह इव जलेन तथाऽपि खलु दुष्पूरकोऽयमात्मा**
**विषामिषे गृद्धः भवे व्रजति न तृप्तिम् ।।४०२।।**

ગાથાર્થ : પાણીથી સમુદ્ર ક્યારેય સંતોષ પામતો નથી તેમ દુષ્પુરિત એવો આ આત્મા વિષય રૂપી આમિષમાં આસક્ત થયેલો ભવોભવમાં તૃપ્તિ પામતો નથી. (૪૦૨)

**गतार्थैव ।। अथ प्रासंगिकमुपसंहरन्नुपदेशतात्पर्यमाह –**

હવે પ્રાસંગિકના ઉપસંહારને કરતા તથા ઉપદેશના સારને બતાવતા કહે છે-

**इय भुत्तं विसयसुहं दुहं च तप्पच्चयं अणंतगुणं ।**
**इण्हिं भवदुहदलणम्मि जीव ! उज्जमसु जिणधम्मे ।।४०३।।**

**इति भुक्तं विषयसुखं दुःखं च तत्प्रत्ययं अनन्तगुणं**
**इदानीं भवदुःखदलने उद्यच्छ जिनधर्मे ।।४०३।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે ભવોભવ વિષયસુખ ભોગવાયું અને તેના નિમિત્તે અનંતગુણ દુ:ખ ભોગવાયું તેથી હે જીવ ! ભવના દુ:ખને નાશ કરનારા એવા જિન ધર્મમાં ઉદ્યમ કર. (૪૦૩)

**इत्येवमुक्तप्रकारेण भुक्तं तावत् सर्वमपि विषयसुखं, तत्प्रत्ययं-विषयसुखोपभोगहेतुकं दुःखं च नरकादिषु विषयसुखादनन्तगुणं भुक्तं, तद्यदि जीव ! दुःखेषु निर्वेदः कोऽपि तवास्ति तदिदानीं समस्तभवदुःखदलनसमर्थे जिनधर्मे एवोद्यमं कुर्विति । तदेदमवसितं प्रासंगिकमपि, तदवसाने च चतुर्गतिभवस्वरूपभावनात्मिका पंचमी संसारभावना समाप्तेति ।।**

**ટીકાર્થ :** હમણાં કહેવાયેલ પ્રકારથી સર્વપણ વિષયસુખ ભોગવાયું અને વિષયસુખના ઉપભોગના હેતુરૂપ વિષયસુખ કરતાં અનંતગુણ દુ:ખ નરકાદિમાં ભોગવાયું છે તેથી હે જીવ ! દુ:ખો ઉપર તારે કોઈપણ રીતે કંટાળો થયો હોય તો હમણાં સમસ્ત સંસારના દુ:ખોને દળવા સમર્થ એવા જિનધર્મમાં ઉદ્યમ કર. આ પ્રમાણે તે પ્રાસંગિક કથન સમાપ્ત થયું અને તેની સમાપ્તિની સાથે ચતુર્ગતિ રૂપ ભવસ્વરૂપની ભાવના સ્વરૂપ પાંચમી સંસારભાવના સમાપ્ત થઈ.

**।। इति संसारभावना ।।**

## अथाशुचिता

अथ संसारस्य दुःखरूपत्वेऽपि शरीराश्रितं सुखं प्राणिनां भविष्यति, तस्य शुचिरूपत्वादित्याशंक्य तदशुचित्वप्रतिपादनपरां षष्ठीमशुचित्वभावनां विभणिषुराह –

## છટ્ઠી અશુચિ ભાવના

સંસાર દુ:ખ સ્વરૂપવાળો હોવા છતાં પણ પ્રાણીઓને શરીર સંબધી તો સુખ હશે કેમકે તે શરીર પવિત્રતાવાળો છે એવી શંકા કરીને શરીરની અશુચિપણાને પ્રતિપાદન કરનારી છટ્ઠી અશુચિ ભાવનાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**बीयट्ठाणमुवट्ठंभहेयवो चिंतिउं सरूवं च ।**
**को होज्ज सरीरम्मि वि सुइवाओ मुणियतत्ताणं ? ।।४०४।।**
**बीजं स्थानमुपष्टंभहेतून् विचिन्त्य स्वरूपं च**
**कः भवेत् शरीरेऽपि शुचिवादः ज्ञाततत्त्वानाम् ? ।।४०४।।**

**ગાથાર્થ :** શરીરના ઉત્પત્તિ સ્થાનને, પોષણના હેતુઓને તથા સ્વરૂપને વિચારીને જ્ઞાનીઓનો શરીરને વિશે શુચિવાદ કેવો ? (૪૦૪)

शरीरस्य बीजं-शुक्रशोणितादि स्थानं-स्त्रीजनोदरं उपष्टम्भहेतवोऽपि तस्य पितृमातृशुक्रशोणितादयः एतान् सर्वानपि विचिन्त्य तथा स्वरूपं शरीरस्य मांसशोणितास्थिचर्मादिसमुदायरूपं विचिन्त्य विदितवेद्यानां शरीरेऽपि निर्विवादप्रत्यक्षाशुचिवस्तुस्तोममये कः शुचिवादो ?, न कश्चिदित्यर्थः ।

**ટીકાર્થ :** વીર્ય અને લોહી શરીરની ઉત્પત્તિનું બીજ છે, સ્ત્રીનું પેટ જીવના શરીરની ઉત્પત્તિનું સ્થાન છે અને તેના પોષણના કારણો પિતાનું વીર્ય તથા માતાનું લોહી વગેરે છે. આ સર્વને પણ વિચારીને તથા માંસ-લોહી-હાડકાં-ચામડી-આદિ સમુદાય સ્વરૂપ શરીરના સ્વરૂપને વિચારીને જ્ઞાનીપુરુષોને નિશ્ચયથી પ્રત્યક્ષ અશુચિ વસ્તુના સમૂહરૂપ શરીરને વિશે સુચિવાદ કેવો ? અર્થાત્ કોઈ શુચિવાદ નથી એવો ભાવ છે.

अथ शरीरबीजादीन् सूत्र एव व्याचिख्यासुराह -

હવે શરીરના બીજાદિને સૂત્રમાં જ વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**बीयं सुक्कं तह सोणियं च ठाणं तु जणणिगब्भम्मि ।**
**ओयं तु उवट्ठंभस्स कारणं तस्सरूवं तु ।।४०५।।**
**बीजं शुक्रं तथा शोणितं च स्थानं तु जननीगर्भे**
**ओजस्तु उपष्टंभस्य कारणं तत्स्वरूपं तु ।।४०५।।**

**ગાથાર્થ :** શુક્ર તથા લોહી શરીરનું બીજ છે, માતાનો ગર્ભ ઉત્પત્તિનું સ્થાન છે અને પોષણનું કારણ ઓજ છે. શરીરનું સ્વરૂપ હવેની ગાથામાં બતાવે છે. (૪૦૫)

बीजं-कारणं तच्च शरीरस्य पितुः शुक्रं मातुस्तु शोणितं, स्थानं तु तस्यादौ जननीगर्भे, शुक्रशोणितसमुदाय

**ओज उच्यते, शरीरोपष्टम्भस्यापि प्रथमतस्तदेव हेतुः, स्वरूपं तु तस्य शरीरस्य 'अट्ठारस पिट्ठिकरंडयस्से'त्यादि अनन्तरवक्ष्यमाणलक्षणमिति शेषः ।। तदेवाह –**

**ટીકાર્થ :** પિતાનુ વીર્ય અને માતાનું લોહી એ શરીરનું કારણ છે અને જીવના શરીરની ઉત્પત્તિનું પ્રથમ સ્થાન માતાનું ગર્ભ છે. શુક્ર અને લોહીનું મિશ્રણ ઓજ કહેવાય છે અને તે ઓજ શરીરના પોષણનું પ્રથમ કારણ છે શરીરનું સ્વરૂપ હવેની ગાથામાં કહેવાશે. તેને જ કહે છે-

**अट्ठारस पिट्ठिकरंडयस्स संधीओ होंति देहम्मि ।**
**बारस पंसुलियकरंडया इहं तह छ पंसुलिए ।।४०६।।**
**होइ कडाहे सत्तंगुलाइं जीहा पलाइं पुण चउरो ।**
**अच्छीओ दो पलाइं सिरं च भणियं चउकवालं ।।४०७।।**

**अष्टादश पृष्ठिकरंडकस्य सन्धयो भवन्ति देहे**
**द्वादश पांसुलीकरंडकानि तथा षट् पांसुलिकाः ।।४०६।।**
**भवति कटाहः सप्तांगुलानि जिह्वा पलानि पुनश्चत्वारि**
**अक्षिणी द्वे पले शिरो भणितं चतुष्कपालम् ।।४०७।।**

**ગાથાર્થ :** શરીરમાં પાછળ કરોડમાં અઢાર સાંધાઓ હોય છે તથા શરીરમાં પાંસળીઓ રૂપ કરંડક હોય છે તથા છ પાંસળીથી કટાહ બને છે સાત આંગળ જીભ છે અને તેનું પ્રમાણ ચાર પલ છે આંખો બે પલ પ્રમાણ છે અને મસ્તક ચાર કપાલથી બનેલું છે. (૪૦૭)

**देहे-मनुष्यशरीरे पृष्ठिकरंडस्य-पृष्ठिवंशस्याष्टादशग्रन्थिरूपाः सन्धयो भवन्ति, यथा वंशस्य पर्वाणि । तेषु चाष्टादश सुसंधिषु मध्ये द्वादशभ्यः संधिभ्यो द्वादश पांसुलिका निर्गत्योभयपार्श्वावावृत्य वक्षःस्थलमध्योर्ध्ववर्त्यस्थि लगित्वा पल्लवाकारतया परिणमंति, अत आह-इह शरीरे द्वादश पांशुलिकारूपाः करंडका वंशका भवन्ति, 'तह छप्पंसुलिए होइ कडाहे'त्ति तथा तस्मिन्नेव पृष्ठिवंशे शेषषट्सन्धिभ्यः षट् पांशुलिका निर्गत्य पार्श्वद्वयं चावृत्य हृदयस्योभयतो (ग्रं. ११०००) वक्षः पंजराधस्ताच्छिथिलकुक्षेस्तूपरिष्ठात् परस्परासंमिलितास्तिष्ठन्ति, अयं च कटाह इत्युच्यते । जिह्वामुखाभ्यन्तरवर्त्तिमांसण्डरूपा दैर्ध्येणात्माङ्गुलतः सप्ताङ्गुलानि भवति, तौल्ये तु मगधदेशप्रसिद्धपलेन चत्वारि पलानि भवति । अक्षिमांसगोलकौ तु द्वे पले । शिरस्त्वस्थिखण्डरूपैश्चतुर्भिः कपालैर्निष्पद्यत इति ।। तथा -**

**ટીકાર્થ :** મનુષ્યના શરીરમાં પાછળ કરોડમાં અઢાર ગાંઠ સ્વરૂપ સાંધાઓ હોય છે જેવી રીતે વાંસમાં પર્વો હોય તેમ અને અઢાર સાંધામાંથી બાર સાંધામાંથી બાર પાંસળીઓ નીકળી બંને બાજુ વીંટાઈને છાતીના મધ્યભાગના ઉપરના હાડકામાં લાગીને પલ્લવ આકારથી પરિણામ પામે છે આથી જ કહે છે કે-

આ શરીરમાં બાર પાંસળીઓ કરંડક વાંસ છે. 'तह छप्पांसुलिए होइ कडाहे' त्ति તથા તે જ પીઠવંશમાં બાકીના છ સાંધાઓમાંથી છ પાંસળીઓ નીકળીને બંને બાજુ વીંટળાઈને હૃદયની બંને બાજુથી છાતીના પિંજરાની નીચેથી ઢીલી તથા પેટની ઉપરના ભાગમાં પરસ્પર એકબીજાને લાગ્યા વગરની રહે છે અને આ કટાહ કહેવાય છે. મુખના અંદરના ભાગમાં રહેલી માંસના ટુકડારૂપ જીભ આત્માંગુલથી સાત અંગુલપ્રમાણ

લાંબી છે અને વજનથી મગધ દેશમાં પ્રસિદ્ધ પલના પ્રમાણે ચાર પલ પ્રમાણ છે. આંખના માંસપિંડ બે પલ પ્રમાણ છે. માથું હાડકાં ચાર ટુકડા ચાર કપાલોથી બને છે. તથા-

**अद्धुट्ठपलं हिययं बत्तीसं दसणअट्ठिखंडाइं ।**

**कालेज्जयं तु समए पणवीसपलाइं निद्दिट्ठं ।।४०८।।**

**अर्धाष्टपलं हृदयं द्वात्रिंशद् दशनास्थिखंडानि**

**कालेयकं तु समये पंचविंशतिपलानि निर्दिष्टम् ।।४०८।।**

**ગાથાર્થ :** હૃદય સાડાત્રણ પલ પ્રમાણ છે, દાંત બત્રીશ હાડકાના ટૂકડા છે, શાસ્ત્રમાં કલેજાનું પ્રમાણ પચ્ચીશ પલ કહ્યું છે.

**हृदयं-अन्तर्वर्त्तिमांसखंडं सार्द्धपलत्रयं भवति । द्वात्रिंशच्च मुखे दन्तास्थिखंडानि प्रायः प्राप्यन्ते । 'कालिज्जयं तु' वक्षोऽन्तर्गूढमांसविशेषरूपं पंचविंशतिपलान्यागमे निर्दिष्टं ।। तथा –**

**ટીકાર્થ :** હૃદયની અંદર રહેલ માંસ ખંડ સાડા ત્રણ પલ પ્રમાણ છે. મુખમાં પ્રાય: બત્રીશ દાંત બત્રીશ હાડકાના ટૂકડા સ્વરૂપ છે. પણ કલેજું છાતીની અંદર ગૂઢ માંસ વિશેષ સ્વરૂપ છે જે પચ્ચીશ પલ પ્રમાણ આગમમાં કહેલું છે. તથા-

**अंताइं दोन्नि इहइं पत्तेयं पंचपंचवामाओ ।**

**सट्ठसयं संधीणं मम्माण सयं तु सत्तहियं ।।४०९।।**

**अंत्रे द्वे इह प्रत्येकं पंचपंच वामाः**

**षष्ठिशतं सन्धीनां मर्मणां शतं तु सप्ताधिकं ।।४०९।।**

**ગાથાર્થ :** આંતરડા બે છે અને દરેક પાંચ પાંચ વામ* લંબાઈમાં છે એકસો સાઇઠ સાંધાઓ છે એકસોને સાત મર્મસ્થાનો છે. (૪૦૯)

**सन्धयः-अंगुलाद्यस्थिखण्डमेलापकस्थानानि । मर्माणि शंखाणिकाचियरकादीनि । शेषं पाठसिद्धमेव ।। अपि च –**

**ટીકાર્થ :** સાંધા એટલે આંગળી વગેરેના હાડકાના ખંડને મળવાનું સ્થાન, શંખનિકા-ચિયરકા વગેરે મર્મ સ્થાનો છે. બાકીનું સુગમ છે. અને પણ-

**सट्ठसयं तु सिराणं नाभिप्पभवाण सिरमुवगयाणं ।**

**रसहरणिनामधिज्जाण जाणऽणुग्गहविघाएसु ।।४१०।।**

**सुइचक्खुघाणजीहाणऽणुग्गहो होइ तह विघाओ य ।**

**सट्ठसयं अन्नाण वि सिराणऽहोगामिणीण तहा ।।४११।।**

* વામ એટલે બે હાથને ખભા સમાન પહોળા કરતાં એક હાથના મધ્યની આંગડીના છેડાથી બીજા હાથની મધ્યની આંગડી સુધીનું અંતર.

पायतलमुवगयाणं जंघाबलकारिणीणमुवघाओ ।
उवघाए सिरि वियणं कुणंति अंधत्तणं च तहा ।।४१२।।
अवराण गुदपविट्ठाण होइ सट्ठं सयं तह सिराणं ।
जाण बलेण पवत्तइ वाऊ मुत्तं पुरीसं च ।।४१३।।
अरिसाओ पंडुरोगा वेगनिरोहो य ताणमुवघाए ।
तिरियगमाण सिराणं सट्ठसयं होइ अवराणं ।।४१४।।
बाहुबलकारिणीओ उवघाए कुच्छिउयरवियणाओ ।
कुव्वंति तहऽन्नाओ पणवीसं सिंभधरणीओ ।।४१५।।
तह पित्तधारिणीओ पणवीसं दस य सुक्कधरणीओ ।
इय सत्त सिरसयाइं नाभिप्पभवाइं पुरिसस्स ।।४१६।।

षष्ठिशतं तु सिराणां नाभिप्रभावनां शिरउपगतानां
रसहरणीनामधेयानां जानीहि यासां अनुग्रहविघातेषु ।।४१०।।
श्रुतिचक्षुर्घ्राणजिह्वानामनुग्रहो भवति तथा विघातश्च
षष्टिशतमन्यासामपि शिराणामधोगामिनीनां तथा ।।४११।।
पादतलमुपगतानां जङ्घाबलकारिणीनामुपघाते
उपघातः शिरोवेदनां कुर्व्वन्ति अंधत्वं च तथा ।।४१२।।
अपराणां गुदाप्रविष्टानां भवति षष्टिशतं तथा सिराणां
यासां बलेन प्रवर्त्तते वायुर्मूत्रं पुरीषं च ।।४१३।।
अर्शांसि पाण्डुरोगाः वेगनिरोधश्च तेषामुपघाते
तिर्यग्गमानां सिराणां षष्ठिशतं भवति अपरासां ।।४१४।।
बाहुबलकारिण्यः उपघाते कक्ष्युदरवेदनाः
कुर्व्वन्ति तथाऽन्याः पंचविंशतिः श्लेष्मधारिण्यः ।।४१५।।
तथा पित्तधारिण्यः पंचविंशतिर्दश च शुक्रधारिण्यः
इति सप्तसिराशतानि नाभिप्रभवाणि पुरुषस्य ।।४१६।।

ગાથાર્થ : નાભિમાંથી નીકળેલી રસહરણી નામની એકસો સાઇઠ નસો મસ્તક તરફ જાય છે જેના અનુઘાત અને વિઘાતમાં કાન-ચક્ષુ-ઘ્રાણ-જીભને અનુગ્રહ કે ઉપઘાત થાય છે તથા બીજી એકસોને સાઈઠ નસો નાભિમાંથી નીકળી નીચે પગના તળીયા તરફ જાય છે જે જંઘાના બળને કરનારી છે એને જ્યારે ઉપઘાત થાય ત્યારે માથામાં વેદના ઉત્પન્ન કરે છે. તથા અધંત્વને ઉત્પન્ન કરે છે. બીજી એકસો સાઈઠ ગુદામાં પ્રવેશેલી છે. જેના બળથી વાયુ-મૂત્ર અને મળનું નિયમન થાય છે અને જેના ઉપઘાતથી અર્શ, પાંડુરોગ અને વેગનિરોધ થાય છે અને બીજી એકસો સાઇઠ

તિરછી નીકળે છે જે બાહુને બળ આપનારી છે અને તેના ઉપઘાતમાં કુક્ષિ અને ઉદરની વેદનાઓ ઉત્પન્ન થાય છે. તથા બીજી પચ્ચીશ નસો શ્લેષ્મને ધરનારી છે અને બીજી પચ્ચીશ નસો પિત્તને ધારણ કરનારી છે અને દસ નસો શુક્રને ધારણ કરનારી છે. એ પ્રમાણે પુરુષની નાભિમાંથી નીકળનારી સાતસો નસો છે. (૪૧૦-૪૧૬)

**इह पुरुषस्य शरीरे नाभिप्रभवानि शिराणां-स्नसानां सप्त शतानि भवन्ति, तत्र षष्ट्यधिकं शतं शिराणं नाभेः शिरसि गच्छति, ताश्च रसहरणिनामधेयाः, तासां चानुग्रहविघातयोर्यथासंख्यं श्रुतिचक्षुरादीनामनुग्रहो विघातश्च भवति, तथा अधः-पादतलगतानामनुपघाते जङ्घाबलकारिणीनां स्नसानां षष्ट्यधिकं शतं भवति, उपघाते तु ता एव शिरोवेदनाऽन्धत्वादीनि कुर्वन्ति, शेषं पाठसिद्धमेवेति ।। अथ स्त्रीनपुंसकयोः कियत्येता भवन्तीत्याद्याशंक्याह –**

**ટીકાર્થ** : અહીં પુરુષના શરીરમાં નાભિમાંથી નીકળનારી સાતસો નસો છે. તેમાં એકસોને સાઈઠ નાભિમાંથી નીકળી મસ્તકમાં જાય છે. તે રસહરણી નામે ઓળખાય છે. તેઓના અનુગ્રહ અને વિઘાતથી યથાસંખ્ય શ્રુતિ (કાન) આંખ વગેરેને અનુગ્રહ અને વિઘાત થાય છે તથા નીચે પગના તળીયામાં જનારી એકસો સાઈઠ નસોનો અનુગ્રહ જંઘાબળને કરનારો થાય છે અને ઉપઘાત તેજ મસ્તકમાં વેદના તથા અંધત્વ કરે છે. બાકીનું સુગમ છે.

હવે સ્ત્રી તથા નપુંસકને કેટલી નસો હોય છે તેને કહે છે –

**तीसूणाइं इत्थीण वीसहीणाइं होंति संढस्स ।**
**नव ण्हारूण सयाइं नव धमणीओ य देहम्मि ।।४१७।।**

**त्रिंशन्न्यूनानि स्त्रीणां विंशतिहीनानि भवन्ति षण्ढस्य**
**नव स्नायुशतानि नव धमनीकाः च देहे ।।४१७।।**

નપુંસકને વીશન્યૂન છસોને એંશી હોય છે અને શરીરમાં નવસો સ્નાયુઓ તથા નવ ધમનીઓ (મુખ્ય નસો) હોય છે. (૪૧૭)

**ગાથાર્થ** : સ્ત્રીઓને ત્રીસ ઓછી એટલે છસોને સીત્તેર હોય છે.

તથા-

**पाठसिद्धैव ।। तथा –**

**मुत्तस्स सोणियस्स य पत्तेयं आढयं वसाए उ ।**
**अद्धाढयं भणंती पत्थं मत्थुलयवत्थुस्स ।।४१८।।**

**असुइमल पत्थछक्कं कुलओ कुलओ य पित्तसिंभाणं ।**
**सुक्कस्स अद्धकुलओ दुट्ठं हीणाहियं होज्जा ।।४१९।।**

**मूत्रस्य शोणितस्य च प्रत्येकं आढकं वसायास्तु**
**अर्द्धाढकं भणन्ति प्रस्थं मस्तुलुंगवस्तुनः ।।४१८।।**

**अशुचिमलस्य प्रस्थषट्कं कुलवः कुलवश्च पित्तश्लेष्मणोः**
**शुक्रस्यार्धकुलवः दुष्टं हीनाधिकं भवेत् ।।४१९।।**

**ગાથાર્થ :** શરીરમાં મૂત્ર તથા લોહીનું પ્રમાણ એક આઢક છે. ચરબીનું પ્રમાણ અર્ધો આઢક છે અને માથામાં મગજ એક પ્રસ્થક પ્રમાણ હોય છે. (૪૧૮)

અશુચિ અને મળનું પ્રમાણ છ પ્રસ્થક, પિત્તનું એક કુલક તથા શ્લેષ્મનું એક કુલક, શુક્રનું પ્રમાણ અર્ધો કુલક છે. આ પ્રમાણમાં ન્યૂનાધિક થાય તો શરીર વિકૃત (દુઃખ દાયક) બને છે. (૪૧૯)

**शरीरे सर्वदैव मूत्रस्य शोणितस्य च प्रत्येकमवस्थितमाढकं-मगधदेशप्रसिद्धमानविशेषरूपं भणंति, उक्तं च - "दो असईओ पसई, दो पसईओ सेइया, चत्तारि सेइयाओ कुलओ, चत्तारि कुडवा पत्थो, चत्तारि पत्था आढयं, चत्तारि आढया दोणो," इत्यादि । धान्यभृतोऽवाङ्मुखीकृतो हस्तोऽसतीत्युच्यते । वसायास्त्वर्द्धाढकं भणंति, मस्तकभेज्रको-मस्तुलुंगवस्तु, अन्ये त्वाहुः-'मेदःफिप्फिसादि मस्तुलुंग' मिति, तस्यापि प्रस्थं यथोक्तरूपं वदन्ति । अशुचिरूपो योऽसौ मलस्तस्य प्रस्थषट्कं भवति । पित्तश्लेष्माणौ प्रत्येकं यथासंख्यं निर्दिष्टरूपः कुलको भवति । शुक्रस्य त्वर्धकुलको भवति एतच्चाढकप्रस्थादिकं मानं बालकुमारतरुणादीनां 'दो असईओ पसई' त्यादिक्रमेणात्मीयात्मीय-हस्तेन नेतव्यं, उक्तमानाच्च शुक्रशोणितादेर्यत्र हीनाधिक्यं भवति तत्र वातादिदूषितत्वेनेत्यवसेयमिति ।। श्रोत्राणि शरीरे यावन्ति भवति तावन्त्युपदर्श्योपसंहरति –**

**ટીકાર્થ :** શરીરમાં હંમેશા જ મૂત્ર અને લોહીનું પ્રમાણ દરેકનું એક આઢક પ્રમાણ છે. આઢક એ મગધ દેશમાં પ્રસિદ્ધ માપ વિશેષ છે.

અને કહ્યું છે કે બે અસતી = એક પ્રસતી, બે પ્રસતી = એક સેતિકા, ચાર સેતિકા = એક કુલક = (કુડવ), ચાર કુડવ = એક પ્રસ્થક, ચાર પ્રસ્થક = એક આઢવ, ચાર આઢવ = એક દ્રોણ ઇત્યાદિ.

ચત્તા કરીને ધાન્યથી ભરેલા હાથમાં જેટલું અનાજ સમાય તેટલા અનાજનું પ્રમાણ એક અસતી કહેવાય છે. વસા (ચરબી)નું પ્રમાણ અર્ધો આઢક કહે છે मस्तुलुंगवस्तु એટલે માથામાં રહેલું મગજ. બીજા કહે છે કે- मेदः फिप्फिसादि मस्तुलुंग इति એ ગાથાથી મગજનું પ્રમાણ યથોક્ત એક પ્રસ્થક છે. વીર્યનું પ્રમાણ અડધો કુલક છે અને આ આઢક પ્રસ્થકાદિનું માપ બાલ-કુમાર-તરુણ વગેરેનો બે અસતી = એક પ્રસતી એ ક્રમથી પોતપોતાના હાથથી માપેલું જાણવું. ઉપર બતાવેલા માપથી શુક્ર-શોણિત આદિનું હીનાધિકપણું થાય છે તેમાં કારણ વાતાદિનું દૂષિતપણું છે એમ જાણવું સ્રોત સ્થાનો (અશુચિને બહાર નીકળવાના માર્ગો) જેટલા છે તેને બતાવીને ઉપસંહાર કરે છે-

**एक्कारस इत्थीए नव सोयाइं तु होंति पुरिसस्स ।**
**इय किं सुइत्तणं अट्ठिमंसमलरुहिरसंघाए ? ।।४२०।।**

**एकादश स्त्रिया नव श्रोतांसि तु भवन्ति पुरुषस्य**
**इति किं शुचित्वं अस्थिमांसरुधिरसंघाते ? ।।४२०।।**

**ગાથાર્થ :** સ્ત્રીના સ્રોત સ્થાનો અગીયાર* છે અને પુરુષના સ્રોત સ્થાનો નવ છે એથી હાડકાં-માંસ-મળ-રુધિરના સમૂહ રૂપ શરીરમાં શુચિપણું કેવી રીતે હોય ? (૪૨૦)

**द्वौ कर्णौ द्वे चक्षुषी द्वे घ्राणविवरे मुखं स्तनौ पायूपस्थे चेत्येवमेकादश श्रोत्राणि स्त्रिया भवन्ति, स्तनवर्जाणि शेषाणि नव पुरुषस्य । इत्येवमस्थ्यादिसंघातरूपं शरीरे किं नाम स्वरूपतः शुचित्वं ?, न किंचिदित्यर्थः ।। यदि नाम शरीरं स्वरूपतः केवलाशुचिवस्तुसंघातरूपं ततः किमित्याह –**

**ટીકાર્થ :** બે કાન, બે આંખ, બે નાક, મુખ, બે સ્તન અને મૂત્ર દ્વાર તથા મળ દ્વાર એમ સ્ત્રીઓના અગીયાર સ્રોત હોય છે બે સ્તન છોડીને પુરુષના નવદ્વાર હોય છે. એ પ્રમાણે હાડકાદિના સંઘાત સ્વરૂપ શરીરમાં શું સ્વરૂપથી પવિત્રતા હોય છે ? અર્થાત્ કંઈપણ પવિત્રતા નથી એમ કહેવાનો ભાવ છે.

હવે જો શરીર સ્વરૂપથી ફક્ત અશુચિ વસ્તુઓના સંઘાત રૂપ છે એમ કહીને શું કહેવાનું થાય છે ?-

**को कायसुणयभक्खे किमिकुलवासे य वाहिखित्ते य ।**
**देहम्मि मच्चुविहुरे सुसाणठाणे य पडिबंधो ? ।।४२१।।**

**कः काकश्वभक्ष्ये कृमिकुलावासे च व्याधिक्षेत्रे च**
**देहे मृत्यु विधुरे स्मशानस्थाने च प्रतिबन्धः ? ।।४२१।।**

**ગાથાર્થ :** કાગડા અને કૂતરાના ભક્ષણ રૂપ, કૃમિના સમૂહના વાસ રૂપ, વ્યાધિઓના એક ક્ષેત્ર રૂપ, મૃત્યુથી પીડિત અને સ્મશાનના સ્થાનરૂપ શરીરમાં રાગ કેવો ?

**ततो जिनवचनवासितान्तःकरणानां देहे कः प्रतिबन्धः स्यात् ?, न कश्चिदित्यर्थः । कथम्भूते देहे ? इत्याह - - काककुक्कुरादिभक्ष्ये केवलकृमिकुलावासे समस्तव्याधिक्षेत्रे मृत्युविधुरे-मरणावस्थायां निःशेषकार्यकरणाक्षमे पर्यन्ते स्मशाने स्थानं यस्य तत्तथा तस्मिंश्चैवंभूत इति ।। एवं च नाम देहस्याशुचित्वं येन तत्सम्बन्धे अन्यच्छुभमपि वस्तु अशुचित्वं प्रतिपद्यत इति दर्शयति –**

**ટીકાર્થ :** તેથી જિનવચનથી ભાવિત થયું છે મન જેઓનું એવા જીવોને શરીર પર રાગ કેવો હોય ? અર્થાત્ કંઈપણ રાગ ન હોય. શરીર કેવું છે ? શરીર કાગડા-કૂતરાઓનું ભક્ષ્ય છે. શરીર કૃમિઓના સમૂહને રહેવાનું ઘર છે. શરીર બધા રોગોનું ક્ષેત્ર (ઉત્પત્તિ સ્થાન) છે, મરણવખતે સર્વ કાર્યો કરવા અસમર્થ છે અને અને અંતે જેનું સ્થાન સ્મશાનમાં છે એવું શરીર હોવા છતાં કોને રાગ થાય ?

અને આ પ્રમાણે શરીરનું અપવિત્રપણું છે જેથી શરીરના સંબંધમાં બીજી શુભવસ્તુઓ પણ અશુચિપણાને પામે છે. તેને બતાવે છે-

**वत्थाहारविलेवणतंबोलाईणि पवरदव्वाणि ।**
**होंति खणेण वि असुईणि देहसंबन्धपत्ताणि ।।४२२।।**

---

* અન્ય ગ્રંથોમાં સ્ત્રીના સ્રોત સ્થાનો બાર છે એમ કહેલું છે તેનો ભાવ એ છે કે મનુષ્ય સ્ત્રીઓ વિશે યોનિદ્વાર અલગ હોવાથી સ્રોત સ્થાનો બાર થાય છે અને પ્રાયઃ તિર્યંચસ્ત્રીઓ વિશે તેમજ દેવીઓમાં મૂત્ર દ્વાર અને યોનિદ્વાર અલગ નહીં હોવાની અપેક્ષાએ અગીયાર સ્રોત સ્થાનો છે. જોકે દેવીઓના શરીરમાંથી મનુષ્ય સ્ત્રી અને તિર્યંચ સ્ત્રીની જેમ અશુચિ નીકળતી નથી છતાં તેના સ્થાનો શરીરમાં રહેલા છે.

**वस्त्राहारविलेपनताम्बूलादीनि प्रवरद्रव्याणि भवन्ति**
**क्षणेनापि अशुचीनि देहसंबंधप्राप्तानि ।।४२२।।**

**ગાથાર્થ :** વસ્ત્ર-આહાર-વિલેપન-તંબોલ વગેરે શ્રેષ્ઠ દ્રવ્યો શરીરના સંબંધમાં આવેલા ક્ષણથી અપવિત્ર થાય છે. (૪૨૨)

**सुगमा ।। तदेवं विपर्यस्तो लोकस्तैलजलागरुकर्पूरकुसुमकुंकुममलयजरसताम्बूलवस्त्राभरणादिभिः संस्कृतं यच्छरीरं शुचित्वेनाध्यवस्यति तत्र तात्त्विकमशुचिस्वरूपत्वमुपदर्शितं ।। यान्यप्यवधसरामेध्यमृतकाद्याधारतडागजलादीन्यशुचिरूपाणि लोको मन्यते तान्यपि संस्कारवशात् शुभत्वं प्रतिपद्यन्त इति दर्शयति –**

**ટીકાર્થ :** આ પ્રમાણે મૂઢ લોક તેલ-પાણી-અગુરુ-કર્પૂર-કુસુમ-કુંકુમ-ચંદન-રસ-તાંબૂલ-વસ્ત્ર-આભરણ વગેરેથી સંસ્કૃત કરેલા શરીરને પવિત્ર માને છે ત્યાં પણ પરમાર્થથી શરીર અશુચિ રૂપે જ બતાવાયું છે. (કારણ કે શરીર જો સ્વભાવથી પવિત્ર હોત તો આ પવિત્ર વસ્તુના સંસ્કારની શરીરને જરૂર જ ન રહેત.)

અને જે મળમૂત્ર-કચરા-ચરબી-મૃતકાદિના આધાર એવા તળાવના પાણી આદિને લોક અપવિત્ર માને છે તે અપવિત્ર પાણી આદિ પણ સંસ્કારના વશથી પવિત્ર થાય છે તેને બતાવે છે-

**असुहाणि वि जलकोद्दववत्थप्पमुहाणि सयलवत्थूणि ।**
**सक्कारवसेण सुहाइं होंति कत्थइ खणद्धेणं ।।४२३।।**

**अशुभान्यपि जलकोद्रववस्त्रप्रमुखाणि सकलवस्तूनि**
**संस्कारवशेन शुभानि भवन्ति क्वापि क्षणार्धेन ।।४२३।।**

**ગાથાર્થ :** અશુભ એવા પણ પાણી-કોદ્રવ-વસ્ત્ર વગેરે સર્વ વસ્તુઓ સંસ્કારના વશથી ક્યાંક અર્ધક્ષણથી શુભ થાય છે. (૪૨૩)

**इहाशुभं जलं माघमासीयनूतनकरककर्करीप्रमुखभाजनेषु कतकफलादिना संस्कृतं क्रमेण सकलजनस्पृहणीयतां प्रतिपद्यते, मदनकोद्रवा अपि भक्षिता ये सद्य एव मानुषं घारयंति तेऽप्यौषधादिसंस्कृतास्तत्क्षण एव शुभस्वादुरसत्वं प्रतिपद्यन्ते, वस्त्रमप्यतीव मलमलिनं खंजनादिभृतं रजकादिना संस्कृतं झगित्येव शुभत्वमुपगच्छति, एवं भवनशयनादिष्वपि वक्तव्यमिति ।। ततः किमित्याह –**

**ટીકાર્થ :** અહીં અશુભ જળ માઘ મહીનામાં બનેલ નવી કળશી-કોઠી વગેરે ભોજનોમાં કતક ફળના ચૂર્ણથી સંસ્કાર કરાયેલું ક્રમથી સકલ જનને પ્રશંસનીય થાય તેવું નિર્મળ થાય છે ભક્ષણ કરાયેલા મદન કોદ્રવા જે તરત જ મનુષ્યને બેચેન કરે છે તે મદનકોદ્રવા પણ ઔષધીના સંસ્કારથી શુભ સ્વાદુ રસવાળા થાય છે. મળથી મલિન કાજળાદિથી અતિ મલિન થયેલું વસ્ત્ર ધોબી વગેરેથી સંસ્કાર કરેલું જલદીથી નિર્મળ થાય છે. એ પ્રમાણે ભવન-શયન વિશે પણ જાણવું.

તેથી શું ?-

**इय खणपरियत्तंते पोग्गलनिवहे तमेव इह वत्थुं ।**
**मन्नामि सुहं पवरं जं जिणधम्मम्मि उवयरइ ।।४२४।।**

इति क्षणपरिवर्तमाने पुद्गलनिवहे तदेव इह वस्तु
मन्ये शुचि प्रवरं यत् जिनधर्मे उपचरति ।।४२४।।

**ગાથાર્થ :** એ પ્રમાણે ક્ષણે ક્ષણે પરાવર્ત્તમાન થતા પુદ્ગલ સમૂહમાં હું તેને જ શુભ અને શ્રેષ્ઠ માનું છું જે જિનધર્મ આરાધવામાં ઉપકારક થાય છે. (૪૨૪)

**इति-उक्तन्यायेन सर्वस्मिन्नपि पुद्गलनिवहे प्रतिक्षणं परावर्त्तमाने शुभे कर्पूरहारताम्बूलादौ देहादिसम्बन्धादशुभतां प्रतिपद्यमाने अशुभेऽपि मदनकोद्रवादौ शुभतामासादयति किं शुचिरूपं ? किं चाप्यशुच्यात्मकं ? व्यपदिश्यतामितिशेषः । तत् किं सर्वथा किंचिदपि वस्तु शुचितया अत्र न व्यपदेष्टव्यमित्याशंक्याह-'तमेवे'त्यादि, तदेवेह वस्तु शुचिस्वरूपं प्रधानं चाहं मन्ये यत् साधुदेहादिकं कुसुमविलेपनवस्त्राभरणादिकं च जिनधर्मे-क्षान्त्यादिके जिनपूजादानशीलादिके चोपकुरुते, नान्यत्, तस्य सर्वस्यापि पापोपकारितया नरकादिभवहेतुत्वेन तत्त्वतोऽशुचिस्वरूपत्वादिति ।।**

**यतश्चैवं तस्मादुदाहरणगर्भं कृत्योपदेशमाह –**

**ટીકાર્થ :** કહેવાયેલા ન્યાયથી સર્વ પણ પુદ્ગલનો સમૂહ પ્રતિક્ષણ પરાવર્તન પામે છે. શુભ એવા કર્પૂર-હાર-તાંબૂલ વગેરે શરીરના સંગથી અશુભ થાય છે અને અશુભ મદન કોદ્રવ વગેરે શુભ થાય છે તેથી શુભ શું છે ? અને અશુભ શું છે ? તે તમે કહો. તો શું કોઈપણ વસ્તુ સર્વથા શુચિપણાથી ન કહી શકાય ? આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકાર કહે છે કે જે સાધુનું શરીર ક્ષાન્તિ આદિ સ્વરૂપ જિનધર્મમાં ઉપકારક થાય છે અને કુસુમ-વિલેપન-વસ્ત્ર-આભરણાદિક જિનપૂજા-દાન-શીલ-તપાદિમાં ઉપકારક થાય છે તે જ વસ્તુઓને હું શુચિરૂપ માનું છું. બીજી કોઈપણ વસ્તુને નહીં. કારણ કે બાકીની બધી વસ્તુઓ નરકાદિ ભવોના કારણ સ્વરૂપ એવા પાપોમાં સહાય કરનારી હોવાથી પરમાર્થથી અશુચિ રૂપ છે.

જે કારણથી તે વસ્તુઓ અશુચિરૂપ છે તે કારણથી ઉદાહરણ સહિત કર્તવ્યનો ઉપદેશ આપતા કહે છે-

तो मुत्तूण दुगुंछं उम्मायकरं कयंबविप्प व्व ।
देहं च बज्झवत्थुं च कुणह उवयारयं धम्मे ।।४२५।।

तस्मात् मुक्त्वा जुगुप्सां उन्मादकारिणीं कदंबविप्र इव
देहं च बाह्यवस्तु च कुरु उपकारकं धर्मे ।।४२५।।

**ગાથાર્થ :** કદંબ વિપ્રની જેમ ઉન્માદને કરનારી એવી દુર્ગચ્છાને છોડીને દેહ તથા બાહ્ય વસ્તુનો ધર્મની સાધનામાં ઉપયોગ કરો. (૪૨૫)

**यस्मात्तदेव वस्तु शुचिस्वरूपं प्रधानं च यज्जिनधर्मे उपकरोति शेषं तु सर्वमशुच्येव वर्त्तते, तस्मादुन्मादिकारिणीं जुगुप्सां मुक्त्वा कदम्बविप्र इव देहं बाह्यवस्तु च-वस्त्रविलेपनादिकं जिनधर्मोपकारकं कुर्विति ।। कः पुनरसौ कदम्बविप्र ? इति उच्यते –**

**ટીકાર્થ :** જે વસ્તુનો તથા શરીરનો ઉપયોગ જિનધર્મની આરાધનામાં થાય તે શુચિ છે બાકીનું સર્વ અશુચિ છે તેથી ઉન્માદને કરનારી જુગુપ્સાને છોડીને કદંબ વિપ્રની જેમ શરીરનો અને વસ્ત્ર વિલેપન વગેરે બાહ્ય વસ્તુનો ઉપયોગ જિનધર્મમાં કરો.

આ કદંબવિપ્ર કોણ છે ? કહેવાય છે -

## કદંબવિપ્રનું કથાનક

કાકંદી નામે નગરી છે જે નગરીના કમલ સરોવરમાં ક્રીડા કરતી નગરની સ્ત્રીઓને જોઈને કલહંસો અતિ ગૌરવવાળા થાય છે. તેમાં સમગ્રવેદનો પારગ, અવિચારિતને જાણતો, ધનવાન એવો સોમશર્મા નામનો બ્રાહ્મણ વસે છે. તેને સોમશ્રી નામે પત્ની છે અને તે બેને ગુણથી સમૃદ્ધ એવો કદંબ નામે પ્રિય મોટો પુત્ર છે. અને તે હંમેશા શુચિવાદમાં એવો રત છે કે સમગ્રવસ્તુઓને પ્રાય: છાંટ નાખ્યા વિના સ્પર્શ નહીં કરતો, દુર્ગંચ્છાને કરતો પરિભ્રમણ કરે છે. પછી લોકવડે તથા માતા પિતાવડે પણ આ તેજ પ્રમાણે શિખામણ અપાયો કે લૌકિક માર્ગથી ભ્રષ્ટ થયેલી સાચી પણ ક્રિયા શોભતી નથી. તેથી અતિમાત્રાથી શુચિવાદને કરતો તું લોકમાં ઉપહાસને જ પામશે અને સ્વયં પણ તું ઉન્મત્ત થઈશ. (૬) હવે કોઈનું કહ્યું કંઈપણ માનતો નથી અને લોહી-અશુચિ આદિ પદાર્થોમાં જો ખરડાયો હોય તો તત્ક્ષણે જ પહેરેલા વસ્ત્રે સ્નાન કરે છે. પછી હું હું એમ કરતો જ વસ્ત્રના છેડાથી નાસિકા અને મુખને ઢાંકીને સર્વત્ર છાંટ નાખતો અને દુર્ગંચ્છ કરતો ભમે છે અને પછી ભરયૌવનમાં કોઈપણ રીતે ઘણાં રોગોથી પીડિત થયો. થયેલા ઝાડાઓ કોઈક રીતે અહોરાત્ર પછી બંધ થાય છે આખા શરીરમાં ફોડાઓ ઉત્પન્ન થયા. પછી તેમાંના કેટલાક પાકે છે અને તેમાંથી પરુ-રુધિરના સમૂહો સતત ગળે છે. (૧૦) સતત પ્રમેહ થાય છે. (અર્થાત્ વારંવાર માત્રુ થાય છે.) અર્શમાં લોહીનો પ્રવાહ ઝરે છે. ખાંસી ખાતો ચીકણાં શ્લેષ્મને વારંવાર થૂંકે છે. ઊલટી કરે છે. ખાધેલું ભોજન પેટમાં ક્યારેય ટકતું નથી. નિર્ઝરણાના નીરની જેમ નાસિકામાંથી લીંટ ગળે છે. (૧૨) પછી નાશ પામ્યો છે સમગ્ર શુચિવાદ જેનો એવો કદંબ કોઈપણ દુગંચ્છાને કરતો નથી. વૈદ્યોએ આપેલા, દુર્ગંચ્છાને કરનારા મળવાળા ઔષધોનું સેવન કરે છે. (૧૩)

હવે કોઈ વખત ગોચરીમાં ફરતા શરીરનું પ્રતિકર્મ નહીં કરનારા ઇર્યાસમિતિમાં ઉપયોગી, મન-વચન-કાયગુપ્તિને ધરનારા, તૃણ-મણિ, ઢેફા-કંચનમાં સમાન, ધીર એવા બે સાધુઓ તેના ઘરે કોઈક રીતે આવ્યા. તેઓને જોઈને કદંબે વિચાર્યું કે ખરેખર સકલલોકમાં આ સાધુઓ જ શુચિવાદી છે. જેઓ અખંડ બ્રહ્મચર્યને ધારણ કરે છે. જેઓ હિંસા-અલીકાદિ પાપોમાં શંકા વિના પ્રવર્તે છે અને પાપકર્મોથી લેપાતા એવા અમારા જેવાને શુચિવાદ કયો ? તેથી સર્વ પાપોથી વિરત શત્રુમિત્ર વર્ગ વિશે સમચિત્તવાળા, પ્રક્ષાલિત કરાયા છે સકળ પાપમળો જેઓ વડે એવા પવિત્ર સાધુઓ જ શુચવાદી છે. (૧૮) તેથી જો હું કોઈપણ રીતે આ દુષ્ટ રોગોથી મુક્ત થાઉં તો આ ધીરોના જ માર્ગને અનુસરું.

એ પ્રમાણે શુભભાવથી તેના ભોગ્યકર્મ કોઈક રીતે ઉપશાંત થયા. અને સર્વપણ દારૂણ રોગો સારી રીતે મટી ગયા. પછી સાધુઓ પાસે ધર્મ સાંભળીને શ્રાવક થયો. મૂળ-ઉત્તર ગુણો સહિત દેશ ચારિત્રનો સ્વીકાર કર્યો તથા માતાપિતાને શ્રાવક કર્યા અને પરજનની સાથે દરરોજ જિનધર્મને સાંભળે છે અને જિનબિંબોને પૂજે છે અને વિચારે છે કે મળ-મૂત્ર-હાડકાના ભારવાળા આ શરીરને વિશે જે લોક ઉત્તમ-કુસુમ-વિલેપન-વસ્ત્ર-આભરણાદિનો ઉપયોગ કરે છે તે ફક્ત મોહનો જ વિલાસ છે. શુભવસ્તુઓથી શણગારવામાં આવતો અશુભનો પુંજ શોભતો નથી. તેથી મોક્ષના કારણભૂત એવા ધર્મકાર્યમાં પોતાની વસ્તુનો ઉપયોગ કરે છે તે જ શુચિવાદી, પવિત્ર અને પ્રશંસનીય છે એમ હું માનું છું. (૨૫)

એ પ્રમાણે વિચારીને હિરણ્ય વસ્ત્રાદિક સર્વ બાહ્ય સામગ્રીનો ઉપયોગ હંમેશા જિનેશ્વરોના બિંબાદિ કાર્યોમાં કરે છે. હવે એકવાર રાત્રીના વિરામ સમયે વિચારે છે કે મને જે ઇષ્ટ હતું તે સર્વ પણ બાહ્યવસ્તુનો

ઉપયોગ ધર્મમાં કર્યો. શ્રેષ્ઠ રત્નના કરંડીયાની જેમ હંમેશા પણ આ શરીર મને ઇષ્ટ હતું તેથી તેનો ઉપયોગ પણ હમણાં ધર્મમાં કરું. યત્નથી સારી રીતે પણ રક્ષણ કરાયેલું જે આ શરીર રોગોથી પીડિત કરાય છે તથા જરાથી જર્જરિત કરાયેલુ આ શરીર મૃત્યુવડે નાશ કરાય છે. ધર્મની અંદર આ શરીરનો ઉપયોગ કરવો તે જ લાભ છે એ પ્રમાણે વિચારીને સુગુરુની પાસે માતાપિતાની સહિત જ વ્રતને ગ્રહણ કરે છે અને વિપુલ તપને કરે છે કાળક્રમે તે સિદ્ધ થયો અને માતાપિતા દેવલોકમાં ગયા. (૩૧)

તેની સમાપ્તિમાં આ છટ્ઠી અશુચિ ભાવના પુરી થઈ.

**तदेवं संसारस्य दुःखात्मकतां शरीरस्याशुचितां च परिभाव्य धर्मध्यानमेव ध्यायेत्, तच्च लोकस्वभावमेव भावयतो भवतीति सप्तमीं लोकस्वभावभावनामभिधित्सुराह –**

તેથી આ પ્રમાણે સંસારની દુઃખ સ્વરૂપતાનું અને શરીરની અશુચિતાનું પરિભાવન કરીને ધર્મધ્યાન જ કરવું જોઈએ અને તે ધર્મધ્યાન લોકસ્વભાવ ભાવનાને ભાવતા જ થાય છે. એટલે સાતમી લોકસ્વભાવ ભાવનાને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**(अथ लोकस्वभावभावना)**

**चउदसरज्जू उड्डायओ इमो वित्थरेण पुण लोगो ।**
**कत्थइ रज्जुं कत्थ वि य दोन्नि जा सत्त रज्जूओ ।।४२६।।**

**चतुर्दशरज्जुक ऊर्ध्वायतोऽयं विस्तरेण पुनर्लोकः**
**कुत्रचिद्रज्जु क्वापि च द्वे यावत् सप्त रज्जवः ।।४२६।।**

**ગાથાર્થ :** આ લોક ચૌદ રજ્જુ ઊંચો છે અને પહોળાઈથી ક્યાંક એક રજ્જુ ક્યાંક બે રજ્જુ યાવત્ સાત રજ્જુ પ્રમાણ છે.

**सप्तमनरकपृथिव्या अधस्तलादारभ्योर्ध्वायतो-दीर्घोऽसौ लोकश्चतुर्दशरज्जुको भवति, विस्तरेण पुनः क्वापि तिर्यग्लोके सिद्धिक्षेत्रप्रदेशे चैकरज्जुर्भवति, क्वचित्तु रज्जुद्वयं त्रयं यावत् सप्तमनरकपृथिव्यां विस्तरेण सप्त रज्जवो भवन्तीति ।। यदि नामैवं प्रमाणो लोकः ततः किमित्याह –**

**ટીકાર્થ :** સાતમી નરક પૃથ્વીની નીચેના તળથી માંડીને ઉપર આ લોક ચૌદ રજ્જુ પ્રમાણ થાય છે. વિસ્તાર (પહોળાઈ)થી આ લોક તિર્છાલોક તથા સિદ્ધક્ષેત્ર પ્રદેશમાં એક રજ્જુ પ્રમાણ થાય છે ક્યાંક બે રજ્જુ, ક્યાંક ત્રણ રજ્જુ યાવત્ સાતમી નરકપૃથ્વીમાં સાત રજ્જુ પ્રમાણ વિસ્તારવાળો થાય છે.

જો એટલા પ્રમાણવાળો લોક છે તો તેથી તમારે શું કહેવાનું છે ? તેને કહે છે-

**निरयावाससुरालयअसंखदीवोदहीहिं कलियस्स ।**
**तस्स सहावं चिंतेज्ज धम्मझाणत्थमुवउत्तो ।।४२७।।**

**निरयावाससुरालयासंख्यद्वीपोदधिभिः कलितस्य**
**तस्यस्वरूपं चिंतयेत् धर्मध्यानार्थमुपयुक्तः ।।४२७।।**

**ગાથાર્થ :** ધર્મધ્યાન માટે ઉપયુક્ત જીવે નરકાવાસ - દેવલોક - અસંખ્ય દ્વીપ સમુદ્રોથી યુક્ત એવા લોકના સ્વભાવનું ચિંતવન કરવું જોઈએ. (૪૨૭)

प्रकटार्थैव ।। तदेवमेकेन प्रकारेण लोकस्वभावभावना प्रोक्ता, अथ प्रकारान्तरेण तामभिधित्सुराह –

આ પ્રમાણે એક પ્રકારથી લોક સ્વભાવ ભાવના કહી હવે બીજા પ્રકારથી તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**अहवा लोगसभावं भावेज्ज भवंतरम्मि मरिऊण ।**
**जणणी वि हवइ धूया धूया वि हु गेहिणी होइ ।।४२८।।**

**पुत्तो जणओ जणओ वि नियसुओ बंधुणोऽवि होंति रिऊ ।**
**अरिणोऽवि बंधुभावं पावंति अणंतसो लोए ।।४२९।।**

**अथवा लोकस्वभावं भावयेत् भवान्तरे मृत्वा**
**जनन्यपि भवति दुहिता दुहिताऽपि खलु गेहिनी भवति ।।४२८।।**

**पुत्रो जनकः जनकोऽपि निजसुतः बन्धवोऽपि भवन्ति रिपवः**
**अरयोऽपि बंधुभावं प्राप्नुवन्ति अनन्तशो लोके ।।४२९।।**

**ગાથાર્થ :** અથવા લોકસ્વભાવની ભાવના કરવી જોઈએ કે માતા મરીને ભવાંતરમાં પુત્રી થાય છે અને પુત્રી મરીને પત્ની થાય છે. (૪૨૮)

પુત્ર મરીને ભવાંતરમાં પિતા થાય છે અને પિતા પણ પોતાનો પુત્ર થાય છે. ભાઈ પણ શત્રુ થાય છે અને લોકમાં શત્રુઓ પણ અનંતીવાર ભાઈ થાય છે. (૪૨૯)

एते अपि सुगमे । नवरं लोकशब्देन पूर्वं पंचास्तिकायमयो लोको विवक्षितः । इदानीं तु लोक्यते-केवलज्ञानिभिरवलोक्यत इति लोकः-संसार इति ।।

अपरमपि संसारवैरस्यमुदाहरणसहितं दर्शयति –

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે પરંતુ લોકશબ્દથી પૂર્વે પંચાસ્તિકાયમય (ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશાસ્તિકાય - પુદ્ગલાસ્તિકાય તથા જીવાસ્તિકાય સ્વરૂપ) લોક વિવક્ષિત હતો પણ હમણાં તો કેવળજ્ઞાનથી જે જોવાય તે લોક અર્થાત્ સંસાર એવી વિવક્ષા છે.

સંસારની શત્રુતાનું બીજું પણ સ્વરૂપ છે તેને ઉદાહરણ સહિત બતાવે છે.

**पियपुत्तस्स वि जणणी खायइ मंसाइं भवपरावत्ते ।**
**जह तस्स सुकोसलमुणिवरस्स लोयम्मि कट्ठमहो ।।४३०।।**

**प्रियपुत्रस्यापि जननी भक्षयति मांसानि भवपरावर्त्ते**
**यथा तस्य सुकोशलमुनिवरस्य लोके कष्टमहो ? ।।४३०।।**

**ગાથાર્થ :** અહો ! લોકમાં કેવું કષ્ટ છે કે ભવનું પરાવર્તન થયા પછી તે સુકોશલ મુનિવરની માતા પ્રિયપુત્રનું માંસ ખાય છે. (૪૩૦)

**अक्षरार्थः सुगम एव । भावार्थस्तु कथानकादवसेयः, तच्चेदम् –**

અક્ષરાર્થ સુગમ છે ભાવાર્થ કથાનકથી જાણવું.

## સુકોશલ મુનિવરનું કથાનક

જગત પ્રસિદ્ધ ઇક્ષ્વાકુવંશમાં શ્રી ઋષભ જિનેશ્વર પછી અસંખ્યાતા રાજાઓ થયાં પછી સાકેતપુર નગરમાં વિજયનામનો રાજા થયો. તેને હિમચૂલા નામની સ્ત્રી હતી અને બે પુત્રો હતા. મોટો પુત્ર વજ્રબાહુ નાનોપુત્ર પુરંદર હતો.

અને આ બાજુ નાગપુર નગરમાં ઇન્દ્રવાહન રાજા હતો. તેની મનોરમા પુત્રીને પરણીને વજ્રબાહુ મોટી સામગ્રીથી પોતાના નગર તરફ પાછો ફર્યો અને તેની સાથે વળતા સાળો ઉદયસુંદરકુમાર આવે છે. પછી ક્રમથી વસંતગિરિ પર્વતની નજીકમાં આવ્યો અને તે પર્વતની વિશાલ શિલાતલ ઉપર સૂર્યની સન્મુખ ઊર્ધ્વબાહુ કરીને આતાપના લેતા એક સાધુને જોયા. પછી વજ્રબાહુ કહે છે કે આ જ મુનિવર જગતમાં ધન્ય છે જેણે સર્વ સંગને તજી દીધો છે તપથી શરીરને કૃશ કર્યું છે. કામદેવને જીતી લીધો છે. (૭) વિપુલ તપને આચરે છે આત્મામાં સંલીન રહે છે. સંસારભાવથી મુકાયેલો છે. સ્વાધ્યાયમાં તત્પર છે. હવે ઉદયસુંદરે મશ્કરીથી કહ્યું કે શું તું પણ અહીં દીક્ષા લેવાનો છે કે જેથી આ ઉત્તમ સાધુની આ પ્રમાણે પ્રશંસા કરે છે ? હવે વજ્રબાહુ કહે છે કે હું તેને (દીક્ષાને) ચિત્તમાં વિચારું છું. પછી સાળો કહે છે કે તું જો આ સાધુને બીજો થઈશ તો હું તને બીજો થઈશ. (અર્થાત્ તું જો આ સાધુપાસે દીક્ષા લઈશ તો હું પણ તારી સાથે દીક્ષા લઈશ.) પછી વજ્રબાહુ કહે છે કે તું તારા વચનને યાદ કરજે ફોક ન કરીશ. (અર્થાત્ પોતે બોલેલા વચનનું પાલન કરજે.) વગેરે કહીને બંને પણ સાધુની પાસે ગયા. સાધુએ સંવેગના સારને ઉત્પન્ન કરનારો ધર્મ કહ્યો. વજ્રબાહુ મનોરમાની સાથે દીક્ષા લે છે. ઉદયસુંદર વગેરે બીજા છવ્વીસ રાજકુમારો તે અતિશય જ્ઞાનીની પાસે જ દીક્ષાને ગ્રહણ કરે છે. (૧૩) તેને સાંભળીને વિજયરાજા વિચારે છે કે તે બાળે પણ દીક્ષા લીધી જ્યારે હું જરાથી જર્જરિત થયેલ શરીરવાળો પણ સંસારમાં રહું છું, પુરંદરને રાજ્યપર સ્થાપીને તે પણ દીક્ષાને ગ્રહણ કરે છે. રાજ્યનું પાલન કરતા પુરંદરને કાળથી કીર્તિધર નામનો પુત્ર થયો. પુરંદર રાજા પણ તેને રાજ્યભાર સોંપીને દીક્ષા લે છે.

પછી કીર્તિધર રાજા પોતાની ભાર્યા સહદેવીની સાથે વિષય સુખોને ભોગવતો ન્યાયથી રાજ્યનું પાલન કરે છે. કોઈ વખત રાહુથી ગ્રસાતા સૂર્યમંડળને જુએ છે. પછી સંવેગને પામેલો મનમાં આ પ્રમાણે વિચારે છે કે-

જેણે ભુવનમાં તળને પ્રકાશિત કર્યું છે, સર્વ ગ્રહોના સમૂહના તેજને જેણે ઝાંખુ કર્યું છે એવો દુષ્પ્રેક્ષ સૂર્ય પણ જો આવી અવસ્થાને પામે છે તો અમારા જેવા નિમ્નપુરુષોની અહીં શું ગણના છે ? સંપૂર્ણ જગતની વિરુદ્ધ તે શરીર થાય તે પૂર્વે પૂર્વપુરુષોએ સેવેલી જિનદીક્ષાને હું સેવું. (અર્થાત્ આ મારું શરીર મરણને શરણ થાય તે પૂર્વે દીક્ષા આરાધીને કલ્યાણ સાધી લેવું જોઈએ.) આ અભિપ્રાયને મંત્રીઓએ જાણ્યો એટલે તેઓએ તેને કહ્યું કે હે દેવ ! જ્યાં સુધી આપને પુત્રની પ્રાપ્તિ થાય ત્યાં સુધી રાહ જુઓ. પછી તેઓના આગ્રહથી તે કષ્ટથી દિવસો પસાર કરે છે. સહદેવીને પુત્ર થયો. મંત્રીઓએ તેને છૂપાવી દીધો. ગુપ્ત રીતે રખાયેલો એવો તે મોટો થાય છે અને તેનું નામ સુકોશલ રાખ્યું. (૨૩) હવે કીર્તિધર રાજાએ કોઈક રીતે આ હકીકત જાણી અને તેને રાજ્ય સોંપીને શ્રી વિજયસેનની પાસે દીક્ષા લીધી. પછી સુકોશલ રાજા રાજ્યનું પાલન કરે છે અને કીર્તિધર મુનિપણ

ગીતાર્થ થયા. એકલ વિહારને ધારણ કરનાર ભિક્ષાને માટે સાકેતપુરમાં પ્રવેશેલા કોઈપણ રીતે સહદેવી વડે જોવાયા. પછી નગરમાંથી તેમને હંકાવી કઢાવ્યા. મારા પુત્રને પણ છળ કરીને આ લોકો હરી ન જાય તેથી ભય પામેલી સહદેવીએ બીજા પણ સર્વ પાખંડીઓને નગરમાંથી દૂર કરાવ્યા. પછી રડતી ધાવમાતાને સુકોશલ રાજાએ હકીકત પૂછી. ધાવમાતાએ કહ્યું કે તારા કીર્તિધર પિતા રાજાએ તને રાજ્ય સોંપીને દીક્ષા લીધી છે તે આજે અહીં આવેલા હતા. તેને તારી માતાએ દુષ્ટ પુરુષોવડે નગરમાંથી હટાવી કાઢ્યા છે (૨૯) ઇત્યાદિ તેની પાસેથી સાંભળીને પછી રાજા પિતામુનિ પાસે જઈને વાંદે છે અને શુદ્ધ ભૂમિ પર બેસે છે. પછી પ્રણામ કરીને રાજર્ષિને કહ્યું કે હે તાત ! હે જગતવત્સલ ! ભવસમુદ્રમાં ડૂબતા એવા મારી તમે કેમ ઉપેક્ષા કરી ? હે સ્વામિન્ ! રાજ્ય સાવદ્યમય છે, દુર્ગતિનું કારણ છે એ પ્રમાણે તમે નિશ્ચય કર્યો તો પછી મને અનિષ્ટ ફળવાળું આ રાજ્ય શા માટે આપ્યું ? તેથી પોતાના હાથે પ્રસાદી કરાયેલી એવી જિન દીક્ષા રૂપી વિપુલ નાવડીથી મને પણ આ ભયંકર ભવ સાગરથી પાર ઉતારો. (૩૩) તને ધર્મમાં અવિઘ્ન થાઓ, રાજ્ય વગેરેમાં પ્રતિબંધ (રાગ) ન કરો. એ પ્રમાણે મુનિવરે કહ્યું ત્યારે ત્યાં વિચિત્રમાલા નામની ગર્ભવતી સ્ત્રી મંત્રીગણની સાથે ત્યાં આવી અને મસ્તકપર મુકાયેલ છે સુપ્રશસ્ત હાથોનો પુટ જેની વડે એવી તે (અર્થાત્ અંજલિ જોડીને) રાજાને પ્રાર્થના કરે છે કે હે સ્વામિન્ ! અનાથ રાજ્યને ન છોડો. તેથી જ્યાં સુધી તમને પુત્ર સંતતિ થાય ત્યાં સુધી કરુણાથી રાહ જુઓ. પ્રયત્નથી પ્રજાનું પાલન કરવું એ પણ શું ધર્મ નથી ? પછી મંત્રીઓએ તેની વાતનું સમર્થન કર્યું. ફરી કરાયેલી પ્રાર્થનાને સાંભળીને સુકોશલ રાજાએ કહ્યું કે તારા ગર્ભમાં જે પુત્ર છે તે મારાવડે રાજ્યપર અભિષેક કરાયો છે. આ બાબતમાં અહીં બીજા કોઈએ પણ કંઈપણ ન કહેવું. આરંભમાં મારું મન રાગી થતું નથી એ પ્રમાણે કહીને તથા યથાયોગ્ય સર્વ પરિજનને શિખામણ આપીને સુકોશલ રાજાએ પિતાની પાસે પ્રવ્રજ્યાને સ્વીકારી. ગીતાર્થ થયેલો પિતાની સાથે વિપુલ તપકર્મને આચરે છે અને ઘણી લબ્ધિવાળો ગ્રામ-આકરથી મંડિત પૃથ્વી તળ પર વિચરે છે. (૪૧)

સહદેવી પણ લાંબો સમય પુત્રના વિયોગનો શોક કરીને, ખેદ પામીને આર્ત્તધ્યાનને પામેલી મરીને ગિરિગુફામાં વાઘણ થઈ. પતિ અને પુત્ર બંને મુનિઓ પણ વર્ષાકાળ તે જ ગિરિપર રહે છે. ચઉમાસી તપ પુરું થયા પછી તે બંને પણ મુનિઓ કાર્તિક વદ એકમના દિવસે પારણા નિમિત્તે વસતિમાં જતા તે વાઘણ વડે જોવાયા. પછી જાણે સાક્ષાત્ યમરાજની મૂર્તિ હોય તેમ આ વાઘણ તેઓની પાછળ દોડી. પ્રાણાંતિક ઉપસર્ગને જાણીને તે બંને પણ કાઉસ્સગ્ગમાં શુભધ્યાનથી રહે છે અને પરમ ધ્યાનમાં લીન થયા પછી ગિરિકૂટ ઉપર વિજળી પડે તેની જેમ આ વાઘણ ઊછળીને સુકોશલ મુનિ પર ત્રાટકે છે અને ચપેટાથી હણે છે. તેને પૃથ્વીપર પાડીને પછી તુષ્ટ થયેલી વાઘણ ચર-ચર-ભક્ષણ કરાતા એવા તેના જીવતા શરીરની ચામડી અને માંસને ઉખેડે છે. અને લોહીને ગટગટાવે છે, કટકટ અવાજથી હાડકાઓને તોડે છે, તીક્ષ્ણ દાંત અને નખોથી માંસને ખેંચીને ખાય છે. હૃદયપર બેઠેલી મનમાં ખુશ થયેલી તે વાઘણ પુત્ર અને પતિના માંસ અને લોહીનું આ રીતે ભક્ષણ કરે છે.

એ પ્રમાણે વાઘણવડે ભક્ષણ કરાતા તે મહામુનિને શુભભાવનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને અંત:કૃત સિદ્ધ થયા. કીર્તિધર સાધુપણ સંસારના સ્વભાવની ભાવનામાં મગ્ન ઘાતીકર્મ ખપાવીને કેવલી થઈને સિદ્ધ થયા. (૫૧) એ પ્રમાણે ભવાટવીમાં ભમતા અજ્ઞાનથી અંધ બનેલા જીવોવડે પ્રિય એવા પણ પતિ-પુત્ર-ભાઈ વગેરે ભક્ષણ કરાય છે. અને તે સુકોશલની પત્ની વિચિત્રમાલાને હિરણ્યગર્ભ નામે પુત્ર થયો જે રાજા થયો. એ પ્રમાણે સંક્ષેપથી મારાવડે આ સુકોશલમુનિનું ચરિત્ર કહેવાયું. વિસ્તારના અર્થી જીવે પઉમ ચરિત્ર ગ્રંથથી જાણવું. (૫૪)

તેની સમાપ્તિની સાથે સાતમી લોક સ્વભાવ ભાવના સમાપ્ત થઈ.

**આશ્રવ ભાવના**

**अथ धर्मध्यानार्थमेवाष्टमी कर्माश्रवभावना प्रारभ्यते, तत्र च संवेगवासनावासितान्तःकरणेन मुमुक्षुणा संसारक्लेशविसरविच्छेदाय सर्वदैवेदं मनसि भावनीयं, किमित्याह –**

હવે ધર્મધ્યાનને માટે આઠમી કર્માશ્રવ ભાવના પ્રારંભ કરાય છે અને ધર્મધ્યાનમાં સંવેગવાસનાથી વાસિત કરાયું છે અંતઃકરણ જેના વડે એવા મુમુક્ષે સંસારના ક્લેશના સમૂહને છેદવા માટે હંમેશા મનમાં આ ભાવવું જોઈએ.

શું ભાવવું જોઈએ તેને કહે છે-

**(कर्माश्रवभावना)**

**केवलदुहनिम्मविए पडिओ संसारसायरे जीवो ।**
**जं अणुहवइ किलेसं तं आसवहेउयं सव्वं ।।४३१।।**

**केवलदुःखनिर्मापिते पतितः संसारसागरे**
**जीवः यमनुभवति क्लेशं स आश्रवहेतुकः सर्व्वः ।।४३१।।**

**ગાથાર્થ :** ફક્ત દુઃખથી નિર્મિત એવા આ સંસાર સાગરમાં પડેલો જીવ જે ક્લેશને અનુભવે છે તે સર્વ આશ્રવનું કારણ છે. ૪૩૧

**केवलदुःखैर्निर्मापिते-घटिते तदात्मके इत्यर्थः, एतस्मिन् संसारसागरे निपतितो जन्तुर्यो रोगजन्मजरामरणशोक-दारिद्र्यदौर्भाग्यपरपरिभवविषादादिसम्भवं शारीरं मानसं च क्लेशराशिं-दुःखसमुदयमनुभवति तं आश्रवति-आदत्ते गृह्णाति यैर्हेतुभूतैरष्टविधं कर्म्म जीवस्ते आश्रवाः-रागद्वेषकषायेन्द्रियादयस्तद्धेतुकं-तत्कारमिति विज्ञेयमिति ।।**

**ટીકાર્થ :** ફક્ત દુઃખોથી નિર્મિત અર્થાત્ દુઃખ સ્વરૂપ આ સંસાર સાગરમાં પડેલો જીવ જન્મ-જરા-મરણ-રોગ-શોક દારિદ્રય-દૌર્ભાગ્ય પરપરિભવ-વિષાદ-વગેરેથી ઉત્પન્ન થયેલ શારીરિક અને માનસિક ક્લેશના સમુદાયને અનુભવે છે. આઠ પ્રકારના કર્મોને જીવ જે હેતુઓથી ગ્રહણ કરે છે તે આશ્રવો છે અને રાગ-દ્વેષ-કષાય-ઇન્દ્રિય વગેરે આશ્રવોના કારણો છે.

**यैर्जीवः कर्माऽऽश्रवति तानाश्रवान् स्वत एव दर्शयति -**

જે કારણોથી જીવ કર્મનો આશ્રવ કરે છે તે આશ્રવોને ગ્રંથકાર સ્વતઃ જ બતાવે છે-

**रागद्दोसकसाया पंच पसिद्धाइं इंदियाइं च ।**
**हिंसालीयाइयाणि य आसवदाराइं कम्मस्स ।।४३२।।**

**रागद्वेषकषायाः पंच प्रसिद्धानीन्द्रियाणि च**
**हिंसालीकादीनि च आश्रवद्वाराणि कर्मणः ।।४३२।।**

ગાથાર્થ : રાગ-દ્વેષ અને કષાયો તથા પ્રસિદ્ધ પાંચ ઇન્દ્રિયો અને હિંસા - જૂઠ વગેરે કર્મના આશ્રવદ્વારો છે. ૪૩૨

आश्रवा एव कर्म्मकचवरप्रवेशस्य द्वाराणीव द्वाराण्याश्रवद्वाराणि, तद्यथा – मायालोभकषायमिश्रपरिणामो रागः, क्रोधमानमिश्रपरिणतिस्तु द्वेषः । उक्तं च – 'माया लोभकषायश्चेत्येतद्रागसंज्ञितं द्वन्द्वम् । क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ।।१।। (प्रशम.) इति, कषायाः-क्रोधादयश्चत्वारः, स्पर्शनरसनादीनि पंचेन्द्रियाणि प्रसिद्धान्येव, हिंसाऽलीकभाषणादीनि च आदिशब्दाच्चौर्यमैथुनपरिग्रहरात्रिभोजनमिथ्यात्वाविरतियोगादिपरिग्रहः, एतानि सर्वाण्यपि कर्म्मण आश्रवद्वाराणि । इदमुक्तं भवति-यथा कस्मिंश्चित् उद्‌घाटद्वारेऽपवरके मूलद्वारगवाक्षजालकादिभिर्द्वारैः पवनप्रेरितं रजःकचवरादिकं प्रविशति तथा जीवापवरके रागद्वेषादिभिर्द्वारैः कर्मरजःकचवरं प्रविशति, सर्वस्यापि कर्मोपादानस्य तद्धेतुत्वाद्, अत एतानि रागादीन्याश्रवद्वाराणि अभिधीयन्त इति ।। तत्र रागद्वेषयोराश्रवद्वारत्वं स्वयमेव प्रकटयति –

**टीकार्थ :** આશ્રવો જ કર્મરૂપી કચરાના પ્રવેશ દ્વારો છે. દ્વારો જેવા દ્વારો છે માટે દ્વાર કહેવાય છે અને તે આશ્રવના દ્વારો છે માટે આશ્રવ દ્વાર. આશ્રવના દ્વારો આ પ્રમાણે છે-

માયા અને લોભ કષાયનો જે મિશ્ર પરિણામ તે રાગ છે અને ક્રોધ તથા માનની જે મિશ્ર પરિણતિ તે દ્વેષ છે. પ્રશમરતિમાં કહ્યું છે કે – माया लोभ कषाय श्चेत्येतद्राग संज्ञितं द्वन्द्वम् । क्रोधो मानश्च पुनर्द्वेष इति समास निर्दिष्टः ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયો છે. સ્પર્શેન્દ્રિય. રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો છે. તે પ્રસિદ્ધ જ છે. હિંસા-જુઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-રાત્રીભોજન મિથ્યાત્વ-અવિરતિ તથા મન-વચન કાયાના યોગો આ બધા પણ કર્મના આશ્રવ દ્વારો છે. કહેવાનો ભાવ એ છે કે - જેમ કોઈક ઉઘાડેલ દરવાજાવાળા ઓરડામાં મૂળ દરવાજામાંથી બારી જાળીયા વગેરે દ્વારોમાંથી પવનવડે લવાયેલ ધૂળ-કચરો વગેરે પ્રવેશે છે તેમ જીવરૂપી ઓરડામાં રાગદ્વેષ આદિ રૂપી દ્વારોથી કર્મરૂપી કચરો પ્રવેશે છે. કેમકે રાગદ્વેષ વગેરે સર્વ પ્રકારના કર્મોને ગ્રહણ કરવાના કારણો છે. આથી જ આ રાગદ્વેષાદિને આશ્રવ દ્વારો કહેવાય છે.

કર્મોના ઉપાદાનમાં રાગદ્વેષનું આશ્રવદ્વારપણું છે એમ સ્વયં જ ગાથામાં પ્રકટ કરે છે.

**रागद्दोसाण धिरत्थु जाण विरसं फलं मुणंतोऽवि ।**
**पावेसु रमइ लोओ आउरवेज्जो व्व अहिएसु ।।४३३।।**

**रागद्वेषौ धिगस्तु ययोः विरसं फलं जानन्नपि**
**पापेषु रमते लोकः आतुरवैद्य इव अहितेषु ।।४३३।।**

**ગાથાર્થ :** રાગ-દ્વેષને ધિક્કાર થાઓ કારણ કે અપથ્યના સેવનથી વિરસ ફળ મળશે એમ જાણતો હોવા છતાં વૈદ્ય જેમ અપથ્યનું સેવન કરે છે તેમ પાપના સેવનથી વિરસફળ મળશે એમ જાણતો હોવા છતાં લોક પાપોમાં રમણ કરે છે. (૪૩૩)

रागद्वेषयोः सकलत्रिभुवनशत्रुभूतयोः धिगस्तु तयोर्विरसं-परिणामदारुणं नरकगमनादिकमिहलोकेऽपि बन्धवधापभ्राजनादिकं फलं जानन्नपि वराको लोकस्तदधिष्ठितः पापेषु-परधनहरणपरयोषिद्‌गमनकलहादिकेषु रमते-रतिं लभते, यथा आतुरो-व्याधिगृहीतो वैद्यः स्वयमपथ्यभोगफलं जानन्नपि अहितेषु-अपथ्येषु लोलतादिप्रेरितो रमते । इदमुक्तं भवति-रागद्वेषातुरो लोकः पापेषु प्रवर्त्तते, तत्प्रवृत्तौ च नूतनमशुभं दुरन्तं कर्म्म बध्नातीत्येवमनयोराश्रवद्वारता । एवमन्यत्राप्यसौ स्वबुद्ध्या भावनीयेति ।। अथ क्रोधमानमायालोभानामा-श्रवद्वारतामाविष्कुर्वन्नाह –

**ટીકાર્થ :** સકલ ત્રિભુવનના શત્રુ બનેલા રાગ-દ્વેષને ધિક્કાર થાઓ કારણ કે રાગદ્વેષના દારૂણ પરિણામ જેવા કે નરકગમન વગેરે તથા આ લોકમાં પણ બંધ-વધ-અપભ્રાજના વગેરે ફળોને જાણતો પણ વરાકડો લોક રાગદ્વેષથી પ્રેરિત પરધન હરણ, પરસ્ત્રીગમન, કલહ વગેરેમાં રતિ મેળવે છે. જેમ વ્યાધિથી પીડાયેલો વૈદ્ય સ્વયં અપથ્યના ભોગફળને જાણતો હોવા છતાં પણ લોલતાથી પ્રેરાયેલો અપથ્યોમાં રમણ કરે છે. કહેવાનો ભાવ એ છે કે રાગદ્વેષથી પીડાયેલો લોક પાપોમાં પ્રવર્તે છે, પાપોની પ્રવૃત્તિમાં નવા અશુભ દુરંત કર્મો બાંધે છે. તેથી રાગ-દ્વેષની આશ્રવ દ્વારતા કહી છે એ પ્રમાણે અન્યપાપોમાં પણ આશ્રવદ્વારતા સ્વબુદ્ધિથી વિચારવી.

હવે ક્રોધ-માન-માયા-લોભની આશ્રવદ્વારતાને બતાવતા કહે છે.

**धम्मं अत्थं कामं तिन्नि वि कुद्धो जणो परिच्चयइ ।**
**आयरइ ताइं जेहि य दुहिओ इह परभवे होइ ।।४३४।।**
**पावंति जए अजसं उम्मायं अप्पणो गुणब्भंसं ।**
**उवहसणिज्जा य जणे होंति अहंकारिणो जीवा ।।४३५।।**
**जह जह वंचइ लोयं माइल्लो कूडबहुपवंचेहिं ।**
**तह तह संचिणइ मलं बंधइ भवसायरं घोरं ।।४३६।।**
**लोभेणऽवहरियमणो हारइ कज्जं समायरइ पावं ।**
**अइलोभेण विणस्सइ मच्छो व्व जहा गलं गिलिउं ।।४३७।।**

**धर्मं अर्थं कामं त्रीणि अपि क्रुद्धो जनः परित्यजति**
**आचरति तानि यैश्च दुःखित इह परभवे भवति ।।४३४।।**
**प्राप्नुवन्ति जगति अयशः उन्मादं आत्मनो गुणभ्रंशं**
**उपहसनीयाश्च जने भवन्ति अहंकारिणो जीवाः ।।४३५।।**
**यथा यथा वंचयते लोकं मायी कूटबहुप्रपंचैः**
**तथा तथा संचिनोति मलं बध्नाति भवसागरं घोरं ।।४३६।।**
**लोभेनापहृतमनाः हारयति कार्यं समाचरति पापं**
**अतिलोभेन विनश्यति मत्स्य इव यथा गलं गिलित्वा ।।४३७।।**

**ગાથાર્થ :** ક્રોધી માણસ ધર્મ-અર્થ અને કામ ત્રણેયનો ત્યાગ કરે છે અને એવા કાર્યો આચરે છે જેનાથી તે આલોક અને પરલોકમાં દુઃખી થાય છે. (૪૩૪)

માની જીવો જગતમાં અપજશને પામે છે, ઉન્માદી બને છે, આત્માના ગુણોથી ભ્રષ્ટ થાય છે. લોકમાં ઉપહાસને પામે છે તથા અહંકારી બને છે. (૪૩૫)

માયાવી જેમ જેમ ઘણાં કૂટ પ્રપંચોથી લોકને ઠગે છે તેમ તેમ ઘણાં કર્મમળને ગ્રહણ કરે છે તથા સંસારરૂપી ઘોર સાગરને બાંધે છે. (૪૩૬)

લોભથી હરાયેલ મનવાળા જીવનું કાર્ય સિદ્ધ થતું નથી તથા પાપને આચરે છે. ગલને ગળીને જેમ માછલો નાશ પામે છે તેમ અતિલોભથી જીવ પ્રાણ ગુમાવે છે. (૪૩૭)

**पाठसिद्धा एव ।। अथ क्रोधादीनां चतुर्णामपि क्रमेणोदाहरणान्याह –**

હવે ક્રોધાદિ ચારેય કષાયોના પણ ક્રમથી ઉદાહરણો બતાવે છે.

**कोहंमि सूरविप्पो मयम्मि आहरणमुज्झियकुमारो ।**
**मायाइ वणियदुहिया लोभम्मि य लोभनंदो त्ति ।।४३८।।**

**क्रोधे सुरविप्रः माने आहरणं उज्झितकुमारः**
**मायायां वणिगदुहिता लोभे च लोभनंद इति ।।४३८।।**

**ગાથાર્થ :** ક્રોધમાં સૂરવિપ્રનું ઉદાહરણ છે, મદમાં ઉજ્ઝિત કુમારનું ઉદાહરણ છે, માયામાં વણિકપુત્રીનું તથા લોભમાં નંદનું ઉદાહરણ છે. (૪૩૮)

**क्रोधे सूरविप्र उदाहरणं, तद्यथा –**

ક્રોધ વિશે સુરવિપ્રનું ઉદાહરણ છે તે આ પ્રમાણે -

## સૂરવિપ્રનું ઉદાહરણ

વસંતપુર નામનું નગર છે જ્યાં સરોવરમાં ચંદ્રની સફેદકાંતિ જેવા કુમુદો અને ઘરોમાં અસંખ્ય મોતીઓ શોભે છે. કનકપ્રભ નામનો રાજા તેનું પાલન કરે છે અને સોમયશ તેનો પુરોહિત છે. ચાર વેદમાં પારંગત સૂર નામનો તેનો પુત્ર છે જે બીજા શાસ્ત્રોમાં પણ નિપુણ છે અને ઘણાં ગુણોથી સમૃદ્ધ છે. (૩) પરંતુ તે મહાક્રોધી છે કોઈની સાથે સરળતાથી બોલતો નથી એ પ્રમાણે ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ ક્રોધથી બળતો રહે છે. જો વ્યાક્ષિપ્ત ચિત્તવાળા પિતાની સાથે રાજાની પાસે જાય છે ત્યારે કોપથી પિતાની સાથે કર્ણને કટુક વચનો બોલે છે. (૫)

હવે પિતા મરણ પામે છતે આ નિષ્ઠુરતાને પામેલો છે એમ જાણીને રાજાએ તેને પિતાનું પદ ન આપ્યું અને બીજા બ્રાહ્મણને પિતાનું પદ આપ્યું. પછી સૂર ક્રોધથી ધમધમતો કુટુંબની સાથે હંમેશા ઝગડા કરતો રહે છે. સર્વકુટુંબ તેનાથી વિરક્ત થયું અને તે કોઈપણ રીતે સર્વ સ્ત્રીઓ કરતાં અધિક રૂપવાળી સ્ત્રીને પરણ્યો.

હવે ભુવનને મોહિત કરનાર એવા યૌવનને પામેલી, ઘરના ઝરૂખામાં બેઠેલી એવી સૂરની સ્ત્રી એક વખત રાજાને જોતી રહે છે. રાજા પણ ભાગ્યના વશથી તેને જુવે છે. પછી મોહિત થયેલો રાજા પણ તેને ગ્રહણ કરવા સૂરના છિદ્રોને જુવે છે. સૂર હંમેશા પાડોશીઓની સાથે ઝગડે છે. પરંતુ સૂર અતિ ગુસ્સે થયેલ છે તેથી તેઓ તેને કંઈપણ કહેતા નથી ત્યારે તેઓએ કોઈપણ રીતે રાજાના મનના ભાવને જાણ્યો. એક પાડોશીએ રાજાને જઈને કંઈપણ કહ્યું એટલે સૂરે લાકડી લઈને તેનું માથું ભાંગ્યું પછી તેણે રાજાને ફરીયાદ કરી. રાજાએ પણ તેનું સર્વસ્વ હરણ કર્યું અને પત્નીને લઈને અંતઃપુરમાં નાખી. પછી રાજા ઉપર ગુસ્સે

થયેલો સૂર નગરમાંથી નીકળીને તાપસોની પાસે જઈને દીક્ષા ગ્રહણ કરે છે. અજ્ઞાન તપ કરીને ક્રોધી થયેલો તે કહે છે કે મારા તપનું જો કોઈપણ ફળ હોય તો અન્ય જન્મમાં નગર સહિત આ રાજાનો વધ કરનારો થાઉં. એ પ્રમાણે નિયાણા સહિત મરીને વાયુકુમાર દેવોમાં ઉત્પન્ન થયો અને પછી મહાવાયુ વિકુર્વીને ધૂળના સમૂહના વરસાદથી નગરલોકો અને રાજા સહિત તે નગરને સ્થળ કર્યું. અર્થાત્ ધૂળથી નગરને દાટી સપાટ ભૂમિ કરી. (૧૭) અને ત્યાંથી ચ્યવીને ચાંડાલપણાને પામીને પ્રાણીવધને કરીને છઠ્ઠી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થયો. છઠ્ઠી નરકમાંથી નીકળીને અનંત સંસાર સાગર ભમીને મગધ દેશમાં કોઈક સ્થાને તે ગામનો મુખી થયો અને તે ભવમાં પણ કોપાધીન મનથી કોઈક રીતે રાજાની સન્મુખ દુર્વચન બોલ્યો. રાજાએ તેના વધનો આદેશ કર્યો. (૨૦) રાજાના આદેશથી તલારે વૃક્ષની શાખામાં લટકાવ્યો. પણ ત્યાં નજીકમાં કોઈપણ મુનિ સ્વાધ્યાયમાં મગ્ન હતા. તેમને તત્ક્ષણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તેને વંદન કરવા દેવો, મનુષ્યો આવ્યા અને ત્યાં દેશનાની અધવચ્ચે રાજગૃહ નગરીના સ્વામી પગમાં પડીને પૂછે છે કે હે ભગવન્ જીતવાની ઇચ્છાવાળાએ અહીં શું જીતવું જોઈએ ? પછી જ્ઞાની કહે છે કે બધાએ અંતરંગ સૈન્યને જીતવું જોઈએ. કામમહાભટ - કોપ-અહંકાર વગેરે અંતરંગ સૈન્ય છે અને આ અંતરંગ સૈન્ય ન જીતાય તો બહિરંગ શત્રુનો જય નિષ્ફળ છે. નહીં જીતાયેલ ક્રોધાદિ ધર્મ-અર્થ અને કામનો નાશ કરે છે અને પરલોકમાં નરકાદિ ગતિઓમાં દારૂણ દુ:ખો આપે છે. વધારે કહેવાથી શું ? જેવી રીતે આ ગામમુખીના કોપાદિએ જે દુ:ખો આપ્યા છે તેવી રીતે આ ભવ અને પરભવમાં એવો કોઈ અનર્થ નથી જે ગુસ્સે થયેલા ન કરતા હોય.

પછી રાજાએ કહ્યું કે હે મુનીન્દ્ર ! આ ગામનો મુખી કોણ છે ? હવે સૂર જન્મથી માંડીને તેનો સર્વ વ્યતિકર જ્ઞાની કહે છે. પછી રાજા પૂછે છે કે હે મુનિવર ! હજુ પણ આને કેટલા વખત સુધી સંસારના દુ:ખો સહન કરવાના છે ? પછી મુનિનાથ કહે છે કે હે રાજેન્દ્ર ! હજુ પણ આ અનંત સંસારમાં ભમશે અને અંતે કષ્ટથી બોધિને પ્રાપ્ત કરીને ભાવશત્રુઓને જીતીને સિદ્ધ થશે. (૩૦) એ પ્રમાણે ક્રોધાદિના વિપાકને સાંભળીને પોતાના કર્મોના ઉપશમ, ક્ષયોપશમ અનુસારે કેટલાક મનુષ્યો ઉપશાંત થયા, બીજા કેટલાક સંયમી થયા અને બીજા કેટલાક સમ્યક્ત્વને પામ્યા.

મદને વિશે ઉજ્ઝિતકુમારનું ઉદાહરણ છે મદ એટલે અહંકાર, માન.

## ઉજ્ઝિતકુમારનું દૃષ્ટાંત

નંદીપુર નામનું નગર છે, જેમાં સર્વ ભાવથી પ્રતિદિવસ સમૃદ્ધિ વધતી ન હોત તો મેરુ પર્વતની સમૃદ્ધિની* ઉપમા આપી શકાત. તે નગરમાં પક્ષીઓથી સેવાયેલ, છાયાવાળો, ફળદાયક, ઊંચા મહાવૃક્ષની જેમ રત્નસાર નામનો રાજા હતો. (રાજાના પક્ષમાં सच्छाय એટલે સારી કાંતિવાળો, फलदाय એટલે લોકોનું હિત કરનારો, सउण એટલે ગુણોથીસહિત) તેને ત્યાં જન્મેલ એકપણ પુત્ર જીવતો નથી. સ્વસ્થ કરાયેલ છે સર્વ રાજ્ય જેનાવડે એવા તે રાજાને પુત્રના દુ:ખને છોડીને સર્વપણ સુખ હતું અને કોઈ વખત બ્રહ્મા નામની પ્રિયરાણીને પુત્ર જન્મ્યો અને સૂપડામાં લઈને તેને કચરાના ઉકરડામાં નાખી દીધો. (૪) પછી ભાગ્યના વશથી તે મર્યો નહીં અને ઉજ્ઝિત કુમાર એવું નામ પાડ્યું. પછી તે સુખેથી મોટો થાય છે અને તેને સર્વે પણ અનુત્તર રૂપાદિ ગુણો પ્રગટ થયા. પરંતુ અહંકારથી માતાપિતાને નમતો નથી. (૬) અને ક્રીડા કરતો સર્વે પણ કુમારોનો અભિમાનથી તિરસ્કાર કરે છે. ઉન્મુખ મનવાળો આકાશ તરફ દૃષ્ટિ નાખીને પરિભ્રમણ કરે છે. ભુવનને પણ તૃણ સમાન

* અર્થાત્ મેરુપર્વતની સમૃદ્ધિ સ્થિર છે જ્યારે નંદીપુરની સમૃદ્ધિમાં દરરોજ વધારો થતો હોવાથી તેને મેરુપર્વતની સમૃદ્ધિની સાથે સરખાવી શકાય તેમ નથી. કહેવાનો ભાવ એ છે કે તે ઘણું સમૃદ્ધ નગર હતું.

માને છે ક્યારેય પણ પિતાની પાસે જતો નથી. દેવતાને પણ ક્યારેય નમતો નથી. ગુરુના તો નામને પણ સહન કરતો નથી.

હવે કોઈક વખત રાજાએ કળા ભણાવવા માટે અધ્યાપકને સોંપ્યો. પછી ઉજ્ઝિતકુમાર અધ્યાપકને આ પ્રમાણે કહે છે કે અરે રંક ! શું તું મારા કરતા વધારે જાણે છે ? જેથી તું મને નીચા આસન ઉપર બેસાડીને તું પોતે મોટા વેત્રાસન પર બેસે છે. પછી અધ્યાપક તેનું સર્વપણ ચરિત્ર રાજાને જણાવે છે. રાજા પણ અધ્યાપકને આ પ્રમાણે કહે છે કે આ પુત્ર મારો છે તેથી તારે ભય ન રાખવો. માથામાં ડંડો મારીને પણ આને બળાત્કારે ભણાવવો. અધ્યાપકે ઉજ્ઝિતકુમારને આ પ્રમાણે કહ્યું કે રાજાએ કહ્યું છે કે કુમારને દંડો મારીને પણ ભણાવવું. પછી કુમાર પણ અભિમાનથી આ પ્રમાણે કહે છે કે શું અહીં આ રાજા મનુષ્ય છે ? હે રાંક ! મને શિખામણ આપનાર તું કોણ છે ? પછી અધ્યાપકે તેને સોટીથી માર્યો. (૧૪) પછી તેણે લાકડીથી અધ્યાપકના માથા પર એવો ઘા કર્યો જેથી તે ચિચિયારી દેતો મૂર્છિત થઈ પૃથ્વીપર પડ્યો અને રાજાએ આ સર્વવ્યતિકર જાણ્યો. પછી દેશપારની આજ્ઞા કરાયેલો કુમાર નગરમાંથી નીકળ્યો. પછી પ્રકર્ષ અહંકારને પ્રાપ્ત થયેલો સર્વથા પણ ઉન્મત્ત થયો. ગ્રામ વગેરેમાં ભમતો લોકથી હસાય છે અને ભમતો અટવીમાં કોઈક આશ્રમ સ્થાને પહોંચ્યો. આ અતિથિ છે એમ જાણી તાપસો તેને કુલપતિ પાસે લઈ ગયા. પછી પલોઠી વાળીને ત્યાં બેઠેલો કંઈપણ બોલતો નથી. પછી તાપસોએ કહ્યું કે તું કુલપતિને કેમ પ્રણામ કરતો નથી ? (૧૯) પછી ભાલતલ પર ભ્રૂકુટિ ચઢાવીને તે કહે છે કે અરે ! દેવતાઓથી પણ અભ્યધિક રાજપુત્ર એવા મને તમે જાણતા નથી ? હું ઇંદ્રને પણ પ્રણામ કરતો નથી તો તમારા જેવા મુંડમાત્રને કેવી રીતે પ્રણામ કરું ? ઇત્યાદિ પ્રલાપ કરતા એવા તેને અયોગ્ય જાણીને તેની અવજ્ઞા કરી. તેથી ત્યાંથી નીકળીને અટવીની અંદર જાય છે ત્યારે સામે ગર્જના કરતા સિંહને આવતો જુવે છે પછી હર્ષથી આ નાશતો નથી અને વિચારે છે કે હું રાજપુત્ર છું. શું આ ભેંડિમાત્રથી (તુચ્છપ્રાણીથી) હું અહીંથી પલાયન થાઉં ? એ પ્રમાણે વિચારતો સિંહવડે ચપેટાથી મરાયો. મરીને કૂતરો થયો. પછી ગધેડો, પછી ઊંટ, પછી નંદીપુરમાં રાજપુરોહિતનો પુત્ર થયો. પછી દેશાંતરમાં જઈને ચૌદવિદ્યાઓને ભણે છે. ભણીને પાછા ફરેલા પુરોહિત પુત્રનો નગરલોક સાથે રાજા સામો આવીને સન્માન કરે છે. જાતિ, કુલ, શ્રુત, રાજસન્માન, ઐશ્વર્ય વગેરે સર્વ પણ ગુણ સમૂહ અમને જ પ્રાપ્ત થયો છે બીજાને નહીં. (૨૭) ઇત્યાદિ વિચારતો મનની અંદર એવા મદના ઉત્કર્ષને પામ્યો જેથી ફરી પણ સકલ લોકમાં હસનીય થયો અને મરીને ગીત ગાનારા ચંડાલનો પુત્ર થયો અને ત્યાં જલદીથી પ્રૌઢતાને પામેલો રાજાની આગળ ગીત ગાય છે. તેને ત્યાં જોઈને આકર્ષિત થયેલ પુરોહિત પ્રીતિને કરે છે અને આદરથી પોતાના ઘરે લઈ જાય છે ત્યાં ઘણું દાન આપે છે અને ચાંડાલપુત્રના ગીત, વચન, ચેષ્ટા સર્વને પણ બહુ માને છે. વધારે શું ? તેના વિયોગમાં એક મુહૂર્તને પણ કષ્ટથી પસાર કરે છે. પછી લોક, રાજા, સ્વજન અને પરિજન વિસ્મિત થયો, હીન જાતિવાળા એવા આના પર વિપ્રનો આવો પ્રેમ કેમ છે ? (૩૨)

હવે કોઈક વખત વિહાર કરતા કેવલી ભગવંત તે નગરમાં પધાર્યા. નગરજનોની સાથે રાજા ત્યાં વંદન કરવા ગયો અને ત્યાં પુરોહિત આવે છતે કેવળીએ ધર્મ કહ્યા પછી રાજાએ પુછ્યું કે હે ભગવન્ ! અમારા પુરોહિતને હીનજાતિમાં ઉત્પન્ન થયેલ આના વિશે આટલો રાગ કેમ છે ? પછી કેવલીએ કહ્યું કે હે રાજન્ ! આ આનો પુત્ર છે. રાજાએ પુછ્યું કે કેવી રીતે ? પછી કેવલીએ તેનો સમગ્ર પૂર્વ ભવ કહ્યો. પછી રાજાએ પણ કહ્યું કે હે ભગવન્ ! માનથી વિનટિત ઉજ્ઝિતકુમાર નામનો મારો પુત્ર હતો તે મરીને ક્યાં ગયો છે ? (૩૭) પછી કેવળીએ કહ્યું કે હે રાજન્ ! કૂતરાદિ તિર્યંચોમાં ભમીને તે જ આ બ્રાહ્મણ અને ચાંડાલપણાને

પામેલો છે. હજુ પણ આગળ ઉપર લાંબો કાળ સુધી ઘોર સંસારસાગરમાં ભમશે અને નારકી-હીન તિર્યંચ-મનુષ્યના લાખો દુઃખોને સહન કરશે. કષ્ટથી બોધિને પ્રાપ્ત કરીને સિદ્ધ થશે. એ પ્રમાણે જ્ઞાનીના વચનો સાંભળીને સંવેગને પામેલા રત્નસાર રાજાએ ભાણેજને રાજ્ય આપીને કેટલાક મંત્રી તથા સ્ત્રીઓની સાથે દીક્ષા લીધી. બાકીનો લોક પણ સર્વત્ર અહંકારનો ત્યાગ કરે છે કારણ કે અહંકાર દુઃખનું મૂળ છે અને નમ્રતા સર્વ સુખોનું મૂળ છે. (૪૨)

હવે માયાના વિશે વણિકપુત્રીનું ઉદાહરણ કહેવાય છે. તે આ પ્રમાણે-

## વણિકપુત્રીનું કથાનક

શ્રી પાર્શ્વપ્રભુના ચરણકમળથી પવિત્ર કરાયેલી શ્રી વાણારસી નામની નગરી છે જેની અંદર સર્વત્ર કોઈપણ લોક દરિદ્ર દેખાતો નથી. બ્રહ્મા જેમ કમળમાં વસે છે તેમ કમલશ્રેષ્ઠી તે નગરીમાં વસે છે. રૂપાદિ ગુણોથી યુક્ત પદ્મિની નામની તેની પુત્રી છે. બાળપણથી આ ઘણી માયાવી છે. તેના માતાપિતા પણ તેના ગૂઢ અભિપ્રાયને જાણતા નથી. પછી તે માતાપિતાનો એવો વિનય કરે છે કે તેના રૂપાદિ તથા વિનયાદિગુણોથી રંજિત થયેલા માતાપિતા જેના વિયોગને ક્ષણમાત્ર પણ ઇચ્છતા નથી. અન્ય નગરમાંથી નિર્ધન વણિકનો ચંદન નામના રૂપવાન પુત્રને પોતાના ઘરે લાવીને તેની સાથે પરણાવી અને ઘરજમાઈ થયેલો તે ત્યાં રહે છે અને થોડા કાળમાં પદ્મિનીના માતાપિતા મરણ પામ્યા તેથી તેનો ઘર જમાઈ તેના ઘરનો સ્વામી થયો. પુત્રાદિના અભાવથી નિરંકુશ પદ્મિની શ્રેષ્ઠ શૃંગારને રચીને મનગમતા બીજા તરુણોની સાથે ગુપ્તપણે હંમેશા રમણ કરે છે અને બહારથી મહાસતીની જેમ પતિનો એવો વિનય કરે છે જેથી ચતુરજનને પણ છેતરે છે. હવે પ્રસૂતા થયેલી તેને પુત્રનો જન્મ થયો અને પુત્રને સ્તનપાન કરાવતી નથી તેથી પતિએ કહ્યું કે તું આને કેમ સ્તનપાન કરાવતી નથી ? (૧૦) પછી તે કહે છે કે મારે બાળપણથી પરપુરુષના સ્પર્શનો નિયમ છે અને આ બાળક પણ પરપુરુષ છે તેથી આ મારા શરીરે પણ લાગતો નથી તો પછી સ્તનપાનની શી વાત કરવી ? એ પ્રમાણે સાંભળીને તેનો ઋજુમતિ પતિ ખુશ થયો અને વિચારે છે કે અહો ! મારી સ્ત્રીનું કેવું અનુત્તર શીલ છે ? મારા વ્યતિરિક્ત પુત્રને પણ સ્પર્શ કરતી નથી. પુત્રના સ્તનપાનને માટે ચંદન બીજી ધાત્રીને રાખે છે. એમ કરતાં તે મોટો થાય છે.

હવે કોઈ વખતે ચંદન દુકાને વ્યાપાર કરતો રહે છે તેટલામાં શ્રેષ્ઠ ઉજ્જ્વળ ધોયેલ ત્રણ વસ્ત્રોને ધારણ કરનારો, ચંદનથી વિલિપ્ત અંગવાળો, માર્ગમાં છાંટ નાખતો, દર્ભથી પવિત્ર કરાયું છે હાથ જેનાવડે, નમતાં સર્વલોકને આશીર્વાદને આપતો એવો એક તરુણ બ્રાહ્મણ ચંદનની દુકાને આવ્યો. મંત્ર ભણીને ચંદન વણિકને જ્યારે અક્ષો આપે છે ત્યારે તેની દુકાનમાંથી કોઈક કારણથી નીચે પડતું ઘાસનું તણખલું બ્રાહ્મણના માથામાં લાગ્યું. પછી જેટલામાં શ્રેષ્ઠી તેના માથા પરથી તણખલું દૂર કરે છે તેટલામાં બ્રાહ્મણે કહ્યું કે હે શ્રેષ્ઠી ! તું રાહ જો. હું મારા માથાને કાપીશ કારણ કે લોકમાં પણ એ પ્રસિદ્ધ છે કે સેંકડો તણખલાને ચોરનારો ચોર કહેવાય છે તેમ તણખલાને ચોરનારો ચોર કહેવાય છે. (૧૯) તેથી અન્યાયને કરનારા આ શરીરના અવયવને (ભાગને) હું ક્ષમા નહીં કરું તેથી અપરાધી એવા પોતાના મસ્તકને છેદીશ. પછી શ્રેષ્ઠી તેને બળાત્કારે પકડી રાખે છે, તે બ્રાહ્મણ પણ બીજી બાજુથી છરી ખેંચીને માથાંમાં મારે તેટલામાં તેને મુશ્કેલીથી પકડીને ઘરે લઈ ગયો અને કહ્યું કે તારું પવિત્રપણું જોઈને અમે ખુશ થયા છીએ. તંબોલ-સ્નાન-ભોજન દાનથી તેની પૂજા કરી. તેણે પણ ભોજન આદિને છોડીને રોકડ તથા દ્રવ્ય વસ્ત્રાદિ કંઈપણ ગ્રહણ ન કર્યું તેથી ચંદન મનમાં તેના પર અધિકતર ખુશ થયો અને વિચારે છે કે એકલા એવા મને આ સહાયને યોગ્ય છે કારણ

કે આ પવિત્ર, નિરીહ, બ્રહ્મચર્યરત તથા કહ્યું કરનારો છે. એ પ્રમાણે વિચારીને ચંદને બ્રાહ્મણને કહ્યું કે હે ભદ્ર ! એકલા એવા મારા ઘરની તું સાર સંભાળ રાખ જેથી હું દેશાંતરમાં જઈને નિશ્ચિત વ્યાપાર કરું. પછી તેણે કહ્યું કે હે શ્રેષ્ઠી ! નિરીહ અને બ્રહ્મચારી એવા અમારે તારા ઘરની ચિંતાથી શું ? પછી ચંદને કહ્યું કે આ તારી વાત સાચી છે. પરંતુ મારા ઉપરોધથી (અતિ આગ્રહભરી વિનંતીથી) તું આ પણ કર-કેમકે તમારા જેવાનો જન્મ પરોપકારને માટે જ છે. વિપ્ર પણ તેના ઉપરોધને માંડમાંડ સ્વીકારે છે અને તેના સર્વ પણ ગૃહકાર્યની સંભાળ રાખે છે. તથા ઘરે આવેલ તે ચતુર યુવાન બ્રાહ્મણની સાથે ગાઢ અનુરક્ત થયેલી પદ્મિની હંમેશા રમણ કરે છે. (૨૯)

સ્વભાવથી સરળ એવો ચંદન વણિક કોઈ વખત પ્રચુર ભાંડને લઈને દેશાંતરમાં કુસુમપુર નગરમાં વ્યાપાર કરવા ગયો. નગરીની બહાર રાત્રીમાં આવાસ નાખીને રહ્યો અને રાત્રીના અંતે અવાજ સાંભળીને તે જેટલામાં જાગે છે તેટલામાં કોઈ એક વૃક્ષના મૂળપાસે કાષ્ઠ જેવા નિશ્ચેતન થયેલ કોઈપણ એક મોટા પક્ષીને જુએ છે. (૩૨) તે મોટું પક્ષી તેવી સ્થિતિમાં રહ્યે છતે બાકીના બધા પક્ષીઓ પેટ ભરવા માટે ચારેય દિશાઓમાં જાય છે. પછી કાષ્ઠભૂત થયેલ પક્ષી ઊડીને બીજે ગયેલા પક્ષીઓના માળામાં જઈને ઇચ્છિત પક્ષીઓના બચ્ચાનું ભક્ષણ કરીને તેમજ રહે છે. તે જ પ્રમાણે પ્રતિદિન પક્ષીઓના બચ્ચાઓનું ભક્ષણ કરતા પક્ષીને ચંદને ત્યાં જોયો.

અને બીજે દિવસે ગહન ઝાડીમાં ચાકરની સાથે શરીરચિંતાને માટે જેટલામાં ચંદન શ્રેષ્ઠી બેસે છે તેટલામાં તે ત્યાં નિર્ભયમાર્ગને મોર પીંછીથી શોધતો અરે જીવો ! તમે માર્ગમાંથી ખસો એ પ્રમાણે વારંવાર બોલતા દૂરથી વૃક્ષના મૂળ પાસે ધીમે ધીમે આવતા એક તપસ્વી ઋષિને જુએ છે અને જેટલામાં તે બાહુને લટકાવીને વૃક્ષના થડ પાસે રહે છે તેટલામાં સખી જનની મધ્યમાંથી નીકળીને રમતી રાજપુત્રી તેની પાસે કોઈક રીતે આવે છે. ત્યાં વિજન જાણીને તેનું ગળું મરડીને તેના સર્વ આભંરણો ગ્રહણ કરીને ખાડામાં (પથ્થરથી) હણી. અને રાજપુત્રી મરી. ખાડામાં નાખીને ફરી ત્યાં ઊંચી ભુજા કરીને રહ્યો. (૪૦) અને ચાકરની સાથે વૃક્ષની પાછળ છૂપાઈને રહેલો ચંદન તે સર્વને જોઈને પોતાના આવાસમાં જાય છે અને રાજા પણ પુત્રી સંબંધી પટ્ટકને વગડાવે છે. આ ઘોષણામાં પુત્રીની જે ખબર આપશે તેને હજાર સુવર્ણ આપવામાં આવશે. ચંદનના ચાકરે સર્વ પણ વ્યતિકર રાજાને કહ્યો. પછી તે ક્ષપકની ઘણી વિડંબના કરીને રાજાએ તેને મારી નંખાવ્યો. (૪૩) પછી ચંદન વિચારે છે કે જેવો આ કાષ્ઠીભૂત થયેલ પક્ષી છે તેવો આ ક્ષપક છે તો શું મારી પ્રિયા અને બ્રાહ્મણ એવા જ છે કે ? તેથી મારું મન શંકાશીલ થાય છે. જઈને તેઓના ચરિત્રની તપાસ કરું. એ પ્રમાણે વિચારીને પોતાના સર્વ ભાંડને વેંચીને અને ત્યાંથી બીજા કરીયાણા ખરીદીને જલદીથી પોતાના નગરમાં પાછો ફર્યો. સર્વ સાર બહાર મૂકીને અલ્પ સહાયવાળો અર્થાત્ થોડા માણસોને લઈને મધ્યરાત્રીએ કોઈપણ લોક ન જાણે તેમ ઘરે ગયો. (૪૬)

અને આ બાજુ ઘર કંટક વિનાનું (બાધક વિનાનું) થયે છતે આસક્ત મનવાળી પદ્મિની પણ સ્વેચ્છાએ રાત અને દિવસ તે બટુકને સેવે છે અને દીપકના અજવાળામાં જેટલામાં ગવાક્ષમાંથી તે સર્વ પોતાની આંખથી જોઈને એકક્ષણ ચંદન શ્રેષ્ઠીને રહીને અહો ! આ આશ્ચર્યને જુઓ ! વિસ્મિયને પામેલો આ પ્રમાણે બોલે છે-

**बालेनाचुम्बिता नारी, ब्राह्मणोऽतृणहिंसकः । काष्ठीभूतो वने पक्षी, जीवानां रक्षको व्रती ।। (१)**

**आश्चर्याणीह चत्वारि मयाऽवि निजलोचनैः दृष्टान्यहो ततः कस्मिन् विश्रब्धं क्रियतां मनः ।। (२)**

બાળક વડે નહીં સ્પર્શાયેલી સ્ત્રી, તૃણની હિંસા (ચોરી) નહીં કરનારો બ્રાહ્મણ, વનમાં કાષ્ઠ જેવો નિશ્ચેતન થયેલ પક્ષી, જીવોનો રક્ષક વ્રતી (૧) આ ચાર આશ્ચર્યો મારાવડે પણ સગી આંખોથી જોવાયેલા છે. તેથી હે મન ! કોના પર વિશ્વાસ કરવો ? (૨)

એ પ્રમાણે પતિના શબ્દને સાંભળીને, સંભ્રાંત થતી પદ્મિની પણ પોતાના ઢીલા થયેલા વસ્ત્ર વગેરેને સરખા કરતી ઊભી થાય છે. (૫૦) પછી ભય પામેલો બટુક નાશી જવા માટે દરવાજો ઉઘાડે છે. હવે ચંદનના પુરુષોએ અંદર દાખલ થઈને બંનેને પકડ્યા. પછી ચંદને પદ્મિનીના નાક-કાન કાપીને ઘરમાંથી કાઢી મૂકી અને બટુકને રાજાને સુપ્રત કર્યો અને તે પણ અંગ છેદીને રાજાવડે દેશપારનો હુકમ કરાયો. દુઃખપૂર્વક ભમીને મરેલા એવા તે સંસારની અંદર ભમશે. વણિકપુત્રી, બ્રાહ્મણ, પક્ષી અને ક્ષપક એ ચારેય દુષ્ટો માયાવીપણાથી પાપોને બાંધે છે. સૂત્રની અંદર વણિકપુત્રીનું જ દૃષ્ટાંત કહેવાયું છે. પ્રસંગથી બીજા ઉદાહરણો કહેવાયા છે. પણ આવા બીજા અનંતા દૃષ્ટાંતો જાણવા. (૫૫)

લોભ વિશે લોભનંદનું દૃષ્ટાંત કહેવાય છે તે આ પ્રમાણે-

## લોભનંદનું દૃષ્ટાંત

જેમાં સર્વ (છએ) ઋતુઓના બગીચાઓમાં જ્યાં હંમેશા પણ શ્રેષ્ઠ પાટલ પુષ્પોનો ગંધ મઘમઘે છે તે અહીં પાટલીપુત્ર નામનું નગર છે. તે નગરમાં જિતશત્રુ રાજા છે જેના જીતાયેલા શત્રુઓ પણ અરણ્યનાં કદલીઘરોમાં વસતા ભોગસંગને પામે છે. રાજાએ પણ કોકવાર મોટું તળાવ ખોદાવવાનું શરૂ કરાવ્યું. તળાવને ખોદતા ખાણિયાઓએ ઘણી સુવર્ણમય કોષોને* પ્રાપ્ત કરી. અને તેને કાટ લાગી ગયો હોવાથી સુવર્ણપણાથી ઓળખાતી નથી. પરંતુ તેમાંથી બે કોષોને કાઢીને ખાણિયાઓ જિનદાસ શ્રાવકની પાસે લઈ ગયા અને લોખંડની કોષોની જે કિંમત ઉપજતી હોય તેટલી કિંમત જિનદાસ પાસે માગી. (૫) અને જિનદાસનો ક્રય-વિક્રયનો નિયમ હોવાથી તેણે ખાણિયાઓને ખરીદવાની ના પાડી એટલે તેઓ નંદન વણિકની પાસે ગયા. સુવર્ણની કોષ (મ્યાન) છે એમ જાણવા છતાં લોખંડના ભાવે ખરીદી. એ પ્રમાણે નંદ દરરોજ બે કોષોને ખરીદે છે અને ખુશ થયેલો નંદ ખાણિયાઓને ઘણું ધૂપ-ધૂપાન-ગુડાદિ આપે છે અને ખાણિયાઓ કોષોના વેંચાણથી મળેલા ધનથી નિરંતર સુરાપાન કરે છે. (૮)

હવે કોઈક દિવસે નંદ કેટલાક ગૌરવશાળી સ્વજનોથી વિવાહાદિ પ્રસંગે બળાત્કારે પણ ઇચ્છા નહીં હોવા છતાં પણ લઈ જવાયો અને આ કોષો સુવર્ણમય છે એમ પિતાએ પુત્રોને ન જણાવ્યું તેથી પુત્રોએ આ કોષોની થપી (ઢગલો) મારીને ક્યાંક એકાંતમાં મૂકી. ગ્રહણ કરતા પુત્રોને આ મહામૂલ્યવાળી છે એમ કોઈપણ રીતે ભાન ન થયું. સ્વજનને ઘરે જતા તે દિવસે નંદે પુત્રોને કહ્યું કે તમારે ઘણાં મૂલ્યથી પણ કોષોને હાથમાંથી જવા ન દેવી. એ પ્રમાણે શિખામણ આપીને નંદ જાય છે અને ખાણિયાઓ ત્યાં આવ્યા અને પુત્રો ઓછું મૂલ્ય આપે છે તેટલામાં તેઓ તેટલા મૂલ્યથી કોષો આપતા નથી. અને ગુસ્સે થયેલા પુત્રોએ કોષોને ઉછાળીને દુકાનના આંગણામાં ફેંકી તેથી કાટ ખરી જવાથી સુવર્ણપ્રગટ થયું. ખાણિયાઓ સાથે રાજપુરુષોએ તે કોષોને જોઈ અને રાજાની પાસે લઈ ગયા એટલામાં આ બાજુ નંદ પાછો ફર્યો. (૧૫) અને આ સર્વ વ્યતિકરને જાણ્યો. પછી એક કોષથી પોતાના પગને ચૂરે છે અને કહે છે કે હું આઓ વડે સ્વજનોના ઘરે લઈ જવાયો તેથી તેટલા લાભથી હું ઠગાવાયો એ પ્રમાણે પ્રલાપ કરતા તેને રાજપુરુષો બાંધીને લઈ ગયા અને રાજાના

* કોષ એટલે તલવારને રાખવાનું મ્યાન.

આદેશથી તેને શૂળીપર ચઢાવાયો અને રાજાએ જિનદાસને બોલાવીને પુછ્યું કે તે કોષો કેમ ન ખરીદી ? તેણે કહ્યું કે હે દેવ ! મારું લે-વેચનું પરિમાણ તૂટે છે અને નિયમનો ભંગ થાય છે. (૧૯) તેથી મેં લેવાની ના પાડી. આ સાંભળીને ખુશ થયેલા રાજા વસ્ત્રાદિથી તેનું સન્માન કરે છે અને પોતાનો સર્વભંડાર તેને સોંપે છે છતાં પણ તે ઇચ્છતો નથી. તો પણ કષ્ટથી તેને મનાવીને રાજાએ ભંડાર સોંપ્યો. ગાઢ લુબ્ધ નંદ પણ લોભનંદ તરીકે પ્રસિદ્ધ થયો એ પ્રમાણે લોભી અને નિરીહનું અંતર સદા પણ હૈયામાં વિચારવું જોઈએ. (૨૨)

**तदेवं क्रोधादिकषायाणामाश्रवद्वारत्वे दर्शितान्युदाहरणानि, न तु रागद्वेषयोः, तत्त्वतः कषायात्मकत्वात्तयोर्गतार्थत्वादिति । अथेन्द्रियाणामाश्रवद्वारत्वमुपदर्शयन्नाह-**

આ પ્રમાણે ક્રોધાદિ કષાયોના આશ્રવદ્વારોમાં ઉદાહરણોને બતાવ્યા પણ રાગદ્વેષના ઉદાહરણો બતાવ્યા નથી કારણ કે પરમાર્થથી રાગદ્વેષ કષાયો સ્વરૂપ જ છે. માટે ક્રોધાદિ કષાયોના કહેવાથી રાગ-દ્વેષ કહેવાઈ ગયા.

હવે ઇન્દ્રિયોના આશ્રવદ્વારને બતાવતા કહે છે-

**होंति पमत्तस्स विणासगाणि पंचिंदियाणि पुरिसस्स ।**
**उरगा इव उग्गविसा गहिया मंतोसहीहिं विणा ।।४३९।।**

**भवन्ति प्रमत्तस्य विनाशकानि पंचेन्द्रियाणि पुरुषस्य**
**उरगा इव उग्रविषाः गृहीता मन्त्रौषधिभिर्विना ।।४३९।।**

**ગાથાર્થ :** જેમ ઉગ્રવિષવાળા સાપો મંત્ર અને ઔષધી વિના પકડ્યા હોય તો પ્રાણનો નાશ કરનારા થાય છે તેમ પ્રમાદી પુરુષની પાંચેય ઇન્દ્રિયો વિનાશને માટે થાય છે. (૪૩૯)

**यथा मन्त्रौषधाभ्यां विना उग्रविषा महाकृष्णसर्पा विनाशायैव भवन्ति तथेन्द्रियाण्यपि श्रोत्रादीनि पञ्च पुंसः प्रमत्तस्य संतोषादितत्प्रतिविधानविरहितस्येहपरलोकयोर्विनाशकानि भवन्ति ।। तथा चैतदर्थसमर्थनाय सर्वेषामपीन्द्रियाणां यथाक्रममुदाहरणान्याह –**

**ટીકાર્થ :** જેવી રીતે મંત્ર અને ઔષધી વિના પકડેલા ઉગ્રવિષવાળા મહાકૃષ્ણ સાપો મરણને માટે થાય છે તેમ સંતોષાદિથી રહિત કે તેના ઉપાયોથી રહિત એવા પ્રમાદી પુરુષને શ્રોત્ર આદિ પાંચેય ઇન્દ્રિયો પણ આલોક-પરલોકના સુખો રૂપ ભાવ પ્રાણોનો નાશ કરે છે.

આ અર્થના સમર્થન માટે સર્વેપણ ઇન્દ્રિયોના યથાક્રમ ઉદાહરણોને કહે છે.

**सोयपमुहाण ताण य दिट्ठंता पंचिमे जहासंखं ।**
**रायसुय-सेट्ठितणओ गंध-महुप्पिय-महिंदा य ।।४४०।।**

**श्रोत्रप्रमुखाणां तेषां च दृष्टान्ताः पंच इमे यथासंख्यं**
**राजसुतः श्रेष्ठितनयो गंधमधुप्रियौ महेन्द्रश्च ।।४४०।।**

**ગાથાર્થ :** રાજપુત્ર-શ્રેષ્ઠીપુત્ર-ગંધ-મધુપ્રિય અને મહેન્દ્ર શ્રોત્રેન્દ્રિય વગેરે પાંચના યથાક્રમ પાંચ ઉદાહરણો છે. (૪૪૦)

**इह श्रोत्रस्य विनाशहेतुत्वे राजसुतो दृष्टान्तः, तद्यथा –**

અહીં શ્રોત્રેન્દ્રિય ભાવપ્રાણના વિનાશનો હેતુ છે તેમાં રાજપુત્રનું દષ્ટાંત છે તે આ પ્રમાણે-

## રાજપુત્ર કથાનક

ઐરાવણ હાથીના મુખની જેમ શ્રેષ્ઠ રત્નવાળું બ્રહ્મસ્થળ નામનું નગર છે અને તેમાં કુવલયને* આનંદ આપનાર ચંદ્રની જેમ ભુવનને આનંદ આપનાર ભુવનચંદ્ર નામે રાજા છે. ચાર પ્રકારની મતિથી યુક્ત અમરગુરુ નામનો ત્યાં મંત્રી છે. રામ નામે રાજાનો પુત્ર છે. કલાગ્રહણ પુરૂં થયું એટલે લેખાચાર્યે રાજાને સુપ્રત કર્યો. રાજાએ પણ આને યુવરાજ પદ આપું એમ મંત્રીને પુછ્યું. મંત્રીએ કહ્યું કે હે દેવ ! આ રાજપદને યોગ્ય નથી. રાજાએ પુછ્યું કે આનો શો દોષ છે ? પછી મંત્રી કહે છે કે બાળપણથી આને શ્રોત્રેન્દ્રિય વશમાં નથી. અને અવશ ઇન્દ્રિયપણું સર્વ અનર્થોનું મૂળ છે. (૫) પછી રાજાએ પુછ્યું કે હે સચીવ ! તેં કેવી રીતે નિશ્ચય કર્યો ? તે કહે છે કે હે દેવ ! આ બાળપણમાં મારે ઘરે ઘણીવાર આવતો ત્યારે ડુંબ વગેરે ગાયકોના સ્વરમાં અને બીજા પણ સુખ આપનારા શબ્દોમાં પોતાની શ્રોત્રેન્દ્રિયને ધરીને લાંબો સમય સુધી સાંભળતો મેં જોયો છે. તેથી મેં નિશ્ચય કર્યો છે કે આને શ્રવણેન્દ્રિય વશમાં નથી. પછી કંઈક હસીને રાજાએ કહ્યું કે સદાકાલ પણ તારી બુદ્ધિ અનુત્તર છે. આ વચન અયુક્ત છે એમ કહેવા અમે શક્તિમાન નથી પરંતુ અમારા ચિત્તમાં આ દોષ વસતો નથી કેમકે રાજપુત્રોને ગીતાદિનો અભિલાષ હોય તો અહીં વિરુદ્ધ શું છે ? જેથી આ ઘણાં ગીતોને સાંભળશે તો પણ બાકીનું શું અયુક્ત કાર્ય કરશે ? જેથી રાજ્યમાં તેની અયોગ્યતા થાય. (૧૧) પછી અમાત્યે કહ્યું કે જે પ્રમાણે દેવ કહે છે તે તેમ જ છે ઇન્દ્રિય વર્ગમાં કોઈપણ ઇન્દ્રિય લઘુ દોષવાળી નથી. જે આ સર્વ દોષો શરૂઆતમાં જ નાના દેખાય છે પણ પ્રકર્ષને પામેલા આ સર્વ પણ દોષો મોટા થાય છે જેવી રીતે અગ્નિનો કણીયો પણ પ્રસરતો ગામ નગરોને બાળે છે તેમ એકેક ઇન્દ્રિય પણ પ્રસરતી સમગ્રગુણ સમૂહને મૂળમાંથી જ નાશ કરે છે. જેવી રીતે એકલી શ્રોત્રેન્દ્રિયથી હરણ મરણ પામે છે, પતંગીયું ચક્ષુરિન્દ્રિયથી વિનાશ પામે છે, ભ્રમરો ઘ્રાણેન્દ્રિયથી અને માછલું રસનેન્દ્રિયથી વિનાશ પામે છે. હાથી વગેરે સ્પર્શેન્દ્રિયથી નાશ પામે છે એમ એકેક ઇન્દ્રિય પણ સર્વ દોષોનો ભંડાર છે તેથી હે દેવ ! સામાન્ય જન પણ વશેન્દ્રિય હોય તો સુખી થાય છે અને તેમાં પણ રાજાઓ વિશેષથી વશેન્દ્રિય હોય તો સુખી થાય છે. તે અવશેન્દ્રિયોની અયશઢક્કા સકલ જગતમાં વાગે છે. અને અતિદુર્લભ વિસ્તીર્ણ રાજ્ય લક્ષ્મી નાશ પામે છે. જેઓનું નામ પણ કોઈ જાણતું નથી એવા સામાન્ય જનોનું શું નાશ પામે ? તેથી હે દેવ ! આ દોષને મનમાં નાનો ન માનો. (૧૯) આનો નાનો ભાઈ જે હમણાં તમારો પુત્ર જન્મ્યો છે તે સંપૂર્ણ રાજલક્ષણોથી યુક્ત છે એમ મારાવડે જણાયું છે. તેથી આ યુવરાજ પદ તેને જ ઉચિત છે એમ અમને લાગે છે. પણ આ રામ રાજ્યનું પાલન નહીં કરી શકે અને મૂળથી નાશ કરશે એ પ્રમાણે યુક્તિ સંગત વચનને પણ તે મંત્રીએ કહ્યું ત્યારે રાજા વિચારે છે કે અહો ! અમાત્યનું કુમતિપણું કેવું છે તે જુઓ કે જે પ્રૌઢ ભણેલી કળાવાળા તથા રૂપાદિગુણોથી યુકત એવા પુત્રને છોડીને કાલે જન્મેલા પુત્રને રાજ્ય અપાવે છે એ પ્રમાણે ભવિષ્યને નહીં જાણનારો અને વર્તમાન માત્રને જાણનારા રાજાએ ભવિતવ્યતાના વશથી મોટા પુત્રને જ પોતાના પદે સ્થાપન કર્યો. (૨૪) પછી પિતા મરે છતે કાળે કરી રામ જ રાજા થયો અને અમાત્યે નાનાભાઈને યુવરાજ પદે સ્થાપન કર્યો તથા કુમારને

* ચંદ્રના પક્ષમાં કુવલય એટલે કુમુદ અને રાજાના પક્ષમાં કુવલય એટલે પૃથ્વીમંડળ.

કુમાર ભુક્તિમાં (ભાગમાં) કોઈ મોટો દેશ આપ્યો અને તેણે પોતાના ભુજાના બળથી પરદેશને જીત્યો. પછી રામ રાજા હંમેશા ગીતો સાંભળે છે સ્વયં પણ ગીતો ગાય છે અને સ્વયં પણ નવા ગીતો બનાવીને ડુંબાદિને શીખવે છે અને ડુંબોની સાથે ભેગો થઈને રહે છે અને ચાંડાલો ક્ષણ પણ તેના પડખાને છોડતા નથી. (૨૮)

એ પ્રમાણે ગીતોમાં આસક્ત થયેલો એવો તે રાજ્યકાર્યોની ચિંતા કરતો નથી. મંત્રીઓના વચનોને ગણતો નથી. વૃદ્ધોના ઉપદેશને સાંભળતો નથી. પછી તરુણ સુસ્વર ચાંડાલણીઓની સાથે સંગ વધે છતે આ ભવ અને પરભવના દુઃખોને અવગણીને અનાચાર સેવે છે. પછી નગરની બહાર ઉપવનથી વીંટળાયેલા અતિવિશાળ મહેલને કરાવે છે અહીં અલગ રહેલો ડુંબીઓને સેવે છે તેઓના ગીતો સાંભળે છે, સ્વયં ગાય છે. એ પ્રમાણે પ્રસંગ પામીને ડુંબાઓ આખા નગરને પણ હંમેશા વટલાવે છે. (૩૩)

અને આ બાજુ વિક્રમ અને પ્રતાપથી યુક્ત તેનો નાનો ભાઈ લોકમાં મોટી પ્રસિદ્ધિને પામ્યો. પછી નગર જનોની સાથે મંત્રી સામંત મંડળી મળીને મહાબલ નામના નાનાભાઈની પાસે ગયા. રામરાજાની સમગ્ર પણ ચેષ્ટાને કહીને, અહીં બોલાવાયેલો મહાબલ શીઘ્ર જ ત્યાં આવી પહોંચ્યો. રામ રાજાને એકાંતમાં બોલાવીને અનેક હેતુ-દૃષ્ટાંત-ઉક્તિવાળા વચનોથી શિખામણ આપે છે. પછી જેટલામાં આ ન સમજાવી શકાય તેવો ગૃદ્ધ, મૂઢ અને પરવશ છે એમ જાણ્યું ત્યારે હાથથી પકડીને જીવતો જ બહાર કઢાયો અને લોકોએ રાજ્યપર મહાબલની સ્થાપના કરી. જનમાન્ય એવો તે ન્યાય-ધર્મ અને પરાક્રમથી રાજ્યનું પાલન કરે છે. રાજ્યથી ભ્રષ્ટ થયેલો રામ પણ ઇચ્છિત ડુંબીની સાથે દેશોમાં ભિક્ષાને માટે ભમે છે અને સર્વ લોકવડે ધિક્કારાય છે.

હવે કોઈ વખતે રામ જે ડુંબની ડુંબીને લઈ ગયો હતો તે ડુંબે કતરણીથી (કાતરથી) હણીને મારી નાખ્યો. મરીને તે હરણ થયો અને તે ભવમાં શ્રવણેન્દ્રિયને અત્યંત વશ થયેલો આસક્ત તૃણ અને પાણીને છોડીને સ્ત્રીઓના સંગીતના ધ્વનિને સાંભળે છે અને કોઈક વખત બાણથી શિકારીએ તેને હણ્યો. (૪૧) અને તે પોતાના ભાઈ મહાબલ રાજાના પુરોહિતનો પુત્ર થયો અને તે ભવમાં પણ શ્રવણેન્દ્રિયમાં ગાઢ આસક્ત થયેલ ભટકતો યૌવનને પામ્યો અને પૂર્વભવના સંબંધથી તે મહાબલ રાજાને કંઈક પણ ઇષ્ટ છે અને તે ભવમાં પણ યથાવસર ગવાતા ગીતોને સાંભળે છે. પછી ક્યારેક રાત્રીમાં રાજા પલંગ પર રહેલો છે ત્યારે ડુંબાદિ સરસગીતોને ગાય છે ત્યારે પાસે રહેલા પુરોહિતપુત્રને રાજાએ કહ્યું કે મને અહીં જ્યારે ઊંઘ આવી જાય ત્યારે તારે આ લોકને વિસર્જન કરીને પોતાને ઘરે જવું. પછી તે રાત્રી પસાર થાય છે ત્યારે પણ કાનને સુખ આપનારા ગીતને સાંભળતા આણે રાજાની આજ્ઞાનું પાલન ન કર્યું. પછી તેનું ઘર જાગી ગયું. ત્યારે તે ગાયક લોકોને ઘરે મોકલે છે અને ગુસ્સે થયેલો રાજા પ્રભાતે તે બ્રાહ્મણને ઉઠાળીને બંધાવીને ઉકળતા તાંબા તથા તેલાદિને તેના કાનમાં રેડાવે છે અને ઘણી વિડંબના કરીને મરાવીને પછી તે રાજા ઘણાં પશ્ચાત્તાપને કરે છે અને પોતાને નિંદે છે. જુઓ ! થોડા પણ અપરાધમાં મારાવડે કેવું પાપ કરાયું ? ક્યારેક તેણે અતિશય જ્ઞાનીને વંદન કર્યું. તેની પાસે ધર્મ સાંભળીને અવસરે આ પ્રમાણે પૂછે છે કે હે ભગવન્ ! થોડા અપરાધમાં પણ આ પુરોહિત પુત્ર મારાવડે કેમ મરાયો ? અથવા એ પ્રમાણે મરાવાયો છતાં હૈયામાં આટલો પશ્ચાત્તાપ તથા તેના વિશે આટલી પ્રીતિ કેમ થઈ ? ભગવંતે કહ્યું કે આજ્ઞાના સારથી (બળથી) તારા વડે તે નિગ્રહ કરાયો અને તારો પૂર્વભવનો ભાઈ હતો જેથી તને પ્રીતિ અને પશ્ચાત્તાપ થયા. હે ભગવન્ ! તે કેવી રીતે ? એ પ્રમાણે પુછાયેલા કેવળી ભગવંત રામ ભવથી માંડીને તેનું સર્વ ચરિત્ર કહે છે તેને સાંભળીને સંવેગને પામેલો રાજા વિચારે છે કે અહો ! ભવસાગરમાં પરિભ્રમણ કરતા જીવો કેવા અકાર્યમાં પ્રવૃત્ત થાય છે અને અપરાધના

અભાવમાં પણ જે મારો ભાઈ પણ હણાયો અને જુઓ કે શ્રવણેન્દ્રિય તેને કેવી અનર્થ ફળવાળી થઈ ? તે વખતે સચીવે જે કહ્યું હતું તે તેમ જ થયું. એક પણ ઇન્દ્રિય જો આ પ્રમાણે અનર્થ ફળને આપે છે તો આ લોકમાં આજે પણ ઘણાં અંતરંગ શત્રુઓ રહે છે. રાગદ્વેષ, કષાયો અને બીજી ચક્ષુ આદિ ઇન્દ્રિયો, અજ્ઞાન, કામ વગેરે, હિંસા, જૂઠ વગેરે અનર્થોથી નિરંતર આ સંસાર ભરેલો છે. અને મોક્ષનું સ્થાન હોવા છતાં શું મંદ (જડ) પણ અહીં (સંસારમાં) રહે ? અર્થાત્ મંદ પણ આ સંસારમાં એક ક્ષણ પણ રહેવા તૈયાર ન થાય તો પછી જે સંવેગી છે તે સુતરામ એક ક્ષણ રહેવા તૈયાર ન થાય. (૫૯)

એ પ્રમાણે વિચારીને પછી મહાબલ રાજા તે જ કેવળી પાસે દીક્ષાને ગ્રહણ કરે છે. ઇન્દ્રિય, કષાય વગેરે સર્વ મોહ સૈન્યને જ દળીને નિરપાય એવા સિદ્ધ સ્થાનને જલ્દીથી પ્રાપ્ત કર્યું. ઇન્દ્રિયને પરવશ એવો રામ આગળ અનંત સંસારમાં ભમશે અંતે પણ ક્યારેક કષ્ટથી બોધિને પ્રાપ્ત કરશે. (૬૨)

હવે ચક્ષુરિન્દ્રિયના વિપાકમાં શ્રેષ્ઠી પુત્રનું કથાનક કહેવાય છે તે આ પ્રમાણે છે-

## શ્રેષ્ઠી પુત્રનું કથાનક

વિશાળ ઉન્નતિને પામેલું,સર્વ જનને અભિલાષ કરવા યોગ્ય અને શ્રેષ્ઠ તરુણીના વક્ષ સ્થળ જેવું રમણીય એવું વિજયપુર નામનું નગર છે. તેમાં ગરુડની જેમ કરાયો છે વિજય જેના વડે તથા વિષ્ણુ (કૃષ્ણ)ની જેમ સ્વાધીનતા સારને પામેલો એવો વિશ્વંભર નામનો રાજા છે તેનો કુશલમતી નામે અમાત્ય છે અને યશોધર નામે શ્રેષ્ઠી વસે છે અને આ ત્રણેયને એવી પ્રીતિ છે કે તેઓ પરસ્પર એક ક્ષણના વિયોગને ઇચ્છતા નથી અને ભોજનાદિથી પરસ્પરની ભક્તિને કરતાં તેઓનો કાળ પસાર થાય છે. પછી દરેકને એકેક પુત્ર થયો અને તે ત્રણેયના પુત્રો સાથે ભણે છે, સાથે ભોજન કરે છે, સાથે ભમે છે અને રાજાની પાસે સાથે જાય છે. (૫)

હવે કોઈક વખત સચિવે શ્રેષ્ઠીને કહ્યું કે તમારો પુત્ર રાજાને ઘરે જાય છે તે સારું નથી કારણ કે તે રાજાની, મારી અને તમારી પ્રીતિનો છેદ કરશે. પછી શ્રેષ્ઠીએ કહ્યું કે હે અમાત્ય ! શું કારણ છે ? પછી મંત્રી પણ કહે છે કે આ તારો પુત્ર સ્ત્રીઆદિના જે જે રમણીય રૂપને જુવે છે તે તે વિશે દૃષ્ટિને લઈ જઈ લાંબો સમય સુધી જોતો રહે છે. અને મેં તેને એમ કરતા અનેકવાર જોયો છે તેથી મને નિશ્ચય થયો છે કે આ ચંચળ આંખવાળો પ્રૌઢપણાને પામેલો અહીં રાજકુળમાં જતો આ વિનાશને કરશે એમ હું સંભાવના કરું છું તેથી તેને પકડીને કોઈપણ રીતે ઘરે રાખો. પછી શ્રેષ્ઠી તેમજ કરે છે તો પણ પકડીને ધારણ કરાતો હોવા છતાં ઘરે રહેતો નથી, ચક્ષુરિન્દ્રિયને પરવશ થયેલો આ રાજકુળોમાં જાય છે. પછી રાજાએ પણ તેને ઓળખ્યો અને આ લોલાક્ષ છે એમ જાણી પ્રતિહારને સૂચન કરીને પોતાના ઘરે આવતો બંધ કરાવ્યો. (૧૨) અને પછી નગરની અંદર બીજા બીજા શ્રેષ્ઠ રૂપોને જોતો ભટકે છે. પછી લોકોએ તેનું નામ તરલાક્ષ કર્યું. પછી યૌવનને પામેલો આ ઘણો વિનાશ કરે છે અને પિતા ઉપાલંભને પામે છે. (૧૪)

હવે ચિંતાસાગરમાં પડેલા શ્રેષ્ઠીને જોઈને વણિકપુત્રો કહે છે કે તમારા આદેશથી અમે આને વહાણમાં બેસાડીને દેશાંતર લઈ જશું. શ્રેષ્ઠીએ રજા આપી અને વણિક પુત્રોએ તેમજ કર્યું અને દેશાંતરમાં પણ ચક્ષુરિન્દ્રિયને પરવશ થયેલો આ રૂપાદિને જોતો ભટકે છે. પછી કોઈક વાર ક્યાંક દેવકુલમાં પૂત્તળીઓ જોઈ.અતિ-અદ્‌ભુત રૂપ હોવાથી તે જોતો રહે છે. પરવશ થયેલો ભોજનાદિને કરતો નથી. પછી કોઈક બુદ્ધિમાન વણિકપુત્રે પથ્થરની પ્રતિમા સમાન બીજી વસ્ત્રમય પુતળીઓ સ્થાપે છે અને તરલાક્ષ વસ્ત્રમય પુતળીઓને પણ જોતો રહે છે. પછી વણિક પુત્ર વસ્ત્રમય પુતળીઓને પોતાના આવાસે લઈ ગયો અને તેની

પાછળ લાગેલો તરલાક્ષ પણ તેને જોતો ઘરે આવ્યો. (૨૧) અને તરલાક્ષ ભોજનાદિ ક્રિયાઓ વસ્ત્રમય પુતળીની આગલ કરે છે. પછી લે-વેચનું કાર્ય પુર્ણ થયું ત્યારે સર્વે વણિક પુત્રો સ્વદેશ પાછા આવવા નીકળ્યા અને પાછા આવતા રસ્તામાં અટવીમાં ચોરોએ લુંટ્યા અને પુતળીઓ પણ લઈ ગયા પછી તેના (પુતળીઓના) વિરહમાં ગાંડો થયેલો તરલાક્ષ અસંબંધ ચેષ્ટા કરે છે. પછી સર્વે વણિકપુત્રો ભેગા થઈને વિચારે છે કે જેમ પૂર્વે આણે સુસ્થાવસ્થામાં શ્રેષ્ઠીને સંતાપિત કર્યો છે અને હમણાં ઉન્મત્ત થયો છે તેથી શ્રેષ્ઠીના મનને મોટા ઉદ્વેગને કરશે તેથી અટવીમાં જ આને મૂકીને આપણે ત્યાં જઈએ અને શ્રેષ્ઠી આ વિશે આપણને કંઈ પૂછશે તો આપણે કોઈપણ બાના બતાવીશું. પછી તેઓએ તેમજ કર્યું અને ગ્રહીલ તરલાક્ષ તે અરણ્યમાં ભમે છે અને પુષ્પ-ફળાદિથી આજીવિકાને કરતો આંબા વગેરે શ્રેષ્ઠ વૃક્ષોને જોતો અટવીમાં રહ્યો. (૨૭)

અને હવે કોઈક વખત સુથારોએ જેની પ્રતિકૃતિ રૂપે પુતળીઓ બનાવી હતી તે વિશ્વંભર રાજપુત્રને સ્વયંવરેલી રાજપુત્રી વિજયપુર નગરમાં જતી, ભવિતવ્યતાના વશથી તે જ સ્થાને આવાસ કરે છે અને કુમારીઓની સાથે ક્રીડાને કરતી તેના વડે જોવાઈ. પછી અનિમેષ આંખથી તેને જોતો તરલાક્ષ આ (રાજપુત્રી) જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેની પાછળ પાછળ જાય છે. હવે જેટલામાં રાજપુત્રી ભોજનવેળાએ પોતાના આવાસે ગઈ અને ભોજન કરતી રહે છે તેટલામાં તરલાક્ષ પણ ત્યાં ગયો અને ઊભેલી, બેઠેલી કે ભોજન કરતી, ચંક્રમણ કરતી, શૈય્યામાં રહેલી એવી તેને જોતો રહે છે. પછી લાકડીઓ અને મુઠ્ઠીઓને ઉગામીને રાજપુરુષોએ તેને પડકાર કર્યો તો પણ જેટલામાં આ ત્યાંથી ખસતો નથી તેટલામાં તેને એવો બાંધીને છોડ્યો કે તેવી સ્થિતિમાં રહેલા એવા તેને મરેલો જોયો. મરીને ફરી ફરી પણ પતંગીયાના ભવોને પામીને અગ્નિમાં પડીને ઘણીવાર મર્યો અને અનંત ભવસાગરને ભમશે.

(ચક્ષુરિન્દ્રિયના વિપાકમાં શ્રેષ્ઠીપુત્રનું કથાનક સમાપ્ત થયું.)

૪૪૦મી મૂળ ગાથામાં गंधमहुप्पिय એમાં પ્રિય શબ્દ છે તે દરેકમાં જોડવો અર્થાત્ ગંધપ્રિય કુમાર ઘ્રાણેન્દ્રિયના વિપાકમાં દૃષ્ટાંત છે અને પ્રિય શબ્દને મધુ સાથે જોડતા સર્વ પણ મધુર (સુંદર) વસ્તુ પ્રિય છે જેને એવો મધુપ્રિય રસનેન્દ્રિયના વિપાકમાં દૃષ્ટાંત છે. તેમાં ગંધપ્રિયકુમારનું કથાનક કહેવાય છે-

## ગંધપ્રિય કુમાર કથાનક

પદ્મખંડ નામનું નગર છે જેમાં સુભગ પણ સ્ત્રીઓ અનિષ્ટ* છે, ગુણોના એક ભંડાર એવા પુરુષો પણ મહાદોષવાળા છે. તે નગરનો પ્રજાપતિ નામનો રાજા છે જેણે સંપૂર્ણ સ્વર્ગની સ્થિતિ** (હૈયાતી)નો નાશ કર્યો છે. જેણે રાજ્યમાં વિશિષ્ટ પ્રકારના વધને દૂર કરાવ્યો છે. જે બ્રહ્માદિથી પણ ચડી જાય તેવા છે.

અને તે રાજાનો મોટો પુત્ર જે બાળપણથી જે જે સુગંધી વસ્તુઓ છે તેને તેને લાંબા સમય સુધી સૂંઘે છે એ પ્રમાણે સૂંઘવાની પ્રવૃત્તિ વધવાથી આ ઘ્રાણેન્દ્રિયને પરવશ થયો અને સુગંધી દ્રવ્યોને માટે સ્વ કે પર ઘરમાં

---

* પદ્મખંડ નગરમાં ઉત્તમ ગુણવાળા પુરુષો વસે છે જેઓની ઉત્તમ શીયળને ધારણ કરનારી સ્ત્રીઓ છે. છતાં પણ પુરુષો બ્રહ્મચર્ય આદિ ગુણોના એવા રાગી છે કે શીલવાળી સ્ત્રીઓના સ્પર્શને બ્રહ્મચર્યાદિ પાલનમાં અનિષ્ટ માને છે તેવી રીતે પુરુષો પણ ઉત્તમ ગુણવાળા હોવા છતાં ઉત્તમશીયળને ધારણ કરતી સ્ત્રીઓ પુરુષના સ્પર્શને મહાદોષ માને છે એ અપેક્ષાએ સ્ત્રીઓ અનિષ્ટ છે અને પુરુષો મહાદોષવાળા છે. અહીં ગ્રંથકારે વિરોધાભાસ અલંકારની રચના કરી છે.

** અર્થાત્ પ્રજાપતિ રાજા પ્રજાનું એવું પાલન કરે છે કે જેથી પ્રજા સ્વર્ગના સુખને ભૂલી ગઈ છે. રાજ્યમાંથી પંચેન્દ્રિયાદિ વધને દૂર કરાવ્યો છે તેથી જીવાદિનું રક્ષણ કરવામાં બ્રહ્માદિથી ઉત્તમ પુરવાર થયા છે. બ્રહ્મા માત્ર પ્રજાને ઉત્પન્ન કરે છે જ્યારે આ પ્રજાપતિ રાજા પ્રજાને ઉત્પન્ન કરનાર હોવા છતાં પ્રજાનું રક્ષણ પણ કરે છે.

ભટકે છે અને સકળનગરમાં તેનું ગંધપ્રિય એ પ્રમાણે નામ પ્રસિદ્ધ થયું અને પોતાના પુત્રને માટે રાજ્યની અર્થી એવી સાવકીમાતા જેને હણવા છિદ્રો શોધે છે અને કોઈકવાર તે શ્રેષ્ઠી વેશ્યાઓથી યુક્ત અને મિત્રો સહિત ઘણી નાવડીઓ વડે નદીના પાણીમાં ક્રીડા કરે છે. (૬)

પછી સાવકી માતા વિષથી મહારુદ્ર ચૂર્ણને ભેળવીને પડિકામાં બાંધીને દાબડામાં મૂકે છે. દાબડાને મંજૂષા (પેટી)માં મૂકે છે. પેટીને બીજી પેટીમાં મૂકે છે, બીજી પેટી ત્રીજી પેટીમાં મૂકે છે એ પ્રમાણે અનેક પેટીઓમાં ક્રમથી મુકાયેલા દાબડાને નદીના પ્રવાહમાં વહન કરાવે છે અને નદીમાં વહેતો તે દાબડો નજીક આવે છે ત્યારે તે પોતાની પાસે મંગાવે છે. હવે જેટલામાં બધી પેટીઓને ક્રમથી ઉઘાડી દાબડો કાઢી તેમાં પડિકાને જુએ છે જે સૂંઘવા માત્રથી પ્રાણને હરે તેવા ચૂર્ણને બધાની વારવા છતાં લાંબા સમય સુધી સૂંઘ્યું પછી વિષ પરિણત થયે છતે આ જલદીથી પ્રાણોથી મુકાયો પછી સર્વ પણ લોકે આ વૃત્તાંતને જાણ્યો. એ પ્રમાણે ઘ્રાણેન્દ્રિયને વશ થયેલો તે રાજ્યથી ભ્રષ્ટ થયો અને ભવરૂપ સમુદ્રમાં ડૂબેલો મુશ્કેલીથી સહી શકાય તેવા દુ:ખોને સહન કરશે.

હવે મધુપ્રિયની કથા કહેવાય છે.

## મધુપ્રિયનું કથાનક

સિદ્ધપુર નામે નગર છે જેમાં ધર્મ-અર્થના પ્રકર્ષને પામેલા પણ મોક્ષના અર્થી એવા મનુષ્યો ધર્મ અને અર્થમાં રાગી નથી. તે નગરમાં ઘણાં વૈભવવાળો વિમલબુદ્ધિ નામે શ્રેષ્ઠી વસે છે અને અનેક માનતાઓથી તેને પુત્ર થયો. મોટો થતો એવો તે પણ રસનેન્દ્રિયની લોલતાથી ઉપાધ્યાયને સોંપ્યો. રસવાળા ભોજનની લાલસાથી તે કંઈપણ સમ્યગ્ ન ભણ્યો. કળામાં દુ:શિક્ષિત એવો તે કોઈક વણિકપુત્રીને પરણે છે. કડવા-તીખા-ખારા-ખાટા-તુરા અને મધુર એવા છ રસોથી યુક્ત એવી રસોઈને દરરોજ વણિકપુત્રીની પાસે કરાવે છે અને પોતે બીજા-બીજા લોકોની સાથે રસોઈના દાન અને ગુણના વિચારને કરતો રહે છે. માતા પિતાથી પ્રેરણા કરાતો છતાં પણ કોઈપણ વ્યવસાયને કરતો નથી અને ઉત્કૃષ્ટ-મધ્યમ અને જઘન્ય રસોની કથા કરતો દિવસ પસાર કરે છે. (૭)

હવે કોઈ વખત વિચારે છે કે અમારા કુળમાં અભોજ્ય એવા મદિરા અને માંસ રસ વિના સર્વ રસોને મેં અનુભવ્યા તેથી જ્યાં સુધી હું તેનું ભોજન ન કરું ત્યાં સુધી મારી મનોવાંછના પૂર્ણ ન થાય . તેથી જે થવાનું હોય તે થાય પણ મારે તેનું ભોજન કરવું જોઈએ. એ પ્રમાણે વિચારીને ગુપ્ત રીતે મદિરા અને માંસનું ભોજન કરવા લાગ્યો આસક્ત થયેલો પાછળથી પ્રકટપણે રાત અને દિવસ ખાય છે અને પછી માતાપિતાવડે ખેદથી પ્રયત્નપૂર્વક વારણ કરાયો અને બીજા પણ વૃદ્ધો, લોક તથા ગુરુ તથા મિત્રોથી વારણ કરાયો છતાં પણ આ મદિરા-માંસ ભક્ષણથી વિરામ પામતો નથી ત્યારે માતાપિતાએ રાજકુળમાં લેખથી જણાવીને પોતાના ઘરમાંથી કાઢી મુકાવ્યો. પછી નિરંકુશ એવો આ અભોજ્યોનું ભોજન કરતો, અપેયનું પાન કરતો, અકાર્યોને સેવતો ભમે છે. કાળથી મનુષ્યના માંસમાં આસક્ત થયેલો ગામ નગરોમાં ભમે છે અને નિર્દય એવો તે મનુષ્યોના બાળકોને ગુપ્ત રીતે હણે છે. તે સર્વ પણ મનોજ્ઞ વસ્તુનો તથા સર્વ રસનો અભિલાષ કરે છે તેથી લોકોએ 'મધુપ્રિય' એવું ગુણ નિષ્પન્ન નામ કર્યું. (૧૫)

હવે કોઈક વખત કોઈક ગામની ભાગોળે રમતા બાળકનું હરણ કરીને પલાયન થયેલો મધુપ્રિય બહાર પુરુષો વડે પકડાયો અને બાંધીને રાજાને સોંપ્યો. રાજાએ ઘણી વિડંબનાથી લાંબો સમય ત્રાસ આપીને મારી

નંખાવ્યો. પછી નરકમાં ઉત્પન્ન થયો. ભવોભવ રસનાને પરવશ થયેલો એ પ્રમાણે છેદન-મરણાદિથી ઉત્પન્ન થયેલા દુઃખોને ભોગવશે. માછલાદિ ભવોમાં અનંત દુઃખોને સહન કરતો સંસારમાં ભમશે. એ પ્રમાણે જીવોની રસનેન્દ્રિયની લોલતા દુરંત કહેવાઈ છે.

(રસનેન્દ્રિય વિપાકમાં મધુપ્રિય શ્રેષ્ઠીપુત્રનું કથાનક સમાપ્ત થયું.)

હવે સ્પર્શેન્દ્રિયના વિપાકમાં મહેન્દ્રનું કથાનક કહેવાય છે.

## મહેન્દ્ર કથાનક

જ્યાં સકળનગરની જય પતાકાઓ હોય એવી ધનવાનોની ક્રોડ પતાકાઓ ફરકતી જણાય છે તે વિશ્વપુર નામનું નગર છે. તેમાં શેષનાગની જેમ ધારણ કરાયું છે પૃથ્વીનું વલય જેના વડે, ચૂડામણિના કિરણથી ઉદ્યોતિત કરાયું છે મુખ જેનાવડે, ભોગથી* યુક્ત એવો ધરણેન્દ્ર નામનો રાજા છે. કામદેવની જેમ રૂપથી સંપન્ન મહેન્દ્ર નામનો પુત્ર છે અને ત્યાં વણિક શ્રેષ્ઠીને મદન નામનો પુત્ર છે મહેન્દ્રકુમાર તેની સાથે મૈત્રી કરે છે અને તેથી બંને પણ સાથે ભોજન શયનાદિને કરે છે, સાથે ભમે છે. તે બેનો સ્નેહ સકલ જનમાં પ્રસિદ્ધ થયો. મદનને શ્રેષ્ઠરૂપવાળી ચંદ્રવદના ભાર્યા છે તેના શરીરની સુકુમારતાથી જીતાયેલા કમલિનીના દળોનો વાસ જળમાં થયો છે તથા સિરીશ કુસુમોનો વાસ અરણ્યમાં થયો છે એમ હું માનું છું. (૬) પોતાના હાથથી તંબોલને આપતી ચંદ્રવદનાનો સુકુમાલ હાથ ઘરે આવેલ રાજપુત્રના હાથમાં લાગ્યો. પછી મહેન્દ્ર વિચારે છે કે પૃથ્વીતળ પર મારો મિત્ર પ્રશંસનીય છે કે જે આવા સર્વ શરીરને આલિંગન કરતો સ્પર્શના સુખને અનુભવે છે. આના વડે હાથમાત્રના સ્પર્શથી પણ હું અમૃતની જેમ સિંચાયેલો કરાયો તો પછી આના સર્વાંગ સ્પર્શનાના સુખના સંવેદની શું વાત કરવી ? એને હું પણ જાણતો નથી. ઇત્યાદિ વિચારીને તે આ ભાભી છે એમ બાનાથી તેની સાથે ચતુરાઈ ભર્યા વચનોથી પરિહાસ (મશ્કરી) કરે છે. પછી સ્પર્શમાં લુબ્ધ કોઈ વખત મૂકી દીધી છે સર્વ શંકા એવો આ અનંગ ક્રીડાને કરતો તેના સર્વાંગનું આલિંગન કરે છે. પછી નિત્ય અનાચારમાં તત્પર મહેન્દ્રકુમાર એ પ્રમાણે કામ સેવે છે, લજ્જાથી રહિત તેની સાથે રહે છે અને સરળ સ્વભાવી મદન તેને જોઈને ક્યારેય પણ માનતો નથી અને કહે છે કે આ ભાભીની સાથે મશ્કરી કરે છે. (૧૩)

આ વ્યતિકરને નહીં જાણનારો ધરણેન્દ્ર રાજા રાજ્યાભિષેકના કાર્યમાં કુમારને ઉદ્દેશીને સર્વ પણ તૈયારી કરાવે છે. આ બાજુ ચંદ્રવદનાના સ્પર્શમાં આસક્ત મહેન્દ્રકુમાર એક દિવસ પણ તેને છોડતો નથી અને જંગલાદિમાં લઈ જાય છે. અને ઉજાણીના બાનાથી કેટલાક દિવસો જંગલમાં પણ વસે છે. એ પ્રમાણે પ્રાપ્ત થયેલી વગવાળા, ચંદ્રવદનાના સ્પર્શમાં આસક્ત, અવિચારિત પરિણામવાળા મહેન્દ્રકુમારે મદનના દેહને હણનારા મારાઓને ગુપ્ત રીતે રાત્રીએ મોકલ્યા. તે મારાઓએ તેને હણ્યો. રાજપુરુષો વડે પકડાયેલા મારાઓ રાજા પાસે લઈ જવાયા. રાજાએ તેઓને સજા કરી ત્યારે તેઓએ કહ્યું કે તમારા પુત્રે અમને મારવા માટે મોકલ્યા છે. (૧૮)

પછી સર્વ વ્યતિકરને જાણીને ગુસ્સે થયેલ રાજા આરક્ષકોને કહે છે કે આ કુમાર દુષ્ટ છે તેથી તેની અમુક અમુક પ્રકારથી વિડંબના કરીને મારીને મને તેની ખબર જણાવો. આજ્ઞાસારવાળા રાજાને જાણીને કરુણાથી સચિવોએ કુમારને કોઈપણ રીતે ખબર આપી અને કુમાર ચંદ્રવદનાને પણ લઈને પલાયન થયો.

* શેષનાગના પક્ષમાં ભોગ એટલે ફણા.

રાજાએ પણ પોતાંના શ્રેષ્ઠ વૈદ્યોવડે મદનને સાજો કર્યો અને બીજા પુત્રને રાજ્ય આપે છે રાજા પણ વૈરાગ્ય પામી દીક્ષાને આરાધીને મોક્ષમાં ગયો. (૨૨)

મદન પણ વિચારે છે કે અહો ! મોહને વશ થયેલાઓના વિલાસને જુઓ. નિર્દય પાપીઓ પુરુષોને મિત્રપણાથી વિશ્વાસમાં લઈને તેની જ સ્ત્રી વિશે આસક્ત બને છે અને તેને જ મરાવે છે એ પ્રમાણે સંસારની સ્થિતિ હોવા છતાં પણ હજુ પણ મને જે વિષયપિપાસા છે તે મારો મહામોહ છે એમ વિચારીને રાજાની સાથે દીક્ષા લઈને સારી રીતે પાળીને વૈમાનિક દેવલોકમાં ઉત્તમ દેવ થયો. (૨૫)

મહેન્દ્રકુમાર પણ ચંદ્રવદનાની સાથે શરીરમાત્રથી જતો (અર્થાત્ કોઈપણ રથાદિ સાધન વિના પગેથી ચાલતો) અટવીમાં ભીલોની ધાડથી પકડાયો. પછી મહેન્દ્રકુમાર અને ચંદ્રવદના જુદા જુદા વેપારીઓના હાથમાં વેંચાયા. તે વેપારીઓ પણ તે બંનેને જુદા જુદા લઈ જઈને નજીકના તથા દૂરના મ્લેચ્છ દેશોમાં જુદે જુદે સ્થાને વેંચ્યા. પછી કંબલોને રંગવા માટે તેના શરીરને છેદીને તેમાંથી દરરોજ ઘણું લોહી કાઢે છે. વાલાદિ ધાન્યોથી ફરી પણ તેના શરીરને પોસીને (પુષ્ટ કરીને) લોહી કાઢીને લે છે. કાળથી તે બંને પણ કપાસની પુણી જેવા સફેદ (ફીકા) થઈને પ્રાણોથી મુકાયેલા આગળ અનંત સંસારમાં ભમશે. (૩૦)

**अथ हिंसादीनामाश्रवद्वारत्वं सदृष्टान्तमुपदर्शयन्नाह –**

હવે હિંસાદિ આશ્રવદ્વાર છે એ દૃષ્ટાંત સહિત બતાવતા કહે છે.

**हिंसालियपमुहेहि य आसवदारेहिं कम्ममासवइ ।**
**नाव व्व जलहिमज्झे जलनिवहं विविहछिड्डेहिं ।।४४१।।**
**ललियंग-धणायर-वज्जसार-वणिउत्त-सुंदरप्पमुहा ।**
**दिट्ठंता एत्थं पि हु कमेण विबुहेहिं नायव्वा ।।४४२।।**

**हिंसालीकप्रमुखैश्च आश्रवद्वारैः कर्म्म आश्रवति**
**नौरिव जलधिमध्ये जलनिवहं विविधच्छिद्रैः ।।४४१।।**
**ललितांगधनाकरवज्रसारवणिक्पुत्रसुन्दरप्रमुखाः**
**दृष्टान्ता अत्रापि खलु क्रमेण विबुधैः ज्ञातव्याः ।।४४२।।**

**ગાથાર્થ :** જેવી રીતે સમુદ્રની અંદર વિવિધ છિદ્રોથી યુક્ત નાવડીમાં જળસમૂહ પ્રવેશે છે તેવી રીતે હિંસા-અલીક વગેરે આશ્રવ દ્વારોથી કર્મનો આશ્રવ થાય છે. (૪૪૧)

લલિતાંગ, ધનાકર, વજ્જસાર, વણિકપુત્ર, સુંદર વગેરે દૃષ્ટાંતો હિંસાદિના વિષયમાં પણ ક્રમથી બુદ્ધિમાનોએ જાણવા. (૪૪૨)

**द्वे अपि पाठसिद्धे, तत्र प्राणातिपातेनैकान्ताशुभकर्माऽऽश्रवति, यथा पूर्वभवे गंगदत्तः, तन्निवृत्तस्तु न तदाश्रवति, यथा प्राग्भव एव तद्भ्राता ललिताङ्गः, एष व्यतिरेकदृष्टान्तः, अयमेव च सूत्रे साक्षादुपात्तः, अन्वयदृष्टान्तस्तु गंगदत्तः स्वयमेव द्रष्टव्यः, तदेतौ द्वावपि युगपदुच्येते, तद्यथा –**

**ટીકાર્થ :** બંને પણ ગાથા પાઠ સિદ્ધ છે તેમાં પ્રાણાતિપાતથી એકાંતે અશુભકર્મનો આશ્રવ થાય છે જેમ

પૂર્વભવમાં ગંગદત્તે કર્મનો આશ્રવ કર્યો અને હિંસાદિથી નિવૃત્ત થયેલાને અશુભ કર્મનો આશ્રવ થતો નથી જેમ પૂર્વભવમાં ગંગદત્તના ભાઈ લલિતાંગે કર્મનો આશ્રવ ન કર્યો. આ વ્યતિરકે દૃષ્ટાંત છે. અને આ જ દૃષ્ટાંત સૂત્રમાં સાક્ષાત્ બતાવ્યું છે. ગંગદત્ત અન્વય દૃષ્ટાંત છે તે સ્વયં જ જાણી લેવું તેથી આ બંને પણ દૃષ્ટાંત સાથે કહેવાય છે તે આ પ્રમાણે-

## લલિતાંગ તથા ગંગદત્તનું કથાનક

આ ભરતક્ષેત્રમાં ધનસંચય નામનો સંનિવેશ છે જેમાં ઘણી રિદ્ધિથી યુક્ત હોવા છતાં પણ લોક ધનની લાલસાથી રહિત છે. ત્યાં અન્યોન્ય પ્રેમથી બંધાયેલા બંને પણ કુલપુત્ર ભાઈઓ ક્યારેક અટવીમાંથી લાકડાનું ગાડું ભરીને પાછા ફર્યા. નાનો ગાડાની ઊધ (ધુરા) પર બેસીને ગાડાને ચલાવે છે અને મોટો ભાઈ આગળથી પગે ચાલે છે. માર્ગમાં ધીમે ધીમે આડી સન્મુખ જતી ચક્ષુલિંડી (સાપણી)ને જુએ છે. પછી નાના ભાઈને કહે છે કે આ વરાકડીનું રક્ષણ કર. ગાડાને ટારીને ચલાવ (અર્થાત્ સાપણી ગાડાના પૈડા નીચે કચડાઈ ન જાય તેમ માર્ગ સિવાય અન્યથી ચલાવ.) નાનો ભાઈ વિચારે છે કે આનું રક્ષણ કરવાથી શું ? ગાડાના પૈડાથી આને પીલવામાં આવે તો કેવો અવાજ થાય ? તે હું સાંભળું. એમ વિચારીને નિર્દય મનવાળો તે સાપણીની ઉપર ગાડાને હાંકે છે. સંજ્ઞિ પંચેન્દ્રિય હોવાથી તે સાપણી પણ સર્વ વ્યતિકરને મનમાં જાણે છે. મોટાભાઈના વચનથી ઘણી ખુશ થઈ અને નાના ભાઈના વચનથી ઘણી દુભાઈ, ગાડાથી કચડાયેલી અને મરેલી તે વસંતપુર નગરમાં ધન નામના શ્રેષ્ઠીના ઘરે પુત્રી રૂપે ઉત્પન્ન થઈ. (૮) ક્રમથી યૌવનને પામી ત્યારે તે પરણાવાઈ અને તે મોટો કુલપુત્ર મરીને તેના ગર્ભમાં ઉત્પન્ન થયો અને ખુશ થયેલી તે ગર્ભને વહન કરે છે. પછી અતિ શીત નહીં અતિ ઉષ્ણ નહીં એવા હિત પથ્ય આહાર વડે સુખપૂર્વક ગર્ભનું પાલન કરીને સમયે પુત્રને જન્મ આપે છે. મનમાં તુષ્ટ થયેલી વર્ધાપન કરાવે છે અને મોટા હર્ષથી પુત્રનું નામ લલિતાંગ રાખ્યું. પછી સુખપૂર્વક તે પુત્ર મોટો થાય છે ત્યારે નાનો ભાઈ પણ મરીને તેના ગર્ભમાં ઉત્પન્ન થયો. (૧૨) પૂર્વ ભવનો વૈરી હોવાથી તે માતાને મોટી અરતિ ઉત્પન્ન કરે છે. પછી દ્વેષી એવી માતા પણ દુષ્ટ ઔષધો પીએ છે તો પણ નિરુપક્રમ આયુષ્યવાળો હોવાથી ગર્ભ વિનાશ પામતો નથી. તેથી આ કેમેય કરીને અરતિ રૂપી મહાસાગરમાં પડી. કાળે પુત્રને જન્મ આપે છે. દ્વેષીમાતા દાસીને આપીને પુત્રનો ત્યાગ કરાવે છે. અને ફેંકણી માટે (ત્યાગ કરવા માટે) લઈ જવાતો પિતાવડે જોવાયો અને તેના હાથમાંથી લઈ લીધો. પિતાએ સર્વ હકીકત દાસીને પૂછી. દાસીએ સર્વ હકીકત સત્ય જણાવી. પિતા વિચારે છે કે આ માતાની પાસે જીવી શકશે નહીં પછી બીજાના ઘરે ગુપ્ત રાખીને મોટો કરાવે છે. અને ધાત્રીઓએ તેનું ગંગદત્ત નામ રાખ્યું અને પુત્ર બીજે ક્યાંય મોટો થાય છે એમ માતાએ કોઈપણ રીતે જાણ્યું. તેથી હૃદયમાં પતિ ઉપર પણ રોષને ધારણ કરે છે. પૂર્વ ભવના અભ્યાસથી લલિતાંગને નાના ભાઈ પર સ્નેહ છે પછી બંને પણ પિતા-પુત્ર તેની પ્રયત્નથી સાર સંભાળ રાખે છે. (૧૯) ખાન, પાન વસ્ત્રાદિ સર્વ પણ તેને ગુપ્ત રીતે આપે છે અને બહાર રમતા એવા તેને ક્યારેક માતાએ જોયો. પછી ગુસ્સે થયેલી માતાએ ઘણું પીટીને મારવાની શરૂઆત કરી પરંતુ કરુણાવાળા કોઈક પુરુષોએ પણ તેને કોઈપણ રીતે છોડાવ્યો અને કોઈકવાર ઉત્સવ થયો છે એમ જાણીને લલિતાંગની સાથે પિતા ભોજનવેળાએ પોતાની પીઠ ઉપર ગંગદત્તને સ્થાપે છે અને બંને પણ પોતાના ભાજનમાંથી ગુપ્ત રીતે પક્વાન્નાદિ આપે છે. માતાએ આ જાણ્યું અને બાહુ પકડીને ત્યાંથી કાઢ્યો. પછી પગની પેનીથી લાત મારીને અશુચિ સ્થાનમાં નાખ્યો અને પછી અર્ધ ભોજન કરેલા પિતાપુત્ર બંને પણ સંભ્રાંતને વહન કરતા ઊભા થાય છે અને પાણીથી તેને સાફ કરીને લઈને નીકળી ગયા. વૈરાગ્યને પામેલા બહાર જઈને વૃક્ષની

નીચે બેઠા અને જેટલામાં ચિંતારૂપી શોક સાગરમાં ડૂબેલા રહે છે તેટલામાં શ્રેષ્ઠગુણવાળા ભિક્ષાને માટે જતા બે સાધુઓને જુવે છે અને વૈરાગ્યને પામેલા વંદન કરીને આ પ્રમાણે પૂછે છે કે હે ભગવન્ ! તમારું સ્થાન ક્યાં છે ? ભોજન પછી અમે ધર્મ સાંભળીશું. તેઓએ પણ તેમની યોગ્યતા જાણીને પોતાનું સ્થાન જણાવ્યું અને બપોરની ભોજનવેળા પછી તેઓ ત્યાં જ ગયા. તેઓ સાધુઓને જિનધર્મ પૂછે છે. સાધુઓ પણ જિનધર્મને કહે છે. (૨૯) અને પછી પિતાએ પુછ્યું કે હે મુનિવરેન્દ્ર ! શું માતાને પોતાના સંતાન ઉપર મારણના વ્યવસાય સુધીનો પ્રદ્વેષ હોય છે ? પૂર્વ જન્મનો વૈરી જે સંતાન રૂપે જન્મે છે તેના ઉપર માતાને પણ પ્રદ્વેષ થાય છે. જેમકે કહેવાયું છે કે-

"સંસારમાં માતા મરીને પુત્રી, બહેન અને પત્ની થાય છે અને પુત્ર મરીને પિતા અને ભાઈ થાય છે અને શત્રુ પણ થાય છે જ. શત્રુ પણ પુત્ર થાય છે અને તેને વિશે મહાન પ્રદ્વેષ થાય છે અને કેટલાકોને આ પ્રમાણે આ ભવમાં વૈર પરંપરા વધે છે. તેથી આવા પ્રકારના અનંતા અણઘટતા પ્રસંગોનું ઘર આ સંસાર જ છે તેમાં કોઈ આશ્ચર્ય નથી. અહીં કોણ કોનો પિતા છે ? કોણ માતા છે ? અને કોણ કોનો ભાઈ છે ? અન્ય-અન્ય સ્વરૂપવાળા તેવા પ્રકારના પોતાના કર્મોથી જીવો તેવા તેવા ભવો કરે છે. (૩૩) નિવૃર્ત્તિપુરીને છોડીને બીજું કંઈપણ શાશ્વત રૂપ નથી અને આ સંસારમાં સુખનો લેશ પણ નથી અને આથી જ ધીરપુરુષોએ કષ્ટવાળું અનુષ્ઠાન આચરીને પણ મોક્ષમાં વાસ કર્યો છે અને આ સંસારના દુઃખોથી મુકાયેલા તેઓ ત્યાં જ વસે છે." ઇત્યાદિ મુનિવરના વચનો સાંભળીને મોટા સંવેગને વહન કરતા ત્રણેય પણ આ સત્ય છે એમ માનતા પોતાનો વૃત્તાંત મુનિવરને જણાવી સકળ દુઃખને નાશ કરનારી દીક્ષા તેઓની પાસે સમ્યક્ સ્વીકારે છે અને થોડા કાળથી સૂત્રો ભણીને ગીતાર્થ થાય છે અને ત્રણેય પણ ધીરો માસખમણના પારણે માસખમણ કરીને તપ કરે છે એ પ્રમાણે તેઓ તે ભવમાં ઘણાં વરસો સુધી ઉગ્રતપને અને ચારિત્રને આરાધે છે. પિતા કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયો. અને બંને પણ પુત્રો વિધિથી સંલેખના કરીને નિયાણા વિના લલિતાંગ પાદપોપગમન અનશનનો સ્વીકાર કરે છે અને ગંગદત્ત વિચારે છે કે આ જન્મમાં હું જન્મથી માંડીને જે દુર્ભાગ્યતાને કારણે માતાને પણ અનિષ્ટ થયો એમ વિચારીને નિયાણું કરે છે કે મારા આ દુષ્કર તપનું જો કોઈપણ ફળ હોય તો હું સર્વને પણ પરભવમાં ઇષ્ટ થાઉં. પછી બંને કાળ કરીને મહાશુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા. (૪૩) પછી દિવ્યભોગોને ભોગવીને, ચ્યવીને લલિતાંગનો જીવ આ ભરતક્ષેત્રમાં રોહિણીના ગર્ભમાં આવેલો વસુદેવનો પુત્ર થયો અને ગંગદત્તનો જીવ પણ તેની દેવકી નામની રાણીના ગર્ભમાં પુત્ર થયો. બંને પણ ક્રમથી બળદેવ અને વાસુદેવ થયા. તથા પૂર્વે પણ નેમિનાથ ચરિત્રમાં આ વાત વિસ્તારથી કહી છે એ પ્રમાણે જીવવધ કર્યાનું ફળ દુઃખ છે અને જીવવધ નહીં કર્યાનું ફળ સુખ છે.

પ્રાણાતિપાત નહીં કરવાથી થતા ગુણ વિશે લલિતાંગનું તથા પ્રાણાતિપાત કરવાથી થતા દોષ વિશે ગંગદત્તનું કથાનક સમાપ્ત થયું.

હવે મૃષાવાદને વિશે ધનાકર વણિકનું કથાનક કહેવાય છે.

## ધનાકર વણિકનું કથાનક

પરલોકના ભયથી મુક્ત છતાં પણ પરલોક ભીરુ લોકથી આરંભ કરાયો છે ઘણો ધર્મ વ્યાપાર જેમાં એવું આ ભરતક્ષેત્રમાં વિજયવર્ધન નામનું નગર છે. તે નગરમાં સુલસ અને ધનાકર નામના બે સમૃદ્ધિ સંપન્ન વણિકો એક સ્થાને પાસે પાસે આવેલા ઘરોમાં રહે છે. તેમાં મિથ્યાદષ્ટિ હોવા છતાં પણ ધનાકર અત્યંત

દાનરૂચિવાળો છે પરંતુ તેને ઘર-દુકાન આદિ વિશે પ્રમાણથી અધિક મૂર્ચ્છા છે. તે દીનાદિઓને દાન આપે છે, શિવાદિના ભવનો કરાવે છે, કૂવા-તળાવ-પ્રપાદિમાં પોતાના ઘણાં દ્રવ્યનો વ્યય કરે છે. એ પ્રમાણે ક્યારેક માસખમણ પૂરૂં થયું ત્યારે તપ-જ્ઞાન-સંયમના ભંડાર એવા કોઈ મુનિવર તેના ઘરે આવ્યા. પછી ભદ્રકભાવવાળા આણે ભક્તિથી તે મુનિને એક સકોરો સક્તુનો તથા પ્રાસુક અને એષણીય પાણી આપ્યું. અને કંઈક સેવા-સુશ્રુષા કરી. એ પ્રમાણે આરંભ કાર્યોમાં નિરત, અલીકાદિ પાપોથી અવિરત ધર્મરૂચિવાળા એવા તેના કેટલાક દિવસો પસાર થાય છે. (૭)

હવે એકવાર સુલસે બંનેના પણ ઘરની વચ્ચેની સીમપર પોતાની ભૂમિભાગ પર વરંડો (દિવાલ) કરવાની શરૂઆત કરી. આ મારી ભૂમિ છે એમ ધનાકરે સુલસને આજ્ઞા કરી. બંનેનો કજિયો રાજદ્વારે ગયો અને રાજદ્વારે અમાત્ય અને નગરજનો સાથે મળીને દુષ્ટાશનિ નામની ભટ્ટારિકાના ધેય (દિવ્ય)*નો ધનાકરને આદેશ કર્યો.

હવે તે ભટ્ટારિકાનું દિવ્ય કરવાને માટે ધનાકર કૃષ્ણ ચતુર્દશીને દિવસે તૈયાર થયો અને રાજા સહિત સકલ નગર પણ ભેગો થયો. પછી નગરજનો અને અમાત્ય વડે કહેવાયું કે તું ધર્મમાં નિરત છે તેથી મામલો અહીં સુધી પહોંચે છતે પણ તારે જુઠું ન બોલવું જોઈએ. સત્ય, દયા, અચૌર્ય ધર્મનું મૂળ કહેવાયું છે અને પરસ્ત્રી વર્જન વિશેષથી જ પુરુષના ધર્મનું મૂળ કહેવાયું છે. અહીં લોકમાં શાસ્ત્રોમાં જ સત્યને જ આભૂષણ કહ્યું છે અને જેના મુખમાં પણ સત્યની પ્રતિષ્ઠા નથી તેનું પુરુષપણું કેવું ? (૧૪) શીત-ઉષ્ણ-વર્ષા અને વૃક્ષના ફળ તથા કુસુમાદિ સર્વે સત્યથી જ લોકમાં પોતાના કાળ મર્યાદામાં પ્રવર્તે છે. સત્યના ઉચ્છેદથી અહીં સર્વ પણ લોકવ્યવહાર વિચ્છેદ થાય છે અને પૃથ્વી-ચંદ્ર-સૂર્ય-સાગર વગેરે પણ મર્યાદાને મૂકે છે. એકવાર પણ ખોટું બોલવાથી સમગ્ર પણ કરાયેલો વિશિષ્ટ ધર્મ નાશ પામે છે તેથી તું અહીં સત્ય જ બોલ. પછી કર્મના વશની પીડાથી, ભૂમિની મૂર્ચ્છાથી, અજ્ઞાનથી જાણતો હોવા છતાં પણ ધનાકર ખોટું બોલ્યો. જેમકે-

હે દેવી ! જો આ મારી ભૂમિ ન હોય તો તું જ મને તેવો (ખોટો કે સાચો) જાણ એ પ્રમાણે અંજલિ જોડીને કહીને જેટલામાં નીકળી જશે તેટલામાં, દેવીએ તેને થંભાવીને પકડી રાખ્યો અને એક પણ ડગલું ભરવા સમર્થ થતો નથી પછી લોકમાં તાળીઓ પડી. દુષ્ટ ! દુષ્ટ ! એ પ્રમાણે ઘોષણાપૂર્વક સર્વ વડે નિંદાયો અને તેનાવડે કરાયેલ ધર્મ પણ સર્વ વડે નિંદાયો (૨૧) પછી તેનું સર્વસ્વ હરીને રાજાએ નગરમાંથી બહાર કાઢ્યો અને કુટુંબથી મુકાયેલો એકલો દુ:ખીઓ ભમીને મરીને રત્નપ્રભા નારક પૃથ્વીમાં નારકી થયો. નરકના દુ:ખો અનુભવીને અટવીમાં પલ્લિપતિના ભવમાં ભિલ્લોનો સ્વામી થયો. પછી ત્યાં પણ કોઈક બળીયા રાજાએ તેને કાઢી મુક્યો અને બીજા બીજા પલ્લિવનોમાં ભાગતો ફરે છે. (૨૪) એ પ્રમાણે પૂર્વ જન્મના કર્મના અવશેષથી નચાવાયેલો ક્યાંય પણ સ્થાન (સ્થિરતા)ને નહીં પ્રાપ્ત કરતો પ્રાણવૃત્તિને પણ કષ્ટથી મેળવે છે. પછી હંમેશા ભમે છે.

હવે કોઈક દિવસ તેની પાસે ભોજનની કોઈ સામગ્રી નથી. પછી કોઈક પણ રીતે જેટલામાં પરિજન સહિત ત્રણ દિવસ પસાર કરે છે તેટલામાં હવે જ્યારે ગાઢ ચિંતામાં પડેલો છે, ક્ષુધાથી શરીર પીડાઈ રહ્યું છે ત્યારે કોઈકે અદૃશ્ય થઈને આવીને તેને એક સકોરું સક્તુનું તથા એક કરક પાણીનો આપ્યો પછી તેણે વેંચીને (ભાગ પાડીને) પોતાના પરિજનને આપ્યું અને પોતાને પુરતું થયું. (૨૮) એ પ્રમાણે દરરોજ ભોજન કરે છે

* દિવ્ય એટલે અપરાધીની પાસે ગુનો કબૂલ કરાવવા માટે પાણી કે અગ્નિ દ્વારા કરાવવામાં આવતી કસોટી.

છતાં ખૂટતું નથી. વિસ્મિત થયેલો વિચારે છે કે લાખો દુ:ખોમાં મને આ ભોજન માત્રનું સુખ કેમ ઉપસ્થિત થયેલું દેખાય છે ? હવે ક્યારેક એ પ્રમાણે અટવીમાં વિચાર કરતા તેણે મુનિઓથી પરિવરેલા અને જાણેલાં છે સકળભાવો એવા અતિશયજ્ઞાની આચાર્ય ભગવંતને કોઈ એક વૃક્ષની નીચે બેઠેલા જોયા. કોઈપણ રીતે તેની પાસે ધર્મ સાંભળીને વૈરાગ્યને પામેલો આ પ્રમાણે પૂછે છે કે અધન્ય, સ્થાનથી ભ્રષ્ટ થયેલો, દુ:ખાર્ત્ત એવો હું હંમેશા પણ કેમ ભમું છું ? અને આ ભોજનમાત્ર મને પ્રાપ્ત થયું છે અને ભોજનને કોણ અને શા માટે મને આપે છે ? પ્રકટ છે સમગ્ર અર્થનો પરમાર્થ જેને એવા હે સૂરિ ! કૃપા કરીને મને કહો. (૩૩) જ્ઞાની પણ તેને પૂર્વ ઘર કાર્યમાં જે જુઠું કહ્યું હતું ત્યાંથી માંડીને સર્વ પણ હકીકત તેને કહે છે અને કહે છે કે હે ભદ્ર ! ઘરના કાર્યમાં તું જે જૂઠું બોલેલ તે કર્મના અવશેષથી સ્થાન ભ્રષ્ટ થયેલો ભમે છે અને તે વખતે તેં સકતુ અને એષણીય જળ સાધુને વહોરાવ્યું હતું તે જ મહાદાન રૂપીવૃક્ષના ફુલના ઉદ્‌ગમ સમાન અહીં તને ભોજનમાત્ર મળે છે. પણ તેનું ફળ આ ભવમાં બોધિલાભ અને આગળ સ્વર્ગ અને મોક્ષના ફળને આપશે. તારા પુણ્યથી પ્રેરાયેલો વાણવંતર દેવ તને આ ભોજનને આપે છે. જૂઠથી તારા બીજા સર્વે પણ ધર્મો નાશ કરાયા પણ અતીવ પ્રૌઢ અને ગાઢ નિકાચિત એવો સાધુદાનધર્મ વિપક્ષથી (જૂઠ-અધર્મથી) ન હણાયો. એ પ્રમાણે પોતાનું ચરિત્ર તથા જિનધર્મને સૂરિ પાસેથી સાંભળીને અરિહંત એ જ સુદેવ, સાધુ એ જ ગુરુ ઇત્યાદિ સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. મધુ-મદ્ય-માંસાદિનો નિયમ કરે છે પછી જ્ઞાની અન્યત્ર વિહાર કરે છે અને તે પણ ત્યાં વસે છે. (૪૧)

ક્યારેક વિજયવર્ધન નગરથી એક પુરુષ ભમતો તે અટવીમાં આવ્યો કે જેમાં તે પલ્લિપતિ વસે છે. તરસ્યો અને ક્ષુધાથી પીડાયેલો તે વૃક્ષની નીચે જેટલામાં બેઠેલો રહે છે તેટલામાં સૈન્યથી યુક્ત પલ્લિપતિ તેની નજીકમાં આવે છે. સકતુ અને પાણીનો વિભાગ કરીને પોતાના સૈન્યને આપીને પછી નજીકમાં બેઠેલા તે પુરુષને જોઈને તેને પણ સકતુ અને પાણી આપે છે અને પૂછે છે કે તું ક્યાંથી આવેલો છે ? તે કહે છે કે હું વિજયવર્ધન નગરથી અહીં આવ્યો છું. પછી પલ્લિપતિ પૂછે છે કે ત્યાં અમુક પ્રદેશમાં સુલસ અને ધનાકરના ઘરો છે ? પછી તે પુરુષે કહ્યું કે તે પ્રદેશમાં રણ છે ઘરોનું નામ પણ નથી, તે નગરનો ઘણો ભાગ હમણાં ઉજ્જળ થયો છે. (૪૭)

પછી પલ્લિપતિ વિચારે છે કે જે ઘરના કાર્યમાં મેં પાપ ઉપાર્જન કર્યું તે ઘર ખરેખર નાશ પામ્યું પણ તે ઘરના કાર્ય માટે કરેલું પાપ હજુ પણ નાશ પામતું નથી તો પણ જીવ હજી બોધ પામતો નથી અહો ! મહામોહ અતિ દુરંત છે. હવે વિહાર કરતા પૂર્વના જ્ઞાની કોઈક વખત ત્યાં જ પધાર્યા. અને તારા મૃત્યુનો સમય નજીક છે એમ સૂરિએ પલ્લિપતિને જણાવ્યું. અનશન વિધિ કરીને સમાધિના યોગથી તે મરીને બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો ત્યાંથી ચ્યવીને પછી આ મહાવિદેહમાં સિદ્ધ થશે. એ પ્રમાણે ધનાકરનું ચરિત્ર સાંભળીને મૃષાવાદનો પ્રયત્નથી ત્યાગ કરો. (૫૨)

(મૃષાવાદના વિપાકમાં ધનાકર વણિકનું કથાનક સમાપ્ત થયું.)

હવે અદત્તાદાનના વિપાકમાં વજ્જસારનું કથાનક કહેવાય છે-

## વજ્જસારનું કથાનક

પૃથ્વીમંડળ ઉપર વિખ્યાત અવંતિવર્ધન નામનું નગર છે. જેમાં રત્નપ્રદીપને છોડીને બીજા કોઈની અનિવૃત્તિ નથી. (અર્થાત્ તે નગરમાં રત્નપ્રદીપ બુઝાતા નથી તેથી લોકોના મનની સદા સ્વસ્થતા રહે છે) તેમાં ધનનો

સ્વામી એવો વજ્જસાર નામનો વણિક વસે છે જે હંમેશા પણ દાનથી* મત્ત ગજેન્દ્રની જેમ પ્રઝરે છે. ઉત્કર્ષને પામેલો તે યાચકોથી પ્રશંસા કરાય છે તેથી વિટ-યાચક-ભાંડ-માયાવી આદિ અનુચિત લોકોને પણ ધન આપે છે. તેથી અસ્થાને ધનનો વ્યય કરવાથી તથા પુણ્યના ક્ષયથી કાળે કરીને તેનું સર્વ પણ ધન ક્ષીણ થાય છે, જ્યારે યાચક વર્ગ નિષ્ફળ પાછો ફરે છે ત્યારે અપૂર્ણ મનોરથવાળો એવો આ વિચારે છે કે મારું માન નષ્ટ થયું છે તેથી હમણાં મરવું જ ઉચિત છે.અહીં રહીને કોઈપણ રીતે અસમાન જનથી (હલકા લોકોથી) થતું અપમાન અને યાચકોની નિષ્ફળ પ્રાર્થનાથી થતા વ્યાકુળપણાને સહન કરવું ઉચિત નથી. (૬) રત્નપુરમાં ધનથી યુક્ત મારો મામો વસે છે તેથી તેની પાસે જાઉં એમ વિચારીને તેણે પ્રયાણ કર્યું. માર્ગમાં ગિરિપુર નગરમાં કોઈ મુસાફર રત્નપુરથી આવેલો મળ્યો અને તેને મામાના ખબર પુછ્યા. તેણે કહ્યું કે રાજાએ તેના અમુક અપરાધને ઉદ્દેશીને તેનું સર્વ ધન હરીને નિર્ધન કર્યો છે તેથી હમણાં તે વજ્જસાર નામના પોતાના ભાણેજ પાસે ગયો છે. આ હકીકત સાંભળીને વજ્રથી હણાયેલાની જેમ વજ્જસાર વિચારે છે કે હા દૈવ ! તને છોડીને અકાળે પ્રહાર કરવાનું કોણ જાણે છે ? મારા વિભવને પણ હરી લીધો. મામાના વિભવના નાશથી મને જેટલું દુઃખ થાય છે તેટલું દુઃખ મારા પોતાના વિભવના નાશથી થતું નથી અથવા આવું વિચારવાથી શું ? અમારી વિચારણાથી કાંઈ બળેલા ભાગ્યવાળા મામાનો દુષ્ટ પરિણામ નાશ થતો નથી. (૧૪)

નહીં બનનારું પણ બને છે, સુઘટિત મનનું ઇચ્છિત પણ નિષ્ફળ થાય છે, દુષ્ટ વિધિના અનંત ચરિત્રોને કોણ નાશ કરે છે અથવા જાણે છે ? (૧૫)

ઇત્યાદિ વિચારીને તે જ ગિરિપુર નગરની અંદર મામાને શોધવા માટે ચાલ્યો. અને માર્ગમાં જતા તેણે દિશારૂપી ચક્રને પ્રભાથી ઉદ્યોત કરતી નગરની બહાર પડેલી રત્નાવલીને જોઈ. પછી તેણે વિચાર્યું કે આ અદત્તાદાન છે, શાસ્ત્રમાં વિશિષ્ટ પુરુષોને પડેલી વસ્તુને પણ દૂરથી જ ત્યાગવાનું કહ્યું છે. પરંતુ મારા મામા તેવા પ્રકારની દુઃસ્થિતિમાં પડેલા છે એવું મેં સાંભળ્યું છે તેથી આ અકાર્યને કરીને તેની દુઃસ્થિતિનું નિવારણ કરું. એમ વિચારીને તેણે રત્નાવલીને ઉપાડી લીધી અને વસ્ત્રની અંદર સારી રીતે છૂપાવીને રાખી. પછી નગરના દરવાજે ગયો અને દરવાજા પર રાજ-આયુક્ત પુરુષો પ્રવેશતા અને નીકળતા પુરુષોની જડતી* લે છે. પછી તેઓ વજ્જસારને પણ તપાસવા લાગ્યા. તેની તપાસ કરે છે ત્યારે ક્ષોભ પામેલા વજ્જસારના કેડમાંથી રત્નાવલી પડી અને તેની સાથે રાજા પાસે લઈ જવાયો ગુસ્સે થયેલ રાજાએ તેને વધની આજ્ઞા કરી. (૨૨)

અને આ બાજુ તે ઘરમાંથી કહ્યા વગર ચાલી ગયો એટલે તેની પાછળ અપશેરીથી** ત્યાં માતા અને સ્ત્રી આવી. અને તેઓએ વજ્જસારને વધ્ય સ્થાને લઈ જતા રાજપુરુષોને જોયા. લોક પાસેથી વ્યતિકરને જાણ્યા પછી આ બંને દુઃખ સહિત, સકરુણ, વિવિધ પ્રલાપોથી પ્રલાપ કરવાને શરૂઆત કરી. વિભવનો ભ્રંશ તથા ઇષ્ટનો વિયોગ કરીને હે દૈવ ! તું ખુશ ન થયો જેથી હજુ પણ આને આવી આપત્તિમાં નાખ્યો. દાન કરતા એવા આણે પોતાના દ્રવ્યને ધૂળ સમાન પણ નથી માન્યું તેથી પણ હા દૈવ ! તેં આવી અવસ્થા કેમ કરી ? એ પ્રમાણે રડતી એવી તેઓએ આખા નગરને રોવડાવ્યું. એટલીવારમાં કોઈક પુણ્યોથી અતિવલ્લભ રાજપુત્રી નગરના યક્ષની યાત્રાએ નીકળી. રાજપુત્રીએ તેઓને પ્રલાપ કરતા જોઈને પછી કરુણાથી તેઓના વ્યતિકરને પુછ્યો. તેઓ સવિસ્તર વ્યતિકરને જણાવ્યો. નગરના લોક સહિત સર્વવડે પ્રાર્થના કરાયેલી રાજપુત્રીએ હું આને છોડાવીશ એમ સ્વીકાર કર્યો. રાજપુત્રીએ એક ક્ષણ આ રક્ષકોને અટકાવ્યા. પછી પિતા

---

* હાથીના પક્ષમાં દાન=મદ, જેવી રીતે મદોન્મત્ત હાથી દાન(મદ)ને ઝરાવે છે તેવી રીતે વણિક દાનને ઝરાવે છે. (આપે છે.)

** જડતી એટલે ખાસ કરી ચોરીના આરોપમાં ચોરનાં અંગો તેમજ તેના સ્થાનોની લેવામાં આવતી તપાસ.

*** અપશેરી એટલે સ્થાને પહોંચવાનો કાચો નજીકનો રસ્તો.

પાસે જઈને, રાજાના પગમાં પડીને ગાઢ આગ્રહથી તેને વધમાંથી છોડાવ્યો. પછી ગાઢ વૈરાગ્યને પામેલો સાધુપાસેથી ધર્મ સાંભળીને માતા અને પત્ની સહિત વ્રતને લઈને સર્વ પણ અદત્તાદાનાદિ સાવદ્યના પચ્ચક્ખાણ કરે છે. એ પ્રમાણે પડેલું પણ ગ્રહણ કરાયેલું પરદ્રવ્ય અતિમોટા વિપાકને આપે છે એવી પરિભાવના કરીને સર્વ પણ પર દ્રવ્યને ત્રિવિધ ત્રિવિધ ત્યાગો. (૩૪)

હવે મૈથુનવ્રતના વિષયમાં વણિકપુત્રનું કથાનક કહેવાય છે.

## વણિક પુત્રનું કથાનક

કૌશાંબી નામની નગરી છે જેની ચિત્રશાળાઓમાં કુતૂહલથી ખેંચાયેલા સ્વર્ગમાંથી જુદા જુદા પ્રકારના દેવો જાણે ન આવ્યા હોય તેવું દેખાય છે. તે નગરીમાં વિમલધન નામનો શ્રેષ્ઠી વસે છે અને તેનો શિવ નામે પુત્ર ધનના સમૂહને કમાઈને સર્વત્ર વિખ્યાત થયો. પિતાનું મરણ થયા પછી તે ક્યારેક ગર્ભવતી સ્ત્રીને છોડીને અને પ્રચુર કરિયાણું ભરીને વ્યાપાર માટે દૂર દેશમાં ગયો અને તે દેશમાં લે-વેચથી લાંબો સમય રહ્યો અને ઘણું ધન કમાયો. ખુશ થયેલા તે દેશના રાજાએ તેને શ્રેષ્ઠ આભરણ, છત્ર અને ઘોડો આપ્યા તથા તેનું નામ પણ 'શ્રીપતિ' એમ સ્થાપન કર્યું અને તેની પત્નીએ કૌશાંબીની અંદર શ્રેષ્ઠ પુત્રીને જન્મ આપ્યો. (૫) અને વૃદ્ધિને પામેલી અર્થાત્ મોટી થયેલી એવી આ પુત્રી સ્ત્રીજનને ઉચિત કળાઓ ભણે છે અને તે શ્રેષ્ઠ દેવોના મનને હરનાર એવા યૌવનને પ્રાપ્ત થઈ. ઉજ્જૈની નગરીના રહેવાસી બંધુદત્ત નામના વણિક પુત્રની સાથે પરણાવાઈ. ઉજ્જૈની નગરીમાં રહેલી પણ વણિકપુત્રની સાથે વિષયસુખને અનુભવે છે અને લાંબા સમય પછી પોતાનો પિતા પોતાની નગરી તરફ જતો ઉજ્જૈનીમાં આવ્યો અને વર્ષાકાળમાં ઉજ્જૈનીમાં તંબુ તાણીને રહે છે. વ્યવહાર અર્થે દરરોજ બંધુદત્તના ઘરે જાય છે અને ત્યાં પોતાની પુત્રીને જુવે છે અને પોતાની પુત્રીના રૂપ-લાવણ્યમાં મૂઢ થયેલ હૈયાવાળા શિવને પુત્રીની સાથે સંબંધ થયો અને તેની સાથે અનાચારને સેવે છે એ પ્રમાણે ચોમાસું ત્યાં રહીને વણિકપુત્ર શ્રીપતિ ક્રમશઃ કૌશાંબી નગરીમાં પોતાને ઘરે ગયો. વર્ધાપનક કરાવીને તે મોટી સમૃદ્ધિથી ત્યાં રહે છે. પછી પિતાના દર્શન માટે કોઈક વખત માતા પુત્રીને ઉજ્જૈનીથી બોલાવે છે. સ્નાન માટે સ્નાન ઘરમાં પિતા ગયો ત્યારે તે પુત્રી આવી. પિતાએ ઘરમાં પ્રવેશતી પુત્રીને જોઈ પણ પુત્રીએ પિતાને ન જોયો. પછી હૈયામાં ફાળ પડેલો શ્રીપતિ વિચારે છે કે અહો ! આ શું ? ચાર માસ સુધી જેની સાથે હંમેશા અનાચાર સેવેલો છે તે આ મોટા પાપનું ઘર એવા મારી જ પુત્રી છે તેથી અજ્ઞાનથી આંધળા બનેલા પાપી એવા મારું કોણ મોઢું જુવે ? આવા પ્રકારની પાપની શુદ્ધિ મારે કયા સ્થાને થશે ? તેથી આજે પણ આ મારી પુત્રી પાપને કરનારા એવા મને જ્યાં સુધી ન જુવે ત્યાં સુધી હું ક્યાંય પણ ચાલ્યો જાઉં અને અદૃશ્ય થાઉં કેમકે પરસ્ત્રીના સંગથી વિરામ નહીં પામેલા અનાર્ય આત્માઓની પાપપ્રવૃત્તિઓ આલોક અને પરલોકમાં દુ:ખદાયક છે એ પ્રમાણે વિચારીને પરિજનને કહ્યા વિના જ ઘરના ઉપવનના પાછળના મધ્યભાગના દરવાજાથી નીકળી ચાલ્યો ગયો. પછી જ્યાં સુધી લાંબો સમય સુધી પણ પાછો ફરતો નથી તેટલામાં ભય પામેલો પરિજન ચારે તરફ તપાસ કરે છે પણ ક્યાંય ખબર પણ મળતી નથી. (૨૦) શિવવણિક પણ કોઈક સાર્થની સાથે દેશાંતરમાં જાય છે અને સર્વથા પણ કોઈક અપરિચિત નગરમાં જઈને રહે છે અને તે દેશમાં સાધુની પાસે હિંસા-અલીક-સ્તેય-મૈથુન વગેરે આશ્રવોના વિપાકને સાંભળીને અને સ્વયં અનુભવીને વૈરાગ્યને પામેલો દીક્ષા ગ્રહણ કરે છે અને દીક્ષાને સમ્યગ્ આરાધીને અને વિપુલ તપ કરીને તે વૈમાનિક દેવલોકમાં જાય છે. ખેદ પામેલી તેની પુત્રી પણ વિચારે છે કે જુઓ ! હું અહીં આવે છતે અકસ્માત્ મારા પિતા અહીંથી નીકળીને ક્યાં ગયા ? એમ વિચારે છે ત્યારે કોઈક મનુષ્યે પરિજનને એવા વચનો કહ્યા કે જ્યારે અમે

માર્ગમાં ઉજ્જૈનીમાં આખું ચોમાસું રહ્યા હતા ત્યારે અમારો સ્વામી શિવ હંમેશા પણ બંધુદત્તને ઘરે જતો હતો... ઇત્યાદિ વચનો સાંભળીને હૈયામાં ફાળ પડેલી પુત્રી વિચારે છે કે હા ! ખરેખર મારે જેની સાથે *અનાચાર થયો તે જ આ મારો પિતા છે. (૨૭) અને આથી જ તે મારા આગમન વખતે જ એકાએક* નીકળીને ચાલી ગયો. તેથી કુળના ક્ષયને કરનારી અને પરિભ્રષ્ટ શીલવાળી મારે હવે જીવીને શું કરવું છે ? ઇત્યાદિ વિકલ્પો કરીને કહ્યા વિના નીકળીને મરવા માટે કોઈ પર્વતપર ચઢી. ત્યાં મુનિઓને જોયા. તેઓની પાસે ધર્મ સાંભળીને પછી પ્રવર્તિનીની પાસે દીક્ષાને લીધી. સૂત્રને ભણીને, વિપુલ તપકર્મને કરીને તથા આલોચના કરીને તે પણ દેવલોકમાં ગઈ.

(મૈથુનના વિપાકમાં શિવ જેનું બીજું નામ શ્રીપતિ છે એવા વણિકપુત્રનું કથાનક સમાપ્ત થયું.)

હવે પરિગ્રહ-આશ્રવના વિષયમાં સુંદરનું કથાનક કહેવાય છે.

## સુંદરનું કથાનક

ભદ્દિલપુર નામનું શ્રેષ્ઠ નગર છે જ્યાં દેવોની ભીડ જામે છે જેમાં મનુષ્યોના સમૂહથી વસવાટ કરાયેલા ઘણાં સફેદ પ્રાસાદો દેખાય છે તેમાં સુનંદ અને સુંદર એ બે વણિકપુત્રો વસે છે. તેમાં સુનંદ મોટો છે અને જિનધર્મમાં ભાવિત ચિત્તવાળો છે. બાળપણમાં તેણે સમ્યગ્ બાર વ્રતોને સ્વીકાર્યા છે અને પરિગ્રહ વ્રતમાં ચાર માસાદિનું પ્રમાણ કરે છે. સામાયિક-પૌષધ આદિમાં તથા જિનપૂજનાદિમાં હંમેશા પણ ઉદ્યમવાળો સાધુસેવાની આરાધનામાં તત્પર છે. (૪)

જ્યારે નાનો સુંદર હંમેશા જ એકમાત્ર ધનની કાંક્ષાવાળો ભટકે છે અને શિથિલ પરિણામવાળો ધર્મનું નામ પણ જાણતો નથી. હવે કોઈક વખત વિચારે છે કે વહાણથી સમુદ્રને પાર કરીને રત્નદ્વીપમાં હમણાં વ્યાપારને માટે જાઉં. રત્નોથી વહાણને ભરીને ત્યાંથી પાછો ફરીને અહીં આવીને અને ફરી પણ કરિયાણાદિ લઈને રત્નદ્વીપ જઈને રત્નોના વહાણને ભરીને ફરી પણ આવીશ એમ ફરી ફરી પણ વ્યાપારથી મારા ઘરમાં મહાકિંમતી અસંખ્ય રત્નોનો સમૂહ થશે. પછી સર્વની ઉપર પણ મારું ઐશ્વર્ય થશે. પછી રાજા પણ મને પોતાની સમાન કરીને જોશે અને નહીં ઇચ્છતા છતાં પણ નગર શ્રેષ્ઠીનું પદ અપાશે. પછી ઘણાં અપાયવાળા સમુદ્રપાર વ્યાપારને છોડીને અહીં વ્યાપાર કરતો એવો હું સકલ પૃથ્વી પર પ્રસિદ્ધ થઈશ અને કાળાંતરથી મારું દ્રવ્ય એવી વૃદ્ધિને પામશે જેથી કેટલું દ્રવ્ય છે તેને હું ક્યારેય પણ ગણી શકીશ નહીં. દ્રવ્યને અર્થે આશ્રય કરવા આવેલા રાજા સામંતની મંડળીઓથી મારા ઘરનો દરવાજો અતિશય રુંધાશે ત્યારે કોઈપણ ઘરમાં પ્રવેશ કરવા સમર્થ થશે નહીં. (૧૩) અને પછી મારું ઐશ્વર્ય, પ્રસિદ્ધિ અને પ્રભુત્વ આ ત્રણ પણ સમગ્ર ભુવનમાં અનુત્તર થશે. પણ મારો ભાઈ જે ધર્મમાં એકમાત્ર રત છે, તત્ત્વને જાણતો નથી તે જડને વ્યવસાયના અભાવથી જ આવો વિભવ નહીં થાય કારણ કે પુરુષાર્થ વિનાના ભૂખ્યા માણસના મુખમાં ક્યાંયથી કંઈપણ આવીને પડતું નથી. તેથી પોતાના ઐશ્વર્યમાંથી હું નિરર્થક આને કંઈપણ નહીં આપું અને પછી અલગ થઈને હું યથાચિંતિત વ્યવસાયને કરીશ. એ પ્રમાણે રાત્રીના છેલ્લા ભાગમાં ચિત્તની અંદર નિશ્ચય કરીને પ્રભાત સમયે ઊઠીને, પ્રાભાતિક કૃત્યો કરીને, મોટાભાઈને એકાંતમાં બોલાવીને કહે છે કે હે ભાઈ ! હું હમણાં તારાથી અલગ થઈને રહીશ. પછી સુનંદ કહે છે કે હે વત્સ ! તું ઇતર લોકને અનુસરતા આવા વચનને કેમ બોલે છે ? તને છોડીને મારે બીજો કોણ ભાઈ છે ? તો પછી તું કોનાથી જુદો થઈશ ? એ પ્રમાણે ઘણી યુક્તિઓથી સમજાવાયો છતાં પણ તે શેખચલ્લીની મનોરથમાળાઓથી પ્રેરાયેલો આ કંઈપણ માનતો નથી પછી મોટાભાઈની ઇચ્છા નહીં હોવા છતાં પણ તેનાથી અલગ થયો. (૨૨)

હવે મોટોભાઈ જે જે અલ્પ વ્યવસાય કરે છે તેનાથી પણ ઘણું દ્રવ્ય ઉપાર્જન કરે છે અને નાનો ભાઈ વહાણમાં બેસીને પરદેશ ગયો અને સમુદ્રમાં જતાં તેનું વહાણ ભાંગ્યું અને એક પાટીયાથી સમુદ્ર ઊતરીને કોઈક દ્વીપાંતરમાં ગયો. તે ત્યાં દ્વીપમાં વાણિજ્યાદિ ક્રમથી કંઈક દ્રવ્યને ઉપાર્જન કરે છે. તસ્કર-જલાદિના ઉપસર્ગોના સમૂહોથી તેને પણ ગુમાવ્યું. એ પ્રમાણે તેણે અનેક વાર દ્રવ્ય ઉપાર્જન કર્યું અને ગુમાવ્યું. પણ પુણ્યથી મોટાભાઈનું ધન દિન પ્રતિદિન વધે છે. પછી લાંબા કાળે નિર્ધન થયેલો સુંદર પોતાના નગરમાં પાછો આવે છે. ત્યારે મોટો ભાઈ અતિસમૃદ્ધિવાળો થયો. પછી સુનંદે વસ્ત્ર-ભોજનાદિથી સુંદરનું સન્માન કરીને કહ્યું કે હે ભાઈ ! હમણાં તું અહીં રહે અને આ મારું સર્વ ધન તને સ્વાધીન છે. તું ફક્ત ધર્મની જ આરાધના કર અને હું જ કુટુંબ સહિત તને ભોજન વસ્ત્રાદિ સર્વ પણ પોતાની જેમ જ આપીશ એમ સુનંદે કહ્યું. સુંદર વિચારે છે કે જુઓ આ મને શું કહે છે ? શું હું એવો કાયર પુરુષ છું જેથી ધંધા વગરનો ધર્મને કરતો રાંડની જેમ તેની આપેલી આજીવિકાથી જીવું ? પરંતુ વિભવથી ઉત્પન્ન થયેલ ગર્વથી સમુન્મત્ત થયેલા જીવો વાચ્ય-અવાચ્યના ભેદને તથા સ્થાન-અસ્થાનને જાણતા નથી. વિભવના મદથી નચાવાયેલા એવા આ મારા ભાઈના અનાખ્ય (અનુચિત કથન કે વર્તન)ને જોઈને અથવા સાંભળીને હું સહન નહીં કરું. વિપરીત પરિણામને પામેલો સુંદર એ પ્રમાણે વિચારીને અદુષ્ટ ભાવવાળા પણ મોટાભાઈ ઉપર ગાઢ દ્વેષી થયેલો કોઈક સજ્જન પાસે કંઈક પણ ધન લઈને દરિયાપારના વ્યાપારથી ફરી પણ દ્વીપાંતરમાં ગયો. (૩૫) સરળ મનવાળો, પોતાના અભિગ્રહને પાળનારો, ધર્મમાં તત્પર સુનંદ પણ નિત્ય ન્યાયથી ક્રોડો રત્નોને ઉપાર્જન કરે છે. જેમ જેમ તેનો વિભવ વધે છે તેમ તેમ ઘર અને યૌવનના સ્વરૂપને જાણનારો સુનંદ સાતેય ક્ષેત્રોમાં ધનને વાપરે છે. એ પ્રમાણે જેમ જેમ ધનને વાપરે છે તેમ તેમ વધતો છે રત્નનો સમૂહ જેનો તથા વિબુધોથી પ્રશંસા કરાઈ છે જેની એવા સુનંદે શ્રેષ્ઠી પદને પ્રાપ્ત કર્યું. જેવી રીતે સુવર્ણ-રત્નોથી નિર્મિત ઘણાં આભરણો પોતાની પાસે હોવા છતાં પણ ઘોડો જેમ મૂર્ચ્છાથી રહિત હોય છે તેમ આ વિભવને વિશે મૂર્ચ્છા રહિત છે ધન ધાન્યના પરિમાણને કરેલો સુનંદ ક્યારેય પણ મૂર્ચ્છાને કરતો નથી, વારંવાર ઉપયોગવાળો રહે છે અને જિર્ણોદ્ધારાદિ સ્થાનોમાં ધનને વાપરે છે. પોતે કરેલા જુના અને નવા ચૈત્યોને વાંદે છે પ્રવચન પ્રભાવક પૂજાઓ અને યાત્રાઓ કરાવે છે. આહાર-વસ્ત્ર-પાત્રાદિથી હંમેશા મુનિગણને પૂજે છે. દીનોને દાન આપે છે અને સાધર્મિકોનું વાત્સલ્ય કરે છે. (૪૨) અને પુણ્યરૂપી પવનથી ભેગા કરાયેલ ધનને ઉકરડાની જેમ માને છે અને પૌષધાદિ ભાવાનુષ્ઠાનને કરે છે એ પ્રમાણે મૂર્ચ્છાથી રહિત, અનુત્સુક, ગર્વથી મુક્ત, સમુપાર્જિત કરાયું છે ઘણું પુણ્ય જેનાવડે એવો સુનંદ ઘણાં ફેલાયેલા યશવાળો થયો ત્યારે પૂર્વોક્ત ન્યાયથી જ સમગ્ર દેશોમાં ભમીને, સકલ પણ વ્યવસાયો નિષ્ફળ થયે છતે, ફરી પણ વિલખા હૈયાવાળો, દીન, સર્વને શોકનીય એવો સુંદર ભદ્દિલપુરમાં પોતાને ઘરે પાછો ફર્યો. (૪૬)

પછી મોટાભાઈને વિસ્તૃત સમૃદ્ધિવાળો જોઈને પ્રદ્વેષને પામેલો, સુનંદવડે ઘણો સન્માનિત કરાવા છતાં પણ સુંદર આ પ્રમાણે વિચારે છે કે આના ઘરે રહી પછી મોટો વિશ્વાસ ઉત્પન્ન કરીને વ્યાપારના બાનાથી ઘણું ધન પોતાને સ્વાધીન કરીને પછી ગુપ્ત પ્રયોગ કરીને આને મારું. આવું કર્યા પછી ઘણું ધન મારું જ થશે, તેનાથી બીજું ધન કમાવીને ક્રમથી હું જ શ્રેષ્ઠીપદને પ્રાપ્ત કરું અથવા અજ્ઞાત ધનસંખ્યાવાળો થાઉં ઇત્યાદિ વિચારીને સુનંદની પાસે ભોજન કરે છે અને રહે છે. પછી તેની પાસેથી ઘણું દ્રવ્ય મેળવીને નગરની અંદર વ્યાપાર કરે છે. ઘણું દ્રવ્ય હાથમાં આવ્યા પછી ક્લિષ્ટ પરિણામવાળો વિચારે છે કે હું સુનંદને ગુપ્ત રીતે જ મારું જેથી આ સર્વ પણ દ્રવ્ય મારું જ થાય. પછી સુનંદ પણ ચૌદશના દિવસે ઘરના ઓરડામાં એકલો પૌષધને

લે છે અને ભર રાત્રીમાં ઊઠીને હું ખરેખર આને મારીશ એમ વિચારતો. ધનાકાંક્ષી એવો સુંદર કપટ નિદ્રાથી સૂતેલો રહે છે તેટલામાં મોટા પાપની પરિણતિથી પ્રેરાયેલા કાળા સાપે તેને ડંસ માર્યો અને આ મરીને નરકમાં ઉત્પન્ન થયો. ભાવિત કરાયું છે ભવનું સ્વરૂપ જેનાવડે એવા સુનંદે તેનું સર્વ મૃત્યુ કાર્ય કરીને અને વ્યાપાર માટે જે કંઈ દ્રવ્ય અર્પણ કર્યું હતું તેની વ્યવસ્થા કરે છે. (૫૯)

હવે ક્યારેક કોઈક મુનિની પાસે પોતાના નજીક રહેલા મૃત્યુને જાણીને, મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને અને ધર્મકાર્યમાં ઘણાં દ્રવ્યનો વ્યય કરીને અને સકળ સંઘને ખમાવીને અર્ધા માસનું અનશન કરીને સમાધિથી મરીને સુનંદ સૌધર્મ દેવલોકમાં અરુણાભ વિમાનમાં શ્રેષ્ઠ દેવ થયો. એ પ્રમાણે જેણે પરિગ્રહનું પરિમાણ કરેલું છે તથા જે મૂર્ચ્છાથી રહિત છે તેની પાસે ઘણું દ્રવ્ય હોવા છતાં અને આરંભની પ્રવૃત્તિ હોવા છતાં પણ તેનો પરિગ્રહ ન હોવા બરાબર છે અર્થાત્ તે જીવ પરિગ્રહના તીવ્ર પાપને બાંધતો નથી જ્યારે બીજાને પરિગ્રહનું પચ્ચક્ખાણ નહીં હોવાથી પાસે ધન નહીં હોવા છતાં ધનની તીવ્ર લાલસા હોવાથી તેની સર્વ પણ પ્રવૃત્તિ આરંભમય બનતી હોવાથી મૂર્ચ્છા જ પરિગ્રહ કહેવાયો છે અને તે મૂર્ચ્છા સુંદરને ઘણી હતી કારણ કે આ ભાવથી આરંભ પરિગ્રહમાંથી વિરામ પામેલો ન હતો તેથી ધનવાન હોય કે નિર્ધન હોય પણ પરિગ્રહનું પરિમાણ કરવું જોઈએ, નહીંતર મૂર્ચ્છાથી અવિરતિના કારણભૂત કર્મનો આશ્રવ થાય છે. (૬૩)

**(પરિગ્રહની અવિરતિના વિપાકમાં સુંદરનું કથાનક સમાપ્ત થયું.)**

એ પ્રમાણે બીજા પણ દુષ્ટ મન-વચન-કાયાદિના આશ્રવોના દૃષ્ટાંતો અને આખ્યાનકો સ્વયં જ જાણવા.

એ પ્રમાણે આઠમી કર્માશ્રવ ભાવના સમાપ્ત થઈ.

**तस्मादेतानि प्राणातिपाताद्याश्रवद्वाराणि तद्विरमणकपाटस्थगनेन संवरणीयान्येव, अन्यथोक्तप्रकारेणाशुभकर्माश्रवणाद्, अत आश्रवभावनाऽनन्तरं संवरभावनोच्यते, तत्र प्राणातिपाताश्रवद्वारस्य संवरणोपायमाह –**

તેથી આ પ્રાણાતિપાત વગેરે પાપો આશ્રવોના દરવાજા છે અને તેને વિરમણ રૂપી કપાટથી બંધ કરી અટકાવવા જ જોઈએ નહીંતર હમણાં કહેવાયેલ પ્રકારથી અશુભ કર્મનો આશ્રવ થાય છે આથી આશ્રવ ભાવના પછી સંવર ભાવના કહેવાય છે અને તેમાં (સંવરમાં) પ્રાણાતિપાત આશ્રવદ્વારના સંવરણનો ઉપાય કહેવાય છે.

**(अथ संवरभावना)**

**जो सम्मं भूयाइं पेच्छइ भूएसु अप्पभूओ य ।**
**कम्ममलेण न लिप्पइ सो संवरियासवदुवारो ।।४४३।।**

**यः सम्यग् भूतानि पश्यति भूतेष्वात्मभूतश्च**
**कर्ममलेन न लिप्यते स संवृत्ताश्रवद्वारः ।।४४३।।**

**ગાથાર્થ :** જે જીવોને સમ્યગ્ જુવે છે (અર્થાત્ ઉપયોગપૂર્વક જુએ છે) અને જીવોમાં પોતાને જુએ છે અર્થાત્ સર્વ જીવોને પોતાની સમાન માને છે સંવૃત્ત કરાયો છે આશ્રવ દ્વાર જેના વડે એવો તે કર્મમળથી લેપાતો નથી. (૪૪૩)

**सामान्यभणनेऽपि प्रक्रमाद्विशेषो द्रष्टव्यः, ततश्च संवृतं-तद्विरतिग्रहणेन स्थगितं प्राणातिपातलक्षणं आश्रवद्वारं येन स संवृताश्रवद्वारः, अयं च सोऽभिधीयते यः किमित्याह-यः सम्यग् भूतानि-पृथिव्यादीनि जीवलक्षणानि प्रेक्षते-आगमश्रवणादिद्वारेण जानाति, ततश्च भूतेष्वात्मभूतो भवति, ज्ञानस्य विरतिफलत्वाद्, भूतानि सर्वाण्यपि आत्मवत् सम्यग् रक्षतीत्यर्थः, एवंविधश्च संवृतप्राणातिपाताश्रवद्वारत्वात्तज्जनितकर्म्ममलेन न लिप्यत इति, तस्मादेतत् परिभाव्येदं कुरु ।। किमित्याह –**

**ટીકાર્થ :** સામાન્યને કહેવાથી વિશેષ કહેવાઈ ગયેલ જાણવો કારણ કે સામાન્ય અને વિશેષને અવિનાભાવ સંબંધ[બીજાના અભાવમાં એકનો અભાવ]અવશ્ય હોય છે અર્થાત્ એક હોય તો બીજો અવશ્ય હોય અને બીજાના અભાવમાં એકનો અભાવ અવશ્ય હોય છે અને તેથી संवृत्ताश्रवद्वारः એટલે આશ્રવની વિરતિ કરવાથી સ્થગિત કરાયું છે પ્રાણાતિપાત સ્વરૂપ આશ્રવદ્વાર જેનાવડે એવો તે संवृत्ताश्रवद्वारः કહેવાય છે. આવો જે હોય તે કેવો હોય ? તેને કહે છે. જે પૃથ્વીકાયાદિ જીવોને આગમના શ્રવણ દ્વારા સારી રીતે જાણે છે અને પછી તે સર્વ જીવોને વિશે પોતા સ્વરૂપ થાય છે કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ છે અર્થાત્ સર્વપણ જીવોનું પોતાની માફક સમ્યગ્ રક્ષણ કરે છે અને જેણે પ્રાણાતિપાત આશ્રવ દ્વારનું સંવર કર્યું છે તેવો જીવ પ્રાણાતિપાત નિમિત્તે બંધાતા કર્મથી લેપાતો નથી તેથી આશ્રવ ભાવનાનું ચિંતવન કરી આ (હવે પછી કહેવાશે તે) કરો.

શું કરવું ? તેને બતાવે છે-

**हिंसाइ इंदियाइं कसायजोगा य भुवणवेरीणि ।**
**कम्मासवदाराइं रुंभसु जइ सिवसुहं महसि ।।४४४।।**

**हिंसादीनि इन्द्रियाणि कषाययोगाश्च भुवनवैरिणः**
**कर्माश्रवद्वाराणि रुंद्धि यदि शिवसुखं इच्छसि ।।४४४।।**

**ગાથાર્થ :** જો તું શિવસુખને ઇચ્છે છે તો ભુવનના વૈરી એવા હિંસાદિ પાપો, પાંચેય ઇન્દ્રિયો, કષાયો તથા યોગો સ્વરૂપ કર્માશ્રવદ્વારોને રૂંધ. (અટકાવ)

**हिंसादीनि-हिंसामृषास्तेयमैथुनपरिग्रहादीनीत्यर्थः, इंद्रियाणि-श्रोत्रचक्षुरादीनि, कषायाः-क्रोधादयो, योगाः-मनोवाक्कायाः, एतानि सर्वाण्यपि नारकाद्यनन्तदुःखहेतुभूतकर्म्माश्रवणात् कर्म्माश्रवद्वाराणि भुवनत्रये वैरिभूतानि 'निरुंभसु' त्ति तद्विपक्षासेवकपाटस्थगनेन निरुंद्धि, यदि शिवसुखं महसि-वाञ्छसीति ।। ननु कथं पुनरेते आश्रवाः सर्वेऽपि युगपन्निरुध्यन्त इति संक्षिप्तं साधारणं तन्निरोधे कंचनाप्युपायं कथयत यूयमित्याह –**

**ટીકાર્થ :** हिंसादीनि એટલે હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહ વગેરે એ પ્રમાણે અર્થ છે. इन्द्रियाणि એટલે સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના અપ્રશસ્ત વિષયોનું સેવન कषायाः એટલે ક્રોધ-માન-માયા અને લોભ. योगाः એટલે મન-વચન-કાયાનો અપ્રશસ્ત વ્યાપાર. નરકગતિના અનંત દુઃખોના કારણ સ્વરૂપ કર્મોના બંધ કરાવનારા હોવાથી આ સર્વ પણ કર્માશ્રવદ્વારો ત્રણ ભુવનમાં જીવોના વૈરીઓ છે. निरुंभसु એટલે આશ્રવના વિપક્ષના સેવન રૂપ કપાટને બંધ કરીને અટકાવ જો તું શિવ સુખને ઇચ્છે છે તો.

**પ્રશ્ન :** આ સર્વ પણ આશ્રવોને એકી સાથે કેવી રીતે અટકાવી શકાય ? તેથી તેના અટકાવ માટે સંક્ષિપ્ત સાધારણ ઉપાયને જાણવો.

**ઉત્તર :** નીચેની ગાથાથી આનો જવાબ આપે છે.

**निग्गहिएहिं कसाएहिं आसवा मूलओ निरुब्भंति ।**
**अहियाहारे मुक्के रोगा इव आउरजणस्स ।।४४५।।**
**निगृहीतैः कषायैः आश्रवा मूलतो निरुध्यन्ते**
**अहिताहारे मुक्ते रोगा इवातुरजनस्य ।।४४५।।**

**ગાથાર્થ :** રોગી જનના રોગો જેમ અપથ્ય આહારના ત્યાગથી મુકાય છે તેમ નિગ્રહ કરાયેલ કષાયોથી આશ્રવદ્વારો મૂળથી બંધ થાય છે. (૪૪૫)

**कषायैः क्रोधादिभिर्निरुद्धैरन्ये सर्वेऽप्याश्रवा एकहेलयैव निरुध्यन्ते, कषायाणामेव सर्वानर्थमूलत्वात्, न हि लोभादीनन्तरेण कोऽपि हिंसामृषास्तेयादिषु प्रवर्त्तते, इत्यतोऽपथ्याहारनिरोधे रोगा इवातुरजनस्स कषायनिरोधे सर्वेऽप्याश्रवा मूलत एव निरुध्यन्त इति ।। भवत्वेवं, किन्तु त एव कषायाः कथं निरुध्यन्त इति कथ्यताम् ?, अत्राह –**

**ટીકાર્થ :** ક્રોધાદિ કષાયોને અટકાવવાથી બાકીના સર્વે પણ આશ્રવદ્વારો એક હેલાથી અટકાવાય છે. કષાયો જ સર્વ અનર્થનું મૂળ છે. લોભાદિ કષાયોના ઉદય વિના કોઈપણ જીવ હિંસા-મૃષા-ચોરી આદિ પાપોમાં પ્રવર્તતો નથી. જેવી રીતે અપથ્ય આહારના ત્યાગથી રોગીના રોગો દૂર થાય છે તેવી રીતે કષાયના ઉપશમથી સર્વે પણ આશ્રવો મૂળથી અટકે છે.

**પ્રશ્ન :** ભલે તેમ થાઓ પરંતુ તે જ કષાયો કેવી રીતે અટકાવાય તે કહો.

**ઉત્તર :** નીચેની ગાથાથી તેનો જવાબ આપે છે.

**रुंभंति तेऽवि तवपसमझाणसन्नाणचरणकरणेहिं ।**
**अइबलिणोऽवि कसाया कसिणभुयंग व्व मंतेहिं ।।४४६।।**
**रुध्यन्ते तेऽपि तपः प्रशमध्यानसज्ज्ञानचरणकरणैः**
**अतिबलिनोऽपि कषायाः कृष्णभुजंगा इव मन्त्रैः ।।४४६।।**

**ગાથાર્થ :** જેવી રીતે કાળો સાપ મંત્રોથી વશ થાય છે તેમ તપ-પ્રશમ-ધ્યાન-સમ્યગ્જ્ઞાન-ચરણ* કરણોથી અતિબલવાન પણ તે કષાયો શાંત કરાય છે. (૪૪૬)

**प्रतीतार्था ।। इंद्रिययोगानां विशेषतोऽतिबलिष्ठाश्रवद्वारत्वात्तन्निरोधेऽनुशास्तिप्रदानेन गुणविशेषं प्रदर्शयद्भिर्विशेषतः सर्वदैवाऽऽत्मीयो जीवः प्रवर्त्तनीय इति दर्शयति –**

* ચરણ સિત્તરી સંયમ : ૫ મહાવ્રત, ૧૦ સાધુધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ શિયલનીવાડ, ૩ રત્નત્રયી ૧૨-તપ, ૪ કષાય નિગ્રહ આ ચરણ સિત્તરીના સિત્તેર ભેદો નિરંતર આચરવા લાયક મૂળ ગુણો છે.

કરણ સિત્તરી : ૪ વસ્ત્ર-પાત્ર-પિંડ અને વસ્તિની શુદ્ધિ, ૫ સમિતિ, ૧૨-ભાવના, ૧૨ પડિમાં ૫-ઇન્દ્રિય નિરોધ, ૨૫ પડિલેહણ, ૩ ગુપ્તિ, ૪ દ્રવ્ય-ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ. કારણે આચરવા લાયક કરણ સિત્તરીના ઉત્તર ગુણો છે.

વિશેષથી ઇન્દ્રિય અને યોગોનો આશ્રવ અતિ બળવાન છે. ઇન્દ્રિય અને યોગના નિરોધમાં કર્તવ્યનો ઉપદેશ આપવાથી ગુણ વિશેષ થાય છે એવું ગ્રંથકાર બતાવતા હોવાથી વિશેષથી હંમેશા પોતાના જીવને તે તે ઉપાયોમાં પ્રવર્ત્તાવવો જોઈએ. તેને બતાવે છે.

**गुणकारयाइं धणियं धिइरज्जुनियंतियाइं तुह जीव ! ।**
**निययाइं इंदियाइं वल्लिनिउत्ता तुरंग व्व ।।४४७।।**
**मणवयणकायजोगा सुनियत्ता तेऽवि गुणकरा होंति ।**
**अनियत्ता उण भंजंति मत्तकरिणो व्व सीलवणं ।।४४८।।**

**गुणकारकाणि बाढं धृतिरज्जुनियंत्रितानि तव जीव !**
**निजकानीन्द्रियाणि वल्लिनियुक्ताः तुरंगा इव ।।४४७।।**
**मनोवचनकाययोगाः सुनियुक्ता तेऽपि गुणकरा भवन्ति**
**अनियुक्ताः पुनः भञ्जन्ति मत्तकरिण इव शीलवनम् ।।४४८।।**

**ગાથાર્થ :** હે જીવ ! ચોકડાથી નિયંત્રિત કરાયેલા અશ્વની જેમ ધૃતિ રૂપી દોરડાથી નિયંત્રિત કરાયેલી તારી ઇન્દ્રિયો ઘણાં ગુણને કરનારી થાય છે. (૪૪૭)

સારી રીતે નિયંત્રણ કરાયેલા મન-વચન અને કાયાના યોગો પણ ગુણકારી બને છે અને અનિયંત્રિત કરાયેલા એવા તે યોગો મદોન્મત્ત હાથીની જેમ શીલરૂપી વનને ભાંગે છે. (૪૪૮)

**गतार्थे ।। अथाऽऽसन्नभवसिद्धिकानामेवाश्रवद्वारनिरोधे प्रवृत्तिर्भवति, नान्येषामित्याह –**

હવે જેઓનો મોક્ષ નજીક છે એવા જીવોની જ આશ્રવના નિરોધમાં પ્રવૃત્તિ થાય છે બીજાઓની નહીં. તેને જણાવતા કહે છે.

**जह जह दोसोवरमो जह जह विसएसु होइ वेरग्गं ।**
**तह तह विन्नायव्वं आसन्नं से य परमपयं ।।४४९।।**

**यथा यथा दोषोपरमः यथा यथा विषयेषु भवति वैराग्यं**
**तथा तथा विज्ञातव्यं आसन्नं तस्य परमपदम् ।।४४९।।**

**ગાથાર્થ :** જેમ જેમ દોષો ઘટે છે, જેમ જેમ વિષયોને વિશે વૈરાગ્ય વધે છે, તેમ તેમ તેનું મોક્ષપદ નજીક છે તેમ જાણવું. (૪૪૯)

**दोषाः-प्राणातिपातरागद्वेषकषायाद्याश्रवद्वारलक्षणाः यथा यथा च तेषामुपरमः-प्रवृत्तिनिरोधलक्षणो भवति, यथा यथा च विषयेषु-शब्दरूपादिषु वैराग्यं-विरागता भवति, तथा तथा 'से' तस्य दोषनिवृत्त्यादिमतः परमं-प्रकृष्टं मोक्षलक्षणं पदमासन्नं विज्ञातव्यं, अनासन्नमुक्तिपदस्याऽभव्यस्य दूरभव्यस्य चेत्थं प्रवृत्त्ययोगादिति ।। अथाऽऽश्रवद्वारसंवरणप्रवृत्त्युत्साहकं दृष्टान्तद्वयमाह –**

**ટીકાર્થ :** પ્રાણાતિપાત, રાગ, દ્વેષ, કષાયાદિ આશ્રવના દ્વાર સ્વરૂપ દોષો છે અને જેમ જેમ તેની પ્રવૃત્તિનો નિરોધ થાય છે તેમ તેમ દોષો ઘટે છે અને જેમ જેમ શબ્દ રૂપાદિ સ્વરૂપ વિષયોમાં વિરાગતા થાય છે તેમ

તેમ દોષની નિવૃત્તિ આદિવાળાને મોક્ષ નજીક થાય છે એમ જાણવું જેને મુક્તિપદની પ્રાપ્તિ નથી એવા અભવ્યને તથા જેને મુક્તિપદની પ્રાપ્તિ નજીક નથી એવા દુર્ભવ્યોને આવી પ્રવૃત્તિનો અયોગ હોય છે અર્થાત્ તેઓને દોષની વિરતિ રૂપ પ્રવૃત્તિ હોતી નથી.

હવે આશ્રવદ્વારની સંવરણ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપનારા બે દૃષ્ટાંતને કહે છે.

**एत्थ य विजयनरिंदो चिलायपुत्तो य तक्खणं चेव ।**
**संवरियासवदारत्तणम्मि जाणेज्ञ दिट्ठंता ।।४५०।।**

**अत्र च विजयनरेन्द्रः चिलातिपुत्रश्च तत्क्षणं चैव**
**संवृताश्रवद्वारत्वे जानीहि दृष्टान्तौ ।।४५०।।**

**ગાથાર્થ :** અને અહીં તત્ક્ષણે જ સંવૃત્ત કરાયું છે આશ્રવદ્વાર જેઓવડે એવા વિજયરાજા અને ચિલાતિપુત્ર એ બે ઉદાહરણો જાણવા.

**सुगमा ।। कः पुनरसौ विजयनरेन्द्रः ?, उच्यते -**

**પ્રશ્ન :** આ વિજય રાજા કોણ છે ? ઉત્તર : આ વિજયરાજા કોણ છે તે કથાથી કહેવાય છે.

## વિજય રાજાની કથા

રાજહંસોથી વિભૂષિત કરાયેલ, શ્રેષ્ઠ સુવર્ણકમળથી યુક્ત, સ્વચ્છપાણીવાળા માનસ સરોવર જેવું, નિર્મળતાનું સ્થાન એવું વિજયવર્ધન નામનું નગર હતું અને વિજયરાજા તેનું પાલન કરે છે. જેના રાજ્યમાં હંમેશા પુષ્પોને જ બાંધવામાં આવતા (અન્યને નહીં) અને ઇન્દ્રિયગણનો જ નિગ્રહ થતો (અન્યનો નહીં). ચંદ્રલેખાની જેમ અકલંક, નિરુપમ લાવણ્ય અને રૂપથી જગતમાં સારભૂત એવી તેની ચંદ્રલેખા નામની પ્રિયા હતી. દેવો પણ રૂપને જોઈને તેના દાસપણાને વાંછે છે અને દેવીઓ પણ તેનું દર્શન થયે છતે પોતાને નિંદે છે. સકળ લોક તેના ગુણસમૂહની પ્રશંસા કરે છે. અજિતેન્દ્રિય એવા ઉજ્જૈનીના રાજાએ કોઈપણ રીતે તેના ગુણો સાંભળ્યા. અને જિનશાસનમાં રત એવી તે મહાસતીએ પોતાના પતિને પ્રતિબોધ કરીને શ્રાવકધર્મમાં દૃઢ પ્રવૃત્ત કર્યો. (૬) પછી ઉજ્જૈની રાજાએ ક્યારેક વિજયરાજાની પાસે દૂત મોકલીને તેની સ્ત્રી ચંદ્રલેખાની માગણી કરી. પછી વિજય રાજાએ કહ્યું કે હે દૂત ! જો કે તારો સ્વામી ઘણાં સૈન્યના વિસ્તારવાળો છે અને અમે અલ્પ સૈન્યના વિસ્તારવાળા છીએ તો પણ તેને એ પ્રમાણે પરસ્ત્રીની પ્રાર્થના પ્રગટપણે કરવી યોગ્ય નથી કેમકે સામાન્ય પુરુષ પણ જીવતા પોતાની સ્ત્રીને અર્પણ કરતો નથી. ઇત્યાદિ કહીને અપમાન કરીને દૂતને કાઢી મુક્યો. તે પોતાના સ્વામીની પાસે જઈને અનેકગણું વધારીને કહે છે. (૧૦)

હવે ગુસ્સે થયેલો, લશ્કરના સમૂહથી યુક્ત એવો તે વિજય રાજાની ઉપર ચડાઈ કરે છે. વિજય રાજા પણ સ્વદેશના સીમાડા પર તેની સન્મુખ આવીને મળ્યો અને અતિ મોટું યુદ્ધ લાગ્યું. સમુદ્ર જેવા ઉજ્જૈની રાજાના સૈન્ય આગળ વિજયનું સૈન્ય સકતુની મુષ્ટિ જેટલું છે તો પણ ક્ષત્રિયવૃત્તિને આચરતા યુદ્ધમાં પીછે હઠ ન કરી. યુદ્ધ કરતો વિજય રાજા ક્ષણથી અલ્પ સૈન્યવાળો થયો અને શસ્ત્રોના ઘાતોથી ભેદાયો. અવશ્ય મરવાનું છે એમ જાણી સંગ્રામ ભૂમિથી હાથીને બહાર કાઢે છે અને હાથી પરથી નીચે ઊતરી પંચમુષ્ટિ લોચ કરીને તથા સર્વ આશ્રવદ્વારોનો સંવર કરીને, સિદ્ધાદિની સાક્ષીમાં સર્વ સાવદ્યનું પચ્ચક્ખાણ કરીને સ્થાણુંની જેમ ઊર્ધ્વ દેહવાળો ત્યાં કાઉસ્સગ્ગમાં રહે છે.

શરીરમાંથી ગળતા લોહીના ગંધથી આકર્ષાયેલી વજ્ર જેવા મુખવાળી કીડીઓના સમૂહથી ખવાઈને ચાલણી સમાન દેહવાળો કરાયો. (૧૭) સંવેગને ધારણ કરતો, ભાવનાને ભાવતો, વિશુદ્ધમનવાળો સકલ અર્થને વિશે પિપાસા વિનાનો, પોતાના શરીર પર પણ મમત્વ વિનાનો, સાતમે દિવસે સમગ્ર કર્મોની સાથે પ્રાણોથી મુકાયો. કેવળજ્ઞાનને મેળવી અંતકૃત્ સિદ્ધ થયા. આ વ્યતિકરને સાંભળીને શીલરક્ષા નિમિત્તે અન્યત્ર નાશી જઈને ચંદ્રલેખા પણ દીક્ષાને સ્વીકારે છે.

(વિજય નરેન્દ્ર કથાનક સમાપ્ત થયું)

હવે ચિલાતિપુત્રનું કથાનક કહેવાય છે-

## ચિલાતિપુત્રનું કથાનક

કોઈ બ્રાહ્મણે પ્રતિજ્ઞા કરી કે મને જે કોઈ વાદમાં જીતશે તેનો હું શિષ્ય થઈશ એમ વિદ્યાના ગર્વથી નાચતો અને પરિભ્રમણ કરતો અને જિનશાસનની નિંદા કરતો એવો આ કોઈપણ સાધુવડે વાદમાં જીતીને દીક્ષા અપાયો અને દ્રવ્યથી પણ વ્રતની આરાધના કરતો તે દેવતાવડે કોઈક રીતે પ્રેરણા કરાયો જેથી તેને ભાવથી પણ ચારિત્ર પરિણત થયું (૩) તો પણ જાતિ મદને છોડતો નથી, દુગંછા કરે છે અને તેની સ્ત્રી તેના પર રાગને છોડતી નથી તથા પોતાને વશ કરવા તેના ઉપર કામણને કરાવે છે. હવે તે આલોચના કર્યા વિના મરીને દેવલોકમાં ગયો અને તેની સ્ત્રી પણ તેવા જ વૈરાગ્યથી દીક્ષા લઈને આલોચના કર્યા વિના મરીને દેવલોકમાં ગઈ. પછી પતિનો જીવ ત્યાંથી ચ્યવ્યો. જાતિમદ અને બીજાની દુર્ગંચ્છા કર્મના ઉદયથી રાજગૃહ નગરમાં ધન સાર્થવાહને ઘરે ચિલાતિદાસીનો પુત્ર થયો અને તેની ભાર્યાનો જીવ પણ ત્યાં ધન સાર્થવાહના ધનદેવ વગેરે પાંચ પુત્રો ઉપર પુત્રી થઈ અને ચિલાતિનો પુત્ર જ તેનો બાલાધાર (બાળપણમાં સાર સંભાળ રાખનાર) થયો અને તે તેને રમાડતો ઘણાં પ્રકારની ક્રિયાઓ બતાવે છે અને બીજી પણ અવાચ્ય ક્રિયાઓ કરે છે અને ધન વગેરેએ તેને ઘરમાંથી કાઢી મુક્યો અને ભમતો તે સિંહગુફા નામની અટવીની અંદર ગયો અને ત્યાં ચોરોની પલ્લિમાં રહ્યો. પરાક્રમી, ક્રૂર, અગ્રપ્રહારી પછી ક્રમથી તે જ ચોરોનો સેનાપતિ થયો. પછી કોઈક વખત આ ચોરોને કહે છે કે રાજગૃહીમાં આપણે ધનને ઘરે જઈએ. તેની સુસીમા નામની પુત્રી એકને જ હું ગ્રહણ કરીશ બાકીનું સર્વ ધન તમારું એમ કહીને ભિલ્લોની સાથે તે રાત્રીએ ત્યાં ગયો અને બધાને અવસ્વાપિની નિદ્રા આપીને ધનના ઘરમાં પ્રવેશ્યો. (૧૪) તે હું ચિલાતિ પુત્ર છું એમ બોલીને ઘર લૂંટીને સુસીમાને પણ લઈને પછી પલાયન થયેલાની પાછળ પુત્રોની સાથે પાછી લેવા ધન દોડ્યો. પછી ચોરો ધન મૂકીને નાશી ગયા અને ચિલાતિપુત્ર એકલો સુસીમાને લઈને ભાગ્યો. સુમીમાને વહન કરવા સમર્થ ન થયો ત્યારે ધન વગેરે પુરુષો નજીક આવી ગયા છે એમ જાણીને સુસીમાનું માથું કાપી હાથમાં લઈને ભાગે છે. પછી ધનાદિ પાછા ફર્યા. માર્ગમાં ધ્યાનમાં રહેલા એક સાધુને જોઈને હાથમાં ગ્રહણ કરાઈ છે તીક્ષ્ણ તલવાર એવો ચિલાતિપુત્ર સંક્ષેપથી ધર્મ પૂછે છે અને કહે છે કે જો તું ધર્મ નહીં બતાવે તો આ પ્રમાણે તારા મસ્તકને છેદીશ. પછી આને યોગ્ય જાણીને સાધુએ કહ્યું કે હે ભદ્ર ! ઉપશમ-વિવેક-સંવર એ સંક્ષિપ્તથી ધર્મ છે. (૨૦) પછી એકાંતમાં રહીને તે શબ્દોના અર્થને વિચારે છે અને પૂર્વ ભવના અભ્યાસથી તેને આ પ્રમાણે અર્થ પરિણમે છે ઉપશમથી જ ધર્મ છે તેથી ક્રોધાદિ કષાયો મારાવડે ત્યાગ કરાયા. વિવેકથી જ ધર્મ છે તેથી મસ્તક અને ખડ્ગનો ત્યાગ કરે છે. ઇન્દ્રિય-મન-વચન-કાયાદિના સંવરમાં જ ધર્મની સંપ્રાપ્તિ થાય છે એ પ્રમાણે તેનો સંવર કરીને તે ધીર કાઉસ્સગ્ગમાં રહે છે. લોહીના ગંધથી

આવેલી વ્રજના મુખના જેવી મુખવાળી કીડીઓ વડે અઢી દિવસમાં ખવાઈને તે ચાલણી જેવો કરાયો. (૨૪) અને સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે- ઉપશમ - વિવેક અને સંવર એ ત્રણ પદોથી જે ધર્મને પામી સંયમપર આરૂઢ થયો છે તે ચિલાતિ પુત્રને હું નમું છું. (૧)

લોહીના ગંધથી પગ ઉપરથી ચડેલી કીડીઓ જેના મસ્તકને ખાય છે તે દુષ્કરકારક ચિલાતિપુત્રને હું વંદું છું. (૨)

ધીર ચિલાતિપુત્ર કીડીઓથી ચાલણી જેવો કરાયો. કીડીઓથી ખવાતો છતાં પણ તે ઉત્તમ અર્થને પામ્યો. (અર્થાત્ સમાધિથી અનશનને પામ્યો.) (૩)

અઢી રાત્રી-દિવસના ટૂંકા કાળથી ચિલાતિપુત્રે અપ્સરાગણથી યુક્ત, રમ્ય એવા ઇન્દ્રો અને દેવો જેમાં રહે છે તેવા ભુવનને પ્રાપ્ત કર્યું. (૪)

**(ચિલાતી પુત્રનું કથાનક સમાપ્ત થયું)**

**अस्यां नवमभावनायां नूतनबध्यमानकर्मणो रागादिनिग्रहेण संवर उक्तः, चिरबद्धं तु यत् सत्तायां विद्यते तदपि निर्जरणीयमेव, अन्यथा मोक्षप्राप्त्यभावाद्, इत्यतः संवरभावनाऽनन्तरं निर्जराभावनोच्यते, निर्जरा च चिरबद्धस्य कर्मणः कनकावलीप्रमुखतपोविशेषैर्भवतीति प्रतिपादयन्नाह —**

આ નવમી ભાવનામાં નવા બંધાતા કર્મનો સંવર રાગાદિના નિગ્રહથી થાય છે એમ કહેવાયું. લાંબાકાળ પૂર્વે બંધાયેલા કર્મો જે સત્તામાં પડ્યા છે તે પણ નિર્જરવા જોઈએ નહીંત્તર મોક્ષની પ્રાપ્તિ ન થાય. આથી હવે સંવર ભાવના પછી નિર્જરા ભાવના કહેવાય છે અને લાંબા કાળથી બંધાયેલા કર્મોની નિર્જરા કનકાવલી પ્રમુખ તપ વિશેષોથી થાય છે તેથી એને બતાવતા કહે છે કે-

## (अथ निर्जराभावना)

**कणगावलिरयणावलिमुत्तावलिसीहकीलियप्पमुहा ।**
**होइ तवा निज्जरणं चिरसंचियपावकम्माणं ।।४५१।।**

**कनकावलिरत्नावलिमुक्तावलिसिंहक्रीडितप्रमुखं**
**भवति तपः निर्जरणं चिरसंचितपापकर्मणाम् ।।४५१।।**

**ગાથાર્થ :** કનકાવલિ-રત્નાવલિ-મુક્તાવલિ-સિંહવિક્રીડિત વગેરે તપોથી લાંબા સમયથી સંચિત પાપકર્મોનો નાશ થાય છે. (૪૫૧)

**कनकावलीप्रमुखं तपश्चिरसंचितपापकर्म्मणां निर्जरणहेतुत्वादुपचाराद् "रूपको भोजन" मित्यादिन्यायतो निर्जरणमुच्यते । तत्र कनकावलीतपः किमभिधीयते ? इति, अत्रोच्यते, चतुर्थं कृत्वा पारयति, ततः षष्ठं, ततोऽष्टममित्येका काहलिका, अत्र स्थापना तलश्चाष्टौ षष्ठानि करोति, एतैः किल काहलिकाया अधस्ताद्दाडिमकं निष्पद्यते, अस्य स्थापना ततश्चैक- मुपवासं कृत्वा पारयति, ततो द्वौ तत स्त्रींस्ततोऽपि चतुर इत्येवं पंच षट् सप्ताष्टौ नव दशैकादश द्वादश त्रयोदश चतुर्दश पंचदश ततः षोडशोपवासान् कृत्वा पारयति, एषा दाडिमकस्याधस्तादेका कनकावलीसम्बन्धिनी लता भवति । ततश्चतुस्त्रिंशत् षष्ठानि करोति, एतैः किल कनकावल्यधस्ताद् पदकं संपद्यते अस्य स्थापना-**

| |
|---|
| १ |
| २ |
| ३ |

| | | |
|---|---|---|
| २ | २ | २ |
| २ | | २ |
| २ | २ | २ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| २ | २ | २ | | २ | २ | २ |
| २ | २ | २ | २ | २ | २ | २ |
| २ | २ | २ | २ | २ | २ | २ |
| २ | २ | २ | २ | २ | २ | २ |
| २ | २ | २ | २ | २ | २ | २ |

अथवा अन्यथा पदकं स्थाप्यते । पंचदश, ततश्चतुर्दश, एवं- पारयति, एषा कनकावलीसम्बन्धिनी प्रथम- लता प्रतिलोमा ऊर्ध्वं विरच्यते, उपवासः, एवं च सति एषा प्रथमलतासदृशी द्वितीयपक्षे करोति, एतैरप्येतल्लतोपरि द्वितीयं दाडिमकं निष्पद्यते ।

२२<br>२२२<br>२२२२<br>२२२२२<br>२२२२२२<br>२२२२२<br>२२२२<br>२२२<br>२२

ततः षोडशोपवासान् कृत्वा पारयति, ततः मेकैकहान्या तावन्नेयं यावदेकमुपवासं कृत्वा द्वितीया लता भवति, इयं च पदकस्योपरिष्टात् तद्यथाषोडश पंचदश चतुर्दश एवं यावदेक लता सिद्धा भवति । ततश्चाष्टौ षष्टानि ततोऽष्टमं षष्ठं चतुर्थं करोति (ग्रं० १२०००) तैर्द्वितीया काहलिका निष्पद्यते । एवं च सत्युपरिकाहलिकाद्वययुक्ता दाडिमकयुगान्विता लताद्वयसम्पन्ना तदधस्तान्निबद्धपदका च कनकावली सिद्धा भवति । अस्मिंश्च कनकावलीतपसि सर्वाण्यपि चत्वारि चतुर्थानि भवंति, चतुष्पंचाशत् षष्ठानि, चत्वार्यष्टमानि, द्वे दशमे, द्वे द्वादशे, द्वे चतुर्दशे, द्वे षोडशे, द्वे अष्टादशे, द्वे विंशतितमे, द्वे द्वाविंशतितमे, द्वे चतुर्विंशतितमे, द्वे षड्विंशतितमे, द्वे अष्टाविंशतितमे, द्वे त्रिंशत्तमे, द्वे द्वात्रिंशत्तमे द्वे चतुस्त्रिंशत्तमे इति; एवं च सर्वैकत्वे वर्षमेकं चतुर्विंशतिश्च तपोदिनानि भवंति, अष्टाशीतिश्च पारणकदिनानि, उभयमीलनेन वर्षेणैकेन त्रिभिर्मासैर्द्वाविंशत्या च दिनैरियं समर्थ्यते । अस्यां च कनकावल्यां सर्वकामिताहारेण पारणकं भवति, निर्विकृतिकेन वा अलेपद्रव्यैर्वा आचाम्बलेन वा इत्येवं पारणकभेदादियं चतुर्द्धा भवति । ततः पंचभिर्वर्षैः मासद्वयेनाष्टाविंशत्या च दिवसैश्चतुर्विधाऽपीयं समाप्यत इति ।। रत्नावल्यप्येवमेव द्रष्टव्या, केवलं दाडिमद्वये पदके च षष्टस्थानेऽष्टमानि वाच्यानि, शेषं सर्वं तथैवेति ।।

अथ मुक्तावलीतपो भण्यते-अत्राऽऽदौ चतुर्थं, ततो द्वावुपवासौ ततः पुनरपि चतुर्थं, ततस्त्रय उपवासाः, ततः पुनरपि चतुर्थं चत्वार उपवासाः, एवं चतुर्थान्तरितमेकोत्तरवृद्ध्या नेयं, चतुर्थं पंचोपवासाः, चतुर्थं षट्, चतुर्थं सप्त, चतुर्थमष्टौ चतुर्थं नव चतुर्थं दश चतुर्थमेकादश चतुर्थं द्वादश चतुर्थं त्रयोदश चतुर्थं चतुर्दश चतुर्थं पंचदश चतुर्थं षोडशोपवासाः, एवमर्धं मुक्तावल्या निष्पन्नं, द्वितीयमप्यर्द्धमेवमेव द्रष्टव्यं, केवलमत्र प्रतिलोमगत्या उपवासान् करोति, तद्यथा-षोडशोपवासान् कृत्वा पर्यंत चतुर्थं करोति, अत्र स्थापना-

इह तपोदिनानां शतत्रयं भवति, षष्टिस्तु पारणकदिवसाः, उभयमीलनेन वर्षेणैका समतिक्रामति । पारणकभेदाच्चातुर्विध्यं कनकावलीवदत्रापि द्रष्टव्यमिति ।।

*अथ सिंहविक्रीडितं तपः* प्रोच्यते-एतच्च लघुबृहद्भेदाद् द्विविधं, तत्र लघुसिंहविक्रीडितमित्थमवगन्तव्यं, तद्यथा-एक्को दो एक्कोऽवि य उववासा तिन्नि दोन्नि चउरो य । तिन्नि य पंच च चउरो छ पंच सत्तेव य उववासा ।।१।। छ च्चेव अट्ठ सत्त य नवउववासेहिं होइ पढमलया । अट्ठ नव सत्त अट्ठ य छ सत्त पण छच्च चउरो य ।।२।। पण तिन्नि चउर दोन्नि य तिन्नेगो दोन्नि एग उववासा । पढमलया विवरीया अट्ठहिया होइ बीयलया ।।३।।

चउपन्नसयं च तवोदिणाणि इह पारणाइं तेत्तीसं । छहिं मासेहिं सत्तहिं दिणेहिं वच्चइ समग्गमिणं ।।४।।

पारणकभेदाच्चातुर्विध्यमत्रापि द्रष्टव्यमिति ।

अथ बृहत्सिंहविक्रीडितमुच्यते-

एक्को दो एक्को चिय, तिन्नि दुवे चउर तिन्नि पण चउरो । छ च्चेव पंच सत्त य, छ अट्ठ सत्तेव नव अट्ठ ।।१।।

दस नव एक्कारस दस, दुवालसेक्कारसेव । बारस चउदस तेरस, पनरस चउदस य सोलसगं ।।२।।

इय पढमलयं काउं, तत्तो पन्नरस कुणइ उववासे । पढमलयं चिय तत्तो, विवरीयं सोलसाईयं ।।३।।

पज्जंते उववासं, करेइ इय होंति पिंडियाइं इहं । चत्तारि तवदिणाणं, सयाइं सगउगअहियाइं ।।४।।

एगट्ठिं पारणया, सव्वेगत्तेण वरिसमेगं च । छम्मासा अट्ठारस, दिणाइं पारणयभेएण ।।५।।

एयं पि चउब्भेयं, वोच्छिन्नं सुप्पइट्ठियमुणम्मि । जम्मिमम्मि अपच्छिमओ, सो च्चिय वीरेण वागरिओ ।।

इह प्रमुखग्रहणादन्येऽप्यपर्यन्तास्तपोविशेषाः सन्ति, तेष्वपि मध्ये विनेयजनानुग्रहार्थं केचिद् दर्श्यन्ते-तत्र

| | | | | |
|---|---|---|---|---|
| १ | २ | ३ | ४ | ५ |
| ३ | ४ | ५ | १ | २ |
| ५ | १ | २ | ३ | ४ |
| २ | ३ | ४ | ५ | १ |
| ४ | ५ | १ | २ | ३ |

**भद्रतपः** प्रोच्यते, एतदपि लघुबृहद्भेदतो द्विभेदं, तत्र लघ्वित्थमवसेयं-एक्क दुग तिन्नि चउरो पंचुववासेहिं होइ पढमलया । तिन्नि चउ पंच एक्को उववासदुगेण बीया उ ।।१।। पण एक्क दोन्नि तिन्नि य उववासचउक्कएण तइयलया । दो तिन्नि चउर पंच य एक्कुववासे चउत्थलया ।।२।। पंचमलयाइ चउरो पण एक्कग दोन्नि तिन्नि उववासा । पणमसत्तरि उववासा सव्वे पणवीस पारणया ।।३।। अत्र स्थापना-तिर्यग् ऊर्ध्वकोणेषु च गण्यमानेऽस्मिन् सर्वतः पंचदशागच्छन्तीति, सर्वतो भद्रमप्येतदुच्यते, तदेवं लघु प्रतिपादितम् ।

**अथ तदेव बृहत् प्रतिपाद्यते**-एक्कग दुग तिग चउरो पंच छ सत्तोववास पढमलया । चउ पंच छ सत्तेगो दो तिन्नुववास बीया उ ।।१।। सत्तेग दोन्नि तिन्नि य चउ पण छहिं चेव होइ तइयलया । तिग चउ पंचमेहिं पंचमिया । दुग तिग चउ पण छ च्चिय सत्तेक्कगएहिं छट्ठी उ ।।४।। पण छ ज्ञ सत्त एक्कग दुग तिग चउरोववास सत्तमिया । छन्नउयसयं इह तवदिणाण गुणपन्न पारणया ।।५।।

इह स्थापना -

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| १ | २ | ३ | ४ | ५ | ६ | ७ |
| ४ | ५ | ६ | ७ | १ | २ | ३ |
| ७ | १ | २ | ३ | ४ | ५ | ६ |
| ३ | ४ | ५ | ६ | ७ | १ | २ |
| ६ | ७ | १ | २ | ३ | ४ | ५ |
| २ | ३ | ४ | ५ | ६ | ७ | १ |
| ५ | ६ | ७ | १ | २ | ३ | ४ |

**अथ भद्रोत्तरं** तपः प्रतिपाद्यते, पंचग छ् सत्त अट्ठ य नवोववासेहिं होइ पढमलया । अट्ठ नव पंच छज्ञ य सत्तुववासेहिं बीया उ ।।१ छ ज्ञेव सत्त अट्ठ य नव पंचहिं चेव होइ तइयलया । नव पंच छज्ञ सत्तहिं उव्वासेहिं चउत्थी उ ।।२।। पंचमलयाइ सत्त य उववास अट्ठ नव य पण छक्कं । तवदिवसा पणसत्तरसयमिह पणवीस पारणया ।।३।।

अत्र स्थापना

| | | | | |
|---|---|---|---|---|
| ५ | ६ | ७ | ८ | ९ |
| ८ | ९ | ५ | ६ | ७ |
| ६ | ७ | ८ | ९ | ५ |
| ६ | ५ | ६ | ७ | ८ |
| ७ | ८ | ९ | ५ | ६ |

एतेष्वपि भद्रमहाभद्रभद्रोत्तरेषु पारणकमेदाच्चातुर्विध्यं द्रष्टव्यमिति ।

अथ आचाम्ल-वर्धमानकं तपः प्रोच्यते, अथ प्रथममाचाम्लमलवणकांजिकमिश्रोदनाभ्यवहारलक्षणं विधीयते, ततश्चतुर्थं, ततश्च द्वे आचाम्ले पुनश्चतुर्थं, त्रीण्याचाम्लानि पुनश्चतुर्थं, चत्वार्याचाम्लानि पुनश्चतुर्थं, पंचाऽऽचाम्लानि एवं चतुर्थांतान्येकोत्तरवृद्ध्या तावदाचाम्लानि वर्द्धनीयानि यावच्छतमाचाम्लानां कृत्वा चतुर्थं करोति, इह च सर्वसंख्यानतः शतं चतुर्थानां, पंचाशदधिकानि पंचसहस्राण्याचाम्लानां, उभयमीलने चतुर्दशभिर्वर्षैस्त्रिभिर्मासैः चतुर्विंशत्या च दिनैः सर्वमिदमतिक्रामति ।

**अथ सप्तसप्तमिकाद्याश्चतस्रः प्रतिमाः प्रतिपाद्यन्ते**, तद्यथा-सप्तसप्तमिका अष्टाष्टमिका नवनवमिका दशदशमिका चेति, अत्र आद्या सप्तसप्तमिका क्रियते, एकोनपंचाशद्दिनानीत्यर्थः, तत्राद्यसप्तके प्रतिदिनमैकैका दत्तिर्गृह्यते, द्वितीयसप्तके तु प्रतिदिनं दत्तिद्वयं, तृतीयसप्तके प्रतिदिवसं दत्तित्रयं, चतुर्थसप्तके दत्तिचतुष्टयं, एवमेकैकदत्तिवृद्ध्या तावन्नेयं यावत् सप्तमसप्तके प्रत्यहं दत्तिसप्तकं ग्राह्यं, अत्र स्थापना-

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ७ | ७ | ७ | ७ | ७ | ७ | ७ |

द्वितीयाऽष्टाष्टमिका, अष्टौ अष्टकाः क्रियन्ते, चतुःषष्टिर्दिनानीत्यर्थः, अत्रापि प्रथमाष्टके प्रतिदिन- मेकैका दत्तिर्गृह्यते, द्वितीयाष्टके द्वे द्वे,

एवमेकैकदत्तिवृद्ध्या तावद् नेयं यावदष्टमेऽष्टके प्रतिदिनमष्टौ दत्तयो गृह्यन्ते, अत्र स्थापना- ८ ८ ८ ८ ८ ८ ८ ८ तृतीया नवनवमिका, नव नवका विधीयंते, एकाशीतिदिनानीत्यर्थः, अत्रापि प्रथमनवके प्रतिदिवसमेकैका दत्तिः, एकैकवृद्ध्या च नवमनवके प्रतिदिनं नव दत्तयः, स्थापना- चतुर्थी १ १ १ १ १ १ १ १ १ दशदशमिका, दश दशकान् यावत् क्रियते, शतं दिनानामित्यर्थः, अत्रापि प्रथमदशके प्रतिदिनमेका दत्तिस्ततश्चैकैकदत्तिवृद्ध्या दशमदशके प्रतिदिनं दश दश दत्तयः । स्थापना- १० १० १० १० १० १० १० १० १० १० नवभिर्मासैश्चतुर्विंशतिभिर्दिनैश्चतस्रोऽप्येता प्रतिमाः समर्थ्यन्ते ।

**अथ चान्द्रायणं** तपः प्रतिपाद्यते, अत्र च भिक्षादत्तिभिः कवलैर्वा यवमध्या वज्रमध्या चेति द्वे प्रतिमे भवतः, तत्र च यवमध्ये शुक्लपक्षप्रतिपदि एका भिक्षादत्तिः कवलो वा एकोऽभिगृह्यते, द्वितीयायां द्वे, तृतीयायां तिस्रः, एवमेकोत्तरवृद्ध्या यावत् पौर्णमास्यां पंचदश, कृष्णपक्षप्रतिपदि च पंचदश दत्तयः कवला वा गृह्यन्ते, द्वितीयायां चतुर्दश इत्येवं यावदमावास्यायामेका दत्तिः कवलो व एको गृह्यते इति, मासेनैषा समर्थ्यते । वज्रमध्या तु कृष्णपक्षप्रतिपदि प्रारभ्यते, प्रथमदिने च पञ्चदश दत्तयः कवला वा गृह्यन्ते, तत एकैकहान्या तावन्नीयते यावदमावास्यायां शुक्लपक्षप्रतिपदि चैका दत्तिः कवलो वा एको गृह्यते, ततो द्वितीयाया आरभ्य एकोत्तरवृद्ध्या तावन्नीयते यावत् पौर्णमास्यां पंचदश दत्तयः कवला वा गृह्यन्त् इति, मासेनैषाऽपि समाप्यत इति ।।

**अथ सर्वांगसुंदरं तपः** प्रतिपाद्यते, सर्वांगानि सुंदराणि-सौन्दर्योपेतानि भवन्ति यस्मात्तपोविशेषात् असौ सर्वांगसुन्दरः तपोविशेषः, स इदानीं प्रतिपाद्यते, तद्यथा-सव्वंगसुंदरतवो कायव्वं होइ सुद्धपक्खम्मि । एत्थ य अट्ठववासा एगंतरिया विहेयव्वा ।।१।। आयंबिलेण विहिणा कायव्वं एत्थ होइ पारणयं । खंतीइ मद्दवाईणऽभिग्गहो एत्थ कायव्वो ।।२।। अवरद्धे वि न कुज्जा कोवाई तह करेज्ज सत्तीए । पूयं जिणाण दाणं च देज्ज जइकिविणमाईणं ।।३।। अस्य च तपसः सर्वांगसुन्दरत्वमानुषंगिकमेव फलं, मुख्यं तु सर्वज्ञाज्ञया क्रियमाणानां सर्वेषामेव तपसां मोक्षावाप्तिरेव फलमिति भावनीयम्, एवमुत्तरत्रापि । रुजानां-रोगाणामभाव निरुजं तदेव प्रधानफलविवक्षया शिखेव शिखा-चूला यत्रासौ निरुजशिखः तपोविशेषः, सोऽधुनाऽभिधीयते, तद्यथा-आयामपारणेणं निरुजंसिहम्मी करेज्ज तह चेव अट्ठववासे नवरं कायव्वा कसिणपक्खम्मि ।।१।। पत्थाईहिं गिलाणो पडियरिव्वो मए त्ति घेत्तव्वो । इह निच्छओऽववसेसं पूयादाणाइ तह चेव ।।२।।

**परभूषणतपः** परमाणि शक्रचक्रवर्त्यादियोग्यानि प्रकृष्टानि हारकेयूरकंकणादीनि भूषणानि यस्मादसौ परमभूषणः, स चेत्थमवसेयः-इह परमभूसणतवे कायव्वाइं हवंति सव्वाइं । बत्तीस अंबिलाइं एगंतरियाइं विहिपुव्वं ।।१।। दायव्वाइं इह भूसणाइं जिणचेइयाण सत्तीए । जिणपूयादाणाई एत्थवि तह चेव सत्तीए ।।२।।

**अथ कल्पवृक्ष इव कल्पवृक्षः,** सौभाग्यफलप्रदाने कल्पवृक्षः सौभाग्यकल्पवृक्ष; स चैत्थमवसेयः- सोहग्गकप्परुक्खो कायव्वो होइ चेत्तमासम्मि । उववासेहिं एगंतरेहिं मासं समग्गं पि ।।१।। पूयादाणाइविही तह चेव समत्थिए य एयम्मि सोवन्नरुप्पमइओ अहवाऽवि हु तंदुलाइमओ ।।२।। फलभरविणमंतविचित्तसाहपरिडिओ मणभिरामो । काउण कप्परुक्खो दायव्वो चेइयहरम्मि ।।३।।

**इन्द्रियविजयतप :-** इंदियविजओ य तवो तत्थ य पढमेंदियं समासज्ज । पुरिमड्ढेक्कासणनिव्विगइय आयाम उववासा ।।१।।

बीयाइइंदिएसु वि पत्तेयं एवमेव तो एयं । पणवीसवासरेहिं समप्पए पंचहिं लयाहिं ।।२।।

**कषाय मथन तपः-** एवं कसायमहणो तत्थवि कोहं कसायमासज्ज । एक्कासण निव्विगई आयंबिल तह य उववासो ।।३।।

एत्थ य लयाउ चउरो समप्पए सोलसेहिं दिवसेहिं । नामेण जोगसुद्धी तवो तहिं मणविसुद्धिकए ।।४।।

निव्व[1]गई आयंबिलमुववासो चेव होइ कायव्वो । तिन्नि लयाओ मणवइतणूहिं दिवसा य नव इहयं ।।५।।

**कर्मसूदन तप :** अह कम्मसूयणतवो उववासेक्कासणेगसित्थं च । एगट्ठाणं इग दत्तिनिव्वियाऽऽयाम अडकवलं ।।६।।

एत्थ य अट्ठ लयाओ अट्ठहिं एक्कासणेहिं दिवस चउसट्ठी । तित्थयरजणणिपूयाजुत्तं भद्दवयमासम्मि ।।७।।

तित्थंकरजणणितवो सत्तहिं एक्कासणेहिं विन्नेयं । तह समवसरणतवमवि भणंति भद्दवयमासम्मि ।।८।।

एत्थ य जहसत्तीए एक्कासन निव्वियं च आयामं । उववासो य विहेउं चउसुं वि दारेसु पत्तेयं ।।९।।

इह एयं कायव्वं भद्दवयचउक्कयम्मि पत्तेयं । सोलसहिं वासरेहिं चउसट्ठी दिणा इहं सव्वे ।।१०।।

पूइज्जंति य सत्तीइ एत्थ जिणसमवसरणबिंबाइं । उववासाइतवेणं नंदीसरतवमणुट्ठेज्जा ।।११।।

नंदीसरपडपूयापुव्वममावसदिणम्मि सत्तीए । चेत्तस्स पुन्निमाए तवेण उववासपमुहेण ।।१२।।

पुंडरियपूयपुव्वं पुंडरियतवो करेज्ज जहसत्ति । जिणभवणठवियकलसे अक्खयमुट्ठीइ अणुदियहं ।।१३।।

खिप्पंतीए भरिज्जइ सो कलसो जत्तिएहिं दियहेहिं । एवइयाइं दिणाइं एक्कासणएहिं अखयनिही ।।१४।।

एक्काए पडिवयाए दोसु य बीयासु तिसु य तइयासु । चउसु चउत्थीसु तहा पंचसु तह पंचमीसुं च ।।१५।।

इय जाव पन्नरसपुन्निमासु कीरंति जत्थ उववासा । सो सव्वसोक्खसंपत्तिनामओ तवविसेसो त्ति ।।१६।।

दंसणनाणचरित्ताणं सुद्धिहेउं करेज्ज पत्तेयं । तिन्नुववासे पूएज्ज दंसणाईणि सत्तीए ।।१७।।

ऊनोदरतातपश्च पंचविधं भवति, उक्तं च-अप्पाहार अवड्ढा बिभाग पत्ता तहेव किंचूणा । अट्ठ दुवालस सोलस चउवीस तहेक्कतीसा य ।।१।। अत्र यथासंख्यं सम्बन्धः, तद्यथा-अष्टभिः कवलैरल्पाहारोनोदरता १, नवादिभिर्द्वादशान्तिकैः कवलैरुपार्द्धोनोदरता २, त्रयोदशादिभिः षोडशान्तैर्द्विभागोनोदरता ३, सप्तदशादिभिश्चतुर्विशत्यवसानैः प्राप्तोनोदरता ४, पंचविंशत्यादिभिरेकत्रिंशत्पर्यन्तैः कवलैः किंचिन्न्यूनताभिधाना ऊनोदरता ५, इयं च पंचविधाऽप्यूनोदरता प्रत्येकं त्रिभेदा भावनीया । तद्यथा-एकादिभिः कवलैर्जघन्या, अष्टादिभिरुत्कृष्टा, द्व्यादिभिस्तु मध्यमेति । एकैकं तीर्थकरमाश्रित्य चतुर्विशतिभिराचाम्लैर्दमयन्तीतपो भवतीति ।

समुइत्थ निच्चभत्तेण निग्गओ वसुपुज्जजिणो चउत्थेण । पासो मल्लीऽवि य अट्ठमेण सेसा उ छट्ठेणं ।। इति निष्क्रमणतपः । अट्ठमभत्तंतंमी पासोसभमल्लिरिट्ठनेमीणं । वसुपुज्जस्स चउत्थेण छट्ठभत्तेण सेसाणं ।।१।। इति केवलतपः । निव्वाणमंतकिरिया । सा चउदसमेण पढमनाहस्स । सेसाण मासिएणं वीरजिणिंदस्स छट्ठेणं ।।१।। इति निर्वाणतपः ।

नव किर चाउम्मासे छ क्किर दोमासिए उवासीय । बारस य मासियाइं बावत्तरि अद्धमासाइं ।।१।।

एक्कं किर छम्मासं दो किर तेमासिए उवासीय । अड्ढाइज्जाइं दुवे दो चेव दिवड्ढमासाइं ।।२।।

भद्दं च महाभद्दं पडिमं तत्तो य सव्वओभद्दं । दो चत्तारि दसेव य दिवसे ठासी य अणुबद्धं ।।३।।

गोयरमभिग्गहजुयं खमणं छम्मासियं च कासी य । पंचदिवसेहिं ऊणं अवट्ठिओ वच्छनयरीए ।।४।।

दस दो य किर महप्पा ठासि मुणी एगराइयं पडिमं । अट्ठमभत्तेण जई एक्केक्कं चरमराईयं ।।५।।

दो चेव य छट्ठसए अउणातीसे उवासिया भयवं । न कयाइ निच्चिभत्तं चउत्थभत्तं च से आसि ।।६।।

तिण्णि सए दिवसाणं अउणापन्ने उ पारणाकालो । उक्कुडुयनिसेज्जाणं ठियपडिमाणं सए बहवे ।।७।।

सव्वं पि तवोकम्मं अपाणयं आसि वीरनाहस्स । पव्वज्जाए दिवसे पढमे खित्तंमि सव्वमिणं ।।८।।

---

१. गइयमाय - सर्वत्र ।।

**बारस चेव यं वासा मासा छ च्चेव अद्धमासो य । वीरवरस्स भगवओ एसो छउमत्थपरियायो ।।१।।**

**इति श्रीमन्महावीरतपः । तदेवमपारः श्रुतसागरः, तत्प्रतिपादिततपसां चानन्ताः कर्त्तार इत्यतोऽनेकानि स्कन्दकप्रमुखपुरुषविशेषैराचीर्णानि तपांसि श्रूयंते, कियन्तीह लिख्यन्ते ? दिङ्मात्रं किंचिदेतद् गंधहस्तिपंचाशकादिशास्त्रदृष्टमुपदर्शितं, नतु स्वमनीषिकयेति, अन्येऽपि बहुश्रुताम्नायात् तपोविशेषाः समवसेया इति ।। अथ तपः समाचरणे गुणमुपदशर्यन्नाह-**

**ટીકાર્થ :** કનકાવલિ વગેરે તપ ચિર સંચિત પાપકર્મોની નિર્જરાના કારણો હોવાથી ઉપચારથી 'રૂપિયો એ ભોજન' છે એ ન્યાયથી નિર્જરણ કહ્યા છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહ્યું છે. નિર્જરા એ કાર્ય છે અને તપ તેનું કારણ છે. જેમ રૂપિયો એ ભોજન નથી પણ ભોજનનું કારણ છે છતાં તેને ભોજન કહેવાય છે તેમ અહીં કારણ એવા તપમાં કાર્ય એવા નિર્જરાનો ઉપચાર કરી તપને જ નિર્જરા કહી.

**પ્રશ્ન :** કનકાવલિ તપ કોને કહેવાય ?

ઉત્તર: અહીં કનકાવલિ તપને કહેવાય છે તે આ પ્રમાણે - પ્રથમ ચોથભક્ત કરીને પારણું કરે છે, પછી છઠ્ઠ, પછી અઠ્ઠમ એમ એક કાહલિકા થાય છે ત્યાર પછી આઠ છઠ્ઠ કરવામાં આવે છે અને આનાથી કાહલિકાની નીચે દાડમની રચના કરાય છે. ત્યાર પછી એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું એ પ્રમાણે યાવત્ ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ ઉપવાસ પારણા સહિત ક્રમપૂર્વક કરીને પારણું કરે છે અને આ દાડિમની નીચે કનકાવલિ સંબંધી લતા થાય છે ત્યાર પછી ૩૪ છઠ્ઠ કરે છે. આ ચોત્રીશ છઠ્ઠોથી કનકાવલિની નીચે પદકની સ્થાપના થાય છે અથવા બીજી રીતે પદકની સ્થાપના થાય છે.

ત્યાર પછી ૧૬ ઉપવાસ કરીને પારણું, પછી ૧૫ ઉપવાસ પારણું, ૧૪ ઉપવાસ પારણું, ૧૩ ઉપવાસ પારણું યાવત્ ૧ ઉપવાસ પારણું આ કનકાવલિ સંબંધી બીજી લતા થાય છે અને આને પદકની ઉપર પ્રથમ લતાની પ્રતિલોમ લતા રૂપે ઉપરના ભાગમાં સ્થપાય છે પછી આઠ છઠ્ઠ કરાય છે આનાથી લતાની ઉપર જમણી બાજુનું બીજું દાડમ રચાય છે. પછી અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ કરે છે તેનાથી બીજી કાહલિકા રચાય છે અને એ પ્રમાણે ઉપર બે કાહલિકા પછી બંને બાજુ બે દાડમ, બંને બાજુ બે લતા તેની નીચે બંધાયેલી પદકવાળી કનકાવલિ સિદ્ધ થાય છે. (બને છે.)

અને આ કનકાવલિ તપમાં ચાર ચોથભક્ત, ૫૪ છઠ્ઠ, ૪ અઠ્ઠમ, બે વખત ચાર ઉપવાસ, બે વખત પાંચ ઉપવાસ, બે વખત છ ઉપવાસ, બે વખત સાત ઉપવાસ, બે વખત આઠ ઉપવાસ, બે વખત નવ ઉપવાસ, બે વખત દસ ઉપવાસ, બે વખત અગીયાર ઉપવાસ, બે વખત બાર ઉપવાસ, બે વખત તેર ઉપવાસ, બે વખત ચૌદ ઉપવાસ, બે વખત પંદર ઉપવાસ, બે વખત સોળ ઉપવાસ, અને એ પ્રમાણે સર્વે મળીને ૩૮૪ તપના દિવસો અને ૮૮ પારણા થાય છે. બંને મળીને એક વરસ ત્રણ માસ અને બાવીસ દિવસે પૂર્ણ થાય છે. [જુઓ પાનું ૨૮૧]

અને આ કનકાવલિ તપમાં સર્વ ઇચ્છિત આહારથી પારણું કરી શકાય છે. અથવા નિવિથી કે અલેપ દ્રવ્યોથી કે આયંબિલથી પારણું કરી શકાય છે. ચાર પ્રકારના આહારમાંથી કોઈપણ એક પ્રકારથી કરી શકાય

છે. અને ચારેય પ્રકારથી આ તપ પાંચ વર્ષ બેમાસ અને અઠ્ઠાવીસ દિવસોથી સમાપ્ત થાય છે.

રત્નાવલિ તપ પણ આ પ્રમાણે જ જાણવું. ફક્ત બે દાડિમમાં અને પદકમાં છઠ્ઠને બદલે અઠ્ઠમ જાણવા. બાકીનું સર્વ કનકાવલિની જેમ છે.

**હવે મુક્તાવલિ તપ કહેવાય છે-**

અહીં શરૂઆતમાં ચોથ ભક્ત, પછી બે ઉપવાસ, પછી ફરી ચોથ ભક્ત, ફરી ત્રણ ઉપવાસ, પછી ચોથ ભક્ત, પછી ચાર ઉપવાસ પછી ચોથભક્ત, એવી રીતે ચોથ ભક્તના આંતરામાં ક્રમથી એકેક ઉપવાસની વૃદ્ધિથી સોળ ઉપવાસ સુધી કરવું. આ રીતે અડધી મુક્તાવલિ પૂર્ણ થઈ. બાકીની બીજી અડધી આ પ્રમાણે જ જાણવી પણ પ્રતિલોમ ક્રમથી ઉપવાસ કરવા અર્થાત્ પ્રથમ સોળ ઉપવાસ પછી ચોથ ભક્ત, પછી પંદર ઉપવાસ પછી ચોથ ભક્ત એમ ચોથ ભક્તના આંતરામાં એકેક ઉપવાસની હાનિથી છેલ્લે બે ઉપવાસ કરીને ચોથ ભક્ત કરે છે. અહીં સ્થાપના આ પ્રમાણે છે. [જુઓ પાનું ૨૮૨]

## કનકાવલીની સ્થાપના



## મુક્તાવલિ તપનું કોષ્ટક



| અનુક્રમ | ઉપવાસ | પારણું | ઉપવાસ | પારણું |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૨ | ૧ |
| ૨ | ૧ | ૧ | ૩ | ૧ |
| ૩ | ૧ | ૧ | ૪ | ૧ |
| ૪ | ૧ | ૧ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૧ | ૬ | ૧ |
| ૬ | ૧ | ૧ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૧ | ૮ | ૧ |
| ૮ | ૧ | ૧ | ૯ | ૧ |
| ૯ | ૧ | ૧ | ૧૦ | ૧ |
| ૧૦ | ૧ | ૧ | ૧૧ | ૧ |
| ૧૧ | ૧ | ૧ | ૧૨ | ૧ |
| ૧૨ | ૧ | ૧ | ૧૩ | ૧ |
| ૧૩ | ૧ | ૧ | ૧૪ | ૧ |
| ૧૪ | ૧ | ૧ | ૧૫ | ૧ |
| ૧૫ | ૧ | ૧ | ૧૬ | ૧ |
| ૧૬ | ૧ | ૧ | ૧૬ | ૧ |
| ૧૭ | ૧ | ૧ | ૧૫ | ૧ |
| ૧૮ | ૧ | ૧ | ૧૪ | ૧ |
| ૧૯ | ૧ | ૧ | ૧૩ | ૧ |
| ૨૦ | ૧ | ૧ | ૧૨ | ૧ |
| ૨૧ | ૧ | ૧ | ૧૧ | ૧ |
| ૨૨ | ૧ | ૧ | ૧૦ | ૧ |
| ૨૩ | ૧ | ૧ | ૯ | ૧ |
| ૨૪ | ૧ | ૧ | ૮ | ૧ |
| ૨૫ | ૧ | ૧ | ૭ | ૧ |
| ૨૬ | ૧ | ૧ | ૬ | ૧ |
| ૨૭ | ૧ | ૧ | ૫ | ૧ |
| ૨૮ | ૧ | ૧ | ૪ | ૧ |
| ૨૯ | ૧ | ૧ | ૩ | ૧ |
| ૩૦ | ૧ | ૧ | ૨ | ૧ |
| | ૩૦ | ૩૦ | ૨૭૦ | ૩૦ |

## લઘુ સિંહ વિક્રીડિત તપ

| અનુ | ઉપવાસ | પારણું | ઉપવાસ | પારણું | ઉપવાસ | પારણું |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૨ | | | ૩ | ૧ | ૨ | ૧ |
| ૩ | | | ૪ | ૧ | ૩ | ૧ |
| ૪ | | | ૫ | ૧ | ૪ | ૧ |
| ૫ | | | ૬ | ૧ | ૫ | ૧ |
| ૬ | | | ૭ | ૧ | ૬ | ૧ |
| ૭ | | | ૮ | ૧ | ૭ | ૧ |
| ૮ | | | ૯ | ૧ | ૮ | ૧ |
| ૯ | | | ૯ | ૧ | ૭ | ૧ |
| ૧૦ | | | ૮ | ૧ | ૬ | ૧ |
| ૧૧ | | | ૭ | ૧ | ૫ | ૧ |
| ૧૨ | | | ૬ | ૧ | ૪ | ૧ |
| ૧૩ | | | ૫ | ૧ | ૩ | ૧ |
| ૧૪ | | | ૪ | ૧ | ૨ | ૧ |
| ૧૫ | | | ૩ | ૧ | ૧ | ૧ |
| ૧૬ | | | ૨ | ૧ | ૧ | ૧ |
| કુલ | ૧ | ૧ | ૮૮ | ૧૬ | ૬૫ | ૧૬ |

ઉપવાસ ૧+૮૮+૬૫=૧૫૪

પારણા ૧+૧૬+૧૬= ૩૩

૧૮૭ દિવસ

## લઘુ સિંહવિક્રીડિત તપની સ્થાપના



## બૃહત્ સિંહવિક્રીડિત તપ.

| અનુ | ઉપવાસ | પારણું | ઉપવાસ | પારણું | ઉપવાસ | પારણું |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૨ | | | ૩ | ૧ | ૨ | ૧ |
| ૩ | | | ૪ | ૧ | ૩ | ૧ |
| ૪ | | | ૫ | ૧ | ૪ | ૧ |
| ૫ | | | ૬ | ૧ | ૫ | ૧ |
| ૬ | | | ૭ | ૧ | ૬ | ૧ |
| ૭ | | | ૮ | ૧ | ૭ | ૧ |
| ૮ | | | ૯ | ૧ | ૮ | ૧ |
| ૯ | | | ૧૦ | ૧ | ૯ | ૧ |
| ૧૦ | | | ૧૧ | ૧ | ૧૦ | ૧ |
| ૧૧ | | | ૧૨ | ૧ | ૧૧ | ૧ |
| ૧૨ | | | ૧૩ | ૧ | ૧૨ | ૧ |
| ૧૩ | | | ૧૪ | ૧ | ૧૩ | ૧ |
| ૧૪ | | | ૧૫ | ૧ | ૧૪ | ૧ |
| ૧૫ | | | ૧૬ | ૧ | ૧૫ | ૧ |
| ૧૬ | | | ૧૬ | ૧ | ૧૪ | ૧ |
| ૧૭ | | | ૧૫ | ૧ | ૧૩ | ૧ |
| ૧૮ | | | ૧૪ | ૧ | ૧૨ | ૧ |
| ૧૯ | | | ૧૩ | ૧ | ૧૧ | ૧ |
| ૨૦ | | | ૧૨ | ૧ | ૧૦ | ૧ |
| ૨૧ | | | ૧૧ | ૧ | ૯ | ૧ |
| ૨૨ | | | ૧૦ | ૧ | ૮ | ૧ |
| ૨૩ | | | ૯ | ૧ | ૭ | ૧ |
| ૨૪ | | | ૮ | ૧ | ૬ | ૧ |
| ૨૫ | | | ૭ | ૧ | ૫ | ૧ |
| ૨૬ | | | ૬ | ૧ | ૪ | ૧ |
| ૨૭ | | | ૫ | ૧ | ૩ | ૧ |
| ૨૮ | | | ૪ | ૧ | ૨ | ૧ |
| ૨૯ | | | ૩ | ૧ | ૧ | ૧ |
| ૩૦ | | | ૨ | ૧ | ૧ | ૧ |
| | ૧ | ૧ | ૨૭૦ | ૩૦ | ૨૨૬ | ૩૦ |

કુલ ઉપવાસ ૧+૨૭૦+૨૨૬ = ૪૯૭

પારણાં ૧+૩૦+૩૦=૬૧ ૬૧

કુલ દિવસ ૫૫૮

## સિંહવિક્રીડિત તપ

હવે સિંહવિક્રીડિત તપ કહેવાય છે અને આ તપ લઘુ અને બૃહદ્‌ના ભેદથી બે પ્રકારનો છે તેમાં લઘુસિંહ વિક્રીડિત તપ આ પ્રમાણે જાણવો-

તેમાં પ્રથમ એક ઉપવાસ પારણું, પછી બે ઉપવાસ પછી પારણું, પછી એક ઉપવાસ પારણું, પછી ત્રણ ઉપવાસ પારણું, પછી બે ઉપવાસ પારણું, પછી ચાર ઉપવાસ પારણું, પછી ત્રણ ઉપવાસ પારણું, પછી પાંચ પછી ચાર, પછી છ પછી પાંચ, પછી સાત પછી છ, પછી આઠ પછી સાત, પછી નવ પછી આઠ એમ ઉપવાસ કરી પારણું કરવું. ત્યાર પછી પશ્ચાનુપૂર્વીએ લેવું એટલે કે પ્રથમ નવ ઉપવાસ પછી સાત, પછી આઠ પછી છ, પછી સાત પછી પાંચ, પછી છ પછી ચાર, પછી પાંચ પછી ત્રણ, પછી ચાર-પછી બે, પછી ત્રણ-પછી એક, પછી બે-પછી એક, પછી પારણું કરવું. આ તપમાં ઉપવાસના ૧૫૪ દિવસ અને પારણાના ૩૩ મળી કુલ ૧૮૭ દિવસ થાય છે. છ માસ અને સાત દિવસથી આ તપ પૂર્ણ થાય છે.

હવે **બૃહત્ સિંહ વિક્રીડિત** કહેવાય છે-

આ તપ પૂર્વની જેમ છે પરંતુ અહીં તપસ્યાના દિવસો અધિક છે તે આ પ્રમાણે પ્રથમ એક ઉપવાસ પારણું, પછી બે ઉપવાસ પારણું, પછી એક ઉપવાસ પારણું, પછી ત્રણ ઉપવાસ પારણું, પછી બે ઉપવાસ પારણું, પછી ચાર પછી ત્રણ, પછી પાંચ પછી ચાર, પછી છ પછી પાંચ, પછી સાત-પછી છ, પછી આઠ-પછી સાત, પછી નવ-પછી આઠ, પછી દસ પછી નવ, પછી અગીયાર પછી દસ, પછી બાર પછી અગીયાર, પછી તેર પછી બાર, પછી ચૌદ પછી તેર, પછી પંદર પછી ચૌદ, પછી સોળ પછી પંદર પછી પારણું ત્યાર પછી પશ્ચાનુપૂર્વીએ આ પ્રમાણે લેવું-

પ્રથમ સોળ ઉપવાસ પારણું પછી ચૌદ ઉપવાસ પારણું, પછી પંદર-પછી તેર, પછી ચોદ પછી બાર, પછી તેર-પછી અગીયાર, પછી બાર-પછી દસ, પછી અગીયાર-પછી નવ, પછી દસ-પછી આઠ, પછી નવ-પછી સાત, પછી આઠ-પછી છ, પછી સાત પછી પાંચ, પછી છ પછી ચાર, પછી પાંચ-પછી ત્રણ, પછી ચાર-પછી બે, પછી ત્રણ-પછી એક, પછી બે-પછી એક પછી પારણું એમ દરેક બારી પછી પારણું કરવું.

આ રીતે કુલ ઉપવાસના દિવસો ૪૯૭ તથા પારણાના દિવસો ૬૧. સર્વે મળી કુલ ૫૫૮ દિવસ એટલે કે એક વર્ષ ૬માસ, અને અઢાર દિવસે આ તપ પૂર્ણ થાય છે આ તપ પણ પૂર્વની જેમ ચાર પટિપાટીથી ઇચ્છિતથી અર્થાત્ એકાસણા કે નિવિ કે અલેપ કે આયંબિલથી થાય છે.

જે આ સુપ્રતિષ્ઠિત ગુણકારી તપમાં ચાર ભેદવાળો છેલ્લો બૃહત્ સિંહવિક્રીડિત તપ વિચ્છેદ પામ્યો છે એમ શ્રી વીરજિનેશ્વરે કહ્યું છે.

અહીં પ્રમુખ શબ્દથી બીજા ઘણાં તપ વિશેષો છે અને શિષ્યના અનુગ્રહને માટે કેટલાક બતાવાય છે-

બીજા તપ વિશેષમાં પ્રથમ ભદ્રતપ કહેવાય છે. આ પણ લઘુ અને બૃહદ્‌ના ભેદથી બે પ્રકારે છે. તેમાં લઘુ તપ આ પ્રમાણે જાણવું.

### લઘુભદ્ર તપ

પ્રથમ એક ઉપવાસ પછી પારણું, પછી બે ઉપવાસ પારણું, પછી ત્રણ ઉપવાસ પારણું, પછી ચાર ઉપવાસ પારણું, પછી પાંચ ઉપવાસ પારણું એ પ્રથમ સર પૂર્ણ થઈ.

બીજી સરમાં પ્રથમ ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું. એક ઉપવાસ પારણું બે ઉપવાસ પારણું.

ત્રીજી સરમાં પ્રથમ પાંચ ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું.

ચોથી સરમાં પ્રથમ બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું.

પાંચમી સરમાં પ્રથમ ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું. બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું.

આડી રીતે કે ઊભી રીતે બંને બાજુથી ગણતા એક સરમાં પંદર ઉપવાસ તથા પાંચ પારણા થાય છે પાંચ સરના ૭૫ ઉપવાસ અને ૨૫ પારણા થાય છે.

## લઘુ ભદ્રતપની સ્થાપના

| સેર | ઉપ. | પારણું | ઉપ. | પારણું. | ઉપ. | પારણું. | ઉપ. | પારણું. | ઉપ. | પારણું | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૧૫+૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧૫+૫ |
| ૩ | ૫ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૧૫+૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ | ૧૫+૫ |
| ૫ | ૪ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૧૫+૫ |
| કુલ | ૧૫ | ૫ | ૧૫ | ૫ | ૧૫ | ૫ | ૧૫ | ૫ | ૧૫ | ૫ | ૭૫+૨૫ |

## બૃહદ્ ભદ્ર તપ:

આ તપમાં સાત સર છે તેમાં–

પ્રથમ સરમાં : પ્રથમ એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, અને સાત ઉપવાસ પારણું.

બીજી સરમાં : પ્રથમ ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું. અને ત્રણ ઉપવાસ પારણું.

ત્રીજી સરમાં : પ્રથમ સાત ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું અને છ ઉપવાસ પારણું.

ચોથી સરમાં : પ્રથમ ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું અને બે ઉપવાસ પારણું.

પાંચમી સરમાં : પ્રથમ છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું અને પાંચ ઉપવાસ પારણું.

છઠ્ઠી સરમાં : પ્રથમ બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું, ચાર ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, અને એક ઉપવાસ પારણું.

સાતમી સરમાં : પ્રથમ પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, એક ઉપવાસ પારણું, બે ઉપવાસ પારણું, ત્રણ ઉપવાસ પારણું અને ચાર ઉપવાસ પારણું.

## બૃહદ્ ભદ્ર તપ

| સેર | ઉપ | પારણું | ઉપ | પારણું | ઉપ | પારણું | ઉપ | પારણું | ઉપ | પારણું | ઉપ | પારણું | ઉપ | પારણું | કુલ ઉપ. | કુલ પારણાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૨૮ | ૭ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૨૮ | ૭ |
| ૩ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૨૮ | ૭ |
| ૪ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૨૮ | ૭ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૨૮ | ૭ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૨૮ | ૭ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૨૮ | ૭ |
| કુલ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૨૮ | ૭ | ૧૯૬ | + ૪૯=૨૪૫ |

આ રીતે કુલ ૧૯૬ દિવસ તપના અને ૪૯ પારણાથી આ તપ પૂર્ણ થાય છે. હવે ભદ્રોત્તર તપ કહેવાય છે.

## ભદ્રોત્તર તપ:

પ્રથમ સર: આ તપમાં પ્રથમ પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, આઠ ઉપવાસ પારણું અને નવ ઉપવાસ પારણું.

બીજી સરમાં : પ્રથમ આઠ ઉપવાસ પારણું, નવ ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું અને સાત ઉપવાસ પારણું.

ત્રીજી સરમાં : પ્રથમ છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું, આઠ ઉપવાસ પારણું નવ ઉપવાસ પારણું અને પાંચ ઉપવાસ પારણું.

ચોથી સરમાં : પ્રથમ છ ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું, છ ઉપવાસ પારણું, સાત ઉપવાસ પારણું અને આઠ ઉપવાસ પારણું.

પાંચમી સરમાં : પ્રથમ સાત ઉપવાસ પારણું, આઠ ઉપવાસ પારણું, નવ ઉપવાસ પારણું, પાંચ ઉપવાસ પારણું અને છ ઉપવાસ પારણું.

આમ સર્વ મળીને તપના દિવસો એકસો પંચોત્તેર અને પારણાના દિવસો પચ્ચીશ થાય છે. આ ભદ્ર-મહાભદ્ર અને ભદ્રોત્તર ત્રણેય તપ પારણાના ભેદથી ચાર પ્રકારે થાય છે.

હવે આયંબિલ વર્ધમાન તપ કહેવાય છે.

## આયંબિલ વર્ધમાન તપ:

પ્રથમ આયંબિલ લૂણ વિનાની કાંજીથી મિશ્ર ભાતથી કરાય છે. પછી ચોથભક્ત પછી બે આયંબિલ ઉપવાસ, ત્રણ આયંબિલ ઉપવાસ, ચાર આયંબિલ ઉપવાસ, અને પાંચ આયંબિલ ઉપવાસ યાવત્ ૧૦૦ આયંબિલ ઉપવાસ એમ સો ઓળીએ પૂર્ણ થાય છે. સર્વ મળીને ૫૦૫૦ આયંબિલ અને સો ઉપવાસથી પૂર્ણ થાય છે. ચૌદ વર્ષ ત્રણ માસ અને વીસ દિવસે પૂર્ણ થાય છે. અહીં ઉપવાસથી 'ચોથ ભક્ત' લેવું.

હવે સપ્તસપ્તમિકા (૨) અષ્ટાષ્ટમિકા (૩) નવ નવમિકા અને (૪) દશ દશમિકા આ ચાર તપો કહેવાય છે.

**(૧) સપ્ત સપ્તમિકા :**

આ તપના ઓગણપચાસ દિવસો છે. તેમાં પ્રથમ બારીમાં દરરોજ એક એક દત્તિ સાત દિવસ સુધી લેવાય છે. બીજી બારીમાં દરરોજ બે દત્તિ સાત દિવસ સુધી લેવાય છે. ત્રીજીમાં ત્રણ દત્તિ, ચોથી વારમાં ચાર દત્તિ, પાંચમીમાં પાંચ દત્તિ, છટ્ઠીમાં છ દત્તિ અને સાતમીમાં સાત દત્તિ લેવાય છે.

**(૨) અષ્ટાષ્ટમિકા:**

આ તપમાં આઠ-આઠ દિવસની આઠ બારીઓ છે. એટલે ચોસઠ દિવસમાં આ તપ પુરો થાય છે. અહીં પ્રથમ બારીમાં દરરોજ એક દત્તિ લેવાય છે. બીજીમાં બે દત્તિ, ત્રીજીમાં ત્રણ દત્તિ, ચોથીમાં ચાર દત્તિ, પાંચમીમાં પાંચ દત્તિ, છટ્ઠીમાં છ દત્તિ, સાતમીમાં સાત દત્તિ અને આઠમીમાં આઠ દત્તિ લેવાય છે.

**(૩) નવ નવમિકા:**

આ તપમાં નવનવ દિવસની નવ બારીઓ છે. કુલ એકાશી દિવસે આ તપ પૂર્ણ થાય છે તેમાં પ્રથમ બારીમાં દરરોજ એકેક દત્તિ લેવાય છે, બીજીમાં બે દત્તિ, ત્રીજીમાં ત્રણ દત્તિ, ચોથીમાં ચાર દત્તિ, પાંચમીમાં પાંચ દત્તિ, છટ્ઠીમાં છ દત્તિ, સાતમીમાં સાત દત્તિ, આઠમીમાં આઠ દત્તિ અને નવમીમાં નવ દત્તિ.

**(૪) દશ દશમિકા:**

આ તપમાં દશ દશ દિવસની દશ બારીઓ છે. કુલ સો દિવસે આ તપ પૂર્ણ થાય છે. પ્રથમ બારીમાં દરરોજ એકેક દત્તિ લેવાય છે, બીજીમાં બે દત્તિ, ત્રીજીમાં ત્રણ દત્તિ, ચોથીમાં ચાર દત્તિ, પાંચમીમાં પાંચ દત્તિ, છટ્ઠીમાં છ દત્તિ, સાતમીમાં સાત દત્તિ, આઠમીમાં આઠ દત્તિ, અને નવમીમાં નવ દત્તિ અને દશમીમાં દશ દત્તિ લેવાય છે.

**ચાંદ્રાયણ તપ:**

હવે ચાંદ્રાયણ તપ કહેવાય છે અને આમાં ભિક્ષા દત્તિથી કે કોળીયાથી લેવાય છે. આ તપમાં યવમધ્યા અને વજ્રમધ્યા એમ બે પ્રકારની પ્રતિમા હોય છે અને તેમાં-

(૧) **યવમધ્યા ચાંદ્રાયણ તપ :** શુક્લ પક્ષના એકમે એક ભિક્ષા/દત્તિ/કોળીયો ગ્રહણ કરાય છે. બીજના બે, ત્રીજના ત્રણ, ચોથના ચાર, પાંચમના પાંચ, છટ્ઠના છ, સાતમના સાત, આઠમના આઠ, નોમના નવ, દશમના દશ, અગીયારસના અગીયાર, બારસના બાર, તેરસના તેર, ચૌદશના ચોદ, પૂનમના પંદર.

કૃષ્ણપક્ષમાં એકમના પંદર, બીજના ચૌદ, ત્રીજના તેર, ચોથના બાર, પાંચમના અગીયાર, છટ્ઠના દશ, સાતમના નવ, આઠમના આઠ, નોમના સાત, દશમના છ, અગીયારસનાં પાંચ, બારસના ચાર, તેરસના ત્રણ, ચૌદશના બે, અને અમાસના એક લેવાય છે. આ તપ એક માસમાં પૂર્ણ થાય છે.

**વજ્રમધ્યા ચાંદ્રાયણ તપ:**

આ તપ કૃષ્ણપક્ષના એકમથી શરૂ કરાય છે તેમાં પ્રથમ દિવસે પંદર દત્તિ કે કોળીયા પછી એકેક હાનિથી અમાસના દિવસે એક દત્તિ કે કોળીયો. શુક્લપક્ષમાં એકમના એક દત્તિ કે કોળીયો પછી દરરોજ એકેક વૃદ્ધિથી યાવત્ પુનમે પંદર દત્તિ કે કોળીયા.

**સર્વાંગ સુંદર તપ :**

જે તપ વિશેષથી સર્વ અંગો સુંદર થાય છે તે આ સર્વાંગ સુંદર તપ કહેવાય છે. જે હવે કહેવાય છે. તે આ પ્રમાણે- સર્વાંગસુંદર તપ શુક્લ પક્ષમાં કરવો. અહીં એકાંતરે આઠ ઉપવાસ કરવા. પારણું આયંબિલથી કરવું. ક્ષમા માર્દવ આદિથી અભિગ્રહ કરવો. અપરાધી પર પણ કોપાદિ ન કરવો. યથાશક્તિ જિનપૂજા કરવી અને યતિ કૃપણાદિને દાન આપવું. આ તપનું આનુષંગિક (ગૌણ) ફળ સર્વાંગ સુંદરપણું છે. સર્વજ્ઞોની આજ્ઞાપૂર્વક કરતા સર્વ તપોનું મુખ્ય ફળ મોક્ષની પ્રાપ્તિ છે એ પ્રમાણે ભાવના કરવી.

**નિરુજ શિખ તપ :**

રોગોનો અભાવ તે નિરુજ, પ્રધાન ફળની અપેક્ષાથી નિરુજ છે શિખા જેમાં એવો આ તપ નિરુજશિખ કહેવાય છે. તે હવે કહેવાય છે જે આ પ્રમાણે છે-

આ તપ સર્વાંગસુંદર જેવો છે એટલે કે એકાંતરે આઠ ઉપવાસ સાત આયંબિલથી પંદર દિવસમાં કરાય છે પરંતુ કૃષ્ણ પક્ષમાં કરાય છે. પથ્ય આદિથી મારે ગ્લાનની સેવા કરવી એવો અભિગ્રહ ધારણ કરવો. બાકી દાન-પૂજાદિ સર્વાંગસુંદર તપની જેમ જાણવું.

**પરમભૂષણ તપ :**

પરમ એટલે શક્ર-ચક્રવર્તી વગેરેને યોગ્ય ઉત્તમ હાર-કેયુર-કંકણાદિ ભૂષણો જે તપથી પ્રાપ્ત થાય છે તે પરમભૂષણ તપ આ પ્રમાણે જાણવું.

અહીં પરમભૂષણ તપમાં એકાંતરે બત્રીશ આયંબિલ કરવા. યથાશક્તિ જિનચૈત્યોમાં ભૂષણો ચડાવવા. અહીં પણ જિનપૂજા દાન પૂર્વની જેમ યથાશક્તિ કરવા.

**સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ:**

કલ્પવૃક્ષ જેવો કલ્પવૃક્ષ, સૌભાગ્યરૂપી ફળને આપવા માટે કલ્પવૃક્ષ સમાન જે તપ તે સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ છે. તે આ પ્રમાણે જાણવું.

આખા ચૈત્રમાસમાં એકાંતરે પંદર ઉપવાસ કરવા. પૂજા દાનવિધિ પૂર્વની જેમ અહીં જાણવું. આ તપ પૂર્ણ થાય ત્યારે સુવર્ણમય કે રૂપ્યમય કે તંદુલમય ફલના સમૂહથી નમેલો વિચિત્ર શાખાઓથી શોભિત, મન-અભિરામ એવો કલ્પવૃક્ષ કરીને ચૈત્ય ઘરમાં આપવો.

**ઇન્દ્રિય વિજય તપ:**

ઇન્દ્રિય વિજય તપમાં પ્રથમ સ્પર્શેન્દ્રિયને આશ્રયીને પ્રથમ પુરિમઢ, પછી એકાસણું, નિવિ, આયંબિલ અને પછી ઉપવાસ એમ એક ઇન્દ્રિયના જયમાં પાંચ દિવસ તેજ પ્રમાણે બાકીની દરેક ઇન્દ્રિયો માટે પણ જાણવું. સર્વ મળીને પાંચ સરથી પચ્ચીસ દિવસે તપ પૂર્ણ થાય છે.

**કષાય મથન તપ :**

આ તપમાં પ્રથમ ક્રોધ કષાયને આશ્રયીને પ્રથમ એકાસણું, નિવિ, આયંબિલ, અને ઉપવાસ ચાર દિવસની એક લતાથી એક કષાયનો તપ થાય છે. બાકીના દરેક કષાય માટે આ લતા સમજી લેવી. ચાર લતાથી સોળ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

**યોગ વિશુદ્ધિ તપ:**

મન-વચન-કાયા એમ ત્રણ પ્રકારે યોગ છે. તેમાં મન વિશુદ્ધિને માટે પ્રથમ નિવિ પછી આયંબિલ પછી ઉપવાસ તે જ રીતે વચન યોગ અને કાય યોગમાં જાણવું. ત્રણ લતાથી નવ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

**કર્મસૂદન તપ :**

ઉપવાસ, એકાસણું, એક સિકથ (દાણો) એકલઠાણું, એક દત્તિ, નિવિ, આયંબિલ અને આઠકોળીયા એમ આઠ દિવસની એક લતાથી એક કર્મની એમ આઠ કર્મની ૮ લતાથી ૬૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

**તીર્થંકર જનની તપ:**

તીર્થંકરની માતાની પૂજા કરવા પૂર્વક ભાદરવા મહિનામાં સુદ સાતમથી તેરસ સુધી આ તપ કરાય છે.

**સમવસરણ તપ:**

પ્રથમ દિવસે એકાસણું, બીજે દિવસે નિવિ, ત્રીજે દિવસે આયંબિલ અને ચોથે દિવસે ઉપવાસ એ પ્રથમ શ્રેણી થઈ. એવી ચાર શ્રેણીએ એટલે કે સોળ દિવસે આ તપ પૂરો થાય છે. આ તપ શ્રાવણ વદ-૪થી આરંભી ભાદ્રસુદ-૪ એટલે સંવત્સરીને દિવસે પૂર્ણ કરવો. આ રીતે ચાર વર્ષ સુધી કરવું: અથવા શ્રાવણવદ-૪થી ભાદરવા સુદ-૪ સુધી સોળ ઉપવાસ કરવા અથવા શ્રા. વ. -૧થી આરંભ કરી ચાર ઉપવાસના પારણે એકાસણું અથવા બેસણું કરવું એવી રીતે ચાર શ્રેણીએ કરી સંવત્સરીને દિવસે પૂર્ણ કરે. એ રીતે ચાર વર્ષે કરવું. હંમેશા સમવસરણની પૂજા કરવી. ઉદ્યાપન જિનપૂજાપૂર્વક થાય. સમવસરણના ચાર બિંબની આગળ ચાર નૈવદ્ય ધરવા.

નોંધ : સમવસરણ તપ પૂરો થયા પછી પાંચમે વરસે સિંહાસન તપ અવશ્ય કરવો જોઈએ એવી પ્રવૃત્તિ છે. સિંહાસન તપ આ પ્રમાણે છે-

પ્રથમ પાંચ ઉપવાસ ઉપર પારણું કરવું. એ રીતે ચાર વાર પાંચ પાંચ ઉપવાસની લતા કરવી. તેમાં કુલ વીશ ઉપવાસ થાય છે. ઉદ્યાપન યથાશક્તિ કરવું. અને એક વરસમાં પૂર્ણ કરવો .

**નંદીશ્વર તપ: (અમાવસ્યા તપ)**

નંદીશ્વર દ્વીપમાં રહેલા ચૈત્યોની આરાધના માટે દીવાળીની અમાવસ્યાને રોજ પટ્ટ ઉપર નંદીશ્વરનું ચિત્ર કાઢી તેની પૂજા કરવી. તે દિવસે શક્તિમુજબ ઉપવાસ, આયંબિલ, એકાસણું કે નિવિ કરવી. પછી દરેક અમાવસ્યાએ સાત વરસ સુધી કે એક વરસ સુધી તપ કરવો.

**પુંડરીક તપ:**

ચૈત્રી પુનમને દિવસે શ્રી પુંડરીક સ્વામીની પ્રતિમાની પૂજા કરવી તથા શક્તિ પ્રમાણે ઉપવાસ એકાસણાદિક તપ કરવો. ત્યાર પછી દરેક પૂર્ણિમાએ તપ તથા પૂજા કરવી એ પ્રમાણે સાત વર્ષ સુધી કે એક વર્ષ સુધી કરવું અથવા બાર વર્ષની બાર ચૈત્રી પૂર્ણિમાં કરવી.

**અક્ષય નિધિ તપ:**

આ તપ શ્રાવણ વ.૪ ના દિવસે શરૂ કરી સોળ દિવસે પૂરો કરવો. તેમાં સુવર્ણ/રૂપ્ય/ માટીનો કુંભ કરાવવો. પછી દેરાસર કે ઉપાશ્રયે જિનબિંબની સમીપે ગહુંલી કરી સ્થાપવો તેની સમીપે સ્વસ્તિક કરી,

કલ્પસૂત્ર પધરાવવું. તેની પાસે હંમેશા બંને કાળનું પ્રતિક્રમણ, દેવપૂજા, પુસ્તક ઉપર ચંદરવો બાંધવો, તથા દેવવંદન વગેરે સર્વ વિધિ કરવી.

**સર્વસુખ સંપત્તિ તપ:**

શુક્લ કે કૃષ્ણ પખવાડીયામાં એકમે એક ઉપવાસ કરવો પછી બીજા પખવાડીએ બીજથી બે ઉપવાસ કરવા, ત્રીજે પખવાડીએ ત્રીજથી ત્રણ ઉપવાસ કરવા એમ યાવત્ પંદરમે પખવાડીયે પુનમ / અમાસથી પંદર ઉપવાસ કરવા એમ એકસો વીશ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

**દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ:**

દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ માટે દર્શન-જ્ઞાન-ચરિત્ર તપ કરવો. દર્શનના ત્રણ ઉપવાસ, જ્ઞાનના ત્રણ ઉપવાસ, તથા ચારિત્રના ત્રણ ઉપવાસ લાગટ કે એકાંતરે કરવા અને યથાશક્તિ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પૂજા કરવી.

**ઊણોદરતા તપ:**

(૧) અલ્પાહાર (૨) અપાર્ધા (૩) દ્વિભાગા (૪) પ્રાપ્તા અને (૫) દેશોન એમ પાંચ પ્રકારે ઊણોદરિકા તપ કહેવાય છે (૧) એકથી આઠ કોળીયા સુધી અલ્પાહાર (૨) નવથી બાર કોળીયા સુધી અપાર્ધા. (૩) તેરથી સોળ કોળીયા સુધી દ્વિભાગા (૪) સત્તરથી ચોવીશ કોળીયા સુધી પ્રાપ્તા અને (૫) પચ્ચીશથી એકત્રીશ કોળીયા સુધી કિંચિદ્ ન્યૂન નામની ઊણોદરતા થાય છે. આ પાંચેય પ્રકારની ઊણોદરતા ત્રણ રીતે વિચારવી. (૧+ક) તેમાં અલ્પાહારમાં આઠ કોળીયામાંથી એક કોળીયો ન્યૂન હોય તો જઘન્ય.

(૧+ખ) બે-ત્રણ-ચાર-પાંચકોળીયા ન્યૂન હોય તો મધ્યમ અને (૧+ગ) છ-સાત-આઠ કવલ ન્યૂન હોય તો ઉત્કૃષ્ટ.

(૨) અપાર્ધામાં ૧૨માંથી એક કવલ ન્યૂન હોય તો જઘન્ય અપાર્ધા, બે કે ત્રણ કવલથી ન્યૂન હોય તે મધ્યમ અપાર્ધા અને ચાર કવલથી ન્યૂન હોય તો ઉત્કૃષ્ટ અપાર્ધા કહેવાય છે.

(૩) દ્વિભાગા: તેર કવલ હોય તો ઉત્કૃષ્ટ, ચૌદ કે પંદર કવલ હોય તો મધ્યમ અને ૧૬ કવલ હોય તો જઘન્ય દ્વિભાગા જાણવી.

(૪) પ્રાપ્તા ઊનોદરિકા : સત્તર કે અઢાર કવલનો આહાર હોય તો ઉત્કૃષ્ટ પ્રાપ્ત ઊણોદરિકા, ઓગણીસથી બાવીસ કવલનો આહાર હોય તો મધ્યમ પ્રાપ્ત ઊણોદરિકા, ત્રેવીશ કે ચોવીશ કવલ આહાર હોય તો જઘન્ય પ્રાપ્ત ઊણોદરિકા.

(૫) કિંચિદૂના ઊણોદરિકા : સાત કે છ કવલ ન્યૂન હોય તો ઉત્કૃષ્ટ કિંચિદૂઊના, પાંચ, ચાર કે ત્રણ કવલ ન્યૂન હોય તો મધ્યમ પ્રાપ્ત ઊણોદરિકા થાય છે અને એક કે બે કવલ ન્યૂન હોય તો જઘન્ય ઊણોદરિકા થાય છે.

પુરુષનો આહાર બત્રીશ કવલ હોય છે. સ્ત્રીનો આહાર અઠ્ઠાવીશ કવલ હોય છે અને નપુંસકનો આહાર ચોવીશ કવલ હોય છે. આ પ્રમાણે પાંચેય પ્રકારની ઊણોદરિકાનો તપ પંદર દિવસે પૂર્ણ થાય છે.

**દમયંતી તપ :**

એકેક ભગવાનને આશ્રયીને ૨૪-૨૪ આયંબિલ કરાય છે તે દમયંતી તપ આ તપમાં ૫૭૬ આયંબિલ અને ૨૪ પારણા થાય છે. અથવા સળંગ ૫૭૬ આયંબિલ કરીને કરી શકાય છે.

**નિષ્ક્રમણ તપ:**

સુમતિનાથ ભગવાને એકાસણું કરીને દીક્ષા લીધી તેમને આશ્રયીને એકાસણું કરવું. વાસુપૂજ્ય સ્વામીએ ઉપવાસ કરીને દીક્ષા લીધી તેને આશ્રયીને ઉપવાસ કરવો, પાર્શ્વનાથ અને મલ્લિનાથ સ્વામીએ અઠ્ઠમ કરી દીક્ષા લીધી તેથી તેઓને આશ્રયીને અઠ્ઠમ કરવા. બાકીના વીશ તીર્થંકરોએ છઠ્ઠ કરી દીક્ષા લીધી તેથી તેમને આશ્રયીને એકેક છઠ્ઠ કરવો. સર્વ મળીને ૪૭ ઉપવાસ તથા એક એકાસણું થાય અને આંતરાના બાવીશ દિવસ થાય ૪૭+૧+૨૨=૭૦ દિવસ થાય.

**કેવલ તપ :**

આ તપમાં જે તીર્થંકર જે તપ કરી કેવલજ્ઞાન પામ્યા હોય તે તીર્થંકરને આશ્રયીને તે તપ કરવો. શ્રી આદિનાથ, મલ્લિનાથ, નેમનાથ અને પાશ્વનાથે અઠ્ઠમ તપ કરી કેવળજ્ઞાન મેળવ્યું તેથી તેમને આશ્રયીને ચાર અટ્ઠમ કરવા, શ્રી વાસુપૂજ્ય સ્વામીને ચોથભક્તથી કેવળજ્ઞાન થયું તેમને આશ્રયીને ઉપવાસ કરવો બાકીના ઓગણીશ તીર્થંકરોને છઠ્ઠ ભાવથી કેવળજ્ઞાન થયું તેઓને આશ્રયીને છઠ્ઠ કરવા. સર્વ મળી એકાવન ઉપવાસ થયા વચ્ચે ૨૩ અંતરના ૨૩ એકાસણ ગણતા કુલ ૭૪ દિવસે તપ પૂર્ણ થાય.

**નિર્વાણ તપ :**

આ તપમાં જે તીર્થંકર જે તપસ્યા કરીને મુક્તિ પામ્યા હોય તે તપ તે જ પ્રકારે એકાંતર ઉપવાસથી કરવો તેમાં શ્રી આદિનાથ છ ઉપવાસથી નિર્વાણ પામ્યા છે. શ્રી મહાવીર સ્વામી છઠ્ઠ તપથી બાકીના બાવીસ તીર્થંકરો એક માસના ઉપવાસથી મોક્ષ પામ્યા છે. તે સર્વ તપના ઉપવાસો એકાંતર એકાસણા વડે કરતા ૪૪ માસ અને સોળ દિવસે થાય છે.

**શ્રી મહાવીર તપ:**

| તપનું નામ | સંખ્યા | વરસ | માસ | દિવસ | તપનું નામ | સંખ્યા | વરસ | માસ | દિવસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચારમાસી | ૯ | ૩ | - | - | પાંચ દિવસ ન્યૂન છ માસી | ૧ | - | ૫ | ૨૫ |
| બે માસી | ૬ | ૧ | - | - | અઠ્ઠમ | ૧૨ | - | ૧ | ૦૬ |
| માસ ખમણ | ૧૨ | ૧ | - | - | છઠ્ઠ | ૨૨૯ | ૧ | ૩ | ૦૮ |
| અર્ધ માસખમણ | ૭૨ | ૩ | - | - | પારણા | ૩૪૯ | - | ૧૧ | ૧૯ |
| ૬ માસી | ૧ | - | ૬ | - | દીક્ષા દીન | ૧ | | | |
| ત્રણ માસી | ૨ | - | ૬ | - | | | ૧ | ૨૦ | ૫૮ |
| અઢી માસી | ૨ | - | ૫ | - | | | ૮ | ૨૦ | ૧૬ |
| દોઢ માસી | ૨ | - | ૩ | | કુલ વ.મા.દિ. | | ૯ | ૪૦ | ૭૪ |
| ભદ્ર-મહાભદ્ર | ૧ | - | - | ૧૬ | ૪૦ માસ = ૩-૪-૦૦ | | ૧૨ | ૦૬ | ૧૪ |
| | | | | | ૭૪ દિવસ= ૦-૩-૧૪ | દીક્ષાદિન | | | ૦૧ |
| સર્વતો ભદ્ર | | ૮ | ૨૦ | ૧૬ | ૩-૬-૧૪ | | ૧૨ | ૦૬ | ૧૫ |

શ્રી વીરપ્રભુ ઉત્કટિત આસન અને પ્રતિમમાં સેંકડો વાર રહ્યા. પ્રવ્રજ્યાના દિવસથી પ્રથમના ક્ષેત્રથી શ્રી વીર પ્રભુનું સર્વ પણ તપકર્મ પાણી વિનાનું થયું. શ્રી વીરપ્રભુનો આ સર્વ પણ છદ્મસ્થ પર્યાય બાર વરસ છમાસ અને પંદર દિવસ થયો. એ પ્રમાણે શ્રીમદ્ મહાવીર તપ કહેવાયો. તેથી આ શ્રુત રૂપી સાગર અપાર છે. તેમાં બતાવાયેલા તપોની આરાધના કરનારા જીવો અનંતા છે. સ્કન્દક વગેરે પુરુષવિશેષોવડે અનેક પ્રકારના તપો આચારાયા છે એમ સંભળાય છે તેથી આ ગ્રંથમાં તેમાના કેટલાનું વર્ણન કરી શકાય ? આ કંઈક દિશા સૂચનમાત્ર છે. અને આ તપો ગંધહસ્તિ વડે રચાયેલા પંચાસક વગેરે શાસ્ત્રોમાં જે કહેવાયેલ છે તે બતાવાયા છે. પરંતુ પોતાની બુદ્ધિથી નહીં અને બીજા પણ તપ વિશેષો બહુશ્રુતોના આમ્નાયથી જાણવા.

હવે તપની આચરણાથી થતા લાભોને બતાવે છે-

**जह जह दढप्पइन्नो वेरग्गगओ तवं कुणइ जीवो ।**
**तह तह असुहं कम्मं झिज्जइ सीयं व सूरहयं ।।४५२।।**
**नाणपवणेण सहिओ सीलुज्जलिओ तवोमओ अग्गी ।**
**दवहुयवहो व्व संसारविडविमूलाइं निद्दहइ ।।४५३।।**

**यथा यथा दृढप्रतिज्ञो वैराग्यतस्तपः करोति जीवः**
**तथा तथाऽशुभं कर्म्म क्षीयते शीतमिव सूर्यहतम् ।।४५२।।**
**ज्ञानपवनेन सहितः शीलोज्ज्वलितः तपोमयोऽग्निः**
**दवहुतवह इव संसारविटपिमूलानि निर्दहति ।।४५३।।**

**ગાથાર્થ :** જેવી રીતે સૂર્યના ઉદયથી ઠંડી દૂર થાય છે તેવી રીતે દઢપ્રતિજ્ઞાવાળો વૈરાગ્યને પામેલો જીવ જેમ જેમ તપ કરે છે તેમ તેમ તેના અશુભ કર્મો નાશ પામે છે. (૪૫૨)

જ્ઞાન રૂપી પવનથી સહિત, શીલથી ઉજ્જવલિત તપરૂપી અગ્નિ દાવાનળની જેમ સંસાર રૂપી વૃક્ષના મૂળને બાળે છે. (૪૫૩)

**सुगमे ।। अथ तपोबहुमाने तत्कर्तृनुत्कर्षयन् प्रणमंश्चाऽऽह –**

હવે તપના બહુમાનમાં ગ્રંથકાર તપ કરનારાઓના ગુણોનું કીર્તન કરતા અને તેઓને પ્રણામ કરતા કહે છે.

**दासोऽहं भिच्चोऽहं पणओऽहं ताण साहुसुहडाणं ।**
**तवतिक्खखग्गदंडेण सूडियं जेहिं मोहबलं ।।४५४।।**

**दसोऽहं मृत्योऽहं प्रणतोऽहं तेषां (तान्) साधुसुभटानां (न्)**
**तपस्तीक्ष्णखड्गदंडेन सूदितं यैः मोहबलम् ।।४५४।।**

**ગાથાર્થ :** જેઓ વડે તપ રૂપી તીક્ષ્ણ ખડ્ગ દંડથી મોહનું સૈન્ય નાશ કરાયું છે તે સાધુ સુભટોને હું નમ્યો છું, તેઓનો દાસ છું. તેઓનો ચાકર છું.

**पाठसिद्धैव ।। अथ तपोविषय एव शिष्योपदेशमाह –**

હવે તપના વિષયમાં જ શિષ્યોને ઉપદેશ આપતા કહે છે-

**मइलम्मि जीवभवणे विइन्ननिब्भिड्डसंजमकवाडे ।**
**दाउं नाणपईवं तवेण अवणेसु कम्ममलं ।।४५५।।**

**मलिने जीवभवने वितीर्णनिश्छिद्रसंयमकपाटे**
**दत्त्वा ज्ञानप्रदीपं तपसा अपनय कर्म्ममलम् ।।४५५।।**

**ગાથાર્થ :** બંધ કરાયા છે નિબિડ સંયમ રૂપી કપાટ જેમાં એવા મલિન જીવરૂપી ભવનમાં જ્ઞાન રૂપી દીપક પ્રગટાવીને તપથી કર્મરૂપી મળને દૂર કરો. (૪૫૫)

**जीव एव भवनं-गृहं तस्मिन् कर्म्मकचवरमलिने, आगंतुककर्ममलनिषेधार्थं वितीर्णनिबिडसंयमकपाटे ज्ञानप्रदीपं दत्त्वा पिटिकादिस्थानीयेन तपसा कर्ममलमपनय येन निर्वृतिमवाप्नोसि, उक्तं च "नाणं-पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो । तिण्हं पि समाओगे मोक्खो जिणसासणे भणिओ ।।१।।**

**पुनरपि तपःशोषितकर्म्ममलान् मुनीन् नामग्राहं नमस्कुर्वन्नाह –**

**ટીકાર્થ :** જીવરૂપી ભવન તે જીવભવન અને તે કર્મરૂપી કચરાથી ભરેલ છે તેથી તેવા જીવરૂપી ભવનમાં નવા આવતા કર્મોને અટકાવવા સંયમરૂપી કપાટને બંધ કરી જ્ઞાન રૂપી દીપકને પ્રગટાવીને તપરૂપી સાવરણીથી કર્મમળને દૂર કર જેથી તું મોક્ષને પામે અને કહ્યું છે કે - જ્ઞાન પ્રકાશક છે, તપ શોધક છે, અને સંયમ ગુપ્તિને કરનાર છે આ ત્રણેયના યોગથી જૈનશાસનમાં મોક્ષ કહેવાયો છે.

ફરી પણ જેઓએ તપથી કર્મરૂપી મળને શોષી નાખ્યું છે તેવા મુનિઓના નામ લઈને નમસ્કાર કરતા કહે છે.

**तवहुयवहम्मि खिविऊण जेहिं कणगं व सोहिओ अप्पा ।**
**ते अइमुत्तयकुरुदत्तपमुहमुणिणो नमंसामि ।।४५६।।**

**तपोहुतवहे क्षिप्त्वा यैः कनकमिव शोधित आत्मा**
**तान् अतिमुक्तककुरुदत्तप्रमुखमुनीन् नमामि ।।४५६।।**

**ગાથાર્થ :** તપ રૂપી અગ્નિમાં શેકીને (નાખીને) પોતાનો આત્મા સુવર્ણની જેમ શુદ્ધ કરાયો છે તે અતિમુક્તક, કુરુદત્ત પ્રમુખ મુનિઓને હું નમસ્કાર કરું છું.

**कः पुनरतिमुक्तकमुनिरिति ?, उच्यते –**

**પ્રશ્ન :** પણ આ અતિમુક્તક મુનિ કોણ છે ?

**ઉત્તર :** કથાનકથી કહેવાય છે.

## અતિમુક્તક કથાનક

પોલાસપુર નગરમાં જિનભવનોની ધ્વજા રૂપી પલ્લવોથી જાણે ચંદ્રના કલંકને સાફ ન કરતો હોય એવો વિજય નામનો મહારાજા છે અને તેની શ્રી દેવી નામની રાણી છે. સિંહ સ્વપ્નથી સૂચિત તેને પુત્ર થયો જેનું

અતિમુક્તક એવું નામ રખાયું. હવે જ્યારે તે આઠ વરસનો થયો ત્યારે કિંમતી વસ્ત્રાભરણોથી અલંકૃત ઘણાં રાજપુત્રોથી સહિત સુવર્ણમય દડાથી રાજમાર્ગ પર રમે છે અને તે વખતે નગરની બહાર શ્રીવીર જિનેશ્વર સમોવસર્યા. (૪)

પછી નગરમાં ગૌતમસ્વામી ગોચરીએ પધાર્યા. તેને જોઈને ખુશ થયેલ અઈમુત્તો શરીરમાં સમાતો નથી. (અર્થાત્ અતિ આનંદ પામ્યો.) પછી સન્મુખ આવીને વિનયથી વંદન કરીને પૂછે છે કે હે દેવાનુપ્રિય ! તમે કોણ છો ? તે કહો અથવા તમે શા માટે ભમો છો ? પછી પ્રૌઢ આચારણથી ખુશ થયેલ ભગવાન ગૌતમ સ્વામી પણ કહે છે કે અમે નિર્ગ્રંથ શ્રમણો છીએ અને ભિક્ષામાટે નગરમાં ભમીએ છીએ. પછી રાજપુત્રે કહ્યું કે મારે ઘરે પધારો જેથી હું ભિક્ષા આપી શકું. હાથની આંગડીથી પકડીને અઈમુત્તો ગૌતમ સ્વામીને રાજભવનમાં લઈ ગયો. ગૌતમ સ્વામીને લઈ આવતા અઇમુત્તાને જોઈને તેની માતા સન્મુખ આવી અને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરીને વિપુલ અશનાદિ સામગ્રીથી પ્રતિલાભીને પછી પાછા વળેલા ગૌતમ સ્વામીને વાંદે છે. અને કુમાર પૂછે છે કે હે ભગવન્ ! અહીં તમે કઈ વસતિમાં પધારશો ? પછી ગૌતમ સ્વામીએ કહ્યું કે બહાર અમારા ધર્માચાર્ય શ્રી વીર જિનેશ્વર સમોવસર્યા છે, અમો તેની પાસે જઈશું એમ કહીને ગૌતમ સ્વામી ગયા અને અઈમુત્તો પાછળ જિનેશ્વરની પાસે ગયો. ભગવાને પણ તેની આગળ સંસારને મથનારી દેશના કરી. (૧૩)

અઈમુત્તો પણ પૂર્વ જન્મમાં સારી રીતે પ્રવ્રજ્યાને પાળીને દેવલોકમાં જઈને અહીં ઉત્પન્ન થયો છે. પૂર્વે પણ ઘણાં કર્મોને ખપાવીને લઘુકર્મી થયો હોવાથી હમણાં જિનના વચનને સાંભળી તત્ક્ષણ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી. પછી કહે છે કે હે ભગવન્ ! આપના સ્વહસ્તે હું દીક્ષા લેવા ઇચ્છું છું. જિનેશ્વર પણ કહે છે કે વિલંબ કરીશ નહીં. પછી પરમ સંવેગને ધારણ કરતો અઇમુત્તો માતાપિતાને કહે છે કે મને જિનેશ્વરની પાસે દીક્ષા લેવાની રજા આપો. (૧૭) હે પુત્રક ! તું શ્રેષ્ઠ સુખનો વિલાસી એવો સુકુમાર બાળક છે જ્યારે કેવળ કષ્ટના અનુષ્ઠાનવાળી આ દીક્ષા દુષ્કર છે એ પ્રમાણે માતાપિતાએ કહ્યું ત્યારે અઈમુત્તો કહે છે કે તમારી વાત સાચી છે પણ વીર્યોલ્લાસ થયે છતે અનંતવીર્યવાળા જીવને આ દીક્ષા દુષ્કર નથી અને ત્રણ ભુવન રૂપી ઘર બળે છતે નાશી છૂટનાર બાળ-વૃદ્ધ પ્રમુખોને શી ચિંતા હોય ? અને આ ભવવાસ જરામરણ-રોગ-શોક રૂપી અગ્નિથી બળેલો છે તેથી એવો કયો હિતૈષી નીકળતાને વારે ? ઇત્યાદિ યુક્તિ સંગત વાણીથી માતા-પિતાને પ્રતિબોધ કરીને અઈમુત્તાએ શ્રી વીર જિનેશ્વરની પાસે દીક્ષા લીધી અને પછી થોડા દિવસોમાં સ્થવિરોની પાસે અગીયાર અંગો ભણે છે. (૨૩)

પછી અઈમુત્તો ગુણ રત્ન સંવત્સર તપનો સ્વીકાર કરે છે. પ્રથમ માસે ચોથ ભક્તને પારણે ચોથ ભક્ત, દિવસે ઉત્કટિક આસનથી અને રાત્રે નિર્વસ્ત્ર વીરાસનથી રહે છે. બીજે મહીને છટ્ઠને પારણે છટ્ઠ, ત્રીજે માસે અટ્ઠમના પારણે અટ્ઠમ, ચોથા માસે ચાર ઉપવાસને પારણે ચાર ઉપવાસ, પાંચમે માસે પાંચ ઉપવાસ, છટ્ઠે માસે છ ઉપવાસના પારણે છ ઉપવાસ, એમ એકેક માસે એકેક ઉપવાસથી વધતા યાવત્ સોળમે માસે સોળ-ઉપવાસના પારણે સોળ ઉપવાસથી પારણું કરે છે. દિવસે ઉત્કટિત આસનથી અને રાત્રે નિર્વસ્ત્ર વીરાસનથી રહે છે. પછી ભિક્ષુની બાર પ્રતિમાઓને વહન કરે છે તે આ પ્રમાણે- પ્રથમ પ્રતિમા પ્રથમ મહીને અલેપ ભોજન આહારપાણીની એકેક દત્તીની, બીજી પ્રતિમા બે માસની આહાર-પાણીની બે બે દત્તીની, ત્રીજી પ્રતિમા ત્રણ માસની ત્રણ ત્રણ દત્તીની, ચોથી પ્રતિમા ચાર માસની ચાર ચાર દત્તિની, પાંચમી પ્રતિમા પાંચ માસની પાંચ પાંચ દત્તીની, છટ્ઠી પ્રતિમા છ માસની છ છ દત્તીની, સાતમી પ્રતિમા સાત માસની સાત સાત

દત્તીની, આઠમી પ્રતિમા સાત અહોરાત્રીની એકાંતરે નિર્જળ ચોથભક્ત, વચ્ચે ઠામ ચોવિહાર, આયંબિલ કાયોત્સર્ગ ઉત્તાનાદિ આસને રહી ઉપસર્ગ સહન કરે, નવમી પ્રતિમા સાત અહોરાત્રીની, તપ આઠમી પ્રતિમા પ્રમાણે કાયોત્સર્ગ, ઉત્કટિકાસને અથવા દંડાસને રહી ઉપસર્ગ સહન કરે. દસમી પ્રતિમા સાત અહોરાત્રીની, તપ આઠમી પ્રમાણે કરે, કાયોત્સર્ગ-ગોદોહિકાસન, વીરાસન કે કેરીની જેમ વક્ર શરીરે બેસી ઉપસર્ગ સહન કરે. અગીયારમી પ્રતિજ્ઞા એક અહો રાત્રીની, નિર્જળ છઠ્ઠ, આગળ પાછળ ઠામ ચઉવિહાર એકાસણું પ્રથમ એકાસણની અહોરાત્રીએ કાયોત્સર્ગ રહી ઉપસર્ગ સહન કરે. બારમી પ્રતિમા એકરાત્રીની નિર્જળ અઠ્ઠમ આગળ પાછળ ઠામ ચઉવિહાર એકાસણું, પ્રથમ એકાસણાની રાત્રીએ સિદ્ધશિલા ઉપર એકાગ્રદૃષ્ટિ રાખી કાયોત્સર્ગ કરી ઉપસર્ગ સહન કરે, અતિચાર રહિત પ્રવૃત્તિ હોય.

એ પ્રમાણે બીજા પણ છઠ્ઠ-અઠ્ઠમ આદિ તીવ્ર તપરૂપી અગ્નિથી સુવર્ણની જેમ પોતાને નિર્મળ કરીને મોક્ષમાં ગયો. (૩૦)

## કુરુદત્ત મહર્ષિ કથાનક

નાગપુર નામનું નગર છે જે નાગરાજના મસ્તકની જેમ જુદા જુદા પ્રકારના સ્ફટિકોથી જડેલા ધવલ સ્ફટિક ગૃહોવાળું દુર્ધર્ષ છે. ત્યાં કોઈ વણિક રહે છે અને તેનો કુરુદત્ત નામનો પુત્ર છે અને ભવસ્વરૂપને જાણીને પ્રથમના જ યૌવનારંભમાં તે રિદ્ધિને છોડીને સ્ત્રી સ્વજનના સંબંધનો ત્યાગ કરી દીક્ષા સ્વીકારે છે અને ટુંકમાં જ સર્વ શ્રુતને ભણે છે અને પૂર્વે વર્ણાવાયેલ સ્વરૂપવાળા ઘણાં તપોને કરે છે. પછી તે ક્યારેક અતિભીષણ પ્રતિમાને સ્વીકારી સ્મશાનમાં રહે છે. (૪)

હવે ત્યાં કોઈ વખત જેનું ધન ચોરાઈ ગયું છે એવા કુઢિયા* ત્યાં આવ્યા. માર્ગથી પરિભ્રષ્ટ થયેલા તેઓ કુરુદત્ત મુનિવરને માર્ગ પૂછે છે. પરમ પદમાં લીન થયેલા આ મુનિ જ્યારે કંઈપણ બોલતા નથી ત્યારે તે અનાર્યોએ મસ્તક પર માટીની પાળ બાંધીને ચિતામાંથી અગ્નિ લઈ તેમાં નાખ્યો. ક્રમથી બહાર બળતું છે શરીર જેનું અને અંદરથી સદ્ ધ્યાન રૂપી અગ્નિથી બાળી નાખ્યો છે સર્વ કર્મમળ જેણે એવા તે અંતકૃત્ કેવળી થઈને કુરુદત્ત મુનિ સિદ્ધ થયા. એવી રીતે તપરૂપી અગ્નિથી કર્મમળ બાળીને અનંતા જીવો સિદ્ધ થયા છે. (૮)

(એ પ્રમાણે કુરુદત્ત મુનિનું કથાનક સમાપ્ત થયું તેની સાથે દશમી નિર્જરા ભાવના સમાપ્ત થઈ.)

**तपसा कर्म्म निर्जरयताऽप्युत्तमगुणेषु बहुमानः कार्यः, अन्यथा तपसोऽपि तथाविधफलाभावेन वैयर्थ्यप्रसंगात्, अतो निर्जरणभावनाऽनन्तरं उत्तमगुणभावनामाह –**

તપથી કર્મની નિર્જરા કરતા જીવે પણ ઉત્તમગુણોને વિશે બહુમાન કરવું જોઈએ. (ગુણ અને ગુણીનો કથંચિત્ અભેદ હોવાથી અહીં ઉત્તમગુણોથી ઉત્તમ ગુણીજન લેવા) નહીંતર તપથી પણ તેવા પ્રકારના ફળની પ્રાપ્તિ ન થવાથી નિષ્ફળ થવાનો પ્રસંગ આવે. આથી નિર્જરાભાવના પછી ઉત્તમગુણ ભાવનાને કહે છે.

**धन्ना कलत्तनियलाइं भंजिउं पवरसत्तसंजुत्ता ।**
**वारीओ व्व गयवरा घरवासाओ विणिक्खंता ।।४५७।।**

---

* કુઢિયા એટલે એક જાતના મૂર્ખ હલકા મનુષ્યો.

धन्ना घरचारयबंधणाओ मुक्का चरंति निस्संगा ।
जिणदेसियं चरित्तं सहावसुद्धेण भावेण ।।४५८।।
धन्ना जिणवयणाइं सुणंति धन्ना कुणंति निसुयाइं ।
धन्ना पारद्धं ववसिऊण मुणिणो गया सिद्धिं ।।४५९।।
दुक्करमेएहिं कयं जेहिं समत्थेहिं जोव्वणत्थेहिं ।
भग्गं इंदियसेन्नं धिइपायारं विलग्गेहिं ।।४६०।।
जम्मं पि ताण थुणिमो हिमं व विप्फुरियझाणजलणम्मि ।
तारुण्णभरे मयणो जाण सरीरम्मि वि विलीणो ।।४६१।।
जे पत्ता लीलाए कसायमयरालयस्स परतीरं ।
ताण सिवरयणदीवंगमाण भद्दं मुणिंदाणं ।।४६२।।

धन्याः कलत्रनिगडान् भंक्त्वा प्रवरसत्त्वसंयुक्ताः
वारिते इव गजवराः गृहवासाद् विनिष्क्रान्ताः ।।४५७।।
धन्या गृहचारकबंधनात् मुक्ताः चरन्ति निःसंगाः
जिनदेशितं चारित्रं स्वभावशुद्धेन भावेन ।।४५८।।
धन्या जिनवचनानि श्रृण्वन्ति धन्याः कुर्व्वन्ति निश्रुतानि
धन्याः प्रारब्धं व्यवसाय्य मुनयो गताः सिद्धिम् ।।४५९।।
दुष्करमेतैः कृतं यैः समर्थैर्यौवनस्थैः
भग्नमिन्द्रियसैन्यं धृतिप्राकारविलग्नैः ।।४६०।।
जन्मापि तेषां स्तुमः हिममिव विस्फुरितध्यानज्वलने
तारुण्यभरे मदनो येषां शरीरे निर्विलीनः ।।४६१।।
ये प्राप्ता लीलया कषायमकरालयस्य परतीरं
तेषां शिवरत्नद्वीपं गतानां भद्रं मुनीन्द्राणाम् ।।४६२।।

**ગાથાર્થ :** હાથી જેમ સાંકળ તોડીને નાશી જાય તેમ સ્ત્રીરૂપી બેડી ભાંગીને ઘરવાસનો ત્યાગ કરતા શ્રેષ્ઠ સત્ત્વથી યુક્ત જીવો ધન્ય છે. (૪૫૭)

ઘર રૂપી કારાવાસના બંધનથી મુક્ત થયેલા નિઃસંગ ભાવથી, શુદ્ધ સ્વભાવથી, જિનદેશિત ચારિત્રને આચરે છે તે ધન્ય છે. (૪૫૮)

જિનવચનને સાંભળે છે તે ધન્ય છે. સાંભળેલું આચરે છે તે ધન્ય છે, લીધેલા વ્રતને આરાધીને મોક્ષમાં ગયા તે મુનિઓને ધન્ય છે.(૪૫૯)

ધૃતિરૂપી પ્રાકાર ઉપર ચઢીને, યૌવનવયને ધરનારા, સમર્થ એવા પુરુષો વડે ઇન્દ્રિય સૈન્ય ભંગાયું તે જીવો વડે દુષ્કર કરાયું. (૪૬૦)

વિસ્ફુરિત થયું છે ધ્યાન રૂપી અગ્નિ જેમાં, ભર યૌવનવાળા જેઓના શરીરમાં પણ હિમની જેમ કામ ઓગળી ગયો છે તેઓના જન્મની પણ અમે સ્તવના કરીએ છીએ. (૪૬૧)

જેઓ લીલાથી કષાયરૂપી સમુદ્રના પારને પામેલા છે તે ધન્ય છે, કલ્યાણકારી શિવરૂપી રત્ન દ્વીપને પામેલા તે મુનીંદ્રોને હું પ્રણામ કરું છું. (૪૬૨)

**सुगमा एव । नवरं वारी-गजबंधनार्थं गर्त्ता, गृहमेव चारकबन्धनं-गुप्तियन्त्रणं, धृतिः मानसोऽवष्टम्भः सैव प्रकारास्तमारूढैः । कषाया एव मकरालयः-समुद्रः । शिवो-मोक्षः स एव रत्नद्वीपः, अन्योऽपि समुद्रपारं गतः किल रत्नद्वीपं व्रजतीति ।। अथोत्तमगुणवतां महर्षीणां नमस्कारकरणेन तद्बहुमानमाविर्भावयन्नाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. વારી એટલે હાથીને બાંધવા માટે ખાઈ ખોદવી તે ચારક બંધન એટલે કેદખાનું, ધૃતિ એટલે મનની દૃઢ શક્તિ અને તે જ પ્રાકાર અને શક્તિ રૂપી પ્રાકાર ઉપર આરૂઢ થયેલા, कषाया एव मकरालयः એટલે કષાય રૂપી સમુદ્ર, શિવ એટલે મોક્ષ અને તે જ રત્નદ્વીપ. બીજો પણ સમુદ્રપાર ગયેલો રત્નદ્વીપ અવશ્ય જાય છે.

હવે ઉત્તમ ગુણવાળા મહર્ષિઓને નમસ્કાર કરવાપૂર્વક તેના બહુમાનને પ્રકટ કરતા કહે છે.

**पणमामि ताण पयपंकयाइं धणुखंदपमुहसाहूणं ।**
**मोहसुहडाहिमाणो लीलाए नियत्तिओ जेहिं ।।४६३।।**

**प्रणमामि तेषां पदपंकजानि धनस्कंदप्रमुखसाधूनां**
**मोहसुभटाभिमानो लीलया नियंत्रितो यैः ।।४६३।।**

**ગાથાર્થ :** ધનુ-સ્કંધક વગેરે સાધુઓના પગરૂપી કમળોને પ્રણામ કરું છું જેઓએ લીલામાત્રથી મોહસુભટના અભિમાનને નિયંત્રિત કર્યો. (૪૬૩)

**स्पष्टा । धनुकथानकं चेदं –**

ધનુનું કથાનક હવે કહેવાય છે-

## ધનુનું કથાનક

કાકંદી નામની નગરી છે. કામિનીઓના શ્રેષ્ઠ રત્નોના આભૂષણની પ્રભાથી નાશ પામેલો છે અંધકાર જેમાં એવી તે નગરીમાં દીપકો મંગલમાત્ર જ છે. તેમાં યથાર્થ નામવાળો જિતશત્રુ રાજા છે તથા અસંખ્યાતધનની સ્વામિની, સુગુણા ધન સાર્થવાહની પત્ની એવી ભદ્રા નામે સાર્થવાહી વસે છે. અને તેનો ગુણથી યુક્ત ધનુ નામે ઉત્તમ પુત્ર છે, બાળપણમાં જ તેનો પિતા મરણ પામ્યો. વૃદ્ધિને પામેલો એવો તે કળાઓને ભણે છે અને માતાએ શ્રેષ્ઠ રૂપવાળી બત્રીશ વણિક કન્યાઓને પરણાવી અને મોટા બત્રીશ મહેલો કરાવ્યા અને તેની અંદર ધનુને યોગ્ય મોટું ભવન કરાવાયું. અને બત્રીશ સ્ત્રીઓની સાથે ત્યાં રહેલો ધનુ ભોગોને ભોગવે છે. પરમસુખને પામેલો સૂર્યના પણ અસ્ત કે ઉદયને જાણતો નથી. જેમ અભિનવ દેવ સ્વર્ગમાં ગયેલા પણ કાળને જાણતો નથી તેમ તે બત્રીશ પાત્રબદ્ધ નાટકોને જોતો ગયેલા કાળને જાણતો નથી. (૭)

હવે ક્યારેક બહાર જતા જન સમૂહને જોઈને, પોતાના પરિજનને પૂછીને તેણે જાણ્યું કે સહસામ્રવન ઉદ્યાનમાં શ્રી વીર જિનેશ્વર સમોવસર્યા છે. પછી મોટી શ્રદ્ધાથી રથમાં બેસીને પોતાના પરિજનની સાથે વંદન માટે જાય છે. તેના પ્રતિબોધનો સમય થયો છે એમ જાણીને ભગવાન વડે તેને કહેવાયું કે આ સંસાર દુઃખના હેતુવાળો છે, દુઃખના સ્વરૂપવાળો છે અને દુઃખના ફળવાળો છે. આ સંસારમાં જિનધર્મને છોડીને બીજું કંઈ શરણ નથી. સામગ્રી હોતે છતે વિષયરૂપી આમિષના લવમાં આસક્ત એવા જે મૂઢોવડે આ પરિપૂર્ણ ધર્મ આરાધાયો નથી તેઓવડે આ આત્મા હારી જવાયો છે પરંતુ ધીર પુરુષો તેને આરાધીને અજરામર સ્થાનમાં જાય છે એ પ્રમાણે સંવેગના સારવાળા શ્રી વીર જિનેશ્વરના સુભાષિતોને સાંભળીને સંવિગ્ન ધનુકુમાર ઊભો થઈને કહે છે કે હે જિનેશ્વર ! નિર્ગ્રંથ પ્રવચનની હું શ્રદ્ધા કરું છું તથા તમારા સ્વહસ્તથી દીક્ષા લેવા ઇચ્છું છું. જિનેશ્વર પણ કહે છે કે વિલંબ કરીશ નહીં. (૧૪)

પછી ઘણાં પ્રકારવાળી યુક્તિઓથી માતાને સમજાવીને રજા લઈને. જિતશત્રુ રાજાએ સ્વયં જ કરેલો છે દીક્ષાનો મહોત્સવ જેનો એવો ધનુ પંચમુષ્ટિ લોચ કરીને દીક્ષા લે છે અને દીક્ષાના પ્રથમ દિવસથી યાવજ્જીવ સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ અને પારણું અંતપ્રાંત ભિક્ષાવાળી આયંબિલથી ઉણોદરી તપપૂર્વક કરવું એવો અભિગ્રહ જિનેશ્વરની પાસે લે છે. જલદીથી અગીયાર અંગને ભણીને ઘોર તપ કરતો વીરાસન વગેરેથી પ્રેતવનમાં રહેતો રાત્રિ દિવસ ધીર નિઃસંગ પૃથ્વીતલ પર વિચરે છે. બહારથી સૂકાયેલ વૃક્ષના જેવો શરીરવાળો અંદરથી વિસ્ફુરિત તપ તેજવાળો, સુર અને અસુરોથી સહિત પર્ષદામાં શ્રેણિક રાજાવડે પુછાયેલા પ્રભુ વીરે ભુવનમાં હર્ષને કરનારો ધનુ દુષ્કરકારક છે એમ કહ્યું. નવમાસ સુધી દુષ્કર તપનું આચરણ કરીને એક માસ પાદપોપગમન અનશનને કરીને તે મહાત્મા સ્વાર્થસિદ્ધ વિમાનમાં અનુત્તર દેવ થયો અને અહીંથી ચ્યવીને કર્મમળને નાશ કરીને મહાવિદેહમાં સિદ્ધ થશે. (૨૨)

## સ્કન્દ મુનિનું કથાનક

શરદઋતુના સૂર્યના બિંબની જેમ પ્રચુર તેજવાળું કાર્તિકપુર નામનું નગર છે. શત્રુરૂપી પતંગીયાને માટે અગ્નિ સમાન એવો અગ્નિ નામે રાજા છે અને તેને કાર્તિકા નામે અતિશય રૂપવતી પુત્રી છે. કામમાં આસક્ત એવો રાજા સ્વયં જ યૌવનને પામેલી એવી પોતાની પુત્રીને પરણ્યો અને કાળથી તેને પુત્ર થયો તેનું નામ સ્વામી કાર્તિકેય કરાયું. તે મોટો થઈ કુમાર ભાવને પામે છે, વીરશ્રી નામે તેની બહેન થઈ અને રોહીતક નગરમાં કુંચરાજાની સાથે તેને પરણાવી. (૪)

ક્યારેક વસંત માસના ઉત્સવમાં માતામહના (માતાના પિતા = નાનાના) ઘરેથી બીજા કુમારોને ભેટણાં આવતા જુવે છે. પછી માતાને પૂછે છે કે હે માતા ! શું મારે કોઈ માતામહ નથી ? જેથી મને કોઈપણ ભેટણાં મોકલતું નથી. હવે તેની રડતી માતા કહે છે કે હે વત્સ ! તારો અને મારો પણ એક જ પિતા છે તેથી તારો પિતા જ તારો માતામહ છે બંને એક જ છે. હે માતા, આ કેવી રીતે ? એ પ્રમાણે કુમારે પુછ્યું ત્યારે માતાએ સર્વ વ્યતિકર પુત્રને કહ્યો. તે સાંભળીને કુમાર એકાએક નિર્વેદ પામ્યો અને સુગુરુની પાસે દીક્ષાને સ્વીકારે છે અને થોડા દિવસોમાં ગીતાર્થ થયેલો એકલવિહાર પ્રતિમાથી વિચરે છે અને એકવાર તે કિષ્કંધિ પર્વતપર રાત્રી દિવસની પ્રતિમાએ રહ્યા અને વરસાદ પડ્યો. શરીરના મળને ધોઈને પાણી પથ્થરના દ્રહમાં પ્રવેશ્યું અને તે સરોવરનું સર્વ પાણી સર્વોષધિ રૂપ થયું અને તેમાં સ્નાન કરેલ લોક સર્વ વ્યાધિઓથી મુકાય છે એ પ્રમાણે દક્ષિણાપથમાં તે પર્વતપર તીર્થ પ્રવર્ત્યું. પછી વિહાર કરતા તે રોહતક નગરમાં જાય છે (૧૨) પછી

ભિક્ષાને માટે પોતાના ઘરે આવેલા ભાઈને વીરશ્રી બહેને જોયા. પછી કૃશ શરીરવાળા ભાઈને જોઈને બહેન રડી. આ આનો કોઈપણ હૃદયવલ્લભ છે એવો ઉલટો પરિણામ કુંચરાજાને થયો. પછી મુનિ પાછા નીકળે છે ત્યારે રાજાએ તેની પીઠને શક્તિ નામના શસ્ત્રથી ભેદી ત્યારે મૂર્ચ્છા ખાઈને સાધુ પૃથ્વીપર પડ્યા. પછી પૂર્વે સિદ્ધ થયેલી મોરી વિદ્યા સાધુને ઉપાડીને મોરીય સ્કંદ પર્વતપર લઈ ગઈ અને તે સાધુ ત્યાં સમાધિને પ્રાપ્ત થયેલા મરીને દેવલોકમાં ગયા પછી તે પ્રદેશનું નામ સ્વામીગૃહ થયું અને તે સ્કંદપર્વત પર કાળ પામ્યો તેથી તે પર્વતનું બીજું નામ સ્કંદક થયું. (૧૭)

અને આ બાજુ પોતાનો ભાઈ મરાયો છે એમ જાણીને વીરશ્રી અધિક રડે છે અને કહે છે કે બાંધવ ! તારા બનેવીએ તારું આતિથ્ય સારું કર્યું. અથવા અહીં તેનો દોષ નથી. પૂર્વે કરાયેલા તેના અને મારા પાપકર્મોનો દોષ છે ઇત્યાદિ તેના પ્રલાપો સાંભળીને તથા આનો ભાઈ અનાર્ય એવા મારા વડે હણાયો છે એમ જાણીને દુ:ખી થયેલો રાજા પ્રલાપને કરે છે કે અવિચારિત કરનારો હું આવા પ્રકારના અતિમોટા પાપથી કેવી રીતે મુકાઈશ એમ તે એવા અતિ મોટા વિષાદને પામે છે જેથી વીરશ્રી પત્નીની સાથે સુગુરુની પાસે દીક્ષાને સ્વીકારે છે પછી વીરશ્રી ત્રણ વરસ ચારિત્ર આરાધીને દેવલોકમાં ગઈ અને કુંચસાધુ પણ દેવલોકમાં ગયો. (૨૩)

**अथोपसंहरन्नाह –**

હવે ઉપસંહાર કરતા કહે છે કે-

**इय एवमाइऊत्तमगुणरयणाहरणभूसियंगाणं ।**
**धीरपुरिसाण नमिमो तियलोयनमंसणिज्जाणं ।।४६४।।**

**इत्येवमादिउत्तमगुणरत्नाभरणभूषितांगान्**
**धीरपुरुषान् नमामः त्रिलोकनमस्यान् ।।४६४।।**

**ગાથાર્થ :** આમ આગળ વર્ણવાયેલ ઉત્તમ ગુણરૂપ રત્નોના આભરણથી ભૂષિત કરાયું છે શરીર જેઓનું, ત્રણ લોકને નમનીય એવા ધીરપુરુષોને અમે નમસ્કાર કરીએ છીએ.

**सम्यग्ज्ञानादयो गुणा एव रत्नाभरणं तेन भूषिताङ्गानां, शेषं सुगममित्येकादशी भावना समाप्ता ।।**

**उत्तमगुणभावनाऽनन्तरमुक्ता, उत्तमगुणानां च मध्ये जिनधर्मप्राप्तिरेवोत्तमोत्तमो गुणः, तद्भाव एव शेषगुणानां सद्भावात् सफलत्वाच्चेत्यत उत्तमगुणभावनाऽनन्तरं विशेषोत्तमगुणरूपजिनशासनबोधिप्राप्तिभावनात्मिकां द्वादशीं भावनामाह –**

**ટીકાર્થ :** સમ્યગ્જ્ઞાનાદિ ગુણો જ રત્નના આભરણો છે અને તેનાથી ભૂષિત શરીરવાળાને અમે નમસ્કાર કરીએ છીએ. બાકીનું સુગમ છે. આ પ્રમાણે અગીયારમી ભાવના સમાપ્ત થઈ.

ઉત્તમ ગુણભાવના હમણાં કહેવાઈ. ઉત્તમગુણોમાં જિનધર્મની પ્રાપ્તિ એ જ ઉત્તમોત્તમ ગુણ છે. જિનધર્મ હોય તો જ બાકીના ગુણોનો સદ્ભાવ હોય છે અને સફળ થાય છે આથી ઉત્તમ ગુણભાવના પછી વિશેષ ઉત્તમ ગુણરૂપ જિનશાસનની બોધિની પ્રાપ્તિ સ્વરૂપ બારમી ભાવનાને કહે છે-

**भवरन्नम्मि अणंते कुमग्गसयभोलिएण कहकह वि ।**
**जिणसासणसुगईपहो पुन्नेहिं मए समणुपत्तो ।।४६५।।**

**भवारण्येऽनन्ते कुमार्गशतभोलितेन कथंकथमपि**

**जिनशासनं सुगतिपथः पुण्यैर्मया समनुप्राप्तः ।।४६५।।**

**ગાથાર્થ :** અનંત ભવારણ્યમાં સેંકડો કુમાર્ગોથી ભોળવાયેલ એવા મારાવડે પુણ્યોથી કોઈક રીતે (મહાકષ્ટથી) જિનશાસન રૂપી સુગતિનો માર્ગ પ્રાપ્ત કરાયો છે. (૪૬૫)

**जिनशासनमेव सुगतिपथः । कथंकथमपि कष्टेनासौ मया प्राप्तः, शेषं सुगमम् ।। किमित्यसौ कष्टेन प्राप्तः ? इत्याह –**

જિનશાસન જ સુગતિમાર્ગ છે અને તે મારાવડે કષ્ટથી પ્રાપ્ત કરાયો છે.

શા માટે કષ્ટથી પ્રાપ્ત કરાયો છે ? તેને કહે છે-

**आसन्ने परमपए पावेयव्वम्मि सयलकल्लाणे ।**

**जीवो जिणिंदभणियं पडिवज्जइ भावओ धम्मं ।।४६६।।**

**आसन्ने परमपदे प्राप्तव्ये सकलकल्याणे**

**जीवो जिनेन्द्रभणितं प्रतिपद्यते भावतो धर्मम् ।।४६६।।**

**ગાથાર્થ :** પ્રાપ્ત કરવા યોગ્ય સકલ કલ્યાણનું ધામ પરમપદ નજીક હોય ત્યારે જીવભાવથી જિનેશ્વરે કહેલા ધર્મનો સ્વીકાર કરે છે. (૪૬૬)

**सुगमा ।। इतश्चायं कष्टप्राप्य इति दर्शयति –**

અને આથી આ મોક્ષ કષ્ટ સાધ્ય છે તેને બતાવે છે.

**मणुयत्तखेत्तमाईहिं विविहहेऊहिं लब्भए सो य ।**

**समए य अइदुलंभं भणियं मणुयत्तणाईयं ।।४६७।।**

**मनुजत्वक्षेत्रादिभिर्विविधहेतुभिः लभ्यते सो च**

**समये चातिदुर्लभं भणितं मनुजत्वादिकम् ।।४६७।।**

**ગાથાર્થ :** મનુષ્યપણું તથા મનુષ્યક્ષેત્ર વગેરે વિવિધ પ્રકારની સામગ્રીથી તે મોક્ષ પ્રાપ્ત કરાય છે અને શાસ્ત્રમાં મનુષ્યની પ્રાપ્તિ અતિ દુર્લભ કહી છે. (૪૬૭)

**सुबोधा ।। केन पुनर्वचनेन समये मनुजत्वादिकं दुर्लभमुक्तम् ? इत्याह –**

પણ કયા વચનથી શાસ્ત્રમાં મનુષ્યપણું વગેરે દુર્લભ કહેવાયું છે ? તેને કહે છે-

**माणुस्स खेत्त जाई कुलरूवाऽऽरोग्ग आउयं बुद्धी ।**

**सवणोग्गह सद्धा संजमो य लोयम्मि दुलहाइं ।।४६८।।**

**मानुष्यक्षेत्रजातिकुलरूपारोग्यायुर्बुद्धयः श्रवणावग्रहौ श्रद्धा**

**संयमश्च लोके दुर्लभानि ।।४६८।।**

**ગાથાર્થ :** મનુષ્યપણું, ક્ષેત્ર, જાતિ, કુળ, રૂપ, આરોગ્ય, આયુષ્ય, બુદ્ધિ, શ્રવણનો અવગ્રહ, શ્રદ્ધા અને સંયમ લોકમાં દુર્લભ છે. (૪૬૮)

**अस्याश्च गाथाया भावार्थो बलिनरेन्द्राख्यानके समाख्यात एव, मनुजत्वादिकं चागमे 'चुल्लग पासग धन्ने' इत्यादिभिर्दृष्टान्तैर्दुलभमुक्तं, अतस्तन्मध्यादुपलक्षणार्थं युगसमिलादृष्टान्तमेकमाह –**

ટીકાર્થ : અને આ ગાથાનો ભાવાર્થ બલિનરેન્દ્ર કથાનકમાં કહેવાયો છે જ અને મનુષ્યપણું વગેરે આગમમાં ચુલ્લક, પાસગ, ધાન્ય વગેરે દૃષ્ટાંતોથી દુર્લભ કહેવાયો છે આથી તેમાંથી યુગસમિલાનું દૃષ્ટાંત ઉપલક્ષણને માટે કહેવાય છે.

**अवरदिसाए जलहिस्स कोई देवो खिवेज्ज किर समिलं ।**
**पुव्वदिसाए उ जुगं तो दुलहो ताण संजोगो ।।४६९।।**
**अवि जलहिमहाकल्लोलपेल्लिया सा लभेज्ज जुगछिड्डं ।**
**मणुयत्तणं तु दुलहं पुणो वि जीवाणऽउन्नाणं ।।४७०।।**

**अपरदिशि जलधेः कोऽपि देवः क्षिपेत् किल समिलां**
**पूर्वदिशि तु युगं ततो दुर्लभः तयोः संयोगः ।।४६९।।**
**अपि जलधिमहाकल्लोलप्रेरिता सा लभेत युगच्छिद्रं**
**मनुजत्वं तु दुर्लभं पुनरपि जीवानां अपुण्यानाम् ।।४७०।।**

**ગાથાર્થ :** કોઈ દેવ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રના પશ્ચિમ કાંઠાપર સમિલાને મૂકે અને પૂર્વના કાંઠાપર યુગને મૂકે પછી સમુદ્રના મહામોજાઓથી હાલતા ચાલતા તે બંને પણ ભેગા થઈને એક બીજામાં પરોવાઈ જાય એ જેટલું દુર્લભ છે તેના કરતા અધન્ય જીવોને મનુષ્યપણું મેળવવું વધારે દુર્લભ છે. (૪૬૯-૪૭૦)

**प्रतीतार्थे ।। यथा मनुजत्वं दशभिर्दृष्टान्तैर्दुर्लभं, एवं क्षेत्रजात्यादीन्यपि । ततस्तानि सर्वाणि लब्ध्वाऽपि यो जिनधर्मे प्रमाद्यति स जरामरणादिभिराघ्रातः शोचयतीति दर्शयति –**

જેવી રીતે મનુષ્યપણું દશ દૃષ્ટાંતોથી દુર્લભ છે તેમ ક્ષેત્ર-જાતિ વગેરે દશ દૃષ્ટાંતથી દુર્લભ છે. તેથી તે સર્વને મેળવીને જે જિનધર્મમાં પ્રમાદ કરે છે તે જરામરણાદિથી સૂંઘાયેલો શોકને પામે છે તેને બતાવે છે.

**खेत्ताईणि वि एवं दुलहाइं वण्णियाइं समयम्मि ।**
**ताइं पि हु लद्धूणं पमाइयं जेण जिणधम्मे ।।४७१।।**
**सो जूरइ मच्चुजरावाहिमहापावसेन्नपडिरुद्धो ।**
**तायारमपेच्छन्तो नियकम्मविडंबिओ जीवो ।।४७२।।**

**क्षेत्रादीनि अप्येवं दुर्लभानि वर्णितानि समये**
**तान्यपि खलु लब्ध्वा प्रमादितं येन जिनधर्मे ।।४७१।।**

सः सीदति मृत्युजराव्याधिमहापापसैन्यप्रतिरुद्धः
त्रातारमप्रेक्षमाणो निजकर्मविडम्बितो जीवः ।।४७२।।

**ગાથાર્થ :** અને એ પ્રમાણે પણ શાસ્ત્રમાં ક્ષેત્રાદિ દુર્લભ કહેવાયા છે તેને પણ પ્રાપ્ત કરીને જેનાવડે જિનધર્મમાં પ્રમાદ કરાયો છે તે મૃત્યુ-જરા-વ્યાધિ-મહાપાપ રૂપી સૈન્યથી રૂંધાયેલો રક્ષકને નહીં જોતો પોતાના કર્મથી વિડંબિત કરાયેલો જીવ ઝૂરે છે અર્થાત્ સીદાય છે. (૪૭૧-૪૭૨)

**गतार्थे ।। अथ लब्धायामपि मनुजत्वादिसामग्र्यां जिनधर्मश्रवणस्य दुर्घटतामाह –**

હવે મનુષ્યત્વ વગેરે સામગ્રી મળી ગઈ હોય છતાં પણ જિનધર્મનું શ્રવણ દુર્લભ છે તેને બતાવતા કહે છે-

**आलस्स मोहऽवन्ना थंभा कोहा पमाय किविणत्ता ।**
**भय सोगा अन्नाणा वक्खेव कुऊहला रमणा ।।४७३।।**
**एएहिं कारणेहिं लद्धूण सुदुल्लहं पि मणुयत्तं ।**
**न लहइ सुइं हियकरिं संसारुत्तारणिं जीवो ।।४७४।।**

आलस्यमोहावज्ञाभ्यः स्तंभात् क्रोधात् प्रमादकृपणते
भयशोकौ अज्ञानं व्याक्षेपकुतूहले रमणम् ।।४७३।।
एतैः कारणैः लब्ध्वा सुदुर्लभमपि मनुजत्वं
न लभते श्रुतिं हितकरीं संसारोत्तारिणीं जीवः ।।४७४।।

**ગાથાર્થ :** જીવ સુદુર્લભ એવા પણ મનુષ્યભવને મેળવીને હિતને કરનારી, સંસાર રૂપી સાગરથી ઉતારનારી એવી જિનવાણી શ્રવણને આળસ, મોહ, અવજ્ઞા, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ અને ક્રીડા સ્વરૂપ તેર કારણોથી પ્રાપ્ત કરતો નથી. (૪૭૩-૪૭૪)

**आलस्यमनुत्साहः, मोहो गृहादिप्रतिबंधरूपः, किमेतेऽपि प्रव्रजिता जानन्तीति परिणामोऽवज्ञा, स्तम्भो गर्वः, क्रोधः साधुदर्शनमात्रेणैवाक्षमारूपः, प्रमादो मद्यविषयादिरूपः, कार्पण्यं साधुसमीपे गमने दातव्यं कस्यचिद् किंचिद् भविष्यतीति वैकल्यं, भयं साधुजनोपवर्ण्यमाननरकादिदुःखश्रवणसमुत्थं, शोक इष्टवियोगादिजनितः, अज्ञानं कुतीर्थिकवासनादिजनितोऽनवबोधः, व्याक्षेपो गृहकृषिहट्टादिप्रयोजनजनितं व्याकुलत्वं, कुतूहलं नटनृत्यावलोकनादिविषयं, रमणं द्यूतक्रीडनादिकं, आलस्यादिपदानां पंचम्येकवचनान्तत्वादेतेभ्यः कारणेभ्यो न लभते जन्तुर्जिनधर्म्मे श्रुतिं, शेषं स्पष्टमिति ।। जिनधर्मोऽपि दुर्लभ इति पूर्वं प्रतिपादितं तदेव च समर्थयन्नाह –**

**ટીકાર્થ :** આળસ એટલે ઉત્સાહનો અભાવ, મોહ એટલે ગૃહાદિની આસક્તિ, શું આ પણ દીક્ષિતો જાણે છે ? એવો પરિણામ તે અવજ્ઞા, સ્તંભ એટલે ગર્વ, ક્રોધ એટલે સાધુના દર્શન થવા માત્રથી ઉકળાટ થાય તે, પ્રમાદ એટલે મદ્ય-વિષય-કષાય-નિદ્રા અને વિકથા, કાર્પણ્ય એટલે સાધુ પાસે જઈશ તો કોઈક સાધુને કંઈક આપવું પડશે તેથી મારે ન્યૂનતા થશે એવું વિચારે, સાધુજનથી વર્ણન કરાતા નરકાદિ દુઃખોને સાંભળવા ભય ઉત્પન્ન થાય છે તેથી સાધુપાસે ન જાય. ઇષ્ટજનના વિયોગઆદિથી જે ઉત્પન્ન થાય તે શોક કહેવાય છે.

કુતીર્થિકોની વાસનાદિથી ઉત્પન્ન થતો અનવબોધ તે અજ્ઞાન છે. ઘર-કૃષિ, દુકાન આદિ પ્રયોજનથી ઉત્પન્ન થતું વ્યાકુલપણું તે વ્યાક્ષેપ. નટના નૃત્યના અવલોકનાદિના વિષયવાળું કુતૂહલ હોય છે. જુગાર ક્રીડા આદિ રમણ કહેવાય છે. આળસ વગેરે પદોને પંચમી એક વચનનો પ્રત્યય લાગવાથી કારણ અર્થમાં વપરાયા છે અર્થાત્ આવા બધા કારણોથી જીવ જિનધર્મની શ્રુતિને મેળવતો નથી.

જિનધર્મ પણ દુર્લભ છે એ પ્રમાણે પૂર્વે કહેલું છે. તેને જ સમર્થન કરતા જણાવે છે-

**दुलहो च्चिय जिणधम्मो पत्ते मणुयत्तणाइभावेऽवि ।**
**कुपहबहुयत्तणेणं विसयसुहाणं च लोभेणं ।।४७५।।**

**दुर्लभः चैव जिनधर्मः प्राप्ते मनुजत्वादिभावेऽपि**
**कुपथबहुत्वेन विषयसुखानां च लोभेन ।।४७५।।**

**ગાથાર્થ :** મનુષ્યત્વાદિ ભાવો પ્રાપ્ત થયા પછી પણ જિનધર્મ દુર્લભ જ છે કારણ કે કુમાર્ગો ઘણાં છે અને વિષય સુખોનો લોભ ઘણો છે. (૪૭૫)

**सुखावसेया ।। अथ लब्धदुर्लभजिनधर्मः कश्चिदात्मानं प्रमाद्यन्तं शिक्षयन्नाह –**

હવે દુર્લભ એવો જિનધર્મ જેને પ્રાપ્ત થયો છે છતાં પણ કોઈક પ્રમાદને કરતા જીવને શીખામણ આપતા કહે છે-

**जस्स बहिं बहुयजणो लद्धो न तए वि जो बहुं कालं ।**
**लद्धम्मि जीव ! तम्मि वि जिणधम्मे किं पमाएसि ? ।।४७६।।**

**यस्य बहिर्बहुर्जनो लब्धः न त्वयाऽपि यद् बहुं कालं**
**लब्धे जीव ! तस्मिन्नपि जिनधर्मे किं प्रमाद्यसि ? ।।४७६।।**

**ગાથાર્થ :** જિનધર્મની બહાર રહેલા ઘણાં જીવોએ જિનધર્મને પ્રાપ્ત કર્યો નથી તને પણ જિનધર્મ ઘણાં કાળસુધી પ્રાપ્ત થયો ન હતો તેથી હે જીવ ! જિનધર્મ પ્રાપ્ત થયા પછી તું પણ કેમ પ્રમાદ કરે છે. (૪૭૬)

**यस्य जिनधर्मस्य बहिः-पृथग्भूतो बहुर्जनो-मिथ्यादृष्टिरूपोऽनन्तो जीवराशिर्वर्त्तते, यश्च जिनधर्मस्त्वयाऽपि हे जीव ! बहुं-अनन्तानन्तकालं पूर्वभवे भ्रमता न लब्धः, तस्मिन्नपि एवंविधे जिनधर्मे कथंकथमपि लब्धे किं प्रमाद्यसि ?, नष्टस्यास्य पुनरप्यतिदुर्लभत्वान्न युक्तस्तत्र तव प्रमाद इति भावः ।। अनिवृत्तप्रमादो भवभयोद्भ्रान्तः पुनरप्यात्मानं शिक्षयितुमाह –**

यस्य એટલે જિનધર્મની બહાર રહેલા મિથ્યાદૃષ્ટિ સ્વરૂપ અનંત જીવ રાશિ છે અને હે જીવ ! જે જિનધર્મ તારાવડે પણ પૂર્વ ભવોમાં અનંત-અનંતકાળ સુધી ભમતા પ્રાપ્ત કરાયો ન હતો અને આવો પણ દુર્લભ જિન ધર્મ કોઈક કોઈક રીતે (અતિકષ્ટથી) પ્રાપ્ત થયો છે ત્યારે તું કેમ પ્રમાદ કરે છે ? કારણ કે આ જિનધર્મ ચાલ્યો જશે તો ફરી મળવો અતિદુર્લભ છે તેથી તારે તેમાં પ્રમાદ કરવો યુક્ત નથી એમ કહેવાનો ભાવ છે.

જેનો પ્રમાદ હજી ગયો નથી અને ભવના ભયથી ઉદ્‌ભ્રાન્ત થયો છે એવા જીવને ફરી પણ શીખામણ આપવા કહે છે-

**उवलद्धो जिणधम्मो न य अणुचिन्नो पमायदोसेण ।**
**हा जीव ! अप्पवेरिय ! सुबहुं पुरतो विसूरिहिसि ।।४७७।।**
**दुलहो पुणरवि धम्मो तुमं पमायाउरो सुहेसी य ।**
**दुसहं च नरयदुक्खं किह होहिसि ? तं न याणामो ।।४७८।।**
**लद्धम्मि वि जिणधम्मे जेहिं पमाओ कओ सुहेसीहिं ।**
**पत्तो वि हु पडिपुन्नो रयणनिही हारिओ तेहिं ।।४७९।।**
**जस्स कुसुमोग्गमो च्चिय सुरनररिद्धी फलं तु सिद्धिसुहं ।**
**तं चिय जिणधम्मतरुं सिंचसु सुहभावसलिलेहिं ।।४८०।।**
**जिणधम्मं कुवंतो जं मन्नसि दुक्करं अणुट्ठाणं ।**
**तं ओसहं व परिणामसुंदरं कुणसु सुहहेउं ।।४८१।।**
**इच्छंतो रिद्धीओ धम्मफलाओऽवि कुणसि पावाइं ।**
**कवलेसि कालकूडं मूढो चिरजीवियत्थी वि ।।४८२।।**
**भवभमणपरिस्संतो जिणधम्ममहातरुंमि वीसमिउं ।**
**मा जीव ! तंमि वि तुमं पमायवणहुयवहं देसु ।।४८३।।**
**अणवरयभवमहापहपयट्टपहिएहिं धम्मसंबलंय ।**
**जेहिं न गहियं ते पाविहिंति दीणत्तणं पुरओ ।।४८४।।**
**जिणधम्मरिद्धिरहिओ रंको च्चिय नूण चक्कवट्टी वि ।**
**तस्स वि जेण न अन्नो सरणं नरए पडंतस्स ।।४८५।।**
**धम्मफलमणुहवंतोऽवि बुद्धिजसरूवरिद्धिमाईयं ।**
**तं पि हु न कुणइ धम्मं अहह कहं सो न मूढप्पा ? ।।४८६।।**
**जेणं चिय धम्मेणं गमिओ रंको वि रज्जसंपत्तिं ।**
**तम्मि वि जस्स अवन्ना सो भन्नइ किं कुलीणो त्ति ? ।।४८७।।**
**जिणधम्मसत्थवाहो न सहाओ जाण भवमहारन्ने ।**
**किह विसयभोलियाणं निव्वुइपुरसंगमो ताणं ? ।।४८८।।**

नियययमणोरहपायवफलाइं जइ जीव ! वंछसि सुहाइं ।
तो तं चिय परिसिंचसु निच्चं सद्धम्मसलिलेहिं ।।४८९।।
जइधम्ममयपाणं मुहाए पावेसि साहुमूलंमि ।
ता दविएण किणेउं विसयविसं जीव ! किं पियसि ? ।।४९०।।
अन्नन्नसुहसमागमचिंतासयदुत्थिओ सयं कीस ? ।
कुण धम्मं जेण सुहं सो च्चिय चिंतेउ तुह सव्वं ।।४९१।।
संपज्जंति सुहाइं जइ धम्मविवज्जियाण वि नराणं ।
तो होज्ज तिहुयणम्मि वि कस्स दुहं ? कस्स व न सोक्खं ? ।।४९२।।
जह कागिणीइ हेउं कोडिं रयणाण हारए कोई ।
तह तुच्छविसयगिद्धा जीवा हारंति सिद्धिसुहं ।।४९३।।
धम्मो न कओ साउं न जेमियं नेय परिहियं सण्हं ।
आसाए विनडिएहिं हा ! दुलहो हारिओ जम्मो ।।४९४।।
नाणस्स केवलीणं धम्मायरियस्स संघसाहूणं ।
गिण्हंतेण अवन्नं मूढेणं नासिओ अप्पा ।।४९५।।
सोयंति ते वराया पच्छा समुवट्ठियम्मि मरणम्मि ।
पावपमायवसेहिं न संचिओ जेहिं जिणधम्मो ।।४९६।।
लद्धुं पि दुलहधम्मं सुहेसिणा इह पमाइयं जेण ।
सो भिन्नपोयसंजत्तिओ व्व भमिही भवसमुद्दं ।।४९७।।
गहियं जेहिं चरित्तं जलं व तिसिएहिं गिम्हपहिएहिं ।
कयसोग्गइपत्थयणा ते मरणंते न सोयंति ।।४९८।।
को जाणइ पुणरुत्तं होही कइया वि धम्मसामग्गी ? ।
रंक व्व धणं कुणह महव्वयाण इण्हिं पि पत्ताणं ।।४९९।।

उपलब्धो जिनधर्मो न चानुचीर्णं प्रमाददोषेण
हा ! जीव ! आत्मवैरिन् ! सुबहु पुरतः विषीत्स्यति ।।४७७।।
दुर्लभः पुनरपि धर्म्मः त्वं प्रमादातुरः सुखैषी च
दुःसहं च नरकदुःखं किं भविष्यति ? तद् न जानीमः ।।४७८।।

लब्धेऽपि जिनधर्मे यैः प्रमादः कृतः सुखैषिभिः
प्राप्तोऽपि खलु प्रतिपूर्णः रत्ननिधिः हारितः तैः ।।४७९।।
यस्य च कुसुमोद्गम एव सुरनरऋद्धिः फलं ति सिद्धिसुखं
तमेव जिनधर्मतरुं सिंच शुभभावसलिलेन ।।४८०।।
जिनधर्मं कुर्वन् यद् मन्यसे दुष्करमनुष्ठानं तद्
औषधमिव परिणामसुन्दरं जानीहि शुभहेतुं ।।४८१।।
इच्छन् ऋद्धीः धर्मफलादपि करोषि पापानि
कवलयसि कालकूटं मूढश्चिरजीवितार्थ्यपि ।।४८२।।
भवभ्रमणपरिश्रान्तो जिनधर्मतरुतले विश्रान्तः
मा जीव ! तस्मिन्नपि त्वं प्रमादवनहुतवहं देहि ।।४८३।।
अनवरतभवमहापथप्रवृत्तपथिकैः धर्मशंबलकं
यैः न गृहीतं ते प्राप्स्यन्ति दीनत्वं पुरतः ।।४८४।।
जिनधर्मऋद्धिरहितः रंक एव नूनं चक्रवर्त्त्यपि
तस्यापि येन नान्यत् शरणं नरके प्रपततः ।।४८५।।
धर्मफलमनुभवन्नपि बुद्धियशोरूपऋद्ध्यादिकं
तमपि खलु न करोति धर्मं अहह ! कथं स न मूढात्मा ? ।।४८६।।
येनैव धर्मेण गमितो रंकोऽपि राज्यसंपदं
तस्मिन्नपि यस्यावज्ञा स भण्यते कथं कुलीन इति ।।४८७।।
जिनधर्मसार्थवाहो न सहायो येषां भवमहारण्ये
कथं विषयभोलितानां निवृत्तिपुरसंगमस्तेषाम् ? ।।४८८।।
निजकमनोरथपादपफलानि यदि जीव ! वांछसि सुखानि
तर्हि तं परिसिंच नित्यं सद्धर्मसलिलैः ।।४८९।।
यदि धर्मामृतपानं मुधा प्राप्नोति साधुमूले
तर्हिं द्रविणेन क्रीत्वा विषयविषं जीव ! किं पिबसि ? ।।४९०।।
अन्यान्यसुखसमागमचिंताशतदुःस्थितः स्वयं कुतः ?
कुरु धर्मं येन सुखं स एव चिंतयति तव सर्वं ।।४९१।।
संपद्यन्ते सुखानि यदि धर्मविवर्जितानामपि नराणां
तर्हि भवेत् त्रिभुवनेऽपि कस्य दुःखं ? कस्य वा न सुखं ? ।।४९२।।
यथा काकिन्या हेतोः कोटीः रत्नानां हारयति कश्चित्
तथा तुच्छविषयगृद्धाः जीवा हारयन्ति सिद्धिसुखम् ।।४९३।।

**धर्मो न कृतः स्वादु न जिमितं नैव परिहितं श्लक्ष्णं**
**आशादिविनटितैः हा दुर्लभं हारितं जन्म ।।४९४।।**
**ज्ञानस्य केवलिनां धर्माचार्यस्य संघसाधूनां गृह्णता अवर्णं मूढेन नाशित आत्मा ।।४९५।।**
**शोचन्ति ते वराकाः पश्चात् समुपस्थिते मरणे**
**पापप्रमादवशैः न सेवितो यैर्जिनधर्मः ।।४९६।।**
**लब्ध्वाऽपि दुर्लभधर्मं सुखैषिणा इह प्रमादितं येन**
**स भिन्नपोतसांयात्रिक इव भ्राम्यति भवसमुद्रे ।।४९७।।**
**गृहीतं यैश्चारित्रं जलमिव तृषितैः ग्रीष्मपथिकैः**
**कृतसौगतिप्रस्थानकास्ते मरणान्ते न शोचन्ति ।।४९८।।**
**को जाणइ पुणरुत्तं होही कइआ सुधम्मसामग्गी ।**
**रंकव्व धणं कुणह महव्वयाण इण्हिंपि पत्ताणं ।।४९९।।**

**ગાથાર્થ :** જિનધર્મની પ્રાપ્તિ થયા પછી પ્રમાદ દોષથી તેને આરાધ્યો નથી તો હે સ્વવૈરી જીવ ! આગળ ઉપર તું ઘણો વિષાદ પામશે. (૪૭૭)

ફરી પણ જિનધર્મ દુર્લભ છે, તું પ્રમાદને વશ થયો છે અને સુખનો ઇચ્છુક છે અને દુઃસહ નરકનું દુઃખ તારી કઈ હાલત કરશે તે અમે જાણતા નથી. (૪૭૮)

જિનધર્મની પ્રાપ્તિ કર્યા પછી જેઓએ પ્રમાદ સેવ્યો તે સુખના ઇચ્છનારા એવા તેઓ પૂર્ણ રત્નનો ભંડાર પ્રાપ્ત કરીને પણ હારી ગયા. (૪૭૯)

અને જે જિનધર્મરૂપી વૃક્ષના ફુલનો ઉદ્‌ગમ જ સુર-નરની રિદ્ધિ છે અને ફળ સિદ્ધિ સુખ છે, તે જ જિનધર્મ રૂપી વૃક્ષને શુભભાવ રૂપી પાણીથી સિંચન કર. (૪૮૦)

જિનધર્મની આરાધના કરતો તું જે અનુષ્ઠાનને દુષ્કર માને છે તેને તું પરિણામે સુંદર અને સુખના કારણભૂત એવા ઔષધની જેમ માની આરાધના કર. (૪૮૧)

ધર્મના ફળથી પણ રિદ્ધિઓને ઇચ્છતો એવો તું પોપોને આચરે છે, લાંબો સમય જીવવાનો અર્થી એવો પણ મૂઢ કાળકૂટ વિષના કોળીયાને ભરે છે. (૪૮૨)

ભવભ્રમણથી થાકેલો જિનધર્મરૂપી મહાવૃક્ષની નીચે વિશ્રામ કરીને હે જીવ ! તું તે વૃક્ષમાં પ્રમાદ રૂપી દાવાનળને ન સળગાવ. (૪૮૩)

સતત ભવરૂપી મહામાર્ગમાં પ્રવાસ કરતા મુસાફરો વડે ધર્મરૂપી સંબલ (ભાથું) ગ્રહણ કરાયું નથી તેઓ આગળ ઉપર દીનપણાને પામશે. (૪૮૪)

જિનધર્મની રિદ્ધિથી રહિત ચક્રવર્તી પણ ખરેખર રંક જ છે કારણ કે નરકમાં પડતા તેને (ચક્રવર્તીને) પણ બીજું કંઈ શરણ થતું નથી. (૪૮૫)

બુદ્ધિ-યશ-રૂપ-રિદ્ધિ આદિ સ્વરૂપ ધર્મના ફળને અનુભવતો છતાં પણ તે ધર્મને આરાધતો નથી અહોહો ! તે મૂઢાત્મા કેમ ન કહેવાય ? (૪૮૬)

રંક પણ જે ધર્મના પ્રભાવથી જ રાજ્ય સંપત્તિને પામ્યો છે તે ધર્મને વિશે જેને અવજ્ઞા છે તેને શું કુલીન કહેવાય ? (૪૮૭)

જેઓને ભવરૂપી મહાઅરણ્યમાં જિનધર્મરૂપી સાર્થવાહ સહાય નથી તે વિષયોથી ભોળવાયેલા જીવોને નિર્વૃત્તિપુરનો સંગમ કેવી રીતે થશે ? (૪૮૮)

હે જીવ ! જો તું પોતાના મનોરથ રૂપી વૃક્ષના ફળ સ્વરૂપ સુખોને વાંછે છે તો હંમેશા સદ્ધર્મ રૂપી પાણીથી તે ધર્મવૃક્ષનું સિંચન કર. (૪૮૯)

જો તું સાધુ પાસેથી ધર્મરૂપી અમૃતના પાનને મફતમાં પામે છે તો હે જીવ ! તું દ્રવ્યથી વિષય રૂપી વિષને ખરીદીને કેમ પીએ છે ? (૪૯૦)

અન્યોન્ય સુખના સમાગમની સેંકડો ચિંતાથી કેમ સ્વયં દુઃખી થાય છે ? તું ધર્મ કર જેથી તે ધર્મ જ તારા સર્વસુખની ચિંતા કરશે. (૪૯૧)

જો ધર્મરહિત પણ મનુષ્યોને સુખો પ્રાપ્ત થતા હોત તો ત્રણ ભુવનમાં કોને દુઃખ હોત ? અથવા કોને સુખ ન હોત ? (૪૯૨)

જેવી રીતે કાકિણી માટે કોઈ ક્રોડ રત્નોને હારે છે તેવી રીતે તુચ્છ વિષયમાં આસક્ત થયેલા જીવો સિદ્ધિ સુખને હારે છે. (૪૯૩)

ધર્મ ન કર્યો, સ્વાદિષ્ટ ભોજનને ન જમ્યો, મુલાયમ વસ્ત્રો ન પહેર્યા. અરેરે ! આશાથી નચાવાયેલાઓ દુર્લભ જન્મને હારી ગયા. (૪૯૪)

જ્ઞાનીની, કેવળીની, ધર્માચાર્યની, સંઘની, સાધુઓની અવજ્ઞાને બોલતા મૂઢે પોતાના આત્માનો નાશ કર્યો. (૪૯૫)

જે પાપ અને પ્રમાદને વશ થઈને જિનધર્મને આરાધ્યો નથી તે વરાકડા મરણ આવે ત્યારે શોક કરે છે. (૪૯૬)

દુર્લભ એવા જિનધર્મને મેળવીને પણ જે સુખશીલીયાઓએ પ્રમાદ કર્યો છે તે જેનું વહાણ ભંગાઈ ગયું છે એવા નાવિકની જેમ ભવસમુદ્રમાં ભમશે. (૪૯૭)

જેમ ઉનાળામાં તરસ્યા થયેલા મુસાફરો પાણીને મેળવીને દુઃખી થતા નથી તેમ જેઓએ ચારિત્ર રૂપી પાણીને ગ્રહણ કર્યું છે અને સુગતિના માર્ગ પર નીકળી ચુક્યા છે તેઓ મરણાંતે પણ શોકને પામતા નથી. (૪૯૮)

ફરી ફરી ધર્મની સામગ્રી ક્યારે મળશે એમ કોણ જાણે છે ? તેથી રંકની જેમ હમણાં પણ પ્રાપ્ત થયેલા મહાવ્રતોના ધનને ભેગું કરો. (૪૯૯)

**पाठसिद्धा एव, नवरं 'इच्छंतो रिद्धीओ' इत्यादिगाथायामयं भावार्थो-यथा कश्चिच्चिरजीवितार्थ्यपि मूढो विपर्यस्तः सद्यो मरणहेतुः कालकूटं कवलयति एवं भवानपि हे जीव ! धर्मस्य फलभूताः-कार्यभूताः ऋद्धीर्वाञ्छन्नपि दारिद्र्यादिदुःखहेतुभूतानि पापानि करोतीति । 'जइ धम्मामयपाण' मित्यादिगाथाया अप्ययं परमार्थः-यतो विषयाः-शब्दरूपरसगन्धस्पर्शरूपाः ते च नरकादितीव्रवेदनाहेतुत्वाद्विषमिव विषं, तच्च विषयविषं स्वल्पमप्यर्थेनैव संप्राप्यते, धर्मस्त्वमृतपानरूपः सुरमनुजमोक्षसुखहेतुत्वात्, स च बहुरपि साधुमूले मुधैव लभ्यते, परं मोहविपर्यस्तो जीवस्तं परिहृत्य द्रविणेनापि क्रीत्वा विषयविषमेव पिबतीति । 'साउं न जेमिय' मित्यादि, तथाविधप्राप्त्यभावात् स्वादु-मनोज्ञं न भुक्तं १, श्लक्ष्णं-सूक्ष्मं वस्त्रं न परिहितं २, शेषं स्पष्टमिति ।। अथोदाहरणप्रदर्शनगर्भमुपसंहरन्नाह –**

**ટીકાર્થ :** ગાથાઓ સરળ છે પરંતુ 'इच्छंतो रिद्धीओ' ઇત્યાદિ ગાથાઓનો આ ભાવાર્થ છે. જેવી રીતે કોઈક ચિરકાળ જીવવાનો અર્થી પણ મૂઢ તરત મરણ થાય તેવા કાળકૂટ વિષના કોળીયા ભરે છે તે પ્રમાણે હે જીવ ! તું પણ ધર્મના ફળ સ્વરૂપ સિદ્ધિના ફળને ઇચ્છતો હોવા છતાં પણ દારિદ્રય અને દુઃખોના કારણ સ્વરૂપ પાપોને આચરે છે.

'जइ धम्मामयपाणम्' વગેરે ગાથાઓનો પણ આ પરમાર્થ છે કે જે કારણથી શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ સ્વરૂપ વિષયો નરકાદિ તીવ્રવેદનાના કારણો હોવાથી વિષની જેમ વિષ છે અને તે સ્વલ્પ પણ વિષયરૂપી વિષ અર્થથી જ પ્રાપ્ત થાય છે જ્યારે દેવ-મનુષ્ય અને મોક્ષના કારણભૂત એવું ધર્મરૂપી અમૃત સાધુ પાસેથી મફતમાં જ મળે છે છતાં પણ મોહાધીન જીવ તેને છોડીને દ્રવ્યથી પણ વિષયરૂપી વિષને જ ખરીદીને પીએ છે.

'सारुं न जेमिय' ઇત્યાદિ તેવા પ્રકારની પ્રાપ્તિનો અભાવ હોવાથી મનોજ્ઞ ભોજન ન કરાયું (૧) સૂક્ષ્મ વસ્ત્ર ન પહેરાયું. (૨) આથી ચિંતામાં જેઓએ ધર્મ ન કર્યો તેઓ મનુષ્ય જન્મ હારી ગયા. બાકીનું સુગમ છે.

**अलमित्थ वित्थरेणं कुरु धम्मं जेण वंछियसुहाइं ।**
**पावेसि पुराहिवनंदणो व्व धूया व नरवइणो ।।५००।।**
**अलमत्र विस्तरेण कुरु धर्मं येन वांछितसुखानि**
**प्राप्स्यसि पुराधिपनंदन इव दुहितेव नरपतेः ।।५००।।**

**ગાથાર્થ :** અહીં વિસ્તારથી સર્યું. ધર્મને કર જેથી શ્રેષ્ઠી પુત્રની જેમ અથવા રાજપુત્રીની જેમ વંછિત સુખોને મેળવશે. (૫૦૦)

**सुगमा, नवरं पुराधिपः-श्रेष्ठी तस्य नन्दनः-पुत्रः, तत्कथानकमुच्यते –**

## શ્રેષ્ઠી પુત્રનું કથનાક

જ્યાં ગૃહદીર્ઘિકામાં (વાવડીમાં) વિચરતી હંસલીઓની જેમ આવાજથી વાચાટ કરતા નૂપુરના સંગવાળી કામિનીઓ ઘરમાં લીલાથી વિચરે છે તેવું ધરણીતિલક નામનું નગર છે અને સુંદર નામનો શ્રેષ્ઠી વસે છે અને ત્યાં તેને ક્યારેક પુત્રની પ્રાપ્તિ થઈ અને પુત્ર જ્યારે ઉદરમાં આવ્યો ત્યારે પિતા મરણ પામ્યો અને જન્મ થયા પછી માતા મરણ પામી કુળનો પણ ક્ષય થયો અને સર્વ પણ વિભવ નાશ પામ્યો. (૩) પછી કરુણાથી લોકે પાળીને મોટો કર્યો. વૃદ્ધિને પામેલો એવો આ હવે લજ્જાને પામતો નગરને છોડીને જ્યાં કોઈપણ નામ ન

જાણે ત્યાં જઈને રહ્યો. અને તે ક્યારેક અને કોઈક રીતે જે જે વાણિજ્ય વ્યવસાયને કરે છે તે તે નિષ્ફળ થાય છે. પછી પોતાનું પેટ ભરવા અસમર્થ ઘણો ખિન્ન થયેલો પાખંડીની પાસે જાય છે અને તેને બાળપણથી માંડીને પોતાનું દુઃખ કહે છે અને તેઓ પણ સર્વે કહે છે કે હે ભદ્ર ! ધર્મથી રહિત અને સ્વયં પૂર્વે જેણે પાપ કરેલું હોય તે જીવો એવું કયું દુઃખ છે જેને ન મેળવતા હોય ? (૭) તેથી સુખનો કાંક્ષી હો તો સકલ સુખના ધામ એવા ધર્મને જ કર અને તેઓ તેને દાન હોમાદિથી ધર્મ કરવાનું કહે છે. એ પ્રમાણે ભમતો ક્યારેક તે સાધુપાસે પહોંચ્યો અને કોઈક શુભ કર્મની પરિણતિ વશ ધર્મને સાંભળે છે અને તે ધર્મને યુક્તિ સંગત માનીને આરાધવા લાગ્યો. ભાગ્યથી ફુલોને ચૂંટીને ભેગાં કરે છે અને જિનભવને લઈ જઈને પ્રતિમાને પૂજે છે, વાંદે છે. પછી આરતી આદિને કરે છે અને શરીરના ક્લેશથી સાધ્ય સર્વ અન્ય પણ ધર્મને કરે છે અને ક્રમથી પરિણત થયો છે ધર્મ જેને, વધતા એકમાત્ર શુભ પરિણામવાળો, આશંસાથી રહિત, નિરુત્સુક પૌષધાદિને કરે છે. જે કંઈપણ વ્યવસાયને કરતો પેટ ભરે છે તેથી લોક વડે કરાયેલ 'દુર્ગત' એવું નામ પ્રસિદ્ધ થાય છે અને ક્યારેક ઘણું સંચિત કરાયું છે પુણ્ય જેનાવડે એવો તે મગની એક પોટલીને માથા ઉપર ઊંચકીને અચલપુર નગરમાં જાય છે અને તે નગરની બહાર વિશ્રામ કરતા તેણે હાથમાં પુસ્તકવાળા એક સિદ્ધપુત્રને જોયો અને ઉત્તમ વિનયપૂર્વક પુછ્યું કે આ પુસ્તકમાં શું લખેલું છે ? તેણે કહ્યું કે શકુનોનું કેવું ફળ મળે છે તે આમાં લખેલું છે. ફરી દુર્ગતે તેને પુછ્યું કે છીંકનું પ્રથમ શું ફળ થાય છે તે તું કહે. તેણે ફળને આ પ્રમાણે બતાવ્યું- સ્થાનમાં રહેલું હોય, કંઈપણ પોતાના કાર્યને કરવાની ઇચ્છાવાળો હોય તેને દિશાના વિભાગના ભેદથી શુભાશુભ ફળ થાય છે તે આ પ્રમાણે પૂર્વ દિશામાં છીંક થાય તો ધ્રુવલાભ, (અવશ્ય લાભ થાય). વાયવ્યમાં સુખવાર્તા, ઉત્તરબાજુ ધનલાભ. ઇશાનમાં શ્રી વિજય, બ્રહ્મસ્થાનમાં (માથા પર અથવા આકાશ તરફ મુખ રાખીને) થઈ હોય તો રાજ્યની પ્રાપ્તિ થાય છે. (૨૦) માર્ગમાં પ્રયાણ કરી દીધું હોય એવા મનુષ્યને સન્મુખ છીંક આવે તો મરણને કરે છે. પ્રયાણ કરતી વખતે કોઈને જમણી બાજુ છીંક આવે તો પ્રયાણનો ત્યાગ કરવો જોઈએ અને જો ડાબી કે પાછળ છીંક થાય તો કાર્યની સિદ્ધિ કરનારી બને છે. પ્રવેશ કરતી વખતે કોઈને ડાબી બાજુથી છીંક થાય તો અશુભ કરનારી બને છે અને જમણી બાજુથી કોઈને છીંક આવે તો શુભ કરનારી કહેવાઈ છે. પૂંઠમાં છીંક આવે તો હાનિ કરનારી નીવડે છે, પ્રવેશ કરતી વખતે કોઈને સન્મુખ છીંક આવે તો લાભ કરનારી છે. પ્રયાણ કરતી વખતે કોઈને ડાબી બાજુથી છીંક આવે તો સારી અને પ્રવેશમાં જમણી બાજુથી છીંક સંભળાય તો સારી. જે દિશામાં સન્મુખ દિક્શૂળ હોય તે દિશામાં તે વારે જવું નહીં. દા.ત. સોમવારે અને શનિવારે પૂર્વ દિશામાં સન્મુખ દિક્શૂળ હોય છે તેથી સોમવારે કે શનિવારે પૂર્વ દિશામાં પ્રયાણ કરવું નહીં. કહેવાનો ભાવ એ છે કે સન્મુખ દિક્શૂળ પીડા કરનારું છે. બાકીની દિશાઓ વિશે ગુરુગમથી જાણી લેવું. આમ મનુષ્ય પુણ્યથી શુભ છીંકને (શકુનને) પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે સાંભળીને હર્ષના ભરવાળો દુર્ગત હાથ ઊંચો કરીને ઘણો નાચે છે અને પછી સિદ્ધપુત્ર પણ પૂછે છે કે તેં જે પ્રશસ્ત શકુનો કહ્યા તે મને સર્વે પણ થયા છે તેથી હું ખુશ થઈને નાચું છું. (૨૫) અને એટલામાં ત્યાં વિક્રમ નામનો રાજા આવ્યો અને તેને તે પ્રમાણે નાચતો જુવે છે. વિક્રમરાજા તેને નાચવાનું કારણ પૂછે છે. દુર્ગત પણ તેને પ્રશસ્ત શકુનની હકીકત જણાવે છે. પછી રાજા શકુનની પરીક્ષાને માટે પોતાના સકલ નગરમાં આઘોષણા કરાવે છે કે જે કોઈ બહાર આવેલ દ્રમક પાસેથી પાંચ દિવસ સુધીમાં મગ લેશે તો હું તેના પ્રાણ હરીશ. પછી ભયપામેલા વાણિયાઓ દુર્ગતની પાસે મગ લેતા નથી તેટલીવારમાં તે આખો દિવસ ભમીને થાકેલો શૂન્ય દુકાનમાં સૂઈ

ગયો. પોટલીને માથાનું ઓશીકું કરીને વિચારે છે કે શકુનોનું ફળ સર્વજ્ઞવડે જોવાયું છે તેથી તેમનું વચન યુગને અંતે પણ અન્યથા થતું નથી તો મારે આ ચિંતાથી શું ? એમ નિશ્ચય કરીને નિર્ભર સૂઈ ગયો. (૩૧)

અને આ બાજુ રાજાનું જાણે બીજું હૃદય ન હોય એવો સુમતિ નામનો મંત્રી ત્યાં વસે છે અને તેની જ જયાવલી નામે સ્ત્રી છે અને તે બેને આઠ પુત્રોની ઉપર સૌભાગ્યમંજરી નામની પ્રાણોથી પણ અતિપ્રિય પુત્રી થઈ અને તે સુદર્શન નામના વણિકપુત્ર ઉપર રાગવાળી થઈ. દૂતીઓ વડે કહેવાતો છતાં વણિકપુત્ર કોઈ કારણવશ પરણવાને ઇચ્છતો નથી અને માતાપિતા પણ તેની સાથે પરણાવા ઇચ્છતા નથી. હવે કુશળ દૂતી તેને ગુપ્ત રીતે પરણવા ઘણાં પ્રકારે સમજાવે છે. તે દિવસે તેણે પરણવાનું સ્વીકાર્યું અને શૂન્ય દુકાન પર સંકેત કરાયો. દૂતીની સાથે સૌભાગ્ય સુંદરી શ્રેષ્ઠ શૃંગાર કરીને રાત્રીના પ્રથમ પહોરે ત્યાં ગઈ. પછી ત્યાં અંધારામાં તપાસ કરતી દૂતીનો હાથ દુર્ગતને લાગ્યો અને તેને જગાડીને ખુશ થયેલી દૂતીએ તેને ચંદનથી વિલેપન કર્યો. કર્પૂરના ચૂર્ણથી શરીર પર લેપ કર્યો અને મસ્તકમાં શ્રેષ્ઠ ફુલોની માળા પહેરાવી પછી દૂતીએ તેને અમૂલ્ય સૂક્ષ્મ પરણવાના વસ્ત્રો પહેરાવ્યા અને ગળામાં અતિશ્રેષ્ઠ ગોળ અને નિર્મળ મોતીનો બનાવેલો હાર પહેરાવ્યો. પછી દૂતીએ તે બંનેના જમણા હાથમાં કંકણ બાંધ્યું. બંનેના હાથનું પણિગ્રહણ કરાવે છે. કોડીયામાં પ્રગટાવેલ અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરાવે છે અને બંનેને તંબોલ આપે છે. હવે પદ્મિની નામની દૂતી ખુશ થયેલી આગળ ઊભેલી કહે છે કે હું આજે અનુરૂપ વરવહુને જોડીને કૃતાર્થ થઈ છું. (૪૨)

આજે તું સૌભાગ્ય મંજરી છે અને તું પણ આજે સુદર્શન છે. આ પવિત્ર મંત્રોનો સંયોગ મારાવડે પણ કરાયો. આગળ ઉપર વિધિ પ્રમાણ છે. પછી દુર્ગત પણ ધીમેથી બોલે છે કે વિધિ પ્રમાણ છે એમ અમે પણ કહીએ છીએ. પછી પદ્મિનીએ અવાજ પરથી ઓળખ્યો કે આ કોઈ અન્ય છે. તેણે સૌભાગ્યમંજરીના કાનમાં આ વાત કરી પછી ધીમે ધીમે પાછી હટીને ભાગીને ઘરે ગઈ. પણ તે સુદર્શન કંઈપણ વિચારીને ત્યાં ન આવ્યો. સૌભાગ્યમંજરી પણ સ્થળપર રહેલી માછલીની જેમ તરફડીયા મારીને ક્ષણ એક શયનતળ પર રહી કહે છે કે હે નિર્લજ્જ ! ધીરપુરુષોને છોડીને નિર્દય એવો તું અબળા કન્યાઓને આવો પ્રહાર કરે છે તેથી એ સત્ય જ છે કે તું અનંગ છે. જેણીએ કુલને ન ગણ્યું, જેણીએ પણ શીલને ન ગણ્યું, જેણીએ વડીલજનને ન ગણ્યા અથવા બાંધવ જનને ન ગણ્યા, જેણીએ નિંદનીય ન ગણ્યું, જેનો તે પ્રિયતમ થયો. ખરેખર તે અંધકાર નૃત્ય કરે છતે (અર્થાત્ ઘોર અંધકાર હોતે છતે) વિધિવડે જેની સાથે પરણાવાઈ તે પણ ન જોવાયો. મારા અપુણ્યથી હું કન્યા પણ નથી, પરણેલી નથી. તથા બાળકોવડે પણ આલોકમાં જે ગવાય છે તે સાચું જ થયું. તે પુરુષ (દુર્ગત) જાર પણ નથી પતિ પણ નથી. એ પ્રમાણે પ્રલાપ કરતી તે પદ્મિનીવડે કહેવાઈ કે હે સુતનુ ! આમ કેમ પ્રલાપ કરે છે ? અહીં તારો દોષનો લેશ પણ નથી. (૫૨) વિચાર્યા વગર કરનારી એવી હું જ અહીં અપરાધી છું કારણ કે મારા ઔત્સુક્યથી તું આ દુઃખરૂપી વ્યસનમાં નંખાઈ છે તેથી અહીં અતીતકાર્યમાં (ભૂતકાળમાં બની ગયેલા) વિષાદથી શું ? તેથી તું ધીર થા. અહીં અવસરે જે કરવા યોગ્ય છે તે કરવું ઉચિત છે. એ પ્રમાણે કોઈક ઉપાયથી તેને પ્રતિબોધ કરીને પદ્મિની તેની માતા પાસે જઈને સર્વ હકીકતને જણાવે છે. માતા પણ ભયભીત થયેલી પ્રધાનને કહે છે. તે પણ ખિન્ન થઈને રહ્યો. (૫૬)

અને આ બાજુ ઘણાં પુત્રો ઉપર અનંગશ્રી નામની રાજપુત્રી થઈ જે રાજા અને માતાને ઘણી પ્રિય હતી. અને ભાગ્ય યોગથી તેનો પણ આ પ્રમાણે બનાવ બન્યો. તે પણ અમરકેતુ નામના સામંત પુત્ર પર રાગી થઈ. કોઈપણ કારણથી તે સામંતપુત્ર તેને પરણવા ઇચ્છતો નથી. સામંતપુત્રના માતાપિતા પણ તેને પરણવા ના પાડે છે. પછી માલતી નામની ધાવમાતા ગુપ્ત રીતે પરણવા માટે મનાવે છે. છ

માસને અંતે તે તેને જ પરણવા કબૂલ થાય છે અને સંકેત કરાયો કે તારે ઘરના પશ્ચિમ બાજુના ઝરૂખા તરફ આવવું અને લટકતા દોરડાને હલાવીને ત્યાં સારી રીતે પકડીને ઊભા રહેવું. તેણે આ વાતનો સ્વીકાર કર્યો છતાં પણ આ રાજવિરુદ્ધ છે એમ સમજી ન ગયો. (૬૧)

અને આ બાજુ પરણતી વખતે પ્રાપ્ત કરાયો છે શ્રેષ્ઠ શૃંગાર જેના વડે એવો દુર્ગત નાટક જોવા માટે ચાલ્યો અને માર્ગમાં આવતા રમણીય અનંગશ્રીના મહેલને જુએ છે અને જેટલામાં તેની નીચે એક ક્ષણ કુતૂહલથી ઊભો રહે છે તેટલામાં દોરડાને લટકતો જોઈને એમ જ હલાવે છે. રાજપુત્રીની સખીઓએ કહ્યું કે દોરડાને દૃઢ પકડી લે. હવે દુર્ગત પણ વિચારે છે કે મારે આ બીજું કોઈ નાટક ઉપસ્થિત થયું છે અથવા મારે ચિંતાથી સર્યું ? અહીં પણ સર્વજ્ઞનું વચન પ્રમાણ છે. પછી દોરડાને દૃઢ પકડી રહેલો દુર્ગત દોરડાથી ખેંચીને ઘરની ઉપર લઈ જવાયો. પછી માલતીએ પૂર્વના ક્રમથી બંનેનું પણ પાણિગ્રહણ કરાવ્યું. પછી તુષ્ટ થયેલી માલતી સુખાસન પર બેઠેલા વરવધૂને કહે છે કે મારો બોજો હલકો થયો અને આજે હું કૃતાર્થ થઈ. લાંબા સમય પછી તમારો આ અનુરૂપ સંયોગ થયો. વિધિ પણ પ્રસન્ન થઈને તમારા સંયોગને વધતો રાખે. પછી દુર્ગતે પણ કહ્યું કે એમ જ થાઓ. તેનો અવાજ સાંભળીને સહસા ભયભીત થયેલી માલતીએ અનંગશ્રીના કાનની પાસે કહ્યું કે આપણે ઠગાયા છીએ કારણ કે આ કોઈ અન્ય પુરુષ છે. પછી અનંગશ્રી કહે છે કે જલદીથી જેમ આવ્યો હતો તેમ રજા આપ. માલતીએ પણ તેમજ કર્યું. પછી દુર્ગત પણ ત્યાંથી નીકળીને મગની પોટલીનું ઓશીકું કરીને બે ફીકર સૂઈ ગયો. (૭૧)

સૌભાગ્ય મંજરીની જેમ જ પ્રલાપ કરતી અનંગશ્રીને કોઈપણ રીતે શાંત કરીને માલતી તેની માતાની પાસે જઈને સર્વ પણ બનાવને કહે છે ભયભીત બનેલી ચિત્તવાળી માતા પણ વિક્રમરાજાને આ હકીકત કહે છે. તે પણ ખિન્નહૃદયવાળો કિંકર્તવ્યવિમૂઢ થઈને રહે છે. (૭૩) અને આ બાજુ આવેલો સુમતિ સચિવ પુત્રીનો સર્વ વૃત્તાંત રાજાને કહે છે. રાજા પણ કહે છે કે મારે પણ આવું જ થયું છે. રાજા પણ કોઈક રીતે સર્વ વ્યતિકરને કહીને તેને કહે છે કે હે આત્મન્ ! અહીં બીજો કોઈ ઉપાય નથી તેથી જેની સાથે આઓ પરણાવાઈ છે તેની તપાસ કરીને અહીં લઈ આવો. પછી સર્વત્ર પણ સચિવપુરુષોએ તપાસ કરી પણ તેની ખબર ન મળી. હવે જેટલામાં રાત્રીના અંતિમ સમયે તેઓ કોઈપણ રીતે શૂન્ય દુકાનના દરવાજા પાસેથી પસાર થાય છે ત્યારે વિલેપનની અને શ્રેષ્ઠકુલોની સુગંધ આવે છે. (અનુભવે છે.) પછી અંદર જઈને તપાસ કરતા તે મળ્યો. અને રાજા પાસે તેને લઈ ગયા. રાજાએ તેને ઓળખીને કહ્યું કે શું પૂર્વે મેં જેને જોયેલો તે જ તું મગ વણિક છે ? હા, એમ તેણે કહ્યું એટલે રાજાએ પુછ્યું કે હે ભદ્ર ! રાત્રીનો વ્યતિકર કહે પછી દુર્ગત પણ સર્વ સત્ય જ કહે છે. (૮૦)

સચિવની સાથે વિચારણા કરીને પછી રાજાએ તેને બારસો ગામ તથા ઘણું ધન અને સુવર્ણ આપ્યા. પછી જિનધર્મના પ્રભાવથી પ્રતિદિન વધતો છે ધનનો સમૂહ જેનો એવો દુર્ગત, ઉત્પન્ન થયો છે અધિક સ્નેહ જેઓને એવી બંને પણ સ્ત્રીઓની સાથે સકલ લોકને પ્રશંસનીય* એવા વિષય સુખોને ભોગવે છે. જોવાયો છે જૈન ધર્મના પ્રભાવનો વિશ્વાસ જેનાવડે એવો વિશુદ્ધ મનવાળો તે જિનધર્મને આરાધે છે. (૮૩) જીર્ણ

* અહીં વિષયસુખની આગળ પ્રશંસનીય વિશેષણ મુક્યું છે તેનો અર્થ એ છે કે પરમાર્થથી વિષય સુખો હેય (અપ્રશંસનીય) છે પણ લોકમાં જે વિષયસુખો દુરાચાર કરીને ભોગવાય છે તે અપ્રશંસનીય છે અને સદાચાર પૂર્વક ભોગવાય છે તે પ્રશંસનીય છે તેથી લોકને અમાન્ય એવા વિષય સુખોને ભોગવતો નથી એમ કહેવાનો ભાવ છે.

જિનભવનોનો ઉદ્ધાર કરાવે છે અને બીજા નવા કરાવે છે. વિધિથી દાન આપે છે. સુગુરુના વચનોને સાંભળે છે. એક વખત જ્ઞાનગોષ્ઠિમાં બેઠેલા છે ત્યારે રાજા પૂછે છે કે હે દુર્ગત ! જુઓ તારા શકુનો કેવા સત્યફળવાલા થયા ? હવે તે કહે છે કે હે રાજન્ ! શકુનો કે અશકુનો ફળતા નથી નિશ્ચયથી ધર્મ સુખના ફળવાળો છે અને પાપ દુઃખના ફળવાળું છે કારણ કે આવા પ્રકારના શકુનો મને પહેલાં અનેક વાર થયા તો પણ પાપના ઉદયથી કંઈપણ ઉત્તમ ફળને પ્રાપ્ત ન કર્યું. હમણાં તો કાર્ય અને ક્રિયામાં ક્યારેક અપશકુનો પણ થાય છે તો પણ ધર્મના પ્રભાવથી શુભફળવાળા જ થાય છે તેથી હે નરવર ! ધર્મને જ આરાધો. જેમ રસ લોખંડને સુવર્ણપણાથી પરિણમાવે છે તેમ પ્રૌઢતાને પામેલો ધર્મ પાપોને શુભ ફળથી પરિણમાવે છે અને સમગ્ર જીવલોકનું સુહિત કરે છે. મોક્ષના મનોરથોને પૂરે છે અને સ્વર્ગ તથા મોક્ષના સુખોને આપે છે. શુભભાવથી સેવેલો ધર્મ આ લોકમાં જ શુભફળવાળો થાય છે. અહીં હું જ ઉદાહરણ છું. પૂર્વે પાપકર્મોના ઉદયથી હું એકાંતે દુઃખીઓ હતો. સારી રીતે જિનધર્મને આચરીને હું સુખી થયો છું. એ પ્રમાણે સુયુક્તિઓથી તે રાજાને સચિવને, પોતાની સ્ત્રીને બીજા પણ પરિજન અને દેશવાસીઓને પ્રતિબોધે છે. પછી જ્યેષ્ઠ પુત્રને પોતાના સ્થાને સ્થાપીને પત્ની સહિત વિધિથી દીક્ષા લઈને અને પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયો અને મહા વિદેહમાં સિદ્ધ થશે. (૯૪)

## રાજપુત્રીનું કથાનક

યમુના નદીને કાંઠે રત્નવતી નામે શ્રેષ્ઠ નગરી હતી. જે સુંદર રત્નોવાળી હોવા છતાં કુબેરની નગરીની જેમ પોતાના વૈભવથી સમગ્ર લોકને તુચ્છ કરી દીધો. તે નગરીમાં અમરકેતુ નામનો રાજા હતો જે કમલા સ્ત્રીથી ઉત્પન્ન થયો હોવા છતાં પણ સકલ જગતને જીતી લીધું હોવાથી અને રતિથી સનાથ હોવાથી કામદેવ જેવો હતો. (કામદેવે સકલ જગતને જીતી લીધું છે અને રતિથી યુક્ત છે.) આ રાજાને પ્રાણોથી પણ પ્રિય અગ્રમહિષી પત્ની હતી. તેને સાત પુત્રીઓ થઈ એક પણ પુત્ર ન થયો. હવે ફક્ત પુત્રીઓ જન્મી હોવાથી અને એક પણ પુત્ર ન હોવાથી તેઓનો ખેદ વધે છે ત્યારે આઠમી પણ પુત્રીનો જન્મ થયો તેથી ખેદ પામેલી દેવીએ રાજાને કહ્યા વિના જ કાષ્ટમય પેટીની અંદર પુત્રીને નાખીને પેટીને યમુના નદીના પ્રવાહમાં વહેતી મૂકી. (૫)

અને આ બાજુ અશ્વપુર નગરમાં સુલસ નામે વણિક હતો. તે પણ માત્ર ઘણીપુત્રીઓથી સંતાપ પામેલો રહે છે. (અર્થાત્ તેને એક પણ પુત્ર નથી.) તેણે એ પેટીને લીધી અને ઘરે લઈ આવીને પછી ઉઘાડી તો તેની અંદર રાજપુત્રીને જોઈ. પછી જલદીથી ખેદપામેલો મનની અંદર વિચારે છે અરેરે ! આ શું ? પોતાના સ્વહસ્તે જ મેં આ અસમંજસ (અણઘટતું) કાર્ય કર્યું. સેંકડો પણ રાંડોનો સમૂહ પહેલાં પણ ઘરમાં સમાતો ન હતો છતાં પણ આ બીજી કોઈક અમારા માથા ઉપર પડી છતાં પણ તેઓનું (સુલસ દંપતીનું) દયાળુ-પણું છે કેમકે ફરી પણ યમુનાના પ્રવાહમાં વહેતી મુકવાના વિચારને ક્ષીણ કરે છે. આ પણ કોઢિયાના દાદરની જેમ ઘરે રહો. યમુના એ પ્રમાણે તેનું નામ પાડ્યું. પછી તેના ઘરે મોટા દુઃખથી મોટી થતી ક્રમથી આઠ વરસની થઈ. (૧૧)

હવે શ્રેષ્ઠી તેને ગાયોનું ધણ ચારવા અટવીમાં મોકલે છે અને તે પણ ધણ ચારવા જાય છે. પરવશ અને અતિ દુઃખી એવી તે દિવસો પસાર કરે છે અને યૌવનને સન્મુખ થઈ અને કોઈક વખત નગરની બહાર ઉદ્યાનમાં ગાયોને ચારતી મધુર જિનવાણીને સાંભળે છે. જેટલામાં જિનવાણીને અનુસરીને એક ક્ષણ આગળ જાય છે તેટલામાં તારાગણથી વીંટાળાયેલ પૂર્ણિમાના ચંદ્રની જેમ સાધુઓના વૃંદથી વીંટાયેલા સૂરિને જુએ છે.

તેમની પાસેથી અમૃતના ઝરણા સમાન જિનવાણીના અર્થને સાંભળીને સંવેગને પામેલી પૂછે છે કે હે ભગવન્ ! મને જેટલું દુ:ખ છે તેટલું જ દુ:ખ જગતમાં છે કે વધારે છે ? પછી ગુરુ કહે છે કે હે ભદ્રે ! ઘણાં પ્રમાદી એવા જે મૂઢજીવોવડે જે ધર્મ આરાધાયો નથી અને તેઓએ જે નરકના દુ:ખો ભોગવ્યા છે તેની આગળ આ તારું દુ:ખ કેટલા માત્ર છે ? અને નરકના દુ:ખના કારણભૂત એવા પાપો જેઓ વડે કરાયા છે તેઓને શું દુ:ખ અસુલભ છે ? (૧૭) સુખાદિનું દુ:ખ કોને નથી ? છતાં પણ સર્વ પણ લોક સુખાદિને વંછે છે સુખને આપનારા ધર્મને કરતા નથી અને દુ:ખના ફળવાળા પાપને છોડતા નથી તેથી હે ભદ્રે ! જો તું દુ:ખોથી ઉદ્‌વિગ્ન થઈ છો અને સુખોને અભિલષે છે તો જિનેશ્વરે કહેલા ધર્મમાં જ ઉદ્યમ કર. પછી યમુનાએ કહ્યું કે હે ભગવન્ ! સર્વથા પણ અધન્ય અને હંમેશા પરાધીન એવી મને કઈ ધર્મની સામગ્રી હોય ? પછી ગુરુએ કહ્યું કે હે દેવાનું પ્રિયે ! વીતરાગ જિનેશ્વર દેવનો સ્વીકાર કર તથા પંચમહાવ્રત ધારીને ગુરુ તરીકે સ્વીકાર અને ગૃહસ્થના બાર વ્રતોને ભક્તિ અને શક્તિથી ગ્રહણ કર અને બીજી પણ શરીરથી આરાધી શકાય તેવી જિનવંદનાદિની આરાધના કર. (૨૨) પછી વિચારીને તથા પોતાની શક્તિને જાણીને તથા સંવેગને પામેલી યમુનાએ તે સર્વ ગુરુના વચનને સ્વીકાર્યું. હવે હંમેશા પણ છઠ્ઠને પારણે છઠ્ઠ કરે છે તથા યથાસંભવ જિનવંદન આદિ કૃત્યને આચરે છે તથા સર્વનો વિનય કરે છે એ પ્રમાણે આ યમુના જેમ જેમ ધર્મને આરાધે છે તેમ તેમ પ્રતિદિન સ્વપરિજનને તથા શ્રેષ્ઠીને તથા તેની સ્ત્રીને ઇષ્ટ થાય છે હવે તેની પાસે કોઈ ધણ ચરાવતું નથી અને ઇષ્ટ અશન-વસ્ત્રાદિ મેળવીને આપે છે તથા તેઓ આની પાસે બીજું કોઈપણ કાર્ય કરાવતા નથી. અને તે નગરમાં મહાપ્રભાવક ધનંજય યક્ષનું રમ્ય ઉદ્યાન આવેલું છે અને અહીં થઈને તે ગુરુની પાસે જાય છે અને પાછી ફરતી ત્યાં એક ક્ષણ વિરામ કરે છે. (૨૭)

અને આ બાજુ અતિશય રૂપાદિ ગુણોથી યુક્ત મકરધ્વજ નામનો રાજપુત્ર, શ્રેષ્ઠ ભાર્યાની પ્રાર્થના માટે તે યક્ષની આરાધના કરવા ત્યાં આવે છે અને ત્યાં વિશ્રામ કરતી યમુનાને કંઈક રાગથી જુએ છે. હવે કોઈક વખત ટૂંક સમયમાં ઘણાં ઉપાર્જન કરાયેલ તેના પુણ્યોથી પ્રેરાયેલા યક્ષે કુમારને કહ્યું કે રત્નવતી નગરીના સ્વામી અમરકેતુ રાજાની આ સંપૂર્ણ ગુણોથી યુક્ત યમુના નામની પુત્રી છે. પરંતુ પૂર્વભવમાં ઉપાર્જન કરેલ પાપનાં ઉદયથી પોતાની માતાવડે પેટીમાં મુકવાઈને યમુના નદીમાં પ્રવાહિત કરાઈ ઇત્યાદિ સર્વ પણ યક્ષે કહ્યું અને હમણાં તો સંચિત કરેલ ઘણાં નિર્મળ પુણ્ય કર્મથી હણાય ગયેલા પાપવાળી એવી આ જણાય છે તેથી હે વત્સ ! તું પોતાના ગુણોને અનુરૂપ એવી આ બાળાને પરણ અને તારી પરણેલી એવી આ સ્ત્રી તને સંશય વિના પરમ રિદ્ધિ-વૃદ્ધિ અને સુખને કરનારી થશે. (૩૫)

એ પ્રમાણે યક્ષના વચન સાંભળીને સ્વયં જ યુક્તિ સંગત જાણીને સુલસની પાસે તેની માગણી કરીને પરણ્યો. હવે સ્થાનને પામેલી શ્રેષ્ઠ વસ્ત્ર-ભૂષણથી સમલંકૃત કરાયું છે શરીર જેના વડે એવી યમુના દેવીઓના રૂપને ઓળંગે છે (અર્થાત્ દેવીઓ કરતા વિશેષ રૂપવાળી થાય છે.) પછી પ્રમુદિત મકરધ્વજકુમાર તે પ્રાણપ્રિયાની સાથે હંમેશા અભિનવ દેવની જેમ વિષય સુખોને ભોગવે છે તેના પ્રસાદથી તે યમુના પણ વિલાસને ભોગવે છે અને પ્રત્યક્ષ ફળની પ્રાપ્તિથી સવિશેષ જિનધર્મને આરાધે છે. તેના વડે સુલસ વણિક કુટુંબની સાથે કુમાર પણ પ્રતિબોધીને સ્વર્ગ તથા મોક્ષ ફળને આપનાર જિનધર્મમાં નિશ્ચલ કરાયો અને કાળથી પિતા મરણ પામે છતે પ્રતાપ-ન્યાય અને પરાક્રમમાં અભ્યધિક એવો આ મકરધ્વજ કુમાર રાજ્યપર પ્રતિષ્ઠિત કરાયો. યમુના મહાપટ્ટરાણી પદે સ્થાપિત કરાઈ. પછી મકરધ્વજ મહારાજા સકલ પૃથ્વીપર

વિખ્યાત થયો. સુલસ વણિક પણ મોટા ગૌરવથી શ્રેષ્ઠી પદે સ્થપાયો. યમુનાના વચનથી પોતે સકુટુંબ શ્રાવકપણું સ્વીકારે છે. પછી રત્નવતી પુરીમાં વસતા અમરકેતુ રાજા પોતાનો પિતા છે એમ યમુના કોઈક અતિશય જ્ઞાની પાસેથી જાણે છે. (૪૩)

હવે કોઈ ભાગ્ય યોગથી કોઈક બળવાન રાજાવડે હરણ કરાયું છે સંપૂર્ણ રાજ્ય જેનું એવો અમરકેતુ રાજા કુટુંબસહિત ત્યાં આવ્યો. યમુનાના વચનથી મકરધ્વજ રાજાએ ઘોડા-હાથી-રત્નો આદિ ઘણાં દાનથી તેનું સન્માન કર્યું. પછી પત્ની સહિત અમરકેતુએ પણ યમુનાના તે સર્વ વ્યતિકરને જાણ્યો. પછી ખુશ થયેલા ચિત્તવાળો રાજા ત્યાં વસે છે.

હવે યમુનાએ પરિજનથી સહિત માતાપિતાને પ્રતિબોધીને શ્રેષ્ઠ જિનેશ્વર પ્રરૂપિત ધર્મમાં સ્થાપન કર્યા. મકરધ્વજની ઘણી મોટી સહાયથી ફરી પણ અમરકેતુ પોતાના રાજ્યને મેળવે છે અને તેને નિષ્કંટક પાળે છે અને પરિણત થયો છે જિનધર્મ જેને એવો અમરકેતુ કોઈકવાર રાત્રીના છેલ્લા ભાગમાં વિચારે છે કે તેવા પ્રકારની નિષ્ફળતાને વરેલા એવા અમારો સમુદ્ધાર કરીને યમુનાએ આ ભવમાં પણ કેવો ઉપકાર કર્યો છે પણ તેના લોકોત્તર ઉપકારની શું વાત કરીએ ? જગતમાં ઘણાં પ્રકારની સેવાથી લોકોત્તર ઉપકારનો પ્રતિ ઉપકાર તીર્થંકરો વડે પણ જોવાયો નથી. નારક-તિર્યંચાદિના અનંત દુઃખોનો નાશ કરનાર તથા દેવ-મનુષ્ય અને મોક્ષના સુખને આપનાર એવો જિનધર્મ અમને તેના વડે અપાયો છે. અને જિનધર્મનું પ્રદાન કર્યું હોય તેને વિશે ભુવનમાં પણ બીજા કયો પ્રતિ ઉપકાર હોઈ શકે ? અર્થાત્ તેનો બદલો કોઈપણ ઉપાયથી વાળી શકાતો નથી, તેથી અહીં સુખદુઃખનું કારણ પુત્ર કે પુત્રી નથી. નિશ્ચયથી પોતે કરેલા પુણ્ય અને પાપોથી સુખદુઃખની પ્રાપ્તિ થાય છે. શું પુત્રથી કુળનો ઉચ્છેદ નથી થતો ? શું પુત્રી પણ કુળનો ઉદ્ધાર નથી કરતી ? તેથી સર્વત્ર અનેકાંત છે તે અશંસય જ છે. (૫૪)

પછી મકરધ્વજ રાજા દીર્ઘકાળ રાજ્યલક્ષ્મીને ભોગવીને યમુનાના શૂર નામના પુત્રને રાજ્ય પર સ્થાપીને યમુનાની સાથે દીક્ષા લઈને, નિરતિચાર ચારિત્રને પાળીને, કેવળજ્ઞાનને મેળવીને તે બંને પણ મોક્ષમાં ગયા. (૫૬)

**अत्राह विनेयः समाप्तास्तावद् द्वादशाप्येता भावनाः, किं पुनरेताभिर्भावितभिः सिध्यतीत्याह-**

એ પ્રમાણે રાજપુત્રી યમુનાનું કથાનક સમાપ્ત થયું. અને તેની સાથે બારમી ભાવના સમાપ્ત થઈ.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે : આ બાર ભાવનાઓ સમાપ્ત થઈ. પરંતુ આ ભાવનાઓને ભાવવાથી શું સિદ્ધ થાય છે ? હવે ગુરુ નીચેની ગાથાથી ઉત્તર આપે છે.

**इय भावणाहिं सम्मं णाणी जिणवयणबद्धमइलक्खो ।**
**जलणो व्व पवणसहिओ समूलजालं दहइ कम्मं ।।५०१।।**

**इति भावनाभिः सम्यक् जिनवचनबद्धसल्लक्ष्यः**
**ज्वलन इव पवनसहितः समूलजालं दहति कर्म ।।५०१।।**

**ગાથાર્થ :** એ પ્રમાણે જિનવચનથી બંધાયેલી મતિના લક્ષવાળો જ્ઞાની સમ્યગ્ભાવનાથી પવન સહિત અગ્નિની જેમ મૂળ સહિત કર્મ જાળને બાળે છે. (૫૦૧)

**सुखोन्नेया ।। ज्ञानी जिनवचनबद्धमतिलक्षो भावनाभिः कर्म क्षपयति, न केवलाभिरित्युक्तं, तत्र किमिति ज्ञानसाहाय्यमपेक्ष्यत इत्याशंक्य ज्ञानमाहात्म्यमुत्कीर्त्तयन्नाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સરળ છે.

જિનવચનથી બંધાયેલી મતિના લક્ષવાળો જ્ઞાની ભાવનાઓથી કર્મોને ખપાવે છે પણ ફક્ત (જ્ઞાનના સહાય વિનાની) ભાવના ભાવવાથી નહીં એમ કહ્યું છે. ભાવનામાં જ્ઞાનના સહાયની કેમ અપેક્ષા છે ? એ પ્રમાણેની શંકાનું સમાધાન કરવા અને જ્ઞાનના મહાત્મ્યનું કીર્તન કરતા કહે છે-

**नाणे आउत्ताणं नाणीणं नाणजोगजुत्ताणं ।**
**को निज्जरं तुलेज्जा चरणम्मि परक्कमंताणं ? ।।५०२।।**
**नाणेणं चिय नज्जइ करणिज्जं तह य वज्जणिज्जं च ।**
**नाणी जाणइ काउं कज्जमकज्जं च वज्जेउं ।।५०३।।**
**जसकित्तिकरं नाणं गुणसयसंपायगं जए नाणं ।**
**आणा वि जिणाणेसा पढमं नाणं तओ चरणं ।।५०४।।**
**ते पुज्जा तियलोए सव्वत्थ वि जाण निम्मलं नाणं ।**
**पुज्जाण वि पुज्जयरा नाणी य चरित्तजुत्ता य ।।५०५।।**
**भद्दं बहुस्सुयाणं बहुजणसंदेहपुच्छणिज्जाणं ।**
**उज्जोइयभुवणाणं झीणम्मि वि केवलमयंके ।।५०६।।**
**जेसिं च फुरइ नाणं ममत्तनेहाणुबंधभावेहिं ।**
**बाहिज्जंति न कहमवि मणम्मि एवं विभावेंता ।।५०७।।**

ज्ञाने आयुक्तानां ज्ञानिनां ज्ञानयोगयुक्तानां
कः निर्जरणं जानीयात् चरणे पराक्रममाणानाम् ।।५०२।।
ज्ञानेन च खलु ज्ञायते करणीयं तथा वर्जनीयं च
ज्ञानी जानाति कर्त्तुं कार्यमकार्यं च वर्जयितुम् ।।५०३।।
यशःकीर्त्तिकरं ज्ञानं गुणशतसंपादकं जगति ज्ञानं
आज्ञाऽपि जिनानामेषा प्रथमं ज्ञानं ततश्चरणं ।।५०४।।
ते पूज्याः जीवलोके सर्वत्रापि येषां निर्मलं ज्ञानं
पूज्यानामपि पूज्यतराः ज्ञानिनश्चरित्रयुक्ताश्च ।।५०५।।
भद्रं बहुश्रुतानां बहुजनसंदेहपृच्छनीयानां
उद्योतितभुवनानां क्षीणेऽपि केवलमृगाङ्के ।।५०६।।

**येषां च स्फुरति ज्ञानं ममत्वस्नेहानुबन्धभावैः**

**बाध्यते न कथमपि मनसि एतत् विभावयताम् ।।५०७।।**

**ગાથાર્થ :** જ્ઞાનમાં મગ્ન, જ્ઞાન યોગમાં યુક્ત, ચારિત્રમાં પરાક્રમ કરતા જ્ઞાનીઓની નિર્જરાને કોણ તોળી શકે ? (૫૦૨)

જ્ઞાનથી જ કરવા યોગ્ય (ઉપાદેય) અને છોડવા યોગ્ય (હેય)નું ભાન થાય છે, જ્ઞાની કાર્યને કરવાનું અને અકાર્યને છોડવાનું જાણે છે. (૫૦૩)

જ્ઞાન જગતમાં યશ અને કીર્તિ કરનારું છે, જ્ઞાન સેંકડો ગુણોને મેળવી આપનાર છે. "પ્રથમ જ્ઞાન અને પછી ચારિત્ર" એવી જિનેશ્વરની આજ્ઞા છે. (૫૦૪)

જેઓને નિર્મળજ્ઞાન છે તેઓ ત્રણ લોકમાં સર્વત્ર પણ પૂજ્ય છે અને ચારિત્રથી યુક્ત જ્ઞાની પૂજ્યોના પણ પૂજ્યતર છે. (૫૦૫)

કેવળજ્ઞાન રૂપી ચંદ્ર ક્ષીણ થયે છતે પણ ઘણાં જનના સંદેહને પૂછવા યોગ્ય, ઉદ્યોતિત કરાયું છે ભુવન જેઓવડે એવા નક્ષત્ર (તારા) રૂપી બહુશ્રુતોનું જ્ઞાન મંગળમય છે. (૫૦૬)

અને એ પ્રમાણે ભાવના ભાવતા જેઓના મનમાં જ્ઞાન સ્ફુરે છે તેઓ ક્યારેય પણ મમત્વ અને સ્નેહના અનુબંધ કરાવનારા ભાવોથી બાધા કરાતા નથી. (૫૦૭)

**सुगमा एव । नवरं येषां सम्यग्ज्ञानं स्फुरति ते ममत्वस्नेहानुबन्धादिभिर्भावैः कथमपि न बाध्यन्ते । किं कुर्वन्त इत्याह-मनसि-चित्ते ज्ञानबलेन एवं वक्ष्यमाणं विभावयन्त इति ।। किं विभावयन्तो ज्ञानिनो ममत्वादिभिर्न बाध्यन्त इत्याह –**

પરંતુ જેઓને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે તેઓ મમત્વ-સ્નેહના અનુબંધ કરાવનારા ભાવોથી કોઈપણ રીતે પીડાતા નથી. શું કરતા પીડાતા નથી તેને કહે છે- જ્ઞાનના બળથી મનમાં આ પ્રમાણે વિભાવના કરતા પીડાતા નથી.

શું વિભાવના કરતા જ્ઞાનીઓ મમત્વાદિથી પીડાતા નથી તેને જણાવે છે -

**जरमरणसमं न भयं न दुहं नरगाइजम्मओ अन्नं ।**

**तो जम्ममरणजरमूलकारणं छिंदसु ममत्तं ।।५०८।।**

**जावइयं किं पि दुहं सारीरं माणसं च संसारे ।**

**पत्तं अणं[१] तसो वि हु विहवाइममत्तदोसेण ।।५०९।।**

**कुणसि ममत्तं धणसयणविहवपमुहेसुऽणंतदुक्खेसु ।**

**सिढिलेसि आयरं पुण अणंतसोक्खम्मि मोक्खम्मि ।।५१०।।**

**जरामरणसमं न भयं न दुःखं नरकादिजन्मतोऽन्यत्**

**जन्ममरणजरामूलकारणं छिन्द्धि ममत्वम् ।।५०८।।**

---

१. तखुत्तो विह-मु. ।।

**यावत् किमपि दुःखं शारीरं मानसं च संसारे**
**प्राप्तमनंतशोऽपि खलु विभवादिममत्वदोषेण ।।५०९।।**

**ગાથાર્થ :** જરા અને મરણ સમાન કોઈ ભય નથી. નરકાદિના જન્મ સિવાય બીજું કોઈ દુઃખ નથી. તેથી જન્મ-મરણ-જરાનું મૂળ કારણ એવા મમત્વને છેદ. (૫૦૮)

આ સંસારમાં શારીરિક અને માનસિક જે કંઈપણ દુઃખ છે તેને વિભવાદિના મમત્વના દોષથી અનંતવાર પણ પ્રાપ્ત કર્યું છે. (૫૦૯)

અનંત દુઃખવાળા ધન-સ્વજન-વિભવ વગેરેમાં તું મમત્વ કેમ કરે છે ? અને અનંત સુખવાળા મોક્ષમાં આદર શિથિલ કેમ કરે છે ? (૫૧૦)

**एता अप्युत्तानार्था एव । नवरं यावत् किमपि शारीरं मानसं च संसारे दुःखं तावत् सर्वमपि विभवादिममत्वदोषेणानन्तशोऽपि जीव ! त्वया प्राप्तमिति परिभाव्य छिंद्धि ममत्वमित्येवं विभावयन् ज्ञानी ममत्वेन तावत् क्वापि न बाध्यते । तथा धनं गवादिकं, स्वजनाः-पुत्रमातृमातुलकादयो, विभवो द्रविणादिः, प्रमुखग्रहणाच्छरीरादिपरिग्रहः, एतेष्वनन्तदुःखहेतुषु वस्तुषु जीव ! करोषि ममत्वं, अनन्तसौख्ये तु मोक्षे आदरं शिथिलयसि, तन्नूनं महत्यन्तरे भ्रमितोऽसि, मैवं कुर्वित्यादिप्रकारेण चाऽऽत्मनोऽनुशास्तिं प्रयच्छन् ज्ञानी ममत्वेन न बाध्यते ।। स्नेहानुबन्धेन तर्हि किं विभावयन्न बाध्यते ? इत्याह –**

**ટીકાર્થ :** આ ગાથાઓ સરળ છે પરંતુ સંસારમાં જે કંઈપણ શારીરિક અને માનસિક દુઃખ છે તે સર્વ પણ વિભવાદિના મમત્વના દોષથી અનંતવાર પણ હે જીવ ! તારાવડે પ્રાપ્ત કરાયું છે એ પ્રમાણે પરિભાવના કરીને મમત્વને છેદ. એ પ્રમાણે વિભાવના કરતો જ્ઞાની મમત્વથી ક્યાંય પણ બાધા પામતો નથી. તથા ગાય વગેરે ધન છે, પુત્ર-માતા-મામા વગેરે સ્વજનો છે, દ્રવ્ય વગેરે વિભવ છે, પ્રમુખ શબ્દના ગ્રહણથી શરીરાદિનું ગ્રહણ કરવું. આ અનંત દુઃખના કારણભૂત વસ્તુઓને વિશે હે જીવ ! તું મમત્વ કરે છે પણ અનંત સુખના ધામ સ્વરૂપ મોક્ષને વિશે શિથિલ આદરવાળો બને છે. તેથી ખરેખર તું મોટા આંતરાથી ભરમાયો છે. 'તું એમ ન કર ઇત્યાદિ' પ્રકારથી પોતાને શીખામણ આપતો જ્ઞાની મમત્વથી પીડાતો નથી.

તો પછી કઈ વિભાવના કરીને જ્ઞાની સ્નેહના અનુબંધથી પીડાતો નથી ? તેને જણાવે છે

**संसारो दुहहेऊ दुक्खफलो दुसहदुक्खरूवो य ।**
**नेहनियलेहिं बद्धा न चयंति तहा वि तं जीवा ।।५११।।**
**जह न तरइ आरुहिउं पंके खुत्तो करी थलं कह वि ।**
**तह नेहपंकखुत्तो जीवो नाऽऽरोहइ धम्मथलं ।।५१२।।**
**छिज्जं सोसं मलणं बंधं निप्पीलणं च लोयम्मि ।**
**जीवा तिला य पेच्छह पावंति सिणेहसंबद्धा ।।५१३।।**
**दूरुज्झियमज्जया धम्मविरुद्धं च जणविरुद्धं च ।**
**किमकज्जं जं जीवा न कुणंति सिणेहपडिबद्धा ? ।।५१४।।**

**थेवोऽवि जाव नेहो जीवाणं ताव निव्वुई कत्तो ? ।**
**नेहक्खयम्मि पावइ पेच्छ पईवो वि निव्वाणं ।।५१५।।**

संसारो दुःखहेतुदुःखफलस्तथैव दुःखरूपश्च
स्नेहनिगडैर्बद्धाः न त्यजन्ति तथाऽपि तं जीवाः ।।५११।।

यथा न शक्नोति रोढुं पंके मग्नः करी स्थलं कथमपि
जीवः प्रमादपंके निमग्नो जीवो नारोहति धर्मस्थलम् ।।५१२।।

छेदं शोषं मलनं बन्धं निष्पीलनं च लोके
जीवाः तिलाश्च प्रेक्षध्वं प्राप्नुवन्ति स्नेहसंबद्धाः ।।५१३।।

दूरोज्झितमर्यादा धर्मविरुद्धं च जनविरुद्धं च
किमकार्यं यद् जीवा न कुर्वन्ति स्नेहप्रतिबद्धाः ।।५१४।।

स्तोकोऽपि यावत् स्नेहः जीवानां तावत् निर्वृत्तिः कुतः ?
स्नेहक्षये प्राप्नोति पश्य प्रदीपोऽपि निर्वाणम् ।।५१५।।

**ગાથાર્થ :** સંસાર દુઃખનું કારણ છે, દુઃખના ફળવાળો છે અને દુઃસહ દુઃખના સ્વરૂપવાળો છે તો પણ મમત્વ રૂપી બેડીથી બંધાયેલા જીવો તે સંસારને છોડતા નથી. (૫૧૧)

જેવી રીતે સરોવરના કાદવમાં ખૂંચેલો હાથી સ્થળપર જવા કોઈપણ રીતે સમર્થ થતો નથી તેમ મમત્વ રૂપ કાદવમાં ખૂંચેલો જીવ ધર્મ સ્થળ પર જઈ શકતો નથી. (૫૧૨)

હે જીવો ! તમે જુઓ તેલને (સ્નેહને=ચિકાશને) ધારણ કરનાર તલ લોકમાં છેદન, શોષણ મર્દન, બંધ અને નિપીલનને પામે છે તેમ મમત્વને ધારણ કરનાર જીવો વધ, બંધ, છેદ, ભેદાદિને પામે છે. (૫૧૩)

મમત્વથી બંધાયેલા, દૂરથી મર્યાદાનો ત્યાગ કરનારા જીવો, ધર્મ વિરુદ્ધ અને લોકવિરુદ્ધ એવું કયું અકાર્ય છે જેને ન કરતા હોય ? (૫૧૪)

જ્યાં સુધી થોડું પણ મમત્વ હોય ત્યાં સુધી જીવોને મોક્ષ ક્યાંથી ? તેલ ખૂટી ગયા પછી દીપક પણ બુઝાય જાય છે. (૫૧૫)

सुगमाः ।। अथ पूर्वोक्तमुपसंहरन्नुत्तरग्रन्थं च सम्बन्धयन्नाह –

હવે પૂર્વોક્તનો ઉપસંહાર કરતા અને ઉત્તર ગ્રંથનો સંબંધ કરતા કહે છે-

**इय धीराण ममत्तं नेहो य नियत्तए सुयाइसु ।**
**रोगाइआवईसु य इय भावंताण न वि मोहो ।।५१६।।**

इति धीराणां ममत्वं स्नेहश्च निवर्त्तते सुतादिषु
रोगाद्यापत्सु च एवं भावयतां न विमोहः ।।५१६।।

**ગાથાર્થ :** એ પ્રમાણે ધીર પુરુષોનું પુત્રાદિને વિશે મમત્વ અને સ્નેહ દૂર થાય છે અને એ પ્રમાણે ભાવના ભાવતા જીવોને પણ રોગાદિ આપત્તિઓમાં ચિત્તની વ્યાકુળતા થતી નથી. (૫૧૬)

**धिया-निर्मलबुद्ध्या राजन्त इति धीरा-ज्ञानिनस्तेषामिति-उक्तप्रकारेण भावयतां ममत्वं स्नेहश्च सुतादिषु निवर्त्तते, तथा रोगाद्यापत्सु चेति-एवं वक्ष्यमाणन्यायेन भावयतां ज्ञानिनां विमोहो-विमूढता न भवति ।। किं विभावयन् ज्ञानी रोगाद्यापत्सु न मुह्यतीत्याह –**

**ટીકાર્થ :** ધિયા એટલે જે નિર્મળ બુદ્ધિથી શોભે છે તે અર્થાત્ ધીર જ્ઞાનીઓ. હમણાં કહેવાયેલ પ્રકારથી ભાવના ભાવતા ધીરપુરુષોનું મમત્વ અને સ્નેહ પુત્રાદિને વિશે દૂર થાય છે તથા હમણાં કહેવાતી ગાથાઓની ભાવના કરતા જ્ઞાનીઓને રોગાદિ આપત્તિઓમાં ચિત્તની વ્યાકુળતા થતી નથી.

શેની ભાવના કરતો જ્ઞાની રોગાદિ આપત્તિમાં મુંઝાતો નથી તેને કહે છે-

**नरतिरिएसु गयाइं पलिओवमसागराइंऽणंताइं ।**
**किं पुण सुहावसाणं तुच्छमिणं माणसं दुक्खं ।।५१७।।**
**सकयाइं च दुहाइं सहसु उइन्नाइं निययसमयम्मि ।**
**न हु जीवोऽवि अजीवो कयपुव्वो वेयणाईहिं ।।५१८।।**

नरकतिर्यक्षु गतानि पल्योपमसागराणि अनन्तानि
किं पुनः सुखावसानं तुच्छमिदं मानुषं दुःखम् ? ।।५१७।।
स्वकृतानि च दुःखानि सहस्व निजकसमये
न खलु जीवाऽपि अजीवः कृतपूर्वो वेदनादिभिः ।।५१८।।

**ગાથાર્થ :** નરક અને તિર્યંચ ગતિઓમાં અનંત પલ્યોપમ અને સાગરોપમ પસાર થયા પણ જેમાં અંતે સુખ મળવાનું છે એવા ધર્મ અનુષ્ઠાનમાં તુચ્છ માનસિક દુઃખથી શું ? (૫૧૭)

અને પૂર્વે સ્વયં આચરેલા પાપો પોતાના ઉદય કાળે ઉદયમાં આવ્યા છે તેને સમભાવથી સહન કર, વેદનાદિ કર્મોથી જીવ ક્યારેય અજીવ કરાયો નથી. (૫૧૮)

**रोगपीडाद्यापज्जनिते मानसे दुःखे समुत्पन्ने कोऽपि ज्ञानी एवं विभावयन्नात्मानमनुशास्ति, तद्यथा – हे जीव ! भवतः पूर्वं संसारसागरे परिभ्रमतो नारकतिर्यङ्नरामरेषु दुःखितस्यानन्तानि पल्योपमसागरोपमाणि गतानि, किं पुनर्जिनधर्माचरणप्रभावानुमितसुखावसानं तुच्छं च अल्पकालभाव्येतन्मानसं दुःखं नापयास्यति ?, अपि त्वपयास्यत्येव, मा वैकल्यं भजस्वेति भावयन् ज्ञानी तेन दुःखेन न बाध्यते । अपरामपि तद्भावनामाह – 'सकयाइं चे'त्यादि, तद्धेतुसमाचरणेन स्वयमेव पूर्वं कृतानि च दुःखानि निजसमये समुदीर्णानि सहस्व, महानिर्जराफलत्वात् सम्यक्सहनस्य, न च वेदनादिभिः आदिशब्दात् पराक्रोशदानादिभिः, जीवोऽप्यजीवः कृतपूर्वः कदाचनापि, यदा जीवः जीवत्वं वेदनादिभिः कथमपि न परित्यजति तदा किं वैकल्येनेति भाव ।। अथ केवलतीव्रमहारोगापज्जनितदुःखाधिसहनार्थं चतुर्थसनत्कुमारचक्रवर्त्युदाहरणगर्भां तद्भावनामाह –**

**ટીકાર્થ :** રોગ પીડાદિ આપત્તિમાં માનસિક દુઃખ ઉત્પન્ન થયે છતે કોઈક જ્ઞાની આ પ્રમાણે ભાવના કરતા આત્માને શીખામણ આપે છે. તે આ પ્રમાણે -

હે જીવ ! પૂર્વે સંસાર સાગરમાં નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવ ગતિઓમાં પરિભ્રમણ કરતા દુઃખો ભોગવતા એવા તારે અનંતા પલ્યોપમ અને સાગરોપમ પસાર થયા છે તો પછી જિનધર્મની આરાધનાથી ઉત્પન્ન થયેલ અનુમિત (પરિમિત અર્થાત્ જેનું અનુમાન થઈ શકે તેવું) અને સુખના અંતવાળું, તુચ્છ, અલ્પકાળ રહેનારું, એવું આ માનસિક દુઃખ શું દૂર નહીં થાય ? ઉલટું અવશ્ય દૂર થશે જ. તું જરા પણ વ્યાકુળ ન થા એમ ભાવના કરતો જ્ઞાની પણ તે દુઃખથી બાધિત થતો નથી.

જ્ઞાનીની બીજી પણ ભાવનાને કહે છે-

सकयाइं चेत्यादि પૂર્વે દુઃખના હેતુભૂત પાપોને આચરવાથી સ્વયં જ પૂર્વે કરેલા દુઃખો પોતાના કાળે ઉદયમાં આવ્યા છે તેથી તેને સમભાવે સહન કર કારણ કે સમભાવે સહન કરતા મહાનિર્જરા રૂપ ફળ પ્રાપ્ત થાય છે. વેદનાદિથી જીવ પણ ક્યારેય પૂર્વે અજીવ કરાયો નથી. વેદનાદિમાં જે આદિ શબ્દ છે તેનો અર્થ બીજાને આક્રોશ કરવો વગેરે ગ્રહણ કરવું. જ્યારે જીવ વેદનાદિથી ક્યારેય જીવત્વને છોડતો નથી ત્યારે વ્યાકુળ થવાથી શું ? એમ કહેવાનો ભાવ છે.

હવે કેવળ તીવ્ર મહારોગથી ઉત્પન્ન થયેલા દુઃખને સારી રીતે સહન કરવા માટે ચોથા સનતકુમાર ચક્રવર્તીના ઉદાહરણના સારવાળી ભાવનાને કહે છે-

**तिव्वा रोगायंका सहिया जह चक्किणा चउत्थेणं ।**
**ते तुमं पि हु सहसु सुहं लहसि जमणंतं ।।५१९।।**

**तीव्रा रोगातंकाः सोढा यथा चक्रिणा चतुर्थेन**
**तथा जीव ! तान् त्वमपि खलु सहस्व सुखं लभसे यदनन्तम् ।।५१९।।**

**ગાથાર્થ :** જેમ ચોથા સનતકુમાર ચક્રવર્તીએ તીવ્ર રોગાતંકો સહન કર્યા તેમ હે જીવ ! તું પણ રોગાતંકને સહન કર જેથી અનંત સુખને મેળવશે. (૫૧૯)

**सुगमा । सनत्कुमारचक्रवर्त्युदाहरणं तूच्यते –**

સનતકુમાર ચક્રવર્તીનું ઉદાહરણ કહેવાય છે-

## સનતકુમાર ચક્રવર્તી

વિંધ્યારણ્યની જેમ પરમ પુરુષરૂપી હાથીઓનું જે જન્મ સ્થાન છે તે કુરુજનપદ દેશમાં પ્રસિદ્ધ હસ્તિનાપુર નામનું નગર છે. જેમ સમુદ્ર ચંદ્રની ઉત્પત્તિનું સ્થાન છે તેમ સ્થિર છતાં પણ ભમતો, ધવલ છતાં પણ રંજિત કરાયો છે સંપૂર્ણ લોક જેના વડે એવા યશપ્રભાવનું ઉત્પત્તિ સ્થાન જે છે તે અશ્વસેન હસ્તિનાપુરનો રાજા છે અને સહદેવી તેની પ્રિયા છે અને તે બેને ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત સનતકુમાર નામનો પુત્ર થયો અને તેને શૂર સામંતનો પુત્ર બાળપણથી સાથે ધૂળમાં રમનારો, સાથે મોટો થયેલો મહેન્દ્રસિંહ નામનો મિત્ર હતો. તેની સાથે કળાગ્રહણ કરે છે. હવે તે યુવાન થયો ત્યારે ક્યારેક વસંતકુમાર સર્વરિદ્ધિથી નગરના ઉદ્યાનમાં જાય છે. (૬) ક્રીડાનો અવસર સમાપ્ત થયો ત્યારે જલધિકલ્લોલ નામના ઘોડા પર આરૂઢ થયેલો કુમારોની સાથે જલધિકલ્લોલને વહાવતો હતો ત્યારે તે જલધિકલ્લોલ વડે હરણ કરાયો અને અડધી ક્ષણથી અદૃશ્ય થયો.

અશ્વસેન રાજાએ આ વ્યતિકરને જાણ્યો અને સૈન્યસહિત તેની પાછળ પડ્યો. પ્રચંડ પવનથી ઘોડાનું સર્વ પગેરું ભાંગ્યું. પછી મહેન્દ્રસિંહ રાજાનો આદેશ લઈ એકલો પણ સનતકુમારની પાછળ ગયો અને રાજા પાછો ફર્યો. (૧૦)

અને આ બાજુ અશ્વ સનતકુમારને આખો દિવસ વહન કરીને અટવીમાં લઈ ગયો. બીજા દિવસે મધ્યાહ્ને અતિશય થાકેલો ઘોડો જીહ્વાગ્ર બાહર કાઢીને ભુખ્યો તરસ્યો થયો. સર્વથા પણ થાકેલો વ્યાકુળ શરીરવાળો થયો. પછી જેટલામાં સનતકુમાર લગામ તથા પલ્લાણ ઉતારે છે તેટલામાં અકાર્યકારીની જેમ ઘોડો પ્રાણોથી મુકાયો એમ જાણીને તથા ત્યાં ક્યાંય પણ પાણીને નહીં મેળવતો અને દીર્ઘ માર્ગના શ્રમથી સનતકુમાર પણ ખિન્ન થયો. (૧૪)

અરણ્યના દાવાનળથી તથા દેહની સુકુમારતાથી અને મધ્યાહ્નનો સમય હોવાથી સાતપુડાના વૃક્ષની નીચે વ્યાકુળ શરીરવાળો આંખો મીંચીને પૃથ્વીપર પડ્યો. હવે તેના અભિનવ પુણ્યોદયથી તેજ વૃક્ષ પર વસતા યક્ષવડે હિમ જેવું શીતળ પાણી લાવીને સર્વાંગથી જ છંટાયો. પછી ભાનમાં આવેલો સનતકુમાર તે જળને પીએ છે અને સન્મુખ રહેલ યક્ષને જોઈને પૂછે છે કે હે મહાયશ ! તું કોણ છે ? અને આ પાણી ક્યાંથી લાવ્યો ? હું યક્ષ છું આ જ સાતપુડા વૃક્ષપર વસું છું અને માનસ સરોવરમાંથી આ પાણી લાવીને મેં તને આપ્યું છે. એ પ્રમાણે યક્ષે કહ્યું એટલે કુમારે કહ્યું કે માનસ સરોવરમાં સ્નાન કર્યા વિના આ મારો સંતાપ દૂર થતો નથી. પછી યક્ષ તેને કરસંપુટમાં લઈને માનસ સરોવરમાં લઈ ગયો. સ્વેચ્છાથી સ્નાન કરે છે અને ત્યાં જળપાન કરે છે. (૨૧)

અને પછી પૂર્વભવના વૈરી વૈતાઢ્ય પર્વતના વાસી અસિતાક્ષ નામના યક્ષે સનતકુમારને જોયો અને પછી તે ક્રોધે ભરાયો. તીક્ષ્ણ કાંકરાના સમૂહવાળો, ભંગાયા છે સેંકડો વૃક્ષોના ખંડો જેના વડે એવા પવનને વિકુર્વીને ધૂળથી આકાશને ઢાંકી દીધું. પછી અગ્નિ જેવી લાલ આંખવાળો, જેના મુખમાંથી અગ્નિની જ્વાળાનો સમૂહ નીકળી રહ્યો છે અને ખડખડાટ હસતા એવા ભયંકર રાક્ષસને વિકુર્વે છે. જેટલામાં તેનાથી ભય ન પામ્યો તેટલામાં યક્ષે આંખમાંથી નીકળતી જ્વાળાવાળા નાગપાશોથી તેને સર્વાંગે દૃઢ બાંધ્યો. લીલાથી જીર્ણ રજ્જુની જેમ તેણે નાગપાશોને પણ તોડી. પછી રાક્ષસના રૂપથી યક્ષ કુમારની સાથે ટકરાયો. હાથ પગના પ્રહારોથી પ્રહાર કરતા યક્ષને કુમારે નિષ્ઠુર મુઠ્ઠિઓના પ્રહારોથી ટુકડે-ટુકડા કર્યા. (૨૭)

હવે ગુસ્સે થયેલો તે રાક્ષસ લોહજડિત મુદ્દ્ગરથી કુમારને વક્ષ સ્થળ પર તાડન કરીને વધવા લાગ્યો. કુમારે ચંદનના મહાવૃક્ષને ઉખેડીને તેના સાથળ ઉપર ફટકાર્યો તેથી છેદાયેલા વૃક્ષની જેમ તે પૃથ્વીપર પડ્યો. હવે તેણે પર્વતને સારી રીતે ઊંચકીને કુમાર ઉપર ફેંક્યો. તેનાથી ઘણો પીડાયેલો કુમાર મૂર્ચ્છાથી અચેતન થયો. પછી યક્ષ ભાનમાં આવેલા કુમારની સાથે બાહુયુદ્ધથી લડવા લાગ્યો. પછી કુમારે વજ્રજેવી કઠીન મુઠ્ઠિઓના પ્રહારથી સેંકડો રેતીના કણીયા જેવો કર્યો. પણ નિરુપક્રમ આયુષ્યવાળો હોવાથી દેવ મર્યો નહીં. ફરી પણ લાતોના પ્રહારથી સર્વાંગે ઘણો પીડિત કરાયો. (૩૨) હવે વિરસ રડીને યક્ષ નાશી ગયો. પછી કૂતુહલથી આવેલા દેવો અને વિદ્યાધરોએ કુમાર ઉપર ફુલોની વૃષ્ટિ કરી. યક્ષ જીતાઈ ગયો એ પ્રમાણે ઘોષણા કરી પછી કુમાર દિવસના પાછલા ભાગમાં સરોવર પાસેથી ચાલ્યો. જેટલામાં થોડોક ભૂમિભાગ આગળ જાય છે તેટલામાં નંદન નામના વનમાં ભાનુવેગ વિદ્યાધરની આઠ પુત્રીઓને જુએ છે અને તે આઠ દિશાકુમારીઓ પણ તેને સરાગદૃષ્ટિથી જુએ છે. વિસ્મય પામેલો કુમાર પણ તેઓની નજીક જઈને એકને પૂછે છે કે હે ભદ્રે ! તમે કોણ છો ? અને આ શૂન્ય અરણ્યને કેમ અલંકૃત કર્યું છે ? તેઓએ કહ્યું કે હે

મહાયશ ! અહીંથી નજીકમાં અમારી પ્રિયસંગમા નામની નગરી છે અને ત્યાં તમે વિશ્રામ કરો ત્યાં તમે સર્વ પણ જાણશો એમ કહીને તેની સાથે તે ચાલ્યો. (૩૮)

કિંકરવડે બતાવાયેલ છે માર્ગ જેને એવો કુમાર તે નગરીના રાજાને ઘરે પહોંચ્યો. ભાનુવેગ વિદ્યાધરે તેનો ઘણો સત્કાર કર્યો અને રત્નના સિંહાસન ઉપર બેસાડીને કહ્યું કે હે મહાયશ ! મને પૂર્વે નૈમિત્તિકે કહ્યું છે કે જે અસિતાક્ષને જીતશે તે મારી આઠ કન્યાનો વર થશે તો તું હમણાં અહીં આવ્યો છે તેથી આઓનું પરિગ્રહણ કરીને અનુગ્રહ કર. વિદ્યાધરે એમ કહ્યા પછી તત્કાળ ઉચિત વિધિથી કુમાર આઠેય પણ કન્યાઓને પરણ્યો અને રમ્યવાસ ભવનમાં રાત્રીએ તેઓની સાથે દેવ જેવા ભોગો ભોગવીને સૂતો ને સવાર થઈ ત્યારે હાથમાં બાંધેલ કંકણને છોડીને બીજું કંઈપણ સ્ત્રીઓ, ખેચર, ઘર કે નગરને જોતો નથી. ફક્ત ભૂમિપર પોતાને જુએ છે પછી કુમાર વિચારે છે કે શું આ સ્વપ્ન છે ? કે ઇન્દ્રજાળ છે ? કે મારી બુદ્ધિનો મોહ છે ? અથવા મારે આ વિચારવાથી શું ? તેથી હું આગળ જાઉં. પછી થોડીક ભૂમિભાગ આગળ જાય છે તેટલામાં તે જ અરણ્યમાં એક પર્વતના શિખર ઉપર રહેલા મણિમય સ્તંભથી પ્રતિષ્ઠિત એક ભવનને જુએ છે અને વિચારે છે કે શું અહીં આ બીજું કંઈપણ ઇન્દ્રજાળ ઉપસ્થિત થયું છે ? અથવા તો હું તેને જોઉં અને જેટલામાં નજીક જાય છે તેટલામાં કરુણ સ્વરે રડતી એક સ્ત્રીને જુએ છે અને શબ્દ અનુસાર તે જ પ્રાસાદના છઠ્ઠે માળે ક્રમથી પહોંચ્યો. પછી નિશ્ચળથી કાન દઈને તે રડવાના શબ્દને સ્પષ્ટપણે સાંભળે છે (૪૯) તે આ પ્રમાણે-

હે કુરુવંશ રૂપી આકાશ તળમાં ચંદ્ર સમાન ! હે ગુણના નિલય ! સનતકુમાર ! વરકુમાર ! હવે બીજા પણ જન્મમાં તું જ શરણ થા. પોતાનું નામ સાંભળી શંકાવાળો થયેલો કુમાર એ પ્રમાણે દુ:ખ સહિત બોલતી, ફરીફરી રડતી તે કન્યાની પાસે સાતમી ભૂમિ પર ગયો. પછી ભયમુક્ત તે ધીર ત્યાં તે બાળાની પાસે જઈને કહે છે કે હે ભદ્રે ! અહીં તું કેમ રડે છે ? તને શું દુ:ખ છે ? અથવા તારે સનતકુમારની સાથે શું સંબંધ છે જેથી તું તેના શરણે ગઈ છો. પછી દીર્ઘ નિશ્વાસ નાખીને તે કુમારને જવાબ આપે છે કે એકમાત્ર મનોરથથી સનતકુમાર મારો ભર્તા છે. સાકેત પુરાધિપ સુરભિ રાજચંદ્રની યશોદેવીની પુત્રી એવી હું તેઓવડે તે શુભકને અપાઈ છું પણ તેની સાથે વિવાહ થયો નથી અને તેથી તેને પ્રત્યક્ષ જોયો નથી. એટલામાં એક ખેચરે મને હરીને અહીં અરણ્યમાં વિકુર્વેલા પ્રાસાદમાં મૂકી છે અને તે ખેચરાધમ પોતે હમણાં ક્યાંક ગયો છે એ પ્રમાણે જેટલામાં તે કહે છે તેટલામાં અશનિવેગનો વજ્રવેગ નામનો ખેચરપુત્ર ત્યાં આવ્યો અને તે કુમારને આકાશમાર્ગમાં ઊંચકે છે એટલે તે હાહારવ કરીને પૃથ્વીપર પડી. પછી વજ્ર જેવી કઠણ મુષ્ટિના પ્રહારોથી તે ખેચરને હણીને કુમાર ફરી ત્યાં મહેલમાં આવે છે. તે બાળાને આશ્વાસન આપીને અને પોતાના વૃત્તાંતને કહીને સુનંદા નામની તે બાળાને પરણે છે અને તે સ્ત્રી રત્ન થશે. (૬૦)

હવે વજ્રવેગ ખેચરની બહેન નામથી સંધ્યાવલી ત્યાં આવેલી પોતાના ભાઈને હણાયેલો જુએ છે. પ્રથમ ગાઢ કોપને પામેલી પછી ભાઈના વધ કરનારની તું સ્ત્રી થઈશ એવા નૈમિત્તિકના વચનને યાદ કરે છે. પછી વિવાહને માટે તે સનતકુમારની પાસે ઉપસ્થિત થાય છે. સુનંદાથી અનુજ્ઞા અપાયેલો કુમાર પણ તેને પરણે છે.

અને આ બાજુ હરિચંદ્ર ખેચર અને ચંદ્રસેન બંને કુમારની પાસે આવીને કહે છે કે અમે શ્રી ચંદ્રવેગ તથા શ્રી ભાનુવેગના પુત્રો રથ અને બખ્તર લઈને તમારી પાસે પોતાના પિતા વડે મોકલાયા છીએ. જણાયું છે પુત્રનું મરણ જેનાવડે એવો ખેચરપતિ અશનિવેગ લશ્કરના સમૂહ સાથે તમારી પર ચઢાઈ કરવા આવે છે

તેથી આ રથ સહિત બખ્તરને ગ્રહણ કરો. કુમાર પણ તેને ગ્રહણ કરે છે અને સંધ્યાવલીએ આપેલી પ્રજ્ઞપ્તિ વિદ્યાને ગ્રહણ કરે છે અને પોતાના સૈન્ય સાથે આવેલી શ્રી ચંદ્રવેગ અને શ્રી ભાનુવેગ ખેચરેન્દ્રો ત્યાં આવેલા અશનિવેગની સાથે યુદ્ધ કરવા લાગ્યા. પછી તેઓનું સૈન્ય ભાંગ્યું ત્યારે અશનિવેગની સાથે કુમારનું મહાયુદ્ધ શરૂ થયું પછી તેણે નાગાસ્ત્રને છોડ્યું.કુમારે ગરુડાસ્ત્રથી તેનું નિવારણ કર્યું. પછી કુમાર અગ્નિ અસ્ત્રને વરુણાવસ્ત્રથી નિવારે છે, પર્વતાસ્ત્રથી વાયુ-શસ્ત્રને નિવારે છે. (૭૦)

પછી કુમારે તેને ધનુર્યુદ્ધમાં જીતી લીધો અને ખડ્ગયુદ્ધમાં પણ જીતી લીધો. પછી બાહુયુદ્ધને ઇચ્છતા એવા તેના કુમારે હાથ છેદ્યા. પછી અશનિવેગના મસ્તકને કુમારે ચક્રથી કાપ્યું. તેની સર્વ રાજ્યલક્ષ્મી કુમારમાં સંક્રમણ થઈ. સુનંદા અને સંધ્યાવલીથી અભિનંદન કરાયેલો અને મહારિદ્ધિને પામેલો ખેચર સૈન્યની સાથે વૈતાઢ્ય પર જાય છે અને ત્યાં સર્વ રિદ્ધિથી સર્વ વિદ્યાધરોએ મળીને વિદ્યાધર ચક્રવર્તી પદે સ્થાપન કર્યો. (૭૪)

પછી અસ્ખલિત પ્રતાપવાળો દસે દિશામાં પ્રસરતો છે નિર્મળ યશનો સમૂહ જેનો, અનુરાગી બનીને નમતા સર્વખેચરોના મણિના મુકુટોથી સ્પર્શ કરાયું છે ચરણ જેનું એવો કુમાર અતિ મોટા સુખથી વિદ્યાધર અધિપપણાનું પાલન કરે છે. બીજા દિવસે ચંદ્રવેગ વિદ્યાધર વડે વિનંતિ કરાયો કે પૂર્વે નૈમિત્તિકે કહેલ છે કે મારા નાનાભાઈ ભાનુવેગની સાતપુત્રીઓ તથા મારી સો પુત્રીઓ તારી સ્ત્રીપણાને પામશે. પછી મારાવડે તે અટવીમાં ભાનુવેગની નજીક પ્રિયસંગમ નામની નગરી કરાવાઈ છે અને ત્યાં મારા ભાઈની આઠ પુત્રીઓ તમારી સાથે પરણાવાઈ છે અને કારણવશથી ત્યાં તેઓનો ત્યાગ કરાયો છે. અમે સ્વયં તમારી આ કહેલ કાર્યની સેવાવૃત્તિ કરીશું તેથી તમે હમણાં અવિનયની ક્ષમા કરો અને મોટી કૃપા કરીને મારી સો પુત્રીને પરણો. પછી સનતકુમાર મહાવિભૂતિથી તેઓને પરણે છે એ પ્રમાણે એકસો દશ સ્ત્રીઓની સાથે વિષયોમાંથી મળતા અસાધારણ સુખોને ભોગવતા કુમારવડે ત્યાં ક્યારેક આ પ્રમાણે આદેશ કરાયો કે આજે બધા ખેચરોએ અમારી સાથે માનસ સરોવરે ક્રીડાના હેતુથી આવવું. પછી સર્વ ખેચરો અને સમગ્ર અંત:પુરની સાથે કુમાર માનસ સરોવરે જ્યાં અસિતાક્ષ જિતાયો હતો ત્યાં ગયો અને તે સરોવરના કાંઠા ઉપર રમ્ય કદલીઘરોમાં મોટી વિભૂતિપૂર્વક ખેચરખેચરી જનથી આકીર્ણ એવી સભા રચાઈ અને ત્યાં નાટક આરંભાયું. (૮૫)

અને આ બાજુ બધા દેશોમાં તપાસ કરતા કરતા મહેન્દ્રસિંહ એક વરસે ત્યાં આવ્યો. કમલની ગંધને સૂંઘે છે અને સારસપક્ષીના અવાજને સાંભળે છે પછી આ ગંધના અનુસારથી જેટલામાં થોડું ચાલે છે તેટલામાં વીણા-વેણુના અવાજથી શુભ એવા ગીતને સાંભળે છે અને ક્રમથી ખેચર લોકની વચ્ચે રહેલો અને તરુણી જનથી સહિત સનત કુમારને જુએ છે. (૮૮) પછી નવા વાદળના સમૂહને જોઈને મોરની જેમ વિકસિત પ્રમોદવાળો જેટલામાં સંશયથી જુએ છે તેટલામાં ત્યાં બંદીજને ગાયું કે-

હે અશ્વસેનના કુળ રૂપ આકાશમાં ચંદ્રસમાન ! કુરુવંશ રૂપી ભવનના આધારભૂત સ્તંભ સમાન ! જય પામો. હે ત્રણ જગતના નાથ ! હે સનતકુમાર ! જય પામો, હે પ્રતિષ્ઠિત મહિમાવાન્ ! જય પામો. એ પ્રમાણે બંદીજનની સ્તુતિને સાંભળીને થયો છે નિશ્ચય જેને એવો હર્ષિત હૃદયવાળો મહેન્દ્રકુમાર જેટલામાં આગળ જાય છે તેટલામાં સનતુકમારે તેને જોયો અને ઊભો થઈ તેની નજીક ગયો. હર્ષથી પુલકિત અંગવાળા, આનંદના આંસુથી ભીની થયેલ આંખવાળા સનતકુમારે મહેન્દ્રકુમારને ગાઢ આલિંગન કર્યું. પછી મહેન્દ્રસિંહે પ્રણામ કર્યો અને સનતકુમારે આંખમાંથી ઝરતા આંસુના જળને લુછ્યા. પછી બંને સાથે

બેઠા. સનતકુમારે મહેન્દ્રસિંહને પુછયું કે આ ભયંકર અરણ્યમાં તું કેવી રીતે આવ્યો ? અથવા હું અહીં છું એમ તેં કેવી રીતે જાણ્યું ? પરિજન સહિત તાતને, માતાને કુશળ છે ને ? ઇત્યાદિ સનતકુમારે પુછયું ત્યારે મહેન્દ્રસિંહ સર્વ યથાહકીકત કહીને સનતકુમારને અશ્વના અપહાર પછીના વૃત્તાંતને પૂછે છે. પરણેલી સો વિદ્યાધર કન્યાઓમાંથી વિમલમતિ નામની સ્ત્રીને તે હકીકત કહેવા માટે આદેશ કરીને કુમાર રતિઘરમાં જઈને સૂતો. પ્રજ્ઞપ્તિ વિદ્યાથી સર્વ પણ વૃત્તાંતને જાણીને વિમલમતિએ મહેન્દ્રસિંહને તે બંને મળ્યા ત્યાં સુધીની હકીકત કહી. હવે સર્વવૃત્તાંતને સાંભળીને હર્ષિત થયેલો મહેન્દ્રસિંહ દેવીને (વિમલમતિને) પૂછે છે કે સનતકુમારનો અસિતાક્ષ વૈરી કેવી રીતે થયો ? હે દેવી ! તું મને કહે. હવે તે પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણીને આ હકીકતને પણ કહે છે. (૯૯)

આ ભરતક્ષેત્રમાં કંચનપુર નામનું નગર છે અને વિક્રમયશ નામનો રાજા છે. સ્ત્રીઓની લોલુપતાથી રૂપથી અધિક-અધિક સરસાઈ પામતી પાંચસો અંતેપુરીઓને કરી. તે નગરમાં નાગદત્ત નામનો સાર્થવાહ છે. નયન અને મનમોહક રૂપાદિ ગુણોથી અમરસુંદરી કરતા પણ અધિક એવી વિષ્ણુશ્રી નામની તેની પ્રિયા છે. કામાતુર વિક્રમયશ રાજાએ તેને જોઈ અને અંતઃપુરમાં નાખી. રાજ્યકાર્યનો ત્યાગ કરીને, બાકીના સ્ત્રીવર્ગનો તિરસ્કાર કરીને, લોકાપવાદને નહીં ગણીને તે રાજા હંમેશા તેની સાથે ભોગ ભોગવે છે. (૧૦૪) પોતાની પ્રિયાના વિયોગથી નાગદત્ત પણ ઉન્મત્ત થયો. હે પ્રિયતમા ! તું ક્યાં ગઈ છે ? હે ચંદ્રમુખી ! હે પુષ્ટ ગોળ સ્તનવાળી ! એ પ્રમાણે પ્રલાપ કરતો નગરમાં ભમે છે.

અને કોઈક વખત રાજાની બીજી સ્ત્રીઓએ કામણ કરીને વિષ્ણુશ્રીને મારી. તેના મરણના શોકમાં નાગદત્તની જેમ ઉન્મત્ત થયેલો રાજા પણ શોક, આક્રંદ અને વિલાપ કરે છે. અને મૂઢ રાજા તેના અગ્નિ દાહને કરવા દેતો નથી. હવે મંત્રીઓએ રાજાને ઠગીને કોઈપણ રીતે તે સ્મશાનમાં લઈ જઈ છોડી દીધી. પછી તેને નહીં જોઈને રાજા સ્વયં ભક્તપાનને છોડીને ગાઢતર પ્રલાપ કરવા લાગ્યો અને રાજાને ઉન્મત્ત થયેલો જોઈને તથા વિષ્ણુશ્રીને નહીં જોઈને રાજા મરશે એવો નિશ્ચય કરીને મંત્રીવર્ગ ગળતો છે ઘણો પરુ અને લોહીનો સમૂહ જેમાંથી, કાગડાઓ વડે ખેંચાયેલી છે આંખો જેની, સર્વત્ર પણ સળવળતો છે કૃમિઓનો સમૂહ જેમાં, તીક્ષ્ણ પક્ષીઓના ચાંચના પ્રહારથી કરાયો છે ક્ષતોનો સમૂહ જેમાં, દુર્ગંધથી બિભત્સ એવા વિષ્ણુશ્રીના કલેવરની પાસે રાજાને લઈ જઈને બતાવ્યું. રાજા હૈયામાં તત્કાળ ખેદ પામ્યો અને પોતાને ઘણો નિંદે છે. (૧૧૨) રે જીવ ! જેને માટે લજ્જા છોડીને જાતિ-કુળ-શીયળાદિને ન ગણ્યું. ચંદ્ર જેવા ઉજ્જવળ યશના સમૂહને મલિન કર્યો. સકલજનને શોચનીય એવી તે મૃગાક્ષીના શરીરની આવી પરિણતિ થઈ કે જે જોવા માટે પણ શક્ય નથી એમ વૈરાગ્યને પામેલો રાજા તૃણની જેમ રાજ્યલક્ષ્મીને છોડીને સુવ્રત આચાર્યની પાસે વિધિપૂર્વક દીક્ષાને સ્વીકારે છે. પછી તે ભવમાં છટ્ઠ-અટ્ઠમ-દશમ-દ્વાદશાદિ તપ કરીને વિધિથી અનશન કરીને ત્રીજા સનતકુમાર દેવલોકમાં દેવ થયો. (૧૧૬)

અને ત્યાંથી ચ્યવીને રત્નપુર નગરમાં જિનવચનથી ભાવિત કરાયો છે આત્મા જેનો એવો જિનધર્મ નામે શ્રેષ્ઠી પુત્ર થયો. નાગદત્ત શ્રેષ્ઠી પણ પ્રિયાના વિરહમાં આર્ત્તધ્યાનને પામેલો મરીને તિર્યંચોમાં ભમીને સિંહપુર નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ પુત્ર થયો. ત્રિદંડીનો વેશ લઈને ક્યારેક દેશોમાં ભમતો તે રત્નપુર નગરમાં આવ્યો અને બે બે મહિનાના ઉપવાસ કરીને પારણું કરે છે. ત્યાંનો લોક અને હરિવાહન રાજા તેનાથી આકર્ષાયા. ભગવાનનો ભક્ત એવો રાજા ત્યાં તે ત્રિદંડીને આવેલો જાણીને પારણા માટે તેને નિમંત્રણ કરે છે અને તે તેના ઘરે આવ્યો અને ભાગ્ય યોગથી કોઈક રીતે જિનધર્મ પણ રાજાપાસે આવ્યો

અને ભગવાને (ત્રિદંડીએ) પૂર્વભવના વૈરના વશથી તેને જોયો. ક્રોધથી આંખો લાલ કરીને ત્રિદંડીએ રાજાને કહ્યું કે આની પીઠ ઉપર રાખેલા થાળમાં ગરમ ખીરનું જો તું ભોજન કરાવે તો હું તારા ઘરે પારણું કરું નહીંતર નહીં. રાજા કહે છે કે બીજા કોઈના પીઠ પર થાળ મૂકીને ભોજન કરાવું. ત્રિદંડી તેવું ઇચ્છતો નથી. ત્રિદંડીના પૂર્વ જન્મના વૈરને કારણે અનુરક્ત થયેલા રાજાએ ત્રિદંડીના વચનને સ્વીકાર્યું અને તેને આદેશ કર્યો. પછી તેની પીઠ ઉપર અગ્નિથી તપાવેલ દૂધના થાળને મુકાવીને તુષ્ટ થયેલો ભગવાન ભોજન કરે છે. શ્રેષ્ઠી પણ પરમ ભાવને ભાવતો, શુભ એક મનવાળો ગરમ થાળની વેદનાને સમ્યક્ સહન કરે છે. પછી લોહી અને માંસની સહિત થાળ તેની પીઠ પરથી ઉપાડ્યો અર્થાત્ ગરમાગરમ થાળના કારણે તેના લોહી અને માંસ થાળમાં ચોંટી ગયા. (૧૨૭)

હવે જિનધર્મ ઘરે ગયો. સકલ પણ પરિજનને સન્માનીને તથા ખમાવીને, જિન ચૈત્યોની પૂજા કરીને, ગુરુની પાસે દીક્ષા લઈને પર્વતના શિખર પર જઈ અનશનને સ્વીકારીને પૂર્વ દિશા સન્મુખ પંદર દિવસ કાઉસ્સગ્ગમાં રહે છે: એ પ્રમાણે બાકીની દરેક દિશામાં પંદર પંદર દિવસ સુધી કાઉસ્સગ્ગમાં રહે છે. સર્વ મળીને બે માસનું અનશન કરે છે અને અનશન વખતે કાઉસ્સગ્ગમાં રહેલા તેની પીઠમાંથી ગીધ, કાગડાં, શિયાળાદિ માંસ અને લોહીનું નિર્દયપણે ભક્ષણ કરે છે. મારા પોતાના કરેલા આ કર્મને હું ભોગવું છું તેથી બીજાનો શો દોષ છે ? એમ મનમાં ભાવના કરતો તે મહાત્મા વેદનાને સમભાવે સહન કરે છે એ પ્રમાણે વેદનાને સહન કરીને પ્રવ્રજ્યાને આરાધીને, સમાધિને પામેલો સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર થયો. આભિયોગિક કર્મથી ત્રિદંડી મરીને તે જ દેવલોકમાં ઐરાવણ વાહનપણે ઉત્પન્ન થયો. આયુષ્યના ક્ષયથી ચ્યવીને ઇન્દ્ર હસ્તિનાપુર નગરમાં સનતકુમાર થયો અને ત્રિદંડીનો જીવ ફરી લાંબો સમય નરક તિર્યંચોમાં ભમી જે અસિતાક્ષ નામનો યક્ષ થયો. હે સુંદર ! આ રીતે તે આર્યપુત્રનો પૂર્વ જન્મનો વૈરી છે. એ પ્રમાણે વિમલમતિએ સનતકુમારના સકલ ચરિત્રને મહેન્દ્રસિંહને કહ્યા પછી સુખપૂર્વક સૂઈ ગયેલો સનતકુમાર રતિઘરમાંથી ઊઠે છે અને પરિજનની સાથે વૈતાઢ્ય પર્વત પર જાય છે અને ખેચર લોકથી સેવા કરાતો સુરોપમ ભોગોને ભોગવે છે. (૧૩૮)

હવે કોઈક વખતે મહેન્દ્રસિંહ અવસરે વિનવે છે કે હે કુમાર ! તારા વિરહમાં માતાપિતાનો કાળ કષ્ટથી પસાર થાય છે. તેથી અમારા પર પ્રસાદ કરીને જલદીથી હમણાં જવું જોઈએ. વિનંતિના વચન પછી તરત જ સર્વ ખેચર સૈન્ય અને સ્ત્રીઓથી યુક્ત અને મહેન્દ્રસિંહની સાથે માતાપિતાની સન્મુખ ચાલ્યો. ક્ષણાંતરે હસ્તિનાપુર પહોંચ્યો. માતાપિતા તથા સર્વ પ્રજા અધિક આનંદ પામી. હવે સામંત આદિથી યુક્ત અશ્વસેન રાજાએ સનતકુમારને રાજ્યપર સ્થાપન કર્યો અને મહેન્દ્રસિંહને સેનાપતિ કર્યો અને પોતે ધર્મનાથ તીર્થંકરના શાસનમાં તથાપ્રકારના સ્થવિરની પાસે દીક્ષા લઈને આત્માના હિતને સાધે છે. વિક્રમ અને નીતિથી રાજ્યનું પાલન કરતા સનતકુમારને ચક્ર વગેરે ચૌદ રત્નો ઉત્પન્ન થયા. ચક્રથી બતાવાતો છે માર્ગ જેને એવો તે માગધાદિ તીર્થના સાધવાના ક્રમથી ભરતક્ષેત્રને સાધીને એક હજાર વર્ષે હસ્તિનાપુરમાં પાછો ફર્યો. (૧૪૯)

આ બાજુ સૌધર્મ સુરપતિ અવધિજ્ઞાનથી કોઈક રીતે જાણે છે કે પૂર્વે આ મારા સ્થાને ઇન્દ્ર હતો. એક જ આસન ઉપર બેસવાની અપેક્ષાએ આ મારો ભાઈ હતો એમ નિશ્ચય કરીને વૈશ્રમણ દેવને આદેશ કરે છે કે તું જઈને સનતકુમારના રાજ્યાભિષેકના મહિમાને કર અને તેને છત્ર, મુકુટ, હાર, બે ચામર સહિત બે કુંડલ, પાદુકાનું યુગલ, શ્રેષ્ઠ વસ્ત્ર યુગલ પાદપીઠ સહિત સિંહાસન, વનમાળા અને બીજું પણ ભેટ આપ. (૧૫૦) અને તારે સંદેશો આપવો કે સૌધર્મપતિ તારી ખબર પૂછે છે આ વાતને સ્વીકારીને વૈશ્રમણ ત્યાં જાય

છે. રંભા અને તિલોતમા અને ગાંધર્વવિદ્યામાં કુશળ અને આતોદ્યને વગાડનાર એવા તુંબરુની સાથે ગાંધર્વપતિ ઇન્દ્રના વચનથી ત્યાં જાય છે અને ત્યાં વૈશ્રમણ શ્રીસનતકુમારને કહે છે કે તમારા રાજ્યભિષેકના કાર્ય માટે હું શક્રેન્દ્રવડે મોકલાયો છું. પછી તે યોજન પ્રમાણ મણિપીઠ કરે છે. પછી તેના ઉપર એક યોજન પ્રમાણ શ્વેતમંડપને વિકુર્વે છે અને તેના ઉપર (એટલે કે મણિપીઠ ઉપર) રત્નોથી નિર્મિત બીજી મણિપીઠિકા રચે છે અને મણિપીઠિકા ઉપર રત્નો અને મણિથી નિર્મિત સિંહાસન કરે છે અને તેના ઉપર સનતકુમારને બેસાડીને દેવોથી યુક્ત વૈશ્રમણ મણિ અને રત્નમય કળશો વડે ક્ષીરોદધિના જળથી અભિષેક કરે છે. જય જયારવ દુંદુભિના શબ્દથી ઉત્પન્ન કરાયો છે લોકમાં હર્ષ જેનાવડે એવો કુબેર સુરપતિ વડે મોકલાયેલ આભરણ અને શ્રેષ્ઠ વસ્ત્રોથી સનતકુમારને અલંકૃત કરે છે. (૧૫૦) અને હર્ષ સહિત નૃત્ય કરતી રંભાદિ અને ગાંધર્વ-અનીક વડે નાટક કરાયે છતે અતિમોટી રિદ્ધિ પૂર્વક ચક્રવર્તીનો નગરમાં પ્રવેશ કરાવ્યા પછી દેવોની સાથે વૈશ્રમણ સ્વસ્થાને જાય છે સનતકુમાર પણ ચક્રવર્તીપદનું પાલન કરે છે.

હવે કોઈ વખત સુરેન્દ્ર સૌદામણિ નાટકને જોતો હોય છે ત્યારે ઇશાન દેવલોકમાંથી સંગમ નામનો ઉત્તમ દેવ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્રની પાસે આવે છે. જેમ સૂર્યના બિંબના ઉદયથી બાકીના સર્વ ગ્રહો નિસ્તેજ થાય છે તેમ તે દેવના તેજથી સૌધર્મ દેવલોકના સર્વ પણ દેવો તેજ લક્ષ્મીથી પ્રભ્રષ્ટ થઈ નિસ્તેજ થયા. હવે તે દેવ ગયા પછી સર્વ દેવોએ ઇન્દ્રને પુછ્યું કે હે સ્વામિન્ ! આ સંગમદેવના આવા પ્રકારના તેજનું કારણ શું છે ? શક્રેન્દ્ર કહે છે કે પૂર્વભવમાં આનાવડે આયંબિલ વર્ધમાન નામનું ઉગ્રતપ કરાયું છે. અહીં આવા પ્રકારની તેજલક્ષ્મી શું બીજા કોઈને પણ છે ? આ પ્રમાણે પુછાયેલા શક્રેન્દ્રે કહ્યું કે સનતકુમારનું રૂપ દેવો કરતાં પણ અધિક છે. પછી તેની શ્રદ્ધા નહીં કરતા વિજય અને જયંત નામના બે દેવ જલદીથી બ્રાહ્મણનું રૂપ કરીને ત્યાં આવ્યા. પછી સુગંધી તેલોથી અભ્યંગન કરાયેલા સનતકુમારને જોયો તેના રૂપને જોઈને વિસ્મિત હૃદયવાળા વિચારે છે કે ઇન્દ્ર કહેલા રૂપ કરતા અધિક જ છે. પછી વિસ્મયપૂર્વક પરસ્પરના મુખને જોતા સનતકુમાર વડે પુછાયો કે હે ભદ્રો ! તમારે અહીં આવવાનું શું પ્રયોજન છે ? તેઓએ કહ્યું કે તમારું રૂપ ભુવનમાં અભ્યધિક છે એમ સાંભળીને અમે અહીં જોવા માટે આવ્યા છીએ. પોતાના રૂપથી ગર્વિત થયેલો રાજા આ પ્રમાણે વચન કહે છે- (૧૭૦)

જેટલામાં હું સ્નાન કરીને, શરીરને સુશોભિત કરીને રાજસભામાં બેસું તેટલી વાર તમો અહીં રહો. પણ હમણાં અભ્યંગિત કરાયેલા એવા મારા રૂપનો લેશ પણ આજે તમે જોયો નથી પછી તે બંને પણ દેવો બહાર ગયા અને કરાયો છે સ્નાન અને વિલેપન જેનાવડે, શ્રેષ્ઠ કરાયો છે શૃંગાર જેનાવડે એવો ચક્રી પણ સભામાં બેસીને તે બંને પણ બ્રાહ્મણોને બોલાવે છે. હવે તેઓ ચક્રીના શરીરને જોઈને વિસ્મિત થયેલા પરસ્પર જુએ છે અને સવિષાદમનવાળા દેવો બોલે છે કે મનુષ્યના લાવણ્ય-રૂપ-તનુયૌવન ક્ષણદષ્ટનષ્ટ સ્વરૂપવાળા છે. તેને સાંભળીને શ્રી ચક્રવર્તીએ આ પ્રમાણે કહ્યું કે અરે ! બ્રાહ્મણો તમે મનુષ્યના રૂપાદિને કેમ નિંદો છો ? પછી તેઓ કહે છે કે જન્મથી માંડીને અંતમાં છ માસ બાકી રહે ત્યાં સુધી દેવોનું રૂપ-તેજ-યૌવન વગેરે અવસ્થિત (સ્થિર) રહે છે અને તે રૂપાદિ મનુષ્યોને વિશે પ્રાય: મધ્યમવય સુધી સ્થિર રહે છે. પણ આ કંઈક આશ્ચર્ય છે જે અમારાવડે પણ જોવાયું છે કે તમારી જે રૂપ-યૌવનની શોભા હતી તે ક્ષણથી હમણાં નષ્ટ થઈ છે કારણ કે સ્નાનના આરંભના સમયથી માંડીને રોગના ઉદયથી તમારા શરીરના રૂપની સંપત્તિ નષ્ટ થઈ છે. (૧૭૯) પણ તમે આ કેવી રીતે જાણ્યું ? પછી તે બ્રાહ્મણો કહે છે કે શક્રેન્દ્રની પ્રશંસા સાંભળીને અમે દેવો અહીં આવ્યા. ઇત્યાદિ કહ્યા પછી જેટલામાં ચક્રવર્તીએ હારથી યુક્ત પોતાનું વક્ષસ્થળ અને અંગદથી

યુક્ત બાહુ યુગલને જોયું તો નિસ્તેજ દેખાયું. હવે જલ્દીથી નિર્વેદને પામેલો ચક્રવર્તી વિચારે છે કે અહો ! જુઓ ! આ સંસાર કેવો અસાર છે ? અને શરીરનું પણ ભંગુરપણું જુઓ ! જે આટલા માત્ર પણ કાળથી રોગોથી એકી સાથે પીડિત કરાયું. લોક જે શરીરને માટે આવા પાપો સેવે છે તે શરીરનો પરિણામ અડધી ક્ષણથી આવો થાય છે તે જુઓ. તેથી નક્કી આ રાગ અસ્થાને જ છે. યૌવનાદિને વિશે જીવોનું આ પણ અભિમાન છે તે મૂર્ખપણું છે. ખરેખર ! સર્વ જીવોનો અસદ્ગ્રહ એ જ પરિગ્રહ છે શરીરના અનિત્યત્વમાં ભોગનું આસેવન પણ ઉન્માદ છે. ઇત્યાદિ વિચારીને વૈરાગ્યને પામેલો ચક્રી રાજ્યનો ભાર પુત્રને સોંપવાને પ્રવૃત્ત થયો ત્યારે સામંત અને મંત્રીઓએ કહ્યું કે હે દેવ ! આ રાજ્યલક્ષ્મીનો ભોગવટો કરો પાછળની વયમાં વ્રતને ગ્રહણ કરવું. હમણાં તો તમારે તે દુષ્કર છે. રોગ પણ દેહનો ધર્મ છે તે લોકમાં સાધારણ જ છે તેના સંપૂર્ણ ઉપાયો ઔષધાદિ કરવા યોગ્ય છે પણ રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરવો યોગ્ય નથી. એ પ્રમાણે બોલતા સામંતાદિને ચક્રવર્તીએ કહ્યું કે શરીરની આવી સ્થિતિ હોવા છતાં શું આજે પણ રાજ્યલક્ષ્મી ભોગવવા યોગ્ય છે ? આ પ્રમાણે જ્યાં બળવાન રોગ-જરા અને મૃત્યુ વિલસી રહ્યા છે ત્યાં પણ શું કોઈ નિયમ છે ? પૂર્વે નરકાદિ ભવોમાં અનંત લાખ દુઃખો પ્રાપ્ત કરાયા છે. હંમેશા પણ દુઃખી થતા જીવોને વ્રતની દુષ્કરતા પણ કઈ છે ? (૧૯૨) અને રોગોનો પ્રતિકાર ઔષધાદિ છે તે વાત સાચી જ છે પરંતુ વિમૂઢ જીવો અનેકાંતિક* ઔષધને કરે છે તથા અનાત્યાંતિક** ઔષધને કરે છે પણ ધર્મ જ રોગાદિનો પ્રતિકાર છે એમ તેઓ જાણતા નથી કારણ કે કહેવાયું છે કે સર્વાદરથી શરીરના એવા તે કોઈપણ તીવ્ર-ઔષધને કરો કે જેથી જરા-મરણ-વ્યાધિ ફરી પણ દેહમાં ન થાય અને બાકીના ઔષધોથી રોગો નાશ પામતા જ નથી અથવા જો ચાલ્યા ગયા હોય તો પણ સ્વકર્મના ઉદયથી ફરી પણ થાય છે. (૧૯૬) અને બીજું શરીરને માટે પૂર્વે વિવિધ પ્રકારના પાપો કરાયા છે તો પણ આ દેહનો આવા પ્રકારનો જ પરિણામ થયો છે. સરજસ્ (પાપ કર્મથી સહિત) એવો પણ હું ફરી પણ સાવદ્ય ઔષધોથી શરીરના કાર્યમાં બીજા પાપો હમણાં શા માટે કરું ? તેથી જે મારો હિતૈષી હોય તેણે ધીરપુરુષોએ આચરેલા માર્ગને અનુસરતા એવા મને ક્ષણ પણ વિઘ્ન ન કરવો. એ પ્રમાણે અમાત્ય સામંત વગેરે પરિવારને નિરુત્તર કરીને પુત્રને રાજ્ય પર સ્થાપીને, વસ્ત્ર પર લાગેલા તણખલાની જેમ સર્વ પણ ચક્રવર્તીની લક્ષ્મીને છોડીને મેરુપર્વતની જેમ સ્થિર સ્વભાવવાળો તે રાધ આચાર્યની પાસે દીક્ષા લે છે. (૨૦૧) હે ધીર ! જગપ્રસિદ્ધ શ્રી ભરત ચક્રવર્તી વગેરે પોતાના પૂર્વપુરુષોનો આચરિત માર્ગ તારા વડે અનુસરાયો છે અને સર્વલોક સ્વ-પર દેહ, વિભવ અને સ્વજનોને વિશે લાખો અકાર્યોને જુએ છે તો પણ તારાવડે જે આચરાયું છે તેને આચરતો નથી. ઇત્યાદિ પ્રકારોથી તુષ્ટમનવાળા તે દેવો સનતકુમાર મુનિની ઉપબૃંહણા કરીને દેવલોકમાં જાય છે. (૨૦૪)

હવે મંત્રી, સામંતો, રાજાઓ, હાથી, ઘોડા,રથ, સુભટો, સમગ્ર અંતઃપુર, નવનિધિઓ અને આભિયોગિક દેવો અને બીજો પણ પરિવાર દીન વચનોથી વિલાપ કરતો સનતકુમારની પાછળ છ માસ સુધી ભમ્યો. સિંહાવલોકનથી*** પણ તેણે ક્યારેય પરિવારને ન જોયો. તેના નિસ્પૃહપણાનો નિશ્ચય કરીને પરિવાર પાછો ફર્યો. રાજર્ષિએ પણ પ્રથમ છઠ્ઠભક્ત તપ કર્યો. પારણામાં ચીણાકૂર**** મળ્યું અને બકરીની છાશ સાથે

* અનેકાંતિક ઔષધ-જે ઔષધથી રોગનો નાશ થાય જ એવો નિયમ નથી

** અનાત્યંતિક ઔષધ- જે ઔષધથી રોગ નાશ થયો હોય પછી ફરી રોગ ન જ થાય એવો નિયમ નથી.

*** સિંહાવલોકન : જંગલમાં લક્ષ્ય તરફ દૃષ્ટિ કરીને ચાલતો નિર્ભય, સમર્થએવો સિંહ પણ થોડી થોડી વારે પાછળ (અલક્ષ્ય) તરફ દૃષ્ટિ કરતો રહે છે ત્યારે આ ચક્રવર્તી લક્ષ્ય (સંયમ) વિશે એવો સ્થિર થયો છે કે અલક્ષ્ય (પરિવારના સંસારની ચિંતા) તરફ દૃષ્ટિપાત કરતો નથી. અર્થાત્ ચક્રવર્તીની સમર્થતા સિંહ કરતા શ્રેષ્ઠ છે.

**** ચીણાકૂર - ધાન્ય વિશેષ.

ભોજન કર્યું. ફરી પણ છઠ્ઠનો તપ કર્યો. એ પ્રમાણે ઉગ્ર તપને કરતા અનુચિત આહારથી આ સાત રોગો પ્રગટ થયા. (૧) કંડૂ, અરુચી, આંખ અને કુક્ષિમાં તીવ્ર વેદના, ખાંસી, શ્વાસ અને જ્વર. આ સાત રોગોને સાતસો વરસ સુધી સહન કર્યા અને ઉગ્ર તપને કરતાં વિશુદ્ધ ભાવવાળા આ ધીરને મોટા પ્રભાવવાળી આમર્ષ ઔષધિ, વિપ્રુડૌષધિ, શ્લેશ્મૌષધિ, જલ્લૌષધિ, અને સર્વૌષધિ પ્રમુખ સાત લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. પ્રચંડ રોગોથી તેવી રીતે પીડાતો હોવા છતાં પણ તે ધીર સમભાવે સહન કરે છે પણ ઉપચારો કરતો નથી. (૨૧૩)

હવે ઘણાં બહુમાનથી ઉત્પન્ન થયો છે ઉત્કર્ષ જેને એવો ઇન્દ્ર સકળ દેવસભામાં ફરી પણ તે જ મહર્ષિની પ્રશંસા કરે છે. રોગોથી આટલો પીડાયેલો હોવા છતાં તેના નિગ્રહમાં સમર્થ હોવા છતાં આ ધીર જે રીતે સહન કરે છે તેવું બીજા કોણ સહન કરે ? એ પ્રમાણે સાંભળીને તેની શ્રદ્ધા નહીં થવાથી તે જ દેવો અહીં આવે છે. પછી સબરવૈદ્યનું રૂપ કરીને તેઓ સનતકુમાર રાજર્ષિને કહે છે કે તમારી ચિકિત્સા કરીને અમે તમારા રોગોને મટાળીશું. મુનિ પણ મૌન રહે છે ત્યારે તેઓ ફરી કહે છે એમ ફરી ફરી તેઓએ ઘણીવાર કહ્યું ત્યારે મુનિ કહે છે કે બહિરંગ અને અંતરંગના ભેદથી વ્યાધિ બે પ્રકારનો છે. પ્રથમનો જ્વર, ખાંસી આદિ બહિરંગ રોગ છે અને બીજો કર્મવ્યાધિ અંતરંગ રોગ છે. પ્રથમ પ્રકારના રોગનો નિગ્રહ કરવામાં હું પણ સમર્થ છું. બીજા પ્રકારના રોગનો નિગ્રહ કરવા જો તમારું સામર્થ્ય હોય તો તેને નાશ કરો. પછી તેઓ મુનિને કહે છે કે બહિરંગ રોગને દૂર કરવાનું તમારું પોતાનું જ સામર્થ્ય છે એની શી ખાતરી ? પછી મુનિ સ્વહસ્તથી એક હાથની આંગડીને સ્પર્શ કરે છે અને તે આંગળી સુવર્ણકાંતિવાળી થઈ અને કહે છે કે મારું બાકીનું સંપૂર્ણ શરીર પણ આવું કરી શકું છું પરંતુ અન્ય સમયે પણ સ્વકર્મો ભોગવવાના છે અને તે કર્મો જો હમણાં ભોગવાતા હોય તો શું અયુક્ત છે ? આથી હું રોગોની વેદનાને સમ્યક્ સહન કરું છું. તેથી જો કર્મવ્યાધિનો નિગ્રહ કરવા તમારું સામર્થ્ય હોય તો તે કરો, બહિરંગ વ્યાધિના નિગ્રહ કરવામાં હું પોતે સમર્થ છું. (૨૨૪)

હવે મુનિવડે કરાયેલ સુવર્ણ જેવી આંગળીને જોઈને તથા મુનિના વચનો સાંભળીને ખુશ થયેલા બંને પણ દેવો નમીને કહે છે કે હે મુનિમૃગેન્દ્ર ! તમે ધન્ય છો જે સ્વયં રોગના નિગ્રહમાં સમર્થ છતાં પણ હંમેશા જ પણ રોગની વેદનાને આ પ્રમાણે સમ્યક્ સહન કરો છો. તમારી પ્રશંસામાં સદા રત છે તે શકેન્દ્ર પણ પ્રશંસનીય છે. હે પ્રભુ ! અપુણ્યશાળીઓ તમારા ગુણોની શ્રદ્ધા કરી શકતા નથી. (૨૨૭)

એ પ્રમાણે મુનિની સ્તવના કરીને તથા શકેન્દ્રની પ્રશંસાદિના સમગ્ર વ્યતિકરને કહીને દેવો પોતાના સ્થાને જાય છે. શ્રી સનતકુમાર ચક્રવર્તી સાધુ પણ કુમાર ભાવમાં પચાસ હજાર વર્ષ રહીને તથા પચાસ હજાર વર્ષ માંડલિક પદને પાળીને તથા એકલાખ વર્ષ ચક્રવર્તી પદ પર રહીને અને એક લાખ વર્ષ ચારિત્રનું પાલન કરીને, સમ્મેત શિખર પર્વતપર જઈને, પર્યંત સમયે એક માસનું અનશન કરીને સમાધિયોગથી કાળ કરીને દેવલોકમાં દેવ થયા અને દેવ આયુ ક્ષયે ત્યાંથી ચ્યવીને કર્મરૂપી કવચને દૂર કરીને આ મુનિમૃગેન્દ્ર મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

**अपरमपि ज्ञानिनो यत् कुर्वन्ति तद्दर्शयति –**

જ્ઞાનીઓ બીજું પણ જે આચરે છે તેને બતાવે છે-

**जे केइ जण ठाणा उईरणाकारणं कसायाणं ।**

**ते सयमवि वज्जंता सुहिणो धीरा चरंति महिं ।।५२०।।**

**यानि कानिचित् जगति स्थानान्युदीरणाकारणं कषायाणां**

**तानि स्वयमेव वर्जयन्तः सुखिनो धीराः चरन्ति महीं ।।५२०।।**

**ગાથાર્થ :** જગતમાં કષાયોની ઉદીરણાને કરનારા જે કોઈ સ્થાનો છે તેને સ્વયં છોડતા સુખી ધીર પુરુષો પૃથ્વી પર વિચરે છે. (૫૨૦)

**धिया-सम्यग्ज्ञानलक्षणया राजन्त इति धीराः ज्ञानिनः सुखिनो महीं चरन्ति-पर्यटन्ति, किं कुर्वन्त इत्याह-स्वयमपि ज्ञानेन विज्ञाय तानि वर्जयन्तः-परिहरन्तः, कानीत्याह-जगति यानि कानिचित् स्थानानि, कथंभूतानीत्याह-उदीरणाकारणं-उद्दीपनभूतानि, केषामित्याह-कषायाणाम्-क्रोधादीनाम्, इदमुक्तं भवति ज्ञानिनः स्वयमपि ज्ञात्वा सर्वाण्यपि कषायोदीरणास्थानानि वर्जयन्ति, तद्वर्जनेन च कषायाः सर्वथैव नोदीर्यन्ते, कषायाभावे चामृतसिक्ता इव सुखिनस्ते पृथिव्यां पर्यटन्तीति ।। अपरमपि ज्ञानिनः किं कुर्वन्तीत्याह –**

ધીરા એટલે સમ્યગ્જ્ઞાનના લક્ષણથી જે શોભે છે તે ધીર અર્થાત્ જ્ઞાનીઓ. તેથી સુખી થયેલા ધીરો પૃથ્વીતળ પર વિચરે છે. શું કરતા વિચરે છે ? જગતમાં જેટલા કષાયના સ્થાનો છે તેને જ્ઞાનથી જાણીને છોડતા વિચરે છે. તે સ્થાનો કેવા છે ? તે સ્થાનો ક્રોધાદિ કષાયોની ઉદીરણા કરવામાં કારણભૂત છે. કહેવાનો ભાવ એ છે કે જ્ઞાનીઓ સર્વ પણ કષાયોના ઉદીરણા સ્થાનોને જાણીને સ્વયં પણ છોડે છે અને તે સ્થાનોના ત્યાગથી કષાયો સર્વથા જ ઉદીરણા પામતા નથી અને કષાયના અભાવમાં અમૃતથી સિંચાયેલની જેમ સુખી થયેલા તે પૃથ્વીપર વિચરે છે. બીજું પણ જ્ઞાનીઓ શું કરે છે. તેને કહે છે-

**हियनिस्सेयसकरणं कल्लाणसुहावहं भवतरंडं ।**

**सेवंति गुरुं धन्ना इच्छंता नाणचरणाइं ।।५२१।।**

**हितःनिश्रेयसकारणं कल्याणसुखावहं भवतरंडं**

**सेवन्ते गुरुं धन्याः इच्छंतः ज्ञानचरणानि ।।५२१।।**

**ગાથાર્થ :** જ્ઞાન અને ચારિત્રને ઇચ્છતા એવા પુરુષો હિત અને કલ્યાણને કરનાર, મોક્ષસુખને આપનાર, સંસારમાંથી તારવા નાવ સમાન એવા ગુરુને સેવે છે તે ધન્ય છે. (૫૨૧)

**सुगमा । नवरं ज्ञानिनोऽपि विशिष्टतरं ज्ञानमिच्छन्तो गुरुं सेवन्त एवेति मंतव्यमिति । अपरमपि ज्ञानिनो यदनुतिष्ठन्ति तदाह –**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. પરંતુ જ્ઞાનીઓ પણ વિશિષ્ટતર જ્ઞાનને ઇચ્છતા ગુરુને સેવે છે જ એમ કહેવાનો ભાવ છે.

અને બીજું પણ જ્ઞાનીઓ જે આચરે છે તેને કહે છે-

**मुहकडुयाइं अंते सुहाइं गुरुभासियाइं सीसेहिं ।**

**सहियव्वाइं सया वि हु आयहियं मग्गमाणेहिं ।।५२२।।**

**इय भाविऊण विणयं कुणंति इह परभवे य सुहजणयं ।**

**जेण कएणऽन्नोऽवि हु भूसिज्जइ गुणगणो सयलो ।।५२३।।**

**मुखकटुकानि अंते सुखानि गुरुभाषितानि शिष्यैः**

**क्षन्तव्यानि सदाऽपि खलु आत्महितं मृगयमानैः ।।५२२।।**

**इति भावयित्वा विनयं कुर्वन्ति इहपरभवे च सुखजनकं**

**येन कृतेनान्योऽपि खलु भूष्यते गुणगणः सकलः ।।५२३।।**

**ગાથાર્થ :** હંમેશા પણ આત્મહિતને ઇચ્છતા એવા શિષ્યોએ મુખમાં કડવા અને અંતે સુખને આપનારા ગુરુના વચનો સહન કરવા જોઈએ. (૫૨૨)

એ પ્રમાણે ભાવના કરીને આભવ અને પરભવમાં સુખ આપનાર એવા વિનયને જેઓ કરે છે તે વિનયને કરવાથી બીજો પણ સર્વ ગુણગણ શોભાયમાન થાય છે. (૫૨૩)

**मुखकटुकानीत्यादि भावयित्वा इह परत्रापि च सर्वसुखजनकं विनयं गुर्वादीनां सम्यक्कुर्वन्ति ज्ञानिनो, येन विनयेन कृतेनान्योऽपि ज्ञानादिगुणगणः समस्तोऽपि भूष्यत इति ।**

**अथ समस्तस्यापि पूर्वोक्तग्रन्थस्य फलमुपदर्शयन्नाह –**

**ટીકાર્થ :** ગુરુના વચનો શરૂઆતમાં કડવા લાગે છે છતાં આલોક અને પરલોકમાં સર્વસુખને ઉત્પન્ન કરનારા હોવાથી જ્ઞાનીઓ ગુર્વાદિનો સમ્યગ્ વિનય કરે છે. જે વિનય કરવાથી અન્ય પણ સમસ્ત પણ જ્ઞાનાદિ ગુણ શોભાયમાન થાય છે.

હવે પૂર્વે કહેવાયેલ સમ્યગ્, ગ્રંથના ફળને બતાવતા કહે છે-

**एवं कए य पुव्वुत्तझाणजलणेण कम्मवणगहणं ।**

**दहिऊण जंति सिद्धिं अजरं अमरं अणंतसुहं ।।५२४।।**

**एवं कृते च पूर्वोक्तध्यानज्वलनेन कर्मवनगहनं**

**दग्ध्वा यान्ति सिद्धिं अजराममरामनन्तसुखाम् ।।५२४।।**

**ગાથાર્થ :** અને એ પ્રમાણે કરાયે છતે પૂર્વોક્ત ધ્યાન રૂપી અગ્નિથી કર્મરૂપી ગહન વનને બાળીને જીવો અજર, અમર, અનંત સુખવાળા સિદ્ધિ સ્થાનને પામે છે. (૫૨૪)

**एवं च ज्ञानिभिस्तनुस्वजनविभवपुत्रकलत्रादिषु ममत्वस्नेहादिवर्जने कृते रोगादिवेदनाऽधिसहने वाऽनुष्ठिते गुर्वादिषु च विनयेनाऽऽराधितेषु पूर्वोक्तं द्वादशभावनात्मकं यद् विशुद्धं धर्म्मध्यानं तदेव ज्वलनस्तेन समग्रमपि कर्म्मवनगहनं दग्ध्वा ते ज्ञानिनः सिद्धिं यान्ति, कथम्भूतां ? – जरामरणवर्जितामनन्तसौख्यां चेति गाथार्थः ।।**

**अथ प्रस्तुतप्रकरणकर्त्ता स्वकीयनामोपदर्शनपूर्वकमेतत्प्रकरणपठनश्रवणादिफलमभिधित्सुराह –**

**ટીકાર્થ :** અને એ પ્રમાણે શરીર-સ્વજન-વિભવ-પુત્ર-સ્ત્રી આદિના મમત્વ-સ્નેહાદિ છોડીને રોગાદિ વેદનાને સહન કરીને ગુરુઆદિની વિનયથી આરાધના કરીને પૂર્વોક્ત બાર ભાવના સ્વરૂપ વિશુદ્ધ ધર્મધ્યાન કરીને અને તે જ ધર્મધ્યાન રૂપી અગ્નિથી સંપૂર્ણ પણ કર્મરૂપી ગહન વનને બાળીને જ્ઞાનીઓ સિદ્ધિ ગતિમાં જાય છે. તે સિદ્ધિ કેવી છે ? તે સિદ્ધિ જરા મરણથી રહિત અનંત સુખમય છે. એમ ગાથાનો ભાવ છે. હવે પ્રસ્તુત પ્રકરણના કર્તા પોતાનું નામ જણાવવાપૂર્વક આ પ્રકરણના પઠન-શ્રવણાદિના ફલને કહેવાની ઇચ્છાવાળા કહે છે-

**हेमंतमयणचंदणदणसूररिणाइवन्ननामेहिं ।**
**सिरिअभयसूरिसीसेहिं रइयं भवभावणं एयं ।।५२५।।**
**जो पढइ सुत्तओ सुणइ अत्थओ भावए य अणुसमयं ।**
**सो भवनिव्वेयगओ पडिवज्जइ परमपयमग्गं ।।५२६।।**
**न य वाहिज्जइ हरिसेहिं ने य विसमावईविसाएहिं ।**
**भावियचित्तो एयाए चिट्ठए अमयसित्तो व्व ।।५२७।।**

हेमन्तमदनचन्दनदनुसूरिनामादिवर्णनामभिः
श्रीअभयसूरिशिष्यैः रचितां भवभावनामेनां ।।५२५।।
यः पठति सूत्रतः शृणोति अर्थतो भावयति चानुसमयं
सः भवनिर्वेदगतः प्रतिपद्यते परमपदमार्गम् ।।५२६।।
न च वाध्यते हर्षैः नैव विषमापत्तिविषादैः
भावितचित्तः एनया तिष्ठति अमृतसिक्त इव ।।५२७।।

**ગાથાર્થ :** હેમંત, મદન, ચંદન, દનુ, સૂર, રિણના આદિના પ્રથમ પ્રથમ વર્ણથી રચાયેલ એવા શ્રી અભયદેવ સૂરિના શિષ્ય શ્રી હેમચંદ્રસૂરિવડે આ ભવ ભાવના પ્રકરણ રચાયું છે. જે સૂત્રથી ભણે છે અને અર્થથી સાંભળે છે અને પ્રતિસમય ભાવના ભાવે છે તે ભવનિર્વેદને પામેલો પરમપદના માર્ગને સ્વીકારે છે. (૫૨૫-૫૨૬)

હર્ષોથી પીડાતો નથી (હર્ષમાં રાગી થતો નથી) વિષમ આપત્તિઓના વિષાદોથી પીડાતો નથી. આ ભાવનાઓથી ભાવિત ચિત્તવાળો અમૃતની જેમ સિંચાયેલ રહે છે. (૫૨૭)

सुबोधाः ।। नन्वनेन भवभावनाप्रकरणेन सर्वेषामपि जन्तूनामविशेषेणोपकारः सम्पद्यते आहोश्चित् केषांचिदेवेत्याशंक्याऽऽह –

આ ભવ ભાવના પ્રકરણથી બધા પણ જીવો પર સમાન ઉપકાર થાય છે કે કેટલાક જીવો પર થાય છે ? તેની શંકા કરીને કહે છે.

**उवयारो य इमीए संसारासुइकिमीण जंतूणं ।**
**जायइ न अहव सव्वण्णुणोऽवि को तेसु अवयासो ? ।।५२८।।**
**तो अणभिनिविट्ठाणं अत्थीणं किं पि भावियमईणं ।**
**जंतूण पगरणमिणं जायइ भवजलहिबोहित्थं ।।५२९।।**

उपकारश्चानया संसाराशुचिकृमीणां जंतूनां
जायते न अथवा सर्वज्ञादपि कस्तेष्वुपकारः ? ।।५२८।।

**तस्मादनभिनिविष्टानां अर्थिनां किंचिदपि भावितमतीनां**
**जंतूनां प्रकरणमिदं जायते भवजलधिबोधित्थं ।।५२९।।**

**ગાથાર્થ :** અને સંસારરૂપી અશુચિના કીડા જેવા જીવોને આ ભવભાવનાથી ઉપકાર થતો નથી. અથવા તેવા જીવોને વિશે સર્વજ્ઞ તરફથી ઉપકારનો પણ કયો અવકાશ છે ? (૫૨૮)

તેથી અભિનિવેશ વગરના અર્થી અને કંઈક ભાવિતમતિવાળા જીવોને વિશે આ પ્રકરણ ભવરૂપી સમુદ્રને વિશે વહાણ સમાન બને છે. (૫૨૯)

**संसार एवाशुचिस्तत्कृमिरूपा ये जन्तवः, संसाराभिनन्दिन इति भावः, तेषां जन्तूनामनया भवभावनया कदाचिदप्युपकारो न जायते, अथवा छद्मस्थमात्रेण मादृशेन विरचिता तिष्ठत्वियं दूरे, सर्वज्ञस्यापि तेषु-संसाराभिनन्दिषु जन्तुषु प्रतिबोधोपकारे कर्तव्ये कोऽवकाशः-कोऽवसरः ?, तेषामभव्यत्वेन दूरभव्यत्वेन वा केनाऽप्युपकर्तुमशक्यत्वात्, तस्मात् कदाग्रहानभिनिविष्टानां धर्मार्थिनां किंचिज्जिनवचनभावितमतीनां जन्तूनां प्रकरणमिदं भवजलधौ बोहित्थवज्जायते, संसारसमुद्रनिस्तारहेतुर्जायत इति भाव इति गाथाद्वयार्थः ।।**

**समस्ताध्येतृजनकण्ठहृदयभूषकत्वाच्च रत्नावलीकल्पेयं भवभावनेति दर्शयति –**

**ટીકાર્થ :** સંસાર એ જ અશુચિ અને તેમાં ઉત્પન્ન થયેલ કૃમિ સ્વરૂપ જે જીવો છે તે અર્થાત્ સંસાર-અભિનંદી જીવો. તેવા પ્રકારના જીવોને આ ભવભાવના પ્રકરણથી ક્યારેય પણ ઉપકાર ન થાય અથવા છદ્મસ્થમાત્ર મારા જેવા વડે રચાયેલ ભવભાવનાની વાત દૂર રહો. સર્વજ્ઞનો પણ તેવા પ્રકારના સંસારાભિનંદી જીવોને વિશે પ્રતિબોધ સ્વરૂપ ઉપકાર કરવામાં કયો અવકાશ છે ? અર્થાત્ નથી. અભવ્ય કે દુર્ભવ્ય હોવાથી તેઓ ઉપર કોઈપણ ઉપકાર કરી શકે તેમ નથી. તેથી કદાગ્રહ વિનાના ધર્મના અર્થી કંઈક જિનવચનથી ભાવિતમતિવાળા જીવોને આ પ્રકરણ ભવરૂપી સમુદ્રને તરવા માટે વહાણ સમાન બને છે. અર્થાત્ સંસારરૂપી સમુદ્રના નિસ્તારમાં કારણ બને છે એમ બંને ગાથાનો ભાવાર્થ છે.

ભણનારા સમસ્તજનના કંઠ અને હૃદયનું આભૂષણ રૂપ હોવાથી આ ભવભાવના રત્નાવલી સમાન છે એને બતાવે છે.

**इगतीसाहियपंचहिं सएहिं गाहाविचित्तरयणेहिं ।**
**सुत्ताणुगया वररयणमालिया निम्मिया एसा ।।५३०।।**

**एकत्रिंशदधिकपंचशतैः गाथाभिर्विचित्ररत्नैः**
**सूत्रानुगता वररत्नमालिका निर्मिता एषा ।।५३०।।**

**ગાથાર્થ :** પાંચસો એકત્રીસ ગાથા રૂપી વિચિત્ર રત્નોથી સૂત્રને અનુગત એવી આ શ્રેષ્ઠ રત્નમાળા રચાઈ છે. (૫૩૦)

**वररत्नमालिकेव वररत्नमालिका एषा भवभावना मया निर्मिता, कैरित्याह-गाथा एव विचित्ररत्नानि गाथाविचित्ररत्नानि तैः, कियत्संख्यैरित्याह-एकत्रिंशदधिकपंचशतैरिति गाथार्थः ।। इह यद्यपि यद्भवितव्यं तदेव भवति तथाऽपि शुभाशयफलत्वाच्छोभनार्थेषु आशंसा विधेयेति दर्शनार्थमाशंसां कुर्वन्नाह –**

**ટીકાર્થ :** વરરત્નમાળાની જેમ આ ભવ ભાવના રૂપી શ્રેષ્ઠ રત્નમાળા મારા વડે રચાઈ છે. શેનાથી બનાવાઈ છે ? પાંચશો એકત્રીસ ગાથા રૂપી વિવિધ રત્નોથી આ માળા રચાઈ છે.

જો કે અહીં જે થવાનું છે તે જ થાય છે તો પણ શુભાશયના ફળથી સારા પદાર્થો પર આશંસા કરવી જોઈએ. તેને બતાવવા આશંસા કરતા કહે છે-

**भुवणम्मि जाव वियरइ जिणधम्मो ताव भव्वजीवाणं ।**
**भवभावणवररयणावलीइ कीरउ अलंकारो ।।५३१।।**
**भुवने यावद् विचरति जिनधर्मस्तावत् भव्यजीवानां**
**भवभावनावररत्नावल्या क्रियतां अलंकारः ।।५३१।।**

**इति भवभावनाप्रकरणम् भवभावना छायया सह समाप्तम् ।।**

**ગાથાર્થ :** જ્યાં સુધી ભુવનમાં જિનધર્મ રહેશે ત્યાં સુધી ભવભાવના રૂપી શ્રેષ્ઠ રત્નાવલીથી ભવ્ય જીવોનો અલંકાર કરાય. (૫૩૧)

**यावदत्र भुवने श्रीमज्जिनधर्म्मः क्वापि विचरति तावदनया भवभावनावररत्नावल्या भव्यजीवानामलंकारः क्रियतां, सर्वेषामेव भव्यजन्तूनां पठनादिना एतदुपकारः संपद्यतामिति भाव इति गाथार्थः ।। प्रायोऽन्यशास्त्रदृष्टः सर्वोऽप्यर्थो मयाऽत्र संरचितः । न पुनः स्वमनीषिकया तथापि यत् किंचिदिह वितथम् सूत्रमतिलङ्घ्य लिखितं तच्छोध्यं मय्यनुगृहं कृत्वा । परकीयदोषगुणयोस्त्यागोपादानविधिकुशलैः ।। छद्मस्थस्य हि बुद्धिः स्खलति न कस्येह कर्म्मवशगस्य ? । सद्बुद्धिविरहितानां विशेषतो मद्विधासुमताम् कृत्वा यच्छास्त्रमिदं पुण्यं समुपार्जितं मया तेन । मुक्तिमचिरेण लभतां क्षपितरजाः सर्वभव्यजनः ।।**

**ટીકાર્થ :** જ્યાં સુધી આ ભુવનમાં શ્રીમદ્ જિનેશ્વરનો ધર્મ રહેશે ત્યાં સુધી આ ભવભાવના રૂપી શ્રેષ્ઠ રત્નાવલીથી ભવ્ય જીવોનો અલંકાર કરાય. સર્વે ભવ્ય જીવોને પઠનાદિથી ઉપકાર થાઓ એમ કહેવાનો ભાવ છે.

પ્રાય: અન્ય શાસ્ત્રોમાં જોવાયેલો આ સર્વ પણ અર્થ મારા વડે અહીં રચાયો છે. પણ મારી પોતાની બુદ્ધિથી નહીં. તો પણ અહીં જે કંઈ સૂત્રને ઉલ્લંઘન કરીને ખોટું લખાયું હોય તેને પારકાના દોષ અને ગુણની વિધિમાં ત્યાગ અને ગ્રહણમાં કુશળ જનો વડે મારાપર અનુગ્રહ કરીને સુધારવું. કર્મને વશ થયેલ એવા કયા છદ્મસ્થની બુદ્ધિ અહીં સ્ખલિત થતી નથી ? સદ્બુદ્ધિથી રહિત એવા મારા જેવા જીવોની વિશેષથી બુદ્ધિ સ્ખલિત થાય છે. આ શાસ્ત્રની રચના કરીને મારા વડે જે પુણ્ય ઉપાર્જન કરાયું છે તેનાથી સર્વ ભવ્યજન કર્મરજને ખપાવીને જલદીથી મુક્તિને મેળવો.

એ પ્રમાણે શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત ભવભાવના વૃત્તિ સમાપ્ત થઈ.

## : પ્રશસ્તિ :

શ્રી પ્રશ્નવાહન કુલરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ, પૃથ્વીતળ પર વિખ્યાત થઈ છે કીર્તિ જેની, વિસ્તરિત થઈ છે શાખાઓ જેની, વિશ્વમાં પ્રસાધિત કરાઈ છે વિકલ્પિત (ઇચ્છિત) વસ્તુ જેમાં, ગાઢ છાયાનો આશ્રય કરીને ઘણા સ્વસ્થ (ઉપશાંત) થયા છે ભવ્ય જંતુઓ જેમાં, જ્ઞાનાદિ ફુલોનો સમૂહ છે જેમાં, શ્રીમદ્ મુનીન્દ્ર રૂપ ફળોના સમૂહથી ફલિત એવા કલ્પવૃક્ષની જેમ શ્રી હર્ષ પુરીય નામનો ગચ્છ છે. ૧-૨

આ ગચ્છમાં ગુણ રૂપી રત્નો માટે રોહણાચલ પર્વત સમાન, સમુદ્ર જેવા ગંભીર, ઊંચાઈથી મેરુ પર્વતનું

અનુકરણ કરનાર, સૌમ્યતાથી ચંદ્ર જેવા, સમ્યગ્જ્ઞાનથી વિશુદ્ધ એવા સંવર અને તપને વિશે આચાર-ચર્યાના ભંડાર, શાંત, નિ:સંગ ચૂડામણિ, એવા શ્રી જયસિંહસૂરિ થયા. (૩)

તે જયસિંહ રૂપી સમુદ્રમાંથી શ્રી અભયદેવ નામના તેમના વિદ્વાન શિષ્ય રત્ન થયા, જેના ગુણ બોલવામાં બૃહસ્પતિ પણ સમર્થ થાય એમ હું માનતો નથી, શ્રી વીરદેવસૂરિ વડે સન્મંત્રાદિ જેવા અતિશય શ્રેષ્ઠપાણીથી વૃક્ષની જેમ જે સિંચાયા છે તેના ગુણોનું કીર્તન કરવા કોણ સમર્થ થાય ? (૪-૫) તે આ પ્રમાણે-

રાજાઓ પણ જેની આજ્ઞાને આદર સહિત મસ્તક પર ધારણ કરે છે, પ્રાય: અતિદુષ્ટો પણ જેને જોઈને પણ પરમ આનંદને પામે છે, જેના મુખરૂપી સમુદ્રમાંથી નીકળતું ઉજ્જ્વળ વચન રૂપી અમૃતનું પાન કરવા ઉદ્યત થયેલા લોકોવડે ક્ષીરસમુદ્રના મંથનમાં દેવોની જેમ લોકોવડે તૃપ્તિ પ્રાપ્ત ન કરાઈ. (૬)

જેઓએ સુદુષ્કર તપ તપીને વિશ્વને પ્રબોધીને તે તે ગુણોથી સર્વજ્ઞ પ્રભુનું તીર્થ પ્રભાવિત કર્યું છે, જેણે વિશ્વરૂપી ઘોર ગુફાને ઉજ્જ્વળ કરી છે. ભવ્યજીવોએ જેના વિશે સ્પૃહા બાંધી (કરી) છે એવા શ્રી અભયદેવસૂરિનો ચંદ્ર જેવો નિર્મળ યશ દિશાઓમાં અનિવારિત પ્રસરે છે. (૭)

યમુના નદીના પ્રવાહ જેવા નિર્મળ શ્રીમદ્દમુનિચંદ્રસૂરિના સંપર્કથી ગંગાનદીની જેમ પવિત્ર કરાયું છે સકળ ભુવનતળ જેનાવડે, સૂર્યની જેમ વિસ્ફુરાયમાન થતા કલિકાલના દુસ્તર અજ્ઞાન રૂપી અંધકારના સમૂહની નાશ કરાઈ છે સ્થિતિ જેના વડે, વિવેક રૂપી પર્વતના શિખર પર ઉદયને પ્રાપ્ત કરીને સમ્યગ્જ્ઞાન રૂપી કિરણોથી પૂર્વના મુનિઓ વડે માર્ગ (મોક્ષમાર્ગ) સમુદ્યોતિત કરાયો છે જેનાવડે એવા અભયદેવસૂરિ શ્રી જયસિંહસૂરિ પછી પૃથ્વી પર પ્રસિદ્ધ થયા. (૮-૯)

પોતાના શિષ્યલવ એવા શ્રી હેમચંદ્રસૂરિના મુખથી શ્રુતદેવતાના વચનથી સૂત્ર સહિત આ વૃત્ત (ટીકા) રચવાની શરૂઆત કરાઈ અને તેઓ વડે જ વિક્રમ પછી ૧૧૭૦ વર્ષ ગયા ત્યારે શ્રાવણ મહિનાની પાંચમે રવિવારના દિવસે સમાપ્ત કરાઈ. (૧૦-૧૧)

અહીં પ્રત્યેક અક્ષરની ગણતરી કરીએ તો ૧૨૯૫૦ અનુષ્ટુપ શ્લોક પ્રમાણ ગ્રંથ થાય છે.

એ પ્રમાણે શ્રી ભવભાવના વૃત્તિ સમાપ્ત થઈ.

આ પ્રમાણે શ્રી પ્રશ્નવાહન કુલરૂપી કલ્પવૃક્ષમાં ઉત્પન્ન થયેલ શ્રી હર્ષપુરીય ગચ્છના શૃંગાર શ્રી અભયદેવ સૂરિવરના પદરૂપી કમળ વિશે ભ્રમર સમાન શ્રી હેમચંદ્રસૂરિવર્ય વડે રચાયેલી ભવભાવનાની સ્વોપજ્ઞ વૃત્તિ સમાપ્ત થઈ.

એ પ્રમાણે વિક્રમ સંવંત ૨૦૫૬ અને વીર સંવંત ૨૫૨૬ના વર્ષે ફાગણ વદ-૩ ગુરુવાર તા. ૨૩-૩-૨૦૦૦ના દિવસે વિરાર મુકામે પ.પૂ.આ.ભ. વર્ધમાન તપોનિધિ શ્રીમદ્દ વિજય લલિત શેખર સૂરીશ્વરના વિદ્વાન શિષ્યરત્ન પ.પૂ. આ.ભ.શ્રીમદ્દ વિજય રાજશેખર સૂરીશ્વરના શિષ્ય રત્ન કર્મસાહિત્ય સર્જક પ.પૂ. આ.ભ. શ્રીમદ્દ વિજયવીરશેખર સૂરીશ્વરના શિષ્ય પૂ.મુનિરાજ શ્રી સુમતિશેખરવિજયવડે આ ગુજરાતી ભાષાંતર કાર્ય પૂજ્યોશ્રીની કૃપાથી પૂર્ણ કરાયું.

આ ભાષાંતર મારા ક્ષયોપશમ મુજબ કર્યું છે અને મતિમંદતાના કારણે જિનાજ્ઞાવિરુદ્ધ જે કંઈ પણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં અને સુજ્ઞજને ક્ષતિ તરફ મારું ધ્યાન ખેંચવા વિનંતિ છે.

**ભવભાવના ગ્રંથ ભાગ-૨ સમાપ્ત**